Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

* શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ — પુષ્પ ૩૩ *

ॐ

परमात्मने नमः।

શ્રી

# વચનામૃત-પ્રવચન

(ભાગ ત્રીજો)

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત
ઉપર
પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

સંકલનકર્તા

બ્ર૦ ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા

卐

: પ્રકાશક :

શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,
ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રાપ્તિ સ્થાન :
**શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,**
૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

*

પ્રથમાવૃત્તિ : પ્રત ૨૦૦૦
વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૪૧
ઇ. સ. ૧૯૮૪

*

મૂલ્ય : રૂા. **૧૨**
(પડતર કિંમતના ૬૦%)

*

મુદ્રક :
અશોક આર્ટ પ્રિન્ટરી,
મ્યુનિસિપલ કૉર્પોરેશન સામે,
ખમાસા ગેટ પાસે,
અમદાવાદ-૩૮૦૦૦૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of VachanAmrut Pravachan – Part 3 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.


2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 15 February 2008 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સોનગઢના દિગંબર જિનમંદિરમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવાન



શ્રી શાન્તિનાથભગવાન　　શ્રી સીમંધરભગવાન　　શ્રી પદ્મપ્રભભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

सुसीमा धृता येन सीमन्धरेण
भवारण्यभीमभ्रमीया सुकृत्यैः।
प्रवन्द्यः सदा तीर्थकृद्देवदेवः
प्रदेयात् स मेऽनन्तकल्याणबीजम्॥

દેખી મૂર્તિ સીમંધરજિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ ! ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ ! તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

ભલે સો ઇન્દ્રોનાં તુજ ચરણમાં શિર નમતાં,
ભલે ઇન્દ્રાણીના રતનમય સ્વસ્તિક બનતા;
નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા,
સ્વરૂપે ડૂબેલા, નમન તુજને, ઓ જિનવરા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

જેમના જ્ઞાનસરોવરમાં સર્વ વિશ્વ માત્ર કમળ તુલ્ય
ભાસે છે એવા ભૂત, વર્તમાન અને ભાવી
જગતશિરોમણિ તીર્થંકર ભગવંતોને
નમસ્કાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો અપાર ઉપકાર

[ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરમાં ]

હે પરમ કૃપાળુ ગુરુદેવ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરું? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું? આ આત્માના દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગ્રત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલી શુદ્ધ પર્યાયોની—જ્ઞાન-વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ! આપના અંતરમાં ચૈતન્યરત્નાકર-સ્પર્શી સાતિશય શ્રુતજ્ઞાનની ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગાતા જ્ઞાન-દીવડા પ્રકાશિત રહ્યા હતા; આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્ભુત ચમત્કાર દેખાડનારી હતી.

હે ગુરુદેવ! આપનું ચૈતન્યદ્રવ્ય મંગળસ્વરૂપ અને મંગળતા પ્રગટાવનાર તથા અલૌકિક હતું, દિવ્ય હતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

હે ગુરુદેવ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સમ્યક્ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપનાં પરાક્રમથી વાળ્યા છે; શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડાં સૂક્ષ્મ ગૂઢ પ્રકાશ્યાં છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિના નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યના અદ્ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતના મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ! આપના ઉપકારોનું શું વર્ણન થાય? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણકમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રકાશકીય નિવેદન

પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનું પ્રકાશન કરવું તે આપણું — સૌ મુમુક્ષુઓનું — કર્તવ્ય છે. તદનુસાર 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો પહેલો ભાગ પૂ. બહેનશ્રીની ૬૯મી તથા બીજો ભાગ ૭૦મી જન્મજયંતીના શુભ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવ્યો હતો અને આજે તેનો ત્રીજો ભાગ પ્રકાશિત કરતાં અમને અતિ હર્ષ થાય છે.

આ પ્રવચન-ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મનાં ગહન રહસ્યોનું સુંદર ઉદ્‌ઘાટન કર્યું છે, જે વાંચતાં સહેજે અનુભવમાં આવે છે પૂ. ગુરુદેવનાં આવાં પ્રવચનો પ્રકાશિત કરવાનો સુઅવસર અમને પ્રાપ્ત થયો તેને અમે અમારું મહાભાગ્ય સમજીએ છીએ અને આ કાર્ય દ્વારા પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિ-ઉલ્લાસ વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવે તેમના જીવનકાળ દરમ્યાન સ્વાનુભવસમૃદ્ધ પોતાના પવિત્ર જીવનથી તથા ભવછેદક વાણીથી આપણા પર અવર્ણનીય ઉપકાર કર્યો છે; તે ઉપરાંત હજુ તેમની અનુપસ્થિતિમાં પણ તેમની ટેઇપ-અવતીર્ણ વાણી તેમ જ પુસ્તકારૂઢ પ્રવચનો દ્વારા આપણા પર તેઓશ્રી મહાન ઉપકાર કરી રહ્યા છે. તેઓશ્રી પ્રત્યે ઉપકૃતભાવથી ભિંજાયેલી ભક્તિ આપણા હૃદયમાં નિરન્તર રહો એ જ ભાવના.

આ ગ્રંથનું પ્રકાશન કરવા માટે ટેઇપ-રેકર્ડ ઉપરથી અનેક બ્રહ્મચારી બહેનોએ પ્રવચનો લખી આપવા બદલ તેમના આભારી છીએ. તે લખાણ ઉપરથી, પૂજ્ય ગુરુદેવના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી ભાઈશ્રી ચંદુભાઈએ — જેમણે ૩૯ વર્ષ સુધી નિરંતર કૃપાળુ ગુરુદેવનાં ચરણોમાં રહી તેઓશ્રીની સર્વતોમુખી અમૂલ્ય સેવાભક્તિનો અનન્ય લહાવો લીધો છે તેમણે — અતિ પરિશ્રમપૂર્વક છતાં અત્યન્ત ઉલ્લસિતભાવે તેનું સુંદર સંકલન કરીને પ્રવચનોનું પ્રેસ-મેટર તૈયાર કરી આપ્યું છે, તે બદલ અમે તેમના ઘણા જ ઉપકૃત છીએ. તેમણે આ કામ હાથમાં લીધું ન હોત તો આવું સર્વાંગ-સંતોષકારક સંકલન થઈ શકત નહિ તેમ જ આવું પૂરી ચોકસાઈપૂર્વક પ્રૂફ-સંશોધન થઈ શકત નહિ.

આ ગ્રંથનું છાપકામ સુંદર અને ત્વરિત ગતિએ કરી આપવા બદલ અશોક આર્ટ પ્રિન્ટરીના સંચાલકોનો આભાર માનીએ છીએ. આ ગ્રંથના પ્રકાશન માટે જે જે દાતાઓએ આર્થિક સહાય કરી છે તેમનો પણ અત્રે આભાર માનીએ છીએ. દાતાઓની નામાવલી પાછળ આપવામાં આવી છે.

આ પુસ્તકની પડતર કિંમત રૂા. ૨૦/- થાય છે જિજ્ઞાસુઓ વધુ લાભ લઈ શકે તે માટે તેની વેચાણ-કિંમત રૂા. ૧૨/- રાખવામાં આવી છે.

અંતમાં, આ પ્રવચનગ્રંથના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુઓ આત્મકલ્યાણ સાધે એવી ભાવના ભાવીએ છીએ.

કારતક સુદ ૧, સં. ૨૦૪૧, <br>
તા. ૨૫-૧૦-૧૯૮૪

ટ્રસ્ટીગણ,<br>
**શ્રી વીતરાગ-સત્સાહિત્યપ્રસારક ટ્રસ્ટ,**<br>
ભાવનગર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ✻ શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ ✻

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેન્દ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,— મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

नमः श्रीसद्गुरुदेवाय ।

# આમુખ

ભારતવર્ષની ભવ્ય વસુંધરા સંતરત્નો પાકવાની પુણ્ય ભૂમિ છે. પવિત્ર આર્યભૂમિમાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો વગેરે શલાકાપુરુષો ઊપજે છે. તેમાં સૌરાષ્ટ્રનું પણ આગળ પડતું સ્થાન છે. બાવીશમા તીર્થંકરદેવ શ્રી નેમિનાથ ભગવાનના સમુદ્ભવથી — તેમનાં પાંચેય કલ્યાણકોથી — સૌરાષ્ટ્રની ભૂમિ પાવન થયેલી છે. અર્વાચીન યુગમાં પણ અધ્યાત્મપ્રધાન જૈનગગનમાં ચમકતાં નક્ષત્રો સમા સમીપસમયજ્ઞ શ્રીમદ્‌રાજચંદ્ર, અધ્યાત્મયુગસ્રષ્ટા આત્મજ્ઞ સંત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જેવાં અસાધારણ સ્વાનુભૂતિધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપીને સૌરાષ્ટ્રની ધરણી ગૌરવાન્વિત બની છે.

પરમદેવાધિદેવ, સર્વજ્ઞવીતરાગ, પ્રવર્તમાન ચોવીશીના ચરમતીર્થંકર, પરમપૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુપરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમપાવન અધ્યાત્મપ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, ગતભવમાં પૂર્વવિદેહક્ષેત્રસ્થ શ્રી સીમંધર જિનવરના પ્રત્યક્ષ સમાગમે સંપન્ન કરેલા અધ્યાત્મસંસ્કાર તથા વર્તમાન અંતર્સન્મુખતાના ભવ્ય પુરુષાર્થ વડે સ્વાનુભૂતિસમૃદ્ધ આત્મસાક્ષાત્કાર પામી જેમણે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં, સમગ્ર ભારતવર્ષમાં તેમ જ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વ-પ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવીને વીસમી-એકવીસમી સદીના વિલાસી વિષમય ભૌતિક યુગમાં દુઃખાર્ત જીવોનો ઉદ્ધાર કર્યો છે તે શુદ્ધાત્મવિદ્યાવિદ્ જિનશાસન-પ્રભાવક પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની શુદ્ધાત્મસુધારસસ્યંદી મંગલમય પવિત્રતા, પુરુષાર્થ-ધબકતું ધ્યેયનિષ્ઠ સહજવૈરાગ્યનીતરતું જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગ-માર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તોપણ ઘણાં પૃષ્ઠો ભરાય એમ છે તેથી અત્રે ‘આમુખ’ને બહુ લાંબું નહિ કરતાં પૂજ્ય ગુરુદેવનું ‘સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન’, જે ‘વચનામૃત-પ્રવચન’ ગ્રંથના પહેલા ભાગમાં આપેલું છે તે, વાંચી જવા ભલામણ છે.

‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તકના પ્રવચનકાર પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી શુદ્ધાત્મદૃષ્ટિવંત, સ્વરૂપાનુભવી, વીતરાગ દેવ-ગુરુના પરમ ભક્ત, બાળબ્રહ્મચારી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયસાર આદિ અનેક ગહન શાસ્ત્રોના પારગામી, સ્વાનુભવસ્યંદી ભાવશ્રુતલબ્ધિના ધણી, સતતજ્ઞાનોપયોગી, વૈરાગ્યમૂર્તિ, નયાધિરાજ શુદ્ધનયની પ્રમુખતા સહ સમ્યક્-અનેકાંતરૂપ અધ્યાત્મતત્ત્વના ઉત્તમ વ્યાખ્યાનકાર અને આશ્ચર્યકારી પ્રભાવના-ઉદયના ધારક અધ્યાત્મ-યુગસ્રષ્ટા મહાપુરુષ છે. તેમનાં આ પ્રવચનો વાંચતાં જ વાચકને તેમનો ગાઢ અધ્યાત્મપ્રેમ, શુદ્ધાત્મ-અનુભવ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગભક્તિના રંગે રંગાયેલું ચિત્ત, જ્ઞાયકદેવના તળને સ્પર્શનારું અગાધ શ્રુતજ્ઞાન અને અસરકારક પરમ કલ્યાણકારી અદ્‌ભુત વચનયોગનો ખ્યાલ આવી જાય છે.

પૂજ્ય ગુરુદેવે અધ્યાત્મનવનીત સમા આ ‘વચનામૃત’ના પ્રત્યેક બોલને સર્વ તરફથી છણીને એ સંક્ષિપ્ત સૂત્રવાક્યોના વિરાટ અર્થોને આ પ્રવચનોમાં ખોલ્યા છે. સૌના અનુભવમાં આવ્યા હોય એવા ઘરગથ્થુ પ્રસંગોનાં અનેક ઉદાહરણો વડે, અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને અનેક યથોચિત દૃષ્ટાંતો વડે પૂજ્ય ગુરુદેવે ‘વચનામૃત’ના અર્થગંભીર સૂક્ષ્મ ભાવોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. જીવને કેવા ભાવ રહે ત્યારે જીવ-પુદ્‌ગલનું સ્વતંત્ર પરિણમન સમજાયું કહેવાય, કેવા ભાવ રહે ત્યારે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાયું ગણાય, ભૂતાર્થ નિજ ધ્રુવ જ્ઞાયકતત્ત્વનો કેવો આશ્રય હોય તો દ્રવ્યદૃષ્ટિ પરિણમી મનાય, કેવા કેવા ભાવ રહે ત્યારે સ્વાવલંબી પુરુષાર્થનો આદર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્યાદિકની પ્રાપ્તિ થઈ કહેવાય — વગેરે મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત બાબતો મનુષ્યના જીવનમાં બનતા અનેક પ્રસંગોના સચોટ દાખલા આપીને એવી સ્પષ્ટ કરવામાં આવી છે કે આત્માર્થીને તે તે વિષયનું સ્પષ્ટ ભાવભાસન થઈ અપૂર્વ ગંભીર અર્થો દૃષ્ટિગોચર થાય અને તે, શુભભાવરૂપ બંધમાર્ગને વિષે મોક્ષમાર્ગની કલ્પના છોડી, શુદ્ધભાવરૂપ યથાર્થ મોક્ષમાર્ગને સમજી, સમ્યક્ પુરુષાર્થમાં જોડાય. આ રીતે ‘વચનામૃત’ના સ્વાનુભૂતિદાયક ઊંડા ભાવોને, સોંસરી ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય-નવીન વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે આત્માર્થીજગત પર અનહદ ઉપકાર કર્યો છે; — ‘વચનામૃત’ની સાદી ભાષાના ગર્ભમાં છુપાયેલાં અણમૂલ તત્ત્વરત્નોનાં મૂલ્ય સ્વાનુભવવિભૂષિત ગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુજીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગ્રત કરી, કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. પ્રવચનોની વાણી એટલી સહજ, ભાવાર્દ્ર, ચેતનવંતી અને જોરદાર છે કે ચૈતન્યમૂર્તિ ગુરુદેવના સ્વાનુભવસ્યંદી ચૈતન્યભાવો જ જાણે મૂર્તિમંત બની વાણીપ્રવાહરૂપે વહી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રહ્યા ન હોય ! આવી અત્યંત ભાવવાહિની–અંતર્વેદનને અતિ ઉગ્રપણે વ્યક્ત કરતી, શુદ્ધાત્મા–જ્ઞાયક પ્રત્યે અનહદ પ્રેમથી ઊભરાતી, હૃદયસ્પર્શી જોરદાર વાણી સુપાત્ર વાચકના હૃદયને હલાવી નાખે છે અને તેની વિપરીત રુચિને ક્ષીણ કરી શુદ્ધાત્મરુચિને જાગ્રત કરે છે. પ્રવચનોના પાને-પાને શુદ્ધાત્મમહિમાનું અત્યંત ભક્તિમય વાતાવરણ ગુંજી રહ્યું છે અને એના શબ્દે-શબ્દમાંથી મધુર અનુભવરસ નીતરી રહ્યો છે. એ શુદ્ધાત્મભક્તિ-રસથી અને અનુભવરસથી મુમુક્ષુનું હૃદય ભિંજાઈ જાય છે, તેને શુદ્ધાત્માની લય લાગે છે, શુદ્ધાત્મા સિવાય સર્વ ભાવો તેને તુચ્છ ભાસે છે અને પુરુષાર્થ ‘ઊપડું-ઊપડું’ થઈ રહે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ પ્રવચનવાણીમાં જવલ્લે જ જોવામાં આવે છે.

આ રીતે અધ્યાત્મતત્ત્વવિજ્ઞાનનાં ગહન રહસ્યો અમૃતઝરતી વાણીમાં સમજાવી અને સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગ્રત કરી, પુરુષાર્થને પ્રેરી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્સમાગમના વિયોગમાં મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય આધારભૂત છે. નિરાલંબન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો તે જ ઉદ્દેશ હોવા સાથે ‘વચનામૃત’ના સર્વાંગ સ્પષ્ટીકરણસ્વરૂપ આ પ્રવચનોમાં સમસ્ત શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું તળસ્પર્શી દર્શન આવી ગયું છે. શ્રુતામૃતનો સુખસિંધુ જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ હજારો પ્રશ્નોના ઉકેલનો મહાકોષ છે, શુદ્ધાત્મતત્ત્વની રુચિ ઉત્પન્ન કરી પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે, સ્વાનુભૂતિનો સુગમ પંથ છે, અને ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને અત્યંત ઉપકારક છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમાં પ્રવચનોની ભેટ આપી ભારતવર્ષના મુમુક્ષુઓને ન્યાલ કર્યા છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઇચ્છતા જીવોએ આ પરમ પવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવાયોગ્ય છે. સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે-પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં પ્રથમ કર્તવ્ય એક નિજ શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે. તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચનો પરમ નિમિત્તભૂત છે. મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસપૂર્વક તેનો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં કહેલા ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઉતારી, શુદ્ધાત્માની રુચિ, પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

પરમોપકારી પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીએ જેમનાં ‘વચનામૃત’ પર આ સુંદર ભાવવાહી પ્રવચનો આપ્યાં છે તે ધન્યાવતાર પ્રશમમૂર્તિ સ્વાનુભવપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સંક્ષિપ્ત પરિચય સાથે, પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયમાં વર્તતા—

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમની આધ્યાત્મિક પવિત્રતા, સ્વાનુભૂતિ તથા લોકોત્તર પ્રશાન્ત જીવન સંબંધી — વિશિષ્ટ મહિમાનો અને પૂજ્ય બહેનશ્રીની નિજાનંદભીની સ્વાનુભવદશામાંથી વહેલાં 'વચનામૃત' વિષે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ ઉચ્ચારેલા પવિત્ર ઉદ્ગારોનો, આત્માર્થી જીવોના લાભના હેતુએ, અત્રે સંક્ષેપમાં ઉલ્લેખ કરવામાં આવે છે.

જેમની પવિત્ર પરિણતિમાંથી ભવ્યજનકલ્યાણકારી 'વચનામૃત'નો પુનિત પ્રવાહ વહેલો છે તે મહાન આત્માની અંતરંગ સહજ દશાનું — શુદ્ધજ્ઞાયકભાવસમર્પિતસર્વસ્વ લોકોત્તર જીવનનું વર્ણન શું થાય? તે ધન્યાવતાર પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ વિ. સં. ૧૯૭૦, શ્રાવણ વદ ૨, શુક્રવાર, તા. ૭-૮-૧૯૧૪ના શુભ દિને વઢવાણ શહેરમાં થયો હતો. પિતાજીનું નામ શ્રી જેઠાલાલ મોતીચંદ શાહ, માતાનું નામ તેજબા. શ્રી વ્રજલાલભાઈ તથા અધ્યાત્મતત્ત્વરસિક, શ્રી સમયસાર વગેરે પરમાગમોના ઉત્તમ અનુવાદક વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલભાઈ — એ બે ભાઈ તથા બે બહેનો — એમ ચારેય ભાંડુઓમાં ચંપાબેન સૌથી નાનાં. પૂજ્ય ચંપાબેનનું પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ — અંતર્ તથા બાહ્ય — અતિ ગંભીર અને મહાન છે. બાળાવયથી જ વૈરાગ્યપ્રેમ, કુશાગ્રબુદ્ધિ, ચિંતનશીલ સ્વભાવ અને દૃઢ નિર્ણયશક્તિ વગેરે અનેક ગુણો તેમનામાં સહજ ઉપલબ્ધ છે.

વૈરાગ્યભીનું અને સત્યશોધક તેમનું હૃદય આત્માની પ્રાપ્તિ માટે તડપતું હતું. પૂજ્ય ગુરુદેવનો સમાગમ થયો, તેમની અધ્યાત્મામૃતઝરતી અમોઘ વજ્રવાણીએ બહેનશ્રીનું અંતરંગ સત્ત્વ ઝળકાવી દીધું, નિજશુદ્ધાત્મદર્શન — સમકિત પામવાની તમન્ના તીવ્ર બની. તેમણે સર્વ શક્તિ આત્મામાં કેન્દ્રિત કરી દિનરાત દૃષ્ટિની નિર્મળતા તથા સ્વાનુભૂતિની સાક્ષાત્ પ્રાપ્તિ માટે અથક, અવિરત પુરુષાર્થ કર્યો, અને અંતે તીવ્ર તડપના પરિણામે માત્ર અઢાર વર્ષની લઘુ વયમાં જ વિ. સં. ૧૯૮૯, ફાગણ વદ દશમ, તા. ૨૧-૩-૧૯૩૩, મંગળવારના દિને વાંકાનેરમાં પોતાનો અપ્રતિમ પુરુષાર્થ સફળ કર્યો — ભવસંતતિછેદક, કલ્યાણબીજ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું, નિજ ભગવાન આત્માનો અદ્ભુત સાક્ષાત્કાર થયો અને પરિણતિમાં અતીન્દ્રિય જ્ઞાનાનંદમય નિર્મળ નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિનું મંગલમય અમૃતઝરણું વહેતું થયું. અહા! ધન્ય છે તે મહાન આત્મા, ધન્ય છે તેમનો ધ્યેયલક્ષી અફર પુરુષાર્થ અને ધન્ય છે તેમનો અવતાર કે જેમાં તેમણે અવતારસંતતિના છેદનું મંગલ કાર્ય કર્યું!

દિનપ્રતિદિન તે અમૃતઝરણાની — સુધાસિક્ત આત્મસાધનાની પરિણતિ વૃદ્ધિંગત થવા માંડી, અને સાથે સાથે સોનગઢમાં વિ. સં. ૧૯૯૩, ચૈત્ર વદ આઠમ, તા. ૩-૫-૧૯૩૭, સોમવારના દિને જ્ઞાનપરિણતિમાં જાતિસ્મરણજ્ઞાનની સાતિશય નિર્મળતા પણ પ્રગટી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવને પોતાને કેટલીક બાબતોનો — અમુક જાતનાં કીમતી વસ્ત્રો પહેરેલા ઊંચા દેહવાળા રાજકુમાર, 'ૐ'કાર દિવ્યધ્વનિનો તથા સાડા બાર કરોડ વાજાંઓનો ભણકાર, તીર્થંકરત્વ ઇત્યાદિનો — જે 'ભાસ' થતો હતો તેનો સ્પષ્ટ સત્ય ઉકેલ પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાને આપ્યો. પૂજ્ય ગુરુદેવના ભૂત, વર્તમાન અને ભાવિ ભવોનું આશ્ચર્યકારી અનુસંધાન — ગત ભવમાં શ્રેષ્ઠિપુત્રપણે વિદેહિનાથ શ્રી સીમંધર ભગવાનની સભામાં જે પ્રત્યક્ષ સાંભળેલું તે — તેમના જાતિસ્મરણજ્ઞાને આપ્યું. તે પવિત્ર અનુસંધાનજ્ઞાન દ્વારા મુમુક્ષુસમાજ ઉપર વિશિષ્ટ ઉપકાર થયો છે.

પરમપૂજ્ય અધ્યાત્મયુગસ્રષ્ટા કરુણાસાગર ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સમસ્ત મુમુક્ષુજગત પર અનંત અનંત ઉપકાર છે. તેઓશ્રીના વિવિધ ઉપકારોમાંનો એક મહાન ઉપકાર એ છે કે તેઓશ્રીએ આપણને જેમનાં 'વચનામૃત' પર પોતે ભાવવિભોર થઈને આ અદ્ભુત પ્રવચનો આપ્યાં છે તે પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર અલૌકિક અંતરંગદશાની યથાર્થ ઓળખાણ કરાવી છે.

સુધાસ્યંદી-સ્વાત્માનુભૂતિપરિણત, વિશિષ્ટજ્ઞાનવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની સહજ-પ્રશમરસઝરતી પવિત્ર મુદ્રા જ જાણે કે સાધકદશાનું મૂર્ત રૂપ હોય તેમ સમ્યક્ મોક્ષમાર્ગનો મૂક ઉપદેશ આપી રહી છે. શાસ્ત્રોપમ-ગંભીર છતાં સરળ એવાં તેમનાં 'વચનામૃત' વિધવિધ કોટિના સર્વ જીવોને અતિ ઉપકારક થાય છે, ચમત્કારિક વિશદતાથી વસ્તુસ્વરૂપને — શુદ્ધાત્મદ્રવ્યસામાન્યની મુખ્યતાપૂર્વક અનેકાંતસુસંગત દ્રવ્ય-પર્યાયસ્વરૂપ નિજ આત્મતત્ત્વને — હસ્તામલકવત્ દર્શાવે છે અને સાધક જીવોની અટપટી અંતર્ પરિણતિની અવિરુદ્ધપણે સ્પષ્ટ સૂઝ આપે છે. કૃપાસાગર પૂજ્ય ગુરુદેવ પણ પૂજ્ય બહેનશ્રીની પવિત્ર દશાનો અને 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકનો મહિમા સભામાં અનેક વાર વર્ણવતાં અતિ પ્રસન્નતા અનુભવતા હતા. પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિવિભૂષિત પવિત્રતા, અનેક ભવ સંબંધી ધર્મવિષયક અસાધારણ જાતિસ્મરણજ્ઞાન અને 'બહેનશ્રીનાં વચનામૃત'ની વિશિષ્ટતાનો મુક્તકંઠે પ્રકાશ કરતા ગુરુદેવની પ્રસન્ન મુદ્રા હજારો શ્રોતાઓની દૃષ્ટિ સમક્ષ હજુ સ્પષ્ટ તરે છે!

પ્રશમમૂર્તિ ધન્યાવતાર ગુણગંભીર ઉદારચિત્ત તેમ જ દેવ-ગુરુનાં પરમભક્ત પૂજ્ય બહેનશ્રી અંતરમાં ખૂબ મહાન અને બાહ્યમાં અતિ નિર્લેપ છે. તેમનું આત્મલક્ષી અંતરંગ જીવન અને તેમની નિર્વિકલ્પ આનંદમય અદ્ભુત દશા વર્ણનાતીત છે. તેમના વિશુદ્ધ ગહન વ્યક્તિત્વ ઉપર, તેમની દશાના પારખુ પૂજ્ય ગુરુદેવ ઘણી વાર યથાર્થ પ્રકાશ પાડતા. પૂજ્ય ગુરુદેવે તેમને જે 'ભગવતી' અને 'જગદમ્બા'નાં અસાધારણ વિશેષણો આપ્યાં છે તે તેમની સહજ અંતરંગદશાનાં તથા તેમની મહાનતાનાં યથાર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્યોતક છે. હંમેશાં તોળી તોળીને વચનો ઉચ્ચારનારા, તીક્ષ્ણદૃષ્ટિવંત, ગહનવિચારક, સ્વરૂપાનુભવી પરમપૂજ્ય ગુરુદેવશ્રી અન્ય કોઈ પણ વ્યક્તિને જે બે વિશેષણોથી કદી વિશેષિત કરતા નહિ એવાં ઉપરોક્ત બે મહિમાપૂર્ણ વિશેષણોથી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને અનેક વાર પ્રસન્નતાપૂર્વક બિરદાવતા હતા, તે જ હકીકત પૂજ્ય બહેનશ્રીની અદ્‌ભુત મહત્તા આપણાં હૃદયમાં દૃઢપણે સ્થાપિત કરવાને પૂરતી છે. આ વિશેષણો દ્વારા પૂજ્ય ગુરુદેવે સંક્ષેપથી તેમના પ્રત્યે પોતાનો અહોભાવ વ્યક્ત કરતું પોતાનું હાર્દ પ્રગટ કર્યું છે. અહા! ગુરુદેવના હાર્દને તથા તે વિશેષણોનાં મર્મભર્યાં ઊંડાણને આપણે ગંભીરતાથી સમજીએ, ગુરુદેવે આપેલા અધ્યાત્મબોધને જીવનમાં વણી લેનાર આ 'ભગવતી માતા'ની આત્મસાધનાના આદર્શને દૃષ્ટિસમક્ષ રાખીએ અને તેમના જીવનમાંથી મળતી પ્રેરણા દ્વારા આપણે આપણો આત્માર્થ સાધીએ.

ખરેખર 'ભગવતી માતા' પૂજ્ય બહેનશ્રી માત્ર ભારતવર્ષનાં જ નહિ, અપિતુ દૃષ્ટિગમ્ય સમગ્ર જગતનાં અદ્વિતીય આધ્યાત્મિક મહિલારત્ન છે, મુમુક્ષુસમાજનાં શિરોમણિ છે, મુમુક્ષુમહિલાસમાજનાં શિરછત્ર છે, કુમારિકા બ્રહ્મચારિણી બહેનોનાં જીવનાધાર છે અને આત્માર્થીઓના મહાન આદર્શ છે.

સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીના અસાધારણ ગુણગંભીર વ્યક્તિત્વનો પરિચય આપતાં પૂજ્ય ગુરુદેવ સ્વયં પ્રસન્નહૃદયે પ્રવચનસભામાં ભિન્ન ભિન્ન પ્રસંગે ઘણી વાર પ્રકાશતા કે :—

"બહેનોનાં મહાન ભાગ્ય છે કે ચંપાબેન જેવાં 'ધર્મરત્ન' આ કાળે પાક્યાં છે. બેન તો હિન્દુસ્તાનનું અણમોલ રતન છે. અતીન્દ્રિય આનંદનો નાથ એને અંદરથી જાગ્યો છે. એમની અંદરની સ્થિતિ કોઈ જુદી જ છે. તેમની સુદૃઢ નિર્મળ આત્મદૃષ્ટિ તથા નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો જોટો આ કાળે મળવો મુશ્કેલ છે. .... અસંખ્ય અબજો વર્ષનું તેમને જાતિસ્મરણજ્ઞાન છે. બેન ધ્યાનમાં બેસે છે ત્યાર કેટલીક વાર તે અંદરમાં ભૂલી જાય છે કે 'હું મહાવિદેહમાં છું કે ભરતમાં'!! .... બેન તો પોતાની અંદરમાં — આત્માના કામમાં — એવાં મશગૂલ છે કે તેમને બહારની બીજી કાંઈ પડી નથી. પ્રવૃત્તિનો તેમને જરાય રસ નથી. એમની બહારમાં પ્રસિદ્ધિ થાય તે એમને પોતાને બિલકુલ ગમતું નથી. પણ અમને એવો ભાવ આવે છે કે, બેન ઘણાં વર્ષ ગુપ્ત રહ્યાં, હવે લોકો બેનને ઓળખે."

"....એમને (બહેનશ્રી ચંપાબેનને) ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે પણ ગંભીર એટલાં કે કોઈ દિવસ બહાર પાડતાં નથી. મને પણ....પોતાની વાત ન કરે, મારું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલે જ છે? માટે લોકોને મહિમા આવતો નથી. એમના જેવાં દુનિયામાં કોઈ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં — આવા મિથ્યાત્વના જોરના કાળમાં એમનો અહીં જન્મ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે.”

“બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે! બેન તો અજોડ છે, અકેલા હી હૈ, અમારે ખાનગી — ગુપ્ત છે નહિ.”

“ઓહો! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી! ઘણું સ્પષ્ટ જ્ઞાન! બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે. હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જયજયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઈન જ જુદી છે.”

“બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણા ભાગ્ય છે. જો મૌન રહે તોપણ એનાં દર્શનથી તો લાભ જ છે. અમને ઘણા વખતથી ખ્યાલમાં હતું: બેનની ઘણી શક્તિ છે.”

“(બહેનશ્રીને આવતાં દેખીને કહ્યું —) બેન માટે જગ્યા કરો, ‘ધર્મની શોભા’ ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.”

— આવા વાત્સલ્યોર્મિસભર ભાવોદ્‌ગાર ભરેલી પૂજ્ય ગુરુદેવની મંગળ વાણીમાં જેમનો આધ્યાત્મિક પવિત્ર મહિમા સભા વિષે અનેક વાર પ્રસિદ્ધ થયો છે તે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં, તેમણે મહિલા-શાસ્ત્રસભામાં તથા કુમારિકા બ્રહ્મચારિણી બહેનો સમક્ષ અંદર ચર્ચાવાર્તામાં ઉચ્ચારેલાં — તેમની સ્વાનુભવસ્યંદી જ્ઞાનધારામાંથી વહેલાં — આત્માર્થપોષક વચનામૃત લિપિબદ્ધ થાય તો ઘણા મુમુક્ષુ જીવોને મહાન આત્મ-લાભનું કારણ બને, એવી ઘણા સમયથી સમાજનાં ઘણાં ભાઈબહેનોને ઉત્કટ ભાવના વર્તતી હતી. એ શુભ ભાવનાને સાકાર કરવામાં, કેટલાંક કુમારિકા બ્રહ્મચારિણી બહેનોએ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અધ્યાત્મરસઝરતી પ્રવચનધારા તથા ચર્ચામાંથી પોતાને ખાસ લાભ થાય એવાં વચનામૃતની જે નોંધ કરેલી તેમાંથી ખાસ ખાસ બોલ ચૂંટીને એક સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો, જે ‘બહેનશ્રીનાં વચનામૃત’ નામના પુસ્તકરૂપે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ — સોનગઢ તરફથી વિ. સં. ૨૦૩૩ માં પૂજ્ય બહેનશ્રીની ૬૪ મી જન્મજયંતી-ઉત્સવના મંગળ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકનું ઊંડું અવગાહન કરીને, જેમ કુશળ ઝવેરી રત્નને પારખી લે તેમ, તેમાં રહેલા ગંભીર ભાવોને પૂજ્ય ગુરુદેવે તરત જ પરખી લીધા અને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ—સોનગઢના તત્કાલીન પ્રમુખ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીને કહ્યું: 'ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.' (અત્યાર સુધીમાં—સાત વર્ષના સ્વલ્પ સમયમાં—આ પુસ્તકની ૮૬,૦૦૦ પ્રત ગુજરાતી, હિન્દી, મરાઠી અને કન્નડ—એમ જુદી જુદી ભાષામાં પ્રકાશિત થઈ ગઈ છે.) અધ્યાત્મતત્ત્વ સમજવા માટે આ પુસ્તક ધ્યાનપૂર્વક વાંચવાની પૂજ્ય ગુરુદેવ ખાસ ભલામણ કરતા અને નવાગંતુકને પ્રસન્નતાથી ભેટ આપતા હતા.

આ આત્માર્થિપ્રિય અમૂલ્ય પુસ્તકની મહત્તા, ભિન્ન ભિન્ન પ્રસંગે નીકળેલા પૂજ્ય ગુરુદેવના મંગલમય પવિત્ર ઉદ્‌ગારોમાં જોઈએ:—

'(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ પણ ભાવ ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.' (પૂજ્ય ગુરુદેવના ભાવ-અનુસાર હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને આ પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.)

"પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે—અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ."

'આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.'

'હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે—આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે—એવી વાત છે. જગતને લાભનું કારણ છે.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



“ બેનનું પુસ્તક ( વચનામૃત ) આવ્યું ઘણું ઊંચું. સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી આ વાત છે. એકલું માખણ ભર્યું છે — એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર ! થોડા શબ્દોમાં ઘણું ગંભીર ! આ તો અમૃતધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. ‘ દ્રવ્ય-દૃષ્ટિપ્રકાશ ’ કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય — આવી ચીજ બહાર આવી !”

‘ જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (–સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી ( વચનામૃતમાં ) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઈ!... અરે ! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે. ’

પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી અનેક વાર ‘ બહેનશ્રીનાં વચનામૃત ’ની ભૂરિ ભૂરિ પ્રશંસા સાંભળીને મુમુક્ષુસમાજે પ્રવચન દ્વારા તેના ગહન ભાવો સમજાવવાની કૃપા કરવા ગુરુદેવશ્રીને વિનંતી કરી. પૂજ્ય ગુરુદેવે ભક્તોની વિનંતી સ્વીકારી. પ્રવચનો આપ્યાં. પ્રવચનોમાં ‘ વચનામૃત ’ના ગહન ભાવો ખૂબ રંગપૂર્વક ખોલ્યા. ‘ વચનામૃત ’માં ૪૩૨ બોલ છે; તેના પર ૧૮૧ પ્રવચન થયાં છે. તે પ્રવચનો ચાર ભાગમાં પ્રકાશિત થશે. ‘ વચનામૃત-પ્રવચન ’નો પહેલો ભાગ વિ. સં. ૨૦૩૮, શ્રાવણ વદ બીજના — પૂજ્ય બહેનશ્રીની ૬૯મી જન્મજયંતીના — દિને અને બીજો ભાગ વિ. સં. ૨૦૩૯ માં પૂજ્ય બહેનશ્રીની ૭૦મી જન્મજયંતીના દિને પ્રકાશિત કરવામાં આવ્યો હતો. પહેલા ભાગમાં ‘ વચનામૃત ’ના ૧૨૫ બોલ ઉપરનાં ૪૫ પ્રવચનોનું અને બીજા ભાગમાં પ્રવચન નંબર ૪૬ થી ૯૦ — એમ ૪૫ પ્રવચનોનું ( બોલ નં. ૧૨૬ થી ૨૩૧ ) સંકલન કરવામા આવ્યું છે. આ ત્રીજા ભાગમાં પ્રવચન નંબર ૯૧ થી ૧૩૬ ( બોલ નં ૨૩૨ થી ૩૫૪ ) એમ ૪૬ પ્રવચનોનું સંકલન કરવામાં આવ્યું છે.

‘ બહેનશ્રીનાં વચનામૃત ’ માં સમાવિષ્ટ અનેક આધ્યાત્મિક વિષયો પર પૂજ્ય ગુરુદેવે આ પ્રવચનગ્રંથમાં જે ખૂબ અદ્ભુત છણાવટ કરી છે — તળસ્પર્શી ખુલાસા કર્યા છે, તે વાંચીને આશ્ચર્ય થાય છે કે, અહો ! આમાં આવા અલૌકિક ભાવો ભર્યા છે ! ખરેખર, પૂજ્ય ગુરુદેવે ‘ વચનામૃત ’ના ઊંડા ભાવો ખોલીને મુમુક્ષુઓ પર મહાન ઉપકાર કર્યો છે.

આ પ્રવચનો પૂજ્ય બહેનશ્રીનાં ચરણોપાસિકા કેટલાંક કુમારિકા બ્ર૦ બહેનો તથા મુમુક્ષુ ભાઈ-બહેનોએ ટેઈપ-રેકોર્ડમાંથી ઉતારી આપ્યાં છે. તેનું આ સંકલન તૈયાર કરવામાં આવ્યું છે. આ સંકલન અધ્યાત્મતત્ત્વરુચિવંત આદરણીય વિદ્વદ્વર્ય ભાઈશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હિંમતલાલ જેઠાલાલ શાહ અથક પરિશ્રમ લઈને અતિ ચીવટપૂર્વક તપાસી ગયા છે તથા તેમણે પ્રૂફ-સંશોધનમાં પણ પૂરો સહકાર આપ્યો છે. ખરેખર, તેમના અમૂલ્ય સહકાર વિના આ પ્રવચનો આવા સુંદર રૂપમાં તૈયાર થવાં અશક્ય હતાં. તે બદલ કૃતજ્ઞતાપૂર્વક તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. શ્રમ લઈને 'ટેઇપ'માંથી ઉતારી આપનારાઓ પણ ધન્યવાદને પાત્ર છે.

અંતમાં, આપણે સૌ—અધ્યાત્મતત્ત્વપિપાસુ જીવો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવ-સ્યંદી જ્ઞાનધારામાંથી વહેલાં આ શુદ્ધાત્મસ્પર્શી 'વચનામૃત' ઉપર પરમોપકારી કૃપાસાગર પૂજ્ય ગુરુદેવે સ્વાનુભૂતિપ્રધાન સમસ્ત નિજાત્મવૈભવ ખુલ્લો કરીને આપેલાં આ વિશદ તેમ જ સુગમ પ્રવચનોના ઊંડા અવગાહન દ્વારા ભવસંતતિછેદક સ્વાનુભૂતિ સાધવાની પ્રબળ પ્રેરણા પામી પોતાના સાધનાપંથને સુધાસ્યંદી બનાવીએ—એ જ ભાવના.

શ્રાવણ વદ ૨, સં. ૨૦૪૦

(પૂ. બહેનશ્રીની ૭૧મી જન્મજયંતી) — **સંકલયિતા**

આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

— પૂ. બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



સ્વાનુભૂતિપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.

મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી,
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.

તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને.

(મોક્ષપ્રાભૃત)

કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;
સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પુજાય છે.

(દર્શનપ્રાભૃત)

બહુ કથનથી શું? નરવરો ગત કાળ જે સિદ્ધ્યા અહો!
જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો.

(મોક્ષપ્રાભૃત)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે. એમ ગુરુદેવે યુક્તિન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્-દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં પણ કેટલું ઘોળી ઘોળીને કાઢે છે. ! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા અંતરપટમાં વસી રહો.

— બહેનશ્રી ચંપાબેન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન-અનુક્રમણિકા

*


| પ્રવચન | વચનામૃત | પૃષ્ઠ |
|---|---|---|
| ૯૧ | ૨૩૨–૨૩૫ | ૧–૧૦ |
| ૯૨ | ૨૩૬–૨૩૭ | ૧૧–૧૮ |
| ૯૩ | ૨૩૭–૨૪૧ | ૧૯–૨૭ |
| ૯૪ | ૨૪૨–૨૪૪ | ૨૮–૩૬ |
| ૯૫ | ૨૪૫–૨૪૯ | ૩૭–૪૭ |
| ૯૬ | ૨૫૦–૨૫૪ | ૪૮–૫૬ |
| ૯૭ | ૨૫૫–૨૫૮ | ૫૭–૬૬ |
| ૯૮ | ૨૫૯–૨૬૦ | ૬૭–૭૩ |
| ૯૯ | ૨૬૧–૨૬૩ | ૭૪–૮૨ |
| ૧૦૦ | ૨૬૪–૨૬૬ | ૮૩–૯૪ |
| ૧૦૧ | ૨૬૭–૨૭૦ | ૯૫–૧૦૪ |
| ૧૦૨ | ૨૭૧–૨૭૨ | ૧૦૫–૧૧૨ |
| ૧૦૩ | ૨૭૩–૨૭૬ | ૧૧૩–૧૨૦ |
| ૧૦૪ | ૨૭૭–૨૭૮ | ૧૨૧–૧૨૯ |
| ૧૦૫ | ૨૭૯–૨૮૦ | ૧૩૦–૧૩૭ |
| ૧૦૬ | ૨૮૧–૨૮૩ | ૧૩૮–૧૪૫ |
| ૧૦૭ | ૨૮૪–૨૮૭ | ૧૪૬–૧૫૫ |
| ૧૦૮ | ૨૮૮–૨૯૦ | ૧૫૬–૧૬૪ |
| ૧૦૯ | ૨૯૧–૨૯૪ | ૧૬૫–૧૭૪ |
| ૧૧૦ | ૨૯૫–૨૯૬ | ૧૭૫–૧૮૩ |
| ૧૧૧ | ૨૯૭–૨૯૯ | ૧૮૪–૧૯૨ |
| ૧૧૨ | ૩૦૦–૩૦૩ | ૧૯૩–૨૦૨ |
| ૧૧૩ | ૩૦૪–૩૦૬ | ૨૦૩–૨૧૩ |
| ૧૧૪ | ૩૦૭–૩૦૯ | ૨૧૪–૨૨૦ |
| ૧૧૫ | ૩૧૦–૩૧૧ | ૨૨૧–૨૩૦ |
| ૧૧૬ | ૩૧૨–૩૧૩ | ૨૩૧–૨૩૮ |
| ૧૧૭ | ૩૧૪–૩૧૫ | ૨૩૯–૨૪૯ |
| ૧૧૮ | ૩૧૬–૩૧૮ | ૨૫૦–૨૬૦ |
| ૧૧૯ | ૩૧૯–૩૨૧ | ૨૬૧–૨૭૦ |
| ૧૨૦ | ૩૨૨–૩૨૩ | ૨૭૧–૨૭૯ |
| ૧૨૧ | ૩૨૪–૩૨૬ | ૨૮૦–૨૮૯ |
| ૧૨૨ | ૩૨૭–૩૨૯ | ૨૯૦–૩૦૦ |
| ૧૨૩ | ૩૩૦ | ૩૦૧–૩૧૦ |
| ૧૨૪ | ૩૩૧–૩૩૩ | ૩૧૧–૩૨૧ |
| ૧૨૫ | ૩૩૪–૩૩૬ | ૩૨૨–૩૩૧ |
| ૧૨૬ | ૩૩૭ | ૩૩૨–૩૩૯ |
| ૧૨૭ | ૩૩૮–૩૪૦ | ૩૪૦–૩૪૯ |
| ૧૨૮ | ૩૪૧–૩૪૨ | ૩૫૦–૩૫૯ |
| ૧૨૯ | ૩૪૩ | ૩૬૦–૩૬૭ |
| ૧૩૦ | ૩૪૪ | ૩૬૮–૩૭૫ |
| ૧૩૧ | ૩૪૫–૩૪૭ | ૩૭૬–૩૮૫ |
| ૧૩૨ | ૩૪૮–૩૪૯ | ૩૮૬–૩૯૬ |
| ૧૩૩ | ૩૫૦ | ૩૯૭–૪૦૭ |
| ૧૩૪ | ૩૫૧–૩૫૨ | ૪૦૮–૪૧૭ |
| ૧૩૫ | ૩૫૩ | ૪૧૮–૪૨૭ |
| ૧૩૬ | ૩૫૩–૩૫૪ | ૪૨૮–૪૩૭ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

परमात्मने नमः ।

श्री

# વચનામૃત-પ્રવચન

( ભાગ ત્રીજો )

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત

ઉપર

પરમપૂજ્ય સદ્દગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચન

❊

## પ્રવચન–૯૧

તા. ૧૧–૯–૭૮

### વચનામૃત — ૨૩૨

જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં આત્મા જ્ઞાનમય થઈ ગયો, ધ્યાનમય થઈ ગયો — એકાગ્રતામય થઈ ગયો. અંદર ચૈતન્યના નંદનવનમાં એને બધું મળી ગયું; હવે બહાર શું લેવા જાય? ગ્રહવાયોગ્ય આત્મા ગ્રહી લીધો, છોડવાયોગ્ય બધું છૂટી ગયું, હવે શું કરવા બહાર જાય? ૨૩૨.

**'જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં આત્મા જ્ઞાનમય થઈ ગયો, ધ્યાનમય થઈ ગયો, — એકાગ્રતામય થઈ ગયો.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા પોતે પુણ્યપાપથી ભિન્ન જ્ઞાતાદ્રષ્ટા છે અને રાગથી માંડીને શરીરાદિ પરવસ્તુ — આખું જગત — તેનું જ્ઞેય ને દ્રશ્ય છે. આ જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપ ભગવાન આત્માને — ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવને — ધ્યેય બનાવી, તેનું ધ્યાન કરતાં કરતાં આત્મા પર્યાયમાં જ્ઞાનમય થઈ ગયો. ધ્યાનમય થઈ ગયો — એકાગ્રતામય થઈ ગયો.

પ્રશ્ન — પર્યાયમાં જ્ઞાનમય થઈ ગયો — તેમાં પર્યાય શું? દ્રવ્ય શું?

ઉત્તર :— ત્રિકાળી જ્ઞાયકવસ્તુ તે દ્રવ્ય; જ્ઞાન, સુખ વગેરે ત્રિકાળી શક્તિઓ તે ગુણ; દ્રવ્ય અને ગુણની વર્તમાન હાલત, અવસ્થા, દશા તે પર્યાય. દ્રવ્યસ્વભાવનું ધ્યાન કરતાં કરતાં આત્મા પર્યાયમાં જ્ઞાનમય બની ગયો — મતિશ્રુતિજ્ઞાનમય અપૂર્ણ દશા હતી તેનો અભાવ કરી પૂર્ણ કેવળજ્ઞાનમય થઈ ગયો. અહા! આ ઉપદેશ તે કઈ જાતનો? — જૈનનામધારી વાડામાં તો છે જ નહિ, પણ દિગંબર સંપ્રદાયમાં પણ સાંભળવા મળતો નથી.

પ્રભુ! વીતરાગનો આ માર્ગ કોઈ અલૌકિક છે. હાલના ઉપદેશકો તો 'આ કરો ને તે કરો, દયા-દાન ને પૂજા-ભક્તિ કરો' એમ રાગ ને પરના કર્તૃત્વમાં ધર્મ મનાવે છે; પણ ભાઈ! 'કરવું તે મરવું છે' — પર ને વિભાવની કર્તૃત્વબુદ્ધિ એ તો આત્માનું ભાવમરણ છે. પુણ્ય અને પાપ મારાં છે — એવી મમત્વબુદ્ધિ મિથ્યાત્વમય ભ્રાન્તિ છે, અજ્ઞાન છે. ભગવાન આત્મામાં 'રાગ કરવો, દયા-દાન કરવાં' એવી અજ્ઞાનમય કર્તૃત્વબુદ્ધિ લાવ્યો ક્યાંથી? — તો આ ભગવાન આત્મા શી વસ્તુ છે? શું કરતાં કરતાં તે જ્ઞાનમય બની જાય છે? પ્રભુ! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ ભગવાન એમ ફરમાવે છે કે — જ્ઞાયકનું ધ્યાન કરતાં કરતાં આત્મા જ્ઞાનમય ને ધ્યાનમય — એકાગ્રતામય થઈ જાય છે. પ્રભુનો માર્ગ આવો છે.

આ માર્ગ સમજવો અઘરો પડે છે એટલે 'સોનગઢનો ધર્મ એકાન્ત છે, નિશ્ચયાભાસ છે' એમ કેટલાકને લાગે, પણ ભાઈ! વીતરાગ ભગવાને કહેલો આત્મધર્મ આ પ્રમાણે જ છે. રાગના કર્તા થવું તે આત્માનો સ્વભાવ નથી — વીતરાગનો માર્ગ નથી. વળી લોકો કહે છે કે — સોનગઢને તીર્થ બનાવ્યું; પણ અમે તો કોઈને કીધું નથી કે સ્વાધ્યાયમંદિર બનાવો, જિનમંદિર, સમવસરણ, માનસ્તંભ કે પરમાગમમંદિર બનાવો. અમે તો અધ્યાત્મતત્ત્વની વાત કરીએ છીએ. આંખમાં એક રજકણ પણ ખટકે, તેમ જ્ઞાનસ્વરૂપી પ્રભુમાં રાગનો કણ — દયા-દાન વગેરેના વિકલ્પ ખટકે છે. અરેરે! સર્વજ્ઞ ભગવાનના વિરહ પડયા, પ્રભુ ત્યાં રહ્યા ને અમે અહીં આવી પડયા! અહીં પણ સર્વજ્ઞપણું ઉત્પન્ન થવાના વિરહ પડયા, દેવોનું આગમન પણ અટકી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયું, એકમાત્ર ભાવશ્રુતજ્ઞાન રહ્યું. તેથી જગતને આ માર્ગ કઠણ પડે, પણ થાય શું? ચોરાશીના અવતારમાં જન્મ-મરણ કરીને સોથા નીકળી ગયા બાપુ! નરકનાં એ ભયંકર દુઃખ! નરકનાં એક ક્ષણનાં દુઃખ કરોડો જીભે અને કરોડો ભવે કહી ન શકાય — એવા તેત્રીશ સાગરના ભવ પ્રભુ! તેં અનંત વાર કર્યા. અત્યારે તું ભૂલી ગયો છે માટે તે દુઃખ નહોતું એમ કેમ કહેવાય? અહીં જન્મ્યા પછી છ મહિનાની સ્થિતિ યાદ નથી માટે તે નહોતી એમ કોણ કહે? ભગવાન આત્મા અનાદિ-અનંત છે; તો તે રહ્યો કયાં? ચારે ગતિના અવતારમાં. નરક ને નિગોદના અવતાર કરી દુઃખી-દુઃખી થઈ રહ્યો છે. સનેપાતિયો દાંત કાઢે પણ શું તે સુખી છે? તેમ અજ્ઞાની શરીર ને પૈસા વગેરેથી રાજી થાય પણ શું તે સુખી છે? — દુઃખી જ છે. દુઃખ મટાડવાનો ઉપાય તો અંદર આત્મામાં છે. અરેરે! સત્યનો નિર્ણય કરવાનો વખત પણ ન મેળવે, ત્યાં સુખનો સાચો ઉપાય કયાંથી થાય? અહીં તો કહે છે કે — ભગવાન જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં આત્મા જ્ઞાનમય, ધ્યાનમય — એકાગ્રતામય થઈ ગયો. એ જ શાશ્વત સુખનો સાચો ઉપાય છે.

**'અંદર ચૈતન્યના નંદનવનમાં એને બધું મળી ગયું; હવે બહાર શું લેવા જાય?'**

મેરુપર્વતમાં નંદનવન છે. તેમાં અનેક રમણીય ફળ-ફૂલ ફાલે છે. ભગવાન આત્મા પણ જ્ઞાન, આનંદ વગેરે અનંત રમણીય ગુણોથી ભરપૂર ચૈતન્યનંદનવન છે. સમ્યગ્દર્શન થતાં વેંત જ ચૈતન્યનું નંદનવન મળી ગયું, ત્યાં મુનિદશા ને કેવળજ્ઞાનની તો શી વાત કરવી! અહા! મુનિદશાં કોને કહીએ? તે દશાને તો અનંત આનંદના પ્રચુર સ્વસંવેદનની મહોરછાપ મળી ગઈ છે. ભાઈ! ત્યાં તો જ્ઞાન, આનંદ, શાન્તિ, પ્રભુતા, સ્વચ્છતા વગેરેથી ચૈતન્યનું નંદનવન ખીલી નીકળ્યું છે. મુનિરાજ કહે છે કે — અંદર ચૈતન્યના નંદનવનમાં અમને બધું મળી ગયું છે.

ભગવાન આત્મા સ્વભાવે નીરોગી છે, રાગનો રોગ પણ એમાં નથી. કેવળજ્ઞાની ભગવાનને શરીરમાં રોગ કેવો? અને દવા કેવી? કેવળી ભગવાનને રોગ થવાની ને દવા લેવાની માન્યતા તદ્દન કલ્પિત છે. આકરું લાગે પણ ભાઈ! થાય શું? આજ માનો કે કાલ માનો, હમણાં માનો કે પછી માનો, પણ આ સત્ય માન્યે જ છૂટકો છે. વીતરાગ સર્વજ્ઞ પ્રભુને આહાર-પાણીનો અભાવ છે. જ્યાં અતીન્દ્રિય આનંદામૃતનો પૂર્ણ અનુભવ કરે છે, અસંખ્ય આત્મપ્રદેશોમાં અનંત ગુણરતન ખીલી નીકળ્યાં છે, તે પૂર્ણ પરમાત્મદશામાં શરીરસંબંધી ભૂખ કે રોગ તદ્દન અસંભવિત છે. પોતાનો પંથ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચલાવવા કલ્પિત લખી નાખ્યું છે. અમે પણ તે પંથમાં હતા. ત્યાં અમારું માન તેમ જ પ્રતિષ્ઠા ઘણી હતી. હું તો ત્યાંની ક્રિયા પણ કડકપણે પાળતો હતો, પણ જ્યારે અંદરથી એમ લાગ્યું કે આ સાચું સાધુપણું નથી, આ વીતરાગે કહેલો જૈનધર્મ નથી, ત્યારે મોટાભાઈ ખુશાલભાઈને — જેમણે ૨૦૦૦ રૂપિયા ખર્ચીને વિ.સં. ૧૯૭૦માં દીક્ષા અપાવી હતી તેમને — કહી દીધું કે, ભાઈ! આ માર્ગ સાચો નથી, હું તો છોડી દઈશ. ભાઈએ કહ્યું: આપની પ્રસિદ્ધિ ઘણી છે, માટે ધીમે ધીમે છોડજો. શું કહીએ? પરિવર્તન કર્યું તે અંદરથી કાંઈક બીજું લાગ્યું હશે એટલે કર્યું ને?

દીક્ષા પ્રસંગે વરઘોડામાં હાથી પર ચડવા જતાં ધોતિયું નિસરણીમાં ભરાઈ જવાથી ફાટ્યું. મને શંકા પડી: આ શું? કાંઈક ફેર છે, હોય તે ખરું. ત્યાં અંદરથી આવ્યું કે વસ્ત્ર સહિત મુનિપણું ત્રણ કાળમાં હોય નહિ. વિ. સં. ૧૯૮૩માં એક વાર ગુરુ પાત્રાં રંગતા હતા. તે કામ પાછળ કલાકો બગડે. મેં કહ્યું: સ્વાધ્યાય છોડી કલાકો સુધી પાત્રાં રંગવાં, આ તે કેવી ઉપાધિ? ગુરુએ સહજ ભાવે કહ્યું: પાત્રાં વિનાના ગુરુ — સાધુ ગોતી લાવજે. પાત્રાં વિનાના ગુરુ ગોતી કાઢ્યા — કુંદકુંદાચાર્યદેવ.

મુનિને કદી વસ્ત્ર કે પાત્ર હોય નહિ. વસ્ત્રનો ટુકડો રાખીને મુનિપણું મનાવે તો એ વિપરીત માન્યતાના કારણે ક્રમે કરીને તે નરક ને નિગોદમાં જશે. શાન્તિથી કહો, ધીમેથી કહો, પણ માર્ગ આ છે. અરે! જગતને બેસવું કઠણ પડે.

જ્ઞાયકનું ધ્યાન કરતાં કરતાં ચૈતન્યના અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નના ઓરડા ખૂલી ગયા. જ્ઞાયકમાં એકાગ્રતા કરતાં કરતાં જેની પર્યાયમાં અનંતજ્ઞાન, અનંત-આનંદ, અનંતશાન્તિ, અનંતસ્વચ્છતા, અનંત-ઈશ્વરતા પ્રગટે તેને અરિહન્ત કહેવામાં આવે છે. જે બાહ્યમાં વસ્ત્ર-પાત્ર રહિત નિર્ગ્રંથ અને અંતરમાં અતીન્દ્રિય આનંદમાં ઝૂલવાવાળા હોય છે તે ગુરુ કહેવાય છે. હજુ તો દેવ-ગુરુ કેવા હોય એનીય ખબર ન મળે ને માને કે અમે ધર્મ કરીએ છીએ! અહીં કહે છે: પ્રભુ! સાંભળ. જેમ કેસરના ડબ્બાનાં ગોદામ ભર્યાં હોય, તેમ આત્માના અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણરતનનાં ગોદામ ભર્યાં છે. અરે! આ વાત કેમ બેસે? શરીર જડ છે, સ્થૂળ ધૂળ છે; કર્મ સૂક્ષ્મ ધૂળ છે; તે બંને અમૂર્તિક જ્ઞાયક પરમાત્માથી જુદી ચીજ છે; દયા-દાન વગેરે ભાવો પણ વિકારી દશા છે. તેનાથી ભિન્ન ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ-સ્વરૂપ છે. તેનું ધ્યાન કરતાં કરતાં, તેની એક એક શક્તિમાં જે અનંતું સામર્થ્ય ભર્યું છે તે જ્યાં પૂર્ણપણે ખીલી ગયું ત્યાં એ પૂર્ણ પરમાત્માને આહાર કેવો? ને રોગ કેવો? સર્વજ્ઞભગવાનને આહાર ને રોગ કહેવો તે, સાચા જૈનધર્મની વાત નથી, કલ્પિત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરમાં જ્ઞાયક પરમાત્માનું સમ્યગ્દર્શન થાય છે ત્યાં અંદર ગુણરત્નના જે અનંત ઓરડા ભર્યા છે તેમાંથી સર્વ ગુણોનો અંશ વ્યક્ત થાય છે, સ્વરૂપ-રમણતારૂપ ચારિત્ર પ્રગટ થતાં તે ગુણાંશોની વ્યક્તતામાં ઉગ્ર શુદ્ધિ વધે છે અને પૂર્ણ પરમાત્મદશા — કેવળજ્ઞાન — થતાં આત્માના અસંખ્ય પ્રદેશોમાં રહેલા અનંત ગુણોના ઓરડા સંપૂર્ણ ખૂલી જાય છે. 'णमो अरिहंताणं' કહીને જેને નમસ્કાર કરીએ છીએ એવો તે, ત્રણ લોકનો નાથ 'અરિહંત ભગવાન' થઈ ગયો. 'ભગ' એટલે અનંત જ્ઞાન, અનંત આનંદ વગેરે અનંત ગુણરૂપી લક્ષ્મી; 'વાન' એટલે વાળો; જ્ઞાયકનું ધ્યાન કરતાં કરતાં — તેમાં એકાગ્રતા કરતાં કરતાં, તેને બધું મળી ગયું. અનંત જ્ઞાન ને અનંત આનંદ વગેરે બધું અંદરમાંથી મળી ગયું; હવે તે બહાર શું લેવા જાય? બહાર શા માટે આવે? કેવળી પરમાત્માને અંદર પૂર્ણાનંદ પ્રગટ થઈ ગયો; તે હવે બહાર — આહાર વગેરેના વિકલ્પમાં — કેમ આવે? આવે જ નહિ.

**'ગ્રહવાયોગ્ય આત્મા ગ્રહી લીધો, છોડવાયોગ્ય બધું છૂટી ગયું; હવે શું કરવા બહાર જાય?'**

બરફની પાટમાં જેમ એકલી શીતળતા ભરી છે, તેમ ભગવાન આત્મામાં એકલો આનંદ ભર્યો છે. તે આનંદની પાટ જેને મળી ગઈ તેણે ગ્રહણ કરવાયોગ્ય બધું ગ્રહણ કરી લીધું અને છોડવાયોગ્ય બધું તેને છૂટી ગયું. અંદરમાં આનંદની પાટ મળી, હવે તે શું કરવા બહાર જાય? રાગાદિના વિકલ્પમાં કેમ આવે? ગ્રહણ કરવાયોગ્ય નિજ જ્ઞાયક આત્મા ગ્રહણ કરી લીધો, છોડવાયોગ્ય બધું છોડી દીધું — રાગાદિ વિભાવ બધો છૂટી ગયો; હવે તે સ્વરૂપમાંથી બહાર કેમ આવે? આવે જ નહિ.

———o———

## વચનામૃત — ૨૩૩

**અંદરથી જ્ઞાન ને આનંદ અસાધારણપણે પૂર્ણ પ્રગટ થયાં તેને હવે બહારથી શું લેવાનું બાકી રહ્યું? નિર્વિકલ્પ થયા તે થયા, બહાર આવતા જ નથી. ૨૩૩.**

**'અંદરથી જ્ઞાન ને આનંદ અસાધારણપણે પૂર્ણ પ્રગટ થયાં તેને હવે બહારથી શું લેવાનું બાકી રહ્યું?'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'વચનામૃત'ના ૪૩૨ બોલ છે. સવા ત્રણ મહિનામાં ૨૩૨ બોલ પર વ્યાખ્યાન થયાં, ૨૦૦ બોલ બાકી રહ્યા.

જેને અંદરથી અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ અસાધારણરૂપે — બીજી ચીજમાં ન હોય એવા સ્વરૂપે — પૂર્ણ પ્રગટ થયાં, તેને હવે બહારથી શું લેવાનું રહ્યું? ત્રિલોકનાથ વીતરાગ જિનેશ્વર પરમાત્માએ અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ અસાધારણ દશા પર્યાયમાં પોતે પ્રગટ કરી — પર્યાયમાં પોતે પૂર્ણ પરમાત્મા થયો — તેને બહારથી લેવાનું શું બાકી રહ્યું?

**'નિર્વિકલ્પ થયા તે થયા, બહાર આવતા જ નથી.'**

સમ્યગ્દષ્ટિ ધર્માત્મા રાગાદિના વિકલ્પથી રહિત અંદર સ્વરૂપમાં જાય છે, તેથી તેને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે. નીચલી ભૂમિકામાં નબળાઈ છે તેથી રાગનો વિકલ્પ આવે, પણ તે દુઃખરૂપ લાગે છે. વ્રતનો, ભક્તિનો વિકલ્પ આવે તે પણ ધર્માત્માને દુઃખરૂપ લાગે છે. તે વિકલ્પ તોડીને જે સ્વરૂપમાં અતિશયપણે લીન થયા તે, નિર્વિકલ્પ થયા તે થયા, બહાર આવતા જ નથી. સમયસારનાટકમાં આવે છે ને —

जैसो निरभेदरूप निहचै अतीत हुतो, तैसो निरभेद अब भेद कौन कहैगौ ।
दीसै कर्म रहित सहित सुख समाधान, पायौ निजथान फिर बाहरि न बहैगौ ॥
कबहूँ कदाचि अपनौ सुभाव त्यागि करि, रागरस राचिकैं न पर वस्तु गहैगौ ।
अमलान ग्यान विद्यमान परगट भयौ, याही भांति आगम अनंत काल रहैगौ ॥

અંદર પૂર્ણાનંદનો નાથ જેને અનુભવમાં આવ્યો તે, અંતરમાં વિશેષ રમણતા જામતાં, નિર્વિકલ્પ થયો તે થયો, કદી બહાર આવતો જ નથી. અહા! આવી વાત છે. વાત જ આખી જુદી છે, દુનિયા સાથે તેનો જરાય મેળ ખાય એમ નથી. કહેવાય છે ને —

આણંદ કહે પરમાણંદા, માણસે માણસે ફેર;
એક લાખે તો ન મળે, એક ત્રાંબિયાના તેર.

પ્રભુ કહે છે — તારે ને મારે વાતે વાતે ફેર છે. અહીં તો કહે છે: સ્વરૂપમાં જમાવટ થતાં નિર્વિકલ્પ થયા તે થયા, બહાર આવતા જ નથી.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૩૪

**મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે. અનંત કાળમાં 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યાં, પણ વિવિધ શુભ ભાવો કરી તેમાં સર્વસ્વ માનીને ત્યાં સંતોષાઈ ગયો. કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ. ૨૩૪.**

**'મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે.'**

જેને દેહથી ને રાગથી ભિન્ન નિજ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનું યથાર્થ ભાન થવાથી સમ્યગ્દર્શન થયું છે, તેનું ધ્યાન કરવાથી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થઈ છે, એવો ગૃહસ્થાશ્રમમાં રહેલો સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા એમ જાણે-માને છે કે — મારે સ્વભાવમાં લીનતા કરવાની બાકી છે, મારે હજુ કરવાનું ઘણું બાકી છે. આમ માનનારને જ સ્વરૂપસ્થિરતામાં આગળ વધવાનો અવકાશ રહે છે. થોડાક પ્રયત્ન કરતાં 'મેં કંઈક કર્યું' અથવા 'મેં ઘણું કરી લીધું' એમ માનનાર તો ત્યાં જ રોકાઈ જાય છે, અટકી જાય છે, તેને આગળ વધવાનો અવકાશ રહેતો નથી.

**"અનંત કાળમાં 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યાં, પણ વિવિધ શુભ ભાવો કરી તેમાં સર્વસ્વ માનીને ત્યાં સંતોષાઈ ગયો."**

'મારે મારું હિત કરવું છે' એવી ભાવના — ઇચ્છા — અભિલાષા જીવે અનંત વાર કરી, અનાદિ કાળના પરિભ્રમણમાં અનંત વાર દિગંબર જૈન દ્રવ્યલિંગી સાધુ થયો, પણ દૃષ્ટિ બહારની ક્રિયા ને રાગ ઉપર રાખી તેથી મિથ્યાદૃષ્ટિ રહ્યો. મિથ્યાદૃષ્ટિને 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ તો હોય છે, મંદકષાયના કારણે તેને લેશ્યા પણ શુભ હોય છે, પરંતુ વિવિધ શુભ ભાવમાં સર્વસ્વ માનીને તેમાં જ સંતોષાઈ જાય છે, શુભ રાગથી પણ ભિન્ન ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વભાવનું લક્ષ કરતો નથી.

નિજ શુદ્ધ જ્ઞાયકતત્ત્વના લક્ષ વિના સાધુ થઈ જાય, પંચ મહાવ્રત વગેરેનું નિર્દોષ પાલન કરે, પણ તેથી કરીને સમકિત ને ચારિત્ર થાય નહિ. 'મુનિવ્રત ધાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત વાર ગ્રીવક ઉપજાયો', બાળબ્રહ્મચારીપણે, અથવા તો હજારો રાણી છોડી, મુનિપણું લીધું, પણ આત્માના જ્ઞાન વિના લેશ પણ સુખ પ્રાપ્ત થયું નહિ. મહાવ્રતના પરિણામ પણ શુભ રાગ, આસ્રવ ને દુઃખરૂપ છે, સ્વરૂપરમણતારૂપ ચારિત્ર નથી; વ્રતાદિના શુભ રાગને ચારિત્ર માને તેને સાચાં મહાવ્રત કેવાં? સમ્યગ્દર્શન ને આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી ચારિત્રદશા ને સાચાં મહાવ્રત હોય નહિ.

મનુષ્ય હોના મુશ્કેલ હૈ, સાધુ કહાઁસે હોય;
સાધુ હુઆ તો સિદ્ધ હુઆ, કહેણી રહી ન કોય.

ભાઈ! મહાવ્રત લેવાં, સાધુ બનવું, નગ્ન વેશ લેવો સહેલું છે પણ અંદરથી સાચું સાધુપણું પ્રગટ થવું તે કોઈ અલૌકિક ચીજ છે. 'મારે મારું ભલું કરવું છે' એવા ભાવ જીવે અનંત વાર કર્યા, પણ તે શુભ ભાવમાં સંતોષાઈ ગયો, શુભ રાગમાં જ અટકી ગયો.

હું ત્યાગી છું, મેં હજારો રાણી છોડીને સાધુપણું લીધું છે, કરોડોની પેદાશ છોડી છે — એમ માનનારને જો રાગ ને વિકલ્પથી ભિન્ન નિજ જ્ઞાયક ભગવાનનું જ્ઞાન થયું નથી તો તેને કાંઈ ત્યાગ થયો નથી. મહાવ્રતના પરિણામ જે શુભ રાગ છે તેનો જેને પ્રેમ છે તેણે નિજ જ્ઞાયકનો — આત્માનો અનાદર અર્થાત્ ત્યાગ કર્યો છે. બાળ-બ્રહ્મચારી હોય, પણ બ્રહ્મચર્ય કહેવું કોને? સ્ત્રીવિષયત્યાગનો શુભ ભાવ તે મૂળ બ્રહ્મચર્ય નથી. બ્રહ્મ એટલે આનંદસ્વરૂપ આત્મા, તેમાં ચરવું, રમવું તેનું નામ બ્રહ્મચર્ય છે. શરીરથી બાહ્ય બ્રહ્મચર્ય પાળે ને માને કે બ્રહ્મચારી થઈ ગયા; તે શુભ ભાવમાં સંતોષાઈ ગયા છે. મૂળ વસ્તુ પડી રહી ને બહારની ક્રિયામાં ને શુભ ભાવમાં ધર્મ માની લીધો. વાત જરા આકરી છે ભાઈ!

'કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ.'

પરથી ભિન્ન અને રાગથી રહિત 'જ્ઞાયક' પોતાની ચીજ છે; તેનો, અંતર્દૃષ્ટિ કરીને, અનુભવ કરવો તે કલ્યાણ કરવાની સાચી વિધિ છે. તે વિધિ ભૂલી ગયો અને ક્રિયાકાંડના અવળે રસ્તે ચડી ગયો. નવમી ગ્રૈવેયક જાય એવી રાગની મંદતા, શુક્લ લેશ્યા — શુક્લ ધ્યાન નહિ હો —, ચામડાં ઊતરડીને ખાર છાંટે તો પણ ક્રોધ ન કરે એવી બહિર્લક્ષી સમતા વગેરે ક્રિયા અનંત વાર કરી; પણ તે તો રાગની ક્રિયા છે, તેમાં આત્મા અને તેની અનુભૂતિ, જે કલ્યાણ કરવાની સાચી વિધિ છે તે, ક્યાં આવી? જીવ તે બહારની ક્રિયા અને રાગની મંદતામાં અનંત વાર સંતોષાઈ ગયો પણ સહજ જ્ઞાન ને આનંદસ્વરૂપ નિજ આત્માને લક્ષમાં લીધો નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેશ માટે શહીદ થાય તે પણ બાળમરણ છે. દેશ ક્યાં તારો હતો? તારો સ્વદેશ તો અંદર આનંદ ને જ્ઞાન આદિ અનંત ગુણોનું ધામ અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્ર છે. પોતાના જ્ઞાયક-દેશને ઓળખે નહિ અને બહારના દેશ — જમીનના ટુકડા — માટે એકત્વબુદ્ધિ ને મમતા કરીને મરે — શહીદ થાય તેને ભવભ્રમણ ચાલુ જ રહે, કલ્યાણની સાચી વિધિ હાથ આવે નહિ. દેશસેવકોને આકરી પડે એવી વાત છે, પણ કલ્યાણ કરવું હોય — ભવભ્રમણનો અભાવ કરવો હોય — તો આત્મલક્ષ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

—o—

## વચનામૃત — ૨૩૫

**સ્વતઃસિદ્ધ વસ્તુનો સ્વભાવ વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય? વસ્તુનો સ્વભાવ તો વસ્તુને અનુકૂળ જ હોય, પ્રતિકૂળ હોઈ શકે જ નહિ. સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહિ. ૨૩૫.**

**‘સ્વતઃસિદ્ધ વસ્તુનો સ્વભાવ વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય?’**

આ બોલમાં ન્યાય આપ્યો છે. ભગવાન આત્માનો — વસ્તુનો — સ્વભાવ આત્મવસ્તુથી પ્રતિકૂળ કેમ હોય? આત્મસ્વભાવ આત્મવસ્તુને અનુકૂળ જ હોય, તેથી આત્માનો સ્વભાવ સહજ જ્ઞાન, આનંદ, શાંતિ ને વીતરાગતા જ હોય. દયા-દાન કે વેપાર-ધંધાના — શુભ-અશુભ રાગના — પરિણામ, અશુદ્ધ ભાવ હોવાને લીધે, આત્મવસ્તુથી પ્રતિકૂળ છે, અશુચિ છે, વિપરીત છે ને દુઃખનાં કારણ છે. અરેરે! વાણિયા બિચારા ધંધા આડે નવરા ન થાય; વીતરાગનો આ જૈનધર્મ વાણિયાના હાથ આવ્યો અને વાણિયા ઘૂસી ગયા ધંધામાં. આત્માના આનંદનો અનુભવ કરવો તે જૈનધર્મ છે. ‘અનુભૂતિ તે જૈનધર્મ છે’ એમ ઇતિહાસકારોએ પણ શોધી કાઢ્યું છે. દયાદાન વગેરે શુભ રાગથી પણ ભિન્ન એવા નિજ શુદ્ધ જ્ઞાયક-આત્માની અનુભૂતિ તે જૈનધર્મ છે — એ સમજ્યા વિના લોકો દયા પાળે, દાન આપે પણ, સાથે શુભ ભાવમાં અહંબુદ્ધિ ને કર્તાબુદ્ધિ હોવાથી, તેનાથી પુણ્યાનુબંધી પુણ્ય પણ નહિ બંધાય, પાપાનુબંધી પુણ્યબંધ થશે. અહીં કહે છે કે, આત્માનો — સ્વતઃસિદ્ધ વસ્તુનો — સ્વભાવ પોતાને અર્થાત્ આત્મવસ્તુને પ્રતિકૂળ ન હોય, અનુકૂળ જ હોય, તેથી આનંદ ને જ્ઞાનાદિરૂપ જ હોય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ' વસ્તુનો સ્વભાવ તો વસ્તુને અનુકૂળ જ હોય, પ્રતિકૂળ હોઈ શકે જ નહિ. '

અતીન્દ્રિય જ્ઞાન, આનંદ, શાન્તિ વગેરે ભગવાન આત્માનો સ્વભાવ છે. સ્વભાવને છોડી પર્યાયમાં રાગ અને દયાદાનાદિના વિકલ્પ ઊઠે તે, સ્વભાવથી વિરુદ્ધ છે. સ્વભાવને અવલંબીને પર્યાયમાં જે અતીન્દ્રિય જ્ઞાન, આનંદ વગેરે પરિણમે તે જ વસ્તુને — આત્માને — અનુકૂળ છે, રાગાદિ તો પ્રતિકૂળ છે. તેથી રાગાદિ ભાવ આત્માનો સ્વભાવ નથી.

આ વાત ઝીણી છે છતાં લોકો સાંભળે છે પ્રેમથી. અહીં તો ૪૪ વર્ષથી આ વાત એકધારી ચાલે છે. ૨૦ લાખ પુસ્તકો છપાઈ ગયાં ને હજુ લાખો છપાશે. તે બધાંમાં વાત તો આ જ છે. આત્મા ' વસ્તુ ' છે, કેમ કે તેમાં જ્ઞાનાદિ અનંત ગુણોનો વાસ છે. બધાં સગાંવહાલાંને બોલાવીને ' વાસ્તુ ' લે છે ને ? મકાનનું કે અધ્ધર ઝાડ ઉપર ? એ તો બધી રાગની ક્રિયા છે, સ્વભાવથી વિરુદ્ધ છે, વસ્તુને પ્રતિકૂળ છે. જેને વસ્તુસ્વભાવનો — જ્ઞાતાદ્રષ્ટા ને આનંદમય આત્માનો — અંતરમાં સ્વીકાર થયો તેને પર્યાયમાં પણ શુદ્ધતા જ ઉત્પન્ન થાય છે. તે જ્ઞાનાનંદમય શુદ્ધતા જ વસ્તુને અનુકૂળ છે. ન્યાય સૂક્ષ્મ છે. ભગવાન આત્મા જે વસ્તુ છે તેમાં અનંત અનંત, શક્તિએ શુદ્ધ ગુણો પડ્યા છે. તેનો જેને સ્વીકાર થયો તેની પર્યાયમાં વસ્તુનો સ્વભાવ નિર્મળપણે પરિણમન કરશે. તે પરિણમન વસ્તુને અનુકૂળ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો ને પંચમહાવ્રત વગેરેનો શુભ રાગ તો સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે, આત્મવસ્તુને પ્રતિકૂળ છે. સ્વભાવની દ્રષ્ટિ થઈ તો સ્વભાવનો આદર થશે; રાગ આવે તેનો — પ્રતિકૂળ ભાવોનો — જાણનાર રહેશે, પણ કર્તા થશે નહિ.

## ' સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહિ. '

સ્વતઃસિદ્ધ વસ્તુ પોતે પોતાને દુઃખરૂપ થાય એમ બની શકે જ નહિ. જ્ઞાનાનંદ-સ્વરૂપ ભગવાન આત્મા પોતે પોતાથી દુઃખરૂપ — રાગરૂપ કેમ હોય ? હોય જ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૯૨

તા. ૧૨-૯-૭૮

## વચનામૃત—૨૩૬

**મલિનતા ટકતી નથી અને મલિનતા ગમતી નથી; માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ. ૨૩૬.**

બહુ ઝીણી વાત છે ભાઈ! શરીર, વાણી ને મન—તે તો પરવસ્તુ છે, એની તો વાત જ શી? પણ અંદર જે આનંદકંદ જ્ઞાયક પ્રભુ છે તેની વર્તમાન પર્યાયમાં પરલક્ષે જે શુભાશુભ વિકારી ભાવ થાય છે તે મલિનતા છે. પર્યાયમાં મલિનતા છે ખરી, પણ તે કાયમ ટકતી નથી; નિત્ય નિર્મળાનંદ ભગવાન આત્મા અંદર કાયમ ધ્રુવપણે ટકી રહ્યો છે. મલિનતારૂપ પર્યાય થઈને ક્ષણમાં નાશ થઈ જાય છે, કાયમ ટકતી નથી અને ત્રિકાળી ધ્રુવ ચૈતન્યદ્રવ્યસ્વરૂપ વસ્તુ કાયમ ટકી રહી છે.

મલિનતા—રાગાદિ વિકારરૂપ પર્યાય—જેમ ટકતી નથી તેમ ગમતી પણ નથી. કોની વાત છે? અંદર જ્ઞાનાનંદસ્વભાવની જેને ઝંખના થઈ છે અને જેને અંતરમાં નિજ સચ્ચિદાનંદ પ્રભુની—નિર્મળાનંદ નિજ ચૈતન્યભગવાનની—અવ્યક્તપણે જિજ્ઞાસા થઈ છે તેને મલિનતા ગમતી નથી.

આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) માટે કાગળ બહુ આવે છે. પુસ્તક વાંચી વાંચીને લોકો એવા રાજી થાય છે કે અહા! આવું પુસ્તક! આના બીજા ભાગની લોકો માગણી કરે છે. ભાઈ! બેનનાં વચનો નીકળ્યાં એ નીકળ્યાં; આમાં બધું પૂરું આવી ગયું છે.

ત્રણ ચીજ : (૧) પરદ્રવ્ય—કર્મ, શરીર ને લક્ષ્મી આદિ; તે તો આત્માની પર્યાયમાં પણ નથી; (૨) પુણ્ય-પાપના મલિન ભાવ આત્માની પર્યાયમાં એક સમય પૂરતા થાય છે પણ કાયમ ટકતા નથી; અને (૩) જેને જ્ઞાનાનંદસ્વરૂપ નિર્મળ સ્વભાવ તરફની અંતરમાં જિજ્ઞાસા થઈ તેને મલિનભાવ ગમતા નથી. જ્ઞાનીને શુભ ભાવની પણ અંતરમાં રુચિ નથી. તેને શુદ્ધોપયોગ થાય છે; તેની સાથે પુણ્યનો અનુભાગ-રસ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વધે છે, પણ જ્ઞાનીને તેની રુચિ નથી. વાત જરા આકરી લાગે, પણ પરમ સત્ય ચીજ આ જ છે.

પાણીનું પૂર જેમ વહે છે, તેમ અંદર આ ધ્રુવ જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક — ચૈતન્યતેજના નૂરનું પૂર — એ તો સદા નિર્મળ અને ટકતી ચીજ છે. આ વાત ઝીણી છે છતાં લોકોને રુચે છે — ગોઠે છે. માર્ગ ભલે મોંઘો છે પણ આ માર્ગે ચડયે છૂટકો છે. ભાઈ! અંદર ટકતી ધ્રુવ ચીજ નિર્મળ છે ને? દયા-દાનાદિના શુભ ભાવ કે કામક્રોધાદિના અશુભ ભાવ ટકતા નથી અને રુચતા પણ નથી. કોને? અંતર નિર્મળ ધ્રુવ જ્ઞાયકસ્વભાવમાં જેને જવું છે તેને.

પૂર્ણાનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે મૂળ ચીજ જ આ છે. પૂર્ણાનંદની પ્રાપ્તિનું કારણ ચારિત્ર, અને ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન છે. સ્વાનુભૂતિયુક્ત સમ્યગ્દર્શન વિના ચારિત્ર કદી ન હોય. ત્રિકાળી ધ્રુવ નિત્ય નિર્મળાનંદ જ્ઞાયકપ્રભુનો આશ્રય તે સમ્યગ્દર્શનનું કારણ છે.

જ્ઞાયક નામ આત્મા નિત્ય ઉપયોગલક્ષણ — જ્ઞાનદર્શનસ્વભાવવાળો — છે, તેને પર્યાયમાં ક્ષણિક મલિનતા છે પણ તે મલિનતા કોઈ ટકતી ચીજ નથી.

અંતર આત્માની શોધ કરવાવાળાને સ્પષ્ટ ભાસે છે કે આ શુભ ને અશુભ ભાવરૂપ મલિનતા ટકનારી ચીજ નથી અને તે ગમતી પણ નથી. અહીં લક્ષ્મી વગેરે પરદ્રવ્યની વાત લીધી નથી, તેનો તો આત્મામાં અભાવ જ છે. જેમ એક આંગળીમાં બીજીનો અભાવ છે તેમ ઉપયોગસ્વરૂપ આત્મામાં અનુપયોગસ્વરૂપ — જડસ્વરૂપ પૈસા મકાન વગેરેનો અભાવ છે. આત્માને માત્ર પર્યાયમાં મલિનતાનું અસ્તિત્વ છે, ત્રિકાળી ધ્રુવ સ્વરૂપમાં નહિ. વાત સૂક્ષ્મ છે, પણ છે એ મુદ્દાની રકમ. અરેરે! આત્માની આ વાત સમજે નહિ અને ચોરાશીના અવતાર કરી મોટા અબજોપતિ શેઠિયા મરીને ઢોર થાય. માંસભક્ષણ વગેરેના ક્રૂર પરિણામ ન હોય એટલે કદાચ નરકમાં તો ન જાય, પણ ધર્મની — સમ્યગ્દર્શનની ખબર નથી તેથી મિથ્યાત્વ ને મમતાના પરિણામે મરીને પશુ થાય. વીતરાગ ભગવાન આત્મા વિષે શું કહે છે એ સાંભળવાનો જરા વખત પણ ન કાઢે તેની બીજી શી ગતિ થાય? આખો દી 'આ કમાણા — આટલું રળ્યા' એવા રસમાં — પાપમાં ગાળે છે, પણ આ વાત તો સાંભળ પ્રભુ! તારું અસ્તિત્વ ત્રિકાળ જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ છે, અને તારી વર્તમાન દશામાં શુભાશુભ રાગ થાય છે તે મલિનતા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે મલિનતા કાયમ રહેનારી ચીજ નથી, બીજી ક્ષણે જ નાશ પામે છે; માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ. મલિનતા ટકતી નથી અને મલિનતા ગમતી નથી — એ કારણે મલિનતા આત્માનો સ્વભાવ કદાપિ બની શકે જ નહિ. અહા! આ વીતરાગમાર્ગ! જેને અંતરમાં જવું છે તેને, લૉજિક ને ન્યાયથી, આ વાત કહી છે. અંદરમાં જવું છે તેને મલિનતા ગમતી નથી; કારણ કે પુણ્ય-પાપના મલિન ભાવ વસ્તુનો સ્વભાવ નથી.

આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) વાંચીને લોકોને ઘણો પ્રમોદ આવે છે. લોકો માગણી કરે છે કે — બેન બોલે તો (વચનામૃતનો સંગ્રહ કરી) બીજો ભાગ બહાર પાડો. અહા! વસ્તુ તો કોઈ એવી આવી ગઈ છે — સાદી ને સરળ ભાષા, એકદમ તત્ત્વ!

શું કહ્યું? ભગવાન જ્ઞાયક ચૈતન્ય છે તે ત્રિકાળી ધ્રુવ તત્ત્વ છે અને તેની પર્યાયમાં જે શુભાશુભ લાગણી — દયા-દાનની કે વેપાર-ધંધાની વૃત્તિ — ઊઠે છે તે મલિન ભાવ છે. તે મલિન ભાવ ટકતો નથી અને તેમાં રહેવું ગમતું નથી; એ કારણે પુણ્ય અને પાપનો મલિન ભાવ આત્માનો સ્વભાવ હોઈ શકે જ નહિ.

—o—

## વચનામૃત — ૨૩૭

**હે આત્મા! તારે જો વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર. દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે; દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર.**

**આવી દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણો તથા પર્યાયોને, અભેદ તેમ જ ભેદને, વિવિધ પ્રકારે જાણે છે. લક્ષણ, પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે અને વસ્તુ-અપેક્ષાએ અભેદ છે એમ જ્ઞાન જાણે છે. 'આ આત્માની આ પર્યાય પ્રગટ થઇ, આ સમ્યગ્દર્શન થયું, આ મુનિદશા થઈ, આ કેવળજ્ઞાન થયું' — એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ અન્ય સર્વ પર્યાયોને જ્ઞાન જાણે છે. આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(સામાન્ય સિવાય) કોઈ પ્રકારમાં રોકાતી નથી.

સાધક આત્માને ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુના મહિમાના શ્રુતચિન્તવનના, અણુવ્રત-મહાવ્રતના ઇત્યાદિ વિકલ્પો હોય છે, પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે. અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે; સ્વરૂપમાં એકાગ્ર થતાં, નિર્વિકલ્પ સ્વરૂપમાં વાસ થતાં, તે બધા છૂટી જાય છે. પૂર્ણ વીતરાગ દશા થતાં સર્વ પ્રકારના રાગનો ક્ષય થાય છે.—આવી સાધક દશા પ્રગટ કરવાયોગ્ય છે. ૨૩૭.

**'હે આત્મા! તારે જો વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર.'**

આ બોલ ઊંચો છે અને જરા મોટો છે. 'હે આત્મા!' એમ કહીને સંબોધન કર્યું છે. જો તારે મલિનતાના ભાવથી છૂટી—મલિન પર્યાય જે મોહ, રાગ, દ્વેષ અને દુ:ખરૂપ છે તેનાથી છૂટવારૂપ—સંપૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મદશા પ્રાપ્ત કરવી હોય, મુક્તિ જોઈતી હોય, વિભાવનો વ્યય અને પરમાનંદરૂપી મોક્ષદશાનો ઉત્પાદ કરવો હોય, તો નિર્વિકાર ને નિર્વિકલ્પ એવા નિજ ચૈતન્યના અભેદ ધ્રુવ સ્વરૂપને ગ્રહણ કર. આત્મવસ્તુ—કાયમી ચીજ—જે અંદરમાં જ્ઞાયકપણે એકરૂપ પડી છે, જેમાં પર્યાય અને ગુણગુણીના ભેદ પણ નથી, જે જ્ઞાન, આનંદ આદિ અનંત ધ્રુવ ગુણોની એકતાસ્વરૂપ અભેદ પદાર્થ છે, તેને રુચિ અંતર્મુખ કરીને ગ્રહણ કર, તેના પર દૃષ્ટિ લગાવી દે. રાગ ઉપર દૃષ્ટિ તે તો મલિનતા છે. મલિનતા ટકતી નથી અને ગમતી પણ નથી, માટે તે આત્માનો સ્વભાવભાવ નથી. ભગવાન આત્મા કે જે ચૈતન્યના નૂરનું પૂર છે, શાશ્વત ટકતી અને ગમતી ચીજ છે, જ્ઞાયકના દિવ્ય તેજથી સદા ભરપૂર છે, તેને ગ્રહણ કર, નિર્મળાનંદ જ્ઞાયકપ્રભુની દૃષ્ટિ કર, તેને ધ્યેય બનાવી—તારી વર્તમાન શ્રદ્ધાપર્યાયનો વિષય બનાવી—દે, તેનો અંતરથી આદર, આશ્રય કર તો તારી અનાદિની વિભાવદશા—દુ:ખદશા—છૂટશે અને મુક્તિદશા પ્રાપ્ત થશે.

**'દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે; દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યદૃષ્ટિ — દ્રવ્ય નામ ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય વસ્તુ, ભગવાન જ્ઞાયકપદાર્થ; દૃષ્ટિ નામ ધ્રુવ જ્ઞાયકપ્રભુનો આશ્રય કરનાર પોતાના શ્રદ્ધાગુણની વર્તમાન નિર્મળ પર્યાય; — સર્વ પ્રકારની પર્યાયને, વિભાવપર્યાય તેમ જ સ્વભાવપર્યાયને, દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય ધ્રુવ જ્ઞાયકસ્વભાવને ગ્રહણ કરે છે. અહા ! આ તો મંત્રો છે પ્રભુ ! આ કોઈ કથાવાર્તા નથી. જીવ અનાદિ કાળથી દુઃખી દુઃખી થઈ રહ્યો છે. કોઈને ફાંસીએ ચડાવે અને જ્યાં સુધી જીવ ન જાય ત્યાં સુધી કેવી પીડા હશે ? ભાઈ ! અનાદિ કાળથી જીવ રાગ સાથેની એકતાબુદ્ધિરૂપ ફાંસીથી દુઃખી થઈ રહ્યો છે, તેની તેને ખબર નથી દયા-દાન આદિનો રાગ પણ મલિનતા છે. રાગરૂપ મલિનતાને અજ્ઞાની જીવ પોતાનો સ્વભાવ માને છે. પણ ભાઈ ! હમણાં ગયા બોલમાં જ એમ કહ્યું કે, મલિનતા ટકતી નથી અને ગમતી નથી, માટે તે ભગવાન આત્માનો સ્વભાવ નથી. મલિનતાનો જેને પ્રેમ છે તેણે નિજ અખંડાનંદ પ્રભુને ફાંસી આપી — મિથ્યા શ્રદ્ધારૂપ ભયંકર ભાવ-મરણ કર્યું. તેનાથી છૂટવું હોય, વિભાવથી છૂટી શાશ્વત પરમાનંદસ્વરૂપ મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ ધ્રુવ સ્વભાવનો આશ્રય કર.

દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને — દૃષ્ટિ કે જે સ્વયં, ધ્રુવ જ્ઞાયકનો આશ્રય કરનાર,વર્તમાન નિર્મળ પર્યાય છે તે પણ તેમાં આવી ગઈ, — દૂર રાખી અર્થાત્ તેનું લક્ષ છોડી, એક નિરપેક્ષ અભેદ ચૈતન્યસ્વરૂપને ગ્રહણ કરે છે, કેવળ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો જ આશ્રય કરે છે. ભાઈ ! આ તો અધ્યાત્મની અણમૂલી ચીજ છે. દૃષ્ટિના વિષયમાં કોઈ પણ જાતની પર્યાય — વ્યંજનપર્યાય કે અર્થપર્યાય — આવતી નથી, તે તો માત્ર એક અભેદ નિરપેક્ષ જ્ઞાયકસામાન્યને જ ગ્રહણ કરે છે. દ્રવ્યદૃષ્ટિ પોતે પણ છે તો શ્રદ્ધાગુણની નિર્વિકારી પર્યાય, પણ તે પોતાના વિષય, આલંબન ને આશ્રય તરીકે — બધી પર્યાયોને દૂર રાખી જેમાં કોઈ ભેદ નથી, જેમાં કોઈ જાતનું પરિણમન અર્થાત્ પર્યાય નથી એવા — એકરૂપ જ્ઞાયક ધ્રુવ તત્ત્વને — નિરપેક્ષ અન્વયસામાન્યને — ગ્રહણ કરે છે.

અહા ! આવી અદ્ભુત વાતો ! જીવ દુનિયાના હરખ ને હોંશમાં મરી ગયો. ચૈતન્યના નૂરનું — તેજનું પૂર જે અંદર ભરપૂર ભર્યું પડ્યું છે તેનો અનાદર કરી પરમાં હરખ ને હોંશ કરે છે તે પોતાના આત્માની હિંસા કરે છે. ધ્રુવ ચૈતન્ય અનંત ગુણોનો પિંડ તે હું નહિ પણ ઉપલક થનારા આ પુણ્ય-પાપના ભાવ તે હું — એમ માનનાર પર્યાયના પ્રેમમાં પોતાના ધ્રુવ જ્ઞાયકસામાન્યનો અનાદર કરે છે. બાયડી–છોકરાં સાથે બેસીને આનંદપ્રમોદની વાતો કરતો હોય અથવા લાખોની પેદાશ કરાવનાર આડતિયા સાથે હરખના સરડકે બેઠો હોય — રાજી રાજી થતો હોય; પણ પ્રભુ ! આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તું શું કરે છે? તેં તારા ચૈતન્યનું ખૂન કરી નાખ્યું; અંદર આનંદના સાગરને ભૂલી ગયો, તેનો નકાર કર્યો અને બહારમાં સુખ હોવાનો હકાર કર્યો; ભાઈ! આ તને શું થયું છે?

ધર્મીની દૃષ્ટિ તો બધી પર્યાયોનો નકાર કરી ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસામાન્યનો હકાર કરે છે. તેણે 'જાગતો જીવ ઊભો છે' તેને જીવતો રાખ્યો. અહો! જગતનાં ભાગ્ય છે કે આવી ચીજ — બેનની વાણી — થોડા શબ્દોમાં બહાર આવી ગઈ. દૃષ્ટિનો વિષય માત્ર ત્રિકાળી ધ્રુવ અભેદ જ્ઞાયક જ છે, તેમાં 'આ આત્મા તે દ્રવ્ય છે ને જ્ઞાન, આનંદ વગેરે ગુણો છે' — એમ ગુણગુણીનો ભેદ પણ હોતો નથી. ભાઈ! મુક્તિ પ્રાપ્ત કરવી હોય, સંસારપર્યાયનો — દુઃખમય પીડાનો — સદંતર નાશ કરવો હોય તો આ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કર; એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. સૌથી પહેલાં આ જ કરવાલાયક છે.

બારોટ જેમ સાત પેઢીના ઇતિહાસની વાત કરે તેમ સર્વજ્ઞ-બારોટ તારો અનાદિ-અનંતનો ઇતિહાસ કહે છે. તારો ઇતિહાસ એ છે કે, ભાઈ! મલિનતાના દુઃખમાં તેં અનંત કાળ ગાળ્યો; હવે અંદર નિર્મળાનંદ જ્ઞાયક પ્રભુ પર — જેમાં પુણ્ય-પાપના દુઃખદાયી વિકારી ભાવો નથી તેના પર — દૃષ્ટિ દે, વિભાવ, પર્યાય ને ગુણભેદની દૃષ્ટિ છોડી દે.

**'આવી દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણો તથા પર્યાયોને, અભેદ તેમ જ ભેદને, વિવિધ પ્રકારે જાણે છે.'**

દૃષ્ટિનો વિષય અભેદ દ્રવ્ય છે. સમ્યગ્દર્શન તો માત્ર ત્રિકાળ જ્ઞાયકસામાન્યનો સ્વીકાર કરે છે, પણ સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણોને અને તેની પર્યાયોને જાણે છે. જ્ઞાન અભેદ તેમ જ ભેદને, ત્રિકાળી ધ્રુવ તત્ત્વને તેમ જ વર્તમાન ક્ષણિક પર્યાયોને — બધાંને જેમ છે તેમ બરાબર જાણે, પરંતુ તે વખતે પણ સમ્યગ્દર્શનનો વિષય અભેદ જ્ઞાયક ધ્રુવ દ્રવ્ય જ છે. સમ્યગ્દર્શન સાથે જે સમ્યગ્જ્ઞાન થયું છે તે ભેદને પણ જાણે ને અભેદને પણ જાણે.

**'લક્ષણ, પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે અને વસ્તુ-અપેક્ષાએ અભેદ છે એમ જ્ઞાન જાણે છે.'**

ચૈતન્યનું લક્ષણ ઉપયોગ અને જડનું લક્ષણ અનુપયોગ — એમ જ્ઞાન જાણે; શ્રદ્ધાગુણનું લક્ષણ અને પ્રયોજન પ્રતીતિ છે, ચારિત્રનું લક્ષણ સ્વરૂપરમણતા છે, જ્ઞાનનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષણ 'જાણવું' ને પ્રયોજન સ્વપર-ભેદવિજ્ઞાન છે, સુખનું લક્ષણ અનાકુળતા છે — એમ લક્ષણ, પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે અને વસ્તુ-અપેક્ષાએ અભિન્નતા છે એમ જ્ઞાન બરાબર જાણે છે. દૃષ્ટિ લક્ષણ, પ્રયોજન વગેરે ભેદને ન જુએ, તે તો માત્ર અભેદ એકાકાર ધ્રુવ જ્ઞાયકતત્ત્વને જ ગ્રહણ કરે છે. તેની સાથે જે જ્ઞાન થયું, તે અનંત ગુણોને, તેની પર્યાયોને, ભેદને તેમ જ અભેદને — એમ વિવિધ પ્રકારથી જાણે છે; તે જ્ઞાનનો સ્વભાવ છે.

દૃષ્ટિનો સ્વભાવ માત્ર એક ધ્રુવ જ્ઞાયક પરમતત્ત્વનો આશ્રય કરવાનો છે. અરેરે! આ વાત સમજ્યા વિના, દુનિયાની હોંશમાં — પાપમાં — તારી જિંદગી ગઈ; 'હોંશિડા હોંશ ન કીજે'. એ હોંશિડા! પરમાં ને રાગમાં હોંશ ન કર, એમાં તારું — સ્વભાવનું — ખૂન થઈ જાય છે. ધર્મીને દૃષ્ટિ એકધારી ધ્રુવ સ્વભાવ પર પડી છે, છતાં સાથે રહેલું જ્ઞાન સ્વને ને પરને, ગુણોના લક્ષણભેદને ને પ્રયોજનભેદને વગેરે બધાંને જેમ છે તેમ બરાબર જાણે.

જો તારે દુઃખમય વિભાવથી છૂટવું હોય અને અતીન્દ્રિય પરમાનંદમય મોક્ષદશા પ્રાપ્ત કરવી હોય તો સર્વપ્રથમ જ્ઞાનસ્વભાવ નિજ શુદ્ધ ધ્રુવ અભેદ જ્ઞાયકતત્ત્વનો નિર્ણય કરી તેનો આશ્રય કર, તેનું જ આલંબન લે, તે અભેદ જ્ઞાયકતત્ત્વ પર જ દૃષ્ટિ સ્થિર કર. તેનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનની પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. દૃષ્ટિના વિષયમાં કોઈ પણ પર્યાય કે ગુણભેદ છે જ નહિ. તેનો વિષય તો માત્ર અભેદ, ધ્રુવ, નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય જ છે. પરંતુ દૃષ્ટિ સાથે જે જ્ઞાન થયું તે, ગુણોમાં લક્ષણ, પ્રયોજન વગેરે અપેક્ષાએ ભેદ છે અને દ્રવ્ય-અપેક્ષાએ અભેદ છે એમ જાણે છે.

**"આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ, આ સમ્યગ્દર્શન થયું, આ મુનિદશા થઈ, આ કેવળજ્ઞાન થયું' — એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ અન્ય સર્વ પર્યાયોને જ્ઞાન જાણે છે."**

ભાઈ! દુનિયાના પ્રેમથી હઠવું પડશે. બાહ્યમાં જે રાગ અને પર્યાય, તેને છોડી અંતરમાં ધ્રુવ જ્ઞાયક આત્માને પકડવો તે દૃષ્ટિ છે. તેનો વિષય અભેદ આત્મા જ છે. અભેદની દૃષ્ટિ સાથે જ્ઞાન પણ સમ્યક્ થયું. તે જ્ઞાન 'આ દૃષ્ટિની પર્યાય પ્રગટી', 'આ જ્ઞાનની પર્યાય પ્રગટી', 'આ શાન્તિ પ્રગટ થઈ' — એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ બીજી બધી પર્યાયોને જાણે છે. જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક છે, દૃષ્ટિનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ અભેદ ધ્રુવ તત્ત્વનો આશ્રય કરવાનો છે. જ્ઞાન તો ભેદ તેમ જ અભેદ—બધાને જાણે છે.

જેમ ડાબલીના મખમલના ખાડામાં પડેલો હીરો ડાબલીથી જુદો છે, તેમ શરીર અને કર્મરજકણના ખાડામાં રહેલો ચૈતન્યહીરો તેનાથી તદ્દન ભિન્ન છે. તેની મોજૂદગી ત્રિકાળ એકરૂપ છે, તેના પર દૃષ્ટિ કર. તે વિના જન્મમરણનો અંત નહિ આવે. કરોડોનાં દાન કર કે લાખ ક્રિયાકાંડ કર, તેનાથી ભવનો અંત નહિ આવે; તે તો રાગ છે, સંસાર છે. અહા! ગજબની વાત છે.

જ્ઞાન પ્રગટ થયેલી પર્યાયને જાણે. સમ્યગ્દર્શન થયું, અંતરમાં આનંદની ધારા વધીને મુનિદશા થઈ, અંતરમાં જ્ઞાતાદ્રષ્ટાના ધ્રુવ પ્રવાહમાં રમતાં રમતાં આ કેવળજ્ઞાન થયું—એમ જ્ઞાન બધું જાણે. સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની પર્યાય, મુનિદશા કે કેવળજ્ઞાન પણ નથી. સમ્યગ્દર્શનનો વિષય—લક્ષ્મી, શરીર ને કર્મથી તો ભિન્ન પણ રાગથી ને પર્યાયથી ભિન્ન અને ગુણભેદથી પણ રહિત—અભેદ ચિદાનંદ જ્ઞાયક વસ્તુ છે. તેના આશ્રયે જે દૃષ્ટિ પ્રગટ થઈ તે ન જાણે, પણ સાથે વર્તતું જ્ઞાન સમ્યગ્દર્શન, મુનિદશા ને કેવળજ્ઞાન વગેરે મહિમાવંત પર્યાયોને તેમ જ બીજા ગુણોની પર્યાયોને—બધાને જાણે છે.

**'આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ (સામાન્ય સિવાય) કોઈ પ્રકારમાં રોકાતી નથી.'**

સામાન્ય શું? ને વિશેષ શું?—એ બધું જ્ઞાનમાં—જાણવામાં આવે, પણ દૃષ્ટિ તો સામાન્ય ધ્રુવ તત્ત્વ પર જ પડી છે. અંદર ત્રિકાળ એકરૂપ રહેનારી જ્ઞાયક ચીજ તેને સામાન્ય કહે છે. તે નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય દૃષ્ટિનો વિષય છે. અરેરે! આ ચીજના ભાન વિના જીવ અનાદિ કાળથી જન્મમરણનાં દુઃખ ભોગવી રહ્યો છે, પણ પોતાને પોતાની દયા ન આવી. છકાયની દયા પાળવાનું કહે, પણ ભાઈ! છકાયમાં તું છો કે નહિ? તારી દયા તો તું પાળ! સ્વની દયા પાળતાં—અજ્ઞાન ને રાગાદિથી પોતાને બચાવતાં—પરની દયા સહેજે પળી જાય છે, પાળવી પડતી નથી. ખરેખર તો જીવ પોતાના ભાવ કરે છે, પરની રક્ષા કરી શકતો નથી. અહીં તો કહે છે કે—જ્ઞાન સર્વને જાણતું હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ સામાન્ય સિવાય—ત્રિકાળી જ્ઞાયકભાવ સિવાય—બીજા કોઈ પ્રકારોમાં રોકાતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૯૩

તા. ૧૩-૯-૭૮

## વચનામૃત — ૨૩૭

આ ૨૩૭ મો બોલ ચાલે છે.

**'સાધક આત્માને ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુના મહિમાના, શ્રુતિચિન્તવનના, અણુવ્રત-મહાવ્રતના ઇત્યાદિ વિકલ્પો હોય છે, પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે.'**

સાધક જીવને રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એવા નિજ શુદ્ધાત્મદ્રવ્યની દૃષ્ટિ થતાં સાધકપણું પ્રગટ થયું છે. દ્રવ્ય શબ્દના બે અર્થ છે: (૧) નિશ્ચયનયના વિષયભૂત ધ્રૌવ્યને — ત્રિકાળી એકરૂપ સામાન્યને — દ્રવ્ય કહે છે; (૨) પર્યાય અને ધ્રૌવ્યસ્વરૂપ આખા પદાર્થને દ્રવ્ય કહે છે. દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યનો અર્થ ત્રિકાળી ધ્રુવ અંશ છે અને જે નિત્યાનિત્યસ્વરૂપ આખું દ્રવ્ય છે તે પ્રમાણજ્ઞાનનો વિષય છે. જ્ઞાનાદિ અનંત ગુણાત્મક દ્રવ્યપર્યાયસ્વરૂપ ભગવાન આત્મામાં તેના ધ્રુવસ્વરૂપનો — શુદ્ધનયના વિષયભૂત દ્રવ્યસામાન્યનો — શ્રદ્ધારૂપ આશ્રય કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે. તે જ આત્મધર્મનું પ્રથમ પગથિયું છે.

અરેરે! આ, વીતરાગનો માર્ગ બહુ દુર્લભ થઈ ગયો. ભાઈ! દુનિયામાં ક્યાંય બહારમાં સુખબુદ્ધિ કરવા જેવું નથી. પાંચ ઇંદ્રિયોના વિષયમાં, અરે! પર્યાયમાં પણ લક્ષ કરતાં, જે રાગ થાય છે તે દુઃખ છે. દયા-દાન વગેરેનો જે શુભ રાગ આવે તે પણ પોતાની ચીજ નથી; પોતાની હોય તો નાશ કેમ થાય? શરીર, વાણી, લક્ષ્મી બધા નાશવાન પદાર્થ છે. અરે! આ મનુષ્યભવનાં દુર્લભ ટાણાં આવ્યાં, વીજળીના ઝબકારે મોતી પોઈ લો, ઝટ પોઈ લો. અંતરમાં રાગથી ભિન્ન એવા નિજ સ્વભાવની દૃષ્ટિ કરતાં જે અદ્ભુત અતીન્દ્રિય આનંદ આવે છે તે, ઇંદ્રના ઇંદ્રાસન કે ચક્રવર્તીના વૈભવમાં પણ નથી.

જેને રાગથી ભિન્ન નિજ ચૈતન્યસ્વરૂપનું ભેદજ્ઞાન થયું, નિજ અભેદ જ્ઞાયકની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધના શરૂ થઈ તેને ત્યારથી સાધક કહેવામાં આવે છે. તે સાધક જીવને ભૂમિકા પ્રમાણે દેવ નામ સર્વજ્ઞ-વીતરાગ અરિહંત, ગુરુ નામ સમ્યગ્દષ્ટિ ભાવલિંગી નિર્ગ્રંથ સંત— તેમના મહિમાના, તેમણે કહેલાં શાસ્ત્રોના ચિન્તવનના, શ્રાવકોચિત અણુવ્રતના ને શ્રમણોચિત મહાવ્રતના ઈત્યાદિ વિકલ્પો હોય છે, પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે; પવિત્ર પરિણતિને અપવિત્રતા બોજારૂપ છે; કેમ કે તે, સ્વભાવથી વિરુદ્ધ છે.

સમયસારના નિર્જરા અધિકારમાં કહ્યું છે: કોઈ જીવો તો અતિ દુષ્કર અને મોક્ષથી પરાઙ્મુખ એવાં કર્મો વડે સ્વયમેવ ક્લેશ પામે તો પામો અને બીજા કોઈ જીવો મહાવ્રત ને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા (–તૂટી મરતા થકા) ક્લેશ પામો તો પામો...... શું ક્લેશને કારણ બનાવીને આત્માનું સમ્યગ્દર્શન થાય? અહા! આવું સર્વજ્ઞવીતરાગના કેડાયત એવા દિગંબર સંતોનું સ્પષ્ટ કથન છે; તેમના અનુયાયી સમકિતી પણ એમ જ કહે છે. ભાઈ! તું ધીરો થઈને સમ્યગ્જ્ઞાનની તીક્ષ્ણ બુદ્ધિથી, અંદર જે ધ્રુવ જ્ઞાયકતત્ત્વ પડ્યું છે તેને પકડ. ઉપયોગને પરમાં, રાગમાં ને પર્યાયમાં જકડી રાખ્યો છે એ તો મિથ્યાત્વભાવ છે. તેને છોડી, જરી સૂક્ષ્મ બુદ્ધિ કરી અંદર અતીન્દ્રિય આનંદકંદ જ્ઞાયકને પકડી લે. અહા! આવો માર્ગ દિગંબર સંતો સિવાય બીજે ક્યાં છે?

ધર્મી જીવને પણ જિનમંદિર બનાવવાના, પૂજા-ભક્તિ વગેરેના વિકલ્પ તો આવે છે પણ તે અંતર સાધનાની પરિણતિને બોજારૂપ લાગે છે. પોચા રૂ ઉપર લોઢાનો મણીકો મૂકે તો તે દબાઈ જાય, બોજો લાગે; તેમ જેણે પોતાનો સાધકસ્વભાવ પ્રગટ કર્યો છે એવા ભગવાન આત્માને ભૂમિકાનુસાર દેવ-ગુરુના મહિમાનો, શાસ્ત્રસ્વાધ્યાયનો, અણુવ્રત-મહાવ્રતનો શુભ રાગ આવે, પણ તે જ્ઞાયકપરિણતિરૂપ હળવી ચીજને બોજારૂપ લાગે. અહા! આવો માર્ગ છે. આવી વાતો દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. અરે! અત્યારે તો જે દિગંબર સંપ્રદાયમાં પડ્યા છે તેમને ય ક્યાં ખબર છે? અહીં કહે છે કે— સાધક જીવને ભૂમિકા પ્રમાણે વિકલ્પો હોય છે, પણ તે સાધનાપરિણિતિને— જ્ઞાયકપરિણતિને—બોજારૂપ છે કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે.

**'અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે; સ્વરૂપમાં એકાગ્ર થતાં, નિર્વિકલ્પ સ્વરૂપમાં વાસ થતાં, તે બધા છૂટી જાય છે.'**

પૂર્ણ નિર્વિકલ્પતા ન થાય ત્યાં સુધી રાગની વૃત્તિ ઊઠે છે. ધ્રુવ જ્ઞાયકસ્વભાવમાં એકાગ્રતા થવાથી જ્યાં અંદર સ્વરૂપમાં જાય છે—અનંત આનંદના મહેલમાં અંદર જ્યાં વસે છે—ત્યાં બધા વિકલ્પો છૂટી જાય છે. સાધક જીવ ચોથે ગુણસ્થાને હોય કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાંચમે, ભલે તેને મુનિ જેવો શુદ્ધોપયોગ ન હોય, પણ જ્યારે વિકલ્પને છોડી અંદર ઠરે છે ત્યારે તેને પણ પોતાની ભૂમિકાને યોગ્ય શુદ્ધોપયોગ થઈ જાય છે. અહાહા! જન્મમરણથી રહિત થવાની ચીજ — સમ્યગ્દર્શન — કોઈ અલૌકિક વસ્તુ છે. તે ઘણી જ દુર્લભ છે, પણ અશક્ય નથી. પોતાની ચીજને પ્રાપ્ત કરવી અશકય કેમ હોય? પરમાણુ ને રાગ કે જે પરદ્રવ્ય ને પરભાવ છે તેને પોતાનાં કરવા ધારે, પણ તે બની શકે નહિ. જ્યાં સુધી અધૂરી દશા હોય છે ત્યાં સુધી વ્રતાદિના વિકલ્પ આવે, પણ અંદર સ્વરૂપમાં જામી જાય તો બધા વિકલ્પો છૂટી જાય છે.

**‘ પૂર્ણ વીતરાગ દશા થતાં સર્વ પ્રકારના રાગનો ક્ષય થાય છે.’**

અંદર અતીન્દ્રિય આનંદમાં રમતાં રમતાં વીતરાગતા થાય, રાગની ક્રિયાથી વીતરાગતા ન થાય. સંપૂર્ણ વીતરાગતા થવાથી બધા પ્રકારના રાગનો નાશ થઈ જાય છે. સમ્યગ્દર્શન થતાં સાધકપણામાં વિકલ્પ બોજારૂપ લાગે, પણ જ્યાં અંતરમાં જાય છે ત્યાં વિકલ્પ છૂટી જાય છે; હજી પૂર્ણ વીતરાગ થયો નથી તેથી વિકલ્પનો ક્ષય થતો નથી. પૂર્ણ વીતરાગ દશા થતાં વેંત જ સમસ્ત પ્રકારના રાગનો ક્ષય થઈ જાય છે. લોકોને લાગે: આવો માર્ગ? માર્ગ તો આ છે, ભાઈ! સાંભળવાનો પ્રેમ તો હોવો જોઈએ ને?

**‘ — આવી સાધકદશા પ્રગટ કરવાયોગ્ય છે.’**

અંદરમાં આનંદસ્વભાવને જાગૃત કરી અંતરની આનંદદશા — સાધકદશા — પ્રગટ કરવાયોગ્ય છે. જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરી, વિકલ્પ છોડીને નિર્વિકલ્પ થાય પછી વીતરાગતા થાય. વ્રત પાળવાથી કે બહારની ક્રિયા કરવાથી કલ્યાણ થાય — એમ આમાં આવ્યું નહિ. સમાધિશતકમાં તડકાને છોડી છાંયામાં વાટ જોવાનું કહ્યું છે. અવ્રતમાં રહેવું તે તડકાતુલ્ય છે અને વ્રતમાં જવું તે છાંયાતુલ્ય છે. અંદર સ્વરૂપની દૃષ્ટિ પ્રગટ કરીને વિશેષ સ્થિરતા થઈ, ત્યાં વ્રતનો જે વિકલ્પ આવે તેને ‘છાંયો’ કહેવામાં આવે છે. એકલા વ્રતનો વિકલ્પ આવે પણ અંદરમાં દૃષ્ટિ અને સ્થિરતા સાથે નથી તો તે ‘છાંયો’ નથી. ચોથા ગુણસ્થાન કરતાં જેણે અંતરમાં સ્વરૂપનો વિશેષ આશ્રય લીધો તેનાં વ્રતને ‘છાંયો’ કહ્યો છે; ખરેખર તો તે વખતે અંતરમાં જે શાન્તિ પરિણમી છે તે જ સાચી ‘છાયા’ છે; વ્રતાદિના વિકલ્પને ઉપચારથી ‘છાયા’ કહેવામાં આવે છે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૩૮

**તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે. જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે. ૨૩૮.**

**'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'**

'તારે જો તારું ભવભ્રમણ મટાડવું હોય' — આ શરત છે. આઠ વર્ષની કન્યા હોય કે હજાર યોજન લાંબો મચ્છ હોય, તે પણ અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન પામે છે; માટે તારે જો તારું કલ્યાણ કરવું હોય, જન્મમરણનો ત્રાસ ટાળવો હોય, પરિભ્રમણ મટાડવું હોય તો વર્તમાન જ્ઞાનની પર્યાયમાં તારા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક દ્રવ્યને પકડી લે.

**'જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે.'**

પ્રશ્ન :— અહીં 'દ્રવ્ય' એટલે શું ?

ઉત્તર :— વસ્તુનો ત્રિકાળી ધ્રુવ અંશ. પ્રવચનસારમાં વસ્તુને ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય — એમ ત્રણ અંશોવાળી કહી છે. ઉત્પાદ ને વ્યય તે વસ્તુના પલટતા અંશ હોવાથી તેને પર્યાય કહેવામાં આવે છે. વસ્તુના ટકતા અંશને — ધ્રૌવ્યને — દ્રવ્ય કહેવામાં આવે છે. પર્યાયમાં મલિનતા હો, અંશે નિર્મળતા હો કે પૂર્ણ નિર્મળતા હો પણ વસ્તુ — કાયમ ટકવાવાળી ચીજ — તો અંદર એવી ને એવી પડી છે.

ત્રિકાળ ધ્રુવ નિર્મળાનંદ જ્ઞાયકને 'દ્રવ્ય' કહેવામાં આવે છે. નિજ જ્ઞાયકદ્રવ્યને સૂક્ષ્મ ઉપયોગ કરીને — અંતરૂમુખ થઈને — ઓળખી લે તો તે તારા હાથમાં આવી જશે. જો ધ્રુવ જ્ઞાયકદ્રવ્ય તારા હાથમાં આવી ગયું એટલે કે તેનું અંતરમાં ભાન થયું, દ્રવ્યમાં જેટલું પૂર્ણ સામર્થ્ય ભર્યું છે તેની જ્ઞાનની પર્યાયમાં પ્રતીતિ આવી ગઈ, 'ઓહો! મારો ભગવાન આત્મા પૂર્ણાનંદથી સદાય ભરપૂર છે' — એમ પોતાનું ત્રિકાળી દ્રવ્ય દૃષ્ટિગત થયું, તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે. ત્રિકાળી મુક્તસ્વરૂપ નિજ જ્ઞાયકદ્રવ્યનો અનુભવ કરવાથી મુક્તિની પર્યાય — પૂર્ણ પરમાનંદદશા — અનુક્રમે સહેજે પ્રગટ થઈ જશે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૩૯

**શુભનો વ્યવહાર પણ અસાર છે, તેમાં રોકાવા જેવું નથી. કોઇ માણસ નગરનું ધ્યેય બાંધી ચાલવા માંડે તો વચ્ચે વચ્ચે ગામ, ખેતર, ઝાડ, બધું આવે, પણ તે બધું છોડતો જાય છે; તેમ સાધકને આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે. માટે તે વ્યવહારને છોડતો પૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપમાં જ પહોંચી જાય છે. ૨૩૯.**

**'શુભનો વ્યવહાર પણ અસાર છે, તેમાં રોકાવા જેવું નથી.'**

વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના જે ભક્તિ આદિ શુભ ભાવ તે પણ અસાર છે; તે ધર્મ છે અથવા મુક્તિનું કારણ છે એમ માનીને તેમાં રોકાવા જેવું નથી; ત્યાં અટકી જવું નહિ, શુભ ભાવમાં રોકાવું નહિ. તે સમજાવવા દૃષ્ટાંત આપે છે:

**'કોઈ માણસ નગરનું ધ્યેય બાંધી ચાલવા માંડે તો વચ્ચે વચ્ચે ગામ, ખેતર, ઝાડ, બધું આવે, પણ તે બધું છોડતો જાય છે; તેમ સાધકને આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે.'**

મુસાફર નગરનું ધ્યેય બાંધી — ત્યાં જવું છે એમ નક્કી કરીને — ચાલવા લાગે; રસ્તામાં અનેક ગામ, ખેતર, બગીચા વગેરે ઘણું આવે, પરંતુ તે તેને છોડતો જાય છે; તેવી રીતે સાધક જીવને સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની ભક્તિ વગેરેનો — પરસન્મુખતાનો — ભાવ આવે તે બધો શુભ રાગ છે. શુભભાવરૂપ વ્યવહાર વચ્ચે આવે, પણ સાધ્ય તો શુદ્ધાત્મા જ છે — પહોંચવું તો આત્માની પરિપૂર્ણ શુદ્ધ દશામાં છે. અહા! 'વચનામૃત'ની ભાષા સરળ ને સાદી છે. એક જણ તેના પત્રમાં લખે છે કે — "બહેનશ્રીનાં વચનો આવાં સરળ ને સાદાં! 'આત્મધર્મ'માં 'આત્મા ચૈતન્યના નૂરનું પૂર છે' — એવું વાંચી જે આનંદ આવ્યો એનું શું કહું!"

સાધક જીવને સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે. વર્તમાન શુદ્ધતા — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ દશા — પ્રગટી તે સાધકભાવ છે, સાધ્યદશા નથી, સાધ્યદશા તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે. સાધકપણું પ્રગટ્યું, શુદ્ધોપયોગ આવ્યો તે સાધ્ય નથી, સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'માટે તે વ્યવહારને છોડતો પૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપમાં જ પહોંચી જાય છે.'**

સાધકપણું પ્રગટ થયા પછી પણ દેવ-ગુરુની ભક્તિ વગેરેનો શુભ રાગ આવે, પણ તેમાં તે રોકાતો નથી. તેનો હરખ કે હોંશ નથી, ખેદ છે. માટે તે શુભસ્વરૂપ વ્યવહારને છોડતો પૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપમાં જ પહોંચી જાય છે. દૃષ્ટિ અંતર્મુખ થઈને જે સમ્યક્ત્વ થયું, નિજ શુદ્ધ જ્ઞાયકતત્ત્વનો અનુભવ થયો તે નિશ્ચય, અને વચ્ચે જે રાગ આવે તે વ્યવહાર છે; તે દુઃખરૂપ છે. જ્યાં સુધી સંપૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી તે આવે છે, પણ તે હેય છે — છોડવા લાયક છે — એમ ભગવાન કહે છે. મોક્ષપાહુડની ૧૬મી ગાથામાં 'परदव्वादो दुग्गइ' કહ્યું છે. વીતરાગ ભગવાન, વીતરાગની વાણી ને વીતરાગનાં શાસ્ત્ર એમ કહે છે કે — 'અમે તારા માટે પરદ્રવ્ય છીએ, અમારા તરફ પણ જો તારું લક્ષ જશે તો તને રાગ થશે. રાગ થવો તે ચૈતન્યની સુગતિ નથી, દુર્ગતિ છે.' અહા! આવો માર્ગ — પોકાર છે વીતરાગનો! માટે સાધક જીવ શુભ રાગના વ્યવહારને છોડી પૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપમાં જ પહોંચી જાય છે.

—o—

## વચનામૃત — ૨૪૦

**અરે જીવ! અનંત અનંત કાળ વીત્યો, તેં પરનું તો કોઈ દિવસ કંઈ કર્યું જ નથી; અંદરમાં શુભાશુભ વિકલ્પો કરીને જન્મ-મરણ કર્યાં. હવે અનંત ગુણોનો પિંડ એવો જે નિજ શુદ્ધાત્મા તેને બરાબર સમજી, તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી, પ્રયાણ કર; તેનું જ શ્રદ્ધાન, તેની અનુભૂતિ, તેમાં જ વિશ્રામ કર. ૨૪૦.**

**'અરે જીવ! અનંત અનંત કાળ વીત્યો, તેં પરનું તો કોઈ દિવસ કંઈ કર્યું જ નથી; અંદરમાં શુભાશુભ વિકલ્પો કરીને જન્મ-મરણ કર્યાં.'**

અરે જીવ! ભવવનમાં ભ્રમણ કરતાં કરતાં અનંત કાળ ગયો, તેં પરનું — પરમાણુથી માંડી લક્ષ્મી કે મકાન આદિ સ્કંધોનું, નિગોદથી માંડીને સ્ત્રી-પુત્ર વગેરે અન્ય જીવોનું કે પોતાની સાથે એકક્ષેત્રાવગાહે રહેલાં કર્મ ને શરીરનાં પુદ્ગલોનું પણ — કોઈ દિવસ કંઈ કર્યું જ નથી; એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં કોઈ દિવસ કંઈ કરી શકાતું જ નથી. આત્મા પરદ્રવ્યની ક્રિયા કેમ કરે? પોતાના દ્રવ્યમાં પોતાના વિકારી કે અવિકારી ભાવ કરે, પરદ્રવ્યમાં કંઈ જ ન કરે. મંદિર બંધાવવાં, શાસ્ત્રો લખવાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાખ્યાન આપવાં, પૂજામાં 'સ્વાહા' બોલવું વગેરે પરની—કાયાની કે વાણીની—કોઈ પણ ક્રિયા જીવ કયારેય પણ કરી શકતો નથી, તે વખતે માત્ર પોતાના ભાવ—પરિણામ કરે છે.

પંડિતોની પરિષદમાં એક વાર એક દિગંબર જૈનના પંડિતે કહ્યું હતું : 'જીવને પરદ્રવ્યનો કર્તા ન માને તો તે દિગંબર જૈન નહિ.' અરે ભાઈ! એક તણખલાના બે ટુકડા પણ આત્મા ન કરી શકે; ભાષા બોલાય છે તે પણ આત્મા કરી શકતો નથી. તે વખતે આત્મા માત્ર પોતાના ભાવ—પરિણામ કરે છે. પરની ક્રિયા—ધંધાની ક્રિયા, પૈસા લેવા-દેવાની ક્રિયા 'હું કરું છું' એમ અજ્ઞાની માને, પરંતુ જીવ અજ્ઞાનભાવે પણ પરની ક્રિયા કરી શકતો નથી. અનંત કાળ વીતી ગયો, પણ જીવે પોતાના ભાવ સિવાય પરમાં કાંઈ કર્યું જ નથી. ભાઈ! તારો ભગવાન આત્મા તારા પોતામાં ભાવની ઊલટી-સૂલટી ક્રિયા કરે. પરજીવની દયા પાળવી, જિનેન્દ્રભગવાનની સ્થાપના કરવી, જિનમંદિર બનાવવું વગેરે તેં કયારેય કંઈ કર્યું જ નથી. તેં તારી અંતરની ચીજને ઓળખ્યા વિના—નિજ શુદ્ધ જ્ઞાયક પ્રભુની અનુભૂતિ વિના—માત્ર શુભાશુભ ભાવો કરીને જન્મ-મરણ કર્યાં, નરક-નિગોદના કે દેવાદિના ભવોમાં દુઃખમય પરિભ્રમણ કર્યું.

**'હવે અનંત ગુણોનો પિંડ એવો જે નિજ શુદ્ધાત્મા તેને બરાબર સમજી, તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી, પ્રયાણ કર; તેનું જ શ્રદ્ધાન, તેની અનુભૂતિ, તેમાં જ વિશ્રામ કર.'**

ભગવાન આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો ત્રિકાળી ધ્રુવ પિંડ છે, પરંતુ અંતરમાં તેનું ભાન તેમ જ મહિમા નહિ હોવાથી જીવને અનાદિથી પર્યાય ઉપર જ દૃષ્ટિ છે. સાધુ થયો તોપણ પર્યાયદૃષ્ટિ—પર્યાય ઉપરનું લક્ષ—છોડયું નહિ. પર્યાય પાછળ આખું ત્રિકાળી તત્ત્વ—પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ—પડેલ છે તેના ઉપર નજર ન કરી. જે વર્તમાન પર્યાયમાં થતા શુભાશુભ ભાવ પર જ લક્ષ છે તે તો પર્યાયદૃષ્ટિ છે. તેના ઉપર જેને દૃષ્ટિ છે તેને અંદર જે દ્રવ્યસ્વભાવ—આત્મપદાર્થ, આખો માલ—ભર્યો પડયો છે તેનું ભાન નથી. પર્યાય તો વ્યવહારનયે, અભૂતાર્થનયે આત્મા છે, તે પરમાર્થ શુદ્ધ ધ્રુવ આત્મા નથી.

અહાહા! ચૈતન્યઋદ્ધિથી ભરેલો મોટો મહેલ, જ્ઞાન-આનંદાદિ અનંત અનંત ગુણોનો ગંજ, અનંત શક્તિઓનો સાગર એવા ત્રિકાળી ભગવાન આત્માને—ભગવાનનો આત્મા નહિ હો! તે તો ભગવાન પાસે રહ્યો, પણ નિજ શુદ્ધ જ્ઞાયક પદાર્થને—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બરાબર લક્ષમાં લઈ ધ્યાનમાં ધ્યેય ન બનાવ્યો. પ્રથમ તો નિજ શુદ્ધાત્માને જેવો છે તેવો ઓળખી, તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી પ્રયાણ કર.

પ્રશ્ન :—આપની વાત બરાબર છે, પણ તેનું કાંઈ સાધન તો જોઈએ ને?

ઉત્તર :—ભાઈ! સ્વસન્મુખ લક્ષ કર્યા વિના, બહારનાં સાધન તે ખરેખર સાધન જ નથી. 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવાં સોય.' અંદર નિશ્ચયનું—પરમાર્થ જ્ઞાયક તત્ત્વનું—લક્ષ કર્યું હોય તો દેવ-ગુરુ વગેરેને વ્યવહારે સાધન કહેવાય છે. રાગથી ભિન્ન નિજ ધ્રુવ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરવી તે જ સાચું સાધન છે. પ્રજ્ઞાછીણી, જ્ઞાનની દશા, ભેદજ્ઞાનની તીક્ષ્ણતા એ જ સાધન છે.

જે અનંત સંપદાઓનો ધણી છે એવા નિજ ચૈતન્યપ્રભુમાં પ્રયાણ કર; તેનું જ શ્રદ્ધાન કર, તેને જ અનુસરીને અંદર આનંદનો અનુભવ કર અને તેમાં જ વિશ્રામ કર. શ્રીમદે કહ્યું છે ને—

સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ ધ્યાન મહીં;<br>
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.

શુભાશુભ વિકલ્પોથી પાર, અરે! પર્યાયથી પણ પાર અંદર જે અભેદ જ્ઞાયક ધ્રુવ ભગવાન આત્મા છે તે જ વિશ્રામઠામ છે. તેનો આશ્રય લઈ ત્યાં જ વિશ્રામ કર, તો અનાદિ પરિભ્રમણનો થાક ઊતરી જશે, ભવભ્રમણનું દુઃખ ટળી જશે. ભવનો અંત કરવા માટે તેમાં જ વિશ્રામ કર.

———o———

## વચનામૃત—૨૪૧

**ઓહો! આ તો ભગવાન આત્મા! સર્વાંગે સહજાનંદની મૂર્તિ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ. જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ. ૨૪૧.**

'ઓહો! આ તો ભગવાન આત્મા! સર્વાંગે સહજાનંદની મૂર્તિ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ.'

અંદરમાં 'જાણવું...જાણવું' એમ જાણનારપણે, દેહાદિ પરથી ભિન્ન ને રાગાદિથી જુદો જે લક્ષમાં આવે છે તે તો ભગવાન આત્મા છે. તે તો સર્વાંગે સહજાનંદની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મૂર્તિ છે. આત્માના અસંખ્ય પ્રદેશે જ્યાં જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ છે.

આપણે અહીં 'સહજાનંદી શુદ્ધસ્વરૂપી, અવિનાશી હું આત્મસ્વરૂપ' બોલવામાં આવે છે, તે સાંભળીને એક બહેનને પ્રશ્ન થયો કે—આપણે જૈનમાં સહજાનંદ હોય? અરેરે! સહજાનંદના અર્થની પણ ખબર ન મળે! પોતાનો આત્મા પોતે જ સહજ આનંદની મૂર્તિ—અનાકુળ આનંદસ્વરૂપ છે. તેને જ્યાંથી દેખો ત્યાં—ઉપર, નીચે કે મધ્યમાં—સર્વ પ્રદેશોમાં આનંદ, આનંદ ને આનંદ છે.

**'જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ.'**

જેમ સાકરના ગાંગડામાં સર્વાંગે મીઠાશ, તેમ ભગવાન આત્મામાં સર્વાંગે આનંદ. જ્યાંથી દેખો ત્યાં આનંદ, આનંદ ને આનંદ. 'આનંદ' શબ્દ ત્રણ વાર લીધો—દ્રવ્યમાં આનંદ, ગુણમાં આનંદ ને પર્યાયમાં આનંદ.

અહા! આવો માર્ગ છે. લોકોને આકરું લાગે; તેમને બહારની બીજી વાતો કરો—બ્રહ્મચર્ય પાળો, રાગની ક્રિયા કરો વગેરે—તો ઠીક પડે, પણ ભાઈ! શરીરથી બ્રહ્મચર્ય પાળવું વગેરે તો જડની ક્રિયા છે, આત્માની નથી. સાધકદશામાં પણ વચ્ચે એવા વિકલ્પ આવે, પણ તે છે દુઃખરૂપ ને છોડવા લાયક. અત્યારે આવો ઉપદેશ મળવો મુશ્કેલ થઈ ગયો છે.

સાકરમાં હેઠે-ઉપર બધે મીઠાશ ભરી છે, તેમ ભગવાન આત્મામાં બધે આનંદ ભર્યો છે. પહેલાં પરમાનંદમૂર્તિ ભગવાન આત્માનો નિર્ણય કરે પછી પ્રયોગ થાય. 'માર્ગ આ છે' એવો હજી નિર્ણય પણ કર્યો નથી તો નિર્ણય વગર અંદર **શી રીતે** જશે? સાકરમાં ઉપર, મધ્ય કે તળમાં જ્યાં જુઓ ત્યાં સર્વત્ર મીઠાશ છે, તેમ આત્માના—દ્રવ્ય, ગુણ ને પર્યાયમાં—અસંખ્ય પ્રદેશોમાં સર્વત્ર આનંદ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૯૪

તા. ૧૪-૯-૭૮

## વચનામૃત — ૨૪૨

**ચૈતન્યદેવની ઓથ લે, તેના શરણે જા; તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે. ચક્રવર્તી રસ્તેથી નીકળે તો અપરાધી જીવો ધ્રૂજી ઊઠે છે, તો આ તો ત્રણ લોકનો બાદશાહ—ચૈતન્યચક્રવર્તી! તેની પાસે જડ કર્મ ઊભાં જ ક્યાંથી રહે? ૨૪૨.**

**'ચૈતન્યદેવની ઓથ લે, તેના શરણે જા; તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે.'**

બહારમાં શરીર, વાણી, લક્ષ્મી અને સ્ત્રી-પુત્ર વગેરે સંયોગોથી અને અંતરમાં રાગાદિ વિભાવભાવોથી ભિન્ન અંદર જે ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકદેવ બિરાજે છે તેની ઓથ લે, તેના શરણે જા, તો તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે. કર્મ તો જડ પરવસ્તુ છે, તે કાંઈ આત્માને હેરાન કરતું નથી અને આત્મા તેનો નાશ પણ કરી શકતો નથી. પોતે સ્વરૂપથી ખસીને અશુદ્ધતા કરે છે તો કર્મને વિભાવમાં નિમિત્ત કહેવાય છે અને પોતે જ્ઞાયકદેવની ઓથ લઈને — આશ્રય કરીને — શુદ્ધતા પ્રગટ કરે તો કર્મ પોતાની મેળે નષ્ટ થઈ જાય છે.

**'ચક્રવર્તી રસ્તેથી નીકળે તો અપરાધી જીવો ધ્રૂજી ઊઠે છે, તો આ તો ત્રણ લોકનો બાદશાહ — ચૈતન્યચક્રવર્તી! તેની પાસે જડ કર્મ ઊભાં જ ક્યાંથી રહે?'**

છ ખંડના સાધનાર ચક્રવર્તી રસ્તેથી નીકળે તો ગુનેગાર માણસો ભયથી કાંપી ઊઠે, તે રસ્તે નીકળવાની તેઓ હિંમત કરી શકે નહિ, લપાતા-છુપાતા ફરે. એ પ્રમાણે આ ભગવાન જ્ઞાયક આત્મા તો ત્રણ લોકનો બાદશાહ, પૂર્ણાનંદનો નાથ ચૈતન્યચક્રવર્તી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે; તેની જેને દૃષ્ટિ અને અનુભવ થયો તેની સામે જડ કર્મ ઊભાં જ કઈ રીતે રહી શકે? રહી શકે જ નહિ. ‘ જડ કર્મ રહી શકે નહિ ’ એ નિમિત્તથી કથન છે, ખરેખર તો જ્યાં અંદર જ્ઞાયકચક્રવર્તી પોતાના સામર્થ્ય સહિત પ્રગટ થયો ત્યાં અશુદ્ધતા — વિભાવભાવ— કઈ રીતે રહી શકે? વિભાવનો નાશ જ થઈ જાય. અંતરમાં જ્યાં જ્ઞાયકદેવનું શરણ લીધું — વીતરાગી પરિણતિ થઈ — ત્યાં અશુદ્ધતા કાંપી ઊઠે છે, તેનો નાશ થઈ જાય છે અને તેના નિમિત્તે જડ કર્મ પણ ખરી જાય છે. જીવના શુદ્ધ ભાવથી કર્મ ખરી જાય છે એ નિમિત્તનું કથન છે; ખરેખર તો જડની પર્યાયને રહેવું કે જવું તે તો તેના પોતાના સ્વતંત્ર પરિણમનના આધારે છે. સમજાય છે કાંઈ?

———o———

## વચનામૃત — ૨૪૩

**જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે; દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ. પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ-આત્મા છે. તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. ૨૪૩.**

**‘ જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે; દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ. ’**

દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ ભગવાન આત્મા નિત્ય અને અભેદ છે; પર્યાય-અપેક્ષાએ તેનામાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો ને ગુણભેદ છે ખરા; પરંતુ દૃષ્ટિના વિષયભૂત એવા તેના સામાન્યસ્વરૂપમાં અનિત્ય — સમકિત આદિ શુદ્ધ તેમ જ રાગાદિ અશુદ્ધ—પર્યાયો તથા જ્ઞાન-દર્શન આદિ ગુણભેદ કાંઈ છે જ નહિ.

સમકિત અર્થાત્ દૃષ્ટિનો વિષય ત્રિકાળ એકરૂપ ધ્રુવ અભેદ જ્ઞાયકતત્ત્વ છે. સમકિતીને જ્યાં સુધી અભેદ દ્રવ્યસ્વભાવના આશ્રયે પર્યાયમાં પૂર્ણ વીતરાગતા પ્રગટ ન થાય ત્યાં સુધી તેને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના, અણુવ્રત-મહાવ્રત વગેરેના શુભ રાગરૂપ વ્યવહાર ભૂમિકાનુસાર વચ્ચે આવે છે, પરંતુ તે ભાવ પુણ્યબંધનું કારણ છે, ધર્મનું — કર્મક્ષયનું — કારણ નથી.

કોઈ કહે કે — જિનપ્રતિમાને પૂજવાના ભાવ જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી હોય, સમ્યક્ત્વ થયા પછી હોતા નથી; માટે જિનપ્રતિમાની પૂજા વગેરે ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જૂઠા છે, વ્યર્થ છે. ભાઈ! તારી એ વાત જૂઠી છે. સમકિતી જ્ઞાનીને જ જિનપ્રતિમાનાં દર્શન-પૂજા-ભક્તિના સાચા ભાવ આવે છે. પં. બનારસીદાસજીએ કહ્યું છે કે—

कहत बनारसी अलप भव थिति जाकी,
सोई जिनप्रतिमा प्रवांनै जिन सारखी॥

જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે તેને જિનપ્રતિમા જિન સરખી લાગે છે. વ્યવહાર પણ છે ને? નિશ્ચય તો અંદર પોતાનો ભગવાન આત્મા છે, તો તેના પ્રતિબિંબરૂપ ભગવાનની પ્રતિમાની પૂજા આદિ બધો વ્યવહાર પણ છે; નીચલી ભૂમિકામાં વચ્ચે વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. જિનપ્રતિમાની પૂજા વગેરેના શુભ ભાવ પુણ્યબંધનું કારણ છે, ધર્મનું નહિ. જિનપ્રતિમાને માનવું તે સ્થાપનાનિક્ષેપ છે. સાચો સ્થાપના-નિક્ષેપ ક્યારે હોય? જેને સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય, આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો હોય, તેને જે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું છે તેના ભેદ નય છે. જ્ઞાનીને જ નિશ્ચયનય અને વ્યવહારનય હોય છે. સ્થાપનાનિક્ષેપ તે વ્યવહાર છે; તે તરફનો ઊઠતો ભાવ શુભ રાગ છે તે પણ વ્યવહાર છે, ધર્મ નથી. ધર્મ નથી તો આવે છે કેમ? ભાઈ! નીચલી ભૂમિકામાં એવા ભાવ આવ્યા વિના રહેતા નથી.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે પણ પ્રવચનસારમાં કહ્યું છે કે—જિનેન્દ્રપૂજાના ઉપદેશની પ્રવૃત્તિ શુભોપયોગી મુનિઓને પણ હોય છે.

ઉપદેશ દર્શનજ્ઞાનનો, પોષણ-ગ્રહણ શિષ્યો તણું,
ઉપદેશ જિનપૂજા તણો—વર્તન તું જાણ સરાગનું.

જે મુનિ છે, સાચા સંત છે, આત્માના અનુભવી છે, ત્રણ કષાયનો નાશ કરીને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલનારા છે તેઓ પણ અરહંત આદિની પૂજાનો ઉપદેશ આપે છે. જ્ઞાનીને પણ, જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપમાં એકાકાર ઠરી જવાની સ્થિતિ પ્રગટ થઈ ન હોય ત્યાં સુધી, જિનેન્દ્રપૂજા વગેરેના શુભ ભાવ આવે છે. જો શુભ ભાવ—વ્યવહાર—ન આવે તો શું કરે? અશુભમાં જાય? અશુભમાંથી બચવા માટે નીચલી દશામાં પૂજા વગેરેના શુભ ભાવ આવે, પણ જ્ઞાની તેને ધર્મ—સંવર-નિર્જરા—માનતા નથી.

જેમ પ્રતિમા જડ છે તેમ વાણી પણ જડ છે; છતાં શાસ્ત્રમાં જિનવાણીને પણ પૂજનીક કહી છે ને? તેમ પ્રતિમા પણ પૂજનીક છે. જેમ વાણી ભગવાન આત્માનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ સમજવામાં નિમિત્ત બને છે તેમ જિનપ્રતિમા પણ સ્વરૂપ સમજવામાં નિમિત્ત બને છે. પં. બનારસીદાસજીએ કહ્યું છે —

मुद्रा देखि केवलीकी मुद्रा याद आवै जहां,
जाके आगैं इन्द्रकी विभूति दीसै तिनसी ॥

*

कहत बनारसी सुमहिमा प्रगट जाकी,
सोहै जिनकी छबि सुविद्यमान जिनसी ॥

જિનપ્રતિમાનાં દર્શન કરતાં કેવળી ભગવાનની મુદ્રા યાદ આવે છે. સમકિતીને પણ એવા શુભભાવ આવ્યા વિના રહેતા નથી. જ્યાં સુધી અંદરમાં રાગથી પૂર્ણ વિરતિ થઈ નથી ત્યાં સુધી જ્ઞાનધારા અને રાગધારા — બંને ધારા ચાલે છે. એ વાત સમયસાર-કળશટીકા (શ્લોક-૧૧૦) માં સ્પષ્ટપણે સમજાવી છે.

ભાવપાહુડની ૮૩મી ગાથામાં કહ્યું છે કે — પૂજા, વ્રત, વૈયાવૃત્ય વગેરે જૈનધર્મ નથી, પણ અંદરમાં મોહ અને ક્ષોભના અભાવરૂપ નિર્મળ પરિણામ તે જૈનધર્મ છે. સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થયો છે એવા જ્ઞાનીને પણ — મુનિને પણ — એવો રાગ તો આવે છે.

આનંદઘનજી કહે છે :—

જેનો પક્ષ લઈને બોલું તે મનમાં સુખ માણે;
જેનો પક્ષ મૂકીને બોલું તે મનમાં ચિત તાણે.

પ્રતિમાની વાત આવે ત્યાં પ્રતિમા નહિ માનનારને વિરોધ લાગે. પણ ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે: એવો કયો ઉપદેશ છે કે જેમાં બધા ખુશી થાય? બધા ખુશી થાય એવો તો કોઈ ઉપદેશ છે નહિ. ઉપદેશ તો નિશ્ચય અને વ્યવહાર — બંનેનો આવે છે. પૂજા આદિનો જે નિષેધ કરે છે તેને વ્યવહારનું પણ જ્ઞાન નથી અને તેથી તેને નિશ્ચયનું પણ યથાર્થ જ્ઞાન હોય નહિ.

અહીં તો એમ કહે છે કે — દૃષ્ટિના વિષયભૂત એવા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક આત્માના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ. પર્યાય કે ગુણભેદ દૃષ્ટિનો વિષય નથી, પરંતુ દૃષ્ટિની સાથે જે જ્ઞાન છે તે બધાંને જાણે છે — નિમિત્તને જાણે, રાગને જાણે, પર્યાયને જાણે, ગુણભેદને જાણે, અભેદને જાણે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર કેવો હોય છે તેને પણ જ્ઞાન તો બરાબર જાણે છે. અહા! આવો માર્ગ છે.

અહીં જ્યાં નિશ્ચયની વાત ચાલતી હોય ત્યાં તે સાંભળીને કોઈ જીવો વ્યવહારને સર્વથા ઉડાડી દે છે; પણ ભાઈ! અહીં તો એમ કહેવાય છે કે — વ્યવહાર આવે છે તો ખરો પરંતુ તે ધર્મ નથી. વ્રત-તપાદિ ક્રિયાના શુભ ભાવ — ચરણાનુયોગનો વ્યવહાર — અંદર સ્વરૂપરમણતામાં ઝૂલનારા ભાવલિંગી મુનિરાજોને પણ આવે છે. સમકિતી જીવને ભાવશ્રુતજ્ઞાન હોય છે, અને તેથી તેને જ નય હોય છે; જિનપ્રતિમા અને તેના પૂજનરૂપ સાચો વ્યવહાર પણ તેને જ હોય છે. મિથ્યાદૃષ્ટિને ભાવશ્રુત નથી માટે તેને નય નથી; અને તેથી તેને સ્થાપનાનિક્ષેપરૂપ સાચો વ્યવહાર પણ હોઈ શકે નહિ.

એક સંપ્રદાય પૂજાને ઉડાડે ને એક સંપ્રદાય પૂજાથી મોક્ષ મનાવે, એક વ્યવહારને સાવ ઉડાડે ને એક વ્યવહારથી મોક્ષ મનાવે; — એ બંને અભિપ્રાય મિથ્યા છે.

પ્રશ્ન :— વ્યવહારથી પરંપરાએ મોક્ષ થાય એમ શાસ્ત્રમાં આવે છે ને?

ઉત્તર :— ભાઈ! પરંપરાનો અર્થ શો? જેને રાગથી ને વ્યવહારથી ભિન્ન નિજ શુદ્ધ જ્ઞાયકનું ભાન તેમ જ તેની અનુભૂતિ થઈ છે તેને નીચલી ભૂમિકામાં મંદ શુદ્ધિની સાથે જે પૂજા-ભક્તિ, સ્વાધ્યાય તથા વ્રતાદિના શુભભાવ આવે છે તે પરંપરાએ — વ્યવહારે — મોક્ષનું સાધન કહેવાય છે. ખરેખર તો તે વખતે અંદર સ્વભાવના આશ્રયે વર્તતી જે મંદ શુદ્ધિ છે તે જ સાક્ષાત્ કારણરૂપ થઈને — ઉગ્ર શુદ્ધિરૂપ થઈને — મોક્ષ થાય છે. શુભ રાગ પણ આસ્રવ છે, આસ્રવને રાખીને પરંપરાએ મુક્તિ થશે — એમ છે જ નહિ. જેને સ્વભાવની દૃષ્ટિ ને અનુભૂતિ પ્રગટી છે એવા જ્ઞાનીને શુભભાવમાં આવતાં પ્રથમ અશુભનો અભાવ થાય છે અને પછી શુદ્ધોપયોગમાં આવતાં શુભનો પણ અભાવ થશે, માટે 'પરંપરાએ' કહેવામાં આવે છે.

સાધક જીવને શુદ્ધાશુદ્ધ પર્યાય હોય છે, પણ તે સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી અભેદ જ્ઞાયકભાવ છે. દૃષ્ટિમાં આશ્રય કરવાની શક્તિ છે, જાણવાની શક્તિ નથી; જાણવાની શક્તિ જ્ઞાનમાં છે. તે સમ્યગ્દર્શનને, તેના વિષયને, શુદ્ધાશુદ્ધ પર્યાયને, ગુણભેદને — બધાંને યથાર્થ જાણે છે. જ્ઞાનમાં તે બધું જણાતું હોવા છતાં તે સમ્યગ્દર્શનનો વિષય — આશ્રય — અવલંબન નથી.

**'પ્રયોજનની સિદ્ધિ માટે એંજ પરમાર્થ-આત્મા છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માના પૂર્ણ પરમાનંદની પ્રાપ્તિ તથા દુઃખથી સંપૂર્ણ મુક્તિ તે પ્રયોજન છે. તે પ્રયોજનની પ્રાપ્તિ ભગવાન આત્માના — ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકના — આશ્રયથી થાય છે. વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાના, સત્શ્રવણ-વાંચન-વિચારના અને દયા-દાન કે વ્રત-તપ વગેરેના શુભ ભાવરૂપ વ્યવહાર વચ્ચે આવે છે તોપણ તેનાથી પ્રયોજનની સિદ્ધિ — ધર્મ કે મુક્તિ — થતી નથી.

પ્રશ્ન :— તો પછી તેને કરવો શા માટે ?

ઉત્તર :— ભાઈ ! સાંભળ તો ખરો ! જ્યાં સુધી અંદરમાં પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી એવો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. જેમને અંતરમાં અતીન્દ્રિય આનંદમુદિત પ્રચુર સ્વસંવેદન નિરંતર વર્તી રહ્યું છે એવા અંતર્મુહૂર્તમાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલનારા વીતરાગી સંતને પણ, જ્યારે તે છઠ્ઠે ગુણસ્થાને — પ્રમાદમાં આવે છે ત્યારે, શુભોપયોગરૂપ વ્યવહારની પ્રવૃત્તિ આવે છે. જિનપૂજા કે વ્રતાદિના ઉપદેશનો, સંતોની વૈયાવૃત્યનો વગેરે શુભ ભાવ જેને વર્તે છે તે મુનિ સાસ્રવી છે અને જે મુનિ અંદર નિર્વિકલ્પ શુદ્ધિમાં ઠરી ગયા તે નિરાસ્રવી છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિ સર્વથા સાસ્રવી છે એવું નથી, ત્યાં પણ ત્રણ કષાયનો અભાવ થઈ જેટલી વીતરાગતા પ્રગટી છે તેટલા નિરાસ્રવ છે. તેમને પણ શુભોપયોગના — ઉપદેશ વગેરેના — ભાવ આવે છે. પરંતુ પ્રયોજનની સિદ્ધિ માટે ધ્રુવ જ્ઞાયક એ જ પરમાર્થ-આત્મા છે.

**‘ તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. ’**

સમાધિશતકમાં કહ્યું છે કે મુનિઓને ઉપદેશનો શુભ ભાવ આવે તે પણ ઉન્માદ છે. તે ઉન્માદ અસ્થિરતાનો — ચારિત્ર-અપેક્ષાનો — છે; તત્ત્વાર્થસૂત્રના પહેલા અધ્યાયમાં ‘ सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत् ’ કહ્યું છે તે દર્શનમોહજનિત ઉન્માદ છે. અસ્થિરતાનો રાગ મુનિઓને પણ આવ્યા વિના રહેતો નથી, તોપણ છે એ ઉન્માદ. ભગવાન કુંદકુંદાચાર્યદેવને પણ ‘દર્શાવું એક-વિભક્ત એ આત્મા તણા નિજ વિભવથી ’ એવો વિકલ્પ આવ્યો હતો જ ને ? અહીં તો કહે છે કે — ધર્મીને એવા વ્યવહારના વિકલ્પ આવે, પણ તેની દૃષ્ટિ તેના ઉપર નથી. તેની દૃષ્ટિ તો અંદર, જેમાં અનંત ગુણના ખજાના પડ્યા છે એવા નિજ ધ્રુવ જ્ઞાયક પરમાત્મા પર સતત પડી છે. તે ધ્રુવ જ્ઞાયકના જ આશ્રયે ધર્મ — અતીન્દ્રિય આનંદ — પ્રગટ થાય છે.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૪૪

**ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે ! ચારે તરફ ગુણો જ ભરેલા છે, અવગુણ એક પણ નથી. ઓહો ! આ હું ? આવા આત્માનાં દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૨૪૪.**

**‘ ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે ! ’**

ભગવાન આત્મા જ્ઞાન-આનંદ આદિ અનંતી વિભૂતિથી ભરેલી એવી કોઈ વાસ્તવિક ચીજ છે કે જેનાં દર્શનમાત્રથી અંદર અતીન્દ્રિય આનંદની શરૂઆત થઈ જાય ! પણ જીવે અનાદિ કાળથી, — ભલે તે અનંત વાર દિગંબર સાધુ થયો, વ્રત પાળ્યાં, ભક્તિ કરી, પૂજા કરી, ‘ વહ સાધન બાર અનંત કિયો ’ — બધું કર્યું પણ પરંતુ લક્ષ અને પર્યાય ને રાગની દૃષ્ટિ છોડી નહિ. પર્યાયની સમીપમાં અનંતી, અનંતી, અનંતી જ્ઞાનાદિ વિભૂતિથી ભરેલો જ્ઞાયક મહાપ્રભુ અંદરમાં પડયો છે તેના ઉપર કયારેય નજર નાખી નથી. જ્ઞાયક પ્રભુ તો અનંતા ગુણોનો મોટો ઢગલો, અનંત અનંત શક્તિઓનો વિશાળ પર્વત છે કે જેના ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ સ્વભાવમાં પરિણામ સંબંધી કોઈ હલ-ચલ પણ નથી,

**‘ ચારે તરફ ગુણો જ ભરેલા છે, અવગુણ એક પણ નથી. ’**

જ્ઞાયક પ્રભુમાં — આત્મામાં — ચારે કોર ગુણો જ ભરેલા છે; કોઈ શુભ રાગ કે અશુભ રાગરૂપ દોષ — અવગુણ આત્માના સ્વભાવમાં છે જ નહિ.

આમ તો આવે છે ને — ‘ હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ ’...‘નાંહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય ? ’ એ તો શિષ્યનો વિનયભાવ છે. સતની જિજ્ઞાસાવાળાને એવી નમ્રતાના ભાવ હોય છે. પર્યાયમાં દોષ છે એમ ત્યાં બતાવવું છે. મારી પર્યાયમાં દોષ છે — એમ જાણે-માને નહિ તો દોષ રહિત નિજ જ્ઞાયક ભગવાનને કઈ રીતે જાણે-માને ? અહીં તો, પર્યાયમાં પોતા થકી દોષ છે એવો જેને સ્વીકાર છે તેને બતાવે છે કે, ભગવાન આત્મા સ્વભાવે તો દોષનું આયતન છે જ નહિ; તે તો ચારે તરફ અનંત ગુણોનું જ આયતન છે. શ્રીમદે એક ઠેકાણે એવા આશયનું લખ્યું છે કે — પ્રભુ સર્વગુણસંપન્ન છે પણ એના અપલખણનો પાર નથી. ... અહીં એમ કહેવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે તું તારી ચીજને — ત્રિકાળી પરિપૂર્ણ પ્રભુતાને — માનતો નથી અને પર્યાય ને રાગાદિ જેટલો જ પોતાને માને છે, એ તારું અપલક્ષણ છે. અહા! આવો માર્ગ છે; પરંતુ અરેરે! જીવ અનાદિ કાળથી લૂંટાઈ રહ્યો છે. એ રાગના રસિયાને પ્રથમ તો પોતાના વસ્તુસ્વરૂપની ખબર નથી, સંસારની જંજાળ આડે સાંભળવાને નવરો થતો નથી. નવરો થઈને માંડ સાંભળવા જાય ત્યાં કુગુરુ તેનો સમય લૂંટી લે છે. ત્યાં તેને અંતર આત્મદૃષ્ટિ કરવાની વાત તો મળી નહિ અને વ્યવહારથી — દાન-પૂજા કે વ્રતાદિ કરવાથી— કલ્યાણ થશે, એમ બાહ્ય ક્રિયાકાંડની દૃષ્ટિનું પોષણ મળ્યું. કુગુરુએ એનો સમય લૂંટી લીધો.

**'ઓહો! આ હું? આવા આત્માનાં દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી.'**

કોઈ વ્યક્તિ હાથીનું કે અશ્વનું રૂપ લઈને આવે, વેશપલટો કરે તોપણ જોનારને કુતૂહલ ઊપજે; પરંતુ જીવે પોતાના ત્રિકાળી જ્ઞાયક ભગવાનનાં દર્શન માટે ક્યારેય સાચું કુતૂહલ જ કર્યું નથી. કુતૂહલ એટલે કૌતૂક, જિજ્ઞાસા, આશ્ચર્ય, મહિમા. અહા! રાગના પડદા પાછળ અંદર આ ત્રિલોકીનાથ જ્ઞાયક બાદશાહ શી ચીજ છે તેને પ્રેમપૂર્વક જોવાનું સાચું કુતૂહલ જ જીવે કદી કર્યું નથી — વર્તમાન પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ પ્રભુની વિસ્મયતા આવી નથી.

ચૈતન્ય-ચિન્તામણિ પ્રભુ આત્મા અંદર અમૃતનો કૂપ પડયો છે. તેને શુભ ભાવ આવે છે પરંતુ તે ઝેરનો ઘડો છે. જ્ઞાનીને પણ શુભ રાગ આવે તો છે, પરંતુ તે તેનું આલંબન-આશ્રય લેતો-કરતો નથી, તેને ઉપાદેય માનતો નથી. ભાઈ! તારી નજર જે અનાદિથી બહાર — આનું કરું ને તેનું કરું, છોકરાનું કરું, ધંધો કરું, દયાદાનાદિ પુણ્ય કરું વગેરેમાં — ભટકે છે તેને પલટી નાખ. દૃષ્ટિને અંદરમાં વાળી ચારે બાજુ અતીન્દ્રિય આનંદથી ભરપૂર — અનંત ગુણથી ભરપૂર — નિજ જ્ઞાયક પ્રભુમાં નજર નાખ. સાકર ચારે બાજુએ મીઠાશથી ભરેલી છે તેમ આ જ્ઞાયક પ્રભુ ચારે બાજુએ અમૃતનો સાગર છે. પ્રભુ! તેને જોવાનું એક વાર અંદરથી કુતૂહલ તો લાવ!

તારી મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય જે પર તરફ ઝૂકેલી છે તેને, પ્રથમ શ્રુતજ્ઞાનના બળ વડે જ્ઞાનસ્વભાવી આત્માનો દૃઢ નિર્ણય કરીને, અંદર જ્યાં પરમાત્મસ્વરૂપ પ્રભુ બિરાજે છે ત્યાં વાળ, તેની સન્મુખ કર. એમ કરવાથી તને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે. ભાઈ! પહેલાં તો ભવનો ડર હોવો જોઈએ. ભવભીત જીવને જ્ઞાની ગુરુ કહે છે: ભાઈ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તારી ચીજ પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત એવી ને એવી અંદર પડી છે. એક વાર પ્રસન્ન થઈ જો કે — અહા! આવી ચીજ મેં ક્યારેય નજરમાં લીધી નહોતી. પર્યાયની સમીપ અંદર પ્રભુ બિરાજે છે ત્યાં નજરને — મતિ-શ્રુતની પર્યાયને — લઈ જા, ત્રિકાળી ધ્રુવને ધ્યેય બનાવી દે, તો તને આત્માનાં દર્શન થશે; અને તને વિસ્મય થશે કે — 'ઓહો! આ હું? આવા આત્માનાં દર્શન માટે મેં કદી ખરું કુતૂહલ જ કર્યું નથી.'

વિભાવથી જુદો હું જ્ઞાયક છું; એમ સ્વભાવને ઓળખીને અંદર ચૈતન્ય ઉપર દૃષ્ટિ કર, તેનું જ્ઞાન કર ને તેમાં લીનતા કર, તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. તે માર્ગ બધો પૂજ્ય ગુરુદેવે ખુલ્લો કર્યો છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે.

—બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૯૫

તા. ૧૫-૯-૭૮

## વચનામૃત — ૨૪૫

**'હું મુક્ત જ છું. મારે કંઈ જોઈતું નથી. હું તો પરિપૂર્ણ દ્રવ્યને પકડીને બેઠો છું.' — આમ જ્યાં અંદરમાં નક્કી કરે છે, ત્યાં અનંતી વિભૂતિ અંશે પ્રગટ થઈ જાય છે. ૨૪૫.**

હું મુક્ત જ છું, રાગ અને તેના સંબંધે બંધપણું મારામાં છે જ નહિ. સમયસારની ૧૪ મી ગાથામાં કહ્યું છે: જે આત્માને અબદ્ધસ્પૃષ્ટાદિ ભાવોરૂપ એટલે કે મુક્તસ્વરૂપ દેખે છે — અનુભવે છે તેને શુદ્ધનય જાણજે. કર્મ તો પરચીજ છે, તેની સાથે તો જીવને પરમાર્થે સંબંધ છે જ નહિ, પણ રાગાદિ વિભાવો સાથે પણ ખરેખર સંબંધ નથી. આત્મા તો રાગાદિના સંબંધ વિનાની અબંધ ચીજ છે. અબંધ કહો કે મુક્ત કહો. અહો! દૃષ્ટિએ જ્યારે દ્રવ્યને લક્ષમાં લીધું ત્યારે 'હું મુક્ત જ છું' એવો અનુભવ થયો.

અહો! મહારાષ્ટ્રમાંથી કોઈએ એકસાથે બેનનાં 'વચનામૃત' નાં ચારસો પુસ્તક મંગાવ્યાં છે. આપણે ત્યાં વીસ લાખ ઉપર પુસ્તક છપાયાં છે, પણ આ પુસ્તક તો કોઈ જુદી જાતનું છે! ભાઈ! જરી મધ્યસ્થ થઈને આ વાંચે ને વિચારે તો મૂળ ચીજ શું છે તે હાથ લાગે. ભગવાન આત્માની આ વાત અત્યારે ચાલતી નથી, અત્યારે તો 'આ કરો ને તે કરો — ક્રિયા કરો ને દાન કરો' એવી વાત ચાલે છે. પણ ભાઈ! ત્રિલોકનાથ જિનેશ્વર પરમાત્મા કહે છે કે — બહારથી મંદકષાય અને ક્રિયાકાંડ કરી કરીને મરી ગયો, 'વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' ભગવાન આત્મા પરમાર્થદૃષ્ટિએ દયા-દાન આદિ રાગનો કર્તા અને હર્ષ-શોકનો ભોક્તા છે જ નહિ, તે તો સદા મુક્તસ્વરૂપ જ છે. સમયસારની 'આત્મખ્યાતિ' ટીકામાં (૧૯૮ મા કળશમાં) આવે છે ને —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानी करोति न न वेदयते च कर्म
जानाति केवलमयं किल तत्स्वभावम् ।
जानन्परं करणवेदनयोरभावा-
च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव ॥

જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. એમ કેવળ જાણતો થકો કરવાના અને ભોગવવાના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે. જ્ઞાનાવરણીય વગેરે આઠ પ્રકારનાં કર્મ છે, પણ તે જડ પુદ્ગલ છે, તારી ચીજમાં ક્યાં છે? જીવમાં અજીવ કેમ હોય? એ તો ઠીક, પણ દયા-દાન, પૂજા-ભક્તિ અને વ્રત-તપનો શુભ રાગ પણ જીવના સ્વરૂપમાં કયાં છે? ભગવાન જ્ઞાયકદેવ તો રાગથી સદા મુક્ત છે. અહા! આ વાત કેમ બેસે! શરીર, લક્ષ્મી, બાયડી, છોકરાં ને કુટુંબ અને તેની મમતાનો પાપ રાગ — એ તો કયાંય રહી ગયાં, દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો શુભ રાગ પણ આત્માનું સ્વરૂપ નથી. આત્મા શુભ અને અશુભ રાગથી મુક્ત જ છે; મુક્ત ન હોય તો મુક્તિની પર્યાય આવશે કયાંથી? અહા! ત્રિલોકીનાથ પરમાત્માની વાણીનો સાર આ છે કે — આત્મા સદા મુક્ત જ છે. આ, રાગ ને વર્તમાન પર્યાયની દૃષ્ટિ છોડાવીને દ્રવ્યદૃષ્ટિ — ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ — કરાવવાની વાત છે.

પ્રભુ! રાગ તો અનાત્મા છે; આત્મા તેનાથી ભિન્ન જ છે, ભિન્ન જ રહ્યો છે. અરે, પ્રભુ! તને તારા મુક્તસ્વરૂપની ખબર નથી. કર્મ તો ઝીણી માટી — ધૂળ છે, જડ છે, અને હિંસા-જૂઠ-ચોરીના પાપવિકલ્પ તેમ જ વ્રતાદિના શુભ વિકલ્પ આત્માના સ્વરૂપમાં નથી. આત્મતત્ત્વ તેનાથી ભિન્ન છે. ભાઈ! મુક્તસ્વરૂપ ભગવાન આત્મા તરફ કરીને એક વાર પ્રસન્ન તો થા, તને કોઈ અનુપમ આનંદ પ્રગટ થશે. આ તો નજર હજુ શ્રાવક ને મુનિ થયા પહેલાં સમકિતની — ધર્મના પહેલા પગથિયાની — વાત છે.

ભગવાન આત્મા દ્રવ્ય-અપેક્ષાએ વર્તમાનમાં અત્યારે જ મુક્તસ્વરૂપ છે, કર્મથી ને વિભાવથી ભિન્ન નિર્લેપ ચીજ છે. એમ ન હોય તો પર્યાયમાં નિર્લેપતા આવશે ક્યાંથી? જેમ સ્ફટિકમાં રંગની ઝાંય દેખાવા છતાં સ્ફટિક તે જ વખતે સ્વભાવે નિર્મળ છે, તેમ જીવની પર્યાયમાં વિભાવો જણાવા છતાં જીવ તે જ વખતે સ્વભાવે નિર્મળ છે — નિર્લેપ છે. 'આ બધા જે શુભાશુભ વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો તેનાથી તદ્દન જૂદો જ્ઞાયક છું' એમ ઓળખે — પરિણમન કરે તો પર્યાયમાં પ્રગટ નિર્લેપતા થાય છે. જ્ઞાની જાણે છે કે — 'મારો આત્મા કર્મ અને વિભાવના લેપ વગરનો, શુદ્ધ ચૈતન્યદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે.' તે તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં સદા નિર્લેપ — અલિપ્ત જ છે. મૂળ તત્ત્વમાં તો અન્ય કાંઈ પ્રવેશી શકતું જ નથી. પછી ચિન્તા શાની?

'અહા! હું તો મુક્ત જ છું. મારે બીજું કાંઈ જોઈતું નથી. શરીર, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ તો નહિ પણ અંદર પર્યાયમાં જે શુભાશુભ રાગની વૃત્તિ ઊઠે તે પણ જોઈતી નથી, કેમ કે તે મારી મૂળ ચીજ નથી. સમજાય છે કાંઈ? આવી વાત માણસને બેસવી આકરી પડે; તેને એમ લાગે કે — ભગવાનનો મારગ આવો હશે? અત્યાર સુધી તો એમ સાંભળતાં કે — કંદમૂળ ન ખાવાં, ચોવિહાર કરવો, સામાયિક કરવી, સવાર-સાંજ પ્રતિક્રમણ કરવું — એ ધર્મ છે. ભાઈ! સાચી વાત સાંભળ તો ખરો! કરવું...કરવું— એ બધો અજ્ઞાનભાવ છે. 'કરવું' એ 'મરવું' છે. પરનો ને વિભાવનો કર્તા થઈને આત્માના જ્ઞાતાસ્વભાવને ચૂકી ગયો — આત્માને મારી નાખ્યો. મુક્તસ્વરૂપ ભગવાન જ્ઞાયકને રાગના કર્તાપણે માનવો તે જૈનધર્મ નથી, એ તો મિથ્યા દૃષ્ટિ છે. સમયસારની ૧૫મી ગાથામાં કહ્યું છે ને — આત્માને અબદ્ધસ્પૃષ્ટસ્વરૂપ અર્થાત્ મુક્તસ્વરૂપ અનુભવવો તે જૈનશાસન છે — જૈનધર્મ છે.

દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભકિતનો, સત્શ્રવણનો, દયા-દાન વગેરેનો શુભ વિકલ્પ આવે ખરો, પણ જ્ઞાની તેમ જ આત્માર્થી એમ માને છે કે — હું મુક્તસ્વરૂપ જ છું, મારે આ શુભભાવ વગેરે બીજું કંઈ જોઈતું નથી. હું તો પરિપૂર્ણ જ્ઞાયકદ્રવ્યને પકડીને બેઠો છું. અહા! આ વીતરાગ જિનેશ્વરે કહેલો માર્ગ છે. ભાઈ! જિનેશ્વરનો આ માર્ગ તેં સાંભળ્યો નથી, બહારની હોંશમાં ને હોંશમાં તેં તારા આત્માને મારી નાખ્યો; તને તારી હોંશ — પ્રીતિ આવી નહિ, બહારની પ્રીતિમાં તારી ચીજ લૂંટાઈ ગઈ. દુનિયાની મજૂરી કરી કરીને મરી ગયો. મજૂર તો આઠ કલાક કામ કરે, અને આને તો, ભલે બે-પાંચ કરોડ રૂપિયા હોય, 'આ કરું ને તે કરું' એમ ગડમથલની આખો દી મજૂરી.

પ્રભુ! તું કોણ છો? કયાં છો? કેવો છો? તારું સાચું સ્વરૂપ શું છે? એમ વિચાર કરીને અંતર્મુખ વળવાથી તને ભાસશે કે — 'હું મુક્ત જ છું. મારે કંઈ જોઈતું નથી. હું તો પરિપૂર્ણ દ્રવ્યને પકડીને બેઠો છું.' આમ જ્યાં અંદરમાં નક્કી કરે છે, ત્યાં અનંતી વિભૂતિ અંશે પ્રગટ થઈ જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં આત્માના જેટલા— અનંત — ગુણો છે તે બધાનું અંશે પર્યાયમાં વેદન આવે છે. અરેરે! હજી તો પર્યાય શું? ને દ્રવ્ય શું? એ શબ્દ પણ સાંભળ્યા ન હોય, આખી જિંદગી પાપની મજૂરીમાં કાઢી હોય, તેને આ વાત ગ્રીક ને લૅટિન જેવી લાગે. ભાઈ! આ પૈસા, બંગલા ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફર્નિચર—એ તમારી વિભૂતિ નથી, એ તો ધૂળના ઢગલા છે; તમારી સાચી વિભૂતિ તો અંદર આત્મામાં છે. અંદર જ્ઞાયકદ્રવ્યને બરાબર પકડીને તેનો અનુભવ થતાં પર્યાયમાં અનંત ગુણોની અંશે નિર્મળતારૂપ જે અદ્‌ભુત દશા પ્રગટે છે તે સાચી વિભૂતિ છે. આત્માનુભૂતિ થતાં અનંત ગુણોની જે અંશે નિર્મળ વિભૂતિ પ્રગટ થાય છે તેને શ્રીમદે 'સર્વગુણાંશ તે સમ્યક્‌ત્વ'—એમ કહ્યું છે.

સમ્યગ્દર્શન અર્થાત્ ધર્મનું પ્રથમ સોપાન 'હું પૂર્ણાનંદનો નાથ વિભાવથી મુક્ત જ છું, મારે બીજું કાંઈ નથી જોઈતું' એમ પરિપૂર્ણ નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો પ્રતીતિમાં આશ્રય કરવાથી પ્રગટે છે. તે પ્રગટ થતાં—નિજ જ્ઞાયકભાવનો અનુભવ થતાં—આત્માના જે અનંત ગુણો છે તે બધા વર્તમાન પર્યાયમાં અંશે પ્રગટ થઈ જાય છે. અહા! આ કઈ જાતની ભાષા? લોકોને ગ્રીક અને લેટિન જેવી લાગે. બાપુ! વીતરાગનો માર્ગ કોઈ જુદો છે. સંપ્રદાયમાં અત્યારે આ વાત ચાલતી જ નથી. ત્યાં તો 'આ કરો, ને તે કરો; વ્રત પાળો ને તપ કરો' એ બહારના ક્રિયાકાંડની જ વાતો ચાલે છે, પણ ભાઈ! એ તો મિથ્યાત્વના પોષણની વાતો છે.

ભાઈ! પરનું કરે કોણ? અહીં તો કહે છે કે—રાગથી પણ મુક્ત એવા નિજ ચૈતન્યદ્રવ્યનો અનુભવ થતાં, આંખમાં કણું ખટકે એમ, શુભ રાગનો અંશ પણ ખટકે છે. મંદિર બનાવવાં, પ્રતિષ્ઠા કરાવવી—એ ભાવ શુભ રાગ છે, ધર્મ નથી. વાડામાં તો—દેવ-શાસ્ત્ર-ગુરુને માનો, જાઓ, થઈ ગયું સમકિત! વ્રત લઈ લો, થઈ ગયો ધર્મ! ભાઈ! એ ધૂળમાંય ધર્મ નથી. એમ કરવા જઈશ તો રખડી મરીશ. અંદર અમૃતનો સાગર ભગવાન જ્ઞાયકદેવ કે જે નિજ વિશ્રામસ્થાન છે ત્યાં નજર કર. તે પૂર્ણાનંદમૂર્તિ, અબદ્ધ ને મુક્ત એવા નિજ ભગવાન આત્માનું સમ્યક્ દર્શન થતાં આત્મામાં સંખ્યાએ જેટલા ગુણો છે તે બધાનું પર્યાયમાં અંશે વ્યક્ત વેદન આવે છે; તેને 'સર્વગુણાંશ તે સમ્યક્‌ત્વ' કહેવામાં આવે છે.

અહા! આ માર્ગ કોઈ જુદો છે. ત્રણ લોકના નાથ વીતરાગ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં ઇંદ્રો ને નરેન્દ્રોની સમક્ષ હાલ આ વાત કહી રહ્યા છે. સમજાય છે કાંઈ? 'હું પરિપૂર્ણ જ્ઞાયકદ્રવ્ય છું' એમ જ્યાં અંદરથી નક્કી કરે છે ત્યાં અનંતી વિભૂતિ અંશે વેદનમાં પ્રગટ થઈ જાય છે,

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૪૬

**ચક્રરત્ન આયુધશાળામાં પ્રગટ થયું હોય પછી ચક્રવર્તી નિરાંતે બેસી ન રહે, છ ખંડ સાધવા જાય; તેમ આ ચૈતન્યચક્રવર્તી જાગ્યો, સમ્યગ્દર્શન-રૂપી ચક્રરત્ન પ્રાપ્ત થયું, હવે તો અપ્રમત્ત ભાવે કેવળજ્ઞાન જ લે. ૨૪૬.**

**'ચક્રરત્ન આયુધશાળામાં પ્રગટ થયું હોય પછી ચક્રવર્તી નિરાંતે બેસી ન રહે, છ ખંડ સાધવા જાય;'**

જેને આયુધશાળામાં ચક્રરત્ન પાકે તે ચક્રવર્તી રાજા થાય છે. શ્રી શાન્તિનાથ, કુન્થુનાથ ને અરનાથ—એ ત્રણ, તીર્થંકર, ચક્રવર્તી ને કામદેવ — એમ ત્રણ પદવીના ધારક હતા. ચક્રરત્ન આયુધશાળામાં પ્રગટ થાય પછી તે રાજા આરામથી બેસી ન રહે, છ ખંડ પર વિજય સાધવા નીકળી પડે. ચક્રરત્નની તો એક હજાર દેવ સેવા કરે છે — રક્ષા કરે છે. ભરત ચક્રવર્તીને એકસાથે ત્રણ શુભ સમાચાર મળ્યા: (૧) પિતાજી ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, (૨) આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થયું ને (૩) પાટવી પુત્રનો જન્મ થયો. સૌ પહેલાં ભરત કેવળજ્ઞાનપ્રાપ્ત શ્રી ઋષભદેવ ભગવાનની વંદના કરવા જાય છે. શ્રી શાન્તિનાથ, શ્રી કુંથુનાથ ને શ્રી અરનાથ ભગવાન આત્મજ્ઞાની હતા, મતિ, શ્રુત ને અવધિ — ત્રણ જ્ઞાન સાથે લઈને માતાના ગર્ભમાં આવ્યા હતા; તેમને રાગથી ભિન્ન નિજ જ્ઞાયકતત્ત્વનો અનુભવ વર્તતો હતો, છતાં છ ખંડ સાધવાનો રાગ આવે છે. ચક્રવર્તીને, ચક્રરત્ન જોતાં, છ ખંડ જીતવાના ભાવ આવે છે અને તે સાધવા નીકળી પડે છે. આ તો દૃષ્ટાંત થયું, સિદ્ધાન્ત હવે કહે છે.

**'તેમ આ ચૈતન્યચક્રવર્તી જાગ્યો, સમ્યગ્દર્શનરૂપી ચક્રરત્ન પ્રાપ્ત થયું, હવે તો અપ્રમત્ત ભાવે કેવળજ્ઞાન જ લે.'**

જેને પરથી ને રાગાદિ વિભાવથી ભિન્ન નિજ જ્ઞાયક પ્રભુનું ભેદજ્ઞાન થયું, નિજ ભગવાન આત્માનું સમ્યગ્દર્શન થયું, અંદરથી ચૈતન્યચક્રવર્તી જાગૃત થયો, તે હવે આગળ સ્વરૂપમાં નિર્વિકલ્પ સ્થિરતા વધારીને કેવળજ્ઞાન જ લે ને? જીવોને હજુ 'ભગવાન' કહો તો રાડ નાખે — 'અરે! અમે ભગવાન?' ભાઈ, સાંભળ તો ખરો, તારી ચીજ — આત્મા — અંદર શક્તિએ તો ભગવાન-સ્વરૂપ જ છે, પણ તને તેની ખબર નથી, દેહાધ્યાસ અને પર્યાયબુદ્ધિના કારણે તેં તેને ઓઝલમાં નાખી દીધો છે. જ્યાં રાગ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને વિચાર આદિની પર્યાય છે ત્યાં જ ત્રિકાળી ધ્રુવ આત્મતત્ત્વ અંદર ભગવાનસ્વરૂપે બિરાજે છે. અરેરે! આ વાત કેમ બેસે? કયા ગજે માપે? પરીક્ષા કરવાનો સાચો ગજ ન મળે, શું કરે?

જેમ ચક્રવર્તીને ચક્ર પાકે ને પછી તે આરામથી બેસી ન રહે, છ ખંડ સાધવા જાય; તેમ જેને સમ્યગ્દર્શનરૂપી ચક્રરત્ન પ્રાપ્ત થયું, 'હું પૂર્ણાનંદ ને મુક્તસ્વરૂપ જ્ઞાયક આત્મા છું' — એવો સાચો નિર્ણય, દૃષ્ટિ ને અનુભવ થયો તે હવે આગળ સ્વરૂપમાં લીનતા વધારીને, અંદર મુનિપણું પ્રગટ કરીને અપ્રમત્ત ભાવે કેવળજ્ઞાન જ લેશે.

પ્રશ્ન :— આવી વાતો! આમાં કરવાનું શું આવ્યું?

ઉત્તર :— ભાઈ! આ જે કહેવાય છે તે જ કરવાનું છે; સૌથી પહેલાં સાચી સમજણ કરવાની છે. ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્માએ બતાવેલા અંદર જ્ઞાયક તત્ત્વને, જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોના લસલસતા પિંડને જેણે સમ્યગ્દર્શન વડે પકડી લીધેલ છે, ધર્મની શરૂઆત જેણે પ્રગટ કરી છે, તે હવે સ્વરૂપ-રમણતામાં આગળ વધીને અપ્રમત્ત ભાવે પૂર્ણ પરમાત્મપદ પ્રગટ કરશે, કેવળજ્ઞાન લેશે જ.

આ વાત લોકોને ઝીણી લાગે છે, પણ ભાઈ! પ્રથમ તો શાસ્ત્રની ભાષાનો કેટલોક અભ્યાસ હોવો જોઈએ; દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? વિકાર શું ને સ્વભાવ શું? નવ તત્ત્વનું સ્વરૂપ વગેરેનો થોડોઘણો અભ્યાસ જોઈએ. હજી તો 'આત્મા સ્વભાવે અબદ્ધ છે, મુક્ત છે' એ વાત આવે ત્યાં ચમકે — આ તે કયા દેશની ભાષા છે? આ તે કંઈ જૈન ધર્મ હશે! જૈનધર્મમાં તો સામાયિક, પ્રોષધ ને પ્રતિક્રમણ કરવાં, કંદમૂળ ન ખાવાં, છ-પર્વી બ્રહ્મચર્ય પાળવું, ચોવિહાર કરવો — એવું સાંભળ્યું છે. ભાઈ! એ બધી રાગની ક્રિયા છે, રાગ તો સંસારની વૃદ્ધિનું કારણ છે. રાગથી ભિન્ન અંદર પૂર્ણાનંદ પ્રભુ ભગવાન આત્માની સાચી દૃષ્ટિ, જ્ઞાન ને અનુભવ પ્રગટ થવો તે, વીતરાગ પ્રભુએ કહેલો સાચો જૈનધર્મ છે. અરેરે! અત્યારે તો લોકોએ જિનેશ્વરના વીતરાગ માર્ગનો લોપ કરી નાખ્યો છે અને પોતાની મતિકલ્પના પ્રમાણે માની બેઠા છે કે — અમે જૈન છીએ. ધૂળેય જૈન નથી, જૈન કોને કહેવા એની એને ખબર નથી. અહીં તો કહે છે કે જેને નિજ જ્ઞાયક ભગવાનનું સાચું દર્શન થયું, ભેદજ્ઞાન થયું, આત્માનુભૂતિ થઈ તે સાચો જૈન છે અને તે, આગળ સ્વરૂપસ્થિરતા વધારીને પૂર્ણ પરમાત્મપદને પ્રાપ્ત કરશે જ.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૪૭

**આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે. અનંત કાળમાં ન થયું હોય એવું, ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન, તે જ અલૌકિક દર્શન છે. સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે. ૨૪૭.**

**'આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે.'**

જિનેન્દ્રભગવાનનાં દર્શન, ગુરુનાં દર્શન એ તો બધો શુભ ભાવ છે, પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આત્માનો વર્તમાન પર્યાયમાં સાક્ષાત્કાર થવો તે જ અપૂર્વ છે. જીવે આત્મદર્શન પૂર્વે કદી કર્યું નથી માટે તે અપૂર્વ છે. બાકી બીજું બધું — શાસ્ત્રવાંચન, દયા-દાન ને વ્રત-પૂજા-ભક્તિ વગેરે — અનંત વાર કર્યું છે, એ કાંઈ અપૂર્વ નથી, ધર્મ નથી; રાગથી ભિન્ન અને પૂર્ણાનંદસ્વરૂપ એવા નિજ જ્ઞાયક પ્રભુનો સમ્યક્ શ્રદ્ધાયુક્ત અનુભવ થવો — આત્મ-સાક્ષાત્કાર થવો — એ જ અપૂર્વ દર્શન છે, ધર્મનું પહેલું પગથિયું છે.

**'અનંત કાળમાં ન થયું હોય એવું, ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન, તે અલૌકિક દર્શન છે.'**

ભગવાનનાં દર્શન આમ તો અનંત વાર કર્યાં, ત્રણ લોકના નાથ સાક્ષાત્ તીર્થંકર ભગવાનનાં સમોસરણમાં પણ અનંત વાર જઈ આવ્યો, જ્યાં તીર્થંકર ભગવાન સદા વિદ્યમાન હોય છે તે મહાવિદેહક્ષેત્રમાં અનંત વાર જન્મી આવ્યો, પણ તેથી શું ? તીર્થંકર ભગવાનનાં દર્શનનો ભાવ એ તો શુભભાવ છે, ધર્મ નથી. જિનેન્દ્રદેવનાં, સરસ્વતી જિનવાણી — શાસ્ત્રનાં ને જ્ઞાની ગુરુનાં દર્શનના શુભ ભાવ કર્યા એમાં આત્માને શું આવ્યું ? તે કાંઈ આત્મદર્શન નથી; અંદર જ્ઞાયકતત્ત્વના ઊંડાણમાં જઈ ને જે શુદ્ધાત્માનુભૂતિ સહિત દિવ્ય દર્શન થવું તે જ અલૌકિક આત્મદર્શન છે.

**'સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈ ને મળે છે.'**

સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ એટલે શું ? જેને શુદ્ધાત્મસાક્ષાત્કાર થયો છે, રાગથી ભિન્ન નિજ જ્ઞાયકનાં અપૂર્વ તેમ જ અલૌકિક દર્શન થયાં છે તેને પછી મુનિપણું, શુદ્ધિની ગુણશ્રેણી, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ, અનંત વીર્ય, ક્ષાયિક દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય, પૂર્ણ સિદ્ધદશા વગેરે બધી લબ્ધિઓ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રિકાળ મુક્તસ્વરૂપ ભગવાન શુદ્ધ આત્માની અનુભૂતિમાં સિદ્ધદશા સુધીની બધી નિર્મળ પર્યાયોનો સમાવેશ થઈ જાય છે; શુદ્ધ આત્માનો અનુભવ કરતાં કરતાં સિદ્ધપદ થઈ જાય છે. સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિઓ શુદ્ધાત્માના અનુભવથી થાય કે રાગથી થાય? અહીં તો એમ કહે છે કે આત્મદર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે.

———o———

## વચનામૃત — ૨૪૮

**વિશ્વનું અદ્ભુત તત્ત્વ તું જ છો. તેની અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે. ત્યાં જ જ્ઞાન મળશે, ત્યાં જ આનંદ મળશે; ત્યાં જ વિહાર કર. અનંત કાળનો વિસામો ત્યાં જ છે. ૨૪૮.**

**'વિશ્વનું અદ્ભુત તત્ત્વ તું જ છો.'**

એક સમયની પર્યાયથી પણ દૂર એવું આ વિશ્વનું જે અદ્ભુત ત્રિકાળી જ્ઞાયક તત્ત્વ તે તું જ છો. અહા! 'વચનામૃત'ની ભાષા કેવી સરળ ને સાદી? મહારાષ્ટ્રમાંથી આજે એક દિગંબર સાધુનો પત્ર આવ્યો છે. તે લખે છે કે— 'બહેનશ્રીનાં વચનામૃત'-નાં ૪૦૦ પુસ્તક મોકલો. અહા! આ પુસ્તક તો દિગંબર મુનિઓએ પણ વાંચવા જેવું છે; વાંચે તો તેમને પણ ખબર પડે કે સાચી મુનિદશા કોને કહેવાય. અત્યારે તો બધા વાડા બાંધીને બેઠા છે. ભાઈ! સત્ય કદી સાંભળ્યું નથી ને? તેથી આ વાત આકરી લાગે.

અતીન્દ્રિય આનંદામૃતનો સાગર એવો ભગવાન જ્ઞાયક આત્મા એ જ દુનિયામાં અદ્ભુત અને ઉત્તમ તત્ત્વ છે. અરેરે! અજ્ઞાનીનો ગજ જ જ્યાં ખોટો, ત્યાં સાચું માપ કેમ બેસે? બાપ ૫૦ હાથ કાપડ લાવ્યો, આઠ વર્ષનો છોકરો પોતાના હાથથી માપીને બોલ્યો: બાપુ! આ કાપડ ૫૦ હાથ નથી, ૧૦૦ હાથ છે. બાપે કહ્યું: બેટા! માપવામાં તારો હાથ કામમાં ન આવે. એમ અજ્ઞાની જીવ પોતાની મતિકલ્પનાથી આત્માનું ને ધર્મનું માપ કરવા જાય પણ તેનું સાચું માપ ન આવે; દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત ને તપ વગેરે શુભ રાગને આત્મા—ધર્મ માનવો, અથવા તો તે કરતાં કરતાં ભગવાન આત્માની પ્રાપ્તિ થશે એમ માનવું — એ ખોટો ગજનું માપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેની અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે.'**

પ્રભુ! વિશ્વનું અદ્‌ભુત તત્ત્વ તું જ છો, તારામાં સહજજ્ઞાન, સહજદર્શન ને સહજ-આનંદ આદિ અનંત અનંત ગુણો પડયા છે. લાખ પાંખડીઓનું કમળ જેમ ખીલી ઊઠે તેમ નિજ ભગવાન આત્માની સમીપ જવાથી — અંદર જ્ઞાયકના તળમાં ઊંડા ઊતરવાથી — તારો અનંત ગુણોનો બગીચો પર્યાયમાં ખીલી નીકળશે. આત્માના અનંત ગુણોની પર્યાય અંશે વિકસિત થવી તેનું નામ 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' અને એ જ ધર્મનું પ્રથમ સોપાન છે.

**'ત્યાં જ જ્ઞાન મળશે, ત્યાં જ આનંદ મળશે; ત્યાં જ વિહાર કર.'**

શાસ્ત્રમાં ગોતવા જાય પણ ત્યાં જ્ઞાન કયાં છે? જ્ઞાન તો અંદર નિજ આત્મામાં છે. જ્યાં જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે ત્યાં જ તને આનંદ મળશે. બાયડી, છોકરાં, કુટુંબ ને પૈસામાં — ધૂળમાં જે આનંદ માન્યો છે, મજા માની છે તે માન્યતા જૂઠી છે, ભ્રમ છે. સાચો આનંદ તો અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં છે. પોતાની નાભિમાં કસ્તૂરી છે તેની કસ્તૂરીમૃગને જેમ ખબર નથી, તેમ આનંદ પોતાના ભગવાન આત્મામાં ભરપૂર છે તેની અજ્ઞાનીઓને ખબર નથી. અહા! આત્મામાં અંદર જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનો બગીચો છે — એ કેમ બેસે? ભાઈ? અંદરમાં જા, અંતરમાં દૃષ્ટિ કર તો એ બગીચો નંદનવનની જેમ ખીલી ઊઠશે, ત્યાં જ જ્ઞાન અને ત્યાં જ આનંદ મળશે; માટે ત્યાં જ વિહાર કર.

અંદર જ્ઞાયક આત્મામાં જ વિહાર કર, ત્યાં જ ગતિ કર, ત્યાં જ વિચર. સમયસારની ૪૧૨ મી ગાથામાં આવે છે ને —

> તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;
> તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.

અતીન્દ્રિય પૂર્ણાનંદનો નાથ, અનંત ગુણોનો સાગર એવો તારો ભગવાન અંદર બિરાજે છે ત્યાં જા ને; શરીર, સ્ત્રી, પુત્ર, પૈસા વગેરે બહારમાં કયાં જ્ઞાન ને આનંદ છે? જ્ઞાન ને આનંદ જ્યાં ભરપૂર છે ત્યાં અંદર વિહાર કર ને; અંદરમાંથી જ તને જ્ઞાન અને આનંદ મળશે.

**'અનંત કાળનો વિસામો ત્યાં જ છે.'**

ભાઈ! ચોરાશી લાખના અવતારમાં અનાદિના પરિભ્રમણનો થાક ઉતારવો હોય તો કાયમી વિશ્રામસ્થાન ત્યાં જ છે — તારું અદ્‌ભુત તત્ત્વ જ છે. જેમ કોઈ બહુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાલી ચાલીને થાકયો હોય તે પછી 'હાશ...' કરીને પડ ખાટલે, તેમ ચોરાશીના જન્મમરણના ફેરામાં પ્રભુ! તું થાકી ગયો છો ને? તે થાક ઉતારવાનું સ્થાન તો અંદર જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્મા છે, ત્યાં વિશ્રામ કર; ત્યાં દૃષ્ટિ કરીને સ્થિર થવું — સ્વરૂપરમણતા કરવી એ જ વિશ્રામ છે.

———o———

## વચનામૃત — ૨૪૯

**તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા, તને નિજ પરમાત્માનાં દર્શન થશે. ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ. ૨૪૯.**

**'તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા, તને નિજ પરમાત્માનાં દર્શન થશે.'**

જ્યાં પર્યાય-અપેક્ષાએ ઉપલકપણે આ શુભાશુભ રાગ દેખાય છે ત્યાં જ અંદર ઊંડે ઊંડે આનંદસાગર પ્રભુ ચૈતન્ય બિરાજે છે. તે ઉપરછલ્લા રાગ ને પર્યાયનું લક્ષ છોડ ને અંદર ધ્રુવ જ્ઞાયક તત્ત્વમાં ઊંડો ઊતરી જા, તને નિજ ચિદાનંદમય પ્રભુનાં દર્શન થશે. જેમ ભોંયરામાં અંદર ઊંડે જાય તો ત્યાં બિરાજમાન જિનપ્રતિમાનાં દર્શન થાય, તેમ વર્તમાન પર્યાયને ઉપર-ઉપરના વિભાવોથી પાછી વાળીને અંદર ધ્રુવ જ્ઞાયક દળમાં લઈ જા, ત્યાં તને તારા પરમાત્મસ્વરૂપ ભગવાનનાં કોઈ અનુપમ દર્શન થશે.

અહા! તે દર્શન કેવું હશે! લોકો તો સવારમાં મંદિર જાય અને માની લે કે— થઈ ગયાં ભગવાનનાં દર્શન; પણ ભાઈ! ત્યાં બહારમાં તારો આત્મા છે? અંદર જ્યાં તારો આત્મા છે ત્યાં તારી નજર કામ કરતી નથી. પરનું ને પર્યાયનું લક્ષ છોડી અંદર ઊંડે ગયા વિના નિજ જ્ઞાયક પરમાત્માનાં એ દિવ્ય દર્શન નહિ થાય.

ભેદજ્ઞાનના નિર્મળ અભ્યાસ વડે વિભાવથી જુદો પડી અંતરમાં — જ્ઞાયકમાં — ઊંડો ઊતરી જા. અંદરમાં જે જ્ઞાયકવસ્તુ છે તે કોઈ બાહ્ય લક્ષથી નહિ પણ અંતરના ધ્યાનથી પ્રાપ્ત થાય તેવી છે. અંદર ધ્રુવ જ્ઞાયકમાં એકાગ્ર થા તો તે ધ્યાનકાળમાં નિજ પરમાત્માનાં દર્શન થશે. અહા! આ વાત જીવને આકરી લાગે, પણ સમ્યગ્દર્શન પામવાની રીત તો આ જ છે.

**'ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ.'**

શું કહે છે? અંદર અતીન્દ્રિય આનંદકંદ, જ્ઞાનાદિ ગુણોનું ગોદામ, અનંત શક્તિઓનું સંગ્રહાલય એવો જે ભગવાન આત્મા બિરાજે છે તેમાં ઊંડો ઊતરી જા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તને ત્યાંથી બહાર નીકળવું ગમશે જ નહિ. અરે! જેને હજુ એક બીડી વગર ન ચાલે, દોઢ પાશેર ચા પીએ ત્યારે માંડ વ્યાખ્યાન સાંભળવામાં મગજ ઠેકાણે રહે, તેને આ, પરથી ને રાગથી ભિન્ન નિજ પરમાત્માની વાત કઈ રીતે બેસે ? અહીં તો કહે છે — આનંદસાગર નિજ જ્ઞાયકપ્રભુ અંતર અનુભવમાં આવતાં, ત્યાંથી બહાર આવવું તને ગોઠશે — રુચશે નહિ. અહા! એવી એ કોઈ અદ્દભુત ચીજ — પરમાનંદનું ધામ — અંદર સદા વિદ્યમાન છે. પરમાનંદસ્વરૂપ પ્રભુનાં અંદર દર્શન થતાં, તેનું વેદન થતાં ત્યાંથી બહાર નીકળવું દુઃખમય લાગશે. દયા-દાન ને વ્રત-તપના વિકલ્પો આવે, પણ એ તને દુઃખરૂપ લાગશે. અંદર સ્વરૂપમાં જવાથી તને આનંદ થશે અને ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ.

આપણને તો આ ભવિષ્યના તીર્થંકર ભગવાન મળી ગયા; વર્તમાન ભગવાનની જેમ જ તેમની વાણીના શ્રવણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય કયું?

—બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૯૬

તા. ૨૧-૯-૭૮

## વચનામૃત — ૨૫૦

**મુનિઓને અંતરમાં પગલે પગલે—પુરુષાર્થની પર્યાયે પર્યાયે પવિત્રતા ઝરે છે. ૨૫૦.**

આ બોલમાં મુનિરાજની પવિત્રતા વિષે વાત કહી છે. આવે છે ને — મુનિરાજને તો નિરંતર આનંદઝરતું પ્રચુર સ્વસંવેદન હોય છે. સાચા મુનિને — ભાવલિંગી મુનિરાજને — અંતરમાં પગલે પગલે એટલે કે સ્વસન્મુખતાના પુરુષાર્થની પર્યાયે પર્યાયે પવિત્રતા—શુદ્ધિની વૃદ્ધિ — ઝરે છે. જેમને અંદર ચારિત્ર સહિત આત્માના ધ્યાનની દશા પ્રગટી છે, અંતરમાં જતાં જેમને આનંદધામ જ્ઞાયકના ઉગ્ર અવલંબનના બળે પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે, જેમને ધ્રુવ ચૈતન્યનો ઉગ્ર આશ્રય કરવાથી ચારિત્રદશામાં નિરંતર શુદ્ધિ વધતી જાય છે એવા મુનિરાજને તો અંદરમાં પુરુષાર્થની પર્યાયે પર્યાયે પવિત્રતા ઝરે છે — આનંદ ઝરે છે.

અહા ! જ્ઞાયક આત્મદ્રવ્યના તળમાં ઊંડા ઊતરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થયું, પછી અંદર ઉગ્ર આશ્રય કરવાથી જે ચારિત્રદશા પ્રગટ થઈ, તેમાં જે શુદ્ધિ છે તે સ્વસન્મુખતાના પુરુષાર્થથી પર્યાયે પર્યાયે વધતી જાય છે. અહા ! એવી દશાને મુનિપણું કહેવાય છે; અને જે અંદર ધ્રુવ જ્ઞાયકના તળમાં જઈને સ્વભાવનું નિધાન ખોલે — તળિયામાંથી પાતાળનું પાણી લાવે — તેને સમ્યગ્દર્શન કહેવાય છે. જેમ કોઈ ઊંડા કૂવામાં કોશિયો ભૂસકો મારી, નીચે તળમાં જઈને તાગ — રેતી લઈ આવે, તેમ પ્રભુ ! અંદર આનંદનો પાતાળિયો કૂવો છે તેના તળમાં જઈને આનંદઝરતી નિર્મળ પર્યાયને બહાર લાવ ને.

ભાઈ ! તું અંદરમાં ઊંડો ઊતરી જા, તને બહાર આવવું નહિ ગોઠે. અહીં તો મુનિદશાની વાત છે. મુનિરાજને તો અંતરમાં નિરંતર આનંદની ધારા વહે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પવિત્રતા ઝરે છે, મહાવ્રત વગેરે રાગનો વિકલ્પ આવે પણ તે શુભ ભાવ તો ઉપર ઉપર તરે છે તથા સ્વભાવથી વિપરીતપણે વેદાય છે; તેમને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે તેથી તેના આશ્રયે અંતરમાં પર્યાયે પર્યાયે પવિત્રતા વધતી જ જાય છે.

—o—

## વચનામૃત — ૨૫૧

**દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે. ૨૫૧.**

અહા! બેને દોઢ લીટીના આ બોલમાં મહા સિદ્ધાન્ત કહી દીધો છે. દ્રવ્ય નામ પૂર્ણજ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા તેને કહેવાય કે જેનાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે કાર્ય માટે, નિર્મળ સાધક ને સાધ્ય દશા પ્રગટ કરવા માટે, બીજાં સાધનોની રાહ જોવી ન પડે. રાગની મંદતા ને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ તથા શરીરનું મજબૂત સંહનન વગેરે બીજાં સાધનોથી આત્મકલ્યાણ થાય — એવી ત્યાં (દ્રવ્યસ્વભાવને) જરૂર નથી.

અહા! ચૈતન્યનું વજ્રબિંબ ભગવાન આત્મા અંદર પૂર્ણ સામર્થ્યથી ભરપૂર પડ્યો છે ને, તેને પોતાના કાર્ય માટે બીજાં સાધનોની રાહ શેની જોવી પડે? બાપુ! તારા હિતની આ વાત બહુ ઝીણી છે; બાકી તો આ સમજ્યા વિના બીજું બધું એમ ને એમ કરી કરીને મરી ગયો.

નિજ જ્ઞાયક દ્રવ્યની દૃષ્ટિ થવી તે ધર્મની શરૂઆત છે, ધર્મનો પહેલો એકડો છે. તે દ્રવ્ય કોને કહીએ? — કે જેનાં ધર્મરૂપ કાર્ય માટે પર સાધનોની રાહ જોવી ન પડે. આટલી બહારની નિવૃત્તિ હોય, ખાવા-પીવાની સગવડતા હોય, પુસ્તક વગેરે સાધનો હોય તો જ આત્માનું કાર્ય થાય એમ નથી. અરેરે! આ વાત એણે અંદરની રુચિથી કદી સાંભળી નથી અને અનાદિથી ચોરાશીના અવતારપ્રવાહમાં તે ડૂબીને મરી ગયો. આખો દિવસ પાપ, પાપ ને પાપ — પાપનાં પોટલાં; ધર્મ તો છે નહિ પણ સરખું પુણ્યેય નથી. માણસ થયો ત્યાં આખો દી રળવું, બાયડી-છોકરાં સાચવવાં — એ પાપ આડે એને જરાય ફુરસદ નથી. જો જરા વખત કાઢી બે-ચાર કલાક સત્સમાગમ કરે, શ્રવણ-મનન કરે તો તેને તે શુભભાવમાં પુણ્યેય થાય — ધર્મ નહિ. અહા! ધર્મ માટે એટલે કે આત્મદ્રવ્યની નિર્મળ સાધના માટે પરદ્રવ્યના સાધનની રાહ જોવી ન પડે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન કહે છે — પ્રભુ! તું શક્તિએ પરમાત્મા છો; તારે પરમાત્મસ્વરૂપની પર્યાય પ્રગટ કરવા માટે અનેરાં દ્રવ્યની — દેવ-શાસ્ત્ર-ગુરુ મળે તો જ કાર્ય થાય એમ — રાહ જોવી ન પડે. અખંડ સ્વતંત્રતાથી શોભાયમાનપણું જેનું સ્વરૂપ છે એવી અદ્‌ભુત પ્રભુત્વશક્તિથી ભરેલો તું ભગવાન છો, વસ્તુ છો, દ્રવ્ય છો, કે જેની નિર્મળ પર્યાયરૂપ કાર્ય માટે અનેરાં દ્રવ્યોની, અનેરાં તત્ત્વોની કે અનેરાં સાધનોની જરૂર ન પડે. અહા! આવી વાત છે. સમજાય છે કાંઈ? ભાઈ! પહેલાં શ્રદ્ધામાં નિર્ણય તો કર કે 'માર્ગ તો આ છે'.

જ્યાં ત્રણ લોકના નાથ શ્રી તીર્થંકર ભગવાન સદા બિરાજે છે તે વિદેહક્ષેત્રમાં આ જીવ અનંત વાર જન્મી આવ્યો, અનંત વાર સમવસરણમાં જઈ આવ્યો, પણ ભાઈ! અંતર આત્મપ્રાપ્તિના કાર્યને એ બહારનાં નિમિત્તો શું કરે? અંદરના કાર્ય માટે બહારનાં સાધનોની રાહ જોવી પડતી નથી. અંતરમાં આત્મવસ્તુ જે પોતે જ કારણ-અપેક્ષાએ પરમાત્મા છે, તેમાંથી જ કાર્ય-અપેક્ષાની પરમાત્મદશા પ્રગટ થાય છે. અંદર વસ્તુ છે; તેનો અંતર્મુખ થઈ સ્વીકાર કરતાં, તે નિર્મળ પર્યાયરૂપ કાર્ય માટે બહારનાં કોઈ કારણોની જરૂર નથી. અહા! આ વાત આકરી પડે. પણ ભાઈ! વીતરાગે કહેલો માર્ગ તો આ જ છે.

પ્રશ્ન:— પેટમાં કુરકુરિયાં બોલતાં હોય — ભૂખ્યો હોય તે ધર્મ કઈ રીતે કરે? માટે પહેલાં રોટલા કેમ મળે, તેનો ઉપદેશ આપવો જોઈએ.

ઉત્તર:— ભાઈ! શું રોટલા વગેરે બાહ્ય વસ્તુથી ધર્મ થાય છે? રોટલા મળે ને પછી કહેશો કે તે પચ્યા પછી ધર્મ કરીશ; તે પચી ગયા પછી ફરીને ભૂખ લાગશે ત્યારે કહેશો કે ફરીને રોટલા મળે પછી ધર્મ કરીશ — એ રીતે રોટલાની માંગનું ચક્કર ચાલ્યા જ કરે છે; તો ત્યાં સુધી જીવે શું કરવું? બહારમાં ભૂખ્યો હોય તો આત્માનું કાર્ય ન કરી શકે અને પેટ ભરેલું હોય તો જ અંદર આત્માનું કાર્ય — સમ્યગ્દર્શન — થઈ શકે, એમ છે જ નહિ. તેત્રીશ-તેત્રીશ સાગરોપમ વર્ષ સુધી જેને આહારનો એક કણ નહિ ને પાણીનું એક બિંદુ નહિ, — અંદર ભૂખની પીડા એટલી કે 'તીન લોકકો નાજ જુ ખાય, મિટે ન ભૂખ, કણા ન લહાય' અને તરસ એટલી કે 'સિંધુનીરતૈં પ્યાસ ન જાય, તો પણ એક ન બુંદ લહાય' — જન્મે ત્યારથી જેને સોળ મહા રોગ હોય, અરે! પહેલી, બીજી અને ત્રીજી નરકમાં પરમાધામીઓ નારકી જીવને બૂરી રીતે બાંધે, બાંધીને લોઢાના ધગધગતા સળિયા ભોંકે એવે વખતે એ સાધન અનકૂળ નથી માટે આત્માનું કાર્ય ન થઈ શકે — એમ નથી. ભાઈ! એ સમયે પણ જીવ અંદરમાં ઊતરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો સમ્યગ્દર્શન પામી શકે છે. વેદનાને કારણે પણ સમકિત પામી શકે છે — એમ શાસ્ત્રમાં આવે છે ને ? વેદના વખતે લક્ષ છે બહારની પીડાનું, પણ કોઈ જીવ તે વખતે વેદનાનું લક્ષ છોડી અંદર ઊતરી જાય તો તેને વેદનાથી સમકિત થયું — એમ કહેવામાં આવે છે. અહા ! એ સ્થિતિ ! એ દુઃખ ! — સહ્યાં પણ ન જાય ને સાંભળ્યાં પણ ન જાય ! એ કાળે પણ આત્મા અંદરમાં જઈ શકે છે હોં ! એનું કાર્ય, બહારની બધી સરખાઈ હોય, અનુકૂળ સાધન હોય, તો જ થઈ શકે — એમ નથી.

અહીં તો બેન કહે છે કે — દ્રવ્ય એટલે કે પરમાત્મસ્વરૂપ આત્મા તેને કહેવાય કે જેના કાર્ય માટે — નિર્મળ ધર્મરૂપ પોતાની પર્યાય માટે — અંતરનો આશ્રય લેતાં પર સાધનની બિલકુલ જરૂર પડતી નથી.

પ્રશ્ન :— 'જબલોં ન રોગ જરા ગહે, તબલોં ઝટિતિ નિજ હિત કરો' — એમ શાસ્ત્રમાં આવે છે ને ?

ઉત્તર :— હા. શાસ્ત્રમાં કહ્યું છે : શરીરમાં જ્યાં સુધી ઘડપણ ન આવે, ઇંદ્રિયો શિથિલ ન થાય, વ્યાધિઓ ઉપદ્રવ ન કરે, તે પહેલાં આત્માનું હિત કરી લેજે. એ તો પામર પ્રાણીઓને પ્રમાદ છોડવા ને ધર્મ પ્રત્યે વાળવા માટે કહ્યું છે; પણ એવી પ્રતિકૂળતાના પ્રસંગે — અરે ! પરમાધામીઓ આંખમાં તેજાબ છાંટે એવા ટાણે — બહારનું સાધન આવું છે માટે અંતરમાં ઊતરી શકે નહિ, સમ્યગ્દર્શન ન થઈ શકે — એમ છે જ નહિ. આત્મા સ્વતંત્ર વસ્તુ છે, તેને પોતાના કાર્ય માટે બહારનાં સાધનોની રાહ જોવી પડે — એવું વસ્તુસ્વરૂપમાં જ નથી.

પ્રભુ ! તું તો જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત શક્તિઓનો સાગર છો ને. તારા સાધનારૂપી કાર્ય માટે અન્ય કારણ કે સહાયની બિલકુલ જરૂર નથી. બીજી રીતે કહીએ તો આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ નિશ્ચયરત્નત્રય, વ્યવહાર-રત્નત્રયરૂપ કારણ હોય તો થાય — એમ પણ નથી. અરે ! આ વાતમાં વિશ્વાસ કેમ આવે ?

મોટાં શહેરોમાં કોઈ દુષ્ટ લોક છોકરાંઓને ઉપાડી જાય, હાથ-પગ કાપી નાખે, આંખ ફોડી નાખે અને તેમની પાસે ભીખ માંગવાનો ધંધો કરાવે. ભાઈ! ભલે આંખ ફોડી, પ્રતિકૂળતા આવી, પણ તું અંદર ચૈતન્ય છો ને ? તું તો ઇંદ્રિયોથી સાવ જુદો પદાર્થ છો. અંતરમાં ઊતરી જા ને. તારા ધર્મકાર્ય માટે, અંદરની શાંતિ માટે, બહારના કોઈ પણ સાધનની રાહ જોવી પડે — એવું છે જ નહિ. બહારનાં સાધનની બિલકુલ જરૂર નથી. અહા ! આ મોટો સિદ્ધાંત છે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૫૨

**ભેદજ્ઞાનના લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે. વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે; તે સત્-માર્ગને સુગમ કરે છે. ૨૫૨.**

**'ભેદજ્ઞાનના લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે.'**

જ્યારે નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશા હોય ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુ કે શ્રવણ-વાંચન-વિચાર વગેરે કોઈ જાતનો — બુદ્ધિપૂર્વકનો — વિકલ્પ હોતો નથી, પરંતુ વિકલ્પાત્મક ભૂમિકામાં સ્વ-પરના તેમ જ સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાનના લક્ષે — પરથી ને રાગથી ભિન્ન નિજ શુદ્ધ જ્ઞાયક-તત્ત્વના લક્ષે — આગમનું ચિંતવન મુખ્ય રાખજે. ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્મા, તેમના અનુયાયી વીતરાગી સંતો તથા સ્વાનુભૂતિસંપન્ન જ્ઞાનીઓ આત્માનું સ્વરૂપ, તેની પ્રાપ્તિનો — ભેદજ્ઞાનનો — ઉપાય શું કહે છે તે સમજવા માટે, સમજવાના વિકલ્પવાળી ભૂમિકામાં સર્વજ્ઞ પરમાત્માની વાણીમાંથી આવેલાં પરમાગમનું ચિંતન-મનન-ઘોલન મુખ્ય રાખજે.

પ્રવચનસારમાં આવે છે ને ? — દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવે અર્હંતના જ્ઞાન દ્વારા થનારું નિજ આત્માનું તે પ્રકારનું જ્ઞાન કે જે મોહના નાશનો ઉપાય છે તે, ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે. કયો ઉપાયાન્તર ? જે પરિણામ ભાવજ્ઞાનના અવલંબન વડે દઢીકૃત હોય એવા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો — ભેદજ્ઞાનના લક્ષે પરમાગમનું ચિંતન રાખવું — તે મોહક્ષયનો ને આત્મપ્રાપ્તિનો ઉપાયાન્તર છે. શ્રીમદે પણ કહ્યું છે :

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;<br>
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.<br>
અથવા સદ્ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;<br>
તે તે નિત્ય વિચારવાં, કરી મતાન્તર ત્યાજ.

પ્રભુ ! તેં રાગની સાથે એકતાનાં તાળાં માર્યાં છે; ભેદજ્ઞાનના અભ્યાસ વડે તે તાળાં તોડ ને અંદરનું નિધાન ખોલ. એ ખોલવામાં બીજાની મદદની જરૂર નથી. હા, વિકલ્પની ભૂમિકામાં હો ત્યારે ભેદવિજ્ઞાનનો ઉપાય બતાવનારાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે. કયાં આગમ ? ભગવાને કહેલાં, બીજાં નહિ. વીતરાગ દિગંબર સંતોએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેલાં છે તે જ સાચાં આગમ છે. ભગવાનના નામે ચડાવેલાં બત્રીસ કે પિસ્તાળીસ તે આગમ જ નથી, કલ્પિત રચેલાં છે. આકરું કામ ! કઠણ વાત ! શું થાય ભાઈ ? ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞની દિવ્યધ્વનિની જે વાણી, તેના આધારે રચાયેલાં જે સમયસાર, પ્રવચનસાર અને નિયમસાર વગેરે શાસ્ત્રો — વીતરાગ દિગંબર સંતોની વાણી — તે સાચાં આગમ છે.

નિર્વિકલ્પ અનુભવમાં પડયો હોય ત્યારે તો ચિંતન વગેરે કાંઈ છે નહિ, પણ વિકલ્પ આવે તે કાળે ભેદજ્ઞાનનું — સ્વનું — લક્ષ રાખીને પરમાગમનું ચિંતન મુખ્ય રાખજે. અરે ! ઉપરટપકે તો આગમનો અભ્યાસ અનંત વાર કર્યો. આચારાંગ સૂત્રનાં અઢાર હજાર પદ અને એક-એક પદના એકાવન કરોડ ઝાઝેરા શ્લોક — એવાં અગિયાર અંગ અનંત વાર ભણી ગયો, પણ તેથી શું ? ભાઈ ! શરીર અને રાગથી ભિન્ન નિજ ચૈતન્ય ભગવાનનું અંદર લક્ષ કરી વિકલ્પની ભૂમિકામાં, ચૈતન્યનો રાહ બતાવનાર પરમાગમનું ચિંતવન મુખ્ય રાખજે. ચિંતવનનો ભાવ છે તો શુભ રાગ, પણ અંદર લક્ષ બંધાયું છે ચૈતન્ય ઉપર.

**'વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે; તે સત્-માર્ગને સુગમ કરે છે.'**

વિશેષ શાસ્ત્રજ્ઞાન, જો તે આત્માના લક્ષે કરવામાં આવે તો તે, માર્ગનાં ચારે પડખાં સૂઝવાનું, અંદર નિર્મળતાનું કારણ બને છે. તે જ્ઞાન છે વિકલ્પવાળું, પણ અંદર સાથે સ્વલક્ષ હોવાથી તે જ્ઞાનમાં એ જાતની — માર્ગની ચારે બાજુનાં પડખાં સૂઝવાની — વિશેષતા છે ને ? મોક્ષમાર્ગપ્રકાશકમાં શાસ્ત્રનું ઉદ્ધરણ આપ્યું છે ને —

"सामान्यशास्त्रतो नूनं विशेषो बलवान् भवेत् ।"

સામાન્ય શાસ્ત્ર કરતાં — સામાન્ય શાસ્ત્રજ્ઞાન કરતાં — વિશેષ શાસ્ત્રજ્ઞાન બળવાન છે, કેમ કે વિશેષ શાસ્ત્રજ્ઞાનથી માર્ગનાં ચારે પડખાંનો સારી રીતે નિર્ણય થઈ શકે છે; તે સત્-માર્ગને સુગમ કરે છે. માટે ભેદજ્ઞાનના લક્ષે આગમનો અભ્યાસ કરવા યોગ્ય છે. શાસ્ત્રજ્ઞાનમાં સાથે જે વિકલ્પ છે તે કાંઈ બળવાન એટલે કે શુદ્ધિનું કારણ નથી, પણ અંદર ભેદજ્ઞાનનું લક્ષ હોવાથી, તે કાળે આત્માના આશ્રયે જે સંસ્કાર દઢાતા જાય છે તે જ બળવાન છે અને તે જ શુદ્ધિનું કારણ છે. આત્માના લક્ષે વિશેષ શાસ્ત્રજ્ઞાનથી માર્ગની ચૌદિશાનો — ચારે બાજુનાં પડખાંનો — ખ્યાલ આવતો હોવાથી તેના વડે માર્ગ સુગમ બને છે, માર્ગનો અવિરોધપૂર્વક સાચો ખ્યાલ સરળતાથી આવે છે. માર્ગ સુગમ રીતે બરાબર સમજવામાં શાસ્ત્રજ્ઞાન નિમિત્ત તો છે ને ? સમજાય છે કાંઈ ?

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૨૫૩

**આત્માને ત્રણ કાળની પ્રતીતિ કરવા માટે 'હું ભૂતકાળમાં શુદ્ધ હતો, વર્તમાનમાં શુદ્ધ છું, ભવિષ્યમાં શુદ્ધ રહીશ'—એવા વિકલ્પ કરવા પડતા નથી, પણ વર્તમાન એક સમયની પ્રતીતિમાં ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે—આવી જાય છે. ૨૫૩.**

શું કહે છે? વર્તમાન એક સમયમાં જે ત્રિકાળી આખી ધ્રુવ જ્ઞાયકવસ્તુ છે—વર્તમાન એક સમયમાં વસ્તુ ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યસ્વરૂપ છે ને?—તેની પ્રતીતિ કરવા માટે 'હું શુદ્ધ હતો, શુદ્ધ છું ને શુદ્ધ રહીશ'—એવા ભેદની એને જરૂર નથી. અહા! ત્રિકાળી તત્ત્વને ત્રણ કાળમાં ગોઠવીને પ્રતીતિ કરવી પડે—એમ નથી. ત્રિકાળી તત્ત્વ વર્તમાનમાં જ પૂર્ણ છે. મોક્ષશાસ્ત્રમાં કહ્યું છે ને—'उत्पादव्ययध्रौव्ययुक्तम् सत्'। દ્રવ્ય એક સમયમાં જ ત્રિપટું 'સત્' છે, એક સમયમાં ત્રણે છે. વસ્તુમાં જે ઉત્પાદ-વ્યય છે તે એક સમયના પરિણામ છે અને ધ્રૌવ્ય ત્રણે કાળ રહેનારું દ્રવ્ય છે. વર્તમાનમાં જે વસ્તુ છે તે ત્રણે કાળ રહેનારી છે માટે તે ધ્રુવ છે. તેના ધ્રુવ સ્વભાવની પ્રતીત કરવા માટે ત્રણ કાળ તરફ દૃષ્ટિ લંબાવવી પડતી નથી. વર્તમાન એક સમયની પ્રતીતિમાં ત્રણે કાળની પ્રતીત સમાઈ જાય છે. ધ્રૌવ્યની પ્રતીતિમાં ત્રણે કાળ એમાં ભેગા આવી જાય છે, એને જુદા પાડવા પડતા નથી.

અહા! આ તો રખડતા પ્રાણીએ આશ્રય કોનો લેવો? કેમ લેવો?—એની વાત છે બાપુ! દુનિયા માને કે ન માને—એની સાથે કોઈ સંબંધ નથી. આત્માને વર્તમાન એક સમયમાં ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વની પ્રતીતિ કરવા માટે ત્રણ કાળનો આશ્રય લેવાની જરૂર નથી, વર્તમાન એક સમયમાં જ આખા ધ્રૌવ્યની પ્રતીતિ આવી જાય છે. અહા! વાત બહુ ઊંચી ને ઝીણી છે! અરેરે! કોઈ દિવસ જીવે આત્માનું હિત કેમ થાય તે વાતની દરકાર કરી નથી. એણે આ દુનિયાની હોંશું ને બહારના હરખ કર્યા. પ્રભુ! તું તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક છો ને? તારા ધ્રૌવ્યમાં 'હતું', છે ને રહેશે' એવા ત્રણ કાળના ભેદ પાડવાની કાંઈ જરૂર નથી. જરા આકરી લાગે એવી વાત છે.

આત્મદ્રવ્ય વર્તમાન ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. તેમાં ધ્રૌવ્યની પ્રતીતિમાં ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે, ત્રણે કાળ રહેનારો જે પદાર્થ છે તે એક સમયની પ્રતીતિમાં આવી જાય છે. એક સમયની પર્યાયમાં ત્રિકાળી આખી વસ્તુ ભલે આવી ન જાય, અર્થાત્ ત્રિકાળી વસ્તુ વર્તમાન પર્યાય જેવડી થઈ ન જાય, પણ તે, એક સમયની પ્રતીતિ ને જ્ઞાનનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષય થાય છે — ધ્રુવનું આખું સામર્થ્ય પ્રતીતિ ને જ્ઞાનમાં આવી જાય છે. એક સમયની પર્યાયમાં ધ્રૌવ્યની પ્રતીતિ કરી તેમાં અંદર બધું આવી ગયું. અહા! આવું આકરું પડે. અરેરે! આવી વાત સાંભળવા પણ મળે નહિ, બિચારા શું કરે? મજૂરી કરી કરીને મરી ગયા — એક તો સંસારની મજૂરી, ને કોઈ વખત દયા, દાન, પૂજા, ભક્તિ, અરે! સાંભળવાનો રાગ કરે — એ પણ મજૂરી. ભાઈ! આ પૂર્ણ અને નિત્ય એવા જ્ઞાનાનંદના ધ્રુવ ધામને — ભગવાન નિજ જ્ઞાયક ધ્રુવ આત્માને — અંદરમાં જો ને. તે એક સમયમાં આખો પરિપૂર્ણ છે, તેની એક સમયમાં પ્રતીતિ કરતાં 'હું ભૂતકાળમાં શુદ્ધ હતો, વર્તમાનકાળમાં શુદ્ધ છું અને ભવિષ્યકાળમાં શુદ્ધ રહીશ' એમ ત્રણે કાળની પ્રતીતિ એમાં ભેગી આવી જાય છે, ત્રણ કાળની પ્રતીતિ માટે એવા વિકલ્પ કરવા પડતા નથી.

ત્રિકાળી તત્ત્વને ચૂકીને માત્ર વર્તમાન પર્યાય ને રાગનો ભરોસો છે તે તો પર્યાયબુદ્ધિ હોવાથી મિથ્યાદૃષ્ટિ છે. વર્તમાન પર્યાયનું લક્ષ છોડી અંદર ધ્રુવ તત્ત્વની સન્મુખ થતાં — અંતરમાં ત્રિકાળી સત્-સાહેબ પ્રભુ છે તેના ઉપર નજર કરતાં — એક સમયની પ્રતીતિમાં આખું ત્રિકાળી ધ્રુવ તત્ત્વ આવી જાય છે, સમાઈ જાય છે. અહા! આ તે કોઈ પુસ્તક! હજી આગળ જશે, આધેના લોકો વાંચશે. જેમ જેમ વાંચશે તેમ તેમ ધીમે ધીમે તેની કિંમત થતી જશે કે — અહા! આ તે શું છે! સમજાણું કાંઈ? એક જણનો કાગળ આવ્યો છે કે — આ પુસ્તકનું નામ 'બહેનશ્રીનાં વચનામૃત' છે તેને ઠેકાણે 'દિવ્યધ્વનિનાં વચનામૃત' એમ લખો; કેમ કે આ તો દિવ્યધ્વનિ જ છે.

અહીં શી વાત ચાલે છે? — કે ત્રિકાળી ધ્રુવ અભેદ જ્ઞાયકવસ્તુ પૂર્વે શુદ્ધ હતી, હાલ શુદ્ધ છે અને હવે શુદ્ધ રહેશે — એવા ત્રણ કાળના વિકલ્પની એને પ્રતીતિમાં જરૂર નથી. વર્તમાન એક સમયમાં જ જે આખું ત્રિકાળી ધ્રૌવ્ય પડ્યું છે તેને ત્રણ કાળની કે એવી બીજી કોઈ અપેક્ષાની જરૂર નથી. અરેરે! તત્ત્વની વાતમાં અત્યારે ઘણો ફેરફાર થઈ ગયો છે. લોકોને આ સત્ય વાત કાને જ ક્યાં પડે છે? અહા! મહાવિદેહક્ષેત્રમાં તો અત્યારે ભગવાનના સમવસરણમાં લાખો ને કરોડો લોકો આત્માની આ વાત સાંભળે છે, અરે! તિર્યંચો — સિંહ, વાઘ, ગાય, બકરી ને અન્ય પશુઓ — પણ રસથી સાંભળે છે. સમજાય છે કાંઈ?

વર્તમાન એક સમયની પ્રતીતિમાં ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે એટલે કે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વ છે તે એક સમયની પર્યાયમાં પ્રતીતિપણે આવી જાય છે. તેની પ્રતીત માટે એને ત્રણ કાળમાં લંબાવવાની જરૂર નથી. ઉત્પાદ-વ્યયનો વર્તમાન જે સમય છે તે જ કાળમાં ત્રિકાળી ધ્રુવ તત્ત્વ અંદર સાથે જ પડ્યું છે ને? એમ એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયની પ્રતીતિમાં ત્રિકાળી આખું તત્ત્વ શ્રદ્ધાઈ જાય છે એમ બતાવીને 'પર્યાયનું સામર્થ્ય જબરું'—એમ કહેવું છે, પણ પર્યાયમાં 'વર્તમાન ધ્રુવ છે અથવા તો ત્રણ કાળ રહેનારું છે' એવો ભેદ—વિકલ્પ—પાડવો નથી. અહા! વીતરાગનો માર્ગ આવો છે, વિચારે તો બેસી જાય એવો છે. પ્રભુ! તારો સ્વભાવ જ એવો છે કે વર્તમાન એક સમયમાં જ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકપણે રહેવું. તેની વર્તમાન એક સમયની પ્રતીતિમાં ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે—ભેગી આવી જાય છે. સમજાણું કાંઈ?

———o———

## વચનામૃત—૨૫૪

**જીવને જેમ પોતામાં થતાં સુખદુઃખનું વેદન થાય છે તે કોઈને પૂછવા જવું પડતું નથી, તેમ પોતાને સ્વાનુભૂતિ થાય છે તે કોઈને પૂછવું પડતું નથી. ૨૫૪.**

સાંસારિક કલ્પનાનું જે સુખ કે દુઃખ થાય તેનું વેદન કોઈને પૂછવા જવું પડે છે? એમ, ત્રિકાળી જ્ઞાયક ભગવાન જેવો છે તેવો દૃષ્ટિ અને જ્ઞાનમાં આવતાં વર્તમાન પર્યાયમાં જે નિર્મળ નિર્વિકલ્પ અનુભવ થયો, સ્વાનુભૂતિ થઈ તે કોઈને પૂછવા જવું પડતું નથી. કેટલાક એમ કહે છે કે સમ્યગ્દર્શન થયાની આપણને ખબર ન પડે, પણ ભાઈ! આ અતીન્દ્રિય સ્વાનુભૂતિની ખબર પડે છે તો તેના ભેગું સમ્યગ્દર્શન આવી ગયું કે નહિ? અરેરે! શું થાય? લોકોએ માર્ગને વીંખી નાખ્યો છે. અનુભૂતિ તો સાધકનું મુખ્ય લક્ષણ કહ્યું છે. સમ્યક્ત્વનું લક્ષણ તો નિજ-શુદ્ધાત્મપ્રતીતિ છે, પણ જ્યાં સ્વાનુભૂતિ પ્રગટી ત્યાં તે સાથે હોય જ; સમકિત થતાં જ સાથે સ્વાનુભૂતિ થાય છે. અહા! એ અપૂર્વ ને અનુપમ સ્વાનુભૂતિ થાય છે તે કોઈને પૂછવા જવું પડતું નથી. તે પોતાના અનુભવમાં—વેદનમાં આવે છે, તે જાણી શકાય છે. જાણી શકાતી નથી—એમ છે જ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૯૭

તા. ૨૨-૯-૭૮

## વચનામૃત — ૨૫૫

**અંતરનો અજાણ્યો માર્ગ; અંતરમાં શી ઘટમાળ ચાલે છે, તે આગમ ને ગુરુની વાણીથી જ નક્કી કરી શકાય છે. ભગવાનની સ્યાદ્વાદ-વાણી જ તત્ત્વ પ્રકાશી શકે છે. જિનેન્દ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે; તો જ તારી સાધનાનાં પગલાં મંડાશે. ૨૫૫.**

**'અંતરનો અજાણ્યો માર્ગ; અંતરમાં શી ઘટમાળ ચાલે છે, તે આગમ ને ગુરુની વાણીથી જ નક્કી કરી શકાય છે.'**

ભગવાન આત્મા કે જે જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, તેની સમ્યક્ પ્રતીતિ, જ્ઞાન અને રમણતા જીવને અનાદિથી અપરિચિત છે. અંતરમાં શી ઘટમાળ ચાલે છે — ધર્માત્માને પણ અંદર દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ તથા તત્ત્વશ્રવણ-વાંચન-વિચારનો રાગ આવે છે, વિકલ્પોની ઘટમાળ ચાલે છે — તેનો આગમ એટલે કે વીતરાગની વાણી તથા તત્કાળબોધક ગુરુની વાણીથી જ નિર્ણય થઈ શકે છે. તેથી સાચા નિર્ણય માટે દેવ-ગુરુની વાણીને સાથે રાખવી, પોતાના સ્વચ્છંદથી — નિજ મતિકલ્પનાએ — નિર્ણય ન કરવો.

**'ભગવાનની સ્યાદ્વાદ-વાણી જ તત્ત્વ પ્રકાશી શકે છે.'**

ભગવાનની વાણી સ્યાદ્વાદ છે, વસ્તુના સ્વરૂપનું અપેક્ષાપૂર્વક કથન કરનારી છે. તેમાં કયા ઠેકાણે કઈ અપેક્ષાથી કથન કર્યું છે તે ગુરુગમે બરાબર સમજવું જોઈએ. શાસ્ત્રમાં એક ઠેકાણે એમ કહે કે સમ્યગ્દષ્ટિ જીવને બંધ છે જ નહિ અને બીજે ઠેકાણે એમ કહે કે જ્યાં સુધી યથાખ્યાતચારિત્ર — પૂર્ણ ચારિત્ર — ન થાય ત્યાં સુધી, દસમા ગુણસ્થાન સુધી, મોહભાવના — લોભના — સૂક્ષ્મ અંશનો સદ્ભાવ અવશ્યંભાવી હોવાથી જ્ઞાનીને પણ બંધ થાય છે. માટે જ્યાં જે અપેક્ષા હોય ત્યાં તે બરાબર સમજવી જોઈએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચોથે ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને બંધ થતો નથી; કઈ અપેક્ષાએ? મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાયના અભાવની અપેક્ષાએ. ત્યાં અસ્થિરતા-અપેક્ષાએ પણ સર્વથા બંધ નથી એમ જો કોઈ માને તો તે અજ્ઞાની છે.

શાસ્ત્રમાં એમ પણ આવે કે 'જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે'. ભોગનો ભાવ તો રાગ છે, દુઃખ છે, તે કાંઈ નિર્જરાનો હેતુ થાય? ત્યાં દૃષ્ટિનું જોર બતાવવું છે. જેને ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ નિરન્તર વર્તી રહી છે તેને ઉદયના યોગે ભૂમિકા અનુસાર જે ભોગનો ભાવ આવે છે તે, તેવા બંધનું કારણ નહિ થતો હોવાથી, અલ્પ બંધ થવા છતાં તેની ગણતરી નહિ કરીને, દૃષ્ટિની પ્રધાનતાથી નિર્જરાનો હેતુ છે એમ કહ્યું છે. વેપારીને ધંધામાં એક ચીજમાં ઘણો નફો અને બીજી કોઈ ચીજમાં અલ્પ નુકસાન થતું હોય ત્યાં તેને કમાણી જ કહેવાય છે; તેમ જ્ઞાનીને દૃષ્ટિના જોરે ઘણી શુદ્ધિ વધતી જાય છે ત્યાં અસ્થિરતાના રાગને કારણે અલ્પ બંધ થતો હોવા છતાં, તેને નિર્જરા — શુદ્ધિની કમાણી — જ કહેવાય છે.

સર્વજ્ઞ વીતરાગની વાણી વસ્તુ અને વસ્તુના સ્વરૂપની પ્રાપ્તિના ઉપાયનું સ્વરૂપ કઈ રીતે, કઈ અપેક્ષાએ કહે છે તે બરાબર સમજે નહિ અને એકાન્ત તાણે તો તેની દૃષ્ટિમાં વિપરીતતા છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ જેવા મહાન જ્ઞાની સંત પોતે સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાનો આરંભ કરતાં કહે છે — મારી અનુભૂતિ — પરિણતિ કે જે, પરપરિણતિના હેતુભૂત મોહને અસ્થિરતા-અપેક્ષાએ અલ્પ વશ થવાને લીધે, નિરંતર કલ્માષિત — મેલી છે તેની, આ સમયસારની વ્યાખ્યા કરતાં, પરમ વિશુદ્ધિ થાઓ. 'હું' કેવો છું? શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. એક બાજુ કહે છે કે 'શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું' અને બીજી બાજુ પરિણતિમાં પૂર્ણ શુદ્ધિ થવાની ભાવના કરે છે. દ્રવ્યસ્વભાવે શુદ્ધ છે અને પર્યાયમાં અલ્પ કલુષતા પણ છે. બંને અપેક્ષાઓ બરાબ સમજવી જોઈએ.

આત્મા સ્વભાવે પરિપૂર્ણ શુદ્ધ હોવા છતાં જ્ઞાનીને પણ જ્યાં સુધી પર્યાયમાં અધૂરાશ છે ત્યાં સુધી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો ભાવ, વાંચનનો અને ઉપદેશનો વિકલ્પ આવે છે. સમાધિશતકમાં ઉપદેશના વિકલ્પને ઉન્માદ કહ્યો છે, કેમ કે તે રાગ છે, ચારિત્રનો દોષ છે, દુઃખ છે. 'યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈયે.' શુભ અને અશુભ ભાવ રાગરૂપી આગ છે, આગ કહો કે દુઃખ કહો. તેને છોડીને અંદર સમામૃતનું સેવન કર — વીતરાગભાવની આરાધના કર. વીતરાગભાવ કહો કે સુખ કહો. આમ વીતરાગની સ્યાદ્વાદ-વાણી જ તત્ત્વ પ્રકાશી શકે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જિનેન્દ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે; તો જ તારી સાધનાનાં પગલાં મંડાશે.'**

સ્વચ્છંદે ન ચાલવું; ભગવાનની ને ગુરુની વાણીનું આલંબન સાથમાં રાખવું. ત્રણ લોકના નાથ જિનવર પરમાત્માની વાણી — ૐકાર દિવ્યધ્વનિ તથા તેને અનુસરીને રચાયેલાં શાસ્ત્રો — તત્ત્વનું સ્વરૂપ શું કહે છે તેનું લક્ષ કરવું તે આલંબન છે. દેવ-શાસ્ત્ર-ગુરુ માર્ગ દેખાડી અળગા રહે; પણ માર્ગ દેખાડે છે — અંતરમાં જા. અંતરમાં આત્માનો સુખભોગ લેવો હોય તો જ્ઞાન અને વૈરાગ્યની સામગ્રી લઈને અંદરમાં જા. સમયસારમાં આવે છે ને — 'सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्ति:।' સમ્યગ્દષ્ટિ રાગથી ભિન્ન થયો છે, છતાં પર્યાયમાં અસ્થિરતાજનિત રાગ છે, આસક્તિ છે. નિશ્ચયથી તે રાગનો સ્વામી નથી પણ પર્યાય-અપેક્ષાએ, પોતાનું પરિણમન હોવાથી, સ્વામી છે, અધિષ્ઠાતા છે. પ્રવચનસારના પરિશિષ્ટમાં નય-અધિકારમાં કર્તૃનયથી આત્માને રાગાદિ પરિણામોનો કર્તા કહ્યો છે. ભગવાનની વાણીમાં એક બાજુ એમ કહે કે — આત્મા શુદ્ધ આનંદઘન જ્ઞાયક છે, અને બીજી બાજુ એમ કહે છે કે — મુનિને પણ પાંચ મહાવ્રતના શુભ ભાવ આવે છે. ભાઈ! કઈ અપેક્ષાએ કહ્યું છે તે બરાબર સમજવું જોઈએ, એકાન્તની ખેંચ ન થવી જોઈએ. અહા! સર્વજ્ઞ પ્રભુની આ વાણી ગુરુગમ વિના સમજવી કઠણ છે. માટે અહીં બેન કહે છે : જિનેન્દ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે; તો જ તારી સાધનાનાં પગલાં મંડાશે. જિનેન્દ્ર શું કહે છે, ગુરુ શું કહે છે — એ લક્ષમાં રાખજે; તો જ તારી સાધના અંદર દૃઢ રાખી શકીશ, તું અંતરમાં જઈ શકીશ, જેથી પર્યાય નિર્મળ થશે અને સ્વચ્છંદ નહિ થાય. બહુ ટૂંકી અને સાદી ભાષામાં બેને વાત કરી છે.

—o—

## વચનામૃત — ૨૫૬

**સાધકદશાની સાધના એવી કર કે જેથી તારું સાધ્ય પૂરું થાય. સાધકદશા પણ એનો મૂળ સ્વભાવ તો નથી. એ પણ પ્રયત્નરૂપ અપૂર્ણ દશા છે, માટે તે અપૂર્ણ દશા પણ રાખવા જેવી તો નથી જ. ૨૫૬.**

**'સાધકદશાની સાધના એવી કર કે જેથી તારું સાધ્ય પૂરું થાય.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ ! તું પૂર્ણાનંદનો નાથ — સચ્ચિદાનંદ પ્રભુ — આત્મા છો ને ! પર્યાયમાં રાગાદિ હો, પણ વસ્તુ મૂળસ્વરૂપે એવી છે નહિ. તે નિજ પૂર્ણાનંદ પ્રભુની સાધના — પરમાનંદ સ્વરૂપમાં એકાગ્રતારૂપ સાધકદશાની સાધના — એવી કર કે જેનાથી તારું સાધ્ય — મોક્ષ — પૂરું થઈ જાય. સાધ્યનું સ્વરૂપ આગળ કહેશે.

**'સાધકદશા પણ એનો મૂળ સ્વભાવ તો નથી.'**

શું કહે છે? શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક પ્રભુની દૃષ્ટિ અને અનુભવ તે સાધકદશા છે. તેનાથી પૂર્ણ સાધ્યદશા પ્રગટ થશે. સાધકદશા છે તો નિર્મળ જ્ઞાનધારા પરંતુ તે પણ આત્માનો મૂળ સ્વભાવ નથી, કેમ કે તે ઉદ્યમરૂપ અપૂર્ણ પર્યાય છે. 'પરમાત્મપ્રકાશ'માં પણ આવે છે કે નિર્વિકલ્પ સમાધિ કે જે મોક્ષનો માર્ગ છે તે પણ આત્માનો સ્વભાવ નથી, કેમ કે તે અધૂરી પર્યાય છે. અંદર તું પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છો; તારામાં સત્ અને શાશ્વત એવા જ્ઞાન ને આનંદ વગેરે રત્નોના ઓરડાઓ ભર્યા છે. પ્રભુ ! જ્ઞાન અને વૈરાગ્ય લઈને અંદર તું તારામાં જા, તને ત્યાં અતીન્દ્રિય આનંદ વગેરે બધું મળશે. અહા ! આવી વાતો આકરી બહુ; લોકો ધર્મ કાંઈક-કાંઈક માની બેઠા છે. ભાઈ! ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે. અનાદિ કાળમાં પૂર્વે અનંત વાર મુનિવ્રત ધારણ કર્યાં, નવમી ગ્રૈવેયકે ગયો, પણ એક સેકંડ પણ આત્માનુભૂતિસ્વરૂપ ધર્મ થયો નથી — સાધકદશા પ્રગટ કરી નથી.

સાધકદશા તે અંદર ત્રિકાળી જ્ઞાયકદ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટ થતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાસ્વરૂપ વીતરાગી પર્યાય છે, ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય નહિ. અતીન્દ્રિય પૂર્ણાનંદનો રસકંદ જ્ઞાયક પ્રભુ દેહાદિક પરપદાર્થથી તો તદ્દન ભિન્ન છે જ, પણ શુભા-શુભ વિભાવથી- પણ ભિન્ન છે, — એમ અંતરમાં દૃષ્ટિ કરી સાધકપણું એવું પ્રગટ કર જેથી તારી સાધ્યદશા પરિપૂર્ણ પ્રગટ થઈ જાય.

સાધકદશા પણ અધૂરી દશા છે, તે પણ આત્માનો મૂળ સ્વભાવ નથી. જ્યાં સુધી પૂર્ણ સાધ્યદશા પ્રગટી નથી ત્યાં સુધી પર્યાયમાં જ્ઞાનધારાની સાથે અંદર કર્મધારા — રાગધારા ચાલે છે; પરંતુ ત્યાં રાગધારાથી નિરપેક્ષ એવી જ્ઞાનધારા જ — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ ધારા જ — મોક્ષનું કારણ છે, સાથે રાગ છે તે તો કેવળ બંધનું કારણ છે.

ભગવાન આત્મા આનંદસ્વભાવમાં રમે તે પોતાની શુદ્ધ દશા અને જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જીવને પણ જેટલા કહેવાના, સાંભળવાના, ભક્તિના કે વાંચવા વગેરેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પ ઊઠે તે શુભ રાગ છે. અશુભની તો વાત જ ક્યાં છે, પણ શુભ રાગ પણ અમારો દેશ નથી; તેમાં આવવું અમને ગોઠતું નથી, પણ આવવું પડે છે તે જાણે પરદેશમાં આવી પડ્યા હોઈએ એમ જ્ઞાનીને લાગે છે. એ વાત બેને ૪૦૧મા બોલમાં લીધી છે.

એક વાર એમ કહે — વ્યવહારની ક્રિયાના રાગનો અધિષ્ઠાતા આત્મા છે, કેમ કે સમ્યગ્દષ્ટિ જીવને પણ ભૂમિકા પ્રમાણે પર્યાયમાં એવો રાગ આવે છે ને? અને બીજી બાજુ એમ કહે — રાગ આવે તે અમારો દેશ નથી, પરદેશ છે. બંને વાત આવે પણ તેની અપેક્ષા સમજવી જોઈએ. દ્રવ્યદૃષ્ટિના હિસાબે રાગનો — બધા વિભાવોનો — આત્મા સ્વામી નથી, પણ પર્યાયનયના હિસાબે રાગ મારી પર્યાયમાં મારાથી થયો છે માટે તેનો હું સ્વામી છું. પ્રવચનસારના પરિશિષ્ટમાં (૪૭ નયમાં) આવે છે: આત્મા કર્તાનયે રાગાદિ વિભાવપરિણામોનો કર્તા છે. અકર્તાનયે આત્મા કેવળ સાક્ષી છે, રાગાદિનો કર્તા નથી. માટે જ્યાં જે અપેક્ષા હોય તે બરાબર સમજવી.

હું રાગાદિ વિભાવથી ભિન્ન શુદ્ધ પૂર્ણ જ્ઞાયક છું — એવી સાધકદશા પણ વર્તમાન પ્રયત્નરૂપ અપૂર્ણ દશા છે. સાધ્યદશા પૂર્ણ અને સાધકદશા અપૂર્ણ, પણ એ બંને પર્યાય છે, ત્રિકાળી ધ્રૌવ્ય નથી. એક સમયની પર્યાય જેટલો આત્મા નથી. પરમાત્મપ્રકાશના પહેલા અધિકારના ૬૮મા દોહામાં કહ્યું છે: હે યોગી! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી — એમ શ્રી જિનવર કહે છે. જીવ મોક્ષને ને મોક્ષના માર્ગને કરતો નથી તે કઈ અપેક્ષાએ? ત્રિકાળી ધ્રુવ સચ્ચિદાનંદ જ્ઞાયક પ્રભુમાં બંધ-મોક્ષ હોતા નથી, બંધ-મોક્ષ તો આત્માને પર્યાય-અપેક્ષાએ છે. સચ્ચિદાનંદ પૂર્ણ ધ્રુવ પ્રભુ પરનો ને રાગાદિનો તો નહિ પણ શુદ્ધ સાધકદશાનો પણ કર્તા નથી; ધ્રૌવ્ય શું કરે? વાત ઝીણી છે. સમજવા માટે મગજ જોઈએ. પરદ્રવ્ય તો ભિન્ન જ છે, પણ અંદર વિભાવ તથા અપૂર્ણ દશા પણ રાખવા-યોગ્ય નથી. આત્મા સ્વયં પૂર્ણાનંદનો નાથ તે દ્રવ્ય, અને જે સાધનામય દશા પ્રગટી તે અપૂર્ણ પર્યાય. તે અપૂર્ણ પર્યાય પણ આશ્રય કરવાયોગ્ય કે રાખવાયોગ્ય નથી. આશ્રય તો હંમેશાં ત્રિકાળી એક શુદ્ધ પરિપૂર્ણ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો જ હોય છે. તેના આશ્રયે જ સાધક અને સાધ્યદશા પ્રગટે છે. અહા! માલ-માલની વાત આવી છે. આ માલ છે હોં!

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૨૫૭

**શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરજે, તો મોક્ષ પ્રાપ્ત થશે. ૨૫૭.**

ત્રિકાળી નિજ શુદ્ધ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનું અંદરમાં લક્ષ કરીને અને પર્યાયમાં અશુદ્ધતા-મલિનતા છે, મલિનતા સર્વથા નથી જ—એમ નથી, એવો ખ્યાલ રાખીને તું અંતર્મુખતાનો પુરુષાર્થ કરજે, તેનાથી તને પરમાનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થશે. સમયસારની ૧૪ મી ગાથામાં આત્માને અબદ્ધસ્પૃષ્ટ વગેરે કહ્યો છે. ત્યાં ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું : પર્યાયમાં અશુદ્ધતા—બદ્ધસ્પૃષ્ટત્વ આદિ છે કે નહિ? માટે પર્યાયમાં અશુદ્ધતા છે તે ખ્યાલમાં રાખીને ત્યાં અબદ્ધસ્પૃષ્ટસ્વરૂપ આત્માનું લક્ષ કરવાનું કહ્યું છે.

ભગવાન જ્ઞાયક આત્મા શુદ્ધ છે એમ કહીને પર્યાયમાં જે અશુદ્ધતા છે તેનું જ્ઞાન કરવાનું ભૂલી જાય, અશુદ્ધતા સર્વથા છે જ નહિ એમ માને, તેને તો પર્યાયમાં શુદ્ધતા સાધી અશુદ્ધતા નાશ કરવાનું રહે નહિ. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને સાધકદશા પ્રગટ થઈ છે, છતાં પર્યાયમાં હજુ અશુદ્ધતા છે. અશુદ્ધતાને ખ્યાલમાં ય રાખે નહિ તો તેને ટાળવાનો ઉદ્યમ આવે ક્યાંથી?

અહા! આવો માર્ગ! એલું તો—દયા પાળવી અને 'मिच्छा म्मि दुक्कडं'—સહેલું હતું. હા, સહેલું હતું—રખડવાનું. અરેરે ભાઈ! તને ચોરાશીના અવતારનો થાક અને ડર લાગ્યો છે?—એકલાં નરક-પશુનાં દુઃખનો નહિ પણ ચારેય ગતિનો. આનંદસ્વભાવ નિજ જ્ઞાયક ભગવાનના ભાન વિના સ્વર્ગનો દેવ હો કે અબજોપતિ શેઠિયો હો—બધા દુઃખી જ છે.

ભગવાન ચૈતન્ય પ્રભુ, હીરાને જેમ પાસા હોય તેમ, અનંત ગુણોના પાસાથી ભરપૂર છે—એવી દૃષ્ટિ કરીને પર્યાયમાં દુઃખ છે તે, સાથે ખ્યાલમાં રાખવું. જો પર્યાયમાં દુઃખ ન હોય તો પૂર્ણાનંદ પ્રગટ પ્રાપ્ત હોવો જોઈએ. જેમને ત્રણ કષાયનો અભાવ થયો છે અને જે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલી રહ્યા છે એવા મુનિવર અમૃતચંદ્રાચાર્યદેવ પણ 'આત્મખ્યાતિ' ટીકાનો પ્રારંભ કરતાં પ્રતિજ્ઞાના કળશમાં કહે છે: મારી પરિણતિ જે નિરંતર કલ્માષિત, મેલી છે—મારામાં અશુભ ભાવ તો છે નહિ પણ ટીકા રચવાનો શુભ ભાવ આવ્યો તે પણ કલ્માષિત ભાવ, દુઃખરૂપ ભાવ છે—તેની આ ટીકા રચવાના કાળમાં પરમ વિશુદ્ધિ થાઓ. પર્યાયમાં મને હજુ અશુદ્ધતા છે, હું હજુ સંપૂર્ણ વીતરાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો નથી; માટે અંદર દ્રવ્યસ્વભાવના આશ્રયનું જોર વધીને અશુદ્ધતાનો સંપૂર્ણ નાશ થઈ જાઓ.

અશુદ્ધતા પર્યાયમાં છે તેનો ખ્યાલ રાખી તેનો નાશ કરવા માટે શુદ્ધદ્રવ્ય-સ્વભાવના આશ્રયનો તું પુરુષાર્થ કર. જો પર્યાયમાં અશુદ્ધતા તથા દુઃખ છે જ નહિ તો સ્વભાવસન્મુખ પુરુષાર્થ કરવાનું રહેતું નથી. અહા! એક બાજુ કહે કે સમ્યગ્દૃષ્ટિને રાગ નથી. અને બીજી બાજુ કહે કે ભાવલિંગી મુનિરાજને પણ અવસ્થામાં મલિનતા છે; ત્યાં કઈ અપેક્ષાએ કથન છે તે સમજવું જોઈએ ને? સમ્યગ્દૃષ્ટિને રાગ નથી તે મિથ્યાત્વનો ને અનંતાનુબંધી કષાયનો અભાવ થયો છે તે અપેક્ષાએ છે, અને મુનિની અવસ્થા કલ્માષિત છે તે સંજ્વલન કષાયની — પ્રમાદની — પરિણતિ પુરુષાર્થની નબળાઈને કારણે હજુ વર્તે છે તે અપેક્ષાએ છે. અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને અંતર્મુખ સ્વભાવનો પુરુષાર્થ કરવાથી વિભાવનો નાશ અને પૂર્ણ શુદ્ધ દશાની પ્રાપ્તિ થાય છે.

અતીન્દ્રિય આનંદમૂર્તિ જ્ઞાયક તત્ત્વની દૃષ્ટિ હોવા છતાં પણ પર્યાયમાં જ્યાં સુધી પુરુષાર્થની કચાશ છે ત્યાં સુધી અશુદ્ધતા ને દુઃખ છે, તે ખ્યાલમાં રાખવું. જ્ઞાનીને સર્વથા દુઃખ હોય જ નહિ—એ દૃષ્ટિ તદ્દન વિપરીત છે. એવી દૃષ્ટિવાળાને દુઃખની યે ખબર નથી અને આનંદની યે ખબર નથી. 'હમ પરદેશી પંછી રે, આ રે દેશકે નાહીં;' વિકલ્પ અમારો દેશ નથી, આવે છે તે ખ્યાલમાં છે ખરું. તે ખ્યાલમાં ન હોય તો અતીન્દ્રિય આનંદ તરફ ઢળવાનો પ્રયત્ન નિરર્થક જાય છે. પર્યાયમાં દુઃખ છે તો ત્યાંથી હઠવાનું છે અને સ્વભાવસન્મુખ જવાનું છે. સ્વભાવસન્મુખતાનો પુરુષાર્થ કરવાથી પર્યાયમાં જે અશુદ્ધતા છે તેનો નાશ થશે અને પૂર્ણપરમાનંદમય મોક્ષદશા પ્રાપ્ત થશે.

———o———

## વચનામૃત — ૨૫૮

તું વિચાર કર, તારા માટે દુનિયામાં શી આશ્ચર્યકારી વસ્તુ છે? કોઈ નહિ;—એક આત્મા સિવાય. જગતમાં તેં બધી જાતના પ્રયાસ કર્યા, બધું જોયું, બધું કર્યું, પણ એક જ્ઞાનસ્વરૂપ, સુખસ્વરૂપ, અનંત-ગુણમય એવો આત્મા કદી ઓળખ્યો નથી, તેને ઓળખ; બસ તે જ એક કરવાનું બાકી રહી જાય છે. ૨૫૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તું વિચાર કર, તારા માટે દુનિયામાં શી આશ્ચર્યકારી વસ્તુ છે? કોઈ નહિ; — એક આત્મા સિવાય.'**

વિચાર તો કર પ્રભુ! લક્ષ્મી મળે કે સ્વર્ગ મળે, તે શું આશ્ચર્યકારી છે? એ બધું તો અનંત વાર મળ્યું. તારા માટે એક આત્મા સિવાય બીજી કઈ આશ્ચર્યકારી વસ્તુ છે? સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા એક જ તારે માટે 'अद्‌भुताद्‌भुतं'— આશ્ચર્યકારી વસ્તુ છે. એક સમયની પર્યાય પણ તારે માટે આશ્ચર્યકારી નથી. સુંદર શરીર, અનુકૂળ સ્ત્રી અને લક્ષ્મી વગેરે મળે ત્યાં જીવને જે વિસ્મયતા અને રાજીપો થઈ જાય તે મૂઢતા છે. પ્રભુ! જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણોનું ગોદામ એવા નિજ જ્ઞાયક પ્રભુના ભાન વિના — પરમ આશ્ચર્યકારી નિજ વસ્તુ સ્વભાવના લક્ષ વિના — અનાદિથી તને પરમાં ને વિભાવમાં અદ્‌ભુતતા લાગી છે, પણ તારા માટે ખરેખર પરમ અદ્‌ભુત નિજ આત્મસ્વભાવ સિવાય જગતમાં બીજું કાંઈ છે જ નહિ. જ્ઞાન અને સુખ આપનાર પરમ આશ્ચર્યકારી વસ્તુ તું પોતે જ છો.

**'જગતમાં તેં બધી જાતના પ્રયાસ કર્યા, બધું જોયું, બધું કર્યું, પણ એક જ્ઞાનસ્વરૂપ, સુખસ્વરૂપ, અનંતગુણમય એવો આત્મા કદી ઓળખ્યો નથી, તેને ઓળખ; બસ તે જ એક કરવાનું બાકી રહી જાય છે.'**

જગતમાં આત્માના ભાન વિના તેં બીજા બધી જાતના ઉદ્યમ કર્યા; ત્યાં પરપદાર્થની ક્રિયામાં તો આત્મા કાંઈ પણ હેરફેર કરી શકતો નથી; બહુ તો પોતાની પર્યાયમાં પરના કર્તાપણાનો અજ્ઞાનભાવ કે શુભાશુભ વિકારી ભાવ કરે. શુભાશુભ રાગનો પ્રયાસ જીવે અનાદિથી અનંત વાર કર્યો છે, પણ ભગવાન જ્ઞાયકતત્ત્વ તો તે શુભાશુભ વિભાવોથી ભિન્ન છે, તેની તેને ખબર નથી. અરે! દયા, દાન, વ્રત, તપ, જપ વગેરેમાં તેને આશ્ચર્ય લાગે છે પણ એ તો શુભ રાગ છે, તે કાંઈ આત્મા નથી. એ વિભાવભાવમાં આશ્ચર્ય જેવું છે શું? એવું તો એણે અનંત વાર કર્યું છે. એ બધા પ્રયાસ આત્મશાન્તિ માટે નકામા છે.

'આ કરું, આ કરું' એમ અજ્ઞાની માન્યતા કરે છે પણ તે પરનું કાંઈ કરી શકતો નથી. આંગળી હલે છે તે જડની ક્રિયા છે અને તે જડના કારણે થાય છે. પરમાં કાંઈ પણ કરી શકાતું નથી છતાં 'હું પરનું કરું છું' એમ અજ્ઞાન તથા રાગમય પ્રયાસ તો જીવે અનંત વાર કર્યા છે, પણ પોતાને ઓળખવાનો પ્રયાસ કદી કર્યો નથી. જ્યાં જ્યાં જન્મ પામ્યો ત્યાં શરીર, વાણી, મન, અનેક પ્રકારના ભવભાવ — બધું જોયું;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જોનારાને — જ્ઞાયક સ્વભાવને — જોયો નહિ. વેપારધંધો, વકીલાત વગેરેનાં ભણતર ઇત્યાદિ બધું જોયું, પણ અંદર અતીન્દ્રિય આનંદના નાથને — ચૈતન્યપ્રભુને, જોનારાને — જોયો નહિ, પ્રતીતિમાં લીધો નહિ, તેનો સ્વાનુભવ કર્યો નહિ.

બધું જોયું, બધું કર્યું. પરમાં શું કર્યું? પરમાં તો કાંઈ કરી શકતો નથી, પણ 'મેં આમ કર્યું — લાખો રૂપિયાનાં દાન દીધાં, કરોડોના વેપાર કર્યા' એવી કલ્પનાનો રાગ કર્યો છે, પુણ્ય-પાપના ભાવ કર્યા છે. એવું તો જીવે અનંત વાર કર્યું છે, પરંતુ શરીરાદિ પરથી તદ્દન ભિન્ન અને શુભાશુભ વિભાવથી રહિત નિજ જ્ઞાનાનંદ-સ્વરૂપ એક ભગવાન આત્માને કદી ઓળખ્યો નથી. જૈનેતરમાં નરસિંહ મહેતાએ પણ કહ્યું છે ને! —

જ્યાં લગી આતમા તત્ત્વ ચિહ્ન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષ દેહ તારો, એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.
શું થયું તપ ને તીરથ કીધાં થકી, શું થયું માળ ગ્રહી નામ લીધે;
શું થયું તિલક ને તુલસી ધાર્યાં થકી, શું થયું ગંગજલ પાન કીધે.
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો કે, તત્ત્વદર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો.

જેમ સાકર સફેદાઈ અને મીઠાશથી ભરેલી છે, તેમ પ્રભુ જ્ઞાયક આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદથી ભરપૂર ભરેલો છે.

પ્રશ્ન :— ઇંદ્રિયનો આનંદ કેવો હશે?

ઉત્તર :— ઇંદ્રિય ને તેના વિષયમાં ધૂળેય આનંદ નથી. સ્ત્રીના શરીરનો ઉપભોગ આત્મા કરી શકતો નથી, એ તો હાડ-માંસ-ચામડાનું ઢીંગલું છે, ધૂળ છે અને આત્મા તો અરૂપી ચૈતન્ય છે. ઉપભોગ કાળે જીવ 'આ ઠીક છે' એવા રાગને કરે — ભોગવે છે, સ્ત્રીના શરીરને નહિ. અરૂપી ભગવાન રૂપીને કઈ રીતે ભોગવે? અમૃતસ્વરૂપ ભગવાન પોતાને ભૂલીને 'વિષયમાં મને મઝા પડે છે' એમ રાગરૂપી ઝેરને ભોગવે છે. અરેરે! જીવે જગતની બધી કામભોગની કથાઓ સાંભળી, જોઈ ને અનુભવી, પણ સહજ જ્ઞાન અને સહજ સુખ વગેરે અનંતગુણસ્વરૂપ એવા પોતાના આત્માને કદી ઓળખ્યો નથી. બહારનું બધું કર્યું, શાસ્ત્રોનું જ્ઞાન પણ અનંત વાર કર્યું, પણ અંદર જ્ઞાનાનંદ-સ્વભાવી આત્મા શી ચીજ છે તેની અંતરમાં ઊંડા ઊતરીને સાચી ઓળખાણ કદી કરી નથી. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે :



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.
સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મતમંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધન સે;
બિન સદ્ગુરુ કોઉ ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે?

અરેરે! જીવે પોતાના આત્માની કદી દરકાર કરી નથી, તેને ઓળખ્યો નથી; માટે પ્રથમ તેને ઓળખ. બસ, તે જ એક કરવા જેવું છે. અનાદિથી બીજું બધું કર્યું—પુણ્ય-પાપ અનંત વાર કર્યાં, મંદિરો અનંત વાર બંધાવ્યાં, કરોડો રૂપિયાનાં દાન દીધાં, પણ એ કોઈ આત્માની ચીજ નથી. અંદર ધ્રુવ ચૈતન્ય પ્રભુ સાક્ષાત્ બિરાજમાન છે તેને પરથી જુદા અને વિભાવથી રહિત એવા શુદ્ધસ્વભાવે ઓળખ; બસ તે જ એક કરવાનું બાકી રહી ગયું છે.

ગુરુદેવથી શોભતી ધન્ય આ સુવર્ણપુરી! ગુરુદેવ પરમ પુરુષ હતા. તેમની વાણી ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમના પુણ્યની પણ શોભા કોઈ જુદી! ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા.

—બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૯૮

તા. ૨૩–૯–૭૮

## વચનામૃત — ૨૫૯

**કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી. એક આત્મામાં જ રહેવું તે હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે. ૨૫૯.**

**'કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી.'**

શું કહે છે? આત્માર્થના કામ સિવાય સંસારના કોઈ પણ કામમાં — સ્ત્રી-પુત્ર-પરિવાર કે દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી કામમાં અથવા તો બીજી કોઈ પણ જાતની પ્રવૃત્તિમાં — ઊભા રહેવું, રોકાઈ રહેવું તે આત્માનો સ્વભાવ નથી.

પ્રશ્ન :— દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી પ્રવૃત્તિને તો ધર્માનુરાગ કહેવાય છે ને?

ઉત્તર :— ધર્માનુરાગ પણ શુભ ભાવ છે, પ્રશસ્ત રાગ છે. જ્ઞાનીને પણ શુભ રાગ આવે ખરો, પરંતુ અશુભ કે શુભ કોઈ પણ જાતના રાગમાં ઊભા રહેવું તે, આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ પ્રવૃત્તિ નહિ પણ નિવૃત્તિમય છે, રાગ નહિ પણ અરાગ — વીતરાગ છે. જેને દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત અને તપ વગેરે ભાવોનો પ્રેમ છે તેને અરાગસ્વરૂપ ભગવાન જ્ઞાયક આત્માનો પ્રેમ નથી. આકરી વાત છે ભાઈ! એક મ્યાનમાં બે તલવાર સાથે રહી શકે નહિ, તેમ રાગનો ને વીતરાગ તત્ત્વનો પ્રેમ એક સાથે રહી શકે નહિ. જેણે શુભાશુભ ભાવને ઉપાદેય માન્યા, ઠીક છે એમ માન્યા, તેણે ભગવાન આત્માને હેય માન્યો છે.

અહો! ભગવાન આત્મામાં તો જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોના ઓરડા ભર્યા છે. શું કહ્યું? આ જ્ઞાનસ્વરૂપ આત્મા અંદર અપાર ને અદ્‌ભુત સંપત્તિથી ભરપૂર છે. તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે, તેથી તે કાયમ ટકીને પલટે છે. તે હરસમયે નવી નવી અવસ્થાએ ઊપજે છે, જૂની જૂની અવસ્થાએ વિલય પામે છે અને ધ્રૌવ્યરૂપે કાયમ ટકે છે. તે શક્તિસ્વભાવે નિત્ય રહીને પર્યાય-અપેક્ષાએ પલટે છે. તેનું નિત્ય સ્થાયી ધ્રૌવ્યસ્વરૂપ ખાલી નથી, પણ અનંત ગુણવૈભવથી ભરપૂર ભરેલું છે. પ્રભુ!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તું તારા અનુપમ વૈભવયુક્ત શાશ્વત સ્વરૂપ પર નજર કર તો તને ખાતરી તેમ જ સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'. તેમાં રમણતા કરવાથી તું વ્યક્ત અવસ્થામાં પણ કૃતકૃત્ય થઈ જઈશ. અહા! આવી વાતો! સામાયિક, પ્રતિક્રમણ વગેરે બહારની ક્રિયાઓ કરતાં કરતાં કલ્યાણ થઈ જશે—એમ માનનાર ક્રિયાકાંડીઓને આ વાત આકરી લાગે; પણ ભાઈ! આત્માના યથાર્થ ભાન વિના સામાયિક ને પ્રતિક્રમણ વગેરે તું લાવ્યો કયાંથી? આત્માના અનુભવ વિના તેનાથી ધૂળેય ધર્મ થતો નથી.

ભગવાન જ્ઞાયક આત્માનું નિત્ય સ્થાયી સ્વરૂપ ખાલી નથી પણ ગુણઋદ્ધિથી ભરપૂર છે. 'ખાલી નથી' તે નાસ્તિથી કહ્યું અને 'ગુણઋદ્ધિથી ભરપૂર છે' તે અસ્તિથી કહ્યું છે. જેમ સાકરમાં ગળપણ ભરપૂર ભરેલું છે તેમ જ્ઞાયક પ્રભુના નિત્ય સ્થાયી સ્વરૂપમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાન્તિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુત્વ, અનંત ઈશ્વરતા વગેરે અનંત અનંત શક્તિઓ અંદર ભરપૂર ભરેલી છે. અરેરે! જીવોને પોતાના અંદરના નિધાનનો પત્તો નહિ ને બહારની કડાકૂટમાં ધર્મ માનીને તેઓ બિચારા સલવાઈ ગયા. અત્યારે તો તત્ત્વની વાત જ આખી ગુમ થઈ ગઈ છે. જીવ બહારમાંથી નવરો જ થતો નથી. રોજના બાવીસ કલાક બાયડી, છોકરાં ને ધંધામાં, ખાવા-પીવામાં અને ઊંઘમાં જાય; માંડ કલાક-બે કલાક બચે અને કયારેક ધર્મનું સાંભળવા જાય ત્યાં તેને 'આ કરો ને તે કરો, પૂજા કરો ને ભક્તિ કરો, દાન કરો ને ઉપવાસાદિ તપ કરો; તેનાથી તમારું કલ્યાણ થશે'—એવું ઊંધું સાંભળવાનું મળે. ભાઈ! એ બધી તો રાગની ક્રિયા છે, ને રાગનું 'કરવું' તે તો 'મરવું' છે. રાગથી તો આત્માનું ભાવમરણ થાય છે. તે તો સંસારમાં પરિભ્રમણનું કારણ છે, તેનાથી કલ્યાણ કેમ થાય?

ભગવાન આત્મા અસંખ્યપ્રદેશી અમૂર્ત દ્રવ્ય છે; તેમાં ગુણરત્નોના અનંત ઓરડા ભર્યા છે. જેમ હજાર કડીની સોનાની સાંકળી બાળકના ગળામાં પહેરાવી હોય તો વધુ સરા થાય અને મોટાના ગળામાં ઓછા સરા થાય, તેમ જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા, જે શરીરપ્રમાણ રહે છે તે, હજાર યોજન જેવડા મહામચ્છના શરીરમાં હોય ત્યારે તેના લોકપ્રમાણ અસંખ્ય પ્રદેશો ઓછા સંકેલાયેલા છે અને કીડીના શરીરમાં હોય ત્યારે તેના પ્રદેશો વધુ સંકેલાયેલા હોય છે, તેથી કીડીની દશામાં તેનું કદ નાનું થઈ જાય છે. જરા ઝીણી વાત છે ભાઈ! તે બધાય પ્રદેશોમાં અનંત ગુણરત્નના ઓરડા ભર્યા છે. અહા! પોતાને પામર માની બેઠો, ત્યાં પ્રભુતાની પ્રતીતિ કેમ થાય? પ્રભુ! અદ્ભુત ચૈતન્ય-સમૃદ્ધિથી ભરચક એવા તારા સ્થાયી સ્વરૂપ પર દૃષ્ટિ દે, ઊંડો ઊતરીને તેના પર ગંભીરતાથી નજર કર તો તને તારી પ્રભુતાનો અંદરથી વિશ્વાસ આવશે અને કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપૂર્વ અતીન્દ્રિય આનંદની અનુભૂતિ થશે. તને અંદરથી એમ લાગશે કે 'હું તો સ્વભાવે સદા કૃતકૃત્ય છું', અને અંદર આ મારા પ્રભુત્વસ્વરૂપમાં સ્થિર થાઉં તો તો પર્યાયમાં પણ કૃતકૃત્ય થઈ જઈશ.

અહીં તો એ ચાલે છે કે બહારની કોઈ પણ પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી. મંદિર બનાવવાં, પાઠશાળા ચલાવવી, ઇસ્પિતાલ બનાવવી, પૈસાના ખરડા કરવા વગેરે પ્રવૃત્તિઓમાં રોકાવું તે આત્માનું કામ નથી. આત્માનો સ્વભાવ તો જ્ઞાતાદ્રષ્ટાપણું છે; બહારનાં કાર્યમાં જોડાવું એ તો વિકારી ભાવ છે. અજ્ઞાનીને તો જરા પાંચ-પચીસ લાખનો ખરડો થાય ત્યાં 'અમે તો શું ય કર્યું' એમ પરના કર્તાપણાનું અભિમાન થઈ જાય. ભાઈ! એણે કાંઈ ધૂળેય કર્યું નથી, ઊલટું અભિમાનનું પાપ બાંધ્યું છે.

પ્રશ્ન :— એણે શુભ કાર્ય તો કર્યું ને ?

ઉત્તર :— શું કાર્ય કર્યું છે ? કર્તાપણાનું અભિમાન કર્યું છે. કદાચ શુભ રાગ કર્યો હોય તો તે પણ નિશ્ચયથી તો પાપ જ છે, તે આત્માનો પવિત્ર સ્વભાવ નથી. શ્રી યોગીન્દુદેવે કહ્યું છે :

પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;<br>
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ.

શુભ ભાવમાં આવવાથી નિર્વિકલ્પ સમાધિમાંથી — સ્વરૂપમાંથી — પતન થાય છે માટે પરમાર્થે તે પણ પાપ છે. આકરી વાત છે ભાઈ! સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ આદિ નિજ ગુણોથી ઠસોઠસ ભરેલો છે. તે તો કેવળ જ્ઞાતા — પરનો અકર્તા છે. શુભ હો કે અશુભ હો — કોઈ પણ કામમાં જોડાવું તે આત્માનો સ્વભાવ નથી.

પ્રશ્ન :— શુભ કામમાં જોડાય તો ધીમે ધીમે શુદ્ધતા આવશે ને ?

ઉત્તર :— શુદ્ધતા તો અંદર સ્વભાવમાં પડી છે. શું બહારનાં શુભ કામમાં જોડાવાથી શુદ્ધતા આવે છે ? — કદી નહિ; અંદર જ્ઞાયકસ્વભાવનું આલંબન લેવાથી પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે ને તે સ્વભાવનું વિશેષ આલંબન લેવાથી શુદ્ધતા વધે છે.

અહીં સોનગઢમાં લાખો રૂપિયા ખર્ચાણા, મોટાં મોટાં મંદિરો થયાં, લાખો પુસ્તકો છપાયાં, અજોડ પરમાગમમંદિર થયું. લોકો કહે કે 'આ બધું મહારાજના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતાપે થયું.' આ બધું શું મેં કર્યું છે? આ પરમાગમમંદિર થયું તે શું રામજીભાઈ ને વજુભાઈએ કર્યું છે? એ તો એના કાળે ને એના કારણે થયું છે. અહીં તો પહેલાં જંગલ હતું, ભેંસો ને પાડા બેસતા હતાં. ત્યાં આવું છવ્વીશ લાખની કિંમતનું ભવ્ય પરમાગમમંદિર બની ગયું. એને કોઈએ બનાવ્યું કહેવું તે તો નિમિત્તના ઉપચારનું કથન છે, ખરેખર તો પુદ્‌ગલના સ્કંધોની તે સમયની અવસ્થાથી થયું છે. વાત બહુ આકરી. જન્મમરણ રહિત થવાનો માર્ગ—આત્માનો મારગ—સૂક્ષ્મ છે ભાઈ!

પત્ર માટે એકાદ લેખ તો લખી આપવો પડશે, પાઠશાળા તમારા નામની બનાવવી છે તો તેના માટે સારી રકમ ભેગી કરી આપવી પડશે વગેરે કોઈ પણ પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનું કામ નહિ. અરે ભાઈ! જગતનાં કાર્ય તો સ્વયં તેનાથી થાય છે, તેના કર્તાપણાની તને હોંશ કેમ આવે છે? મેં ધ્યાન રાખ્યું તેથી તે કામ થયું, હું એ કામમાં પડયો તો થયું, નહિંતર થાત નહિ. રહેવા દે ભાઈ! એ કર્તાપણાનાં મિથ્યા અભિમાન. મિથ્યાત્વનાં અભિમાન એ તો મહા પાપ છે. પં. બનારસીદાસજીએ કહ્યું છે:

કરૈ કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાનનહારા;
જો કરતા નહિ જાનૈ સોઈ, જાનૈ સો કરતા નહિ હોઈ.

બહારની ક્રિયા એક જેવી દેખાવા છતાં અજ્ઞાની અને જ્ઞાનીના અંતર અભિપ્રાયમાં તથા પરિણામમાં મોટો તફાવત છે. પરનાં કામ થતાં હોય ત્યાં અજ્ઞાની 'હું તેમને કરું છું' એવા પરના કર્તાપણાના અહંકારમય અભિમાનને લીધે નિરંતર બંધને પ્રાપ્ત થાય છે અને જ્ઞાની કેવળ જ્ઞાતાપણાના અભિપ્રાયને લીધે નિરંતર અબંધ જ રહે છે. માટે અંતર જ્ઞાનપરિણતિ સિવાય બીજી કોઈ જાતની પ્રવૃત્તિમાં જોડાવું તે આત્માનો સ્વભાવ નથી.

**'એક આત્મામાં જ રહેવું તે હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે.'**

અતીન્દ્રિય આનંદના નાથ એવા નિજ ચૈતન્ય જ્ઞાયકદેવમાં, તેની યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન ને સ્વાનુભૂતિ કરી, ઠરી જવું તે એક જ હિતકારી કાર્ય છે.

કેટલાકને એમ લાગે છે કે સોનગઢવાળા નિશ્ચયની વાતો કરે છે પણ ત્યાગ કે વ્રતાદિ કરવાનું કહેતા નથી. ભાઈ! ત્યાગ ને વ્રતાદિ કોને કહેવા એ તને ખબર છે? આત્માનું યથાર્થ સ્વરૂપ સમજીને સ્વાનુભવ થતાં વિપરીત શ્રદ્ધાના જે અનંત પ્રકારોનો ત્યાગ તે શું કાંઈ ત્યાગ જ નથી? ત્યાગના સાચા સ્વરૂપની તને ખબર નથી. અજ્ઞાનીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાત્વના ત્યાગની કોઈ કિંમત નથી. બહારમાં બાયડી-છોકરાં છોડે તેને તે ત્યાગ માને છે. આત્માની સમજણ વગર ભાઈ ! એ તો ધૂળેય ત્યાગ નથી. જ્યાં સુધી હજુ અંદરમાં 'હું પરનું કરી શકું છું, પરનાં ગ્રહણ-ત્યાગ કરી શકું છું, પરને જિવાડી શકું છું, પરને સુખી કરી શકું છું, કુટુંબની રક્ષા કરી શકું છુ, પત્નીનો પતિ છું' એવા પરના કર્તાપણાના ને સ્વામીપણાના પાખંડમય ભાવ છે ત્યાં સુધી તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિને ત્યાગ કેવો ? ભાઈ ! પરપદાર્થ તો તેં ગ્રહ્યો નથી, પણ અંદરમાં જે શુભાશુભ રાગવૃત્તિ થાય તે પણ તારી ચીજ નથી. અંદર અતીન્દ્રિય જ્ઞાન ને આનંદથી ભરપૂર જે આત્મસ્વભાવ તે જ તારી ચીજ છે. તે આત્મસ્વભાવનું અંદર શ્રદ્ધા, જ્ઞાન ને સ્વાનુભવભાવે આલંબન લેતાં અશુભ તેમ જ શુભ વિભાવનો ત્યાગ થવાથી તે વિભાવના નિમિત્તભૂત પરપદાર્થનો જે સંબંધ છૂટી જવો તેને વ્યવહારથી પરવસ્તુનો ત્યાગ કહેવામાં આવે છે.

અરેરે ! દુનિયા ક્યાં પડી છે ! એ તો ધર્મને બહાને પણ પાપને — મિથ્યાત્વને સેવે છે. અહીં બેન કહે છે : એક આત્મામાં રહેવું તે જ હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે. એક આત્મા સિવાય બીજાં બધાં કામમાં — બે કલાક ઉપદેશ આપવો, સંસ્થાનું ધ્યાન રાખવું, થડે બેસી વેપાર કરવો, દીકરા-દીકરી જુવાન થઈ ગયાં હોય તેને ઠેકાણે પાડવાં વગેરેમાં — ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી; એક જ્ઞાયક પ્રભુમાં દૃષ્ટિ લગાવીને તેમાં જ રહી જવું એ જ કરવા જેવું છે. વ્યવહારના રસિયાને આ અંતર સ્વસન્મુખ થવાની વાત કઠણ લાગે. ભાઈ ! એનો અભ્યાસ નથી માટે કઠણ લાગે. બાકી તો અંતરની ચીજ — પોતાની વસ્તુ — હોવાથી સરળ છે. અંદર જે છે તેની પ્રાપ્તિ — પ્રાપ્તની પ્રાપ્તિ કરવાની છે, તે કઠણ કેમ હોય ? પર અને રાગ કે જે આત્માના સ્વભાવમાં નથી તેને જો પોતાના કરવા હોય તો તે બની શકે નહિ; પરંતુ આનંદકંદ ભગવાન આત્મા જે અંદરમાં સદા પ્રાપ્ત છે — જાગતો જીવ સદા ઊભો છે — તેને દૃષ્ટિમાં પ્રાપ્ત કરવો એ તો સરળ છે, પોતાના હાથની વાત છે. બાપુ ! આ તો અંદરની ચીજ છે; આ કોઈ પંડિતાઈની ચીજ નથી કે જે બહારથી મળી જાય.

જ્ઞાન ને આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાયક આત્મામાં રહેવું એ જ સર્વસ્વ છે, એ જ કલ્યાણકારી ને હિતરૂપ છે. અહા ! બેનની ભાષા તો સાદી છે, પણ ભાવ ઘણા ઊંડા છે. વસ્તુસ્થિતિ આ જ છે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૨૬૦

**શુદ્ધાત્માને જાણ્યા વગર ભલે ક્રિયાના ઢગલા કરે, પણ તેનાથી આત્મા જાણી શકાતો નથી; જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. ૨૬૦.**

દેહાદિથી ને રાગાદિથી ભિન્ન આનંદનિધાન શુદ્ધ ચૈતન્યઘન નિજ ભગવાન આત્માને ઓળખ્યા વિના ભલે દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, ઉપવાસ વગેરે ક્રિયાઓના ઢગલા કરે, પણ તેનાથી કંઈ આત્મા પ્રાપ્ત થાય નહિ.

કેટલાક લોકો એમ કહે છે : સ્વામીજી પહેલાં સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા. સ્થાનકવાસીમાં મૂર્તિની માન્યતા નથી; ત્યાંના સંસ્કાર રહી ગયા હોવાથી મંદિર બનાવવામાં, ભગવાનની મૂર્તિનાં દર્શન કરવામાં, લાખો રૂપિયા ખરચીને તીર્થયાત્રા કાઢવામાં ધર્મ નથી—એમ તેઓ ઉપદેશ કરે છે. ભાઈ! એ બધો તો, જો અંદર કષાય મંદ પાડ્યો હોય તો શુભ રાગ છે, ધર્મ નથી. અરે! મૂર્તિ તો ઠીક પણ ત્રણ લોકના નાથ શ્રી તીર્થંકર ભગવાનનાં સાક્ષાત્ દર્શન કરવાનો ભાવ એ પણ શુભ રાગ છે, ધર્મ નથી; કેમ કે તે પર તરફના લક્ષવાળો બહિર્મુખ ભાવ છે. અંતર સ્વસન્મુખ થઈ ચૈતન્ય જ્ઞાયક પ્રભુના આશ્રયે જે નિર્મળ ભાવ થાય તે ધર્મ છે.

પોતાના શુદ્ધાત્માને ઓળખ્યા વિના ભલે છ છ મહિનાના ઉપવાસ કરે, ઉપવાસના પારણે લૂખો આહાર કરે, પણ એ બધું આત્માના હિત માટે નિરર્થક છે. અત્યારે તો સંપ્રદાયમાં લોકોને ક્રિયાકાંડે ચડાવી દીધા છે. કરો સામાયિક, પ્રતિક્રમણ ને પોસા, અને કરો સિદ્ધચક્રની પૂજા, કર્મદહનની પૂજા—એમ બહારની ક્રિયામાં હાલના ઉપદેશકોએ ધર્મ મનાવી દીધો છે; પણ ભાઈ? એવી ક્રિયાઓના લાખ ઢગલા કર ને! પણ આત્માના ભાન વિના એ બધું ધૂળધાણી છે.

પ્રશ્ન:— આપ જે ઉપદેશ આપો છો તે તો ધર્મનું કામ છે ને?

ઉત્તર:— ઉપદેશ તો ભાષાવર્ગણારૂપ પુદ્ગલની પર્યાય છે, તે તરફનો વિકલ્પ તે રાગ છે, દુઃખ છે. પુદ્ગલની પર્યાયથી કે રાગથી આત્માનો ધર્મ કેમ થાય?—ન થાય.

પ્રશ્ન:— એ ધર્મમાં સાધન તો છે ને?

ઉત્તર:—જરા ય નહિ. પ્રવચનસારની ટીકાના અંતમાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે ને!—ખરેખર પુદ્ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેમને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણમાવી શકતો નથી, તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી — સમજાવી શકતા નથી માટે 'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવા યોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી)છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા છે' એમ મોહથી જનો ન નાચો (— ન ફુલાઓ). જ્યાં ભાષા સ્વયં વ્યાખ્યાનરૂપ પરિણમે છે ત્યાં તેનો કર્તા આત્મા કેમ હોઈ શકે? અને ભાષા જે સ્વયં અચેતન છે તે ચૈતન્યના ધર્મનું સાધન કેમ થઈ શકે? — ન થઈ શકે.

વકીલ કોર્ટમાં દલીલ કરે અને ન્યાયાધીશ તેનો ચુકાદો આપે — એ બધી વાણી જડ છે. તે વાણી આત્માથી થઈ નથી અને તે વખતે તે પ્રકારનો જે રાગ આવ્યો તે પણ આત્માની ચીજ નથી. તેનાથી આત્મા જાણી શકાતો નથી. નિજ શુદ્ધાત્માને જાણ્યા વગર ભલે ને લાખ-કરોડ ઉપવાસ કરે, શત્રુંજયની નવ્વાણું યાત્રા કરે, પણ તેનાથી આત્માનું જ્ઞાન થતું નથી. યાત્રા કહેવી કોને? ખરેખર તો અંદર જે ત્રણ લોકનો નાથ આનંદકંદ જ્ઞાયકપ્રભુ ભગવાન આત્મા છે તેનો આશ્રય લઈને સ્વરૂપમાં ઠરવું તેનું નામ યાત્રા છે. તીર્થની યાત્રાના ભાવ અશુભથી બચવા માટે આવે, પણ તે શુભ ભાવ છે. તેનાથી ધર્મ થતો નથી.

આત્માના ભાન વિનાના ક્રિયાકાંડથી નહિ પણ સ્વસન્મુખ જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. અંદર જ્યાં ચૈતન્ય વિજ્ઞાનઘન પ્રભુ પડ્યો છે ત્યાં વર્તમાન પર્યાયને વાળવાથી — જ્ઞાનની પરિણતિને સ્વસન્મુખ કરવાથી — આત્મા જાણી શકાય છે. બીજી કોઈ રીતે તે જાણી શકાતો નથી. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની એ આજ્ઞા છે કે — બહારના લાખ ક્રિયાકાંડ કર તોપણ તેનાથી આત્માનું જ્ઞાન થતું નથી. અંતર્મુખ થવું એ જ એકમાત્ર જ્ઞાન થવાનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

ગુરુદેવે બધાને દ્રવ્યદૃષ્ટિનો — શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝૂકવાનો ઉપદેશ આપ્યો. તું પણ આ તરફ ઝૂકી જા; નિધાન તારી પાસે જ છે, ક્યાંય ગોતવા જવું પડે એમ નથી.

—બહેનશ્રી ચંપાબેન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૯૯

તા. ૨૪-૯-૭૮

## વચનામૃત — ૨૬૧

**દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખી તું આગળ જા તો સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે. જો સ્વભાવમાં અધૂરાશ માનીશ તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ. માટે અધૂરો નહિ, પૂર્ણ છો — એમ માન. ૨૬૧.**

**'દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખી તું આગળ જા તો સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે.'**

વિષય જરા સૂક્ષ્મ છે. સૌ પહેલાં જ્ઞાન-આનંદાદિ અનંત શક્તિઓથી સદા પરિપૂર્ણ એવા નિજ ચૈતન્યદ્રવ્યસામાન્ય ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે, અને તેમાં સિદ્ધભગવાનની જાતના અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ આવે છે. માટે ત્રિકાળી ધ્રુવ પૂર્ણ ચૈતન્યતત્ત્વને દૃષ્ટિમાં લઈને આગળ વધ, જેથી સ્વરૂપરમણતા વધતાં પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થશે.

દૃષ્ટિ પોતે પર્યાય છે; પણ તે પર્યાયને પૂર્ણ ધ્રુવ સ્વભાવ ઉપર રાખ ભાઈ! તારા આત્માનું કલ્યાણ કરવું હોય, જન્મ-મરણનાં દુઃખોનો અંત લાવવો હોય, તો શરીરાદિ બાહ્ય નિમિત્તો તથા દયા-દાનના વિકલ્પો ઉપરથી પણ તારી દૃષ્ટિ હઠાવી લે અને ત્રિકાળી પૂર્ણ ચૈતન્ય ભગવાન ઉપર તેને લગાવી દે. વર્તમાન પર્યાયમાં જે અપૂર્ણતા દેખાય છે તે આત્માની ચીજ નથી. દૃષ્ટિ અંદર થઈ અને તેણે પૂર્ણ સ્વભાવનો સ્વીકાર કર્યો તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપાચરણ પ્રગટ થયું અને અતીન્દ્રિય આનંદનો થોડો સ્વાદ આવ્યો. હવે તેમાં આગળ વધ, જેથી તારી દશા સિદ્ધભગવાન જેવી પૂર્ણ થઈ જશે.

અહા! આ વાત લોકોને કઠણ પડે છે, કેમ કે અભ્યાસ નથી ને! અરે! આઠ-આઠ વર્ષનાં બાળકો પણ આ રીતે અંતર્મુખ દૃષ્ટિ કરવાથી આત્મજ્ઞાન પામે છે. ત્રણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાળે આત્મજ્ઞાન પામવાની વિધિ તો એક જ હોય ને ? એ જ અહીં કહે છે કે — પૂર્ણ પરમાત્મસ્વરૂપ ઉપર દૃષ્ટિ રાખીને આગળ જા, ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો વિશેષ જોરદાર આશ્રય લે, તો તારી દશામાં પ્રથમ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્થિરતારૂપ તથા આનંદના અંશરૂપ નિર્મળતા પ્રગટી હતી તે વધીને પૂર્ણાનંદરૂપ પરમાત્મદશા થઈ જશે, સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે. પ્રથમ સ્વભાવ ઉપર દૃષ્ટિ થવાથી સમ્યગ્દર્શન, સત્યદર્શન થયું — ભગવાન જ્ઞાયક જેવો છે તેવો પર્યાયમાં સાક્ષાત્કાર થયો; પછી સ્વરૂપમાં વિશેષ જોરથી એકાગ્ર થવાથી વર્તમાન દશામાં જે અશુદ્ધતા — કચાશ હતી તે નીકળી ગઈ; — એ રીતે દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખીને આગળ સ્થિરતા વધારવાથી સિદ્ધ ભગવાન જેવી પૂર્ણ નિર્મળ દશા થઈ ગઈ. આવી વાત છે; સમજાય છે કાંઈ ?

**'જો સ્વભાવમાં અધૂરાશ માનીશ તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ.'**

શું કહે છે ? ભગવાન આત્મા એક સમયમાં પૂરણ...પૂરણ...પૂરણ, પૂર્ણાનંદથી ભરપૂર વસ્તુ છે. 'आपूर्णम्' સમયસારના કળશમાં આવે છે ને ? પરિપૂર્ણ વસ્તુને માનવાવાળી તો પર્યાય છે ને ? અરેરે ! કેટલાક એકાન્ત અભિપ્રાયવાળાને પર્યાયના સ્વરૂપની ખબર નથી. 'આત્મા પૂર્ણસ્વરૂપ છે' એવો નિર્ણય કોણે કર્યો ? — પર્યાયે. તે પર્યાયની સમીપમાં જ પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે. તેના ઉપર દૃષ્ટિ દેવાથી અને સ્થિરતામાં આગળ વધવાથી પૂર્ણાનંદમય સિદ્ધદશા પ્રગટ થાય છે, કંઈ વ્રત, તપ વગેરે કરવાથી સિદ્ધદશા પ્રગટ થતી નથી. સાધક જીવને જ્યાં સુધી પર્યાયમાં પૂર્ણતા પ્રગટ નથી ત્યાં સુધી વચ્ચે એવા શુભ ભાવ આવે ખરા, પણ તેની દૃષ્ટિ તેના ઉપર નથી; દૃષ્ટિ તો સદા સ્વભાવ ઉપર હોવાથી, સ્વભાવના વિશેષ જોરદાર આશ્રયરૂપ સ્થિરતા વધારી, અપૂર્ણતાનો નાશ કરી, તે પૂર્ણાનંદ દશાને પામી જશે. અહા ! આવી વાતો છે; સાધારણ માણસોને એમ લાગે કે — આ તે કેવો ધર્મ ? પણ ભાઈ ! વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

એક સમયની — વર્તમાન — પર્યાયની સમીપમાં ભગવાન આત્મા આખો પૂર્ણાનંદસ્વરૂપે પડ્યો છે. જો તે સ્વભાવે પરિપૂર્ણ ન હોય તો પર્યાયમાં પૂર્ણતા આવશે ક્યાંથી ? શું બહારથી આવશે ? વાત જરા ઝીણી છે, બહુ ધ્યાન રાખીને પકડે તો પકડાય. જો તું તારા સ્વભાવમાં અધૂરાશ માનીશ તો તને પર્યાયમાં પૂર્ણતા ક્યારેય પ્રગટ નહિ થાય. તારી પ્રભુતાને થોડી અને અપૂરણ માનીશ તો તેના આશ્રયે કદી પૂર્ણતા પ્રાપ્ત નહિ થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીંડીપીપરમાં ૬૪ પહોરી પૂરણ તીખાશ અને રંગે લીલાશ શક્તિપણે ભરેલી છે. લીંડીપીપરનો દાણો સીધો ખાય તો તેમાં સાધારણ તીખાશ અને રંગે તે કાળો દેખાય છે; પરંતુ તેનામાં ૬૪ પહોરી પૂરણ તીખાશની તાકાત તો સદા ભરપૂર છે. તીખાશ પ્રગટે છે તે ક્યાંથી આવે છે? શું ખરલમાં ઘૂંટવાથી આવે છે? અંદર તેના સ્વભાવમાં જે તાકાત પડી છે તેમાંથી આવે છે. આ દાખલો તો સમજાય એવો છે. અહીં તો એમ કહેવું છે કે તું જો તારા જ્ઞાયકસ્વભાવમાં ઓછપ — અધૂરાશ માનીશ તો અધૂરાના આશ્રયે કોઈ દિવસ પૂર્ણતાને પામી શકીશ નહિ.

લોકોને આ વાત એકાન્ત નિશ્ચય જેવી લાગે છે, કેમ કે આમાં વ્યવહારથી — દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત ને તપથી — લાભ થાય એવું આવતું નથી ને. બાપુ, એ બધા વ્યવહારના ભાવો તો શુભ રાગ છે, આત્માનો ધર્મ નથી. તેમાં ધર્મ માનીને તું છેતરાઈ ગયો છો. અરે! આ મોંઘો મનુષ્યદેહ ચાલ્યો જશે, સાચું સમજવાનાં ટાણાં મળ્યાં અને જો અત્યારે નહિ સમજ તો ક્યારે સમજીશ? ક્રિયાકાંડના વિકલ્પ તો ક્લેશ છે, દુઃખ છે; દુઃખના આશ્રયે કંઈ આનંદમૂર્તિ આત્મા દૃષ્ટિમાં આવે?

કોઠીમાં જેમ ઘઉં ભિન્ન છે તેમ આત્મામાં ગુણો ભિન્ન નથી. આત્મા તો જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર અભિન્ન પદાર્થ છે, તેમાં જો અધૂરાશ માનીશ તો તારી દૃષ્ટિમાં પૂર્ણ સ્વભાવનો સ્વીકાર નહિ આવે. પર્યાયમાં અપૂર્ણતા છે માટે વસ્તુસ્વભાવ પણ અપૂર્ણ — અધૂરો છે એમ જો માનીશ તો તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ થશે, તને શુદ્ધતા નહિ પ્રગટે. પ્રભુ! તું સ્વભાવે પૂરો છો, અધૂરો નથી. બેને (૩૮૦મા બોલમાં) કહ્યું છે ને! — 'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારા સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.' અહો, આ વસ્તુ! વાત કેટલી સરસ છે!

આકાશનું ક્ષેત્ર અનંત છે. ચૌદ બ્રહ્માંડ પછી પણ એકલું ખાલી આકાશ છે. છે ક્યાંય એનો અંત? છે એનો છેડો? છેડો છે તો, ત્યાર પછી શું છે? અરે! કોઈ નાસ્તિક વિચાર કરે તો તેને પણ સ્વીકારવું પડે કે દશે દિશામાં આકાશનો ક્યાંય અંત નથી. એ અમાપ અનંત આકાશના પ્રદેશો કરતાં અનંત ગુણા આત્મામાં ગુણ છે. એ કહીને શું કહેવું છે? આત્મામાં જે અનંત અનંત ગુણો છે તેમાં 'આ ગુણ છેલ્લો' એમ છે નાહ. અહાહા! અમાપનું માપ કરવાવાળી પર્યાયમાં જણાય બધું છતાં આત્માનાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણોમાં 'આ ગુણ આખરનો' એમ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ. આવા અનંત ગુણોથી ભરપૂર આત્માના — ધ્રુવ સ્વભાવના — તળિયે જા, પાતાળમાં જા, તો તું પૂર્ણતાને પામી શકીશ.

**'માટે અધૂરો નહિ, પૂર્ણ છો — એમ માન.'**

માટે 'હું સદા પરિપૂર્ણ છું' એમ સ્વભાવની દૃષ્ટિ કરીને માન. અધૂરાશ તારો સ્વભાવ નથી. વસ્તુ સ્વભાવે પરિપૂર્ણ હોવા છતાં જો તેમાં અધૂરાશ માનીશ તો તારી દૃષ્ટિ જૂઠી થશે, વિપરીત થશે. આત્મા જેવો ત્રિકાળી પરિપૂર્ણ છે એવો માનવો, પ્રતીતિમાં લેવો તે સમ્યગ્દર્શન છે. માટે આત્મહિત કરવું હોય, મોક્ષમાર્ગે ચડવું હોય તો 'હું સ્વભાવે અત્યારે જ પરિપૂર્ણ છું, અધૂરો નહિ' — એમ માન, સમજાણું કાંઈ? મારગ બહુ અલૌકિક છે.

---

## વચનામૃત — ૨૬૨

**દ્રવ્ય સૂક્ષ્મ છે; માટે ઉપયોગને સૂક્ષ્મ કર તો સૂક્ષ્મ દ્રવ્ય પકડાશે. સૂક્ષ્મ દ્રવ્યને પકડી નિરાંતે આત્મામાં બેસવું તે વિશ્રામ છે. ૨૬૨.**

**'દ્રવ્ય સૂક્ષ્મ છે; માટે ઉપયોગને સૂક્ષ્મ કર તો સૂક્ષ્મ દ્રવ્ય પકડાશે.'**

જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ સ્થૂળ છે, ભગવાન જ્ઞાયક આત્મા તેનાથી પાર હોવાથી સૂક્ષ્મ છે. જ્ઞાનને અંતર્મુખ કરવાથી આત્મદ્રવ્ય પકડાય છે. આત્માને ચૂકીને બહિર્મુખ વર્તતું જ્ઞાન બધું સ્થૂળ છે. આત્મદ્રવ્ય સૂક્ષ્મ છે; તે, ઉપયોગને સૂક્ષ્મ કરવાથી એટલે કે જ્ઞાનને અંદરમાં વાળવાથી પકડાશે. અહીં દ્રવ્યનો અર્થ પદાર્થ, ચીજ, વસ્તુ સમજવો, પૈસા — લક્ષ્મી નહિ. પૈસો તો ધૂળ છે, અને આ આત્મદ્રવ્ય તો જ્ઞાનાદિ અનંત અનંત ગુણોનો સાગર પૂર્ણાનંદ ભગવાન છે. પ્રભુ! તને તેનો મહિમા અને વિશ્વાસ નથી, તેથી બહારની પ્રવૃત્તિ અને ક્રિયાકાંડમાંથી નવરો થતો નથી. કયારેક વેપારધંધાથી જરા નવરો થાય, ઉપદેશ સાંભળવા જાય, ત્યાં ઉપદેશકો તેને ક્રિયાકાંડમાં — વ્રત, તપ, પૂજા, ભક્તિ ને યાત્રા વગેરેમાં — જોડી દે; પણ ભાઈ! એ બધું, અંદર જો કષાય મંદ કર્યો હોય તો, શુભ રાગ છે; એમાં ધર્મ કયાં આવ્યો? ધર્મ તો અંદર સર્વ પ્રકારના રાગ રહિત જે સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવ છે તેને સમજીને શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ કરવાથી થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા! દ્રવ્ય કોને કહીએ? — કે જેમાં રાગ તો નથી પણ અપૂરણતા પણ નથી. પર્યાયમાં અપૂર્ણતા છે, દ્રવ્યસ્વભાવ તો નિજ ગુણસમૃદ્ધિથી સદા ભરપૂર છે. દ્રવ્યમાં અશુદ્ધતા ને અપૂર્ણતા કેવી રીતે હોય? — તો તે દ્રવ્ય જ કેમ કહેવાય? એ તો પવિત્રતા તેમ જ પરિપૂર્ણ ગુણોની ગાંઠડી છે, એક વાર રાગની એકતા તોડ — દયા, દાન વગેરે શુભ રાગથી ને ગુણ-ગુણીના વિકલ્પથી લાભ થશે એમ રાગની સાથે એકતાનાં તાળાં માર્યાં છે તેને તોડ — તો ગુણોની ગાંઠડી, અંદર ચૈતન્યનો અદ્‌ભુત ખજાનો ખૂલી જાય.

અહાહા! અંદર રાગથી ભિન્ન, પર્યાયથી પણ ભિન્ન, અનંત ગુણોથી ભરપૂર હોવા છતાં પણ સૂક્ષ્મ — એવી નિજ જ્ઞાયકવસ્તુને એક વાર ઉપયોગને સૂક્ષ્મ કરીને લક્ષમાં તો લે, તો તને તે જ્ઞાયકપ્રભુ અનુભવમાં આવશે. તે જ્ઞાયકદ્રવ્ય સૂક્ષ્મ છે, તેથી કોઈ વિકલ્પથી, દયા-દાન વગેરે રાગની મંદતાથી, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાથી, પંચમહાવ્રતનાં શુભ આચરણથી પકડમાં આવતું નથી, કેમ કે આ બધાં ભાવો શુભ રાગ છે, અત્યંત સ્થૂળ છે; તેનાથી રાગ રહિત અત્યંત સૂક્ષ્મ આત્મદ્રવ્ય કેમ પકડાય?

અરેરે! કેટલાકને તો 'દ્રવ્ય'ના અર્થની પણ ખબર હોતી નથી. અહીં સ્વાધ્યાયમંદિરમાં ભીંત ઉપર 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' — એવું ટૂંકું વાક્ય લખેલું છે; તે વાંચીને ઘણાં વર્ષો પહેલાં એક ભાઈએ પૂછ્યું: 'સાહેબ! આ 'દ્રવ્યદૃષ્ટિ એટલે પૈસાની દૃષ્ટિ? શું પૈસાની દૃષ્ટિવાળા બધા સમ્યગ્દૃષ્ટિ હશે?' ભાઈ! અહીં 'દ્રવ્ય'નો અર્થ પૈસા-લક્ષ્મી નથી, દ્રવ્ય એટલે ચૈતન્યચમત્કારથી ભરપૂર ભરેલો ત્રિકાળી સચ્ચિદાનંદમય નિજ જ્ઞાયક આત્મા છે. તે અત્યન્ત સૂક્ષ્મ છે, ઇંદ્રિયોથી, રાગથી કે ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પથી પણ તે જણાય એવો નથી. વર્તમાન જ્ઞાનમાં પરિણામને સૂક્ષ્મ કર, સ્થૂળ ઉપર આ જે લક્ષ જાય છે તેને અંતર્મુખ વાળીને સૂક્ષ્મ બનાવી દે, તો સૂક્ષ્મ ભગવાન આત્મા પકડમાં — જ્ઞાનમાં ને અનુભવમાં — આવશે.

જેમ ઝીણાં મોતી સાણસાથી પકડમાં ન આવે, તેના માટે ઝીણી સમાણી જોઈએ, તેમ, ભગવાન આત્મા સૂક્ષ્મ છે, તેને પકડવા માટે સૂક્ષ્મ બુદ્ધિ હોવી જોઈએ. અરે! પરલક્ષી શાસ્ત્રજ્ઞાન પણ સ્થૂળ છે, તેના વડે પણ આત્મા યથાર્થ પકડમાં — અનુભવમાં — આવે નહિ. અહા! ભવનો અભાવ કરવાની પદ્ધતિ આ છે, બાકી બધી કોરી વાતો છે. ચોરાશીના અવતાર અનંત વાર કર્યા, તેમાં અનંત વાર મહાવ્રત લીધાં, અનંત વાર ભગવાનનાં ક્ષેત્રોની જાત્રાઓ કરી, પણ તે કંઈ ચીજ નથી, તે શુભ રાગથી જરાય આત્મકલ્યાણ થતું નથી. અંદર પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે તેને વર્તમાન જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયમાં ધીરેથી, ઉપયોગને ઝીણો કરીને, લક્ષગત બનાવે તો તે પકડમાં આવે છે. ત્રણ લોકના નાથ શ્રી તીર્થંકર ભગવાનનું આ ફરમાન છે.

અનંત શક્તિઓનો સાગર જ્ઞાયકવસ્તુ સૂક્ષ્મ છે; તે નિમિત્તથી ને રાગથી તો નહિ પણ સ્થૂળ જ્ઞાનથી — શાસ્ત્રજ્ઞાનથી પણ પકડમાં નહિ આવે; કેમ કે તે પરલક્ષી જ્ઞાન છે. અંદર સૂક્ષ્મ જ્ઞાનના ઉપયોગથી જ સૂક્ષ્મ દ્રવ્ય પકડમાં આવે છે. અરૂપી આનંદકંદ પ્રભુને પકડવા જ્ઞાનની વર્તમાન પર્યાયને સૂક્ષ્મ — ધીરી કરવી પડશે.

એનો ઉપાય? સૂક્ષ્મ ઉપયોગ કરવો, અર્થાત્ પૂર્ણાનંદ પ્રભુનો આશ્રય — અવલંબન લેનાર જે પર્યાય છે તેના વડે સૂક્ષ્મ દ્રવ્ય પકડમાં આવે છે. ઝીણી વાત છે બાપુ! આ તો જન્મ-મરણના અંતની વાતો છે. સર્વજ્ઞ ભગવાને આત્મા જે દ્રવ્ય તરીકે જોયો અને પર્યાયમાં પ્રગટ કર્યો તે સૂક્ષ્મ છે. પરિણામને અંતરમાં જઈને ખૂબ જ સૂક્ષ્મ કરે ત્યારે તે પકડમાં આવે. અહા! ચૈતન્યચમત્કારથી ભરપૂર આ આત્મવસ્તુનો જીવે કદી વિશ્વાસ કર્યો નથી. 'વિશ્વાસથી વહાણ તરે' એમ કહેવાય છે ને? — એમ સૂક્ષ્મ ઉપયોગ કરીને અંદર આ પૂર્ણાનંદના નાથનો વિશ્વાસ કરતાં મોક્ષમાર્ગ શરૂ થાય છે. સૂક્ષ્મ ઉપયોગથી દ્રવ્ય પકડાયું, તોપણ જ્યાં સુધી પર્યાયમાં પૂર્ણતા ન થાય ત્યાં સુધી આનંદ ને દુઃખ બંને મિશ્ર છે. માટે કહે છે ને કે — પૂર્ણ ઉપર લક્ષ કરી ત્યાં જ ઠરી જા.

કોઈ એમ કહે કે — સમ્યગ્દર્શન ને જ્ઞાન થયું, તો જ્ઞાનીને હવે દુઃખ છે જ નહિ; તો તે તત્ત્વને — સાધકભાવને, સાધ્યને કે દ્રવ્યને — સમજતા નથી. અહીં એ જ કહ્યું છે ને કે — દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખ અને આગળ વધ. જો પર્યાયમાં અધૂરાશ ન હોય, તો આગળ વધવાનું કેમ કહે? અહા! ધ્રુવના ધ્યેયથી ક્યારેય ચૂકતો નહિ; એ ધ્રુવ તત્ત્વ ઉપર દૃષ્ટિ સ્થાપીશ તો પર્યાયમાં પૂર્ણ આનંદ પ્રગટ થશે, તારી પર્યાય અધૂરી નહિ રહી શકે. સમજાણું કાંઈ? ઉપયોગને સૂક્ષ્મ કર તો સૂક્ષ્મ દ્રવ્ય પકડમાં આવશે.

### 'સૂક્ષ્મ દ્રવ્યને પકડી નિરાંતે આત્મામાં બેસવું તે વિશ્રામ છે.'

જ્ઞાનની વર્તમાન પર્યાયને સૂક્ષ્મ કરીને દ્રવ્યને અંદરમાં પકડ અને ત્યાં નિરાંતે બેસ. જેમ માણસને થાક લાગે ને તે ઢોલિયો પાથરીને બેસે — આરામ કરે તેમ. ભગવાન આત્મામાં જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં આનંદ આવ્યો એ જ એને વિશ્રામ મળી ગયો, ચારે ગતિનાં દુઃખો ચાલ્યાં ગયાં. પરંતુ જેને અંતર્મુખ દૃષ્ટિ નથી, તેને તેના વિશ્વાસ વગર ધર્મની દશા પ્રગટતી નથી. સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવને પકડી આત્મામાં આરામથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બેસવું તે વિશ્રામ છે. શુભ રાગમાં કે પર્યાયમાં બેસવું તે વિશ્રામ નથી. ભાઈ ! ઉપયોગને નિમિત્તમાં ને દુઃખ — રાગમાં તો નહિ પણ એક સમયની પર્યાયમાં પણ ટકવા ન દે, તારા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસ્વભાવમાં તેને લઈ જા.

અંદર ચૈતન્યમહેલ છે તે જ ખરું વિશ્રામસ્થળ છે. પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ તે મહેલમાં આરામથી બેસીને વિશ્રામ કર; પર્યાયનાં આસન છોડી દે ને દ્રવ્યસ્વભાવમાં આસન લગાવી દે. અતીન્દ્રિય જ્ઞાયક પ્રભુને ઓળખીને તેમાં નિરાંતે બેસવું તે જ સાચો વિશ્રામ છે.

———o———

## વચનામૃત — ૨૬૩

**સાધના કરનારને કોઈ સ્પૃહા હોતી નથી. મારે બીજું કંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે. આ ક્ષણે વીતરાગતા થતી હોય તો બીજું કંઈ જ નથી જોઈતું; પણ અંદર રહેવાતું નથી, માટે બહાર આવવું પડે છે. અત્યારે કેવળજ્ઞાન થતું હોય તો બહાર જ ન આવીએ. ૨૬૩.**

**‘સાધના કરનારને કોઈ સ્પૃહા હોતી નથી.’**

અંદર જ્ઞાયક પ્રભુની સાધના કરનારને બહારની કોઈ સ્પૃહા હોતી નથી. દુનિયા મને માને, ભક્તો મને પૂજે, લોકો મને ગણતરીમાં ગણે એવી કોઈ સ્પૃહા સાધકને હોતી નથી. પૂર્ણાનંદ ભગવાન આત્માની દૃષ્ટિ કરીને જે અંતર્મુખ આત્માનંદથી સંતુષ્ટ છે, તૃપ્ત છે, તેને પોતા સિવાય બીજી વસ્તુની ઇચ્છા કેવી ? સમયસારમાં ઇચ્છા-તૃષ્ણા-સ્પૃહાને અજ્ઞાનમય ભાવ કહ્યો છે.

દુનિયા મને જ્ઞાની કહે — માને, લોકો મારાથી રાજી થાય અને મારા જ્ઞાનની પ્રશંસા કરે એવી ભાવના જ્ઞાનીને કદી હોતી નથી; પોતા વિષે કોઈ કાંઈ ઠીક બોલે કે ન બોલે તેની સાધકને દરકાર કે પરવા હોતી નથી. તે તો કેવળ આત્મસાધનાની અભિવૃદ્ધિમાં જ તત્પર હોય છે, પૂર્ણ પરમાત્મપદ સાધવાની જ તેને લગની હોય છે; આત્મા સિવાય બીજી કોઈ જાતની તેને સ્પૃહા હોતી નથી. અરેરે ! આ વાત ક્યાંય સાંભળવા મળતી નથી. જૈન નામધારી વાડાઓમાં તો આ વાતની ગંધ પણ નથી, ત્યાં તો ગૃહીત મિથ્યાત્વનું પોષણ છે; જૈનનું નામ હોવા છતાં ખરેખર તે જૈન છે જ નહિ, તેમણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગ જૈન માર્ગની સાચી પદ્ધતિ તોડી નાખી છે. સાચા જૈનને — સાધના કરવાવાળાને આત્મા સિવાય કોઈની સ્પૃહા હોતી નથી.

**'મારે બીજું કંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે.'**

મને તો આનંદનો નાથ મારો આત્મા જ જોઈએ છે, મારે તો મારો ભગવાન જોઈએ છે. કયો ભગવાન ? અંદર બિરાજમાન પોતાનો જ્ઞાયક ભગવાન. અરિહંત વગેરે બીજા ભગવાનના ભેટા કરવાનો ભાવ તે બધો રાગ છે. અહા ! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જિનેશ્વર પરમાત્મા દિવ્ય ધ્વનિ દ્વારા જે કહી રહ્યા છે તે આ વાત છે. સાધકને એક નિજ આત્મા જ જોઈએ છે, બીજું કંઈ જોઈતું નથી, અરે ! જ્ઞાનનો પરલક્ષી વિશેષ ક્ષયોપશમ પણ જોઈતો નથી. પ્રવચનસારમાં કહ્યું છે ને ! — 'કેવળીમાં ને શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે, વધારે-ઓછા પદાર્થ જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે. માટે ઘણું જાણવાની ઇચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્ય છે. એ જ કેવળજ્ઞાનપ્રાપ્તિનો ઉપાય છે.' એક પૂર્ણાનંદ પ્રભુ જ મારે જોઈએ અને બીજું કંઈ ન જોઈએ — એવી સાધક જીવને ભાવના હોય છે. એમાં અનેકાન્ત આવી ગયો. આ સિવાય બીજું માને તેમાં બધી ગરબડ છે.

**'આ ક્ષણે વીતરાગતા થતી હોય તો બીજું કંઈ જ નથી જોઈતું; પણ અંદર રહેવાતું નથી, માટે બહાર આવવું પડે છે.'**

આ પળે જો પૂર્ણ વીતરાગતા પ્રગટતી હોય તો, 'આ થોડાં શાસ્ત્ર વાંચી લઉં, ભક્તિ-બક્તિ કરી લઉં વગેરે બીજું કંઈ જ જોઈતું નથી. પરંતુ અંદર પૂર્ણાનંદ નાથમાં વિશેષ રહી શકાતું નથી, માટે વૃત્તિ બહાર આવી જાય છે. સાધક જીવને સ્વરૂપની દૃષ્ટિ થઈ છે અને સ્વરૂપરમણતા પણ પ્રગટી છે, તોપણ કમજોરીને લઈને અંદરમાં વિશેષ રહી શકતા નથી. જ્ઞાનીને પણ ભક્તિનો, શ્રવણનો ને વાંચનનો રાગ આવે છે; તેને બહાર આવવું ગોઠતું નથી પણ અંદર વધુ રહી શકતા નથી તેથી બહાર આવવું પડે છે. અંદર પૂર્ણપણે જામી જવાતું નથી તેથી બહાર નીકળવું પડે છે, પણ તે દુઃખ છે. જ્ઞાનીને અંદર જ્ઞાનધારા ને આનંદધારા પ્રગટ થઈ છે પણ તેમાં પૂર્ણપણે રહી શકાતું નથી તેથી શ્રવણનો, કહેવાનો વગેરે ભાવ આવે છે. તે ભાવ રાગ છે, કર્મધારા છે. તેને કર્મધારામાં આવવું ગોઠતું નથી પણ પુરુષાર્થની મંદતા હોવાથી બહાર આવવું પડે છે.

**'અત્યારે કેવળજ્ઞાન થતું હોય તો બહાર જ ન આવીએ.'**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જો હમણાં કેવળજ્ઞાન થઈ જતું હોય તો બહાર ક્યારેય ન આવીએ. જ્ઞાનીને એમ નથી હોતું કે વિશેષ જાણપણું થઈ જાય તો લોકોને સમજાવવાનું ઠીક પડે; તેને તો નિરંતર એ જ ભાવના હોય છે કે હમણાં અંદર જામી જવાય તો એક ક્ષણ પણ બહાર ન આવીએ. બેનના (૪૦૧મા) બોલમાં આવે છે ને!—જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. તેને જ્યારે વિકલ્પ ઊઠે છે ત્યારે અંદરમાં એમ થાય છે કે 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા?' આ દયા, દાન, પૂજા, ભક્તિ વગેરે પરભાવમાં અમને ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ આદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. સાધક જીવને આ ક્ષણે સ્વદેશમાં વસી જવાતું હોય—વીતરાગતા ને કેવળજ્ઞાન થાય—તો તે કદી બહાર જ ન આવે.

ભાઈ! દુનિયાને થોડું સમજાવીને ઉપકાર કરું એ પણ વિકલ્પ છે ને બંધનું કારણ છે. બીજાને સમજાવવામાં પોતાનું જાણપણું વધે ને? એવા જાણપણાની પણ સાધકને જરૂર નથી. તેને તો એક જ લગની છે કે સ્વભાવનો આશ્રય કરી તેમાં અત્યારે પૂર્ણપણે સમાઈ જવાતું હોય, વીતરાગતા ને કેવળજ્ઞાન થતું હોય, તો કદી બહાર જ ન આવીએ.

મુક્તિનો માર્ગ અંતરમાં છે, બહાર નથી. આ વિષમ કાળમાં માર્ગ બતાવનાર એક ગુરુદેવ જ હતા. ગુરુદેવનો આવા કાળમાં જન્મ થયો તો કેટલાયને રુચિ ઉત્પન્ન થઈ. માર્ગ કોઈ જાણતું નહોતું. અભ્યંતરનો માર્ગ ગુરુદેવે બતાવ્યો.

—બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૦૦

તા. ૨૫-૯-૭૮

## વચનામૃત — ૨૬૪

તારા ચિત્તમાં બીજો રંગ સમાયેલો છે, ત્યાં સુધી આત્માનો રંગ લાગી શકતો નથી. બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા — જ્ઞાયકદેવ પ્રગટ થાય છે. જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય, તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન?

'તારા ચિત્તમાં બીજો રંગ સમાયેલો છે, ત્યાં સુધી આત્માનો રંગ લાગી શકતો નથી.'

શું કહે છે? જેના ચિત્તમાં બીજો રંગ એટલે કે પ્રેમ હોય — ગમે તો સંયોગી ચીજનો પ્રેમ હોય, રાગનો પ્રેમ હોય અને બહિર્લક્ષી શાસ્ત્રજ્ઞાન થયું એનો પ્રેમ હોય — તેને પોતાના સ્વભાવનો પ્રેમ આવી શકતો નથી. ચિત્તમાં જ્યાં સુધી રાગનો — દયા, દાન, વ્રત, તપ વગેરે વિકલ્પ છે તેનો — રંગ એટલે કે પ્રેમ લાગેલો હોય ત્યાં સુધી આત્માનો પ્રેમ લાગી શકતો નથી, ભગવાન — ચૈતન્યજ્યોત — નો પ્રેમ આવતો નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી. નિમિત્તનો પ્રેમ રહે, રાગનો પ્રેમ રહે અને એક સમયની પર્યાયમાં જ્ઞાનનો પરલક્ષી ઉઘાડ — વિકાસ થયો એમાં પ્રેમ રહે તો પોતાનો આત્મા જાણવામાં આવતો નથી. આવી વાત છે ભાઈ! સમજાણું કાંઈ?

'બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા — જ્ઞાયકદેવ પ્રગટ થાય છે.'

નિમિત્તનો રસ છૂટી જાય, રાગનો રસ છૂટી જાય, પોતાની પર્યાયમાં — ભાવેન્દ્રિયમાં ઉઘાડ છે એનો પણ રંગ — પ્રેમ છૂટી જાય તો આત્મા — જ્ઞાયકદેવ પ્રગટ થાય છે. બહારની કોઈ પણ ચીજ વિસ્મયકારી લાગે ત્યાં સુધી પોતાના સ્વભાવની વિસ્મયતા આવી શકતી નથી — આત્માનો રંગ લાગી શકતો નથી. અહા! ભગવાન આત્મા તો ચૈતન્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ જ્ઞાયકસ્વભાવનો પિંડ છે, પ્રભુ! પરનો રંગ બધો છૂટી જાય તો, પોતાનો રંગ લાગી જાય એવી આ વાત છે.

પ્રશ્ન :— આત્માનો રંગ કેવો? વિકલ્પ જેવો?

ઉત્તર :— રંગ નામ રસ. આત્માનો રંગ નામ આત્માનો પ્રેમ. મારો નાથ પરમાનંદમૂર્તિ પ્રભુ, એનો જેને પ્રેમ લાગી જાય તેને પરનો બધો પ્રેમ છૂટી જાય. અરેરે! જીવ ક્યાંક ને ક્યાંય અટકે છે: કાં તો સ્ત્રીનો મ, કાં તો છોકરાંનો પ્રેમ, આબરૂનો પ્રેમ, લક્ષ્મીનો પ્રેમ, શુભભાવ — રાગ થાય છે તેનો પ્રેમ.

પ્રશ્ન :— ચક્રવર્તીને બધા પ્રેમ તો હોય છે!

ઉત્તર :— એકે પ્રેમ નથી, સમકિતી છે, છ ખંડનું રાજ છે. ન્યાલભાઈએ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં લખ્યું છે: ચક્રવર્તી-તીર્થંકર છ ખંડ નથી સાધતા, એ તો અખંડને સાધે છે.

પ્રશ્ન :— વ્યવહારથી તો સાધે છે?

ઉત્તર :— બિલકુલ સાધતા નથી; વિકલ્પ આવે છે એના પણ જાણવાવાળા રહે છે. રાગ હોય છે, છ ખંડના રાજમાં — વ્યવસ્થામાં — ઊભા રહેવું પડે છે. બેનના (૨૫૯મા) બોલમાં આવે છે: 'કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી. એક આત્મામાં જ રહેવું તે હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે.' બહારમાં ક્યાંય ઊભા ન રહેવું. રાગ આવે છે પણ ત્યાં, આ મારી — ચક્રવર્તીની સંપદાની વ્યવસ્થા હું કરું છું એમ, ઊભું ન રહેવું.

શ્રીમદ્ કહે છે:

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,<br>
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;<br>
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,<br>
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦

પ્રશ્ન :— સર્વ ભાવમાં શુદ્ધ ભાવ પણ આવી ગયો ને?

ઉત્તર :— શુદ્ધ નહિ, રાગ. રાગાદિ સર્વ ભાવથી ઉદાસીન થાય ત્યારે તો શુદ્ધ ભાવ પ્રગટ થાય છે. ધર્મીને પણ રાગ આવે છે પણ રાગમાં સુખબુદ્ધિ નથી. છ ખંડનું રાજ, એક હજાર દેવો જેની સેવા કરે છે એવી પટ્ટરાણી સહિત ૯૬ હજાર સ્ત્રીઓ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ તેમાં જરાય સુખબુદ્ધિ નથી.

**પ્રશ્ન :—** નવાં લગ્ન કરે છે તેનું શું ?

**ઉત્તર :—** કોણ કરે? ચક્રવર્તીને — ધર્મીને રાગ આવે છે પણ અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. વિભાવને તો કાળા નાગની જેમ છોડી દીધો છે. જ્ઞાનીને રાગ આવે પણ તે દુઃખરૂપ લાગે. મારો પ્રભુ આનંદસ્વરૂપમાંથી બહાર નીકળી ગયો; — દૃષ્ટિથી નહિ, દૃષ્ટિ તો ત્યાં (સ્વરૂપમાં) જ લાગેલી છે; એમાં હું રહી શકતો નથી. મારી કમજોરીથી શુભરાગ — ભક્તિ આદિનો ભાવ — આવ્યો તે પણ દુઃખ છે. અહા ! આવો વીતરાગ માર્ગ ! બહારનો બધો રસ છૂટી જાય તો ભગવાન આત્મા — જ્ઞાયકદેવ પ્રગટ થાય છે.

**'જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય, તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન ?'**

જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા — એવા અનંત ગુણોથી ગૂંથાયેલો અભેદ પરમાત્મસ્વરૂપ આત્મા મળી જાય તો પરનો રસ તૂટી જાય. તારો રસ લાગી જાય તો ભગવાન મળી જાય તને. અરે ! શુભ રાગમાં આવવું એ પણ અપરાધ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો ભાવ એ પણ શુભરાગ છે, દોષ છે, અસમાધિ છે, અશાંતિ છે. એ પરનો રસ છૂટી જાય તો ભગવાન આત્માના રસમાં જાગ્રતસ્વરૂપ ચૈતન્યદેવ પ્રગટ થાય.

**પ્રશ્ન :—** પરનો રસ છૂટે કઈ રીતે ?

**ઉત્તર :—** કર્યો છે એ છોડ. જેણે જોડયો છે એ તોડે. પરનો રસ જોડયો છે એણે, તો એ જીવ તોડે. પર તરફનું જોડાણ જે કર્યું છે તે પોતાથી કર્યું છે, તેને પોતાથી તોડીને ભગવાનની સાથે લાગી જાય. સમકિતી છ ખંડના રાજ્યમાં પડયો છે, રાગ આવે છે તેનું દુઃખ લાગે છે; એમાં તેને રસ નથી, સુખબુદ્ધિ નથી. એમાં રુચિ, સુખબુદ્ધિ નહિ હોવાથી — પરનો રસ છૂટી જવાથી ભગવાન પ્રગટ થાય છે. એમાં શું પ્રગટ થયું ? શું અનુભવમાં આવ્યું ? તેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી ગયો. અહા ! મારગડા બહુ આકરા ! અનાદિથી અભ્યાસ નહિ અને ઊંધા અભ્યાસે જીવો ચડી ગયા !

અહા ! જેને ભગવાન આત્મા મળી ગયો, તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા — અનંત ગુણથી ગૂંથાયેલો પ્રભુ, તેના રસમાં ભગવાન મળી જાય તો બીજા વિભાવથી તેને શું પ્રયોજન ? શરીરાદિ, લક્ષ્મી-આદિ અને રાગાદિ — એની સાથે શું પ્રયોજન ? એ તુચ્છ વિભાવો તેમ જ અરે ! ચક્રવર્તીનાં રાજ્ય હો, ઇંદ્રનાં ઇંદ્રાસન હો — એ બધું ભગવાન ચૈતન્યના વૈભવ આગળ તુચ્છ છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસારની પાંચમી ગાથામાં કહ્યું છે : હું મારા નિજ વૈભવથી કહીશ. કયો વૈભવ ? હું આનંદમૂર્તિ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છું એમ મારી દૃષ્ટિમાં ને મારા અનુભવમાં આવ્યું, મારી વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ, — વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, — એ મારો નિજ વૈભવ છે. અહા ! એ નિજ વૈભવથી હું કહીશ, પ્રભુ ! તું પ્રમાણ કરજે. મારા નિજ વૈભવથી કહીશ; ભગવાન કહે છે માટે કહીશ — એમ નહિ. શ્વેતાંબરનાં આચારાંગ વગેરે સૂત્રોમાં એમ આવે છે કે — ભગવાન આમ કહેતા હતા...આમ કહેતા હતા. એ શૈલી આખી જુદી અને આ શૈલી આખી જુદી. મારો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ, અતીન્દ્રિય જ્ઞાનનું દળ, અતીન્દ્રિય શાંતિનો સાગર, અનંત ગુણોનું ગોદામ, અનંત શક્તિનું સંગ્રહાલય, અનંત સ્વભાવનો સમુદ્ર.. અહા ! એવું જેને અંતરમાં મળી ગયું તેને બીજા વૈભવોથી શું પ્રયોજન ? એ કરોડોના બંગલા વગેરે તારો સાચો વૈભવ નહિ. અંદર આત્માના અનંત ગુણનો વૈભવ છે તેના પ્રેમ આગળ પર — જડ વૈભવનું પ્રયોજન શું છે ? અરે ! તારી પર્યાયમાં થતા તુચ્છ વિભાવોથી પણ તારે શું પ્રયોજન છે ?... તેનાથી તને શો લાભ છે ?

—o—

## વચનામૃત — ૨૬૫

**આત્મા જાણનાર છે, સદાય જાગ્રતસ્વરૂપ જ છે. જાગ્રતસ્વરૂપ એવા આત્માને ઓળખે તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે. આત્મા જાગતી જ્યોત છે, તેને જાણ. ૨૬૫.**

**'આત્મા જાણનાર છે, સદાય જાગ્રતસ્વરૂપ જ છે. જાગ્રતસ્વરૂપ એવા આત્માને ઓળખે તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે.'**

ભગવાન ! તું જાણવાવાળો જાગ્રતસ્વરૂપ પ્રભુ છો. આત્મા જાણવાવાળો સદાય જાગ્રતસ્વરૂપ જ છે, તેને કોઈ નિદ્રા કે આવરણ છે નહિ. અંદર જાગ્રતસ્વરૂપ ભગવાન —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાગતી જ્યોત ચૈતન્યપ્રભુ બિરાજે છે. જાગ્રતસ્વરૂપ કહીને બે વાત કરી છે: (૧) કાયમ—ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ જાગ્રતસ્વરૂપ જ છે; (૨) એવા આત્માને ઓળખે તો પર્યાયમાં પણ જાગ્રતસ્વરૂપ પ્રગટે. રાગાદિ તો અંધકાર છે, ભલે એ દયાદાનનો વિકલ્પ હો. રાગાદિ પોતાને જાણતા નથી, પરંતુ બીજા વડે જણાવાયોગ્ય છે માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે; અને ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક—જ્ઞાતા છે (પોતાને અને પરને જાણે છે) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે. ભગવાન આત્મા તો ચૈતન્ય-ચૈતન્ય એટલે જાગ્રતસ્વરૂપ છે એને પર્યાયમાં ઓળખ. અહા! ભારે આકરું કામ! રાગસ્વરૂપ અંધકારને છોડી દે અને જાગ્રતસ્વરૂપ ભગવાન આત્મા—જાગતો જીવ ઊભો છે—એને ઓળખી લે તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટશે. અહા! બેનના આ શબ્દોમાં ઘણા ભાવ ભર્યા છે. ચૈતન્યની જાગ્રતશક્તિસંપન્ન પ્રભુને—જાગ્રત ભગવાન આત્માને—ઓળખી લે; અજાગ્રત રાગાદિની ઓળખાણ છોડી દે.

લોકોને આ વાત આકરી લાગે છે. અત્યારે પ્રથા જ આખી ફરી ગઈ છે. ધર્મના નામે અત્યારે, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, દયા પાળો, મંદિર કરો, રથયાત્રા કાઢો અને ગજરથ ચલાવો વગેરે બહારની વાતો જ ચાલે છે; અંદર જાગ્રતસ્વરૂપ આત્મા જાગતી જ્યોત પડી છે તેને જાણવાની વાત કોઈ સમજતું નથી. આત્મા જાગતી જ્યોત—સ્વયં જ્યોતિ સુખધામ, અતીન્દ્રિય આનંદની ખાણ છે. શ્રીમદ્ કહે છે:

> શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
> બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.

—એ જાગતી જ્યોતની ખાણના ક્ષેત્રમાંથી અતીન્દ્રિય આનંદનો પાક આવે છે, રાગ પાકે તે આત્મા નહિ.

ત્રણ લોકનો નાથ—જાગ્રત જ્યોત, ઝળહળ જ્યોતિ બળે છે ને અંદર—એને ઓળખ ને!

આત્મા પર પદાર્થનું કાંઈ કરી શકતો જ નથી. આ મંદિર વગેરે મકાનો બન્યાં એ એને કારણે બન્યાં છે; તેને કડિયા બનાવી શકતા જ નથી. પરનું કોણ કરે? અરે! આંખની પાંપણ ફેરવવાની ક્રિયા આત્મા ત્રણ કાળ ત્રણ લોકમાં કરી શકે નહિ. જડની ક્રિયા જડથી થાય છે. અહીં કહે છે: શાંતિનો સાગર, ઝળહળ જ્યોતિ પ્રભુ! તું છો; તારી ચીજ એવી છે એને ઓળખ ને! શાસ્ત્રને જાણ—એમ વાત કરી નથી. અરે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનંત કાળનાં પરિભ્રમણ મટાડવાનો ઉપાય તો અંદર જાગતી જ્યોતને જાણવી — અનુભવવી એ છે પ્રભુ !**

અનંત ગુણનો નાથ ભગવાન આત્મા ગુણભેદમાં આવતો નથી; પર્યાયમાં પણ આવતો નથી તો રાગમાં ને પરમાં ક્યાંથી આવી શકે? ભજનમાં આવે છે: 'તને પર્યાયમાં અટકવા નહિ દઉં રે !' પ્રભુ! તને રાગમાં તો અટકવા નહિ દઉં, પણ પર્યાયમાં પણ હવે અટકવા નહિ દઉં. તારી ચીજ અંદર — ભગવાન આનંદનો નાથ — બિરાજે છે ત્યાં જા ને ! જાગ્રતસ્વરૂપી, સર્વજ્ઞસ્વરૂપી આત્મા રાગવાળો કે અલ્પજ્ઞતાવાળો નથી. 'જ્ઞ' સ્વભાવી કહો, સર્વજ્ઞસ્વભાવી કહો, જાગ્રતસ્વરૂપ કહો કે ચૈતન્ય — ચેતનાસ્વભાવ કહો — એને ઓળખ તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે. જાગ્રત ભગવાન જ્ઞાયકસ્વરૂપને ઓળખવાથી પર્યાયમાં જાગ્રતપણું પ્રગટ થશે. એ ત્રિકાળ જાગ્રતસ્વભાવ, નિત્યાનંદ પ્રભુ, ધ્રુવસ્વરૂપ — એની ઓળખાણ કરી, તો તારી પર્યાયમાં પણ જાગ્રતતા, જ્ઞાતાદ્રષ્ટાની પર્યાય, આનંદની પર્યાય પ્રગટ થશે.

સંપ્રદાયમાં કહે કે સામાયિક કરો, પોસા કરો, ચોવિહાર કરો, પણ ભાઈ ! એ તો ક્રિયાનો રાગ છે, એ તારી ચીજ નહિ; તારી ચીજ તો અંદર જાગ્રતસ્વરૂપ છે, અનંત અંનત ગુણોનું ગોદામ અંદર પડયું છે તે છે.

૧૮ થી ૨૦ વર્ષની નાની ઉંમરની વાત છે. તે વખતે મુંબઈમાં માલ લેવા જતા હતા. ત્યાં કેસરની વખારમાં કેસરના ડબ્બાની મોટી થપ્પીઓ લગાવેલી જોઈ હતી; તેમ આ જાગ્રતસ્વરૂપ આત્મા અનંત ગુણનું ગોદામ છે, અનંત અનંત ગુણોની થપ્પીઓ પડી છે અંદર, ત્યાં નજર કર પ્રભુ ! તો તારી પર્યાયમાં પણ જાગ્રત દશા પ્રગટશે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જાગ્રત દશા અને ભગવાન આત્મા એ ત્રિકાળી જાગ્રતસ્વરૂપ. પ્રભુ ! તું તો સચ્ચિદાનંદ છો, આનંદનો સાગર છો. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન; શાશ્વત જ્ઞાન ને આનંદનો ગંજ છો પ્રભુ ! એને ઓળખ, એની સન્મુખ થા અને પર્યાય ને રાગથી વિમુખ થા. સ્વભાવ જાગ્રત છે, આનંદ છે, તેમ પર્યાયમાં પણ તારી જાગૃતિ — ચૈતન્યની ને આનંદની દશા — થશે. અતીન્દ્રિય આનંદનો નાથ, તેની દૃષ્ટિ કરતાં, તેનો આદર કરતાં તારી પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવશે, આત્મસાક્ષાત્કાર થશે. અહા ! આવી વાત છે પ્રભુ ! પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટ હો.

જેમ અગ્નિ સ્વયં જ્યોતિ છે એમ આ ભગવાન આત્મા સ્વયં જાગતી જ્યોત છે, વજ્રની પેઠે ધ્રુવ જ્ઞાયકનું બિંબ છે પ્રભુ ! અહા ! એ જિનબિંબ છે. શ્રીમદ્‌માં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે છે: જિનપ્રતિમા થા, જિનપ્રતિમા થા. પણ એની એ લોકોને ખબર નથી. જિન-પ્રતિમા — જિનસ્વરૂપી ભગવાન આત્મા છે. તો એની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં જિનપણું આવી જશે. એ જિનબિંબ છે, એ ચૈતન્યપ્રતિમા છે. આ બાહ્ય પ્રતિમા છે એ વ્યવહાર છે; શુભ રાગ આવે છે તો લક્ષ ત્યાં જાય છે. અહીં તો બાપુ! તારા ઘરમાં જવાની વાત છે ને!

હમ તો કબહૂં ન નિજ ઘર આયે,
પર ઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે; હમ તો૦

હું લક્ષ્મીવાળો, હું પુણ્યવાળો ને પાપવાળો, હું પંડિત ને મૂરખ — એમ 'પર ઘર ભ્રમત નામ અનેક ધરાયે, હમ તો કબહૂઁ ન નિજ ઘર આયે.' ગાય-ભેંસ વગેરે પશુઓ સવારમાં બહાર નીકળે, સાંજે પાછાં આવે ત્યારે બારણાં બંધ હોય તો માથું મારે. ગમાણમાં ઘાસ મળશે અને બાર કલાક ત્યાં રહેવાનું મળશે એવી હોંશે બંધ બારણાંને માથું મારે, એમ પ્રભુ! તારા અંદરના ઘરમાં જવા માટે એક વાર માથું તો માર! રાગની એકતાથી આત્માનાં બારણાં બંધ છે તે તૂટી જશે. અહો! આત્મા જાગતી જ્યોત છે તેને જાણ, ચૈતન્યસ્વરૂપને ચૈતન્યથી જાણ. જાણનારી — જાણે છે એ — પર્યાય છે, પણ પર્યાયમાં જાણવામાં આવે છે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ. જ્ઞાનની પર્યાયમાં આ જાગ્રતસ્વભાવ જાણવામાં આવ્યો છતાં, એ પર્યાયમાં આવ્યો નહિ — પર્યાયરૂપ થઈ ગયો નહિ; જાગ્રતસ્વભાવનું સામર્થ્ય કેટલું છે એ પર્યાયમાં આવ્યું. પર્યાય દ્રવ્યરૂપ થઈ જાય છે કે દ્રવ્ય પર્યાયમાં આવી જાય છે — એમ છે નહિ.

**'આત્મા જાગતી જ્યોત છે, તેને જાણ.'**

આ આત્મા સ્વયં જાગતી જ્યોત છે તેને જાણ. એ શાશ્વત ચીજ છે તેને ઓળખ. ઓળખવું એ પર્યાય છે. કાર્ય પર્યાયમાં થાય છે ને! ધ્રુવમાં ક્યાં કાર્ય થાય છે? ધ્રુવ તો છે જ — જાગતી જ્યોત કુટસ્થ, નિત્ય — તેને જાણ, તેનો અનુભવ કર. અહો! આવું છે સ્વરૂપ; તેને જાણવા-માનવાથી અંદર અતીન્દ્રિય આનંદ પ્રગટ થશે.

———o———



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૬૬

**જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર; તારાં જન્મ-મરણનો નાશ થઈ જશે. આચાર્યદેવ કરુણાથી કહે છે: તું મુક્તસ્વરૂપ આત્મામાં નિસ્પૃહપણે ઊભો રહે. મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા. તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ. તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ. બહાર ફાંફાં મારવાથી સુખ નહિ મળે. ૨૬૬.**

**'જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર; તારાં જન્મ-મરણનો નાશ થઈ જશે.'**

મારે તો જન્મ-મરણનો નાશ કરીને આત્માનું કલ્યાણ કરવું છે — આવો તારો ભાવ હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર; તારાં જન્મ-મરણનો નાશ થઈ જશે. મને પુણ્ય બંધાય, હું સ્વર્ગમાં જાઉં, લક્ષ્મી મળે ને દુનિયામાં હું મોટો ગણાઉં — એ કાંઈ નહિ, માત્ર જન્મ-મરણનાં દુ:ખથી છૂટવાની સાચી ભાવના હોય તેની વાત છે. અહા ! જીવ ચોરાશી લાખ યોનીઓમાં, અને એક એક યોનીમાં અનંત વાર ઉત્પન્ન થયો છે. માતાના પેટમાં સવા નવ મહિના રહે છે; પણ શાસ્ત્રમાં કહે છે કે માતાના ગર્ભમાં ઉત્કૃષ્ટ બાર વર્ષ રહી શકે છે, કદાચિત્ બાર વર્ષ ગર્ભમાં રહીને જન્મ થતાં જ મૃત્યુ થઈ જાય અને ફરી એમાં આવે ને ફરી ગર્ભમાં બાર વર્ષ રહે — એમ ગર્ભ-કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ચોવીસ વર્ષની ગણવામાં આવી છે. ઊંધે માથે ગર્ભાશયમાં અશુચિ વિષે રહી દુ:ખ ભોગવ્યાં છે. આવું અનંત વાર થઈ ગયું છે પ્રભુ ! આમ દુ:ખ ભોગવતાં અનંત કાળ થયો, જો તારે આ દુ:ખભરપૂર જન્મ-મરણનો નાશ કરવો હોય, કરવાનું કરી લેવું હોય — આત્માનું કલ્યાણ કરવું હોય, તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું અંદર આત્માને સમજવાનો પુરુષાર્થ કર. રાગ ને પર્યાયમાં ઊભો છે — એ છોડી દે અને જે આ ચૈતન્યભૂમિ — અંદર ચૈતન્યનું દળ —, એમાં દૃષ્ટિ લગાડી ત્યાં ઊભો રહે. જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ શરત છે: આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને, ચૈતન્ય-ધ્રુવ — ધ્રુવ-ભગવાન — માં ઊભો રહીને તું અંતરમાં પુરુષાર્થ કર. એ પુરુષાર્થ એટલે શુદ્ધ ચૈતન્યની પરિણતિ; તેનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તારાં જન્મ-મરણનો નાશ થઈ જશે. ચૈતન્યભૂમિ કહો કે ચૈતન્યનું દળ, વસ્તુ, મોજૂદગી, ચીજ કહો; એવો જે શુદ્ધ ચૈતન્યઘન, એમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર; તારાં જન્મ-મરણનો નાશ થઈ જશે.

અહા ! આવી ભાષા ! પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) એવું આવી ગયું છે બહાર, કે અન્યમતી વેદાંતવાળો એક વાર વાંચે તો એને થઈ જાય : અહા! કેવા ભાવો આવ્યા છે અંદર! એક વેદાંતીના હાથમાં ગયું, વાંચીને કહ્યું : 'ઓહો ! આ ચીજ !' આ તો વસ્તુનું સ્વરૂપ છે, આ કોઈ પક્ષની વાત નથી, વાડાની વાત નથી.

**'આચાર્યદેવ કરુણાથી કહે છે : તું મુક્તસ્વરૂપ આત્મામાં નિસ્પૃહપણે ઊભો રહે.'**

'આચાર્યદેવ કરુણાથી કહે છે'— ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય વગેરે સંતો કરુણાપૂર્વક કહે છે : 'તું મુક્તસ્વરૂપ આત્મામાં નિસ્પૃહપણે ઊભો રહે.' ભગવાન આત્મા અંદર તો મુક્તસ્વરૂપ જ છે પ્રભુ ! દ્રવ્ય જે વસ્તુ છે તેને આવરણ પણ નથી, એમાં અશુદ્ધતા પણ નથી અને એમાં અપૂર્ણતા પણ નથી. બેનના બોલમાં (૩૮૦) આવે છે : 'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.' અહા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે. અરે ! એનો પ્રયત્ન પણ કેટલો ? તું એવા મુક્તસ્વરૂપ આત્મામાં નિસ્પૃહપણે ઊભો રહે એટલો.

સમયસારની ૧૫ મી ગાથામાં કહ્યું છે : 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं ..'— જે કોઈ આત્માને અબદ્ધસ્પૃષ્ટ જુએ છે, રાગના સંબંધ વિનાની ચીજ દેખે છે એણે સકળ જિનશાસન જોયું. અબદ્ધ કહો કે મુક્તસ્વરૂપ કહો. રાગાદિના સંબંધ વિનાની ચીજ તે અબદ્ધ. નાસ્તિથી કહીએ તો અબદ્ધ અને અસ્તિથી કહો તો મુક્તસ્વરૂપ. આવો ઉપદેશ લોકોને આકરો લાગે અને કહે: એકાંત છે, એકાંત છે. અરે પ્રભુ ! સાંભળ તો ખરો, આ તારા ઘરની વાત છે, તને તારા ઘરમાં લઈ જવાની વાત છે.

કોઈ પણ આશા વિના તું મુક્તસ્વરૂપ તારા આત્મામાં નિસ્પૃહપણે ઊભો રહે. વિશેષ જ્ઞાન હોય તો દુનિયા મને ગણે, લોકોને તારવા માટે હું જરી એકાદ ભવ કરું — એ બધો ભ્રમ છે. ભલે એકાદ ભવ કરવો પડે પણ દુનિયા મારો લાભ લે — એ દૃષ્ટિ જ વિપરીત છે. કોઈ કહે કે દુનિયા માટે એક-બે ભવ કરવા પડે તો શું ? અરે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન, આ તું શું કહે છે? ભવ કરવો એટલે ભવનું કારણ રાગ કરવો; અને રાગનું ફળ પાછો ભવ મળે — એમ એને તો ભવની ભાવના રહી. વળી તારાથી દુનિયાનું કલ્યાણ થશે એમ ત્રણ કાળમાં છે નહિ. દુનિયાને એના વીતરાગ ભાવથી કલ્યાણ થશે અને અજ્ઞાન ભાવથી બંધ થશે. આકરી વાત બહુ, ભાઈ!

તું મુક્તસ્વરૂપ આત્મામાં નિસ્પૃહપણે ઊભો રહે. મુક્ત...મુક્ત! — આ કેમ બેસે? વસ્તુ જે દ્રવ્ય છે, પદાર્થ છે એ તો મુક્ત જ છે. એક સમયની પર્યાયમાં રાગનો સંબંધ છે. ત્રિકાળી વસ્તુમાં તો રાગનો સંબંધ છે જ નહિ. ભગવાન આત્મા અરાગ-સ્વરૂપ, મુક્તસ્વરૂપ, અબંધસ્વરૂપ છે એને જેણે જોયો — શુદ્ધોપયોગમાં જેણે જોયો — એણે આખા જિનશાસનને જોયું.

શું કહ્યું એ? ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર-જિનેશ્વરદેવનો હુકમ-ફરમાન છે કે પ્રભુ! તારી ચીજ અબદ્ધ છે તેને અંદર એક વાર તો જો. વસ્તુને આવરણ નથી, આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય; વસ્તુ ત્રિકાળ છે, તેનો અભાવ કેદી હોય? અહો! આ વાતો જગતથી બહુ જુદી બાપુ! સંપ્રદાયમાં તો અત્યારે ગોટા ઊઠયા છે. પરમેશ્વર જિનેશ્વર દેવ, જેને સર્વજ્ઞતા ને વીતરાગતા પરિપૂર્ણ પ્રગટ થયાં છે, એ પરમાત્માને વાણી ઇચ્છા વિના નીકળે છે. એ વાણીમાં સ્વપરની વાર્તા કહેવાની તાકાત છે. સ્વપર-પ્રકાશનની તાકાત ચૈતન્યની છે અને સ્વપરની વાર્તા કહેવાની તાકાત વાણીમાં છે. એ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે — ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે અંદર; જો મુક્ત ન હોય તો મુક્તિની પર્યાય આવશે ક્યાંથી? મુક્તસ્વરૂપ છે, એમાંથી — એના આશ્રયે કેવળજ્ઞાનપર્યાય, સિદ્ધપર્યાય — મુક્તિની પર્યાય પ્રગટ થાય છે. બંધસ્વરૂપ હોય એમાંથી તો બંધનું ફળ આવે. રાગનો ને કર્મનો સંબંધ તો એક સમયની પર્યાય સાથે છે, એ પર્યાયનો ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં તો અભાવ છે.

**'મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા.'**

અહીં તો કહે છે કે જો તારે જન્મ-મરણ રહિત થવું હોય, તારે તારું કલ્યાણ કરવું હોય તો — પ્રભુ! વાતો કરીને જગતને રાજી કરવું હોય તેની આ વાત નથી — તું મુક્તસ્વરૂપ અબદ્ધસ્વરૂપ ભગવાન આત્મા વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે, પદાર્થ તરીકે કાયમ છો, તેમાં ઊભો રહીને પુરુષાર્થ કર. વસ્તુ નામ જેમાં અનંત ગુણો વસે. અનંત ગુણોનો સ્વામી છે બાદશાહ ભગવાન આત્મા; એની બાદશાહતમાં અનંત ગુણોની પ્રજા પડી છે. ક્ષેત્ર ભલે શરીરપ્રમાણ હો, પણ ભાવ તો અમાપ — અપાર છે. આવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મુક્તસ્વરૂપ ભગવાન આત્મામાં નિસ્પૃહપણે ઊભો રહીને 'મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા'. મોક્ષની ઇચ્છાથી મોક્ષ નહિ થાય; મુક્તસ્વરૂપ ભગવાન આત્મામાં રહેવાથી મુક્તિ થશે.

અહીં તો જન્મમરણ રહિત થવાની વાત છે. જન્મમરણ મોહરાગદ્વેષ વિના મળે નહિ. મોટા ચક્રવર્તી હોય અને મરીને નરકે જાય. બ્રહ્મદત્ત છેલ્લો ચક્રવર્તી હતો. ૯૬ હજાર સ્ત્રીઓ, તેમાં એક કુરુમતી નામની પટ્ટ-સ્ત્રી જેની હજાર દેવો સેવા કરે, તેનામાં તે એટલો ગૃદ્ધી થઈ ગયો કે દેહ છૂટતાં 'કુરુમતી! કુરુમતી!' કરીને બીજી ક્ષણે જ સાતમી નરકે ગયો. નીચે સાત નરક છે. એ લૉજિકથી — ન્યાયથી સિદ્ધ થાય છે. સાતમી નરકમાં ૩૩ સાગરની સ્થિતિ છે. એક સાગરમાં દસ કરોડાકરોડ પલ્યોપમ જાય છે. એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજો વર્ષ છે. સાતસો વર્ષના આયુષ્યની સામે, મરીને તેત્રીશ સાગરનું આયુષ્ય! એક શ્વાસપ્રમાણ ભોગનું ફળ એને કેટલું આવ્યું? સાતસો વર્ષના જેટલા શ્વાસ થાય, તેના એક શ્વાસ બરાબર ૧૧ લાખ, ૫૬ હજાર ને ૯૭૫ પલ્યોપમ પ્રમાણ નરકના ફળ તરીકે દુઃખ પ્રાપ્ત થયું.

અહા! પ્રભુ! તું શું કરે છે! કેટલી ઊંધાઈ! આવાં જન્મમરણનાં દુઃખોથી તારે છૂટવું હોય તો ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે એમાં ઊભો રહે, એનો સ્વીકાર કર; મોક્ષની ઇચ્છા અને ચિંતાથી પણ મુક્ત થા.

'તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ.'

પ્રભુ! તું મુક્તસ્વરૂપ, આનંદસ્વરૂપ છો, એમાં રહેવાથી તારી પર્યાયમાં અનંત સુખ — અનંત આનંદ આવી જશે, અનંત આનંદ પર્યાયમાં અંદરથી પ્રગટ થઈ જશે. તું સ્વયમેવ, કોઈની અપેક્ષા વિના, સુખરૂપ થઈ જઈશ.

'તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ.'

— એમ ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે.

'બહાર ફાંફાં મારવાથી સુખ નહિ મળે.'

ભલે દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હો, પણ એ તો રાગ છે, તેનાથી આત્માનું સાચું સુખ નહિ મળે. તારામાં એક વીર્ય નામનો ગુણ છે. તારી દૃષ્ટિમાં તારા દ્રવ્યનો સ્વીકાર કરવાથી વીર્યગુણનું કાર્ય એ છે કે સ્વરૂપની નિર્મળ રચના કરે. એ વીર્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વચમાં રાગની રચના કરે તે નપુંસકતા છે. જેમ નપુંસકને પ્રજા થતી નથી તેમ શુભ ભાવથી ધર્મની પ્રજા — પર્યાય થતી નથી. આવી વાતો છે! પૂર્ણાનંદનો નાથ મુક્તસ્વરૂપ છે, એમાં ઊભો રહીને, દૃષ્ટિ ત્યાં લગાડવાથી તારી પર્યાયમાં પણ પરમાનંદની દશા પ્રગટ થઈ જશે. અહીં બતાવે છે કે બહારના વ્યર્થ પ્રયત્નથી સુખ નહિ મળે — તારા વ્રત, તપ, ભક્તિ કે દાનના શુભ ભાવથી આત્મા નહિ મળે. અંદર ચૈતન્યસ્વભાવમાં ઊભા રહેવાનો, સમજીને ઠરવાનો પુરુષાર્થ કરવાથી તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ.

મહાપુરુષો જ્યાં વિચરે ને વસે તે ભૂમિ તીર્થસ્વરૂપ છે. ગુરુદેવે સોનગઢનો કણેકણ પાવન કર્યો છે, અહીં વર્ષો સુધી વસવાટ કર્યો છે, વાણી વરસાવી છે. માટે આપણે તો આ ભૂમિ પાવન તીર્થ છે.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૦૧

તા. ૨૬-૯-૭૮

## વચનામૃત — ૨૬૭

**જ્ઞાની દ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રી-પૂર્વક, આગળ વધતો જાય છે અને ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જાય છે. ૨૬૭.**

ધર્મી જીવની વાત છે. પૂર્ણાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યના આલંબનના બળે સાધક ધર્માત્માને નિશ્ચય એટલે સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા, તથા તેમાં રહી ન શકે તો વ્યવહાર એટલે ભૂમિકાનુસાર વ્રતાદિના વિકલ્પ, — એ બંનેની — શુદ્ધ અને શુભની — મૈત્રી હોય છે, બંને એકસાથે હોવામાં વિરોધ નથી. સમયસાર-કળશ (૧૧૦)માં કહ્યું છે: જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિને બે ધારા રહે છે — શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બન્ને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી. જેમ મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે તેમ કર્મસામાન્યને અને જ્ઞાનને વિરોધ નથી. તે સ્થિતિમાં કર્મ પોતાનું કામ કરે છે અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો કે વ્રતનિયમના વિકલ્પો — શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં — કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.

પ્રશ્ન :— ચરણાનુયોગ-અપેક્ષાએ તો શુભભાવ ઉપાદેય છે ને?

ઉત્તર :— ભાઈ! વ્રતાદિનો શુભભાવ પણ રાગ છે; રાગ ઉપાદેય કેમ હોય? સમ્યગ્દૃષ્ટિને, શ્રાવકને ને મુનિરાજને પોતપોતાની ભૂમિકા પ્રમાણે અંદર શુદ્ધિ — જ્ઞાન-ધારા — પ્રગટ થઈ છે. તેમને પૂર્ણ વીતરાગતા પ્રગટ નહિ થઈ હોવાથી સાથે દેવવંદના કે વ્રતાદિના શુભભાવ આવે છે. તેમને શુદ્ધિરૂપ અરાગધારા ને શુભાશુભ રાગધારા સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહેવામાં વિરોધ નથી. શુભભાવ જ્ઞાનીને પણ આવે છે, પણ છે એ દુઃખરૂપ ને બંધનું કારણ; માટે તે ઉપાદેય નથી.

અંદર સ્વભાવના આશ્રયે પ્રગટતી જ્ઞાનધારા તે નિશ્ચય છે અને અપૂર્ણતાને લીધે સાથે જે રાગ આવે છે તે વ્યવહાર છે. ત્યાં, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એમ નથી, માત્ર અધૂરી દશામાં બંને સાથે હોય છે. દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે:

'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि ज मुणी णियमा।'

પ્રથમ પોતાના ભગવાન જ્ઞાયક તરફ ઢળવાથી ને રાગ સાથેની એકતા તોડવાથી જે વીતરાગી સમ્યગ્દર્શન થાય છે તે અંતર આત્માભિમુખ ધ્યાનમાં થાય છે, અને પછી અંદરમાં વિશેષ રમણતારૂપ ચારિત્ર પણ, અંતર ધ્યાનમાં સ્થિર થાય ત્યારે, ધ્યાનમાં જ પ્રાપ્ત થાય છે. અરેરે! અનંત કાળથી જીવે આ કર્યું નથી, બાકી બહારની બધી કડાકૂટ કરી.

વ્રતને આસ્રવ કહ્યો છે ત્યાં આત્માશ્રિત શુદ્ધિની સાથે રહેલા કચાશરૂપ રાગને આસ્રવ કહ્યો છે. ખરેખર તો આત્મજ્ઞાની સાધકને અંદર વિકલ્પ તૂટીને આનંદસ્વરૂપમાં એકાકાર સ્થિરતા જામે છે તેનું નામ નિશ્ચય વ્રત છે; તેનાથી સંવર-નિર્જરા થાય છે. તેને તે ભૂમિકામાં શુદ્ધિની સાથે જે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહના વિકલ્પો ઊઠે છે તેને વ્યવહારે વ્રત કહેવાય છે; પણ તે આસ્રવ છે, બંધનું કારણ છે. કોઈ એમ માને કે—મિથ્યાદૃષ્ટિનાં વ્રત, તપ, ભક્તિ બંધનું કારણ છે, પણ સમ્યગ્દૃષ્ટિનાં વ્રત, તપ વગેરે બંધનું કારણ નથી, તો તે માન્યતા મિથ્યાત્વ છે.

કોઈને ભ્રમ થાય કે મિથ્યાદૃષ્ટિનું જે ક્રિયારૂપ યતિપણું છે તે બંધનું કારણ છે, પણ સમ્યગ્દૃષ્ટિનું યતિપણું અંદર સમ્યગ્દર્શન-ચારિત્રસ્વરૂપ છે, તેથી તેને અંતર અનુભવજ્ઞાન અને બહારમાં દયા, દાન, વ્રતાદિ શુભક્રિયા—એ બન્ને મળીને જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો ક્ષય કરે છે. અજ્ઞાની જીવો આવી પ્રતીતિ કરે છે. ભાઈ! આ બધી જૂની માન્યતાઓ ફેરવવી પડશે. અજ્ઞાનીના વ્રતાદિ તો બંધનું કારણ છે જ; પણ જ્ઞાનીના શુભ ક્રિયારૂપ વ્રતાદિ પણ બંધનું કારણ છે; કેમ કે તે ભાવ શુભરાગ છે, આત્માના અનાકુળ સ્વભાવથી વિરુદ્ધ જાતિના છે. તે સંવર-નિર્જરાનાં કારણ કેમ હોઈ શકે? રાગ હોવાથી આસ્રવ-બંધનાં જ કારણ છે. શાસ્ત્રમાં આવો ખુલાસો છે છતાં લોકો આ વાતમાં તકરાર કરે છે.

ચૈતન્યસ્વભાવના અવલંબનથી અંદરમાં જે વિશેષ સ્થિરતા થઈ તેની સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભૂમિકાનુસાર અણુવ્રત કે મહાવ્રત વગેરેના જે વિકલ્પો આવે છે તેમને કથંચિત્ — ચરણાનુયોગની અપેક્ષાએ — ઉપાદેય કહેવાય છે, પણ ખરેખર તો તે આસ્રવ છે અને બંધનું કારણ છે. તત્ત્વાર્થસૂત્રમાં પણ 'शुभ: पुण्यस्याशुभ: पापस्य' વ્રતાદિ શુભ યોગ પુણ્યાસ્રવનું કારણ છે. ભાઈ! જે ભાવ આસ્રવ-બંધનું કારણ છે તે આદરણીય કેમ હોય? શુભ અને અશુભ રાગ બન્ને આસ્રવ-બંધનાં કારણ છે; તેમાં શુભ રાગ સારો અને અશુભ રાગ ખરાબ — એમ તફાવત માનનાર મિથ્યાદૃષ્ટિ છે. એવી માન્યતાથી તે ઘોર અપાર સંસારમાં રખડશે. પ્રવચનસારની ૭૭મી ગાથામાં કહ્યું છે:

ण हि मण्णादि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।
हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो॥

એ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે. પ્રવચનસાર એટલે ભગવાનની દિવ્યધ્વનિનો સાર. તેમાં કહ્યું છે કે વીતરાગતા ધર્મ છે, રાગ ધર્મ નથી. જેટલા શુભ ભાવ, બહિર્જલ્પરૂપ વિકલ્પવૃત્તિ, દ્રવ્યના વિચારરૂપ વિકલ્પ — એ બધું, શુભ રાગ હોવાથી, બંધનું કારણ છે.

અરે ભાઈ! સાચું સમજવાનો માંડ અવસર મળ્યો ત્યાં સમ્યગ્દર્શનમાં ગોટા વાળે! શું થાય! ભગવાનના વિરહ પડયા, પરમાત્મા ત્યાં (મહાવિદેહક્ષેત્રમાં) રહી ગયા અને અહીં (ભરતમાં) સર્વજ્ઞદશા પ્રગટ થવાની લાયકાત રહી નહિ; અને જીવો પોતાના સ્વચ્છંદથી વીતરાગમાર્ગની જે કલ્પના કરે છે તે બધી જૂઠી છે. વીતરાગમાર્ગમાં નિશ્ચય-વ્યવહારની સાચી મૈત્રીનું સ્વરૂપ શું છે તેની લોકોને ખબર નથી, અને શુભ-રાગરૂપ વ્યવહારથી નિશ્ચય પ્રગટ થશે એમ માને છે; પણ રાગથી નિશ્ચય અર્થાત્ વીતરાગતા થાય એમ માનવું તે અજ્ઞાન છે. સ્વરૂપના આશ્રયે પ્રગટતી શુદ્ધિની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, વિનય વગેરેના શુભભાવ આવે છે તેથી વ્યવહારે શુદ્ધિ અને શુભની મૈત્રી કહેવાય છે, પણ સમયસાર-કળશના ટીકાકારે, જ્યાં જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રીની વાત આવી છે ત્યાં, શુદ્ધજીવના સ્વરૂપના અનુભવને જ્ઞાનનય કહી છે અને રાગાદિ અશુદ્ધ પરિણામના ત્યાગને ક્રિયાનય કહી છે.

ભાઈ! આ દેહ છૂટશે, બધું છૂટશે; એકલો કયાં રહીશ? કારણ કે તું ભવિષ્યમાં રહેવાનો તો છો. રાગ આદરણીય છે એવી દૃષ્ટિ રાખીને તું કયાં રહીશ? ભવિષ્યમાં મિથ્યાત્વદશાએ રહીશ. રાગ રહિત હું પૂર્ણાનંદ સ્વરૂપ છું — એમ સ્વદ્રવ્યના આલંબનથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિ થઈ તો જેમ દ્રવ્યનો કદી અભાવ થતો નથી તેમ દ્રવ્યાશ્રિત દૃષ્ટિનો પણ અભાવ નહિ થાય, પછી ભલે સ્વર્ગમાં જાય.

જ્ઞાની સ્વભાવનો આશ્રય વિશેષ કરતો જાય છે. સ્વદ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક, તે આગળ વધતો જાય છે. તેને શુભ રાગ આવે ત્યારે અંતરનો વિશેષ આશ્રય નથી, થોડો આશ્રય છે. તે વખતે પણ તેને શુભભાવનો આશ્રય નથી. તે તો અંદર સ્વભાવાશ્રિત શુદ્ધિના બળે આગળ વધતો જાય છે. ભલે શુભભાવો આવે પણ લક્ષ અંદર ધ્રુવ તત્ત્વમાં વર્તતું હોવાથી આગળ વધીને ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જાય છે. આનંદસ્વભાવી નિજ આત્માનું જે અવલંબન લીધું તે નિશ્ચય અને સાથે જે રાગ રહી ગયો તે વ્યવહાર. સ્વનો વિશેષ આશ્રય કરતાં કરતાં રાગ છૂટી જશે અને પૂર્ણાનંદની અદ્‌ભુત પ્રાપ્તિ થઈ જશે એટલે કે ચૈતન્ય સ્વયં પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જશે. નિર્વિકલ્પ ભગવાન આત્મા નિર્વિકલ્પ દૃષ્ટિ અને સ્વરૂપરમણતામાં સમાઈ જાય છે. અતીન્દ્રિય આનંદનું દળ જે જ્ઞાયકપ્રભુ તેનું વિશેષ અવલંબન કરતાં કરતાં આત્મા સ્વયં પોતે પોતામાં સમાઈ જાય છે. અહા! આવું છે વસ્તુસ્વરૂપ !

———o———

## વચનામૃત — ૨૬૮

**બહારના રોગ આત્માની સાધક દશાને રોકી શકતા નથી, આત્માની જ્ઞાતાધારાને તોડી શકતા નથી. પુદ્‌ગલપરિણતિરૂપ ઉપસર્ગ કંઈ આત્મ-પરિણતિને ફેરવી શકે નહિ. ૨૬૮.**

**'બહારના રોગ આત્માની સાધક દશાને રોકી શકતા નથી, આત્માની જ્ઞાતાધારાને તોડી શકતા નથી.'**

શરીરમાં તાવ આવે, ક્ષયરોગ થાય, પણ જેને અંદરમાં દેહથી ભિન્ન જ્ઞાયકની દૃષ્ટિ પરિણમી છે એવા સાધક જીવને બહારના ગમે તેવા રોગ તેની અન્તઃસાધનાને નડતા નથી. નારકી જીવને જન્મથી જ સોળ મહારોગ હોય, શરીરના ટુકડે-ટુકડા થઈ જાય — એવી સ્થિતિમાં પણ અંદર આત્માનું અવલંબન લઈને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તેની સાધનાને કોઈ રોકી શકતું નથી. શરીરની નીરોગતા સાધકદશાની પુષ્ટિ કરે છે અને રોગ સાધનામાં વિક્ષેપ કરે છે, સાધક દશાને રોકી દે છે — એમ છે જ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આઠ-આઠ વર્ષના રાજકુમારો પોતાની માતા પાસે આવે છે અને અંદરની ઉગ્ર સાધના પ્રગટ કરવા — મુનિદશા અંગીકાર કરવા — માટે અનુમતિ માગે છે :—

હે માતા ! મારી ચીજ મારામાં છે એવું મને અંદર ભાન થયું છે. તેને પૂર્ણ સાધવા માટે હવે હું અંતરમાં જવા ચાહું છું, મુનિદશા અંગીકાર કરીને વનવાસમાં જવા ચાહું છું. અંતરમાં અતીન્દ્રિય આનંદનો રસ જાગ્યો છે તેને વધારવા માટે હે જનેતા ! દીક્ષા લેવાની મને રજા આપ. માતા ! એક વાર રોવું હોય તો રોઈ લે પણ કોલકરાર કરીને કહું છું કે હવે બીજી માતાને નહિ રડાવું, હવે બીજો ભવ નહિ કરું, અંતરમાં જઈને સાધના પૂર્ણ કરીશ.

રાજકુમાર ધ્રુવની માતા ગુજરી ગઈ, પિતા બીજી રાણી પરણ્યા. ધ્રુવને વૈરાગ્ય આવ્યો અને તેણે સંન્યાસ લીધો. જંગલમાં ધ્રુવ ધ્યાનસ્થ બેઠા છે; તેને ચળાવવા ઉપરથી અપ્સરા ઊતરે છે અને કહે છે : હે રાજકુમાર ! અમારા શરીર સામું તો જુઓ. ધ્રુવ કહે છે : હે માતા ! તારું શરીર બહુ સુંદર છે, ભવ કરવાનો હશે તો તારી કૂખે અવતરીશ, બાકી બીજી વાત નહિ.

અહા ! બહારના ઉપસર્ગો પણ આત્માની સાધક દશાને રોકી શકતા નથી. મુનિરાજ જંગલમાં રહે, માથે ધોધમાર વરસાદ પડતો હોય, શરીરમાં શ્વાસનો રોગ હોય, પણ પોતે જ્યાં અંદર આનંદના ધામમાં ઘૂસી ગયા છે ત્યાં તેમને બહારની પ્રતિકૂળતા શું કરી શકે ? — તેમની જ્ઞાતાધારાને તોડી શકતી નથી.

વીજળી પડે અને જેમ પર્વતના બે ટુકડા થાય તે રેણ દીધે ત્રણ કાળમાં ભેગા ન થાય, તેમ પ્રજ્ઞાછીણી વડે જ્ઞાન અને રાગના બે ટુકડા થયા, તે હવે કોઈ દી એક ન થાય. પ્રભુ ! તારી અંદર ચૈતન્યચમત્કાર ભર્યો પડ્યો છે તેનું તને અંદરથી માહાત્મ્ય આવવું જોઈએ અને બહારનું બીજું માહાત્મ્ય છોડી દેવું જોઈએ. અંદર આનંદધામમાં જવામાં જ્ઞાતાધારાને કોઈ બહારની સગવડતા મદદ કરી શકતી નથી અને બહારની કોઈ અગવડતા — રોગ વગેરે — રોકી શકતી નથી, એ બધું પરજ્ઞેય તરીકે માત્ર જાણવામાં આવે છે.

**‘પુદ્‌ગલપરિણતિરૂપ ઉપસર્ગ કંઈ આત્મપરિણતિને ફેરવી શકે નહિ.’**

સાધક મુનિરાજ આત્મસાધનામાં લીન બેઠા હોય; ત્યાં કોઈ દેવનો ઉપસર્ગ આવ્યો — પ્રહારથી શરીર ટુકડા થઈ ગયા — તે, સાધનામય આત્મપરિણતિને ફેરવી શકે નહિ. અહા ! વસ્તુસ્વરૂપ તો જુઓ. અનાદિ કાળથી રાગનાં દર્શન થતાં હતાં, તે રાગથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન થઈ સમ્યગ્દર્શનમાં ભગવાન જ્ઞાયક આત્માનાં જે દર્શન થયાં તે દર્શનની ધારાને પુદ્‌ગલપરિણતિરૂપ બહારના ઉપસર્ગ તોડી શકે નહિ. નરકગતિમાં પણ જીવને સમ્યગ્દર્શન — જ્ઞાતાધારા પ્રગટ થાય છે. ત્યાંની ભીષણ યાતનાઓ પણ તેની જ્ઞાનધારાને ફેરવી શકે નહિ. રોગ વગેરે તો જડની પર્યાય છે અને સ્વભાવના આલંબનથી થયેલી વીતરાગ દશા તો આત્માની નિર્મળ પરિણતિ છે. સ્વયંસિદ્ધ દ્રવ્યનો જેમ અભાવ ન થાય તેમ સ્વદ્રવ્યાશ્રિત થયેલી જ્ઞાનધારાનો પણ પરના કારણે અભાવ ન થાય.

———o———

## વચનામૃત — ૨૬૯

અહો ! દેવ-શાસ્ત્ર-ગુરુ મંગળ છે, ઉપકારી છે. આપણને તો દેવ-શાસ્ત્ર-ગુરુનું દાસત્વ જોઈએ છે.

પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય ?

ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.

પરમ-ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.

પૂજ્ય ગુરુદેવનાં ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો. ૨૬૯.

આ બોલમાં બેને ભક્તિનું વર્ણન કર્યું છે, વાંચી લેવું. દેવ-શાસ્ત્ર-ગુરુ વ્યવહારે મંગળ ને ઉપકારી છે ને ? ખરેખર તો નિજ ભગવાન જ્ઞાયક આત્મા મંગળ ને ઉપકારી છે. મંગ = પવિત્રતા ને લ = લાવે, અથવા મમ્ = પાપ (મિથ્યાત્વ ને રાગદ્વેષ) ને ગલ=ગાળે, નાશ કરે; — એ રીતે પવિત્રતાને લાવે અને પાપને ગાળે એવો નિજ ભગવાન આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ મંગળ છે. હરિ પણ નિજ આત્મા જ છે. पापं हरति इति हरिः। પાપનો — અજ્ઞાન ને રાગદ્વેષનો — નાશ કરે તે હરિ. 'હરતાં ફરતાં પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે.' પડાઈ ગમે ત્યાં ઊડે પણ દોર હાથમાં રાખે. ઉપયોગ ગમે ત્યાં જાય — રાગાદિમાં જાય — પણ જ્ઞાનીને પરિણતિમાં અંદર જે નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું આલંબન થયું છે તે કદી છૂટે નહિ. ઉપસર્ગના કાળમાં ભગવાન આત્માની જ્ઞાનધારા ને ઉદાસીનતાને કોઈ રોકી શકે નહિ. ઉદાસીન એટલે રાગથી ભિન્ન થઈને જ્ઞાયક-સ્વભાવમાં આસીન છે — સ્વભાવમાં જેણે આસન જમાવ્યું છે — એવો.

જૈનેતરમાં સતી અનસૂયાની વાત આવે છે; તે સદેહે સ્વર્ગમાં જતી હતી; अपुत्रस्य गतिर्नास्ति — અપુત્રને ગતિ ન હોય એમ કહી પાછી મોકલી. નીચે એક વૃદ્ધ બ્રાહ્મણ હતો. તેની સાથે લગ્ન કર્યું અને એક બાળક થયું. ઘોડિયામાં હીંચોળતાં સતી અનસૂયા બાળકને કહે છે: 'शुद्धोऽसि, बुद्धोऽसि, निर्विकल्पोऽसि, उदासीनोऽसि।' બેટા! તું શુદ્ધ છો, બુદ્ધ છો, નિર્વિકલ્પ છો ને ઉદાસીન છો. અહા! બાળકને પણ આવું સંબોધન! અત્યારે તો 'તું શુદ્ધ છો' સાંભળતાં જ ભડકે છે; એને તો અશુદ્ધ છું, રાગી છું, રાગથી મને લાભ થાય — એમ થઈ ગયું છે. અરે! રાગે મારી નાખ્યા! સમયસારની 'તાત્પર્યવૃત્તિ' ટીકામાં ને પરમાત્મપ્રકાશની ટીકામાં પણ આવા ઘણા બોલ આવે છે: હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે એવો છું; હું નિર્વિકલ્પ છું; હું ઉદાસીન છું, સ્વસંવેદ્ય છું. ભરિતાવસ્થ છું, સર્વ વિભાવપરિણામ રહિત છું વગેરે. પ્રભુ! તું તો શુદ્ધ ચૈતન્યઘન છો ને, જ્ઞાનનો પિંડ છો ને, રાગ ને અલ્પજ્ઞતા તારામાં કેવી? તારું આસન તો રાગથી ભિન્ન છે, રાગમાં રહેવું તારું આસન નથી, તું તો રાગના ને ભેદના વિકલ્પ રહિત નિર્વિકલ્પ છો.

અહીં તો મંગલની વાત ચાલે છે. નિજ આત્મા જ ખરેખર મંગલસ્વરૂપ છે. વ્યવહારે દેવ-શાસ્ત્ર-ગુરુ મંગળ ને ઉપકારી છે. અમને તો દેવ-શાસ્ત્ર-ગુરુનું દાસત્વ જોઈએ. બેને અહીંનો (પૂજ્ય ગુરુદેવનો) ઉપકાર ગાયો છે એ તો એમનો વિનય છે ને? આ બોલમાં બેને પોતાનો વિનય અને ભક્તિભાવ કહ્યો છે, તે પોતાની મેળે વાંચી લેવો.

———o———

## વચનામૃત — ૨૭૦

**પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે. શાસ્ત્રો સાધન છે, પણ માર્ગ તો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પોતાથી જ જણાય છે. પોતાની ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે. કારણ આપવું જોઈએ. ૨૭૦.**

**'પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે.'**

સ્વરૂપ વિષેની ઉત્કંઠા જ માર્ગ કરી દે છે. રુચિ અનુયાયી વીર્ય. જેને પોતાના સ્વરૂપની રુચિ છે તેને, વીર્ય રુચિને અનુરૂપ થઈને, માર્ગ નીકળી આવે છે. અહા! અનંત કાળમાં જ્ઞાનઘનરૂપ અપૂર્વ વસ્તુની કયારેય પ્રાપ્તિ થઈ નથી; એ ચીજ કેવી હશે? અનંત વાર સ્વર્ગનો ભવ મળ્યો, અનંત વાર મોટો રાજા કે શેઠિયો થયો, અરે! અનંત વાર શુકલ લેશ્યાધારક મહાવ્રતી મુનિ પણ થયો—મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો, પણ નિજ આત્માના ભાન વિના સુખ લેશ ન પાયો; અંદર વ્રતાદિના શુભ રાગથી પણ રહિત જે નિજ જ્ઞાયકસ્વભાવ તેનો મહિમા તથા તેની રુચિ પ્રગટ કરી નહિ. બહારની ક્રિયા અને શુભ રાગમાં જ ધર્મ ને ધર્મનું સાધન માનીને અટકી ગયો, તેથી તેને આત્માનો આનંદ ન આવ્યો. સમ્યગ્દૃષ્ટિને પણ શુભ રાગ આવે છે પણ તે તેને દુ:ખરૂપ લાગે છે. રાગ રહિત અંતર જ્ઞાયકસ્વરૂપની ભાવના, જિજ્ઞાસા હોય તો તેને અંદરથી માર્ગ સૂઝી જ આવે છે.

**'શાસ્ત્ર સાધન છે, પણ માર્ગ તો પોતાથી જ જણાય છે.'**

શાસ્ત્ર તો નિમિત્ત છે. શાસ્ત્ર તો દિશા દેખાડી અળગા રહે, પણ ચાલવું તો પોતાને પડે ને? પ્રભુ! તને તારી મહત્તાનો પત્તો નથી. અરે! આઠ-આઠ વર્ષનાં બાળકો આત્માનુભવ પામીને કેવળજ્ઞાન પામે છે. બાળક, યુવાન વગેરે તો દેહની સ્થિતિ છે. ખરેખર તો, રાગને પોતાનો ને લાભકર માનવો તે બાળદશા—અજ્ઞાનદશા છે, રાગથી ભિન્ન અંદર જ્ઞાયક આત્માનું ભાન ને સ્વાનુભૂતિ થાય તે યુવાનદશા છે અને અંતર સ્વભાવનો ઉગ્ર આશ્રય લઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું તે વૃદ્ધદશા છે;—એ ત્રણે દશા અંતરની સ્થિતિમાં છે. સમજમાં આવે છે કાંઈ?

જીવે વ્રત, ઉપવાસ, ચોવિહાર વગેરે અનંત વાર કર્યાં, શુકલલેશ્યાના ઊંચામાં ઊંચા શુભભાવ અનંત વાર કર્યા, પરંતુ એ કોઈ ચીજ નથી—સંવરનિર્જરા નથી, શુભરાગ હોવાથી દુ:ખરૂપ છે. આનંદમૂર્તિ ભગવાન આત્માનો આશ્રય લઈને જે નિર્મળતા પ્રગટ થાય તે આનંદ છે. જ્ઞાનીને પણ રાગ આવે છે પરંતુ તે દુ:ખરૂપ લાગે છે. અહા! આવો માર્ગ છે. માર્ગ સમજવામાં શાસ્ત્ર નિમિત્ત છે, પણ તે જણાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તો પોતાથી જ. રાગથી ભિન્ન થઈને અંતરમાં પોતે પોતાને પકડે તો પોતે પોતાથી જ જ્ઞાત થાય છે, ગુરુથી નહિ, શાસ્ત્રથી નહિ.

બહારમાં સગવડતા દેખાય, પાંચ-પચીસ લાખની કમાણી દેખાય, તેને અજ્ઞાની સુખ માને છે, પરંતુ તે માન્યતા મિથ્યાબુદ્ધિ છે. સ્ત્રીના ભોગમાં સુખ માનવું તે પાખંડ ને અજ્ઞાન છે. જ્ઞાની સમકિતીને — શાન્તિનાથ ચક્રવર્તીને — પણ ભોગના ભાવ નબળાઈથી આવે છે પણ તે તેમને દુઃખરૂપ લાગે છે, તેમાં સુખબુદ્ધિ નથી. ભરત ચક્રવર્તી પણ સાધવા ગયા ત્યાં સેંકડો રાજકુંવરીઓ સાથે લગ્ન કર્યાં. લગ્નનો રાગ આવે છે, પણ અંદરમાં તે દુઃખરૂપ ને ઝેર જેવો લાગે છે. દશામાં પૂર્ણતાનો પુરુષાર્થ નથી તેથી રાગ આવે છે, પણ તે લાગે છે કાળા નાગ જેવો. અંદર મારો નાથ અતીન્દ્રિય આનંદનો સાગર છે, ત્યાં આ વિકલ્પ ક્યાંથી? નબળાઈને લીધે જ્ઞાનીને આર્તધ્યાન ને રૌદ્રધ્યાન પણ થાય, પરંતુ અંતરમાં તે દુઃખરૂપ લાગે. અશુભ રાગ તો દૂર રહો પણ શુભરાગ પણ કલ્યાણનો માર્ગ નથી; માર્ગ તો વીતરાગભાવ છે અને તે પોતાથી જ જણાય છે.

**'પોતાની ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે.'**

પૂર્ણાનંદના નાથની, તળમાં ભગવાન જ્ઞાયક બિરાજે છે તેની, ઊંડી અને તીખી રુચિ કરે તો માર્ગ હાથ આવે. જેને આત્માના આનંદ સિવાય બીજી કોઈ રુચિ ગોઠતી નથી તેને અંતર્મુખ સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ પકડાય છે. જ્ઞાનનો જે વ્યાપાર પર તરફ વળે તે સ્થૂલ ઉપયોગ છે અને ભગવાન આત્માને પકડવામાં જે ઉપયોગ વળે તે સૂક્ષ્મ ઉપયોગ છે. ભાવ ભલે ઊંડા છે પણ બેનની ભાષા તો સમજાય એવી છે.

પાતાળિયા કૂવાના પાણીની જેમ આત્માના પાતાળમાં આનંદ ભર્યો છે. બોટાદ પાસે જનડા ગામે એક પાતાળ-કૂવો છે. ખૂબ ખોદ્યો, પાણી ન નીકળ્યું. થાક્યા અને ખોદવું મૂકી દીધું. પાણી આડે પથ્થરની એક શિલા બાકી રહી ગઈ હતી. કોઈ જાન નીકળી, પાણી છે કે નહિ તે જાણવા માટે મોટો પથરો ઉપરથી ફેંક્યો, પડ તૂટી ગયું અને પાણીનો ફુવારો છૂટ્યો; અત્યારે ત્યાં અઢાર કોસ ચાલે છે. તેમ ભગવાન આત્માને રાગની એકતાનું શલ્ય આડું પડ્યું છે. અંદર સ્વસન્મુખ થઈને તે એક વાર તોડી દે, તો માર્ગ હાથ આવે. અહા! આવો માર્ગ! આવો ઉપદેશ! વાર્તા હોય તો રસ પડે. ભાઈ સાંભળને! આ તારા ભગવાનની ભાગવત કથા છે.

**'કારણ આપવું જોઈએ.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદર પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા છે, તેની દૃષ્ટિ, જ્ઞાન ને ભાવનારૂપ કારણ દેવું જોઈએ. રાગ ને જ્ઞાન વચ્ચે સાંધ છે, બન્ને એક થયાં નથી, અજ્ઞાની એક માને છે. પ્રજ્ઞાછીણી વડે બંને પોતપોતાનાં નિયત લક્ષણે જુદાં પડી જાય છે, માટે કદી એક થયાં જ નથી. તેને જુદાં પાડવા માટે તીવ્ર રુચિ અને દૃષ્ટિનું કારણ આપવું જોઈએ. કારણ આપે તો જ કાર્ય થાય.

ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. આત્માનું હિત કરવા માટે તે માર્ગે ચાલવાનું છે. જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ એક જ્ઞાયક — આત્મા છે તેને ઓળખવો. ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી, જ્ઞાતાપણાની ઉગ્રતા કરવી.

**—બહેનશ્રી ચંપાબેન**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૦૨

તા. ૨૭-૯-૭૮

## વચનામૃત — ૨૭૧

જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં. 'આ શરીર તે હું' તે ભૂલતો નથી. ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે, કારણ કે શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે. અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે, ધીરા થવું પડે છે, ટકવું પડે છે; તે આકરું લાગે છે. બહારનાં કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલાં લાગે છે. પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે. ૨૭૧.

**'જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં.'**

ભવ્યસાગર નામના એક દિગંબર સાધુ છે. વીસ વર્ષની દીક્ષા છે. તેમણે આ (बहिनश्रीके वचनामृत) પુસ્તકો મંગાવ્યાં છે. આ પુસ્તક વાંચીને તેમણે બહુ પ્રમોદ દેખાડયો છે. તેઓ લખે છે: यह पुस्तक पढ़कर मुझे जो आनन्द आया वह और कहीं नहीं आया।

જેને જેમાં તન્મયતાથી લગની હોય તે તેને ભૂલતો નથી, જેને જેની જરૂરિયાત જણાય તેને તેની લગની થયા વિના રહે નહિ — એ સિદ્ધાન્ત છે.

**"આ શરીર તે હું' તે ભૂલતો નથી. ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે, કારણ કે શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે."**

નામ કહે — મંગળદાસ ! તો કહે: હેં ! પણ એ નામ તારું કયાં છે? એ તો શરીરનું નામ છે અને એ તો માટી છે, ધૂળ છે, પુદ્ગલદ્રવ્યની પર્યાય છે. એક વાર જે પુદ્ગલો વિંછીના ડંખપણે હતા તે અત્યારે આ શરીરપણે પરિણમ્યા હોય, ત્યાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તન્મયપણાનો અનાદિથી અભ્યાસ હોવાથી, તેના નામની કોઈ બૂમ પાડે તો ઊંઘમાં પણ 'હેં!' કહીને જવાબ આપે. શરીરની સુંદરતા, નમણાઈ વગેરે જોઈને એને, અનાદિ એકત્વનો અધ્યાસ હોવાથી, આ બધું હું છું—એમ લાગે છે.

**'અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે, ધીરા થવું પડે છે, ટકવું પડે છે; તે આકરું લાગે છે.'**

એક સમયની પર્યાય પાછળ અંદર જે જ્ઞાયક પ્રભુ પડયો છે તેનો અનાદિથી અભ્યાસ નહિ હોવાથી, એ તરફ કદી નજર નહિ કરી હોવાથી, તેમાં જવા માટે ઉપયોગને ઝીણો કરવો પડે છે, જ્ઞાનધારા સ્વને પકડી શકે એ રીતે સૂક્ષ્મ થવું પડે છે.

મુનિ ભવ્યસાગરજીનો પત્ર આવ્યો છે; લખે છે કે: બહેનની વાણીનો એકેએક શબ્દ મનન કરવા જેવો છે; તમારું સાહિત્ય વાંચીને મને જે આનંદ થયો છે એવો બીજે કયાંય આવ્યો નથી. પ્રભુ! મારગ તો આ છે, દુનિયાને એનો અભ્યાસ નથી તેથી દુષ્કર લાગે, પણ જો નિજ આત્માનું હિત કરવું હોય તો ઉપયોગ સૂક્ષ્મ કરીને અભ્યાસ કરવો પડશે.

પ્રશ્ન:— 'તન્મયપણે રસ હોય' એટલે શું?

ઉત્તર:— 'તન્મયપણે રસ'નો અર્થ છે તે બાજુ પ્રેમપૂર્વક ઉપયોગનું ઝૂકવું; બન્ને એક થઈ જાય છે — એવો તેનો અર્થ નથી.

પ્રભુ! દ્રવ્યસ્વભાવ—ચૈતન્યબિંબ—અંદર જ્ઞાન ને આનંદ વગેરે અનંત ગુણોથી ભરચક પડયો છે, તેને પકડવા માટે જ્ઞાનના વ્યાપારને સૂક્ષ્મ કરવો પડે છે, અંદર જ્ઞાયકસ્વભાવમાં જવા માટે ધીરા થવું પડે છે. 'ધી' નામ બુદ્ધિ, પ્રજ્ઞા, તેને જ્ઞાયકસ્વભાવ પ્રત્યે જે પ્રેરે તેને ધીર કહે છે. આનંદકંદ એવી જે નિજ અખંડ વસ્તુ તેને ઉપયોગ-પર્યાયમાં પકડવા માટે ધીર થવું પડે છે, ટકવું પડે છે એટલે કે નિષ્કંપ સ્થિર થવું પડે છે; પરંતુ જીવને તેનો અભ્યાસ નથી તેથી અઘરું લાગે છે. ભાઈ! નિજ જ્ઞાયકતત્ત્વના અભ્યાસ વિના તારાં જન્મ-મરણ નહિ મટે. અરેરે! કાગડા, કૂતરાં ને કંથવાના ભવો કરી કરીને અનંત કાળ ગુમાવ્યો—એ બધું તું ભૂલી ગયો! ભૂલી ગયો માટે એ બધું નહોતું એમ કેમ કહેવાય? આ ભવમાં જન્મ્યા પછી છ મહિના સુધી માતાએ તને ધવરાવ્યો, નવરાવ્યો વગેરે બધું અત્યારે યાદ નથી માટે શું તે નહોતું? આ ભવભ્રમણ ટાળવું હોય તો ઉપયોગને સૂક્ષ્મ કરી, ધીર થઈ અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકને ધ્યેય બનાવ. સ્વસન્મુખતાનો અભ્યાસ નહિ હોવાથી અંદર સ્થિર થવાનું અજ્ઞાનીને કઠણ લાગે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'બહારનાં કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલાં લાગે છે.'**

આત્માનો અભ્યાસ નથી, બહારનો અભ્યાસ છે, તેથી અજ્ઞાનીને આ કરું ને તે કરું, પુણ્ય કરું ને પાપ કરું, દયા પાળું ને વ્રત આચરું — એ બધું સરળ લાગે છે. બહારનાં કાર્યોનો મહાવરો હોવાથી તેને તે સહેલાં લાગે છે.

'તત્ત્વજ્ઞાનતરંગિણી' માં એમ આવે છે કે — સુંદર શરીર, લક્ષ્મી વગેરે મળવું તે દુર્લભ છે, કેમ કે તે મેળવવામાં આત્માનો રાગ કામમાં આવતો નથી, એ તો પૂર્વનાં એવાં કર્મ હોય તો જ મળે છે; પરંતુ ભગવાન આત્માનું મળવું તે સુલભ છે, કેમ કે તે તો પોતાની ચીજ છે, તેમાં કોઈ કર્મની મદદ હોય તો મળે એવું છે નહિ. અહા! કેવી વાત! એક બાજુ કહે: બોધિ — સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર — દુર્લભ છે, અને બીજી બાજુ કહે: પરવસ્તુ દુર્લભ છે, કેમ કે પોતાના રાગમય પુરુષાર્થથી તે મળતી નથી, એ તો પૂર્વનાં પુણ્ય હોય તો મળે છે. આત્માને પ્રાપ્ત કરવામાં બહારની કોઈ ચીજની અપેક્ષા નથી. એ તો પોતાની ચીજ છે, પોતાના ઉપયોગને સૂક્ષ્મ કરવાથી તેની પ્રાપ્તિ થાય છે. અહા! પહેલાં પોતાના જ્ઞાનમાં નક્કી તો કરે કે વસ્તુનું સ્વરૂપ આવું છે; આ સિવાય બધાં થોથાં છે. અજ્ઞાનીને પરનો ને વિભાવનો અધ્યાસ હોવાથી તે તેને સુલભ લાગે છે. જ્ઞાનીને અંતર્મુખ સ્વતત્ત્વનો અભ્યાસ હોવાથી તે સુલભ લાગે છે; પર કદી પણ પોતાનું થઈ શકતું નહિ હોવાથી, દુર્લભ લાગે છે.

અરે! આઠ-આઠ વર્ષનાં બાળકોને પણ આત્મજ્ઞાન સહિત દીક્ષા લેવાની ભાવના જાગે છે. દીક્ષાની રજા માગતી વખતે માતાને કહે છે:

હે માતા! અમે આજે જ ધર્મ નામ ચારિત્રદશા અંગીકાર કરવા માગીએ છીએ, કે જે નિર્ગ્રંથ ચારિત્રદશા અંગીકાર કરીને હવે અમે પાછા ફરવાના નથી, બીજો ભવ કરવાના નથી. માતા! આ જગતનાં અણપામેલી કઈ ચીજ રહી ગઈ છે? સ્વર્ગના ભવ, સુંદર શરીર, વજ્રર્ષભનારાચસંહનન વગેરે બધું અનંત વાર મળી ગયું છે, એ કોઈ નવી ચીજ નથી, અણપામેલો તો અંદર એક પોતાનો આત્મા રહી ગયો છે. માતા! તેની શ્રદ્ધા કર અને મારા પ્રત્યેનો રાગ છોડ. અમે તો, જ્યાં માણસનો પગરવ પણ ન હોય એવા ઘોર જંગલમાં જઈને, આત્માની પૂર્ણ સાધના કરશું.

પ્રવચનસારના 'ચરણાનુયોગસૂચક ચૂલિકા' અધિકારમાં — જ્યાં શ્રમણ થવા ઇચ્છનાર પહેલાં જ સગાંસંબંધીની વિદાય લે છે, વડીલો, સ્ત્રી અને પુત્રથી પોતાને છોડાવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ત્યાં — આવે છે કે 'અહો આ પુરુષના શરીરની રમણીના આત્મા! આ પુરુષના આત્માને તું રમાડતો નથી એમ નિશ્ચયથી તું જાણ. તેથી આ આત્માને તું છોડ. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા આજે સ્વાનુભૂતિરૂપી જે પોતાની અનાદિ રમણી તેની પાસે જાય છે'. ચક્રવર્તીને કે તેમના પુત્રોને પદ્મણી જેવી સુંદર સ્ત્રીઓ હોય પણ જ્યાં અંદર આત્માનુભૂતિ સાથે વિશેષ વૈરાગ્ય જાગે છે ત્યાં કહી દે છે — હે સ્ત્રી ! હવે મને અંદરમાં વિષયનો રાગ રહ્યો નથી, મારા પ્રત્યેનો રાગ છોડી દો, હું રાગથી મરી ગયો છું, તમારા પ્રત્યેના રાગને મેં મારી નાખ્યો છે તેને તમે કોઈ પણ રીતે જીવતો કરી શકશો નહિ. અહા, ધન્ય વૈરાગ્ય !

અહીં કહે છે કે બહારનાં કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલાં લાગે છે.

**'પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.'**

ભાઈ ! તારે જો આત્માનું હિત કરવું હોય તો તારે પોતે અંદર જ્ઞાયકમાં જવું પડશે, બીજો કોઈ ઉપાય નથી. અંદર ભગવાન આત્મા બિરાજે છે ત્યાં આગળ દૃષ્ટિ લઈ જા, અનાદિથી દૃષ્ટિ જે બહારમાં — નિમિત્તો ને રાગાદિમાં — ભટકે છે તે વ્યભિચારિણી છે, તેને સ્વઘરમાં લાવ ને જ્ઞાયકપતિ સાથે જોડી દે. દૃષ્ટિને સ્વભાવમાં જોડવાનું કામ જ્યારે કર ત્યારે તે તારે પોતે જ કરવાનું છે, દેવ-ગુરુ વગેરે કોઈ નિમિત્તો કરી આપતાં નથી. નિર્જરા અધિકાર (સમયસાર) માં કહ્યું છે : જે વર્ણાદિક ગુણસ્થાન-પર્યંત ભાવો છે તે બધાય, આત્મામાં અનિયત, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે. જે આ સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે, એક છે, નિત્ય છે, અવ્યભિચારી છે. આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી ભાવ છે તેથી તે આત્માનું પદ છે. તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.

અનુભૂતિસ્વરૂપ ત્રિકાળી આત્મા — જે અનાદિ-અનંત નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાન-ઘનસ્વભાવભાવપણાને લીધે એક છે, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છે — તે જ હું છું એવો અભ્યાસ જ્યારે કર ત્યારે તારે જ કરવાનો છે. સમજાય છે કાંઈ? ભાઈ ! સત્ય મારગ સાંભળવા મળવો કઠણ છે, ધર્મને બહાને પણ છેતરપિંડી ચાલે છે. અહા ! મારો ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવ દુઃખની પર્યાયથી તો સ્વરૂપભેદે ભિન્ન છે જ પણ અંદર જે નિર્મળ આનંદની પર્યાય પ્રગટે છે તેટલો પણ હું નથી, મારું ધ્રુવ દ્રવ્ય એક સમયની પર્યાયરૂપ થઈ જતું નથી. પર્યાયનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ આશ્રય કરવા જેવો છે. આવી વાતો છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્માને પકડવો એ તારું કામ છે; જ્યારે પણ કર ત્યારે એ તારે પોતે જ કરવાનું છે; બીજો કોઈ મદદ કરે કે ગુરુની કૃપા થઈ જાય તો જ્ઞાયકની અંદર જવાનું કામ થાય — એમ નથી.

———o———

## વચનામૃત — ૨૭૨

**જે ખૂબ થાકેલો છે, દ્રવ્ય સિવાય જેને કાંઈ જોઈતું જ નથી, જેને આશા-પિપાસા છૂટી ગઈ છે, દ્રવ્યમાં જે હોય તે જ જેને જોઈએ છે, તે સાચો જિજ્ઞાસુ છે.**

**દ્રવ્ય કે જે શાન્તિવાળું છે તે જ મારે જોઇએ છે — એવી નિસ્પૃહતા આવે તો દ્રવ્યમાં ઊંડે જાય અને બધી પર્યાય પ્રગટે. ૨૭૨.**

**'જે ખૂબ થાકેલો છે, દ્રવ્ય સિવાય જેને કાંઈ જોઈતું જ નથી, જેને આશા-પિપાસા છૂટી ગઈ છે, દ્રવ્યમાં જે હોય તે જ જેને જોઈએ છે, તે સાચો જિજ્ઞાસુ છે.'**

શુભ અને અશુભ ભાવના અસંખ્ય પ્રકારો છે. એ વિભાવભાવ કરી કરીને જેને થાક લાગ્યો હોય, તેમાં ક્યાંય આત્માનો વિસામો લાગ્યો ન હોય, એવા જિજ્ઞાસુ માટે આ વાત છે. પોતાના જ્ઞાયક આત્મા સિવાય જગતની બીજી સર્વ વસ્તુઓ ઉપરથી જેને પ્રેમ ખસી ગયો છે, પરચીજની જેને આશા-પિપાસા છૂટી ગઈ છે એવા આત્માર્થી જીવનું અહીં સ્વરૂપ બતાવ્યું છે. શ્રી આનંદઘનજીએ કહ્યું છે ને! —

> આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન-સુધારસ પીજે; આશા૦
> ભટકત દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશાધારી;
> આતમ અનુભવ રસકે રસિયા, ઉતરે ન કબહૂં ખુમારી. આશા૦

ભાઈ! પરની આશા છોડી દે અને ભગવાન આત્માના નિર્વિકલ્પ જ્ઞાન-સુધારસને પી. દુનિયા મને માને કે ન માને, જાણે કે ન જાણે, મારે કોઈ જાતની આશા નથી, બધી આશાપિપાસા છૂટી ગઈ છે. વસ્તુમાં જે છે — અનંત જ્ઞાન, બેહદ અપરિમિત આનંદ વગેરે અનંત ગુણવૈભવ — તે જ મારે જોઈએ છે એવી જેને અંદરથી ભાવના છે તે સાચો જિજ્ઞાસુ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્માના જ્ઞાનાદિ ગુણોની સંખ્યા અપરિમિત છે. અહા! અપરિમિત કોને કહેવાય? જેમ આકાશનો દશેય દિશાઓમાં કયાંય અંત નથી, તેમ ભગવાન આત્મામાં એટલા એટલા અનંત-અનંત ગુણો છે કે તેનો ગણનામાં કયાંય અંત નથી. દ્રવ્યમાં જે હોય — આનંદ આનંદ આનંદ, જ્ઞાન-દર્શન વગેરે અનંત ગુણવૈભવ — તે જ જેને જોઈએ છે, તે ખરો જિજ્ઞાસુ છે. જો અંદર કંઈક પણ એવી આશા રહી જાય કે — માન મળે, દુનિયાની ગણતરીમાં ગણાઉં, તો ત્યાં સુધી અંદર ચીજ નહિ મળે.

**'દ્રવ્ય કે જે શાન્તિવાળું છે તે જ મારે જોઈએ છે — એવી નિસ્પૃહતા આવે તો દ્રવ્યમાં ઊંડે જાય અને બધી પર્યાય પ્રગટે.'**

ભગવાન આત્મા તો સ્વભાવે શાન્ત શાન્ત શાન્ત, અકષાય વીતરાગ-સ્વરૂપ વસ્તુ છે.

જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી,
તેમ જ જીવસ્વભાવ રે;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો,
પ્રબળ કષાય-અભાવ રે. શ્રી સીમં૦

શાન્ત અને અકષાયસ્વરૂપ નિજ જ્ઞાયક પ્રભુનો આશ્રય કરીને જે અકષાય પરિણતિ થઈ તે ધર્મ છે. અહા! આવી વાતો! દ્રવ્ય કહો કે વસ્તુ કહો. જેમાંથી પર્યાય દ્રવે તે દ્રવ્ય છે. પંચાસ્તિકાયસંગ્રહમાં કહ્યું છે:

તે તે વિવિધ સદ્ભાવપર્યયને દ્રવે — વ્યાપે — લહે
તેને કહે છે દ્રવ્ય, જે સત્તા થકી નહિ અન્ય છે. ૯.

તે તે ક્રમભાવી અને સહભાવી સદ્ભાવપર્યાયોને અર્થાત્ સ્વભાવવિશેષોને જે દ્રવે છે — પામે છે — સામાન્યરૂપ સ્વરૂપે વ્યાપે છે તે દ્રવ્ય છે. શુદ્ધ કે અશુદ્ધ, સ્વભાવ કે વિભાવ પર્યાયોને જે દ્રવે તેને દ્રવ્ય કહે છે. ભગવાન આત્મા શરીર, વાણી, ધંધો વગેરે પરપદાર્થની ક્રિયાનો કર્તા તો છે જ નહિ, પરંતુ પર્યાયમાં જે રાગાદિ વિભાવ થાય તે પણ જ્ઞાયક ચૈતન્યબિંબમાં નથી. અહા! આ વાત જ સાવ જુદી છે. દુનિયા સાથે તેની માંડવણી થઈ શકશે નહિ. ભગવાન જ્ઞાયક દ્રવ્ય તો શાન્ત છે, રાગાદિથી ભિન્ન અકષાયસ્વરૂપ છે. ધર્મીને તો આ એક જ ભાવના હોય છે કે — મારે તો મારો વીતરાગ શાન્તસ્વરૂપ ભગવાન આત્મા જ જોઈએ છે. અહા! શાન્ત શાન્ત રસ!

'ઉપશમરસ વરસે રે પ્રભુ તારાં નયનમાં.'

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધક જીવની પર્યાયમાં ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે તે આવ્યા ક્યાંથી? અંદર જ્ઞાયકવસ્તુ પોતે ઉપશમરસનો પિંડ છે; પર્યાયમાં જે વિકલ્પ ઊઠે છે તે રાગ છે, દુઃખ છે; તે શાન્તિમય દ્રવ્યસ્વભાવમાં નથી. તે દ્રવ્ય જ મારે જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી—એવી અંદરથી નિસ્પૃહતા આવે તો આત્મામાં અંદર ઊંડે જાય અને બધી પર્યાય પ્રગટે. અહા! આવી વાતો છે!

દિગંબર જૈનસાધુ શ્રી ભવ્યસાગરજી તેમના પત્રમાં લખે છે: બહેનશ્રીનાં વચનામૃત એકે એક મનન કરવા જેવાં છે. અરે બાપુ! આ ચીજ કોઈ જુદી જ છે. દ્રવ્યસ્વભાવને પકડીને અંદર ઊંડા ઊતરે તો શીઘ્ર આત્માનુભવ થાય—એવી આ ચીજ છે. જ્ઞાનીને આત્માનો અનુભવ પ્રગટ થયો હોવા છતાં જ્યાં સુધી પર્યાયમાં પૂર્ણ વીતરાગતા પ્રગટ ન થઈ હોય ત્યાં સુધી અસ્થિરતાને લીધે દુઃખ પણ છે. સ્વરૂપ તો પૂર્ણાનંદથી ભરપૂર છે, પણ તેના અવલંબનથી પર્યાયમાં પૂર્ણ આનંદ વ્યક્ત ન થયો હોય, ત્યાં સુધી સમકિતી જ્ઞાનીને પણ પર્યાયમાં આનંદ ને દુઃખ બેય છે.

પ્રશ્ન :— મિશ્રધારા છે?

ઉત્તર :— હા. મિશ્રધારા છે. પર્યાય એક, પણ તેના ભાગ બે. સ્વના આશ્રયે જેટલો આનંદ પ્રગટ થયો તે જ્ઞાનરૂપ, અને પરના આશ્રયે જેટલો રાગ અને દુઃખ છે તે કર્મરૂપ—એમ એક પર્યાયમાં બંને ધારા—બે ભાગ હોય છે.

પ્રશ્ન :— જ્ઞાની દુઃખની પર્યાયને જાણે તો છે ને?

ઉત્તર :— પોતાની જ્ઞાતાધારાને ચૂક્યા વિના, અસ્થિરતાના દુઃખને જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે; પોતાનું વેદન છે ને?

પ્રશ્ન :— દુઃખને પર તરીકે જાણે છે?

ઉત્તર :— નહિ નહિ; પર તરીકે નહિ, પોતાની પર્યાયમાં થાય છે એમ જાણે છે. પ્રવચનસારના પરિશિષ્ટમાં ૪૭ નયોનું કથન છે. તેમાં એક કર્તૃનય લીધી છે: 'આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે.' ગણધરદેવ, જે મહાન સંત છે તે, પણ પોતાની પર્યાયમાં રાગનો વિકલ્પ ઊઠે તેનો 'કર્તા હું છું' એમ જાણે. તે રાગ કરવાલાયક છે એવી બુદ્ધિ નથી પણ તે પોતાના દ્રવ્યનું પરિણમન છે, પરનું નથી, એમ બરાબર જાણે.

ચાર જ્ઞાનના ધણી ગણધરદેવ, અરે! છદ્મસ્થ તીર્થંકરદેવ પણ, પોતાની પર્યાયમાં જેટલો રાગાંશ છે તેટલું દુઃખ છે—એમ જાણે-માને છે. જેટલી સાધકદશા ખીલી છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલું સુખ છે અને જેટલો રાગાંશ છે એટલું દુઃખ છે; એ બંને અંશોનો અધિષ્ઠાતા અને ભોક્તા આત્મા છે. અહા! એક કોર કહે કે આત્મા રાગાદિનો સ્વામી નથી અને એક કોર કહે કે આત્મા તેનો અધિષ્ઠાતા — સ્વામી છે. કઈ અપેક્ષાએ? જ્યાં સુધી સાધકદશા છે ત્યાં સુધી પર્યાયમાં આનંદ પણ છે અને રાગ પણ છે, બન્નેનો અધિષ્ઠાતા — આધાર આત્મા છે.

પ્રશ્ન:— પ્રવચનસાર કર્તૃનયની રૂએ હા પાડે છે પણ સમયસાર તો ના પાડે છે ને?

ઉત્તર:— સમયસાર પણ હા પાડે છે. આસ્રવ અધિકારમાં કહ્યું છે: સમ્યગ્દૃષ્ટિ આત્મા સવિકલ્પ દશામાં હો કે નિર્વિકલ્પ અનુભવદશામાં હો — યથાખ્યાત-ચારિત્ર-અવસ્થા થયા પહેલાં તેને અવશ્ય રાગભાવનો સદ્ભાવ હોય છે; અને રાગ હોવાથી બંધ પણ થાય છે. જ્યાં સુધી જ્ઞાનની હીણી દશા છે ત્યાં સુધી દુઃખ છે, યથાખ્યાત-ચારિત્ર નથી. જ્યારે દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની મુખ્યતા ચાલતી હોય ત્યારે, રાગ અને દુઃખ આત્માનું પરિણમન નથી એમ કહેવાય, પણ એ તો મુખ્યપણાની વાત છે; બાકી તો પર્યાયમાં અશુદ્ધતા છે, દુઃખ છે, એને છોડીને એકલો શુદ્ધ છે — એમ નથી.

આત્મા સ્વભાવે શાન્ત શાન્ત શાન્ત છે; એ જ મારે જોઈએ છે — એવી જો અંદરથી નિસ્પૃહતા આવે તો દ્રવ્યના ઊંડાણમાં જાય — તળમાં જ્યાં ધ્રુવ જ્ઞાયક ભગવાન બિરાજે છે ત્યાં ઊંડે પર્યાય જાય — અને બધી પ્રર્યાય પ્રગટે. સાધકદશા છે ત્યાં સુધી જ્ઞાનાદિ પર્યાયો અલ્પ છે, પણ અંદર સ્વભાવનો એકદમ ઉગ્ર આશ્રય લે તો બધી પર્યાયમાં પૂર્ણતા પ્રગટે; કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ અતીન્દ્રિય આનંદ વગેરે બધું પૂર્ણ પ્રગટે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૦૩

## વચનામૃત — ૨૭૩

ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે, વારંવાર ચેતન તરફ — જ્ઞાયક તરફ વલણ થાય છે. જેમ ભક્તને ભગવાન માંડમાંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ 'હે ચેતન', 'હે જ્ઞાયક' એમ વારંવાર અંદર થયા કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે; 'હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે' એવું વર્ત્યા કરે. ૨૭૩.

**'ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે, વારંવાર ચેતન તરફ — જ્ઞાયક તરફ વલણ થાય છે.'**

શું કહે છે? તીર્થંકરનો અને ગુરુનો — સંત મુનિરાજનો — આ ઉપદેશ છે કે તારી ચીજ અંદર જે ચિદાનંદ પ્રભુ છે તે પરના તથા રાગના સંબંધ વિનાની શુદ્ધ છે. દૃષ્ટિનો વિષય — શુદ્ધ આનંદકંદ પ્રભુ — રાગથી રહિત વીતરાગસ્વરૂપ છે. જૈનદર્શનના ગુરુનો હિતકારી ઉપદેશ એવો હોય છે કે — પ્રભુ! તારો જ્ઞાયક ભગવાન તો પરના સંબંધ વિનાનો અંદર છે; અંતરમાં વીતરાગ જિનબિંબસ્વરૂપ તું છો, તેનો આશ્રય લે તો તને સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદનો અંશ અનુભવ થશે. ધર્મની શરૂઆત ત્યાંથી જ થાય છે. એ સિવાય લાખ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કર, પણ એ બધો રાગ છે, ધરમ નથી.

ગુરુ કોને કહીએ? — કે જેમને રાગથી ભિન્ન નિજ વીતરાગ જ્ઞાયક પ્રભુનો અનુભવ થયો હોય અને સ્વરૂપમાં વિશેષ સ્થિરતા જામીને અંદર આનંદદશા વધી ગઈ હોય એવા નિર્ગ્રંથ મુનિરાજને જૈનધર્મમાં ગુરુ કહેવામાં આવે છે. વીતરાગ મુનિરાજનો કે સ્વાનુભવી સમ્યગ્દૃષ્ટિનો ઉપદેશ હિતકારી છે. તેના તીખા પ્રહારોથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાચા મુમુક્ષુનો આત્મા અંદરથી જાગી ઊઠે છે. ગુરુ ઉપદેશમાં કહે છે : ચારેય અનુયોગોનું તાત્પર્ય વીતરાગતા છે. ભગવાન! તારું સ્વરૂપ અંદર વીતરાગ છે ને! જો રાગથી ભેદજ્ઞાન ન કર્યું તો તેં શું કર્યું? અવસર ચાલ્યો જાય છે ને આ દેહ તો છૂટી જવાનો છે, અત્યારે દેહથી ને રાગથી ભિન્ન નિજ જ્ઞાયક આત્માનું ભેદજ્ઞાન નહિ કર તો પછી ક્યારે કરીશ? આ દેહની અંદર, પણ દેહાદિથી જુદો, જ્ઞાન ને આનંદ આદિ અપરિમિત ગુણોનો ભંડાર આખો જ્ઞાયક પદાર્થ બિરાજે છે; તેની ગંભીરતાનો વિચાર તો કર કે એ શી ચીજ છે! લોકનો અંત છે પણ અલોકનો અંત ક્યાં? એમ ક્ષેત્રનો સ્વભાવ જો અચિન્ત્ય ને આશ્ચર્યકારી છે તો તેને જાણવાવાળા ભગવાન આત્માના જ્ઞાન ને આનંદ વગેરે અચિન્ત્ય મહિમાનું તો શું કહેવું? દેહ અને રાગથી ભિન્ન પડીને એ અપરિમિત અભેદ ગુણસાગર ઉપર દૃષ્ટિ કર.—એ, જ્ઞાની ગુરુનો હિતકારી ઉપદેશ છે. ભેદજ્ઞાન કરાવવા માટે દેવાયેલા ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા અંદરથી જાગી ઊઠે છે અને અંતરમાં જ્ઞાયકની રુચિ પ્રગટે છે. સમયસારમાં આવે છે ને—

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ॥

અત્યાર સુધી જે કોઈ મુક્તિ—સિદ્ધિપદ પામ્યા છે તે બધા ભેદવિજ્ઞાનથી જ પામ્યા છે અને જે કોઈ બંધાયા છે—સંસારમાં રખડી રહ્યા છે તે બધા ભેદવિજ્ઞાનના અભાવથી જ બંધાયા છે. અહો! આ દેહાદિની ક્રિયા અને રાગની ક્રિયાથી તદ્દન ભિન્ન હું કેવળ જ્ઞાયક જ છું—એમ ભેદવિજ્ઞાનથી જ બધા સમ્યગ્દર્શન પામ્યા છે, ભેદવિજ્ઞાનથી જ ચારિત્ર પામ્યા છે અને ભેદવિજ્ઞાનથી જ કેવળજ્ઞાન—પૂર્ણ દશા પામ્યા છે. પ્રભુ! સહજ અનંત જ્ઞાન, સહજ અનંત આનંદ આદિ અપરિમિત અનંત ગુણોથી સદા ભરપૂર એવા નિજ ધ્રુવ ચૈતન્યદળ ઉપર તું નજર કર તો તને સમ્યગ્દર્શન—ધર્મનું પ્રથમ સોપાન—શરૂ થશે. એ વિના બધું—શાસ્ત્રાભ્યાસ, ભક્તિ, વ્રતાદિની ક્રિયા વગેરે—થોથાં છે.

ગુરુનો આવો ઉપદેશ સાંભળીને, જેને આત્મપ્રાપ્તિની તીવ્ર અભિલાષા છે એવા સાચા આત્માર્થીનો આત્મા અંદરથી જાગી ઊઠે છે. સમયસારની પાંચમી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યદેવે—નગ્ન દિગંબર વીતરાગ સંતે—કહ્યું છે : 'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण ।' એકાદ ભવમાં પૂર્ણ પરમાત્મસ્વરૂપ થવાની લાયકાતવાળા એ મહાન સંત કહે છે કે 'હું મારા આત્માના આનંદઝરતા નિજ વૈભવ વડે આત્માના તે એકત્વવિભક્તસ્વરૂપને કહીશ'. મેં માત્ર સાંભળ્યું છે માટે કહીશ—એમ નહિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ હું મારા સ્વાનુભવપ્રત્યક્ષપ્રમાણથી કહીશ. હે શ્રોતા! તું પણ તારા સ્વાનુભવ-પ્રત્યક્ષથી તેને પ્રમાણ કરજે — સ્વીકાર કરજે. અહા! જુઓ તો દિગંબર સંતોની આ વાણી! છે ક્યાંય બીજે આવી વાત? લોકોએ સાંભળ્યું નથી કે આ શી ચીજ છે. નાગા બાદશાહથી આઘા — નગ્ન વીતરાગ મુનિરાજ બાદશાહથી પણ ઊંચા છે, શ્રેષ્ઠ છે, અધિક છે; તેમને કોઈની દરકાર નથી, સમાજને ઠીક પડશે કે નહિ એની કાંઈ પડી નથી. અહા! આવો મારગ છે.

જૈનદર્શન સમજવું એ કોઈ અલૌકિક ચીજ છે. વાડામાં જન્મ્યા એટલે 'જૈન' થઈ જાય એમ નથી. મંદિર, પૂજા, ભક્તિ, વાંચન કે વ્રતાદિથી ધર્મ નથી; ધર્મ તો અંદર દેહાદિથી ને રાગાદિથી ભિન્ન નિજ જ્ઞાયક પ્રભુનું ભેદજ્ઞાન કરવાથી થાય છે; — ગુરુના આવા હિતકારી ઉપદેશના તીખા પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા અંદરથી જાગી જાય છે કે 'અરે! હું તો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છું'. અરે જુઓને! ક્ષણમાં આયુષ્ય પૂરું થઈ જાય છે, આ દેહ છોડીને જીવ બીજા ભવમાં ચાલ્યો જાય છે. સંયોગી ચીજ તો છૂટી પડે જ ને? માતાના પેટમાંથી બાળક બહાર આવ્યું; માતા હજુ તેના ઉપર નજર કરે તે પહેલાં તો તે મરી પણ જાય. માતાની ગોદમાં આવ્યા પહેલાં તો તે અનિત્યતાની ગોદમાં આવી ચૂક્યું છે. સંયોગ થયો તે વિયોગને લઈને જ આવ્યો છે. ભાઈ! આ દેહ એક ક્ષણમાં છૂટી જશે, તેને રાખવા માટે લાખ ઉપાય કરે, મોટા મોટા દાક્તરો બોલાવે, કરોડો રૂપિયા ખર્ચે —એ બધું વ્યર્થ છે.

પ્રભુ! તારી જ્ઞાયકચીજ અંદર ભગવાન-સ્વરૂપે બિરાજમાન છે ત્યાં એક વાર તો જો ને. ત્યાં તારી પ્રભુતા પર નજર કર ને. પામરતા પર — દયા પાળી, ભક્તિ કરી, પૂજા કરી, એ રાગ ઉપર — તારી નજર અનાદિની છે; એ દૃષ્ટિ તો મિથ્યાદૃષ્ટિ છે જ પણ એક સમયની પર્યાય, અલ્પજ્ઞતા કે ગુણભેદની જે દૃષ્ટિ તે પણ પર્યાયમૂઢતા છે. અહા ભગવાન! તું તો પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે ને! જેમ કોઈ મોટો માણસ — રાજા કે નગરશેઠ — મળવા આવ્યો હોય તે વખતે આ તેના તરફ આદર-સન્માનનું ધ્યાન ન આપે અને બાળક સાથે રમતમાં રોકાઈ જાય તો પેલો ચાલ્યો જાય; તેમ ભગવાન જ્ઞાયક આત્મા એક સમયની પર્યાય જ્યાં છે ત્યાં સમીપે જ બિરાજમાન છે, પણ તેના તરફ ધ્યાન નહિ આપતાં તું રાગ ને પુણ્ય સાથે રમતે ચડી ગયો છે, તેમાં તારો કાળ ચાલ્યો ગયો. સજ્ઝાયમાળામાં આવે છે ને? —

એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યો જ. નો'તો જી...
સગી નારી રે તારી કામની, ઊભી ટગ ટગ જોવે જી,
આ રે કાયામાં હવે કાંઈ નથી, ધ્રુસકે ધ્રુસકે રોવે જી... એક રે૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



—એ તો પોતાની સગવડતા જાય છે માટે રોવે છે, પેલો મરીને ક્યાં ગયો—નરકમાં કે ઢોરમાં—એની રોનારને ક્યાં પડી છે! એનું એને ભાન કે વિચાર પણ ક્યાં છે! પેલો મરીને ગમે ત્યાં ગયો એનું એને ક્યાં સનાનસૂતક છે! એ તો પોતાની સગવડતા ગઈ એને રોવે છે. અહીં કહે છે કે—ગુરુના હિતકારી ઉપદેશના તીખા ચાબખાથી સાચા મુમુક્ષુનો આત્મા અંદરથી જાગી ઊઠે છે, રાગની રુચિ છોડીને પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાયકપ્રભુની રુચિ જામી જાય છે. આ, ધર્મની શરૂઆત છે. એ વિના બધું—શાસ્ત્રોનું જાણપણું ને બહારના ક્રિયાકાંડ—થોથાં છે. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માની અંદર જ્યાં રુચિ થઈ ત્યાં તેનો ઝુકાવ વારંવાર એ તરફ જાય છે, વારંવાર ચેતન તરફ—જ્ઞાયક તરફ તેનું વલણ થાય છે.

**"જેમ ભક્તને ભગવાન માંડમાંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ 'હે ચેતન', 'હે જ્ઞાયક' એમ વારંવાર અંદર થયા કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે; 'હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે' એવું વર્ત્યા કરે."**

સુરદાસે કૃષ્ણનો હાથ ઝાલ્યો; કૃષ્ણ હાથ છોડીને અદૃશ્ય થઈ ગયા. સુરદાસ કહે છે: પ્રભુ! તમે મારા હાથમાંથી છટકી ગયા, પણ જો તમે મારા હૃદયમાંથી છટકી શકો તો તમે ખરા! તમે મારા હૃદયમાં કોતરાઈ ગયા છો, ત્યાંથી તમે કદી છટકી શકશો નહિ. એ પ્રમાણે પરમાનંદનો નાથ જ્ઞાયકપ્રભુ જેને અંદરની રુચિથી લક્ષગત થયો હોય તેને તો 'હે ચેતન', 'હે જ્ઞાયક'—એમ એક જ રટ લાગી હોય છે; હરતાં ને ફરતાં, ખાતાં ને પીતાં તેને એક 'હરિ'ની—નિજ ચૈતન્યપ્રભુની—જ લગની હોય છે. અન્યમતમાં આવે છે ને—

હરતાં-ફરતાં પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવનદોરી હમારી રે.

આ દેહદેવળમાં અંદર રહેલો નિજ જ્ઞાયકદેવ તે પોતાનો 'હરિ' છે, બીજો કોઈ નહિ. આનંદનિધાન જ્ઞાયકપ્રભુનો આશ્રય એ જ મુમુક્ષુનું જીવન છે, રાગથી જીવવું એ કોઈ, આત્માની ચીજ નથી. મુમુક્ષુને હાલતાં ને ચાલતાં જ્ઞાયક, જ્ઞાયક ને જ્ઞાયકની ધૂન વર્ત્યા કરે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૭૪

**અનંત કાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો, વિભાવની તુચ્છતા ન લાગી, પરથી અને વિભાવથી વિરકતતા ન થઈ, માટે માર્ગ મળ્યો નહિ. ૨૭૪.**

સર્વજ્ઞ પરમાત્માએ અંદર જે આત્મા જોયો તે તો પૂર્ણાનંદનો નાથ છે. તે ચૈતન્ય જ્ઞાયકનો અનંત કાળમાં સાચો મહિમા આવ્યો નહિ, વિભાવની — પુણ્ય-પાપના વિકલ્પો, દયા-દાન-ભક્તિ વગેરે શુભ ભાવોની — તુચ્છતા ન લાગી, માટે અંદર માર્ગ મળ્યો નહિ. દિગંબર સાધુ અનંત વાર થયો, 'મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયો; પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' — આત્માના ભાન વિના જરા પણ સુખ પામ્યો નહિ. શ્રીમદે પણ કહ્યું છે:

યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.

× × ×

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મતમંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

પંચમહાવ્રત અને નિયમ વગેરે અનંત વાર ધારણ કર્યાં, ઇંદ્રિયદમન અનંત વાર કર્યું, બાલબ્રહ્મચારી અનંત વાર થયો. બાહ્ય વિષયોથી ઉદાસ ઉદાસ ઉદાસ, પણ ચૈતન્ય જ્ઞાયકનો મહિમા લાવી અંતરમાં ગયો નહિ. 'અબ કયોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે.' પંચમહાવ્રત ને ઇંદ્રિયદમન વગેરેને સાધન માન્યાં, પણ ભાઈ! આત્માને પામવાની કળા તો કોઈ બીજી જ છે!

પરથી ને વિભાવથી વિરક્તતા થઈ નહિ તેથી અંદર આત્માનો માર્ગ મળ્યો નહિ. શરીર, સ્ત્રી, પુત્ર, લક્ષ્મી અને દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પર પદાર્થો છે તથા તેમના લક્ષે અંદર પરિણામમાં થતા અશુભ તેમ જ શુભ ભાવો વિભાવ છે; એના તરફ રુચિ કરી પણ સ્વભાવની રુચિ કરી નહિ; એમાં રક્ત રહ્યો પણ એનાથી વિરક્તિ કરી નહિ. રાગની ક્રિયામાં — દયા, દાન, વ્રત, તીર્થયાત્રા આદિના પરિણામમાં — મહત્તા લાગી, પણ અંદર પોતાના જ્ઞાયકપ્રભુની મહત્તા ન ભાસી, માટે અંતરનો સાચો માર્ગ મળ્યો નહિ. ભલે પચીસ, પચાસ કે સો વાર ગિરનારની અથવા સંમેદશિખરની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યાત્રા કરી આવે, પણ તેથી આત્માને શું આવ્યું? તે તો શુભ રાગ છે, ધર્મ કે મોક્ષનો માર્ગ નથી. સંમેદશિખરની યાત્રા માટે કહેવાય છે કે—'એક વાર વંદે જો કોઈ, તાહી નરકપશુગતિ નહીં હોઈ.' પણ એમાં શું? યાત્રા વખતે શુભભાવ હોય તો સીધો નરક કે પશુમાં ન જાય, પણ 'શુભભાવથી મને ધર્મ થશે' એવી ભ્રમણા હોવાથી, ભવભ્રમણ તો એવું ને એવું ઊભું રહેશે. ખરેખર તો આનંદનો નાથ અને સમતાનો સાગર એવા નિજ જ્ઞાયક આત્માના અનંત ગુણોની નિર્મળતાની પરાકાષ્ઠા—શિખર ઉપર આરૂઢ થવું તે સંમેદશિખરની યાત્રા છે. નીચેની ભૂમિકામાં તીર્થસ્થાનની યાત્રાનો ભાવ આવે છે તે સત્ય છે, પણ છે એ શુભરાગ ને પુણ્યબંધનું કારણ; અશુભથી બચવા માટે એવા ભાવ આવે, પણ તે ધર્મ નથી.

આ મારાં સ્ત્રી, પુત્ર ને પરિવાર તથા દેવ, શાસ્ત્ર ને ગુરુ—એ પરપદાર્થની રુચિની વાત તો ક્યાંય દૂર રહી, પણ શ્રી નિયમસારમાં તો ત્યાં સુધી કહ્યું છે કે—

જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,
તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે!

જે જીવ પોતાનાં દ્રવ્ય, ગુણ ને પર્યાયોના વિકલ્પમાં રોકાય છે તે પણ રાગથી વિરમ્યો નથી; તે પણ અન્યવશ—રાગવશ હોવાથી તેને આવશ્યકસ્વરૂપ કર્મ નથી. શુભ વિકલ્પ કાંઈ અવશ્ય કરવા લાયક ક્રિયા નથી, એ ધાર્મિક ક્રિયા નથી. અંતર આનંદના નાથમાં એકાગ્ર થવું તે ખરેખર આવશ્યક—અવશ્ય કરવા લાયક—કર્મ છે. સ્વરૂપમાં એકાગ્રતારૂપ નિર્મળ દશાને જ ખરેખર સામાયિક, ચોવીસંથો, પ્રતિક્રમણ આદિ આવશ્યક કહેવામાં આવે છે.

———o———

## વચનામૃત—૨૭૫

**પંચમ કાળ છે એટલે ફેરફાર થાય, પણ જેને આત્માનું કરવું છે તેને કાળ નડતો નથી. ૨૭૫.**

કેટલાક એમ કહે છે: 'અમારે ધર્મ કરવો છે, પણ શું કરીએ? પંચમ કાળ છે એટલે અંદરનો પુરુષાર્થ ઊપડતો નથી.' ભાઈ! કાળ કોને નડે છે? જેને પોતાનું કલ્યાણ કરવું છે તે કોઈને કાળ નડતો નથી. શ્રીમદે કહ્યું છે:

જો ઇચ્છા પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! ભવસ્થિતિ પાકશે કે કાળલબ્ધિ હશે ત્યારે મુક્તિ થશે — એવી વાતો છોડી દે; અંદર સ્વભાવસન્મુખ થવાનો પુરુષાર્થ કર તો તારી કાળલબ્ધિ વગેરે બધું પાકી જશે. પંચમ કાળ છે એટલે બહાર ફેરફાર થાય; ભલે થાય, પણ જેને આત્માનું કલ્યાણ કરવું છે તેને કાળ કાંઈ નડતો-અડતો નથી. ચોથા કાળે ભગવાનના સમવસરણમાં પણ જે સમ્યગ્દર્શન ન કર્યું તે અહીં પંચમ કાળમાં થઈ શકે છે. અરે! ત્રીજી નરકના નારકીને પરમાધામી — અસુરકુમારના દેવ — લોઢાના ધગધગતા સળિયે બાંધી ઉપર ઘણના ઘા મારે, એવે સમયે પણ તે સમ્યગ્દર્શન પામી શકે છે. બહારનો કાળ કે કોઈ ચીજ અંદર આત્માનું કાર્ય કરવામાં નડતી નથી.

અહા! વીતરાગ પરમેશ્વરનો માર્ગ કોઈ જુદો જ જાતનો છે. વીતરાગ પરમાત્મા સિવાય બીજે ક્યાંય આ વાત છે જ નહિ. અરેરે! 'મારી નજરની આળસે રે મેં નીરખ્યા ન હરિને જરી.' અજ્ઞાન ને રાગદ્વેષનો નાશ કરે તે હરિ. ભાઈ! તારી નજર રાગ ને પર્યાયમાં પડી છે, પણ અંદર રાગનો નાશ કરનાર ભગવાન આત્મા બિરાજે છે ત્યાં જતી નથી. અંદર નજર કરતો નથી, અને બહાર કાળ વગેરે બીજાનો વાંક કાઢે છે! ગમે તેવી ભીષણ પ્રતિકૂળતાના પ્રસંગમાં પણ જીવ અંતર્મુખ થવાનો પુરુષાર્થ કરે તો તેને જરૂર સમ્યગ્દર્શન થઈ શકે છે. તેને કાળ, શરીરના આકરા રોગ કે વધ-બંધન વગેરે બહારની ચીજો આત્મસન્મુખ થવામાં કાંઈ નડતી નથી, અંતર્મુખ દૃષ્ટિ કરવામાં કાંઈ વિઘ્ન કરતી નથી. અંતરમાં આનંદમૂર્તિ ભગવાન જ્ઞાયક દેવ મોજૂદ છે — જાગતો જીવ ઊભો છે — તેના ઉપર નજર કરવામાં બહારની પ્રતિકૂળતા નડતી પણ નથી અને બહારની સગવડતા — દેવ-શાસ્ત્ર-ગુરુ — સહાયક થાય છે એમ પણ નથી. જ્યારે કર ત્યારે તારે તારા અંતર્મુખ પુરુષાર્થથી જ ધર્મરૂપી કાર્ય સાધવાનું છે.

—o—

## વચનામૃત — ૨૭૬

**'શુભાશુભ ભાવથી જુદો હું જ્ઞાયક છું' તે દરેક પ્રસંગમાં યાદ રાખવું. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ મનુષ્યજીવનની સાર્થકતા છે. ૨૭૬.**

**"શુભાશુભ ભાવથી જુદો હું જ્ઞાયક છું' તે દરેક પ્રસંગમાં યાદ રાખવું."**

'જ્ઞાન' લક્ષણથી ઓળખાતો આ ભગવાન આત્મા શરીર, ઇંદ્રિયો, ઇંદ્રિયના વિષયો અને કર્મથી તો તદ્દન ભિન્ન છે જ, પણ અંદર જે સ્વાધ્યાય, વાંચન, વિચાર, દયા, દાન, વ્રત વગેરેના શુભભાવ તથા વિષય, કષાય, હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ વગેરેના અશુભભાવ થાય છે તેનાથી પણ જુદો છે; તે વિભાવભાવો આત્માનું મૂળ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ નથી. અહા ! આ વાત કેમ બેસે ? ભાઈ ! ત્રણ લોકના નાથ શ્રી સર્વજ્ઞ ભગવાને કહી છે તે આ વાણી છે. ભગવાને નવ તત્ત્વ કહ્યાં છે ને ? — જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. તેમાં શુભભાવ તો પુણ્યતત્ત્વમાં અને અશુભભાવ પાપતત્ત્વમાં જાય છે, આત્મા તો એ નવેય તત્ત્વોથી ભિન્ન સહજ જ્ઞાયકતત્ત્વ છે.

અરે ! વાણિયાને વેપાર-ધંધા આડે આ વાત સાંભળવાની નવરાશ ન મળે ! આ કરવું છે ને તે કરવું છે — એમ આખો દિવસ જગતને પાપના ધંધા ! ક્યારેક એકાદ કલાક ધર્મ સાંભળવા જાય, ત્યાં ઉપદેશકો ઊંધાં લાકડાં બોસે — વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો, તમારું કલ્યાણ થઈ જશે. પણ ભાઈ ! એ બધું તો, કષાયની મંદતા કરી હોય તો શુભ રાગ છે. રાગ કરવાની વીતરાગની આજ્ઞા નથી. વીતરાગની આજ્ઞા એ છે કે — અમે અમારા જ્ઞાયક-સ્વભાવના અવલંબનથી વીતરાગતા પામ્યા છીએ, તો તમને પણ દયા આદિના રાગથી ભિન્ન તમારા જ્ઞાયકસ્વભાવનું અવલંબન લેવાનું કહીએ છીએ.

શુભાશુભ રાગભાવ અત્યંત અશુચિ છે, વિપરીત સ્વભાવવાળા છે અને દુ:ખરૂપ છે; ભગવાન જ્ઞાયક આત્મા અત્યંત પવિત્ર છે, અવિરુદ્ધસ્વભાવવાળો છે અને સુખરૂપ છે. ત્રિકાળી જ્ઞાયકદ્રવ્ય રાગનું કારણ પણ નથી ને કાર્ય પણ નથી. રાગની મંદતા હોય તો સમ્યગ્દર્શનરૂપ કાર્ય થાય — એમ નથી. અહા ! આવી વાત છે. માણસોનાં માથાં ફરી જાય એવું છે ! પણ બાપુ ? ભગવાનની દિવ્યધ્વનિમાં આત્માનું સ્વરૂપ આમ આવ્યું છે. ભગવાને તને 'ભગવાન' કહીને બોલાવ્યો છે, આચાર્યદેવે પામરને પ્રભુ તરીકે સંબોધ્યો છે. આ વાત સાંભળતાં જગતની બધી હોંશું ઊડી જાય એવું છે. અહા ! શુભાશુભ ભાવોથી ભિન્ન હું સદા જ્ઞાયક જ છું — એ દરેક પ્રસંગમાં યાદ રાખવું જોઈએ, અંદર પરિણમનમાં એ ઘૂંટાઈ જવું જોઈએ.

**'ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ મનુષ્યજીવનની સાર્થકતા છે.'**

રાગથી ભિન્ન પડવાનો અભ્યાસ અંતરમાં કરવો એ જ આ મનુષ્યજીવનનું મહાન કર્તવ્ય છે; જો ભેદજ્ઞાનનો અભ્યાસ ન કર્યો તો આ દુર્લભ મનુષ્યભવ એળે જશે. બહારમાં પુણ્યના યોગે પાંચ-પચીસ કરોડ — ધૂળ મળે એમાં તને શું મળ્યું ? એ તો બધા પુદ્‌ગલના ખેલ છે. લક્ષ્મી વગેરેથી તો તું અત્યંત જુદો જ છો, પણ શુભાશુભ રાગથી પણ તું જુદો છો. એવો અંદરમાં ભેદજ્ઞાનનો અભ્યાસ રાખજે. તેમાં તારા મનુષ્યજીવનની સાર્થકતા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૦૪

તા. ૨૯–૯–૭૮

## વચનામૃત — ૨૭૭

પરથી વિરક્તતા નથી; વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય? અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ. પોતે આળસુડો થઈ ગયો છે. 'કરીશ, કરીશ' કહે પણ કરતો નથી. કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહિ, અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે, તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો 'કાલે કરીશ, કાલે કરીશ' એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ ને જીવન પૂરું થઈ જાય. ૨૭૭.

'પરથી વિરક્તતા નથી, વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય?'

શરીર, વાણી, સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી અને વેપારધંધો વગેરે પરદ્રવ્ય છે; એને મેળવવું કે એનું રક્ષણ કરવું એ આત્માના હાથની વાત નથી, તોપણ એની પાછળ આખી જિંદગી ચાલી જાય છે. આત્મા પરદ્રવ્યથી અત્યંત ભિન્ન છે એવું લક્ષ નહિ હોવાથી તેનાથી જીવને વિરક્તતા થતી નથી. પરથી — આખી દુનિયાથી — વિરક્તતા આવી જવી જોઈએ; જો પરથી વિરક્તતા ન હોય તો અંતઃસન્મુખતાનું કાર્ય ક્યાંથી થાય?

ધર્મ તો બધા માટે સરળ છે, પણ સમજે એના માટે ને? આ શરીરનો પ્રત્યેક પરમાણુ સ્વયં 'સત્' છે, પોતાનાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યયુક્ત છે. જેમ શરીરના તેમ જ કર્મના તથા જગતના બધા પદાર્થોના પરિણામ આ આત્માથી તદ્દન પૃથક્ છે; આત્મા તેને કરી, રાખી કે ભોગવી શકતો નથી; પણ અજ્ઞાનથી જીવ માને છે કે શરીરને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બરાબર સાચવી શકું છું, ધન કમાઉં છું, વિષયોનો ઉપભોગ કરું છું. અરે ભાઈ! શરીર, સ્ત્રી, લક્ષ્મી વગેરે બધા પરપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રુવતારૂપ પોતાના પરિણામોને સ્વયં કરે છે, અને તારો આત્મા પોતાના પરિણામોને સ્વયં કરે છે. એક-બીજા વચ્ચે કોઈ કર્તા-કર્મનો સંબંધ જ નથી, તો પછી તું તેનું શું કરી શકે? 'હું તેનું કરું છું, તેને મેળવું છું — રાખું છું' એવું માત્ર અજ્ઞાનજનિત અભિમાન કરી શકે. દરેક પદાર્થની પર્યાય તેના પોતાના કારણથી થાય છે એવું તાત્ત્વિક જ્ઞાન નહીં હોવાથી જીવને પરથી વિરક્તતા થતી નથી. જો પરથી વિરક્તતા નથી તો આત્મા તરફ વળવાનું કાર્ય ક્યાંથી થાય? રુચિ બહારમાં જ ચોંટી રહે.

પ્રશ્ન:— આત્મા પરનાં કાર્યમાં નિમિત્ત તો છે ને?

ઉત્તર:— 'નિમિત્ત છે' તેનો અર્થ શો? નિમિત્ત એટલે કે ભિન્ન પદાર્થ. સામી વસ્તુમાં પોતાના ઉપાદાન કારણથી પર્યાય થાય છે ત્યારે તેને અનુકૂળ ઉપસ્થિત પદાર્થને નિમિત્ત કહેવામાં આવે છે; તેના કારણથી સામી વસ્તુમાં કાર્ય — પર્યાય થાય છે એવો તેનો અર્થ નથી. અહા! આકરું કામ બાપુ! અનંત કાળે આ મોઘું મનુષ્યપણું મળ્યું ને એમાં જો આત્માને ઓળખવાનું આ અપૂર્વ કામ ન કર્યું તો આ ભવ એળે ચાલ્યો જશે. છોકરાંનું કર્યું, બાયડીનું કર્યું, ધંધાનું કર્યું — એમાં ને એમાં પાપ કરીને મરી ગયો, અરેરે! મોહે મારી નાખ્યા! કોના દીકરા ને કોની બાયડી? દરેક પદાર્થ પૃથક્ અને સ્વતંત્ર છે.

અહીં તો એમ કહે છે કે — અંદરમાં શરીર, સ્ત્રી, પુત્ર વગેરે પરપદાર્થથી વિરક્તતા નથી તો અંતરમાં — સ્વભાવમાં જવાનો અવકાશ ક્યાંથી થાય? ન જ થાય. આ શરીર છે તે પુદ્ગલની — માટીની — પર્યાય છે; તેમાં માટી (પુદ્ગલ) ધ્રુવપણે રહીને તેના ઉત્પાદ-વ્યય થાય છે. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' છે ને? શરીર અને કર્મપણે પરિણમેલાં પુદ્ગલોનાં ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્યથી આ ભગવાન આત્મા પૃથક્ છે — તદ્દન ભિન્ન છે. અંદર રાગ-દ્વેષ અને દુઃખની પર્યાય થાય છે તે પણ, આત્માની વર્તમાન ક્ષણિક દશામાં થાય છે તોપણ, જ્ઞાનસ્વભાવથી સ્વરૂપે તદ્દન ભિન્ન છે. તે વિભાવપરિણમનથી ભિન્ન એવા સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ આનંદ આદિ અનંત ગુણસ્વભાવી ત્રિકાળી ધ્રૌવ્યમાં જ્યાં સુધી રુચિ ન થાય ત્યાં સુધી તેની દૃષ્ટિ સાચી થતી નથી. ભાઈ! જીવન ચાલ્યું જાય છે. મૃત્યુની ક્ષણ નજીક આવતી જાય છે. મા માને કે મારો દીકરો મોટો થાય છે પણ ખરેખર તો દરેક ક્ષણે તે મૃત્યુની નજીક થતો જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરેરે! જીવને ક્ષણભંગુર સંયોગોથી વિરક્તતા થતી નથી, વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; આત્માર્થનું કાર્ય ક્યાંથી થાય? અહીં તો હજી પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શન થયું તો અતીન્દ્રિય આનંદાંશનો અપૂર્વ સ્વાદ આવ્યો. ત્યાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને દુ:ખ આદિ વિભાવ ઉત્પન્ન થાય છે તેની જ્ઞાનીને અત્યંત તુચ્છતા લાગે છે. જ્ઞાની જાણે છે કે જેટલું દુ:ખનું વેદન છે તે મારામાં ને મારા કારણથી છે, તોપણ — એક જ પર્યાયમાં સાથે હોવા છતાં — જ્ઞાન-ભાગ જુદો છે ને વિભાવભાગ જુદો છે. અહા! આ માર્ગ તો બાપુ! શાન્તનો ને ધીરાનો છે. શાસ્ત્ર વાંચીને વાત ધારી લે તેથી કંઈ વસ્તુની દૃષ્ટિ થઈ છે — એમ નથી. દૃષ્ટિ સમ્યક્ થઈ હોય તો તેને સાથે વિવેક પણ હોવો જોઈએ કે — મારામાં આનંદ પણ પ્રગટ થયો છે અને દુ:ખ પણ મારામાં છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને, અસ્થિરતા-અપેક્ષાએ પણ, દુ:ખનું વેદન થતું જ નથી — એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે, એને સાધકદશાના સ્વરૂપની ખબર નથી.

અહીં તો એમ કહે છે કે વિભાવની તુચ્છતા લાગ્યા વિના અંદર સ્વરૂપમાં જઈ શકાતું નથી. વિભાવની તુચ્છતા લાગે, અંદરમાં સ્વભાવની તાલાવેલી લાગે, તો આત્માનું કાર્ય થાય.

**'અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ.'**

અરે! શાસ્ત્રનું જાણપણું એ પણ પરલક્ષી જ્ઞાન છે, તે કાંઈ ધર્મ નથી. શાસ્ત્રનાં જાણપણાંથી પણ મારી ચીજ કોઈ જુદી છે — એવી અંદરથી સાચી ઉત્કંઠા જાગે તો અંતરમાં આત્માનું યથાર્થ લક્ષ થયા વિના રહે જ નહિ. અહા! ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદકંદ જે અંદર બિરાજે છે તેનું તો લક્ષ નથી અને દયા-દાન આદિ શુભભાવોનો અંતરમાં મહિમા છે, પરથી વિરક્તતા થઈ નથી અને વિભાવની તુચ્છતા લાગી નથી, તે અંતરમાં કેવી રીતે જઈ શકે? જ્યાં એક સમયની વિભાવપર્યાય ઊપજે છે ત્યાં જ અંદર તળમાં જે ચિદાનંદસ્વરૂપ ધ્રુવ પરમાત્મા બિરાજે છે તેને સમજવાની અંદરથી સાચી તાલાવેલી લાગે તો કાર્ય — સમ્યગ્દર્શન તથા સ્વાનુભૂતિ વગેરે — થયા વિના રહેતું જ નથી. અહા! બહુ સાદી ભાષામાં ઊંચું તત્ત્વ આવ્યું છે; જગતનાં ભાગ્ય કે 'વચનામૃત' જેવી ચીજ બહાર આવી — ગુજરાતી સાદી ભાષામાં, બોલચાલની ભાષામાં. આ હિન્દી તો પછી કર્યું છે.

**'પોતે આળસુડો થઈ ગયો છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ કર્મના કારણે નહિ, પણ પોતે સ્વયં આળસુ થઈ ગયો છે. અંદર સ્વભાવ તો આનંદનો કંદ છે, ત્યાં જવાનો પ્રયાસ કરતો નથી અને પ્રમાદી થઈને પુણ્ય-પાપના ભાવમાં મૂઢ થઈ ગયો છે. ચોવીસેય કલાક બાયડી ને દુકાનની હોળીમાં સળગી રહ્યો છે. એમાં વળી છોકરો ભણવા માટે અમેરિકા જાય, ત્યાંથી આવે ને સારી કન્યા મળે, તો જુઓ હરખ...હરખ. શેનો? પાપનો. અરે પ્રભુ! આ પાપના હરખથી તારે મરીને ક્યાં જવું છે? આ પાપના પ્રેમમાં તું આળસુડો થઈ ગયો છે.

અંદર સ્વભાવનું લક્ષ કરવાનો સાચો પુરુષાર્થ કરતો નથી તે બહારમાં—મારી બાયડી, મારાં છોકરાં, મારો દેશ ને મારાં પુણ્ય-પાપ એમ—અટકી ગયો છે, પણ એ ભાવ તો મૂઢતા છે. એમાં વળી બે-પાંચ કરોડ રૂપિયા થઈ જાય તો જોઈ લો; 'હું પહોળો ને શેરી સાંકડી' થઈ જાય. અત્યારે તો આફ્રિકા—નાઇરોબી—માં આપણા ઘણા મુમુક્ષુઓ કરોડપતિઓ છે. પુણ્યનો યોગ હોય તો પૈસો આવે, તેમાં આત્માને શું આવ્યું? તેઓ પહેલાં શ્વેતાંબર હતા, હવે તો તેઓ દિગંબર થઈ ગયા છે. ત્યાં કાયમ આપણું વાંચન ચાલે છે. પંદર લાખ શિલિંગનું એક ભવ્ય દિગંબર જિનમંદિર બનાવ્યું છે. મંદિર બનાવવાનો એ શુભ રાગ પણ ધ્રુવ ભગવાન જ્ઞાયકથી ભિન્ન છે. રાગ તો ઉપર-ઉપર તરે છે, અંદર નિત્યાનંદ ધ્રુવ સ્વભાવમાં પ્રવેશ કરતો નથી. સ્વભાવના ભાન વિના, આત્મામાં જે કાંઈ શુભ-અશુભ ભાવ થાય છે એના પ્રેમમાં તું પ્રમાદી થઈ ગયો. અહા! અંદરમાં જ્યાં જ્ઞાયક ચીજ છે ત્યાં જવાનું છે, પણ ત્યાં ન જતાં, પોતે આળસુડો થઈ ગયો છે.

**"'કરીશ, કરીશ' કહે પણ કરતો નથી."**

'મારે આત્માનું હિત—સમ્યગ્દર્શન કરવું છે' એમ કર્યા કરે છે, પણ કે દી કરીશ? અંદરથી તાલાવેલી જાગ્યા વિના અંતર્મુખ થવાશે નહિ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે નહિ. ભાઈ! આમ ને આમ સંસારના રઘવાટમાં મરી જઈશ, આ દુર્લભ મનુષ્યભવ ચાલ્યો જશે અને હાલ્યો જઈશ નરક ને નિગોદમાં; અહીં કાંઈ કુદરતના કામમાં—નિયમમાં કોઈની સિફારસ કામ આવે એમ નથી. અમે મોટા કરોડપતિ થઈ ગયા, બે કરોડ રૂપિયા ધર્માદામાં ખર્ચ્યા—એમ પોરસ કરે; પણ એમાં આત્માને શું આવ્યું? લોભ મંદ કર્યો હોય તો જરી પુણ્ય થાય, 'મેં દાન કર્યું' એમ અંદર મોટપનું અભિમાન પોષ્યું હોય તો ઊલટું પાપ થાય. એ તો 'એરણની ચોરી ને સોયનું દાન' જેવી વાત છે: આખો દી પાપના ધંધા એ એરણની ચોરી અને એમાં બે-ચાર કરોડ ધર્મના નામે વાપરે તે સોયનું દાન. લક્ષ્મીનો—જડનો માલિક થયો એ જ મોટી ચોરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, મિથ્યાત્વ રાખીને દાન કરે તે સોયનું દાન છે, કષાય મંદ કર્યા હોય તો તે પુણ્ય છે, પણ ધર્મ નથી.

ભાઈ! તું પુણ્ય-પાપના પરિણામમાં આળસુ થઈને પડ્યો છો, પણ અંદરમાં જવાનો પુરુષાર્થ ક્યારેય કરતો નથી. પ્રભુ! અંદર જ્ઞાયક ભગવાનની લગની લાગવી જોઈએ. શરીરની લગની કેવી લાગી છે? શરીરના નામની કોઈ બૂમ પાડે કે—'પોપટ'! તો ઊંઘમાંથી પણ જવાબ આપે—'હં'; 'પોપટ' આવ્યો ક્યાંથી? એ તો શરીરનું—ધૂળનું નામ છે, પણ દેહાધ્યાસ એવો થઈ ગયો છે કે સપનામાં પણ 'એ હું છું' એમ થઈ ગયું છે. અરે! સ્વને માટે આળસુ ને પરને માટે પુરુષાર્થ! આત્માનું કાર્ય કરીશ, સમ્યગ્દર્શન પ્રગટ કરીશ—એમ કહે છે, પણ કરતો નથી.

**"કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહિ, અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે, તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો 'કાલે કરીશ, કાલે કરીશ' એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ ને જીવન પૂરું થઈ જાય."**

સર્વજ્ઞ પરમાત્માએ જેને અંદર પરિપૂર્ણ જ્ઞાયક પરમાત્મસ્વરૂપે જોયો છે એવા નિજ આત્માને, અંદરની ઉત્કંઠા વિનાનો આળસુ જીવ, સમજવામાં પુરુષાર્થહીન વર્તે છે, 'કાલે કરીશ', 'પછી કરીશ' એમ વાયદા કરે છે; એનો વાયદો પૂરો થાય નહિ ને મરણની ક્ષણ આવી જાય; પછી પસ્તાવો કરે પણ એમાં એનું શું હાલે? મરીને પરિભ્રમણની લાંબી સફરે હાલ્યો જાય. ધર્મ તો પછી પણ થશે, પહેલાં આ છોકરા-છોકરીનાં લગ્ન કરી લઉં, છોકરાઓ માટે મકાન બનાવી લઉં, વેપારમાં છોકરાઓને મારા અનુભવનો જરી લાભ આપું—એમ બહારનો રસ છે, પણ આત્મા માટે જરાય તાલાવેલી નથી. 'કાલે કરીશ, પછી કરીશ' એમ મંદપણે વર્તે છે. તેની કાલની આજ કદી થતી નથી. કહેવત છે ને—'વાણિયા જમે આજ ને બારોટ જમે કાલ'. વાણિયાની 'કાલ' કદી આવે નહિ ને બારોટ કદી જમે નહિ. એમ આળસુ જીવની 'કાલ' કદી 'આજ' થાય નહિ ને જીવન પૂરું થઈ જાય, મરીને નરક-નિગોદમાં ચાલ્યો જાય.

દીક્ષા લીધી તે વખતે હાથીના હોદ્દે બેસીને વરઘોડો નીકળ્યો હતો. હાથી ઉપર બેસવા નિસરણીએ ચડતાં ધોતિયું જરા ફાટી ગયું. મનમાં શંકા પડી—આ શું? તે વખતે લાંબો વિચાર આવ્યો નહોતો, પણ પાછળથી ખૂબ વિચાર કરતાં અંદરથી એમ આવ્યું કે—વસ્ત્ર સહિત મુનિપણું તે સાચી દીક્ષા જ નથી. ધોતિયું ફાટી ગયું એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'મુનિને વસ્ત્રો ત્રણ કાળમાં હોતાં નથી' એનો સંકેત હતો. સં. ૧૯૭૩ની સાલમાં સંપ્રદાયના ગુરુ પાત્રાં રંગતા હતા. તેની પાછળ કલાકો ને કલાકો ખોટી થવું પડે. હું સ્વાધ્યાય કરતો હતો. મેં ગુરુને કહ્યું : આ ઉપાધિ કેવી ! ગુરુ ભદ્રિક હતા. તેમણે કહ્યું : પાત્રાં વિનાનો સાધુ ગોતી લાવજે... અને અંતરથી ગોતી કાઢ્યું કે — મુનિને વસ્ત્ર-પાત્ર હોય જ નહિ. જે વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું મનાવે છે તે મુનિ છે જ નહિ, મિથ્યાદૃષ્ટિ છે. આકરી વાત છે ભાઈ! આ તો, ત્રણ લોકના નાથ સીમંધર ભગવાન બિરાજે છે ત્યાંથી આવેલી વાત છે. સમજાય છે કાંઈ ? અહીં કહે છે કે — અંદરની તાલાવેલી વગરનો પ્રમાદી — આળસુ જીવ 'કાલે કરીશ' એમ વાયદા કરે છે પણ તેની 'કાલ' કદી 'આજ' થતી નથી અને અરેરે ! એ રીતે જીવન પૂરું કરીને ચાર ગતિમાં રખડવા ચાલ્યો જાય છે, અમૂલ્ય મનુષ્યભવ હારી જાય છે.

—o—

## વચનામૃત — ૨૭૮

જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય, તે વખતે પાણીના એક બિંદુ તરફ પણ તેનું લક્ષ જાય છે અને તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે. તે આત્માર્થી જીવ 'જ્ઞાન' લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય. ૨૭૮.

'જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય, તે વખતે પાણીના એક બિંદુ તરફ પણ તેનું લક્ષ જાય છે અને તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે.'

ધોમ ધખતા ઉનાળામાં પર્વતના ઝાડપાન વગરના ખુલ્લા શિખર ઉપર જેમ કોઈને આકરો તાપ લાગ્યો હોય અને સાથે ખૂબ જ તરશ લાગી હોય, ત્યાં તેને પાણીનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક ટીપું પણ મળે તો તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને આ આખો સંસાર એકાન્ત દુઃખરૂપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે અંદરમાં નિત્યાનંદ જ્ઞાયક પ્રભુને ઓળખવાનો ઉગ્ર પુરુષાર્થ કરે છે. જેને તરશ લાગી હોય તે પાણી પીવા જાય, એમ અંદરથી જેને સત્ પ્રાપ્ત કરવાની ઝંખના જાગી છે તે અંતરમાં જઈને સ્વરૂપનો અનુભવ કર્યા વિના રહે નહિ, અતીન્દ્રિય આનંદામૃતનું રસપાન કર્યા વિના રહે નહિ. અહા! આવો મારગ છે ભાઈ! બીજા ઉપદેશકો અજ્ઞાનથી ગમે તે કહે —તમે મંદિર બંધાવ્યાં, યાત્રાઓ કાઢી, વ્રત ધારણ કર્યાં, દાન આપ્યાં, માટે તમને ધર્મ થઈ ગયો—તે બધું પાખંડ ને મૂઢતા છે. ભાઈ! એમાં ધરમ-બરમ છે જ નહિ, એમાં રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે. અજ્ઞાની પુણ્યમાં પુરુષાર્થ કરે છે પણ અંદરમાં પુરુષાર્થ કયારેય કરતો નથી. ચોવિહાર કરવો, બ્રહ્મચર્ય પાળવું વગેરે ક્રિયાકાંડમાં રાગ મંદ કર્યો હોય તો પુણ્ય થાય, ધર્મ નહિ.

અહીં કહે છે કે—સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર તૃષા લાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે. અહા! સંસારનાં દુઃખ કહ્યાં જાય એમ નથી. ભગવાન કહે છે—એક શ્વાસોચ્છ્‌વાસ જેટલા વખતમાં જીવ નિગોદના અઢાર ભવ કરે છે. આલુ, ડુંગળી, લસણ, કાંદા વગેરેની રાઈ જેટલી એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે, અને તે એક શરીરમાં સિદ્ધની સંખ્યા કરતાં અનંત ગુણા નિગોદના જીવ છે. અરે પ્રભુ! તું પણ ત્યાં અનંત કાળ રહી આવ્યો છો. હવે તો તને આ મનુષ્યભવ મળ્યો છે, માટે અંદરમાં જો તને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્ સમજવાની તીવ્ર જિજ્ઞાસા જાગી હોય, તો તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પુરુષાર્થ કર.

**“તે આત્માર્થી જીવ ‘જ્ઞાન’ લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય.”**

‘સચ્ચિદાનંદસ્વરૂપ નિજ જ્ઞાયક આત્માને હું કઈ રીતે પ્રાપ્ત કરું’ એવી જેને તીખી જિજ્ઞાસા થઈ હોય તે આત્માર્થી જીવ ‘આ જાણનાર, જાણનાર, જાણનાર તત્ત્વ તે હું’ એમ ‘જ્ઞાન’ લક્ષણ વડે જ્ઞાયક આત્માની સાચી ઓળખાણ કરી તેના સ્વરૂપને બરાબર ખ્યાલમાં લે તો તેને જ્ઞાયક આત્માની અનુભૂતિ પ્રગટ થાય. આત્માનું લક્ષણ ‘જ્ઞાન’ કહ્યું, શરીર, વાણી, મન કે રાગ તે કાંઈ આત્માનું લક્ષણ નથી. વર્તમાન ઉત્પાદ-વ્યયવાળી પર્યાયમાં જે જાણનક્રિયા છે તે વડે લક્ષગત થતું જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાન તે આત્માનું લક્ષણ છે. તે લક્ષણ દ્વારા જ્ઞાયકનું જે લક્ષ કર્યું, અને તેનાથી જે જ્ઞાયકદ્રવ્યનો અનુભવ કર્યો તેને સમ્યગ્દર્શન કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરેરે! લોકોને આ વાત બહુ આકરી લાગે છે અને કહે છે કે સોનગઢવાળા એકલી નિશ્ચયની વાત કરે છે. લોકો ભલે કહે, તેમને વસ્તુસ્વરૂપની ખબર નથી. અહીં તો અમે દુનિયા બધી જોઈ લીધી છે, આખા હિન્દુસ્તાનમાં — દસ દસ હજાર માઈલ — ત્રણ વાર ફર્યા છીએ, ધર્મનું નામ ધરાવનાર બધાના અભિપ્રાય જોઈ લીધા છે. બાપુ! આ વાત કોઈ જુદી છે. પ્રભુ! તારી વેપારની પેઢી કોઈ જુદી છે. 'જ્ઞાન' લક્ષણ દ્વારા અંદર જવું એ તારી પેઢી છે.

જ્ઞાયકવસ્તુ જે ત્રિકાળી ધ્રુવ નિજ પરમતત્ત્વ છે તેને 'જ્ઞાન' દ્વારા પરથી ને વિભાવથી ભિન્ન બરાબર ઓળખી, તેની અંદરમાં યથાર્થ પ્રતીતિ કરી તેના શુદ્ધ સહજ અસ્તિત્વને લક્ષગત બનાવે, તો તે આત્માર્થી જીવને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય— અનુભવગોચર થાય. મિથ્યાદૃષ્ટિનું જે જ્ઞાન એકાન્ત પરસન્મુખ કામ કરતું હતું તે જ્ઞાનની પર્યાય સ્વસન્મુખ થઈ અંતર જ્ઞાયકમાં ગઈ. જ્ઞાનપર્યાયે જ્ઞાયકને પકડયો ત્યારે તેની જ્ઞાનપર્યાયમાં ભાન થયું કે — હું શુદ્ધ જ્ઞાયક છું. જ્ઞાયકનું સ્વરૂપ અનુભવ સહિત ખ્યાલમાં આવ્યું તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થયું કહેવાય. અહા! આવી વાતો છે. આ વાણિયા બિચારાને ધંધાનાં પાપ આડે નવરાશ નહિ. સવારના ૬ થી રાતના ૯ વાગ્યા સુધી ધંધાની મજૂરી. ગામમાં સાધુ આવે તોપણ સામું જોવાની નવરાશ નહિ. કેટલાક બિચારાએ તો 'આત્મા શું છે' એ કદી સાંભળ્યું પણ નહિ હોય.

ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવે જે જ્ઞાનલક્ષણથી લક્ષિત આત્મા કહ્યો તેને જાણીને અંતરમાં પ્રતીતિ કરી — જાણ્યા વિના પ્રતીતિ કોની? — તેના જ્ઞાનમય સહજ અસ્તિત્વને સમ્યક્‌પણે ખ્યાલમાં લે, જ્ઞાનલક્ષણ વડે ત્રિકાળી ધ્રુવ મોજૂદ ચીજને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક આત્મા પ્રગટ થાય. જ્ઞાયક આત્માનું અનુભવમાં પ્રગટ થવું તે સમ્યગ્દર્શન છે. જ્ઞાયક આત્માના યથાર્થ લક્ષ વિના એકલા દેવ-શાસ્ત્ર-ગુરુને માનીને પોતાને સમ્યગ્દર્શન થયું ગણે તો તે બરાબર નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ તરફ લક્ષ જતાં રાગ થાય છે, ત્યાં ધૂળેય સમ્યગ્દર્શન નથી. ધૂળેય નથી એટલે એવા ભાવથી પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી.

ભગવાન જ્ઞાયક આત્મા 'દેહદેવળમાં બિરાજે છે' એ તો વ્યવહારનું કથન છે. ખરેખર તો ઉત્પાદ-વ્યયસ્વરૂપ જે પર્યાય છે તેની અંદરમાં અર્થાત્ સમીપ ધ્રુવ જ્ઞાયક તત્ત્વ બિરાજે છે. તેના ત્રિકાળી અસ્તિત્વને અંતરથી ખ્યાલમાં લે, વર્તમાન જ્ઞાનની પર્યાય દ્વારા તે મહા અસ્તિત્વની પ્રતીતિ કરી લે, તો તે આત્માર્થીને જ્ઞાયક તત્ત્વ અનુભવમાં આવે. વર્તમાન જ્ઞાનપર્યાય વડે ત્રિકાળી જ્ઞાયકને લક્ષમાં લાધો તો તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનપર્યાયમાં જ્ઞાયક આત્માની પ્રતીતિ આવી ગઈ. પર્યાયમાં જ્ઞાન ને આનંદની જે દશા પ્રગટ થઈ તેનું નામ સમકિત, જ્ઞાન ને ધરમ છે.

જ્ઞાયક તત્ત્વ સર્વ જીવોમાં છે તો ખરું, પરંતુ અજ્ઞાનીને રાગના રસમાં, દયા-દાન વગેરે વિકલ્પોના પ્રેમમાં, આનંદકંદ જ્ઞાયક ધ્રુવ ભગવાનનો અનાદર — તિરસ્કાર થઈ ગયો હતો. હવે જ્ઞાનલક્ષણ દ્વારા અંદર જ્યાં જ્ઞાયકને પકડયો ત્યાં તેનો સત્કાર, સ્વીકાર થઈ ગયો. સ્વભાવનો સ્વીકાર થયો તો પર્યાયમાં અનુભવ સહિત જ્ઞાયકપણું પ્રગટ થયું. જ્ઞાયકપણું જે પ્રગટ થયું તેનું નામ સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ ને ધરમ છે.

ગુરુદેવે જ શુદ્ધાત્માનો માર્ગ બતાવ્યો છે. ગુરુદેવે બધાને તૈયાર કર્યા છે. ‘તું પુરુષાર્થ કર. પુરુષાર્થ તારે જ કરવાનો છે. તું તારા અપરાધથી રખડયો છે અને તારા જ પુરુષાર્થથી તરવાનું છે.’ — આમ વિર હજોરદાર વાણી વરસાવી છે. ગુરુદેવે પંચમ કાળમાં ભગવાનનો ગુરુદેવે ભુલાવ્યો છે.

— બહેનશ્રી ચંપાબેન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૦૫

તા. ૩૦-૯-૭૮

## વચનામૃત — ૨૭૯

**વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે. તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્ય-પદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, 'હું જુદો, હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે. ૨૭૯.**

**'વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે.'**

શું કહે છે? સ્વભાવે જે નિત્ય જ્ઞાયક પ્રભુ છે એવા ભગવાન આત્મામાં 'આ આત્મા છે', 'આ આત્મા છે' એવા વિચાર તથા મંથન એ બધું વિકલ્પ-સ્વરૂપ જ છે. વિચાર અને મંથન તે રાગ સહિત જ્ઞાનની પર્યાય છે. વિકલ્પનો અર્થ રાગ છે; તે ચારિત્રગુણની વિકારી પર્યાય છે. વિચારમાં જ્ઞાન અને રાગનો વિકલ્પ બન્ને છે.

પ્રશ્ન :— શું બે ગુણ ભેગા થઈ ગયા?

ઉત્તર : ના; જ્ઞાન અને ચારિત્ર — બંને ગુણ એક થઈ જતા નથી, પણ વિચાર તથા મંથનમાં એ બન્ને ગુણોનું પરિણમન સાથે જ છે. વિચાર અને મંથનમાં જે જાણ-પણું છે તે જ્ઞાનનું પરિણમન છે અને જે રાગાંશ છે તે ચારિત્રગુણનું વિભાવપરિણમન છે — બન્ને એકસાથે છે. સમયસાર કળશ-ટીકામાં કહ્યું છે કે — શુદ્ધ સ્વરૂપનો વિચાર સુધ્ધાં બંધનું કારણ છે, કેમ કે 'હું જ્ઞાયક છું' એવો જે વિચાર છે તે પણ રાગમિશ્રિત ભાવ છે. આત્મા શરીર-વાણી-મનથી તો પર છે, પણ તે રાગમિશ્રિત વિચાર પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માનું સ્વરૂપ નથી, તેનાથી ધર્મ થતો નથી. 'હું વિજ્ઞાનઘન પરમ પદાર્થ છું' એવો રાગમિશ્રિત વિચાર — વિકલ્પ ઉઠાવવો એ પણ વિકલ્પ છે અને બંધનું કારણ છે. બધા વિકલ્પો રાગ હોવાથી હેય જ છે.

**'તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે.'**

અંદર જે રાગની વૃત્તિ ઊઠે છે તેનાથી ચૈતન્યદળ — જ્ઞાયક પ્રભુ — અંદર ભિન્ન છે. આ તો હજુ સમ્યગ્દર્શન પામવામાં પ્રથમ શું થાય છે તેની વાત છે. સમકિત પામ્યા પછી જ્ઞાનીને અસ્થિરતાના રાગાદિ હોય છે, પણ તે તો સ્વનો આશ્રય કરતાં કરતાં છૂટી જાય છે. પરંતુ હજુ જે વિકલ્પાતીત દૃષ્ટિરૂપે પરિણમ્યો નથી તેને સ્થિરતા કયાંથી થાય ?

રાગથી ભિન્ન ચૈતન્યસ્વભાવી ભગવાન આત્માની જ્ઞાનપર્યાયમાં પ્રવેશ કર્યા વિના 'હું આવો છું ને તેવો છું' એવા જે વિકલ્પો ઊઠે તે બધો રાગ છે. અરે ! અનંત કાળ ગયો ૮૪ ના અવતારમાં — કેટલો દુ:ખી છે પ્રભુ ! આ મોહની સંતતિ અને આ વિકલ્પ દુ:ખરૂપ છે. તેનાથી ભિન્ન ભગવાન અંદર સ્થાયી પણ છે અને પરિણમવાવાળો પણ છે. અહા ! આવી વાત છે. શું થાય ? લોકોએ અત્યારે માર્ગમાં બહુ ફેરફાર કરી નાખ્યો છે. જરા જેટલો વિચાર ને મંથન કર્યું ત્યાં માની લીધું સમ્યગ્દર્શન ! બાપુ ! વિચાર ને મંથનના વિકલ્પ એ કોઈ ચીજ નથી. એ વિકલ્પોથી ભિન્ન અંદર જે અનાદિ-અનંત ધ્રુવ ચૈતન્યબિંબ પડયું છે તે પોતાની શાશ્વત ચીજ છે. જ્ઞાયક તત્ત્વ તે જ આત્મા છે, વિકલ્પ તે મૂળ આત્મા નથી.

**"તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે."**

અંદર નિત્ય ચૈતન્યઘન જ્ઞાયક પ્રભુ સ્થાયી સ્થાયી સ્થાયી, અહા ! સ્થિર જિનબિંબ છે, વીતરાગ નિર્વિકલ્પ પ્રભુ છે. એમાં 'આ વિકલ્પ તોડું' એ વૃત્તિ પણ રાગ છે, આત્મા નહિ. એ વિકલ્પથી પેલે પાર — દયા, દાન, વ્રત, ભક્તિ વગેરેના વિકલ્પોથી ભિન્ન — અંદર ચૈતન્યપદાર્થ છે. સમયસારની ૧૪ મી ગાથામાં કહ્યું છે : હું અબદ્ધસ્પૃષ્ટ છું, અનન્ય છું, નિયત છું, અવિશેષ છું અને અસંયુક્ત છું — એવો વિકલ્પ ઉઠાવવો તે પણ રાગ છે. આ રાગ મારું કાર્ય અને હું એનો કર્તા — એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે ભાઈ ! સમસ્ત વિકલ્પોથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, 'હું જુદો, હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે."**

શું કહે છે? સ્થાયી વસ્તુ ભગવાન જ્ઞાયકનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં આવતાં અનુભવ થઈ જાય છે. 'હું નિત્યાનંદસ્વરૂપ જ્ઞાયક પરથી ને વિભાવથી તદ્દન ભિન્ન છું, જ્ઞાયક...જ્ઞાયક.. જ્ઞાયક, આ હું જુદો જ્ઞાયક જ છું' એવું સતત ઘોલન રહે તે પણ ઉત્તમ છે. ઘોલનનો અર્થ કેવળ વિકલ્પ નહિ, પણ અંદર જ્ઞાયક તરફનું યથાર્થ વલણ છે. ઘોલન ને ઘૂંટણમાં વિકલ્પ સાથે હોવા છતાં તે અંદર ઝૂકનારી જ્ઞાનની પર્યાય છે, 'હું આ જ્ઞાયક છું, હું આ જુદો જ્ઞાયક જ છું' એમ તે અંદર પ્રવેશ કરે છે — અંદર જવામાં એકાગ્ર થાય છે. નિજ ચૈતન્યપદાર્થનું સ્વરૂપ યથાર્થપણે ખ્યાલમાં આવતાં તેનું જે નિરંતર ચિંતન, મનન, નિદિધ્યાસન રહે તે પણ સારું છે. અનાદિથી રાગનું જે ઘૂંટણ કરી રહ્યો છે તેના કરતાં આ ચૈતન્ય બાજુ ઢળવું, વિભાવથી હઠી સ્વભાવ તરફ ઢળવું — તેનું નિરંતર ઘૂંટણ કરવું એ પણ ઉત્તમ છે. અહા, ઝીણી વાત! ભાષામાં કેટલી આવે ?

**'પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ.'**

અંદર જ્ઞાયક તરફનો પુરુષાર્થ ઉગ્રપણે કરે, તે જાતનો અંદર ઉપાડ-આરંભ-શરૂઆત કરે તો અંતરમાં માર્ગ નીકળે જ; સમ્યગ્દર્શન થાય જ. અહા! આવી વાત છે.

**'પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે.'**

સર્વજ્ઞ ભગવાને જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવો પ્રથમ વિકલ્પથી નિર્ણય કરે. ત્યાં જે વિકલ્પનો ભાગ છે તે રાગ છે અને નિર્ણયનો ભાગ છે તે જ્ઞાનની પર્યાય છે, બન્ને એકસાથે છે. પરથી તો હું ભિન્ન જ છું, પણ રાગ કે એક સમયની પર્યાય પણ મારું મૂળ સ્વરૂપ નથી, જે સદા પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાયક પ્રભુ — ભગવાન આત્મા — તે જ હું છું. આવો સ્પષ્ટ નિર્ણય સમ્યગ્દર્શન થયા પહેલાં પણ હોવો જોઈએ. 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું' એવું જ્ઞાનમાં આવવું જોઈએ. પ્રથમ આવો નિર્ણય આવવો જોઈએ, પછી ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો અંતરના જોરપૂર્વક આશ્રય કરતાં વિકલ્પ તૂટીને સમ્યગ્દર્શન તથા સ્વાનુભૂતિ થાય છે. સમયસારમાં આવે છે ને કે પહેલી અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપાદિથી યથાર્થ વસ્તુને જાણી અંતરંગ જ્ઞાન-શ્રદ્ધાનની સિદ્ધિ કરવી. આંગણા સુધી આવ્યા વિના અંદર પ્રવેશ ક્યાંથી થશે ? તેમ પહેલાં વિકલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહિત સ્વ-પરનો સાચો નિર્ણય કર્યા વિના—આંગણામાં આવ્યા વિના—પરથી વિમુખ થઈ અંદર સ્વમાં ક્યાંથી જઈ શકશે ?—નિર્વિકલ્પ કઈ રીતે થશે ? માટે પહેલાં પાકો નિર્ણય આવે છે ને પછી વિકલ્પ તૂટીને સ્વરૂપનો અનુભવ પ્રગટ થાય છે.

અરેરે ! આ જીવે મિથ્યાત્વના કારણે અનંત અવતાર કર્યા. ખરેખર તો મિથ્યાત્વ જ મહા પાપ છે. શરીર, સ્ત્રી, પૈસા, કુટુંબ વગેરે પરપદાર્થને પોતાના માનવા એ તો મહા મિથ્યાત્વભાવ છે જ, પણ 'હું જ્ઞાયક છું, આનંદમૂર્તિ છું' એવો જે વિકલ્પ આવે તે મોક્ષમાર્ગમાં મદદ કરશે—એવી માન્યતા પણ મિથ્યાત્વ છે. ભગવાન આત્મા તો એવા વિકલ્પથી પણ ભિન્ન અંતર સ્વતઃસિદ્ધ જ્ઞાયક ચીજ છે.

અહીં કહે છે કે—પહેલેથી વિકલ્પ તૂટતા નથી, વિકલ્પ આવે તો છે, સર્વજ્ઞ ભગવાને કહેલો, દેહાદિથી ભિન્ન જે જ્ઞાયક આત્મા, તેના અનંત ગુણો અને તેની અનંત પર્યાયો વગેરે બધું પહેલાં જેમ છે તેમ બરાબર જાણે, રાગમિશ્રિત વિચારથી પહેલાં પાકો નિર્ણય કરે, પછી સ્વભાવની એકાગ્રતા કરતાં વિકલ્પ તૂટે છે. નિર્ણય માટે વિકલ્પ આવે, પણ તે સમ્યગ્દર્શન નથી. 'હું અપરિમિત શક્તિઓનો સાગર પૂર્ણાનંદ પ્રભુ છું' એવો વિકલ્પ પહેલાં આવે, પછી તેને પણ છોડીને અંદર સ્વરૂપમાં પ્રવેશ કરવો. પ્રવેશનો અર્થ પકડવું. જ્ઞાનની પર્યાયથી જ્ઞાયકને પકડવો. જ્ઞાયકનો અનુભવ તે સમ્યગ્દર્શન છે.

પછી જ્ઞાનીને પણ અસ્થિરતાના રાગાદિભાવ આવે છે પણ તેની સાથે એકત્વ-બુદ્ધિ તૂટી ગઈ છે, તેનો તે કેવળ જાણનાર રહે છે. સ્વભાવનો ઉગ્ર આશ્રય કરીને તે તેનો ક્રમે ક્રમે નાશ કરી નાખશે. સમજાય છે કાંઈ ?

પહેલાં પાકો નિર્ણય આવે છે. પાકો એટલે હજુ સમ્યગ્દર્શન નહિ, પણ જ્ઞાનની વિકલ્પવાળી પર્યાય. નિર્ણયમાં જ્ઞાન અને વિકલ્પ બંને છે. તેમાં રાગથી શું થાય ? પણ તેમાં જે જ્ઞાનની પર્યાય છે તે વડે 'હું અખંડાનંદ પ્રભુ છું, મારામાં ને પરમેશ્વરમાં શક્તિ-અપેક્ષાએ કાંઈ ફેર નથી'—એમ પ્રથમ પાકો નિર્ણય કરે, પછી વિકલ્પ તૂટતાં સમ્યગ્દર્શન ને આત્માનુભૂતિ પ્રગટ થાય. સમયસાર-નાટકમાં આવે છે ને—

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं ।
अपने रससौं भर्यौ आपनी टेक हौं ॥
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है ।
शुद्ध चेतना सिंधु हमारौ रूप है ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'રાગ હું છું' એ તો ભ્રમણાનો કૂવો છે; શુદ્ધ ચેતનાસિંધુ તે જ આત્માનું સ્વરૂપ છે. સર્વજ્ઞ ભગવાને આત્માનું જેવું સ્વરૂપ કહ્યું છે તેનો પ્રથમ જ્ઞાનની વિચારધારામાં પાકો નિર્ણય તો આવે ને? સમયસારની ૧૪૪ મી ગાથાની ટીકામાં કહ્યું છે: પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, જેણે મતિજ્ઞાનતત્ત્વને આત્મસંમુખ કર્યું છે એવો, શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મસંમુખ કરતો, અત્યંત વિકલ્પ રહિત થઈને, પરમાત્મારૂપ સમયસારને જ્યારે અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્‌પણે દેખાય છે (—શ્રદ્ધાય છે) અને જણાય છે. અહીં 'જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને' એ વિકલ્પવાળા પાકા નિર્ણયની વાત છે. નિર્વિકલ્પ આત્માનુભૂતિ તો ત્યાર પછી થાય છે.

આનંદઘનજી કહે છે:

જ્ઞાન ન જાનું, વિજ્ઞાન ન જાનું, ન જાનું ભજ નામા;
આનંદઘન પ્રભુ કે ઘરદ્વારે, રટન કરું ગુણ ધામા;
અબધૂ ક્યા માગું ગુણહીના...

અહા! પૂર્ણાનંદ પ્રભુના આંગણમાં, એની પર્યાયમાં, એના વિચારમાં એના ગુણ ગા, એનું રટણ કર. રટણ પહેલાં વિકલ્પ સહિત હોય છે, પછી વિકલ્પ તોડીને અંદર સ્વરૂપમાં પ્રવેશ થાય છે. લોકોને—વ્યવહારના રસિયાને—આ વાત આકરી લાગે છે. તેમને તો વ્રત-તપ વગેરેમાં ધર્મ બતાવો તો ઠીક પડે છે. ભાઈ! સમ્યગ્દર્શન વિના તારાં વ્રત-તપ બધાં બાળવ્રત ને બાળતપ છે. તે ધર્મ નથી ને ધર્મનું કારણ નથી. તેનાથી ધર્મ થશે—એ માન્યતાથી તો મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. પહેલાં તત્ત્વનો પાકો નિર્ણય કર્યા પછી વિકલ્પ તૂટતાં આત્માનુભવ થાય તે ધર્મ છે.

---

## વચનામૃત—૨૮૦

**ખરેખર જેને સ્વભાવ રુચે, અંદરની જાગૃતિ હોય, તેને બહાર આવવું ગમતું જ નથી. સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિરૂપ છે, શુભાશુભ વિભાવભાવોમાં આકુળતા અને પ્રવૃત્તિ છે; તે બન્નેને મેળ ન જ ખાય. ૨૮૦.**

'ખરેખર જેને સ્વભાવ રુચે, અંદરની જાગૃતિ હોય, તેને બહાર આવવું ગમતું જ નથી.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને ખરેખર આનંદમૂર્તિ જ્ઞાયક પ્રભુ રુચે, અંદરથી રુચિ પલટી ગઈ હોય, તેને જ્ઞાતાસ્વભાવમાંથી બહાર આવવું જરાય પાલવતું નથી. પુણ્ય અને પુણ્યના ફળની રુચિ એ તો મિથ્યાત્વભાવ છે, પાપભાવ છે, જૂઠા ને પાખંડભાવ છે. અંદર વીતરાગ જિનબિંબસ્વરૂપ ભગવાન આત્મા જેને રુચે તેને અંતરની જાગૃતિ થાય. સ્વભાવની જાગૃતિ જેને થાય તેને બહાર આવવું ગમતું જ નથી. ગમતું નથી છતાં રાગ હોવાથી બહાર આવી જવાય છે, પણ તે દુઃખરૂપ લાગે છે. પૂર્ણાનંદ પ્રભુ સ્વભાવે સદા જાગ્રત-સ્વરૂપ જ છે; તેની પર્યાયમાં જાગૃતિ થતાં બહાર આવવું — ભલે શુભ રાગ હોય તો પણ — દુઃખરૂપ લાગે છે. આવે છે ને —

ચાખે રસકી કયું કરી છૂટે, સૂરિજન સૂરિજન ટોરી હો;
મનસા નટનાગરસૂં જોરી હો૦

જેણે નિર્વિકલ્પ આનંદનો રસ ચાખ્યો છે તેને રાગમાં આવવું ગમતું નથી. જેણે સ્વભાવમાં રુચિને જોડી છે તેને ભલે દેવોની ટોળી ડગાવવા આવે અને કહે કે 'અંદર આત્મામાં રહેવું ઠીક નથી, તમે ભગવાનને માનો, દેવ-ગુરુની શ્રદ્ધા કરો', પણ તે બહારની વાતોમાં એકત્વબુદ્ધિથી રોકાવું જ્ઞાનીને ગમે નહિ. અંદર સ્વરૂપમાં વિશેષ સ્થિર થઈ શકતો નથી તેથી જ્ઞાનીને એવા વિકલ્પો આવે ખરા, પણ તેને દુઃખરૂપ જાણે છે. આનંદમૂર્તિ જ્ઞાયક પ્રભુનું ભાન થતાં પર્યાયમાં જે અંશે આનંદ પ્રગટ્યો તેની સાથે જે અલ્પ રાગ આવે છે તેને આનંદ સાથે મેળવે છે — તુલના કરે છે કે રાગ તો આકુળતા છે, દુઃખ છે અને આનંદ તો અનુપમ અતીન્દ્રિય આહ્લાદમય છે. તેણે આનંદનો રસ ચાખ્યો હોવાથી રાગમાં — બહાર આવવું ગમતું જ નથી.

**'સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિરૂપ છે, શુભાશુભ વિભાવભાવોમાં આકુળતા અને પ્રવૃત્તિ છે; તે બન્નેને મેળ ન જ ખાય.'**

ભગવાન આત્મા અંદર શાન્ત, શાન્ત, શાન્ત અને નિવૃત્તિસ્વરૂપ છે; તેને 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં' એ શુભ રાગની વૃત્તિ પણ દુઃખરૂપ છે. જ્ઞાનીને પૂર્ણાનંદ-સ્વરૂપ આત્માનું ભાન થયું છે તેથી પર્યાયમાં થોડો આનંદ તો આવ્યો પણ હજુ પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ નથી તેથી રાગ આવે છે, પણ જ્ઞાની તેને દુઃખરૂપ જાણે છે. મુનિરાજને પણ ષટ્ આવશ્યકના વિકલ્પો આવે પણ તેમાં આવવું તેમને ગમતું નથી; કેમ કે સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિસ્વરૂપ છે અને જે આ વિકલ્પો ઊઠે છે તે વિભાવ, અશાન્તિ, આકુળતા ને પ્રવૃત્તિસ્વરૂપ છે. એ સ્વભાવ અને વિભાવને મેળ કેમ ખાય? અહો! આ શી ચીજ છે એ સાંભળવા પણ મળે નહિ ને જિંદગી વેપાર ને ધંધામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ ને એમ ચાલી જાય. કયારેક સાંભળવા જાય ત્યાં ઊંધું મળે કે — આ કરો ને તે કરો, ઉપવાસ કરો, ભક્તિ કરો, દાન કરો; પણ એ તો શુભ રાગ છે, એમાં ધર્મ કયાં આવ્યો? સમયસારમાં પ્રતિક્રમણ આદિ શુભ રાગને વિષકુંભ કહ્યો છે. ભગવાન આત્માનો ધર્મ તો શાન્તિ અને નિવૃત્તિસ્વરૂપ છે. જ્ઞાનીને અંદર શાન્તિ અને નિવૃત્તિસ્વરૂપના અતીન્દ્રિય આનંદના સ્વાદ સાથે જે વ્રતાદિ શુભ રાગની અલ્પ વૃત્તિ નબળાઈથી ઉત્પન્ન થાય છે તે ગોઠતી નથી, તેમાં સુખબુદ્ધિ થતી નથી.

મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે : ધર્મલોભી જિજ્ઞાસુઓને જોઈને મુનિરાજને પણ ધર્મોપદેશ આપવાનો શુભ ભાવ આવે છે, પણ છે એ દુઃખરૂપ. આનંદનો નાથ જ્યાં અંદરની રુચિના પોસાણમાં આવ્યો ત્યાં રાગની રુચિ કેમ રહે? અહા! આવી વાતો છે! ઝીણી બહુ, બાપુ! ભવનો અભાવ કરવાની રુચિ અને દૃષ્ટિ કરવી એ કોઈ અલૌકિક વસ્તુ છે. આઠ વર્ષનો બાળક પણ સ્વાનુભૂતિ પ્રગટ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આત્મા કયાં બાળક છે? એ તો અનાદિનિધન સ્થાયી આનંદકંદ પ્રભુ છે.

જ્ઞાનીને શુભની જેમ અશુભ ભાવ પણ આવે છે પણ અંદર તેની રુચિ નથી. અશુભ ભાવ આવે તેને કાળો નાગ દેખે છે. ચક્રવર્તી જ્ઞાનીને ૯૬ હજાર સ્ત્રીઓનો ભોગભાવ આવે તે આકુળતા ને દુઃખ છે; તે રાગ ભઠ્ઠી જેવો લાગે છે. કહ્યું છે ને —

'યહ રાગ આગ દહે સદા, તાતૈં સમામૃત સેઈયે;'

શુભ હો કે અશુભ હો — રાગમાત્ર અગ્નિ છે, આત્માની શાંતિને દઝાડનાર — બાળનાર છે. ચોથે — પાંચમે ગુણસ્થાને જ્ઞાનીને પણ શુભ તેમ જ અશુભ ભાવ આવે છે પણ તેને તે, કાળો નાગ જેમ ત્રાસરૂપ લાગે તેમ, દુઃખરૂપ લાગે છે.

શુભભાવ પણ આકુળતા છે, કેમ કે તે કષાયનો અંશ છે ને? શુભાશુભ ભાવ વિભાવ છે અને વિભાવમાં આકુળતા ને પ્રવૃત્તિ: છે; અંદર ભગવાન આત્મા તો શાન્તિ અને નિવૃત્તિસ્વરૂપ છે. જ્ઞાનીને શુભભાવ અશુભથી બચવા માટે આવે છે, પણ એ છે તો આકુળતા. જ્ઞાનીને ભવિષ્યનું આયુષ્ય બંધાય છે તે શુભના કાળે જ બંધાય છે; કેમ કે તેને ભવિષ્યમાં સ્વર્ગે જવાનું છે ને? તેને અશુભના કાળે આયુષ્ય ન જ બંધાય એટલું સમ્યગ્જ્ઞાનનું જોર છે. શ્રેણિકરાજા પહેલી નરકમાં છે, ક્ષાયિક સમકિતી આત્માનુભવી છે; તેમને ત્યાં પ્રતિકૂળ સંયોગોમાં જેટલું જોડાણ છે તેટલું દુઃખ થાય છે, તે વખતે પણ તીર્થંકર નામકર્મ બાંધે છે. તેઓ જાણે છે કે દુઃખની દશા તો મારી પર્યાયમાં છે, ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં નથી. દ્રવ્ય - પર્યાય બંનેનું જ્ઞાન તો સાચું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવું જોઈએ ને? દ્રવ્યનું જ્ઞાન તો સાચું છે જ, અને સાથે પર્યાયમાં જેવું વેદન છે એવું જાણ્યું. સમજાય છે કાંઈ?

અહીં પણ એ જ કહે છે — શુભાશુભ વિભાવભાવમાં આકુળતા છે, ભગવાન જ્ઞાયકદેવ શાન્ત, નિરાકુળ અને નિવૃત્તસ્વરૂપ છે; તે બંનેનો મેળ ન જ ખાય. રાગ દુ:ખરૂપ છે, ભગવાન આત્મા આનંદરૂપ છે; બેયની જાત જ જુદી છે તો તેમનો મેળ કેમ ખાય? અંદર આનંદસ્વભાવ ભરપૂર હોવા છતાં પર્યાયમાં — આત્માની દશામાં — જે શુભાશુભ વિકાર, દુ:ખરૂપ ભાવો થાય છે તેમનો પોતાના આનંદસ્વભાવના આશ્રય વડે નાશ કરવો — એ અહીં બતાવવું છે.

જ્ઞાયકને જાણવો, તેનો મહિમા કરવો, તેનો **અભ્યાસ** કરવો અને તેમાં લીનતા કરવી. તે કરવાથી ચૈતન્ય પ્રગટ થયા પછી — ચૈતન્યની અદ્ભુત દશા પ્રગટ થયા પછી — ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. તે દશા પ્રગટ કરવા જેવી છે. એ જ જીવનનું કર્તવ્ય છે, તે જ ગુરુદેવે બતાવ્યું છે. આવા શુદ્ધાત્માને બતાવનારા ગુરુદેવ હતા. ગુરુદેવનો જેટલો મહિમા કરીએ એટલો ઓછો છે.

— બહેનશ્રી ચંપાબેન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૦૬

તા. ૧-૧૦-૭૮

## વચનામૃત — ૨૮૧

બહારનાં બધાં કાર્યમાં સીમા હોય — મર્યાદા હોય. અમર્યાદિત તો અન્તર્જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા — મર્યાદા નથી. અંદરમાં — સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે. ૨૮૧.

**'બહારનાં બધાં કાર્યમાં સીમા હોય — મર્યાદા હોય.'**

જરી સૂક્ષ્મ વાત છે. બહારનાં બધાં કાર્યમાં સીમા — મર્યાદા હોય. શું કહે છે? દેહની સ્થિતિ, ભવની સ્થિતિ, જે સંયોગો મળે છે એમની સ્થિતિ, કર્મની સ્થિતિ, પુણ્ય-પાપના ભાવ તથા રાગ વગેરેની સ્થિતિ — એ બધું મર્યાદિત છે; તેઓ અમુક કાળ રહેશે, એ કાયમની ચીજ નથી.

પ્રશ્ન :— મતિ-શ્રુત જ્ઞાન છે તે ?

ઉત્તર :— તે પણ પર્યાય છે, અમર્યાદિત નથી. અરે! જ્યાં કેવળજ્ઞાન પણ એક સમયની સ્થિતિવાળી — મર્યાદાવાળી પર્યાય છે, ત્યાં બહારનાં બધાં જે કાર્ય છે તેમાં મર્યાદા હોય તેમાં નવાઈ શી? — બહારનાં બધાં કાર્ય સીમાવાળાં જ હોય.

**'અમર્યાદિત તો અન્તર્જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા — મર્યાદા નથી.'**

અંદર જે જ્ઞાયકભાવ છે — જ્ઞાન અને આનંદ સ્વભાવ છે — તે અમર્યાદિત કાયમ રહેવાવાળી ચીજ છે; સ્વભાવમાં કદી સીમા હોય નહિ. જેમ આકાશના ક્ષેત્રની કોઈ સીમા નથી તેમ અંદરમાં જ્ઞાન આનંદ વગેરે સ્વભાવભાવને પણ કોઈ સીમા —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મર્યાદા નથી. શ્રી નિયમસારની ૩૮મી ગાથાના કળશમાં કહ્યું છે ને — 'सकलविलयदूरः' — સમયસાર અર્થાત્ શુદ્ધ આત્મા ઔપશમિક, ક્ષાયોપશમિક આદિ સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે — રહિત છે. સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ દરેક સમયે બદલતી હોવાથી નાશવાન છે — મર્યાદાવાળી છે, અને ભગવાન જ્ઞાયક આત્મા તો અમર્યાદિત પારિણામિક સ્વભાવથી ભરેલો હોવાથી શાશ્વત, ટંકોત્કીર્ણ અને મર્યાદા રહિત છે.

'બહારનાં બધાં કાર્ય' કહીને દેહની સ્થિતિ, સર્વાર્થસિદ્ધિના ભવની સ્થિતિ, કર્મની સ્થિતિ, રાગદ્વેષની સ્થિતિ તેમ જ સંવર-નિર્જરા-ધર્મ વગેરે પર્યાયોની સ્થિતિ મર્યાદા પૂરતી જ છે, — કાર્યની વાત છે ને? વસ્તુ — રજકણ કે જીવ — દ્રવ્યસ્વભાવે કાયમ છે, તે વાતની વિવક્ષા અત્યારે નથી. અરે! પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ કે ધર્મનું કાર્ય થાય છે તે પણ મર્યાદિત છે; પરંતુ અહીંયાં સિદ્ધ તો એ કરવું છે કે — વિકાર મર્યાદિત છે.

**'અંદરમાં — સ્વભાવમાં મર્યાદા હોય નહિ.'**

સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત ગુણોનો પિંડ એવા ભગવાન આત્માની કોઈ પણ શક્તિ કે સ્વભાવમાં મર્યાદા હોય નહિ. એવી અમર્યાદિત ચીજમાં અંદર મર્યાદા — કાર્યશક્તિની સીમા ન હોય. અહા! આવી ભાષા ને આવી વસ્તુ! ધર્મી કોને કહેવાય? — કે જેની દૃષ્ટિ અમર્યાદિત સ્વભાવ — ત્રિકાળી જ્ઞાનસ્વભાવ, આનંદ સ્વભાવ, પવિત્ર સ્વભાવ, પ્રભુત્વસ્વભાવ, ઈશ્વરસ્વભાવ આદિ અનંત સત્ચિદાનંદમય દ્રવ્યસ્વભાવ — પર ચોંટી ગઈ છે તેને. વસ્તુ અમર્યાદિત છે, અપરિમિત સ્વભાવવાળી છે. કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાયો અનંત કાળ સુધી થયા કરે તોપણ વસ્તુસ્વભાવ તો એવો ને એવો અમર્યાદિત રહે છે. અહા! વાત જરા આકરી છે. ભગવાન આત્મા અમર્યાદિત સ્વભાવોથી ભરપૂર ભરેલો છે. અંદર સ્વભાવમાં કદી મર્યાદા હોય નહિ.

**'જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય.'**

જીવને અનાદિ કાળથી શુભાશુભરૂપ જે બાહ્ય વૃત્તિ છે તેની જો સીમા ન હોય તો તે કદી ત્યાંથી હઠીને સ્વભાવમાં આવી શકે નહિ. વિકારી પર્યાય હદવાળી, મર્યાદિત અને નાશવાન ચીજ છે; જો તેને હદ ન હોય તો જીવ ત્યાંથી વિમુખ ક્યાંથી થઈ શકે? અને જો વિકારથી વિમુખ ન થઈ શકે તો તે સદા શુભાશુભ વિકારી ભાવોમાં જ રોકાઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય. જેમ લોકનું ક્ષેત્ર મર્યાદિત છે પણ ત્યાર પછી જે અલોકનું ક્ષેત્ર છે તેને છે કોઈ હદ ? તે તો અમાપ, અમાપ, અમર્યાદિત અમાપ છે; તેમ ભગવાન આત્માની વર્તમાન દશામાં જે પુણ્ય-પાપના ભાવ છે — વિભાવરૂપ પરિણમન છે તે તો હદવાળી, મુદત-વાળી, કાયમ નહિ રહેનારી ચીજ છે, પણ વર્તમાન વિભાવ સિવાયનો જે ત્રિકાળી ધ્રુવ સ્વભાવ છે તેને છે કોઈ હદ ? તે તો અમાપ, અમાપ, અમર્યાદિત પરમભાવ છે. વિભાવ અમર્યાદિત નથી તેથી તેનાથી વિમુખ થઈ શકાય છે, તેનાથી પાછું વળી શકાય છે અને અમર્યાદિત એવા ધ્રુવ જ્ઞાયક સ્વભાવ તરફ વળી શકાય છે.

**'અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે.'**

જ્ઞાન, આનંદ, પુરુષાર્થ વગેરે આત્માના સ્વભાવો જ અમર્યાદિત છે. જ્ઞાન-સ્વભાવનો ક્યાંય પાર છે ખરો ? અહીંયાં જ્ઞાન પૂરું થઈ ગયું — એમ સ્વભાવમાં છે જ નહિ. અમર્યાદિત આનંદસ્વભાવની પણ ક્યાંય હદ આવી જાય છે — એમ પણ નથી. અરેરે ! લોકોને આ વાતની રુચિ અને અભ્યાસ નથી. રુચિ હોય તો વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. જેની જરૂરિયાત જણાય તેનો પુરુષાર્થ જીવ કર્યા વિના રહે નહિ. ભગવાન આત્માના જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવોની ઊંડપની શી વાત કરવી ? તે અમર્યાદિત સ્વભાવના આશ્રયે મર્યાદિત એવા વિકારી ભાવોથી વિમુખ થઈ શકાય છે; કેમ કે વિભાવ તો હદવાળી ચીજ છે ને ? દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, દયા, દાન વગેરેનો જે શુભરાગ તે તો મર્યાદિત છે; વિકાર કદી અમર્યાદિત — કાયમ રહેવાવાળો હોઈ શકતો નથી; અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે.

શરીર, સ્ત્રી, પુત્ર, કુટુંબ વગેરે પર પદાર્થનો સંયોગ તો મર્યાદિત કાળ પૂરતો છે, પણ જીવની પર્યાયમાં જે વિકારી ભાવ થાય છે તે પણ મર્યાદિત છે. તેને પણ સીમા છે, હદ છે. વિભાવને સીમા હોવાથી તે હઠી શકે છે, જે અમર્યાદિત સ્વભાવ હોય તે કદી હઠી શકે નહિ. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મામાં અનંત ગુણો છે. સંખ્યાએ અનંત ગુણોમાં આ ગુણ છેવટનો એમ સ્વભાવમાં કદી મર્યાદા હોતી નથી. અનંત અનંત જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવોમાં આ અંતિમ સ્વભાવ, આ છેલ્લી શક્તિ — એમ વસ્તુસ્વભાવમાં હદ હોઈ શકે જ નહિ. વાત જરી સૂક્ષ્મ છે ભાઈ ! જીવ બહારની ચીજની વિસ્મયતામાં રોકાઈ ગયો છે, એ રોકાણ પણ હદવાળી ચીજ છે. અરે ! જેણે અમર્યાદિત સ્વભાવનું માપ લીધું તે સમ્યગ્દર્શન-જ્ઞાનપર્યાય પણ મર્યાદિત છે, કેમ કે એ પર્યાયો પણ કાયમ રહેતી નથી. કાયમ રહેનાર બેહદ તો જ્ઞાયકસ્વભાવ જ છે.

અમર્યાદિત તત્ત્વ તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ અનંત શક્તિથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભરેલો છે. શક્તિ સંખ્યાએ તો અનંત છે પણ ભાવે પણ તે અગાધ તેમ જ અનંત છે. આકાશના પ્રદેશ સંખ્યાએ જેટલા અનંત છે તેના કરતાં આત્માના ગુણો અનંતગુણા છે. સંખ્યાની અપેક્ષાએ ગુણો અનંત છે પણ ભાવની અપેક્ષાએ પણ પ્રત્યેક ગુણ અમર્યાદિત છે. આત્માના ગુણો ભલે ક્ષેત્ર અપેક્ષાએ અસંખ્ય પ્રદેશોમાં — મર્યાદિત ક્ષેત્રમાં રહે, પણ ભાવની અપેક્ષાએ ગુણોની ગહનતા અપાર છે, બેહદ છે. અહો! આવી ચીજ છે; હળદરના ગાંઠિયે ગાંધી થવાય એમ નથી. શાસ્ત્રની અમુક વાત ધારી લીધી અને તેથી અમર્યાદિત આત્માનું જ્ઞાન થઈ ગયું — એમ છે નહિ. ભાઈ! આ તો ભવનો અંત લાવવાની વાત છે. ભવ તો મર્યાદિત છે; તેનો અંત તો અમર્યાદિત જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવોથી ભરપૂર ભગવાન આત્માનો આશ્રય કરવાથી થાય છે. અમર્યાદિત સ્વભાવ ઉપર દૃષ્ટિ થતાં અંદરમાં શું કામ થાય છે તે જ્ઞાની જાણે છે, અજ્ઞાની જાણી શકતો નથી.

**'આત્મા અગાધ શક્તિનો ભરેલો છે.'**

આત્માની જ્ઞાન અને આનંદ આદિ શક્તિઓ સંખ્યાએ પણ અગાધ અને સ્વભાવના સામર્થ્યપણે પણ અગાધ છે. અરે પ્રભુ! તું કેટલો ને કેવડો છો એ તને ખબર નથી. પાંચ-પચીસ કરોડ રૂપિયા મળે તેથી શું થયું? એ તો તારાથી તદ્દન પૃથક છે, દયા-દાનનો રાગ પણ વિભાવ છે — એ બધું મર્યાદિત છે; અમર્યાદિત તો અનંત અગાધ શક્તિઓથી ભરપૂર ભગવાન આત્મા છે. તેના આશ્રયે પર્યાયમાં સુખ અને શાંતિ પ્રગટે છે,

———o———

## વચનામૃત — ૨૮૨

આ જે બહારનો લોક છે તેનાથી ચૈતન્યલોક જુદો જ છે. બહારમાં માણસો દેખે કે 'આણે આમ કર્યું, આમ કર્યું', પણ અંદરમાં જ્ઞાની ક્યાં રહે છે, શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે. બહારથી જોનાર માણસોને જ્ઞાની બહારમાં કાંઈક ક્રિયાઓ કરતા કે વિકલ્પોમાં જોડાતા દેખાય, પણ અંદરમાં તો તેઓ ક્યાંય ઊંડે ચૈતન્યલોકમાં વિચરતા હોય છે. ૨૮૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આ જે બહારનો લોક છે તેનાથી ચૈતન્યલોક જુદો જ છે.'**

શરીર, વાણી, કર્મ વગેરે પરપદાર્થસ્વરૂપ સંયોગ, પુણ્ય-પાપરૂપ વિભાવભાવ તથા પરલક્ષી અધૂરી પર્યાય—એ બધું બાહ્ય લોક છે. તેનાથી આ ત્રિકાળી ભગવાન આત્મા—ચૈતન્યલોક, દ્રવ્યસ્વભાવ, જ્ઞાયકતત્ત્વ—તદ્દન જુદો જ છે.

**'બહારમાં માણસો દેખે કે 'આણે આમ કર્યું', આમ કર્યું', પણ અંદરમાં જ્ઞાની ક્યાં રહે છે, શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે.**

ધર્માત્માની દૃષ્ટિ સદા અંતર્મુખ હોય છે, લોકોની દૃષ્ટિ બહિર્મુખ હોવાથી તેઓ બહારથી જુએ છે કે જ્ઞાની પણ વેપાર કરે છે, રાજ ચલાવે છે, પૂજાભક્તિ કરે છે, વાંચન-વિચાર-ધ્યાન કરે છે, દયા-દાન-તપ વગેરે બધું કરે છે; પરંતુ તે બધી પ્રવૃત્તિ વખતે પણ અંદરમાં જ્ઞાની ક્યાં રહે છે, શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે. જ્ઞાનીની દૃષ્ટિ તો સદા અંદર અમર્યાદિત સ્વભાવ પર પડી છે. અહા! અંદર એની દશા શું કામ કરી રહી છે તે જાણવું અજ્ઞાનીનું—બહિર્બુદ્ધિ જીવનું—ગજું નથી.

વાત જરા સૂક્ષ્મ છે. પોતાનું પરિણમન અંદર શું કામ કરે છે તે જ્ઞાની પોતે જ જાણે છે. તેની દૃષ્ટિ તો સદા પોતાના ત્રિકાળી જ્ઞાયકભાવ, સામાન્યભાવ, અમર્યાદિતભાવ ઉપર જ રહે છે; તેને બહારની પ્રવૃત્તિ હોય પણ તે તો તેનો જ્ઞાતાદ્રષ્ટા છે. જ્ઞાની ચક્રવર્તી છ ખંડના રાજ્યમાં, ભોગકાળે ભોગના ભાવમાં, દેખાય છતાં અંતરમાં દૃષ્ટિએ જે ધ્રુવ પરમાત્મસ્વભાવને પકડી લીધો છે ત્યાંથી તે જરા પણ ખસતી નથી. અહા! આવું વસ્તુસ્વરૂપ છે; લોકોને સમજવું અઘરું પડે. જ્ઞાનીની જ્ઞાનધારા અંદર શું કામ કરે છે તે પોતે જ જાણે છે, અજ્ઞાની તેને જાણી શકે નહિ.

**'બહારથી જોનાર માણસોને જ્ઞાની બહારમાં કાંઈક ક્રિયાઓ કરતા કે વિકલ્પોમાં જોડાતા દેખાય, પણ અંદરમાં તો તેઓ ક્યાંય ઊંડે ચૈતન્યલોકમાં વિચરતા હોય છે.'**

બહારથી જોનારને જ્ઞાની શુભાશુભ ભાવમાં ઊભેલા દેખાય, દયા-દાન, પૂજાભક્તિ, વાંચન, શ્રવણ-તત્ત્વચર્ચા વગેરે ક્રિયાઓ કરતા દેખાય, પણ અંદરમાં તો તેઓ ક્યાંય ઊંડે ચૈતન્યલોકમાં વિચરતા હોય છે. શ્રીમદ્‌ને કોઈએ પૂછ્યું: શ્રી કૃષ્ણ ક્યાં છે? શ્રીમદે જવાબ આપ્યો: આત્મામાં છે. બહારની સ્થિતિ તે તો બીજી ચીજ છે. શ્રેણિક રાજા નરકમાં ગયા છે ને? પ્રભુ! સાંભળ તો ખરો એક વાર, જ્યાં હોય ત્યાં બધે આત્મામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અરે! નરકની વેદના સાંભળી છે? એવી વેદના વખતે પણ જ્ઞાનીની દૃષ્ટિ અંદર પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં હોવાથી તે બહારના સંયોગોમાં કે રાગમાં છે નહિ, તે તો તેના કેવળ જ્ઞાતા જ છે. અહા! બહુ સરસ વાત! આ બોલ બધા સારા આવ્યા છે.

જ્ઞાનાનંદસ્વરૂપ અમૃતસ્વભાવ અમર્યાદિત છે, શુભાશુભ ભાવ તો વિષ, તુચ્છ ને મર્યાદિત છે — એવું જેમને અંદરમાં ભાન થયું તે શ્રદ્ધા-અપેક્ષાએ બહાર આવતા જ નથી, તેઓ તો અંદર પોતાના ચૈતન્યલોકમાં ઊંડે ઊંડે વિચરતા હોય છે. રાગથી ભિન્ન નિજ ચૈતન્યસ્વરૂપનું ભાન નથી એવો અજ્ઞાની બહારથી રાજ્ય, કુટુંબ, સ્ત્રી વગેરે બહારનું બધું છોડે, પણ અંદરમાં રાગના એકત્વમાં પડયો છે, શુભ રાગથી લાભ થશે એવી એકત્વબુદ્ધિ પડી છે, તેને રાજપાટ છોડવાનું ફળ શું? તે તો હજી બહારમાં જ પડયો છે, આત્મામાં આવ્યો જ નથી. અહા! આ તો વીતરાગનો માર્ગ! જૈનમાં જન્મ્યા એમનેય સાચું સમજાવનારા મળે નહિ! — તો એ બિચારા અંદર ક્યાંથી જાય?

સંપ્રદાય છોડીને દિગંબરમાં આવે, પણ દિગંબર કહેવા કોને? દેહાદિ પરથી ભિન્ન અને દયા-દાન વગેરે વિભાવભાવથી રહિત — શુભાશુભ લાગણીરૂપ લૂગડાંથી રહિત — અંદર ચૈતન્યસ્વભાવનું યથાર્થ ભાન થાય ત્યારે તો હજુ દિગંબર ધર્મની — વીતરાગ ધર્મની — શરૂઆત થઈ કહેવાય, સાચા ભાવલિંગી દિગંબર મુનિપણાની વાત તો હજુ આઘી છે. દિગંબર કોઈ પક્ષ, સંપ્રદાય કે વાડો નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. દિગ્ એટલે દિશા — આકાશ, અંબર એટલે વસ્ત્ર; આત્મામાં તો વસ્ત્ર છે જ નહિ, પણ આત્માની ઉગ્ર આરાધના કરનાર સાધકને શરીરને ઢાંકવાના વિકલ્પરૂપ વસ્ત્ર પણ છૂટી જતાં હોવાથી યથાજાતરૂપધરપણું હોય છે, બહારમાં શરીર પણ વસ્ત્ર રહિત દિગંબર હોય છે.

અહીં તો એ વાત ચાલે છે કે બહારથી જોનારને જ્ઞાની બહારની ક્રિયાઓ કરતા કે વિકલ્પોમાં જોડાતા દેખાય, પણ અંદરમાં તો તેઓ પરમાનંદના નાથમાં — પોતાના ત્રિકાળી ચૈતન્યસ્વભાવમાં — ઊંડે ઊંડે વિચરતા હોય છે. બહારથી જોતાં સમકિતી લડાઈમાં લડતો દેખાય, ત્રણ જ્ઞાનના ધારક ચક્રવર્તી શ્રી શાંતિનાથ, કુંથુનાથ ને અરનાથ છ ખંડને સાધવા ગયા હતા, તે વખતે પણ તેમની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં જ હતી, દૃષ્ટિ-અપેક્ષાએ પરની ક્રિયામાં કે રાગના વિકલ્પમાં તેઓ આવ્યા જ નહોતા. જેમણે પોતાના અમર્યાદિત સ્વભાવની, દૃષ્ટિમાં — જ્ઞાનની પર્યાયમાં — પકડ કરી લીધી તેઓ તો અંદર ચૈતન્યની ગહનતામાં ઊંડે ઊંડે વિચરતા હોય છે; તેમને વ્યવહાર-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રત્નત્રયના વિકલ્પ આવે, પણ ખરેખર, તેમના તરફ દૃષ્ટિ નહિ હોવાથી, તેઓ તેમાં આવતા નથી. અહા! અલૌકિક વાત છે; ભગવાન! તારી વાતો અલૌકિક છે. સર્વજ્ઞદેવે જગતને આ પરમાર્થ સત્ય પ્રસિદ્ધ કર્યું છે; અને જેને તે અંતરંગ અનુભવમાં આવ્યું છે તેને તે પ્રસિદ્ધ થાય છે.

———o———

## વચનામૃત — ૨૮૩

**દ્રવ્ય તો અનંત શક્તિનો ધણી છે, મહાન છે, પ્રભુ છે. તેની પાસે સાધકની પર્યાય પોતાની પામરતા સ્વીકારે છે. સાધકને દ્રવ્ય-પર્યાયમાં પ્રભુતા અને પામરતાનો આવો વિવેક વર્તે છે. ૨૮૩.**

**'દ્રવ્ય તો અનંત શક્તિનો ધણી છે, મહાન છે, પ્રભુ છે.'**

ભગવાન જ્ઞાયક આત્મા જ્ઞાન, આનંદ, વીર્ય આદિ અનંત સમૃદ્ધિનો ધણી છે. દ્રવ્યની શક્તિ સંખ્યાએ તેમ જ ભાવે અનંત અનંત અનંત છે. દ્રવ્યની અનંતતા કરતાં ત્રણે કાળના સમયોની સંખ્યા અનંતગણી છે, કાળના સમયોની સંખ્યા કરતાં આકાશના પ્રદેશોની — ક્ષેત્રની — સંખ્યા અનંતગણી છે અને આકાશના પ્રદેશોની સંખ્યા કરતાં ભાવની — દ્રવ્યના ગુણોની — સંખ્યા અનંતગણી છે. શું કહે છે? શક્તિની અનંતતા એટલી મોટી છે કે તેમાં આ આખરની શક્તિ — એવું છે નહિ. ભાવે પણ શક્તિની અનંતતા છે.

ભગવાન આત્મા દ્રવ્ય છે, તે જ્ઞાનાદિ અનંત અગાધ શક્તિનો ધણી છે, મહાન છે, પરમેશ્વર છે, અમર્યાદિત ગુણોનું ગોદામ છે, પરમ અનંત શક્તિનું સંગ્રહાલય છે. તેની દૃષ્ટિ કરવાથી જીવને સાધક પ્રર્યાય પ્રગટ થાય છે.

**'તેની પાસે સાધકની પર્યાય પોતાની પામરતા સ્વીકારે છે.'**

શું કહે છે? અનંત અનંત સ્વભાવના સાગર — ત્રિકાળી દ્રવ્ય — પાસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ સાધક પર્યાય પોતાની પામરતા — અલ્પતા — સ્વીકારે છે. વીતરાગ મોક્ષમાર્ગની પર્યાય પણ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ પાસે પામર છે.

અગાધ અમર્યાદિત શક્તિઓનો પિંડ એવો છે નિજ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ તેનો આશ્રય લઈને, તેની સન્મુખ થઈને જે મોક્ષમાર્ગ — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકતાસ્વરૂપ સાધક પર્યાય — પ્રગટ થયો તે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ પાસે પામર છે; — એ એક વાત; બીજી વાત એ છે કે નિર્મળ સાધક પર્યાય પ્રગટ થઈ પણ તે સાધ્ય પર્યાય — સર્વજ્ઞપર્યાય — આગળ પામર છે. ત્રિકાળી ધ્રુવ સ્વભાવ પાસે તો ઠીક, પણ પૂર્ણ પર્યાયની પાસે પણ પામર છે.

શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છે — 'अप्पाणं मुणदि तिणमेत्तं।' સમ્યગ્દૃષ્ટિ જીવ, અનંતાનુબંધી તીવ્ર રાગ-દ્વેષરૂપ પરિણામોનો અભાવ થયો હોવાથી, ઉપશમ-ભાવોની નિરંતર ભાવના રાખે છે અને પોતાને, જ્યાં સુધી અનંતજ્ઞાનાદિ પૂર્ણ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, તરણાતુલ્ય માને છે, કોઈ પણ પ્રકારનો ગર્વ કરતો નથી. પોતાની સાધકદશાને પૂર્ણ પર્યાય પાસે પામર માને છે.

એને પણ કહ્યું છે ને! — 'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.

ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી. આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોક અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે. ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધ જ્ઞાન ને ક્યાં મારું અલ્પ જ્ઞાન! આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ! એ જ રીતે અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. આપનો શો મહિમા થાય? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે; મારી પર્યાય તો અનંતમા ભાગે છે.'

આ પ્રમાણે પ્રત્યેક સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં, પર્યાય-અપેક્ષાએ — જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઇત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ — પોતાની પામરતા જાણે છે.

**'સાધકને દ્રવ્ય-પર્યાયમાં પ્રભુતા અને પામરતાનો આવો વિવેક વર્તે છે.'**

સ્વાનુભવી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને દ્રવ્ય-અપેક્ષાએ પોતાની પૂર્ણ પ્રભુતાનો અને પર્યાય-અપેક્ષાએ પોતાની પામરતાનો — બંનેનો યથાર્થ વિવેક હોય છે, બન્નેનું જેમ છે તેમ સાચું જ્ઞાન હોય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૦૭

તા. ૨-૧૦-૭૮

## વચનામૃત — ૨૮૪

સાધકદશા તો અધૂરી છે. સાધકને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય, અને ચૈતન્ય આનંદધામમાં પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય, ત્યાં સુધી પુરુષાર્થનો દોર તો ઉગ્ર જ થતો જાય છે. કેવળજ્ઞાન થતાં એક સમયનો ઉપયોગ થાય છે અને તે એક સમયની જ્ઞાનપર્યાય ત્રણ કાળ અને ત્રણ લોકને પહોંચી વળે છે. ૨૮૪.

**'સાધકદશા તો અધૂરી છે.'**

શું કહે છે? સાધકપણું તો ચોથાથી બારમા ગુણસ્થાન સુધી હોય છે. પરથી અને રાગથી ભિન્ન એવો પોતાનો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ — સહજ જ્ઞાયકભાવ — સદા પરિપૂર્ણ છે એવું જેને પ્રથમ જ્ઞાનમાં, પ્રતીતિમાં ને વેદનમાં આવ્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવને સાધકદશાની શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, અરે! પાંચમે-છઠ્ઠે ગુણસ્થાને અંતરમાં વિશેષ સ્થિરતારૂપ ચારિત્ર થયું, છતાં તે દશા અધૂરી છે. સાધકદશા છે ને?

**'સાધકને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય, અને ચૈતન્ય આનંદ-ધામમાં પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય, ત્યાં સુધી પુરુષાર્થનો દોર તો ઉગ્ર જ થતો જાય છે.'**

અહાહા! સાધક જીવનો એ પુરુષાર્થ! જ્યાં સુધી સ્વરૂપમાં પૂર્ણપણે જામી ન જવાય, પોતાના પૂર્ણાનંદમય ચૈતન્યધામમાં કાયમને માટે સંપૂર્ણપણે વસી ન જવા, ત્યાં સુધી તેને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવના સતત આલંબનરૂપ પુરુષાર્થની ધારા તો ઉગ્ર જ થતી જાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધક જીવ સમ્યગ્દૃષ્ટિ છે, સ્વાનુભવી છે, પણ જ્યાં સુધી તે પ્રકારની અસ્થિરતા હોય ત્યાં સુધી તેને વેપારધંધાનો તથા ભોગ આદિનો રાગ તો આવે છે, પણ તે ભાવ તેને દુઃખરૂપ લાગે છે. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાની હતા, અનુભવી હતા, પણ તેમને વેપારધંધામાં જરાક રાગનું જોડાણ હતું. તેઓ લખે છે કે ધંધામાં એવો રાગ આવી જાય છે, એવી ઉપાધિ આવી જાય છે, એવું દુઃખ થાય છે, કે જાણે ધડ ઉપર માથું રહેશે કે નહિ? એટલી આકુળ-વ્યાકુળતા થાય છે કે આ બધું છોડી દઉં, પણ શું થાય, પ્રારબ્ધનો એ પ્રકારનો યોગ છે. તીર્થંકરોને પણ પ્રારબ્ધના યોગે ગૃહસ્થાશ્રમમાં રહેવાનું બને છે. ચોથે ગુણસ્થાને સ્વાનુભવી સમ્યગ્દૃષ્ટિને પણ, સાધકદશા અલ્પ છે તેથી, ભૂમિકાનુસાર રાગ-દ્વેષ આદિ ભાવ આવી જાય છે. જ્ઞાનીને અસ્થિરતા-અપેક્ષાએ પણ રાગ કે દુઃખનું વેદન થતું જ નથી, અને રાગ કે દુઃખને વેદે તો તે તીવ્ર કષાયી છે — એમ માનનારને દૃષ્ટિની ખબર નથી, તત્ત્વની તેમ જ સાધકદશાના સ્વરૂપની ખબર નથી. અહા! તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત થવી, અને પ્રાપ્ત થયા પછી કેવી રીતે ટકી રહે — એ કોઈ અલૌકિક વાત છે. ક્ષાયિક સમ્યક્ત્વ અને ત્રણ જ્ઞાન લઈને આવેલા ચક્રવર્તી તીર્થંકર ભગવાન પણ ગૃહસ્થાશ્રમમાં હોય છે અને છ ખંડ સાધવા નીકળે છે. અંદર અખંડની દૃષ્ટિ તથા સાધના હોવા છતાં હજુ સાધકદશા અધૂરી છે તેથી રાગનો વિકલ્પ આવે છે.

શ્રીમદ્ છવ્વીસમા વર્ષમાં કહે છે: 'સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાન્તિ પ્રાયે થતી નથી.' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને તે બન્નેપૂર્વક સ્વાત્માનું સંવેદન હોવા છતાં, પૂર્વપ્રારબ્ધના યોગે ઉપાધિ હોય છે, તેમાં આકુળતા થાય છે. કયાં સુધી? — કે માથું ધડ ઉપર રહેવું કઠણ પડે એટલે કે માથું ફરી જાય ત્યાં સુધી. અંદર દૃષ્ટિ ન ફરે પણ પર્યાયમાં હજુ અસ્થિરતા છે, પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી, તેથી ભૂમિકાનુસાર રાગના એવા ભાવ આવે. જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું છે એવા જ્ઞાનીને જગતના અજ્ઞાની પ્રાણીઓ સાથે 'મળતી પાણ' આવે નહિ એટલે કે એ બન્ને વચ્ચે મળતો મેળ આવે નહિ. અજ્ઞાની બહારના સંયોગો જોઈને કહે છે: 'તમે જ્ઞાની થયા તો આ વેપારધંધા શેના માંડયા છે?' ભાઈ! જ્યાં સુધી પૂર્ણતા પ્રગટી ન હોય ત્યાં સુધી જ્ઞાનીને પણ એવા ભાવ આવે છે. અંદર દૃષ્ટિ સમ્યક્ હોવા છતાં જ્ઞાની કવચિત્ મંદ પરિણામને પણ પામી જાય. સમ્યગ્દર્શન અને સ્વાનુભવ થયા પછીની આ વાત છે. અરે! તત્ત્વનું શું છે તે લોકોને ખબર નથી.

જ્ઞાનીને પણ અસ્થિરતાને લઈને કામ-ક્રોધના તથા વેપારધંધાના ભાવ આવે છે. ઉપાધિયોગ તેમને ત્રાસરૂપ લાગે છે અને તેથી તેમનો આત્મા ઘણી વાર આકુળ-વ્યાકુળ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણાને પામે છે. અરે ! ત્યાગની ભાવનાવાળાને આ બધું શું ? એ બધું છોડી દેવું છે પણ અંદર અસ્થિરતાના કારણે છોડી શકાતું નથી. ઉપાર્જિત કર્મના ઉદયને સમપરિણામે અવ્યાકુળપણે વેદવો — અંદર જ્ઞાતાપણે રહેવું — તે જ જ્ઞાનીપુરુષનો માર્ગ છે.

બાપુ ! મારગડા કોઈ જુદા છે; તેની તને ખબર નથી ભાઈ ! જ્ઞાનીને ઉપાધિમાં અસ્થિરતાના ભાવ આવી જાય, આકુળ-વ્યાકુળતા થઈ જાય અને તેથી અંદરમાં એમ થાય કે આ ધંધો વગેરે બધું છોડી દઉં; પણ છૂટે ક્યાંથી ? હજુ રાગ અને સંયોગ છે ને ? અહા ! સમજાય છે કાંઈ ?

અહીં તો કહે છે : અંદર આનંદધામમાં પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પુરુષાર્થની ધારા — વચ્ચે અસ્થિરતાનો રાગ આવે છે તોપણ તેનાથી ભિન્ન પોતાની જ્ઞાનધારા — અહા ! ઉગ્ર જ થતી જાય છે.

**‘ કેવળજ્ઞાન થતાં એક સમયનો ઉપયોગ થાય છે અને તે એક સમયની જ્ઞાનપર્યાય ત્રણ કાળ અને ત્રણ લોકને પહોંચી વળે છે. ’**

સાધકપણું મટીને કેવળજ્ઞાન થયું, પછી તો કાંઈ કરવાનું રહે નહિ. પૂર્ણ કૃતકૃત્ય દશામાં ઉપયોગ એક સમયનો થઈ જાય છે અને તે એક સમયનો ઉપયોગ બધું — ત્રણ કાળ અને ત્રણ લોક — એકસાથે વર્તમાનવત્ જાણી લે છે. અહા ! સાધકપણાનું અનુપમ ફળ કેવળજ્ઞાન તે શી ચીજ છે ! અનંત આનંદનો નાથ એવા નિજ જ્ઞાયકપ્રભુનું સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં જ્ઞાની અલ્પપણે તો આનંદધામમાં આવ્યો છે, પણ જ્યારે નિજ અતીન્દ્રિય આનંદધામમાં પૂર્ણપણે વસશે ત્યારે અનંત કેવળજ્ઞાન પ્રગટ થશે. તે એક સમયની પૂર્ણ જ્ઞાનપર્યાય ત્રણ કાળ ને ત્રણ લોકને એકસાથે પ્રત્યક્ષ જાણી લે છે. બધા પદાર્થોની ભૂતકાળની પર્યાયો વર્તમાનમાં તો છે નહિ, ભવિષ્યકાળની પર્યાયો હજુ થઈ નથી, તે બધી પર્યાયોને કેવળજ્ઞાની ભગવાન વર્તમાનવત્ અત્યંત પ્રત્યક્ષ જાણે છે. અહો ! આ તે ચૈતન્યની કોઈ અદ્ભુત દશા ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

વિશ્વની વસ્તુવ્યવસ્થાને — ત્રણ કાળ ને ત્રણ લોકને — પૂર્ણ જ્ઞાનની એક સમયની પર્યાય જાણી લે છે. અહા ! બાપુ, જો તો ખરો ! તારી પૂરણ પર્યાયનો સ્વભાવ જ આવો છે. તારા ચૈતન્યદરબારમાં તો અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ અનંત ગુણવૈભવ પડ્યો છે. તેનો અનુભવ કરતાં કરતાં અંતરમાં સ્થિર થઈને જ્યાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યાં ત્રણે કાળની પર્યાયો સહિત સર્વ પદાર્થોને — ત્રણ કાળ ને ત્રણ લોકને — એક સમયમાં યુગપદ જાણી લે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકાલોકને જાણવાનું કાર્ય તો જ્ઞાનની પર્યાયમાં થાય છે. આત્માનો 'જ્ઞ' સ્વભાવ છે. 'જ્ઞ'સ્વભાવ કહો, જ્ઞાયકભાવ કહો, સર્વજ્ઞ-સ્વભાવ કહો કે જેના સામર્થ્યનો પાર નથી એવો ધ્રુવ જ્ઞાનસ્વભાવ કહો — એ બધું એકાર્થ છે. એ જ્ઞાયક-સ્વભાવની જ્યારે પહેલી દૃષ્ટિ થાય ત્યારે તો ધર્મનું પ્રથમ સોપાન — સમ્યગ્દર્શન — થાય છે.

સમયસારની ૧૬૦ મી ગાથામાં આવે છે: આ આત્મા સ્વભાવથી સર્વને જાણનારો તથા દેખનારો છે તોપણ પોતાના કર્મમળથી ખરડાયો — વ્યાપ્ત થયો — થકો સંસારને પ્રાપ્ત થયેલો તે સર્વ પ્રકારે સર્વને જાણતો નથી. એક પંડિત કહે કે જુઓ! અહીં કર્મથી વિકાર થાય છે એમ કહ્યું છે. ભાઈ! કર્મ તો જડ છે, પરદ્રવ્ય છે, તેનાથી તારી પર્યાય ઢંકાય? આચાર્યદેવ તો એમ કહે છે કે અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધ વડે આત્મા કર્મમળથી લેપાયો છે. પોતાના ઊંધા પુરુષાર્થથી પર્યાયમાં પોતે વિભાવ કરે છે ત્યારે કર્મમાં નિમિત્તપણાનો આરોપ કરવામાં આવે છે. કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ કેવળજ્ઞાનને રોકે છે તે નિમિત્તનું કથન છે. ખરેખર તે સત્ય નથી, પણ પોતાની દશામાં કેવળજ્ઞાનનો ઘાત પોતાથી થયો છે ત્યારે કેવળજ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. 'અપનેકો આપ ભૂલકર હૈરાન હો ગયા', — કર્મથી નહિ.

અહો! ભગવાન આત્માનો સ્વભાવ કેવળ જાણવાનો જ છે, પરમાં ફેરફાર કરવાનો નહિ. સ્વભાવનો આશ્રય કરીને કેવળ જાણવાવાળો રહેતાં સાધકજીવને જ્ઞાનધારામાં પુરુષાર્થ ઉગ્ર થાય છે અને તેના ફળરૂપે કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે.

———o———

## વચનામૃત — ૨૮૫

**પોતે પરથી ને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો. એકતાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે. એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે અભ્યાસ કરવો. ૨૮૫.**

**'પોતે પરથી ને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો.'**

આ બોલમાં તો માલ-માલ આવ્યો છે.

શરીર આદિ પરદ્રવ્યોથી, મોહ આદિ દ્રવ્યકર્મથી અને પોતાની પર્યાયમાં પરને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષે થતા રાગાદિ વિભાવોથી પોતાના—જ્ઞાયકસ્વભાવી નિજ ધ્રુવ આત્માના જુદાપણાનો પોતે જાતે વિચાર કરવો. પરલક્ષે ગુરુની વાણી સાંભળવાથી કે શાસ્ત્રો વાંચવાથી સ્વ-સન્મુખતાનો આ વિચાર આવે તેમ નથી. ગુરુએ આત્માનું મૂળ સ્વરૂપ જેવું બતાવ્યું છે અને શાસ્ત્રોમાં જે રીતે કહ્યું છે તેનો પોતે સ્વયં અંતર્મુખ થઈને વિચાર કરવો જોઈએ. સ્ત્રી, પુત્ર, લક્ષ્મી વગેરે તો પર છે જ, પણ જેના પ્રત્યે સૌથી વધારે પ્રેમ છે એવું આ નિકટ રહેલું શરીર પણ આત્માથી તદ્દન જુદું છે; પુણ્ય-પાપના વિભાવો પણ આત્માનો મૂળ સ્વભાવ નથી તેથી તે પણ આત્માથી જુદા છે—એમ પર ને વિભાવથી જુદા એવા નિજ ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવને લક્ષમાં લઈ અંતર્મુખ વિચાર કરવો જોઈએ.

**'એકતાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે.'**

શરીર, વાણી આદિ પરપદાર્થો અને પોતાની પર્યાયમાં થતા રાગાદિ વિભાવો મારા છે—એવી એકત્વબુદ્ધિ તોડવી તે મુખ્ય કર્તવ્ય છે. સમયસારની ત્રીજી ગાથામાં 'એકત્વનિશ્ચયગત સમય સર્વત્ર સુંદર લોકમાં;' અને પાંચમી ગાથામાં 'દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;' આવે છે ને! સ્વરૂપથી એકત્વ ને રાગથી વિભક્ત એવા નિજ આત્માના જુદાપણાનો વિચાર કરવાથી પર ને રાગ સાથેની એકતા-બુદ્ધિ તૂટે છે. ભાઈ! માર્ગ તો આવો છે. એકતાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે.

**'એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે અભ્યાસ કરવો.'**

કોઈ વખતે એકાદ ક્ષણ કરે એમ નહિ, પણ પ્રત્યેક ક્ષણ આત્માને પરથી ને રાગાદિ વિભાવથી જુદા કરવાનો અભ્યાસ કરવો જોઈએ. 'શરીર તે હું', સ્ત્રી-પુત્ર-લક્ષ્મી વગેરે મારાં'—એમ થઈ ગયું છે ને? શરીરના નામથી કોઈ બોલાવે તો 'હં' કહે છે ને? પણ ભાઈ! શરીર તે તું કયાં હતો? સ્ત્રી-પુત્ર વગેરે બહારની ચીજો તારી કે દી હતી? અનાદિથી પરમાં ને વિભાવમાં જે એકત્વબુદ્ધિ થઈ રહી છે તેને ક્ષણે ક્ષણે તોડવાનો—અંદરથી જુદું કરવાનો—અભ્યાસ કરવો જોઈએ. શરીરને રોગ આવે, દમ થાય, શ્વાસ ચડે તે તો જડ શરીરની પર્યાય છે, તે તરફ લક્ષ જતાં જે રાગ કે દ્વેષ આવે છે તે વિભાવ છે. વિભાવ ને પરથી જુદાપણાનો વિચાર કરવો. દરેક ક્ષણે શરીરાદિ તથા રાગાદિ સાથેનું એકત્વ તોડવાનો અભ્યાસ કરવો જોઈએ.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૮૬

**આ તો અનાદિનો પ્રવાહ બદલવાનો છે. અઘરું કામ તો છે, પણ જાતે જ કરવાનું છે. બહારની હૂંફ શા કામની? હૂંફ તો પોતાના આત્મતત્ત્વની લેવાની છે. ૨૮૬.**

**'આ તો અનાદિનો પ્રવાહ બદલવાનો છે.'**

શું કહે છે? શરીર, વાણી વગેરે પરદ્રવ્યો તથા પરને લક્ષે થતા શુભાશુભ વિભાવો તરફનું જે અનાદિનું વલણ છે તે બદલવાનું છે, પરિણામની દિશા ફેરવવાની છે. અરે! અંદર પોતે ભગવાન બિરાજે છે તેના તરફ તારું વલણ જતું નથી. અનાદિથી જે ઊંધો અભ્યાસ છે તે ફેરવવાનો છે, તેમાં ગુલાંટ ખાવાની છે. બહારનું જાણપણું વિશેષ હો કે ન હો, તેની સાથે કાંઈ સંબંધ નથી. રુચિનો જે પ્રવાહ અનાદિથી પર ને વિભાવ તરફ છે તેને બદલીને પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ વાળવાનો છે.

**'અઘરું કામ તો છે, પણ જાતે જ કરવાનું છે.'**

પર તેમ જ શુભાશુભ રાગ તરફ દૃષ્ટિ જે અનાદિથી છે તેનો પ્રવાહ સ્વભાવ તરફ વાળવાનો છે, અંતર્મુખ ગુલાંટ ખાવાની છે. તે કામ કઠણ તો છે, પણ જાતે જ કરવાનું છે.

પ્રશ્ન :— સ્વસન્મુખ થવાનું કામ સુગમ છે — એમ શાસ્ત્રમાં આવે છે ને?

ઉત્તર :— ભાઈ! સ્વસન્મુખ થવું તે આત્માનું સ્વરૂપ છે તે અપેક્ષાએ સુગમ કહ્યું છે, પણ અહીં તો, અનાદિથી પર ને વિભાવનો અભ્યાસ છે અને આત્માનો અભ્યાસ નથી, માટે 'અઘરું કામ' કહ્યું છે.

અનાદિ પરિભ્રમણમાં જીવ નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક સુધી અનંત વાર ગયો, પણ 'શરીર હું છું ને રાગાદિ વિભાવની ક્રિયા હું છું' એવા પરસન્મુખ પરિણામ સાથે એકતાનો પ્રવાહ એક ક્ષણ પણ બદલ્યો નહિ — આત્માના સ્વભાવનો અભ્યાસ કર્યો નહિ; કેમ કે તેને પોતાનું જે સ્વરૂપ છે તે તો ખ્યાલમાં આવ્યું નહિ. પોતાનું સહજ અસ્તિત્વ — પૂર્ણાનંદનો નાથ એવા નિજ જ્ઞાયક ભગવાનની મોજૂદગીસ્વરૂપ જે તત્ત્વ તે તો — ખ્યાલમાં આવ્યું નહિ, તો પોતાનું અસ્તિત્વ ક્યાંક માનવું તો પડશે ને? તેથી શરીર, વાણી કે રાગાદિ જે કોઈ ચીજ જાણવામાં આવી તેમાં 'આ મારું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસ્તિત્વ છે' એમ મનાયું અને 'આ જ્ઞાનસ્વરૂપ આત્મા મારું અસ્તિત્વ છે' એ છૂટી ગયું. સમજમાં આવ્યું? કાર્ય અઘરું તો છે, કેમ કે અનાદિનો જે પ્રવાહ છે તે બદલવાનો છે. નદીના પાણીનો પ્રવાહ એક બાજુથી બીજી બાજુ વાળવાનું કામ કઠણ પડે, તેમ આ અનાદિ પરસન્મુખતાનો પ્રવાહ બદલવો અને સ્વસન્મુખ થવું તે અઘરું કામ તો છે, પણ તે કામ પોતે જાતે જ કરવાનું છે.

અરે! અનાદિનો અભ્યાસ; અનાદિ પ્રવાહમાં આ જીવ અનંત વાર મુનિ થયો — દિગંબર સંત થયો, બાળબ્રહ્મચારી થયો, મોટાં રાજપાટ છોડી દીધાં પણ 'આ મહાવ્રત વગેરેના શુભ પરિણામ મારા છે, મને લાભદાયક છે' એવી એકત્વબુદ્ધિ ન છોડી; અંદર પરિણામમાં જે રાગ થાય છે તે વિકલ્પ છે, તેનાથી રહિત પૂરણ પરમાનંદનો નાથ જે નિજ જ્ઞાયકવસ્તુ તેના સહજ અસ્તિત્વનો ખ્યાલ ન લીધો. પોતાનું જ્ઞાનાનંદમય પૂર્ણ અસ્તિત્વ પ્રતીતિમાં આવ્યું નહિ, તેથી ક્યાંક પોતાનું અસ્તિત્વ માનવું તો પડે. પોતાનું સ્વરૂપ લક્ષમાં આવ્યું નહિ તેથી 'આ દયા-દાન ને કામક્રોધાદિ વિભાવ તથા તેના ફળ તરીકે આ બહારના સંયોગો હું છું, મારા છે' એવું માનવું અનાદિથી બની રહ્યું છે. 'તે મારા નથી, હું તેનાથી ભિન્ન કેવળ જ્ઞાયક છું' એવી અંતર્મુખ દૃષ્ટિ એક સમયમાત્ર પણ કદી થઈ નથી.

હવે એ પ્રવાહ બદલવાનો છે. ભલે અનાદિનો અભ્યાસ છે પણ તેને તોડવાનો અભ્યાસ પણ જાતે જ કરવાનો છે, કોઈ બીજો કરાવી દે એમ નથી. શું કહ્યું? અનાદિ કાળથી જે જ્ઞાન અને રુચિની પર્યાય પર અને રાગ તરફ વળી રહી છે તેને અંતરમાં વાળવી, તેનો પ્રવાહ સ્વસન્મુખ બદલવો તે કામ અઘરું તો છે, પણ અઘરું હોવા છતાં તે કામ પોતે જ કરવાનું છે, કેમ કે કોઈ દેવ કે ગુરુ અંદરમાં ભેદવિજ્ઞાન કરાવી દે એવું તો છે નહિ.

### 'બહારની હૂંફ શા કામની?'

દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ શા કામનો? તે કાંઈ અંદર સ્વસન્મુખ થવાનો, ભેદજ્ઞાન કરવાનો આધાર નથી, તેથી તેમની હૂંફ શા કામની? અંદર જ્ઞાનપ્રકાશસ્વરૂપ જે નિજ ચૈતન્યબિંબ તેનું યથાર્થ લક્ષ કરવાથી પર ને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ તૂટે છે. તે કામ પોતે જાતે જ કરવાનું છે. તેમાં કોઈ દેવ, ગુરુ, શાસ્ત્ર, શરીરના સંહનનની મજબૂતાઈ કે શરીરની નીરોગતા મદદ કરતાં નથી, એ બધાં પર છે. પરની અવસ્થા ભેદજ્ઞાન કરવામાં શું કામ આવે? દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો શુભરાગ આવે, પણ તે રાગથી તો જુદું પડવાનું છે. જુદું પડવામાં રાગ આધાર થાય? જેને જુદા કરવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેનો આધાર તેમાં ક્યાંથી કામ કરે? તેથી અહીં બેને કહ્યું છે કે બહારની હૂંફ આત્મસન્મુખતાનું કાંઈ કામ કરતી નથી.

**'હૂંફ તો પોતાના આત્મતત્ત્વની લેવાની છે.'**

શું કહ્યું? જે રાગની મંદતા છે તેનાથી પણ ભિન્નતા કરવાની છે. રાગની મંદતાની હૂંફ પણ કામ નહિ લાગે; હૂંફ તો પોતાના ભગવાન પરમાત્માની — નિજ જ્ઞાયકપ્રભુની — કામ લાગશે. નિમિત્ત ને રાગથી તો પોતાને જુદા કરવાનો છે. નિમિત્ત પર છે, તેનાથી જુદું કરવું તેમાં શું નિમિત્તની હૂંફ છે? રાગ વિભાવ છે, તેનાથી જુદું પડવું તેમાં શું રાગની હૂંફ છે? હૂંફ તો નિમિત્ત ને વિભાવથી રહિત એવા પોતાના આત્મતત્ત્વની લેવાની છે. અહા! ભાષા સાદી, સરળ ને દેશી; પણ ભાવ બહુ ઊંચા. આનું તો હિંદી થયું છે. સાદી ભાષામાં કેવી વાત કરી છે? ઘણા લોકો હવે તો આ વાંચે છે.

'હૂંફ' કહીને શું કહેવું છે? 'નિમિત્ત ને રાગથી લાભ થાય' એવો જે અનાદિનો અભ્યાસ છે તેમાં ગુલાંટ ખાવાની છે. તે કાર્યમાં નિમિત્ત કે રાગની મંદતા વગેરે કોઈની હૂંફ કે મદદ નથી. જેનાથી જુદું પડવું છે તેની હૂંફ કામ આવે નહિ, હૂંફ તો પોતાના જ્ઞાયકસ્વભાવની લેવાની છે. આનંદકંદ જ્ઞાયકસ્વભાવનો અંદરમાં આશ્રય લેવો તે જ સાચી હૂંફ છે. અહા! વસ્તુસ્થિતિ આવી છે.

———o———

## વચનામૃત — ૨૮૭

**દ્રવ્ય સદા નિર્લેપ છે. પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે. ક્યાંય ખેદાવું નહિ, ખેંચાવું નહિ — ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ. ૨૮૭.**

**'દ્રવ્ય સદા નિર્લેપ છે.'**

આ બોલમાં શબ્દો થોડા છે પણ ભાવો ઘણા ઊંડા છે.

દ્રવ્ય એટલે નિજ ત્રિકાળી જ્ઞાયક વસ્તુ; તે તો સ્વભાવ-અપેક્ષાએ સદા નિર્લેપ છે. ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં શરીરનો, કર્મનો કે રાગનો કોઈ લેપ નથી. અહા, આવી વાત! આત્મામાં રાગ કે કર્મ વગેરેનો લેપ છે તે તો પર્યાય-અપેક્ષાએ છે, દ્રવ્ય-અપેક્ષાએ નહિ. દ્રવ્ય એટલે ત્રિકાળી ધ્રુવ વસ્તુ, તે તો સદાય નિર્લેપ પડી છે; તેમાં આવરણ, અશુદ્ધતા કે અલ્પતા કદી પ્રવેશી નથી; તે લેપ તો એક સમયવર્તી પર્યાયમાં છે. અહા, ભારે વાત!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## 'પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે.'

હવે કહે છે કે — જો દ્રવ્યસ્વભાવ સદા નિર્લેપ જ છે, તો હવે પર્યાયમાં પણ બધાથી નિર્લેપ રહેવા જેવું છે. સ્વભાવે નિર્લેપ એવી જે જ્ઞાનાનંદસ્વભાવી નિજ ધ્રુવ જ્ઞાયક વસ્તુ તેનો અંદરમાં આશ્રય કરીને પર્યાયમાં રાગાદિ વિભાવભાવના તથા નિમિત્તના લેપથી રહિત થવું, જ્ઞાયકવસ્તુ દ્રવ્યસ્વભાવે જેવી છે તેવું પરિણમન પર્યાયમાં રહેવું તે કરવા જેવું છે. અહા! વસ્તુ આવી છે, સમજાય છે કાંઈ?

જ્ઞાનસ્વભાવ, દ્રવ્યસ્વભાવ — આત્મવસ્તુ જો સદાય નિર્લેપ છે તો તેનો અંતરમાં આશ્રય કરવાથી પર્યાયમાં પણ નિર્લેપતા રહે, રાગાદિ વિભાવનો કે નિમિત્તનો સંબંધ રહે નહિ. વસ્તુસ્વભાવ સદા નિર્લેપ પડયો હોવા છતાં તેના યથાર્થ ભાન વિના અનાદિથી સમયવર્તી પર્યાયમાં રાગ ને નિમિત્ત સાથે જે સંબંધ જોડયો હતો તે, નિર્લેપ ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે તોડયો — જે જોડે તે જ તોડે — તેથી પર્યાયમાં નિર્લેપતા થઈ.

દ્રવ્ય જેવું નિર્લેપ છે તેવો પર્યાયમાં નિર્લેપ મોક્ષમાર્ગ થયો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો કે નિર્લેપતા કહો — બન્ને એક જ વાત છે. શું કહ્યું? ભગવાન નિર્લેપ આત્માના આશ્રયે પર્યાયમાં નિર્લેપતા પ્રગટે. એટલે શું? ભગવાન જ્ઞાયક આત્માનો આશ્રય કરવાથી જે પ્રતીતિ થઈ, જ્ઞાન થયું, રમણતા થઈ — પર્યાયમાં નિર્લેપતા, નિર્મળતા પ્રગટી તે એમ સાબિત કરે છે કે દ્રવ્ય સ્વભાવે સદા નિર્લેપ વસ્તુ છે. અહા! આવી વાતો છે! લોકોને સમજવામાં આકરી પડે; કારણ કે અભ્યાસ નથી ને! અત્યારે તો અભ્યાસ બધો ઊંધો ચાલે છે. જે અભ્યાસ કરવા લાયક છે તે છોડી દીધો છે અને અનાદિનો જે વિભાવનો અભ્યાસ છે તે ચાલુ રાખ્યો છે — રાગ કરવો, શુભભાવ કરવા, આ કરવું ને તે કરવું.

વસ્તુ એટલે ભગવાન આત્મા સ્વભાવે નિર્લેપ, નિર્દોષ, નિરાવરણ, અશુદ્ધતા રહિત શુદ્ધ, અપૂર્ણતા રહિત પૂર્ણ તેમ જ વીતરાગ છે; તેની હૂંફ એટલે આધાર લઈને પર્યાયમાં નિર્લેપતા પ્રગટ થાય છે. પર્યાયમાં નિર્લેપતા રહેવી તે જ મોક્ષમાર્ગ છે.

પ્રશ્ન :— તેમાં ગુરુના ઉપદેશનો આધાર નહિ?

ઉત્તર :— વસ્તુના પરિણમનમાં ખરેખર કોઈ અન્યનો આધાર-ફાધાર છે નહિ.

પ્રશ્ન :— નિમિત્ત તો છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :— નિમિત્ત છે; પણ તેનો અર્થ શો ? વસ્તુ પોતાના ઉપાદાન-કારણથી કાર્ય કરે છે તેમાં જે અનુકૂળ બીજી ચીજ છે તેને નિમિત્ત-કારણપણાનો આરોપ કરવામાં આવે છે ખરેખર જોઈએ તો નિમિત્ત-વસ્તુ ઉપાદાનમાં આધારનું કાંઈ કામ કરતી નથી. અહા ! આવો મારગ ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

કેટલાક કહે છે કે શ્રી કુંદકુંદાચાર્યના શાસ્ત્રોની જેમ હવે બેનનું પુસ્તક પણ વ્યાખ્યાનમાં વાંચવા માંડ્યું. ભાઈ! સાંભળ તો ખરો. ભગવાનનું હો, શ્રી કુંદકુંદાચાર્યદેવનું હો કે બેનનું હો — વાણીની જાત તો એકની એક છે. સ્વાનુભવી સમ્યગ્દૃષ્ટિની વાણી હો કે કેવળીની હો — જાત તો એક જ છે. પં. ટોડરમલજીના 'મોક્ષમાર્ગપ્રકાશક'માં આવે છે ને ! — તિર્યંચાદિક અને કેવળી-સિદ્ધભગવાનને, જ્ઞાનાદિકની હીનતા-અધિકતા હોવા છતાં, સમ્યક્ત્વગુણ તો સમાન જ કહ્યો છે.

અહીં વાત એ ચાલે છે કે — વસ્તુસ્વભાવ નિર્લેપ છે, તેના આશ્રયે પર્યાયમાં બધાયથી નિર્લેપ રહેવા જેવું છે.

**'ક્યાંય ખેદાવું નહિ, ખેંચાવું નહિ — ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ.'**

પ્રતિકૂળ સંયોગોના પ્રસંગોમાં ગભરાઈને ખેદ કરવો નહિ અને અનુકૂળ સંયોગોના પ્રસંગોમાં લલચાઈને ખેંચાવું નહિ. 'ખેંચાવું નહિ' એટલે શું ? — ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ. જેને અંદર સ્વભાવની અધિકતા છે તેને પણ નબળાઈના કારણે રાગ તો આવે છે, પણ રાગનો રાગ એટલે કે તે રાગનો પ્રેમ કરવો નહિ.

જેને રાગનો પ્રેમ છે તેને ભગવાન જ્ઞાયકસ્વભાવ હેય છે અને જેને ભગવાન જ્ઞાયકસ્વભાવ ઉપાદેય છે તેને રાગભાવ હેય છે. અહા ! આવી વાત છે. ભાષા તો બહુ ટૂંકી પણ ભાવ તો ઘણા ગંભીર છે ભાઈ !

'ખેદાવું નહિ' એટલે ખેદ કરવો નહિ; શોક, સંતાપ, દિલગીરી કે દ્વેષ કરવાં નહિ અને 'ખેંચાવું નહિ' એટલે ઝાઝો રાગ કરવો નહિ. રાગ અધિક થઈ જાય અને સ્વભાવ ઢંકાઈ જાય એમ ન કરવું. નબળાઈથી આવી જાય તે જુદી વાત છે પણ પોતે અંદરથી ઊછળીને સ્વભાવ કરતાં પર તરફ વિશેષ રાગ ન કરવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન-૧૦૮

તા. ૩-૧૦-૭૮

## વચનામૃત — ૨૮૮

**વસ્તુ સૂક્ષ્મ છે, ઉપયોગ સ્થૂલ થઈ ગયો છે. સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર. ૨૮૮.**

**'વસ્તુ સૂક્ષ્મ છે, ઉપયોગ સ્થૂલ થઈ ગયો છે.'**

પરમાણુ, કાલાણુ વગેરે પણ સૂક્ષ્મ છે, પણ અહીંયાં આત્માની વાત છે. ભગવાન જ્ઞાયક આત્મા અરૂપી સૂક્ષ્મ વસ્તુ છે. શુભાશુભ રાગ કે પરના લક્ષવાળી જ્ઞાનાદિની પર્યાય પણ સ્થૂલ છે. જીવને અનાદિથી એક સમયવર્તી પર્યાય કે જે વ્યક્ત છે, પ્રગટ છે અને સ્થૂલ છે, તેના ઉપર દૃષ્ટિ છે, પણ પર્યાયની સમીપમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ વગેરે અનંત ગુણોથી ભરપૂર જે ત્રિકાળી ધ્રુવ નિજ જ્ઞાયક સૂક્ષ્મ વસ્તુ પડી છે તેના ઉપર દૃષ્ટિ જતી નથી; કેમ કે તેનો ઉપયોગ અનાદિથી સ્થૂલ થઈ ગયો છે. ઉપયોગ એટલે જ્ઞાનનો વ્યાપાર. સૂક્ષ્મ એવા આત્મતત્ત્વની રુચિ નહિ હોવાથી, જ્ઞાનનો વ્યાપાર પરલક્ષી — શરીર-વાણી-મન, રાગ, પુણ્ય ને પાપના લક્ષવાળો — સ્થૂલ થઈ ગયો છે.

**'સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર.'**

અનંત જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્મા સૂક્ષ્મ તેમ જ અતીન્દ્રિય મહાપદાર્થ છે. તેને અંતરમાં પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર. અહા! આવી વાત છે. પરમાર્થવચનિકામાં કહ્યું છે: 'આગમઅંગ — પંચમહાવ્રત, દયા, દાન, ભક્તિ, પૂજા વગેરે આગમનો વ્યવહાર — જે બાહ્ય ક્રિયારૂપ પ્રત્યક્ષપ્રમાણ છે તેનું સ્વરૂપ સાધવું અજ્ઞાનીને સુગમ છે. મૂઢ જીવ તે બાહ્ય ક્રિયા કરતો થકો પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે, પણ અંતર્ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા, જે અંતર્દૃષ્ટિગ્રાહ્ય છે તેને મૂઢ જીવ જાણે નહિ; કારણ કે અંતર્દૃષ્ટિના અભાવમાં અંતરક્રિયા દૃષ્ટિગોચર આવે નહિ; તેથી મિથ્યાદૃષ્ટિ જીવ ગમે તેટલી ક્રિયા કરતો હોવા છતાં પણ મોક્ષમાર્ગ સાધવાને અસમર્થ છે.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દયા-દાન વગેરે મંદકષાયનો શુભભાવ પરલક્ષી સ્થૂલ ઉપયોગ છે, આત્મા તો અંદર જ્ઞાન, આનંદ ને શાન્તિનો ઢગલો — ઢીમ ત્રિકાળી સૂક્ષ્મ પદાર્થ છે. અહા ! એ સૂક્ષ્મ અતીન્દ્રિય મહાપદાર્થને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર, અંતર્મુખતાનો પ્રબળ પુરુષાર્થ કર.

લોકો કહે છે : વ્રતાદિ શુભભાવને ધર્મનું સાધન કહો, નહિ તો તમારું 'એકાન્ત' થઈ જશે. ભાઈ ! વ્રતાદિના રાગથી ધર્મ માનવો એટલે કે નિશ્ચયથી પણ ધર્મ થાય અને શુભરાગરૂપ વ્યવહારથી પણ ધર્મ થાય એમ માનવું તે તો મિથ્યા 'અનેકાંત' છે. અંદર રાગથી ભિન્ન સૂક્ષ્મ જ્ઞાયક વસ્તુને પકડવા જે સ્વસન્મુખતાના સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન તે ધર્મનું સાધન છે અને વ્રતાદિનો શુભરાગ સાધન નથી. એમ 'અસ્તિ-નાસ્તિ' માનવું તે સાચો અનેકાન્ત છે. અહા ! આવો માર્ગ છે; લોકોને ખબર નથી તેથી એ બિચારા શું કરે ?

વ્રતાદિ બાહ્ય ક્રિયાથી કે અંદર રાગની બહિર્લક્ષી મંદતાથી આત્માને ધર્મનો લાભ થશે — એ પ્રરૂપણા જ ખરેખર મિથ્યા ઉપદેશ છે; કેમ કે ભગવાન જ્ઞાયક આત્મા તો રાગાદિ વિભાવો રહિત સૂક્ષ્મ પદાર્થ છે અને રાગની મંદતાના પરિણામ અત્યંત સ્થૂલ છે. બહિર્લક્ષી સ્થૂલ ઉપયોગ વડે અંતવર્તી સૂક્ષ્મ વસ્તુ કેમ પકડાય ? ન જ પકડાય. સમયસારના પુણ્ય-પાપ અધિકારમાં કહ્યું છે ને ! — કેટલાક અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે સામાયિકની પ્રતિજ્ઞા લે છે પરંતુ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી શકવાથી, સ્થૂલ લક્ષ્યવાળા તે જીવો અત્યંત સ્થૂલ એવા સંકલેશપરિણામોને છોડીને અત્યંત સ્થૂલ એવા વિશુદ્ધપરિણામોમાં (વ્રતાદિ શુભ પરિણામોમાં) રાચે છે. સંકલેશપરિણામો તેમ જ વિશુદ્ધપરિણામો બન્ને અત્યંત સ્થૂલ છે; આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે. આ રીતે તેઓ — જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે તોપણ — કર્માનુભવના બહુપણા-થોડાપણાને જ બંધ-મોક્ષનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.

અહાહા ! પાપના પરિણામ તો સ્થૂલ છે જ, પણ ભગવાનની ભક્તિનો ભાવ, વ્રત પાળવાનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ વગેરે વિકલ્પો પણ સ્થૂળ છે. સ્થૂળ ઉપયોગ પોતાના સૂક્ષ્મ આત્મતત્ત્વને નહિ પકડી શકે. માટે અહીં એને કહ્યું છે કે — સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે ધીરો થઈને અંદરમાં ધીર સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર. અંતર્મુખ સાચા પ્રયત્નથી આત્મા જરૂર પ્રગટ થશે. આ, પહેલી સ્થિતિની વાત છે.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત—૨૮૯

**ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે. આત્મા તો શાશ્વત પદાર્થ છે ને ? ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે સાથે આવશે.**

"तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम् ॥"

**જે જીવે પ્રસન્નચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. ૨૮૯.**

**'ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે.'**

અંદર ચૈતન્યસ્વભાવ જે સૂક્ષ્મ છે અને ભરપૂર ભર્યો છે તે તરફની ઊંડી ભાવના, એકાગ્રતા—પર્યાયના પાતાળમાં, પર્યાયની અંદર સમીપમાં જે પૂર્ણાનંદ નિજ જ્ઞાયકપ્રભુ બિરાજે છે તેને પ્રાપ્ત કરવાની ઊંડી લગની—તો બીજા ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે. વર્તમાન પ્રગટ પર્યાયને અંદર શુદ્ધ દ્રવ્યસ્વભાવમાં લઈ જા; એ વિના આત્મા નહિ પકડાય. ભગવાન આત્મા તો સૂક્ષ્મ વીતરાગી સ્વભાવનો પિંડ છે, અકષાય-સ્વભાવનું દળ છે. અકષાયસ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય છે તે ક્યાંથી આવે છે ? અંદર અકષાયસ્વભાવ ભર્યો પડયો છે તેના આશ્રયે પ્રગટ થાય છે. તે સ્વભાવને પકડવાની ઊંડી ઊંડી ભાવના જોઈએ. જીવને સ્થૂલ એવા શુભરાગનો, વ્યવહાર-આચરણનો અભ્યાસ છે પણ અંતરમાં જે જ્ઞાયકદળ, અનંત આનંદનો પિંડ શાશ્વત બિરાજે છે તેને સમજવા માટે સૂક્ષ્મ ઉપયોગ કદી કર્યો નથી. તેને પકડવા માટે ઉપયોગને સૂક્ષ્મ કરવો પડશે પ્રભુ ! સાણસાથી મોટા સર્પ પકડાય પણ તેનાથી શું ઝીણું મોતી પકડાય ? મોતી પકડવા માટે તો સમાણી જોઈએ. એ રીતે ભગવાન આત્મા શુભરાગના સ્થૂલ ઉપયોગથી નહિ પકડાય પણ રાગરહિત સ્વસન્મુખતાના સૂક્ષ્મ ઉપયોગથી પકડવામાં આવશે. જેમ રાગનો સ્થૂલ ઉપયોગ પર્યાય છે તેમ રાગરહિત સૂક્ષ્મ ઉપયોગ પણ પર્યાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ દ્રવ્ય છૂટતું નથી તેમ દ્રવ્યના — ચૈતન્યદ્રવ્યસ્વભાવના — આશ્રયે ઘડાયેલા દૃઢ સંસ્કાર પણ છૂટતા નથી તેથી અહીં કહ્યું છે કે — ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે.

**'આત્મા તો શાશ્વત પદાર્થ છે ને?'**

ભગવાન ચૈતન્યપદાર્થ સનાતન શાશ્વત વસ્તુ છે ને? આદિ ને અંત વિનાની ચીજ છે ને? એની કદી શરૂઆત છે? એનો કદી નાશ છે? આત્મા કદી કોઈથી છેદાતો નથી, ભેદાતો નથી; તેનો કોઈ કર્તા-હર્તા-ધર્તા નથી; એ તો સ્વતઃસિદ્ધ શાશ્વત પદાર્થ છે.

**'ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે સાથે આવશે.'**

'હું જ્ઞાયક છું', હું 'શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું' એમ અંદરમાં યથાર્થ ઘોલન કરીને — ઉપલક ઉપલક વિચારોમાં નહિ પણ અંતર્મુખ યથાર્થ મંથન કરીને — તત્ત્વચિંતનપૂર્વક જો ઊંડા સંસ્કાર નાખ્યા હશે તો તે બીજા ભવમાં પણ સાથે જ આવશે. અત્યારે પાંચમો આરો છે, પૂર્ણ મુક્તિ તો થતી નથી, તેથી દૃઢ કરેલા સંસ્કાર તેને સ્વર્ગના ભવમાં સાથે જશે. સાથે શુભભાવ છે, તેનાથી પુણ્યબંધ થાય છે, તેથી સ્વર્ગમાં જશે, પણ ત્યાં તેને તત્ત્વના સંસ્કાર સાથે જ રહેશે. સમજાણું કાંઈ?

પ્રભુ! તું શાશ્વત છે ને? ધ્રુવ છે ને? શાશ્વતમાં શાશ્વતતાના સંસ્કાર નાખવાથી તે શાશ્વત ચીજની સાથે જ જશે. જેમ શુભાશુભ ભાવ કરે છે ને જે પુણ્યપાપ બંધાય છે તે પણ સાથે જાય છે ને! તેમ જ્ઞાનાદિ અપાર ઊંડા સ્વભાવથી ભરેલા ભગવાન આત્મામાં અંદર મંથન કરીને, પોતાના સ્વરૂપ તરફની એકાગ્રતાનો પ્રયત્ન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે, સ્વર્ગમાં જશે ત્યાં પણ, સાથે જ આવશે.

હવે કહે છે કે — કદાચિત્ સમ્યગ્દર્શન પહેલાં ન થાય, તોપણ આ સંસ્કાર રહી જાય તો તે સાથે આવશે અને તેના બળ વડે પુરુષાર્થ વધારીને બીજા ભવમાં પણ સમ્યગ્દર્શન પામી જશે. આ બાબતમાં વનવાસી દિગંબર સંત શ્રી પદ્મનંદિ-આચાર્યદેવે એકત્વ-અધિકારના ૨૩મા શ્લોકમાં કહ્યું છે :

"तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम् ॥"

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જે જીવે પ્રસન્નચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.''**

ચૈતન્ય આનંદકંદ ભગવાન આત્મા અનંત ગુણોનો દરિયો અંતરમાં હિલોળા મારતો ભર્યો પડ્યો છે. ક્ષેત્ર ભલે શરીરપ્રમાણ ટૂંકું, પણ સ્વભાવની અનંતતાનો પાર નથી. જેણે એવી વાત પણ અંદરના અતિશય પ્રેમથી — પ્રસન્ન ચિત્તથી — સાંભળી છે, સંસ્કારનો દોરો ચૈતન્યદ્રવ્યમાં પરોવી દીધો છે, તે ભવ્ય જીવ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે; સમ્યગ્દર્શન તેમ જ ચારિત્ર પ્રગટ કરીને એક-બે ભવમાં અવશ્ય કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રાપ્ત કરશે.

જેમ ઝીણી સોય, જો દોરો પરોવ્યો હોય તો, ખોવાય નહિ, ચકલી માળામાં લઈ ગઈ હોય તોપણ દોરો સાથે છે તેથી તે મળી આવશે; તેમ આ જ્ઞાયક ભગવાન આત્મા રાગથી રહિત વીતરાગતાની મૂર્તિ છે, અનાકુળ આનંદનો કંદ છે — એવી ચૈતન્યતત્ત્વની વાર્તા પણ જેણે અંતરના પ્રેમથી, હરખથી, રુચિથી સાંભળી છે તે પુરુષ અવશ્ય ભવ્ય છે; ભવવનમાં તે ખોવાશે નહિ, કેમ કે તે થોડા વખતમાં જ થનાર કેવળ-જ્ઞાન અને મુક્તિનું પાત્ર છે.

જીવે અનાદિથી પર્યાયમાં પુણ્યપાપરૂપ વિભાવના સંસ્કાર પાડ્યા છે. જન્મેલું બાળક જેમ વગર શીખવ્યે માતાને ધાવે છે, — કોણે શીખવ્યું ? એ પૂર્વના સંસ્કાર છે ને ? પૂર્વજન્મના સંસ્કાર કામ કરે છે ને ? — તેમ જેણે અતીન્દ્રિય આનંદના નાથની વાત પણ અંદરના પ્રેમથી સાંભળી હોય, આનંદને ચૂસવાના સંસ્કાર નાખ્યા હોય તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી પરમાનંદદશારૂપ મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. અહા ! આ વાત લોકોને આકરી પડે છે ને તેથી કહે છે : આનું કાંઈ સાધન બતાવો. ભાઈ ! જે બાહ્ય ક્રિયા અને શુભભાવને તમે સાધન માનો છો તે ખરેખર સાચું સાધન જ નથી. પ્રજ્ઞાછીણી — પર ને વિભાવથી આત્માની ભિન્નતાનું ભેદજ્ઞાન અને આત્માનુભૂતિ — તે જ એકમાત્ર રાગથી પૃથક્ થવાનું સાધન છે. ખાણમાં જેમ મોટા મોટા પથ્થરોની શિલાઓ વચ્ચે ઝીણી સાંધ હોય છે, તેમ ભગવાન આત્મા અને રાગ વચ્ચે સાંધ છે. તે સાંધ ઉપર પ્રજ્ઞાછીણી પટકવાથી ભગવાન આત્મા અને રાગ બંને છૂટા પડી જાય છે.

જેમ શરીરાદિ પરદ્રવ્ય મારું નથી, તેમ રાગ, મારી પર્યાયમાં થતો હોવા છતાં, મારો સ્વભાવ નથી, હું તો સ્વભાવે પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ છું; — એમ અંદરની તીવ્ર રુચિપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે તો પુરુષાર્થમાં આગળ વધીને અવશ્ય સંપૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષદશા પ્રાપ્ત કરશે. દુઃખથી સંપૂર્ણ મુક્તિ અને પરમાનંદની સંપૂર્ણ પ્રાપ્તિ તે મોક્ષદશા છે. દુઃખથી મુક્તિ અને સુખની પ્રાપ્તિ અંશે તો ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન થતાં વેંત જ થઈ જાય છે, ચારિત્રદશા થતાં વિશેષ થાય છે. સમ્યગ્દૃષ્ટિને આનંદ પ્રગટ થયો છે પણ તે અલ્પ છે, સાથે દુઃખ પણ વેદનમાં છે. આગળ વધીને દુઃખનો સંપૂર્ણ નાશ તથા પૂર્ણ સુખની પ્રાપ્તિ તે કરી લેશે. બીજ ઊગી છે તો પૂનમ થશે, થશે ને થશે જ; તેમ સમ્યગ્દર્શનરૂપ બીજથી અનુક્રમે ભવિષ્યમાં મુક્તિ થશે, થશે ને થશે જ. તેમાં કોઈ સંદેહ નથી.

—o—

## વચનામૃત — ૨૯૦

**આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે. તેની સાથે અંદરમાં તન્મયતા કરવી તે જ કરવાનું છે. વસ્તુસ્વરૂપ સમજીને 'હું તો જ્ઞાયક છું' એવી લગની લગાડે તો જ્ઞાયકની સાથે તદાકારતા થાય. ૨૯૦.**

**'આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે.'**

શું કહે છે? ભગવાન આત્મા, જ્ઞાન જેમાં મુખ્ય છે એવા અનંત ગુણોના સમુદાયસ્વરૂપ શાશ્વત દ્રવ્ય છે. સ્વપર-પ્રકાશક જેનો સહજ સ્વભાવ છે એવું આ જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે; કેમ કે આત્મદ્રવ્ય સિવાય બીજાં દ્રવ્યોમાં જ્ઞાનગુણ હોતો નથી, તથા આત્માના અનંત ગુણોમાં પણ સ્વપર-પ્રકાશનસ્વભાવી જ્ઞાનગુણ જેવો બીજો કોઈ ગુણ નથી. બીજો કોઈ ગુણ જાણવાનું કાર્ય કરતો નથી. આમ જ્ઞાન આત્માનો ખાસ ગુણ હોવાથી આત્મા જ્ઞાનપ્રધાન — જ્ઞાન જેમાં મુખ્ય છે એવા અનંતગુણોના સમુદાયરૂપ દ્રવ્ય છે.

આત્મામાં માત્ર એક જ્ઞાનગુણ જ છે એમ નથી; પરંતુ અનંત-અનંતને જાણવાનો જેનો અપરિમિત સ્વભાવ છે એવા જ્ઞાનગુણની સાથે રહેલા શ્રદ્ધા, ચારિત્ર, આનંદ વીર્ય આદિ તથા અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રદેશત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ આદિ અનંત ગુણોનો અખંડ સમુદાય તે આત્મા છે.

અરે! આ સમજણ કરવી તે, લોકોને કઠણ લાગે છે, તેથી કાંઈક બીજે રસ્તે ચડી જાય છે. તેમને એમ થાય છે કે — નગ્ન મુનિ થઈને આટલી ક્રિયાઓ કરે એ શું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ધર્મ નહિ ? ભાઈ ! એ ધર્મની ક્રિયા નહિ; અંતરમાં રાગરહિત જ્ઞાનનું પરિણમન થવું તેને, ભગવાને 'ધર્મની ક્રિયા' કહી છે. દિલ્હીમાં એક દિગંબર મુનિએ પ્રશ્ન પૂછ્યો હતો કે સમયસારની ૧૫૫મી ગાથામાં 'जीवादीसद्दहणं सम्मत्तं' કહ્યું છે, જેનો ટૂંકો સ્પષ્ટ અર્થ છે કે 'જીવાદિનું શ્રદ્ધાન તે સમ્યકત્વ છે'. તેની ટીકામાં લંબાણ કરવામાં આવ્યું છે કે 'જીવાદિના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું—પરિણમવું તે સમ્યક્ત્વ છે;' આનો શો હેતુ છે ? અહીંથી જવાબમાં કહ્યું હતું કે—જીવાદિનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે, એમ કહ્યું ત્યાં શ્રદ્ધાનનો અર્થ શો ? વિકલ્પાત્મક શ્રદ્ધા ? નહિ. શુદ્ધ પરિણતિરૂપ શ્રદ્ધા. જ્ઞાનસ્વભાવી આત્માનું ભાન કરીને, જ્ઞાનસ્વભાવી આત્માનું શુદ્ધ શ્રદ્ધાનસ્વભાવે પરિણમી જવું તે સમ્યક્ત્વ છે. આવું સમજાવવાનો ટીકાનો હેતુ છે. શ્રદ્ધાનસ્વભાવે પરિણમન થતાં, જ્ઞાનપરિણમન, આનંદપરિણમન, પ્રભુત્વપરિણમન, સ્વચ્છત્વપરિણમન, સ્વસંવેદનપ્રત્યક્ષ થવાની શક્તિ હોવાથી સ્વસંવેદનપ્રત્યક્ષપરિણમન ઇત્યાદિ થઈ જાય છે.

વસ્તુસ્વરૂપના સૂક્ષ્મ ન્યાયો સમજ્યા વિના, કહેવાતા વિદ્વાનો પણ અર્થનો અનર્થ કરી નાખે છે. એક વિદ્વાને તર્ક કર્યો હતો:—'અહીં નવ કોટિએ બ્રહ્મચર્ય પાળે અને તેને સ્વર્ગમાં દેવાંગનાઓ મળે એમ શાસ્ત્રમાં કહ્યું છે; તો શું બ્રહ્મચર્ય પાળવાના ફળમાં દેવાંગના (-અબ્રહ્મચર્ય) મળે ? આ વાત બેસતી નથી'. ભાઈ ! તમારો તર્ક સાચો નથી. દેવાંગનાની પ્રાપ્તિ તે કાંઈ બ્રહ્મચર્યરૂપ શુદ્ધ પરિણતિનું ફળ નથી; પણ જ્યાં સુધી પરિણતિ પૂર્ણ શુદ્ધ થતી નથી ત્યાં સુધી અધૂરાશને કારણે જે શુભ રાગ આવે છે તેનાથી શેનું બંધન થાય ?—પુણ્યનું કે પાપનું ? જો પુણ્યનું બંધન થાય છે તો તેના ફળમાં સ્વર્ગ અને તેના ઉપભોગો પ્રાપ્ત થાય તેમાં અઘટિત શું છે ? ત્યાં પણ તત્ત્વદૃષ્ટિ હોવાથી અબ્રહ્મમાં—દેવીઓમાં —અંદરથી એકત્વબુદ્ધિએ લેપાયા વિના, દેવપર્યાય પૂર્ણ કરી, પછી મનુષ્યમાં અવતાર લઈ સંયમ ધારણ કરીને પૂર્ણ બ્રહ્મપદ પ્રાપ્ત કરી લેશે. બીજા એક વિદ્વાને એવો તર્ક કર્યો હતો કે—'વર્તમાન જયોર્જ અને એડવર્ડ રાજાઓને એક જ રાણી હોય છે, અને જૈનનાં શાસ્ત્રમાં શાન્તિનાથ, કુંથુનાથ અને અરનાથ ચક્રવર્તી તીર્થંકરને, કે જે જન્મથી જ સમ્યગ્દૃષ્ટિ અને ત્રણ જ્ઞાનના ધણી હતા તેમને, ૯૬ હજાર રાણીઓ કહી છે. અરર ! એકથી વધુ રાણીઓ રાખે એ તો વ્યભિચારી કહેવાય'. ભાઈ ! જરા ધીરા થાવ. એકદમ ઉતાવળા થઈને જ્ઞાની તીર્થંકરોને વ્યભિચારી ન કહી દો. જ્ઞાનીને ગૃહસ્થદશામાં એક સ્ત્રી હો કે ૯૬ હજાર સ્ત્રીઓ હો—એ બધું પુણ્યના ફળરૂપ બાહ્ય સંયોગ છે. તેને સંખ્યા સાથે શો સંબંધ છે ? પાતળા શરીરવાળાને ઓછા પરમાણુઓનો સંયોગ છે અને જાડા શરીરવાળાને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઝાઝા પરમાણુઓનો સંયોગ છે. ઝાઝા પરમાણુઓનો સંયોગ હોવો શું દોષ છે? એમ પુણ્યના ફળમાં સ્ત્રીઓ થોડી હોય કે ઘણી હોય તેમાં સંખ્યા સાથે શો સંબંધ છે? ઝાઝી સ્ત્રીઓ હોય તો રાગનું વેદન ઝાઝું હોય અને ઓછી સ્ત્રીઓ હોય તો રાગનું વેદન થોડું હોય — એવો કોઈ માપદંડ છે? પુણ્યના યોગે બહારમાં ઘણી સ્ત્રીઓ હોય છતાં જ્ઞાનીને રાગનું વેદન ઓછું હોય છે અને વાંઢાને એક પણ સ્ત્રી હોતી નથી છતાં રાગનું વેદન ઘણું તીવ્ર હોય. માટે સ્ત્રીઓની સંખ્યા ઉપરથી જ્ઞાનીને રાગની તીવ્રતા કે વ્યભિચારીપણું કહેવાય નહિ.

અહીં કહે છે કે — આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે. જાણવું, જાણવું, જાણવું — એમ જાણનસ્વભાવની મુખ્યતા કરીને 'જ્ઞાનપ્રધાન' કહ્યું છે; ત્યાં માત્ર જ્ઞાન નામનો એક ગુણ જ છે એમ નથી, પણ તેની સાથે શ્રદ્ધા, આનંદ, વીર્ય આદિ અનંત ગુણોનો અખંડ પિંડ છે.

**'તેની સાથે અંદરમાં તન્મયતા કરવી તે જ કરવાનું છે.'**

સહજ જ્ઞાન જેનો મુખ્ય સ્વભાવ છે એવા નિજ ચૈતન્યદ્રવ્યમાં એકાગ્રતા કરવી, અંદર જ્ઞાયકસ્વભાવમાં તન્મયતા કરવી એ જ કરવા જેવું છે. પર્યાય જે બહિર્મુખ હતી તેને અંદર ધ્રુવ દ્રવ્યસ્વભાવ સાથે જોડી દેવી — એવો તન્મયતાનો અર્થ છે; પણ પર્યાયરૂપ અંશ દ્રવ્ય-અંશરૂપ થઈ જાય છે એવો તન્મયતાનો અર્થ નથી. પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકદ્રવ્ય તરફની એકાગ્રતા કરવી એ જ કર્તવ્ય છે. અનાદિથી રાગ સાથે જે એકતા કરી રાખી છે તે તોડીને આત્મસ્વભાવ સાથે એકતા — તન્મયતા કરવાની છે. શુભરાગ કે પુણ્યપાપ એ કાંઈ આત્માનું ખરું કર્તવ્ય નથી. એ બધા તો વિભાવભાવ છે, આત્માનો ધર્મ નથી, પણ જ્ઞાનપ્રધાન અનંત ગુણોના પિંડસ્વરૂપ આત્મામાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ એકાગ્રતા — તન્મયતા કરવી તે ધર્મ છે અને તે જ આત્માનું કર્તવ્ય છે.

આત્મામાં જે અનંત શક્તિઓ છે તેમાં 'અકાર્યકારણત્વ' નામની પણ એક શક્તિ છે. આ શક્તિના કારણે આત્મા કર્મ વગેરે પરદ્રવ્યનું કાર્ય પણ નથી ને કારણ પણ નથી. સ્વભાવની દૃષ્ટિએ તો આત્મા રાગનું પણ કારણ નથી અને સમ્યગ્દર્શન વગેરે શુદ્ધ પર્યાય રાગનું કાર્ય પણ નથી. આત્મા પરમાર્થદૃષ્ટિએ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના કે વ્યવહારરત્નત્રયના રાગનું કારણ થાય અને તે રાગ સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાયનું કારણ થાય — એમ નથી. આવી અકાર્યકારણત્વ આદિ અનંત શક્તિઓ જેમાં ભરપૂર પડી છે એવા નિજ જ્ઞાયક આત્મામાં એકાગ્ર થવું એ જ કર્તવ્ય છે. બાકી બહારનું જ્ઞાન તો ઓછુંવત્તું હોય, — એની સાથે સાધનાને કોઈ સંબંધ નથી. અગિયાર અંગ ને નવ પૂર્વની ધારણા કરી લે તેથી આત્મામાં શું આવ્યું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા પરનું — બહારનું તો, કરી શકતો જ નથી. તે પરિણમે છે માટે 'કર્તા' છે. જ્યારે તે વિભાવપરિણામે પરિણમે છે ત્યારે પણ સ્વભાવને છોડીને વિભાવરૂપે પરિણમતો નથી, 'આત્મા સ્વભાવને છોડીને એકાકારપણે રાગને કરે છે' એવી અજ્ઞાનીની માન્યતા તે ભ્રમ છે, મિથ્યાત્વ છે. રાગ પોતાના પરિણમનમાં પોતે કરે છે માટે કર્તા, પણ રાગ કરવા લાયક છે એવી બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. જ્ઞાનીને અંદર વસ્તુનું ભાન — સમ્યગ્દર્શન થયું છે, છતાં પર્યાયમાં હજુ સંપૂર્ણ વીતરાગ થયો નથી તેથી રાગ છે, દ્વેષ છે, ભોગની વાસના છે અને બીજા અનેક પ્રકારના વિભાવો છે. મુનિદશામાં પણ પોતાને યોગ્ય વિભાવપરિણમન હોય છે. પોતે પરિણમે છે તે અપેક્ષાએ કર્તા કહેવામાં આવે છે, પણ વિભાવભાવ આત્માનું કર્તવ્ય નથી, કર્તવ્ય તો એક માત્ર વીતરાગભાવ છે.

પરથી કે નિમિત્તથી થાય એ વાત તો છે જ નહિ, પણ જીવને પોતાની પર્યાયમાં જે રાગાદિ વિભાવ થાય છે તે કોનું પરિણમન છે? તેનું પોતાની પર્યાયમાં અસ્તિત્વ છે કે નહિ? સમકિતીને પણ અસ્થિરતાના રાગનું પોતાની પર્યાયમાં અસ્તિત્વ છે કે નહિ? જો રાગનું અસ્તિત્વ છે તો દુઃખનું અસ્તિત્વ છે કે નહિ? રાગ દુઃખ જ છે. 'યહ રાગ આગ દહૈ સદા' — સમકિતીને પણ રાગ ભઠ્ઠી લાગે છે. અહા! આવી વાત છે.

અહીં એમ કહે છે કે જ્ઞાનલક્ષણથી લક્ષિત અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્મામાં રાગથી વિમુખ થઈ, એકાગ્રતા કરવી — એ જ કર્તવ્ય છે.

**“ વસ્તુસ્વરૂપ સમજીને 'હું તો જ્ઞાયક છું' એવી લગની લગાડે તો જ્ઞાયકની સાથે તદાકારતા થાય.”**

વસ્તુ તરીકે તો હું જાણવા-દેખવાવાળો 'જ્ઞાયક' છું, રાગનો હું કર્તા નથી. 'પરિણમે તે કર્તા' — એમ પરિણમનની અપેક્ષાએ કર્તા કહેવાઉં, પણ વસ્તુસ્વરૂપે તો 'હું કેવળ જ્ઞાયક જ છું'. એવી અંદરથી સાચી લગની લગાડે તો જ્ઞાયક સાથે એકાકારપણું થાય. અનાદિથી રાગમાં એકાકાર થતો હતો, હવે લક્ષ સ્વસન્મુખ બદલાવીને નિર્મળ પર્યાયમાં દ્રવ્યસ્વભાવ સાથે એકાકાર થયો. નિર્મળ પર્યાય દ્રવ્ય તરફ ઝૂકી ગઈ — એ, એકાકારનો અર્થ છે; પણ પર્યાય દ્રવ્યરૂપ થઈ ગઈ — એમ એકાકારનો અર્થ નથી. વસ્તુસ્વરૂપ સમજીને જ્ઞાયકસ્વભાવની લગની લગાડે તો જ તેની સાથે તદાકાર થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૦૯

તા. ૪-૧૦-૭૮

## વચનામૃત — ૨૯૧

**જિનેન્દ્રમંદિર, જિનેન્દ્રપ્રતિમા મંગળસ્વરૂપ છે; તો પછી સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ જિનેન્દ્રભગવાનના મહિમાની ને મંગળપણાની તો શી વાત! સુરેન્દ્રો પણ ભગવાનના ગુણોનો મહિમા વર્ણવી શકતા નથી, તો બીજા તો શું વર્ણવી શકે? ૨૯૧.**

**'જિનેન્દ્રમંદિર, જિનેન્દ્રપ્રતિમા મંગળસ્વરૂપ છે; તો પછી સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ જિનેન્દ્રભગવાનના મહિમાની ને મંગળપણાની તો શી વાત!'**

જિનેન્દ્રમંદિર, જિનેન્દ્રપ્રતિમા મંગળસ્વરૂપ છે; એનું સ્વરૂપ જ મંગળ છે. 'ચત્તારિ મંગલં'માં 'અરિહંતા મંગલં', 'સિદ્ધા મંગલં' આવે છે ને! — એમ અરિહંતનું મંદિર ને અરિહંતની પ્રતિમા પણ મંગળ છે. 'કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં' — વીતરાગસ્વરૂપ ભગવાન જ્ઞાયક આત્મામાંથી વીતરાગ ભાવનું પ્રગટ થવું તે કેવલિપ્રણીત ધર્મ છે. અંદરમાં પોતે ભાવમાંગલિકરૂપ — વીતરાગ ભાવરૂપ — પરિણમ્યા છે તો કેવળી ભગવાનની પ્રરૂપણાને નિમિત્તરૂપે બાહ્ય માંગલિક કહેવાય છે. 'મમ્' નામ પાપને — અહંકાર, મમકાર, રાગદ્વેષાદિ આસ્રવને — 'गल' નામ ગાળે, ટાળે તે આત્મા મંગળ છે; ઉત્તમ અને શરણ પણ તે જ છે.

નિશ્ચયથી ભગવાન આત્મા મંગળસ્વરૂપ છે. તેના અવલંબનથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મંગળમય પર્યાય પ્રગટ થાય છે. જ્ઞાયકતત્ત્વ પોતે જ મંગળ છે; તેના આશ્રયથી પર્યાયમાં જે વીતરાગી નિર્મળતા પ્રગટ થાય તે પણ મંગળસ્વરૂપ છે. મંગળમય સાધકદશામાં શ્રી જિનેન્દ્રભગવાન, જિનેન્દ્રમંદિર, જિનેન્દ્રપ્રતિમા, જિનેન્દ્રવાણી આદિ બાહ્ય ધર્માયતનો તરફ લક્ષ જતાં જે શુભ ભાવ આવે છે તે વ્યવહારે માંગલિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવામાં આવે છે. શુભભાવના આલંબનરૂપ જિનપ્રતિમા વગેરેને પણ ઉપચારથી માંગલિક કહેવામાં આવે છે. મુખ્ય માંગલિક તો પોતાનો વીતરાગભાવ છે; શુભરાગને તો વ્યવહારે મંગળપણાનો આરોપ દેવામાં આવે છે. ખરેખર તો વ્યવહાર માંગલિક — શુભ રાગ — બંધનું કારણ છે.

અહા! સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ જિનેન્દ્રપ્રભુના મહિમાનું ને મંગળ-પણાનું તો શું કહેવું! ભગવાન આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય આદિ, સંખ્યાએ જેનું કોઈ માપ નથી એવા, અનંત અનંત ગુણો છે. એટલી જ અનંત નિર્મળ પર્યાય એક સમયમાં ભગવાન અરિહંતને પ્રગટ થઈ છે. પર્યાયની મુદત એક સમયની, પણ એની સંખ્યા, જેમાં આ આખરની — છેવટની પર્યાય એમ છે નહિ એવી, અનંત-અનંત છે.

વસ્તુએ તો આત્મા પરમાત્મા છે, પણ પર્યાયમાં પ્રગટતા થઈ ત્યારે વ્યક્ત પરમાત્મા કહેવાય છે. તે પરમાત્માના ગુણો તથા પર્યાયોની અનંતતા તથા તેનો મહિમા ને મંગલપણાની શી વાત! અહા! ગજબ વાત છે ભાઈ! આ વાત ભાષામાં નહિ, ભાવમાં લે.

અહો! સમવસરણમાં બિરાજમાન, કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટયરૂપ અંતરંગ લક્ષ્મીથી તથા ઇન્દ્રો દ્વારા પૂજ્યપણું, ગગનવિહાર, ચામર આદિ બહિરંગ અલૌકિક વિભૂતિઓથી સુશોભિત અને ત્રિભુવનકલ્યાણકારી દિવ્યધ્વનિના નિત્ય મેઘ વર્ષાવનારા સાક્ષાત્ વીતરાગ જિનેન્દ્રભગવાનના એ અવર્ણનીય અદ્‌ભુત મહિમાની તો શી વાત! પણ તેમની સ્થાપનાસ્વરૂપ જિનપ્રતિમાનો મહિમા પણ ઘણો છે. પં. શ્રી બનારસી-દાસજીએ સમયસાર-નાટકમાં 'जिनप्रतिमा जिन-सारखी' — જિનપ્રતિમાને સાક્ષાત્ વીતરાગ જિનેન્દ્ર તુલ્ય કહી છે.

પ્રશ્ન:— બન્ને એકસરખાં છે?

ઉત્તર:— હા; અપેક્ષાએ બન્ને સમાન છે. સાક્ષાત્ જિનેન્દ્રદેવને વાણીનો યોગ હોય છે અને જિનપ્રતિમાને વાણીનો યોગ હોતો નથી — એટલો બંનેમાં તફાવત છે, બાકી ભક્તને વીતરાગ ભાવનાં દર્શન વગેરેનું પ્રયોજન બન્નેમાં સમાનપણે સિદ્ધ થાય છે. જિનપ્રતિબિંબનું માહાત્મ્ય દર્શાવતાં પં. બનારસીદાસજી કહે છે: જેના અંતરંગમાં સમ્યગ્દર્શનના તરંગ પ્રગટવાથી મિથ્યાત્વમોહનીયજનિત મોહનિદ્રાની અસાવધાની નષ્ટ થઈ ગઈ છે, જેના હૃદયમાં જૈનશાસનની શૈલી પ્રગટ થઈ છે, જેણે મિથ્યા-અભિમાનનો ત્યાગ કર્યો છે, જેને છ દ્રવ્યોના સ્વરૂપની ઓળખ થઈ છે, જેને જિનકથિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આગમના ઉપદેશનો શ્રવણલાભ મળ્યો છે, જેના હૃદયભંડારમાં આર્ષવચન (આચાર્યોનાં વચન) પ્રવેશ કરી ગયાં છે અને જેને સંસારસમુદ્રનો કિનારો આવી ગયો છે — ભવસ્થિતિ અલ્પ રહી ગઈ છે, તે જ 'जिनप्रतिमा प्रवांने जिन-सारखी' — જિનપ્રતિમાને જિનેન્દ્રદેવ તુલ્ય માને છે.

અહીં બેન કહે છે કે આ સાક્ષાત્ જિનેન્દ્રભગવાનના અચિન્ત્ય મહિમાની શી વાત કરવી! તે તો મંગળ, ઉત્તમ અને શરણસ્વરૂપ છે. શું કહે છે? સમ્યગ્દર્શન પ્રગટ થતાં અનંત ગુણોની પર્યાયમાં એકદેશ વ્યક્તતા થાય છે, પણ ભગવાન સર્વજ્ઞને તો એક સમયમાં બધા અનુજીવી ગુણોની પૂર્ણ પર્યાયો પ્રગટ થઈ ગઈ છે. અહો! જેની અનંતતાનો કોઈ પાર નથી એવી આ કોઈ અદ્‌ભુત ચૈતન્યચમત્કારી વસ્તુ છે! અનંતનો અનંત વાર વર્ગ કરો તોપણ આત્માના ગુણોની અનંત-અનંત-અનંતતાને પહોંચી શકાય નહિ. તે દરેક ગુણની પૂર્ણ પર્યાય જિનેન્દ્રપરમાત્માને પ્રગટ થઈ ગઈ છે. ઝીણી વાત છે ભાઈ! અહો! અરિહંતના આવા વાસ્તવિક સ્વરૂપને જે જાણે છે તેને મિથ્યાત્વમોહનો નાશ થાય છે અને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. શ્રી પ્રવચનસારની ૮૦ મી ગાથામાં આવે છે ને?

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ॥

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય લય પામે છે. ભગવાન આત્માનો સ્વભાવ અગાધ છે, તેમાં અનંત અનંત જ્ઞાનાદિ ગુણો છે અને તે ગુણોની પૂર્ણ પર્યાય એક સમયમાં ભગવાનને પ્રગટ થઈ ગઈ છે — એવી જેને અંતરથી પ્રતીતિ થઈ છે તેને પોતાનો આત્મા પણ દ્રવ્યે, ગુણે ને પર્યાયની શક્તિપણે એવો જ છે — એવી અંદરમાં પ્રતીતિ થઈ જાય છે અને તેના મોહનો નાશ થઈ જાય છે.

આકાશના ક્ષેત્રનો અંત નથી. આકાશ દસેય દિશામાં આગળ-આગળ-આગળ ચાલ્યું જ જાય છે, ક્યાં પૂરું થાય? એક પુદ્‌ગલપરમાણુ આકાશની જેટલી જગ્યા રોકે તેને પ્રદેશ કહે છે. એવા ક્ષેત્રપ્રદેશો આકાશને જેમ અનંત-અનંત છે તેમ ભગવાન આત્મા વગેરે બધા દ્રવ્યને એક સમયની પર્યાયો પણ સંખ્યાએ અનંત-અનંત છે. અહો!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક સમયની પર્યાયનો અંત છે પણ તેની સંખ્યાનો અંત નથી. સમજાણું કાંઈ? ભાષાએ આનો અંત આવે એમ નથી; અંતર્મુખ થઈ નિર્વિકલ્પ થાય ત્યારે આ વસ્તુ સમજાય એવી છે.

એક પુદ્‌ગલપરમાણુમાં પણ આકાશના પ્રદેશોથી અનંતગણા ગુણ છે, એની પર્યાયો પણ સંખ્યાએ અનંત-અનંત છે. અહા! શો વસ્તુનો સ્વભાવ! શા વસ્તુના અચિન્ત્ય ગુણો! અહા! આ બધાને એક સમયની પર્યાયમાં જાણી લેનાર એવા આ સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ જિનેન્દ્રભગવાનના અદ્‌ભુત મહિમાની ને મંગળપણાની તો શી વાત?

અરહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જે જ્ઞાન થયું તે છે તો પરલક્ષે, પણ તે દ્વારા પોતાના આત્મદ્રવ્યના સ્વરૂપને જાણી લેવું તે મોહના નાશનો ઉપાય છે. જેવું અરહંતનું દ્રવ્ય છે તેવું જ મારું દ્રવ્ય છે, તેમના જેવા ગુણો છે એવા જ મારા ગુણો છે, તેમને જેમ પર્યાયો પૂર્ણ પ્રગટતા પામી છે તેમ મારી પર્યાયો પૂરી પ્રગટી નથી; પણ નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનું અવલંબન લેવાથી અંશે જે પર્યાયો પ્રગટ થઈ તેની સંખ્યા પણ એટલી જ અનંત છે. 'સર્વગુણાંશ તે સમકિત'— સમકિત થતાં બધા ગુણો એકદેશ પ્રગટ થાય છે. ભગવાનને અનંત ગુણોની — સર્વ ગુણોની — પૂર્ણ પર્યાય પ્રગટ થઈ છે; સમકિતીને સંખ્યા તો એટલી જ છે, પણ પ્રગટતા પૂર્ણ નથી.

હીણી પર્યાય અને વિપરીત પર્યાય તો અમુક (જ્ઞાનાદિક અને શ્રદ્ધાદિક) અલ્પ ગુણોની જ થાય છે. બાકી (અસ્તિત્વાદિક) અનંત અનંત ગુણોની પર્યાયો તો સદાય પૂર્ણ અને શુદ્ધ-અવિપરીત જ રહે છે. આ વિષે એક વાર ઘણા વિચાર ચાલ્યા હતા.

સર્વ ગુણોનો નિર્મળ અંશ તો સમ્યગ્દર્શન થતાં વેંત જ પ્રગટ થઈ જાય છે, તેથી સમ્યગ્દૃષ્ટિ જીવને મંગલપણાની શરૂઆત થઈ ગઈ છે, જિનેન્દ્રભગવાનને તો પૂર્ણ નિર્મળ પર્યાયો પ્રગટ થઈ છે, તેથી તેમના મહિમાની ને મંગળપણાની શી વાત! તીર્થંકરનું આત્મદ્રવ્ય તો ત્રણે કાળે — સદાય મંગળ ગણવામાં આવ્યું છે.

પ્રશ્ન :— વસ્તુ તરીકે કે પર્યાય તરીકે?

ઉત્તર :— તીર્થંકરનું આત્મદ્રવ્ય વસ્તુ તરીકે, શક્તિ તરીકે, ગુણ તરીકે મંગળ જ છે તો તે પર્યાયમાં પ્રગટ થવાનું છે. ભવિષ્યમાં થનાર પર્યાયનો નૈગમનયે વર્તમાનમાં આરોપ કરીને 'તીર્થંકર' કહેવામાં આવે છે. અહીં કહે છે કે — સમવસરણમાં કેવળ-જ્ઞાન આદિ અનંત લક્ષ્મી સહિત જે જિનેન્દ્રભગવાન બિરાજે છે તેમના મહિમા ને મંગળપણાનું શું કહેવું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'સુરેન્દ્રો પણ ભગવાનના ગુણોનો મહિમા વર્ણવી શકતા નથી, તો બીજા તો શું વર્ણવી શકે?'**

સૌધર્મેન્દ્ર સમવસરણમાં જિનેન્દ્રભગવાનના ગુણોની સ્તુતિ કરે છે, પણ તે ભગવાનના અચિન્ત્ય મહિમાનું ને તેમના સાતિશય મંગળપણાનું પૂર્ણ વર્ણન કરી શકતા નથી, તો બીજા તો શું વર્ણવી શકે?

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦

તે પદ માત્ર અનુભવગમ્ય છે, બાકી એનું વર્ણન તો શું થાય? અહા! જિનેન્દ્રભગવાનનું આવું દ્રવ્ય, આવા ગુણ ને આવી પર્યાય—એનું વર્ણન ત્રણ જ્ઞાનના ધણી સુરેન્દ્રો પણ કરી શકતા નથી. વાણી જડ છે તે, ભગવાન ચૈતન્યની અલૌકિક પર્યાયનું કેટલું વર્ણન કરે? અહા! ઇંદ્રો પણ ભગવાનના ગુણોનો મહિમા તથા મંગળપણાનું વર્ણન કરી શકતા નથી, તો પછી બીજા તો શું કરી શકે?

—o—

## વચનામૃત — ૨૯૨

જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે. જેમ કોઈને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય, પણ તે પાડોશીને પોતાનો માની નથી લેતો, તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી. જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે, વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે. ૨૯૨.

**'જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે.'**

જેને શરીર આદિ પરદ્રવ્યોથી અને શુભાશુભ રાગરૂપ વિભાવોથી ભિન્ન નિજ જ્ઞાનાનંદમૂર્તિ ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવનું સમ્યગ્દર્શન થયું છે એવા સાધક જ્ઞાનીને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિ, સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા થઈ નથી તેથી, બહારમાં — શુભાશુભ રાગ વગેરેમાં — જાય છે તો ખરી, પરંતુ તે વખતે પણ તેને અંદર પરિણમનમાં જ્ઞાયક જુદો ને જુદો વર્તે છે. વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય, પ્રવચન-શ્રવણ વગેરે શુભ રાગ તેમ જ વેપારધંધા વગેરેના અશુભ પરિણામ જ્ઞાની ધર્માત્માને પણ આવે, ભૂમિકા અનુસાર પરિણતિ બહાર દેખાય, પણ તે જ વખતે તેને દૃષ્ટિમાં જ્ઞાયકનો આશ્રય સતત વર્તે છે.

**'જેમ કોઈને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય, પણ તે પાડોશીને પોતાનો માની નથી લેતો, તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી.'**

જેમ કોકને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય, છતાં પણ તે પાડોશીને પોતાનો માની લેતો નથી, તેમ જ્ઞાનીને પર્યાયમાં અસ્થિરતાજનિત વિભાવપરિણમન છે ખરું, પણ તેની સાથે તેને કદી એકત્વ થતું નથી. આ વાતને બેન ૨૯૫મા બોલમાં વિશેષ સ્પષ્ટતાથી કહેશે.

જ્ઞાનીને રાગાદિ વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી, છતાં પણ તેને પર્યાયમાં જેટલો રાગાંશ આવે છે તેટલું દુઃખનું વેદન છે. દૃષ્ટિ-અપેક્ષાએ તે રાગાદિ વિભાવનો કર્તા, ભોક્તા કે સ્વામી નથી, તેની સાથે એકત્વરૂપ પરિણમન નથી, પણ પર્યાયમાં જેટલા અંશે અંદર જ્ઞાયકપ્રભુના આશ્રયે વીતરાગતા પ્રગટ થઈ અને તે સમયે જેટલા અંશે પરલક્ષી પરિણમનથી વિભાવ થયો, તે બન્નેનું વેદન તેને એકસાથે હોય છે. વિભાવપરિણમન વખતે પણ તેને જ્ઞાયક જુદો ને જુદો જ વર્તે છે. જ્ઞાની જાણે છે કે સ્વભાવના આશ્રયે પ્રગટેલા આનંદનું વેદન પણ મારામાં છે અને સાથે જેટલો રાગ છે તેટલું દુઃખનું વેદન પણ મારામાં છે, પણ રાગના વેદનથી આનંદનું વેદન ભિન્ન છે, જાત જ જુદી છે.

અહા! ભગવાન આત્માનું — તેના ચમત્કારી દ્રવ્ય, ચમત્કારી ગુણો અને ચમત્કારી નિર્મળ પર્યાયોનું — જેને અંદરમાં જ્ઞાન-ભાન થયું તેને જ્ઞાયક જુદો જ વર્તે છે. પર્યાયમાં વિભાવ છે પણ તેની સાથે કદી એકત્વ થતું નથી. પર્યાયમાં આનંદ ને દુઃખ બન્ને એકસાથે છે ખરાં, પણ તેમનું એકત્વ થતું નથી, બંને જુદાં જ છે. અહીં તો દ્રવ્ય-દૃષ્ટિની વાત ચાલે છે ને? જ્ઞાનીને વિભાવમાં કદી પણ એકત્વપરિણમન થતું નથી, જ્ઞાયક સદા જુદો જ વર્તે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે, વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે.'**

અહા! જ્યાં શુભ રાગનો પણ લેપ એકત્વ તરીકે પોતાનાં દ્રવ્ય, ગુણ ને પર્યાયમાં નથી ત્યાં બીજા બહારના લેપની તો જ્ઞાનીને વાત જ ક્યાં રહી? જ્ઞાનીને વિભાવ તો ભિન્નપણે ઉપર ઉપર તરે છે, અંદર સ્વભાવમાં પેસી ગયો નથી. વિભાવ ઉપર ઉપર તરે છે તેથી વિભાવનું વેદન નથી એમ કોઈ કહે તો તે બરાબર નથી. સાધકને આનંદના પરિણમન સાથે જેટલી કચાશ છે એટલું રાગરૂપ પરિણમન છે, પણ તે બન્નેનું એકત્વ થતું નથી. અહા! એક પર્યાયના બે ભાગ! જેટલું આનંદનું વેદન તેટલું મારું અને જેટલો રાગનો સ્વાદ તે મારી ચીજ નહિ, તેનાથી હું ભિન્ન છું — એવો જ્ઞાનીને વિવેક છે.

જેમ કામધેનુ ગાય જ્યારે માગો ત્યારે ચોવીશેય કલાક દૂધ આપે, તેમ કામધેનુ-તુલ્ય ભગવાન આત્મા દૃષ્ટિગત થતાં સદાય આનંદ આપે. સ્વરૂપમાં એકાગ્રતા થતાં અંદરથી આનંદ, આનંદ ને આનંદની ધારા છૂટે. અરે! આવી વાત ક્યાં અને ક્યારે સાંભળવા મળે! ઉપદેશકોએ તો 'દયા પાળો, વ્રત કરો, તપસ્યા કરો' એમ જીવોને શુભ રાગના કર્તૃત્વમાં ચડાવી દીધા છે; પણ ભાઈ! આત્માનો મારગ અંદર કોઈ જુદો જ છે. અહીં તો એમ કહેવું છે કે ધર્માત્મા જ્ઞાનીનું પરિણમન અંદર કમળની જેમ સદા નિર્લેપ રહે છે. જ્ઞાની તો વિભાવથી ભિન્નપણે ઉપર તરતા ને તરતા રહે છે, તેમને વિભાવ છે તો ખરો, પણ તેની સાથે કદી પણ એકત્વ થતું નથી. સમજાણું કાંઈ?

———o———

## વચનામૃત — ૨૯૩

**જ્ઞાનીને તો એવી જ ભાવના હોય છે કે અત્યારે પુરુષાર્થ ઊપડે તો અત્યારે જ મુનિ થઈ કેવળ પામીએ. બહાર આવવું પડે તે પોતાની નબળાઈને લીધે છે. ૨૯૩.**

**'જ્ઞાનીને તો એવી જ ભાવના હોય છે કે અત્યારે પુરુષાર્થ ઊપડે તો અત્યારે જ મુનિ થઈ કેવળ પામીએ.'**

જેને અંતર્મુખ પુરુષાર્થના બળે દ્રવ્યદૃષ્ટિ — સમ્યગ્દર્શન, સ્વપરનું યથાર્થ ભેદવિજ્ઞાન પ્રગટ થયું છે, અંદર જે પૂર્ણાનંદનો ખજાનો છે તેનો અંશે અનુભવ થયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એવા જ્ઞાનીને તો એવી જ ભાવના હોય છે કે અત્યારે સ્વરૂપસ્થિરતાનો ઉગ્ર પુરુષાર્થ ઊપડે તો અત્યારે જ અંતરમાં મુનિદશા સાધીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લઉં. અહા! 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' આ જ ક્ષણે મુનિપણું લઈને કેવળજ્ઞાન થઈ જાય તો મારે એ જ કરવું છે, પણ પુરુષાર્થની નબળાઈને લીધે તે થતું નથી.

શું કહીએ! ધર્મીને રાગ આવે છે પણ રાગમાં રહેવાની ભાવના નથી, રાગ અંદરમાં ગમતો નથી, સારો લાગતો નથી, આ જ ક્ષણે પૂર્ણાનંદનો નાથ એવા મારા જ્ઞાયકપ્રભુમાં સમાઈ જઈ, રમી જઈ, મુનિ થઈને કેવળજ્ઞાન પ્રગટ કરું એવી અંતરમાં ભાવના છે, પણ નબળાઈને લીધે પુરુષાર્થ કામ કરતો નથી. પુરુષાર્થ ઊપડતો નથી તે કર્મના કારણે નહિ પણ પોતાની કમજોરીના કારણે. સમજાણું?

કેટલાક કહે છે: આત્મા અનંત શક્તિઓનો પિંડ છે, સ્વતંત્ર પદાર્થ છે, તો તમે મુનિપણું તથા કેવળજ્ઞાન કેમ લઈ લેતા નથી? તેથી એમ નક્કી થાય છે કે કર્મ છે માટે મુનિપણું અને કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. ભાઈ! એ વાત સાવ જૂઠી છે. પોતાના પુરુષાર્થની કચાશ છે માટે મુનિપણું, પૂર્ણ ચારિત્ર કે કેવળજ્ઞાન થતું નથી; તેમાં કર્મ વગેરે પરદ્રવ્યનો દોષ કાઢવો તે વાત બરાબર નથી.

વિ.સં. ૨૦૧૩માં મધુવનમાં આત્મા વગેરે દરેક પદાર્થની સ્વતંત્રતાની વાત ચાલતી હતી. તે વખતે એક ત્યાગી વિદ્વાને કહ્યું: "ગોમ્મટસારમાં 'જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાનની દશામાં હીનાધિકતા થાય છે' એમ આવે છે." પણ તેનો અર્થ શો? તે તો નિમિત્ત-અપેક્ષાનું કથન છે. પ્રભુ! તું પોતે તારી દશામાં જો જ્ઞાનની હીણપરૂપે પરિણમે છે, તું પોતે ભાવઘાતીરૂપે પરિણમે છે, તો દ્રવ્યઘાતીકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. પંચાસ્તિકાયની ૬૨મી ગાથાની ટીકામાં કહ્યું છે: જીવની વિભાવદશાનાં કારકો જીવમાં છે અને તેમાં નિમિત્તભૂત એવાં જડકર્મનાં કારકો જડમાં છે. જો બંનેનાં કારકો જ અત્યંત જુદાં છે, તો જડકર્મ જ્ઞાનની દશામાં હીનાધિકતા કઈ રીતે કરી શકે?

વિ.સં. ૧૯૯૭ માં એક દિગંબર આચાર્ય સોનગઢ આવ્યા હતા. તે કહેતા હતા કે—અમે કપડાં છોડીને બેઠા, પણ કર્મ ખસે તો કલ્યાણ થાય ને? અરેરે! જીવ અનાદિથી કર્મનો—પરનો વાંક કાઢતો આવ્યો છે, પણ 'કર્મ બિચારે કૌન, ભૂલ તેરી અધિકાઈ; અગનિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઈ'. આત્મા એકલો સ્વતંત્રપણે કર્મમાં જોડાય છે તો વિકાર થાય છે, કર્મ કંઈ બળજબરીથી વિકાર કરાવતું નથી. ઋષભદેવ તીર્થંકર જન્મથી ત્રણ જ્ઞાન ને ક્ષાયિક સમ્યક્ત્વ સાથે લઈને આવેલા; તેઓ પણ પુરુષાર્થની નબળાઈના કારણે ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થદશામાં રહેલા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તીર્થંકરના આત્માને પણ એવી ભાવના હોય છે કે 'આ જ ક્ષણે હું મુનિપણું લઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરું'. શ્રીમદ્‌રાજચંદ્ર ભાવના ભાવે છે કે—

મોહસ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦

બહારમાં નગ્ન થઈ જાય, પંચ મહાવ્રતના વિકલ્પો આવે, તે ચારિત્ર કે પ્રત્યાખ્યાન નથી; પણ 'સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે, તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે.' પર ને વિભાવથી ભિન્ન નિજ જ્ઞાયકમાં જ્ઞાનનું જે ઠરી જવું, રમવું તેનું નામ ચારિત્ર ને પ્રત્યાખ્યાન છે.

'બહાર આવવું પડે તે પોતાની નબળાઈને લીધે છે.'

અંદર આનંદના ધામમાંથી બહાર આવવું પડે તે પોતાની અસ્થિરતાના કારણે છે, કર્મના કારણે નહિ. ભૂમિકા અનુસાર વિકલ્પમાં આવવું પડે તેનું કારણ પોતાના પુરુષાર્થની નિર્બળતા છે. વિકાર થવામાં લોકો કર્મનો વાંક કાઢે છે અને કહે છે : કર્મ ટળે તો વિકાર ટળે. ભાઈ! તું પોતે ભૂલ કરે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે; તેથી જ કહ્યું છે : 'કર્મ બિચારે કૌન, ભૂલ તેરી અધિકાઈ'. અહા! આવી વાતો છે, લોકોને એકેએક વાત બેસવી કઠણ પડે.

———o———

## વચનામૃત — ૨૯૪

**જ્ઞાનીને 'હું જ્ઞાયક છું' એવી ધારાવાહી પરિણતિ અખંડિત રહે છે. તે બહારના ભક્તિ-શાસ્ત્રસ્વાધ્યાય આદિ પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય ત્યારે પણ તેમની જ્ઞાયકધારા તો અખંડિતપણે અંદર જુદી જ કાર્ય કર્યા કરે છે. ૨૯૪.**

"જ્ઞાનીને 'હું જ્ઞાયક છું' એવી ધારાવાહી પરિણતિ અખંડિત રહે છે."

જેને સ્વપરના યથાર્થ ભેદવિજ્ઞાનપૂર્વક પોતાના આત્માનો અનુભવ પ્રગટ થયો છે એવા જ્ઞાની ધર્માત્માને 'હું કેવળ જાણનાર, જાણનાર, જાણનાર છું' એવી ધારાવાહી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિ — જ્ઞાયકસ્વભાવી ભગવાન આત્માની જે સન્મુખતા થઈ તે દશા — કાયમ અખંડિત રહે છે. અસ્થિરતાને લીધે ભલે રાગ હોય પણ તેને તેનાથી ભિન્નતા કરવી પડતી નથી, ભિન્નતા સહજપણે વર્તી જ રહી છે. દરેક વખતે ભિન્નતાના વિચારો કરી કરીને ભિન્નતા ટકાવી રાખવી પડતી નથી, પણ 'હું રાગથી ભિન્ન કેવળ જ્ઞાયક જ છું' એમ સ્વભાવના આલંબનના બળે પહેલાં જે ભિન્નતા કરી છે તે ભિન્નતાની — જ્ઞાન-પરિણતિની — ધારા અખંડિતપણે વર્ત્યા જ કરે છે.

**'તે બહારના ભક્તિ-શાસ્ત્રસ્વાધ્યાય આદિ પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય ત્યારે પણ તેમની જ્ઞાયકધારા તો અખંડિતપણે અંદર જુદી જ કાર્ય કર્યા કરે છે.'**

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ભક્તિ, શાસ્ત્રાભ્યાસ, પ્રવચનશ્રવણ વગેરે શુભ રાગમાં ઉમંગથી જોડાતા દેખાય, ત્યારે પણ તેમની 'હું કેવળ જ્ઞાયક છું' એવી જ્ઞાનધારા તો અતૂટપણે અંદર ચાલ્યા જ કરે છે, તે જ્ઞાનધારા કદી રાગ સાથે એકમેક થતી નથી. સમજાણું કાંઈ? સમયસારના ૧૧૦ મા કળશમાં કહ્યું છે: સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન પણ છે અને ક્રિયારૂપ પરિણામ પણ છે — નીચલી દશામાં જ્ઞાનધારા ને કર્મધારા બન્ને સાથે છે. ત્યાં જ્ઞાનધારા શુદ્ધસ્વરૂપના અનુભવપણે છે, તેનાથી તે જ કાળે કર્મક્ષય થાય છે — એક અંશમાત્ર પણ બંધ થતો નથી અને સાથે ભક્તિ, શાસ્ત્રવાંચન કે વ્રતાદિ ક્રિયારૂપ જે કર્મધારા છે તેનાથી તે જ કાળે એકલો બંધ થાય છે, કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી. સાધકદશાનું સ્વરૂપ જ આવું છે. શાસ્ત્રશ્રવણ વગેરેના શુભરાગ વખતે પણ જ્ઞાનીને અંતરમાં જ્ઞાયકધારા તો સતત જુદી જ કામ કરી રહી હોય છે. શુભ પ્રત્યે હોંશથી જોડાતા દેખાય, છતાં અંદરમાં 'હું રાગથી ભિન્ન જ્ઞાયક જ છું' એવી પરિણમનધારા કાયમ ચાલતી જ રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૧૦

તા. ૫-૧૦-૭૮

## વચનામૃત — ૨૯૫

જોકે દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે અને વીતરાગતા-અંશરૂપ અન્તર્મુખતા સુખરૂપે વેદાય છે. જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં—પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં—દુઃખ ન લાગે અને અંદરમાં—વીતરાગતામાં—સુખ ન લાગે તો તે અંદર કેમ જાય? ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે—વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાન્તિ અને સ્વરૂપાનંદ છે. ૨૯૫.

'જોકે દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે.'

પહેલી વાત તો એ કે રાગના વિકલ્પથી પણ આ ભગવાન આત્મા ભિન્ન છે. જ્યાં દૃષ્ટિ રાગ વિનાના દ્રવ્યસ્વભાવને પકડે—જ્ઞાયક પ્રભુને અનુભવે—તે દશાને સાધકદશા કહે છે. અહા! દૃષ્ટિવંત એ જીવ ધર્મનો સાધક થયો. જેણે રાગની સાથે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકતા કરી છે તે મિથ્યાદૃષ્ટિ છે, એકાન્ત દુઃખી છે. ભલે તે રાજા હોય કે અબજોપતિ શેઠિયો હોય પણ જો તે અંદરમાં સ્વભાવની — ત્રિકાળી ચૈતન્યઘનની — સાથે વિભાવના કણને એકપણે અનુભવે છે તો તે સંસારી, મિથ્યાદૃષ્ટિ ને એકાન્ત દુઃખી છે.

પ્રશ્ન :— પૈસાવાળા સુખી કહેવાય છે ને ?

ઉત્તર : લોકો તો કહે છે કે આ પૈસાવાળા કરોડપતિઓ બધા સુખી છે, પૈસા, પત્ની, પરિવાર ને પ્રતિષ્ઠા — બધાં સુખનાં સાધનો છે; પણ ભાઈ ! એ બધાં તો મોહનાં — દુઃખનાં નિમિત્તો છે. જેને અંદર આનંદનો નાથ સહજાત્મસ્વરૂપ નિજ ચૈતન્યપ્રભુ દૃષ્ટિમાં આવ્યો નથી અને પૈસા, પ્રતિષ્ઠા વગેરે બાહ્ય ચીજો તથા રાગાદિ વિભાવો પર દૃષ્ટિ છે, અંતરનો પ્રેમ છે, તે ભલે નવમી ગ્રૈવેયકનો મોટો દેવ હોય કે ૨૮ મૂળગુણનો ચુસ્તપણે પાળનાર નગ્ન દિગંબર મુનિ હોય તોપણ, રાગની સાથે એકત્વબુદ્ધિ હોવાથી, મિથ્યાદૃષ્ટિ એકાન્ત દુઃખી છે.

અહીં સાધકની વાત કહી છે. સાધક એકલો સુખી છે કે તેને પણ કાંઈ દુઃખ છે ? દૃષ્ટિ-અપેક્ષાએ તો સાધકને આનંદ, દુઃખ વગેરે કોઈ પર્યાયનો કે જ્ઞાન, દર્શન વગેરે ગુણભેદનો સ્વીકાર નથી. દૃષ્ટિ પોતે નિર્વિકલ્પ — અભેદ છે, તેથી તેનો વિષય 'ભેદ' ન હોય; તેનો વિષય અભેદ નિર્વિકલ્પ જ્ઞાયક પ્રભુ છે. ભેદ અને અભેદને જાણે છે તો જ્ઞાન. દૃષ્ટિ અભેદને સ્વીકારે છે તેનો અર્થ તેને જાણે છે — એમ નથી, પણ જ્ઞાને — શુદ્ધનયે — જે અભેદ નિજ જ્ઞાયક સ્વભાવને રુચિપૂર્વક જાણ્યો તેમાં દૃષ્ટિ — શ્રદ્ધા — 'આ પૂર્ણસ્વરૂપ આત્મતત્ત્વ તે હું છું' એમ નિર્વિકલ્પ પ્રતીતિ કરે છે.

સાધકજીવ દૃષ્ટિ-અપેક્ષાએ કોઈ પર્યાયનો — સ્વાનુભૂતિ સુદ્ધાંનો — કે ગુણભેદનો સ્વીકાર કરતો નથી, તોપણ તેને આનંદમૂર્તિ ભગવાન આત્મામાં ઠરી જવાની ને પૂર્ણ પરમાનંદદશા પ્રગટ કરવાની ભાવના તો સતત વર્તતી હોય છે. સચ્ચિદાનંદ જ્ઞાયકપ્રભુના આલંબને જેમને અંતરમાં અતીન્દ્રિય આનંદનો અનેરો સ્વાદ આવ્યો છે એવા અવિરતિ સમ્યગ્દૃષ્ટિથી માંડીને આગળના બધા સાધકજીવોને અંદર પૂર્ણપણે ઠરી જવાની ભાવના તો નિરન્તર હોય છે. દૃષ્ટિમાં પર્યાયનો સ્વીકાર નહિ અને પરિણતિમાં આગળ વધવાની ભાવના; અહા, દૃષ્ટિ અને પરિણતિની કેવી સમતુલા !

**'રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે અને વીતરાગતા-અંશરૂપ અન્તર્મુખતા સુખરૂપે વેદાય છે.'**

જેને અંદર સત્ય દૃષ્ટિ પ્રગટી છે તેને, જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરીને જેટલી નિર્મળતા ખીલી છે તે તો આનંદરૂપે વેદાય છે અને જેટલો અસ્થિરતાનો રાગ આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે દુ:ખરૂપે વેદાય છે. સ્ત્રી, પુત્ર વગેરે બહારની ચીજો કોઈ સુખ કે દુ:ખ નથી, તે તો માત્ર જ્ઞેય છે. અંતરમાં સ્વરૂપ સાથે એકતા તે સુખ છે ને રાગ સાથે એકતા તે દુ:ખ છે. ધર્માત્માને સ્વરૂપ સાથે જેટલી એકતા થઈ છે એટલું વેદન સુખરૂપ છે, અને જેટલો અસ્થિરતાનો રાગભાવ છે એટલું દુ:ખ છે. અધર્મીને રાગનો રાગ હોવાથી — વિભાવ સાથે એકતાબુદ્ધિ હોવાથી — એકલું દુ:ખ જ છે, અંશમાત્ર સુખ નથી.

રાગાંશ છે તે બહિર્મુખતા છે, કેમ કે તેનું આલંબન સ્ત્રી, પુત્ર તથા દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પરપદાર્થ છે. સ્ત્રી, પુત્ર, લક્ષ્મી વગેરે પર તરફનો ભાવ તે અશુભ અને દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરેના લક્ષે થતો ભાવ શુભ છે. જ્ઞાનીને એ બન્ને ભાવો હોય છે. સાધકપણું થયું છે, અનંતાનુબંધી કષાય ટળી ગયો છે તેથી જ્ઞાનીને આખો રાગ — રાગનો રાગ — નથી, પણ માત્ર નબળાઈનો રાગાંશ છે. તેને અંશે આનંદદશા પ્રગટી છે. પણ જેટલી રાગાંશરૂપ બહિર્મુખતા છે તેટલો દુ:ખાંશ પણ છે. અહો! ભરત ચક્રવર્તી જેવા જ્ઞાની સમકિતીને પણ ભાઈ સાથે લડાઈ કરવાનો દ્વેષ આવ્યો; રાવણ સીતાનું હરણ કરી ગયો ત્યારે રામચંદ્રજીએ વીંટી આપીને હનુમાનજીને લંકા મોકલેલા, રાવણના વિદ્યાપ્રહારથી લક્ષ્મણજીને મૂર્ચ્છા આવી ત્યારે રામચંદ્રજીનું કલ્પાંત કે — ભાઈ લક્ષ્મણ ! આપણે વનમાં આવ્યા’તા ત્રણ જણા, તેમાં સીતાને તો રાવણ ઉપાડી ગયો અને તું આ સ્થિતિમાં પડ્યો છે, અરે ! આ શું થવા માંડ્યું છે ? —

આવ્યા’તા જ્યાં ત્રણ જણા ને જાશું એકાએક,
માતાજી ખબરું પૂછશે, તેને શા શા જવાબ દઈશ ?
લક્ષ્મણ! જાગને હો જી, બાંધવ! બોલને એક વાર.

ભાઈ ! એક વાર બોલ, એક વાર તો બોલ ! — આ બધું શું છે ? રાગાંશ છે. અરે ! ત્રણ લોકના નાથ શ્રી ઋષભદેવ તીર્થંકર સુદ્ધાંને ગૃહસ્થદશામાં પ્રજાને અસિ, મસિ, કૃષિ વગેરે વિદ્યા શિખવવાનો રાગાંશ આવ્યો હતો; શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથ કે જેઓ તીર્થંકર, ચક્રવર્તી ને કામદેવ — એ ત્રણ પદવીના ધારક હતા, જન્મથી જ ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા, તેમને પણ ૯૬ હજાર સ્ત્રીઓને પરણવાનો વિકલ્પ આવ્યો હતો. એ વિકલ્પ શું છે ? એ વિકલ્પ અશુભ છે, દુ:ખ છે. અમૃતસાગર ભગવાન આત્માના આલંબને પ્રગટેલી જ્ઞાનધારાની સાથે, જ્ઞાનધારાથી વિરુદ્ધ એવી રાગધારા જ્ઞાની તીર્થંકરને પણ હોય છે અને જેટલી રાગધારા છે એટલું દુ:ખનું વેદન પણ છે. તેમને જેટલી વીતરાગતાના અંશરૂપ અન્તર્મુખતા તેટલું આનંદનું વેદન છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધકજીવને — સમકિતી જ્ઞાની, અરે! ચારિત્રવંત મુનિ હોય એને — પણ પંચમહાવ્રત વગેરેનો જેટલો રાગ આવે છે તેટલું વેદન દુઃખરૂપ છે, જેટલી સ્વના આશ્રયે દર્શન, જ્ઞાન ને ચારિત્રની સ્થિરતા જામી છે એટલા અંશે વેદન આનંદરૂપ છે. અહા! આવી વાત છે, સમજાય છે કાંઈ? વાતને એમ ને એમ ધારી લે તેનાથી કાંઈ ન થાય, પણ તે એના ખ્યાલમાં બરાબર આવવી જોઈએ. અરે! શાસ્ત્રાનુસાર એવી ધારણા તો જીવે અનંત વાર કરી, પણ તેથી શું? ખરેખર તો પોતાની રુચિમાં આ વાત અંદરથી બેસવી જોઈએ.

ચક્રવર્તીને ૭૨ હજાર પાટણ, ૪૮ હજાર નગર, ૯૬ હજાર ગામ, ૯૬ હજાર રાણી અને નવ નિધાન વગેરેનો સંયોગ છે. એ શું તેને સુખરૂપ છે? નથી. તો શું એ દુઃખરૂપ છે? એ તો માત્ર દુઃખનાં નિમિત્તો છે. ધર્માત્માને તે નિમિત્તોને અનુરૂપ જે અલ્પ રાગ આવે છે તે દુઃખરૂપ છે, અને નિજ સચ્ચિદાનંદ પ્રભુના આશ્રયે જેટલી નિર્મળ દશા થઈ છે — વીતરાગતા થઈ છે — એટલું વેદન આનંદરૂપ છે.

**‘જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે.’**

સમ્યગ્દ્રષ્ટિને, શ્રાવકને તથા મુનિરાજને પોતપોતાની ભૂમિકા પ્રમાણે રાગ તો હોય, છતાં ‘મારું સ્વરૂપ એનાથી ભિન્ન છે’ એવું ન્યારાપણું તેમને અંતરમાં સતત વર્તે છે. એક કોર કહેવું કે જ્ઞાની રાગને વેદે છે, ને એક કોર કહેવું કે જ્ઞાની રાગથી ભિન્ન રહે છે, ન્યારો ને ન્યારો રહે છે! પર્યાયમાં રાગનું વેદન હોવા છતાં મારી ચીજ — દ્રવ્યસ્વભાવ — તેનાથી ભિન્ન છે. આવે છે ને? — જ્ઞાતાપુરુષ કર્મોદય, કર્મનિર્જરા, કર્મબંધ તેમ જ કર્મમોક્ષને માત્ર જાણે — માત્ર જ્ઞાતાપણે રહે, પણ તેને કરે-ભોગવે નહિ. અરે! રાગના ત્યાગનું કર્તાપણું — એ પણ નામમાત્ર છે. એ રીતે સાધકજીવ રાગથી — બહિર્મુખ પરિણતિથી — જુદો ને જુદો જ રહે છે.

પર્યાયમાં રાગનું વેદન હોવા છતાં, જ્ઞાનીને દૃષ્ટિમાં જ્ઞાયકપણાનું જોર છે કે એક સમયની વિભાવપર્યાયથી પણ મારું ત્રિકાળી તત્ત્વ ન્યારું છે. અનંત ગુણોનો ભંડાર ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો તે, વર્તમાન વેદનની પર્યાય જેટલો પોતાને માનતો નથી; તેનાથી તે ન્યારો રહે છે. ‘દુઃખનું વેદન વિભાવ છે, મારું સ્વરૂપ નથી’ એમ જ્ઞાની જુદો જ રહે છે. આનંદનું વેદન એ તો મારા સ્વભાવની સ્થિતિ છે અને રાગનું વેદન દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ મારું સ્વરૂપ નથી — એમ જ્ઞાની વિભાવથી સદા ન્યારો રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય.’**

આંખમાં જરી એક રજકણ આવે તો ખટક ખટક રહ્યા કરે, આંખને લાલ બનાવી દે; એમ આનંદકંદ ભગવાન આત્માની પર્યાયમાં જો રાગનો ભાગ આવે તો ખટક ખટક દુઃખ વેદાય છે. એક કોર કહેવું કે વર્તમાન દશામાં વિભાવ વેદાય છે અને એક કોર એમ કહેવું કે દ્રવ્ય-અપેક્ષાએ વિભાવ મારું સ્વરૂપ નથી; અહા કેવું વસ્તુસ્વરૂપ!

ભગવાન ચૈતન્યપદાર્થનું પરિણમન આનંદ ને શાંતિ છે. તેની વર્તમાન દશામાં રાગનું વેદન હોવા છતાં તે દ્રવ્યસ્વભાવનું પરિણમન નથી. એકાંત એમ માને કે પર્યાયમાં દુઃખનું વેદન નથી તો તે પણ મિથ્યાત્વ છે, અને એકાંત એમ માને કે ‘દુઃખ—વિભાવ મારો સ્વભાવ છે’ તો તે પણ મિથ્યાત્વ છે. અરેરે! જીવે અનાદિ કાળથી રખડવાનાં કામ કર્યાં છે, પણ અંદર ભગવાન ચૈતન્યપરમાત્મા એક સમયની જે પર્યાય છે તેની પાસે જ પડ્યો છે, તેને જોવા-જાણવાને વખત લીધો નથી. અહીં કહે છે કે પર્યાયમાં જે રાગનું વેદન છે તે મારામાં છે, મારે લઈને છે, છતાં પણ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ વિભાવ મારી ચીજ નથી. આંખમાં જેમ કણું ન સમાય તેમ દ્રવ્યસ્વભાવને આશ્રયે થયેલી વીતરાગતારૂપ અન્તર્મુખ પરિણતિમાં અંશે પણ રાગાદિ વિભાવ ન સમાય.

**‘જો સાધકને બહારમાં — પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં — દુઃખ ન લાગે અને અંદરમાં — વીતરાગતામાં — સુખ ન લાગે તો તે અંદર કેમ જાય?’**

સાધકજીવને પર્યાયમાં અધૂરાશ છે તેથી શુભ તેમ જ અશુભ રાગ આવે છે. તેને જેમ પ્રશસ્ત એટલે વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, ભક્તિ ને બહુમાનનો શુભ રાગ આવે છે તેમ તેને (ચોથા-પાંચમા ગુણસ્થાનવર્તી જીવને) સ્ત્રી, વિષય અને કુટુંબાદિ તરફના વલણનો અશુભ રાગ પણ આવે છે, છતાં દૃષ્ટિની અપેક્ષાએ તો તે જ્ઞાયકમાં જ વર્તે છે. અહા! સાધકનું સ્વરૂપ આવું છે ભાઈ! સાધકને જો પ્રશસ્ત અને અપ્રશસ્ત બહિર્મુખ રાગપરિણામમાં દુઃખ ન લાગે અને શુભાશુભ રાગ રહિત સ્વરૂપાનંદમય વીતરાગ પરિણતિમાં સુખ ન લાગે તો તે વારંવાર અંદર કેમ જાય?

અરે! ચોથે પાંચમે ગુણસ્થાને તો રૌદ્રધ્યાન પણ હોય છે. ૨૫ વર્ષનો જુવાન પુત્ર મરી જાય ત્યારે જ્ઞાનીને પણ આર્તધ્યાન થાય — એને કારણે નહિ પણ પોતાની નબળાઈના કારણે. તદ્દભવમોક્ષગામી ભરત ચક્રવર્તીને પણ, આદિનાથ ભગવાન જ્યારે અષ્ટાપદ પર્વત પરથી મોક્ષ પધાર્યા ત્યારે ‘અરે! ભરતક્ષેત્રમાંથી કેવળજ્ઞાની તીર્થંકર-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સૂર્ય અસ્ત થઈ ગયો' એમ ચોધાર આંસુથી પ્રભુના વિરહનું વેદન થયું હતું. તે વખતે સૌધર્મેન્દ્ર કહે છે — અરે! મિત્ર ભરત! તમને આ વિલાપ શો? તમે જાણો છો કે ભગવાનનો તો મોક્ષ થયો છે ને તમેય આ ભવમાં મોક્ષ જનાર છો, તમને આ ન શોભે. ભરત કહે છે: ઇન્દ્ર! મને ખબર છે, છતાં નબળાઈને લીધે પ્રભુ પ્રત્યેનો રાગાંશ આવે છે. મને ખબર છે કે આ રાગાંશ દુઃખ છે, પણ મારી ભૂમિકા નબળી છે તેથી એવો શુભ રાગ આવી જાય છે; પણ તે છે તો દુઃખરૂપ. પર્યાયમાં દુઃખનું વેદન હોવા છતાં દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ તે મારી ચીજ નથી. સાધકને જો રાગમાં દુઃખ ન લાગે, અંદર સ્વરૂપરમણતારૂપ વીતરાગતામાં સુખ ન લાગે, તો તે વારંવાર રાગથી છૂટીને અંદર કેમ જાય? શું કહ્યું? શુભાશુભ ભાવમાં દુઃખ અને અંદર સ્વરૂપમાં જતાં સુખ ન લાગે તો તે અંદરમાં જવાનો પ્રયત્ન કેમ કરે?

**"ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે — વિભાવનો અંશ તે દુઃખરૂપ છે."**

છ ઢાળામાં આવે છે ને! —

> યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઇયે,
> ચિર ભજૈ વિષય-કષાય અબ તો, ત્યાગ નિજપદ બેઇયે;
> કહા રચ્યો પરપદમેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુઃખ સહૈ,
> અબ 'દૌલ'! હોઉ સુખી સ્વપદ રચિ, દાવ મત ચૂકૌ યહૈ.

ધર્મી જીવને પણ ભૂમિકા-અનુસાર શુભાશુભ રાગ આવે છે પણ તે અગ્નિ સમાન બળતરા છે; અંદર અકષાયસ્વરૂપ, શાન્તસ્વરૂપ, વીતરાગસ્વરૂપ ભગવાન જ્ઞાયકનો આશ્રય લેવાથી જેટલી શુદ્ધિ પરિણમી છે તેટલી શાન્તિ, શીતળતા ને સુખ છે. સમયસારના મોક્ષ-અધિકારમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના વગેરે પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો છે. ત્રણ કષાયના અભાવસ્વરૂપ વીતરાગતા જેમને અંતરમાં પરિણમી છે, પ્રચુર સ્વસંવેદન નિરંતર વર્તી રહ્યું છે એવા પ્રશાન્તમૂર્તિ વીતરાગ મુનિરાજને પણ પ્રમત્તદશામાં પ્રતિક્રમણ વગેરેનો, ભગવાનનાં દર્શન કરવાનો — ભગવાન સાક્ષાત્ ન હોય તો જિનમંદિરે જઈ જિનપ્રતિમાનાં દર્શન-સ્તવન વગેરેનો — વિકલ્પ આવે છે. તે વિકલ્પરૂપ શુભરાગ પણ દુઃખરૂપ છે; તેને 'વિષકુંભ' — ઝેરનો ઘડો કહ્યો છે.

ભગવાનના સ્મરણનો કે ભક્તિનો ભાવ, પંચ મહાવ્રતનો વિકલ્પ, રાગમાં તીવ્રતા આવી ગઈ હોય તો તેની નિંદ-ગર્હાનો ભાવ, ભૂમિકાને ન શોભે એવા ભાવ થયા હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો ગુરુ પાસે જઈ નિવેદન કરવાનો ભાવ — એ બધો શુભ રાગ અમૃતસાગર ભગવાન આત્માના આલંબને પ્રગટેલી અતીન્દ્રિય અમૃતધારા આગળ ઝેર છે, વિષકુંભ છે. અહા, આવી ઝીણી વાતો! જન્મ-મરણના આંટામાં તને અન્ય કોઈ શરણ નથી પ્રભુ! અંદર આત્મામાં જવું એ જ એક શરણ છે, બહારમાં જવું એ તો એકલું દુઃખ છે. ક્યાંક રાગાદિ વિભાવને દુઃખ કહ્યું હોય, રાગરૂપી આગ કહી હોય, પ્રશસ્ત રાગને ઝેરનો ઘડો કહ્યો હોય, ગમે તે શબ્દોમાં કહ્યું હોય, પણ બધે કહેવાનો ભાવ — આશય તો એક જ છે કે — વિભાવનો એક કણ પણ દુઃખરૂપ છે. ચોથે ગુણસ્થાને શેષ ત્રણ કષાયનો ભાવ, પાંચમે ગુણસ્થાને શેષ બે કષાયનો ભાવ, છઠ્ઠે ગુણસ્થાને શેષ એક કષાયનો ભાવ દુઃખરૂપ છે. અરે! વિભાવનો નાનામાં નાનો અંશ પણ દુઃખરૂપ છે, સ્વભાવરૂપ પરિણમન જ એકમાત્ર સુખરૂપ છે.

**'ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાન્તિ અને સ્વરૂપાનંદ છે.'**

જેનાથી ઊંચામાં ઊંચું પુણ્ય બંધાય — તીર્થંકર-નામકર્મનો બંધ પડે, ચક્રવર્તી બળદેવ વગેરે ઊંચી પદવીઓ મળે એવો પુણ્યબંધ પડે — એવા ઊંચા શુભભાવ હોય કે ગુણ-ગુણીના વિકલ્પરૂપ — અતિસૂક્ષ્મ રાગરૂપ — પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે, ઝેર છે અને જેટલો સ્વભાવસન્મુખ થઈ નિવૃત્ત થયો, સ્વરૂપમાં લીન થયો તેટલી શાન્તિ અને સ્વરૂપાનંદ છે. શુભાશુભ ભાવ તો ઝેર છે જ, પણ તેના નિમિત્તે જે કર્મપ્રકૃતિ બંધાય છે તેને પણ વિષકુંભ અને વિષવૃક્ષ કહેલ છે. ભગવાન જ્ઞાયક આત્મા અમૃતનું ઝાડ છે અને ૧૪૮ કર્મપ્રકૃતિ તે ઝેરનું ઝાડ છે. સમયસારમાં કર્મને ઝેરનું ઝાડ કહ્યું છે ને? 'કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ; હું મારા ચૈતન્યસ્વરૂપ આત્માને નિશ્ચળપણે સંચેતું છું — અનુભવું છું.'

જોકે કેવળીભગવાનને પણ ચાર અઘાતિકર્મનો ઉદય છે; અઘાતિકર્મનો ઉદય તેમને દુઃખરૂપ નથી; તોપણ નીચલી મોહરાગદ્વેષરૂપ દશામાં અઘાતિકર્મનો ઉદય દુઃખનું નિમિત્ત થતો હતો તેથી, કેવળીને મોહરાગદ્વેષનો તથા અપૂર્ણતાનો અભાવ થઈને પૂર્ણ પરમાનંદ પ્રગટ થયો હોવા છતાં, અઘાતિકર્મનો ઉદય હજુ વિદ્યમાન હોવાથી તેમના આનંદને પરમ-અવ્યાબાધ આનંદપણું નથી. શ્રી અરિહંત પરમાત્માને જ્ઞાન, દર્શન, વીર્ય આદિ અનુજીવી ગુણોનો વિકાર અને તેનાં નિમિત્ત ચાર ઘાતિકર્મ ટળી ગયાં છે પણ વેદનીય આદિ ચાર અઘાતિકર્મ 'બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો...' હજુ બાકી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તેથી તેમને અવ્યાબાધ, સૂક્ષ્મત્વ, અવગાહ અને અગુરુલઘુત્વ વગેરે પ્રતિજીવી ગુણોની વિભાવપર્યાય છે, તોપણ તે આકુળતાજનક નથી. આઠ કર્મનો અભાવ થવાથી સિદ્ધ ભગવાનને સમ્યક્ત્વ, સુખ વગેરે આઠ ગુણ પ્રગટ થયા એમ શાસ્ત્રમાં કથન આવે છે ને? એનો અર્થ એમ નથી કે અરિહંતને પૂરું સુખ નથી. પરંતુ પૂર્વે ઘાતિકર્મજનિત દુઃખમાં અઘાતિકર્મજનિત શરીર આદિ સંયોગો નિમિત્ત હતા તે હજુ છૂટયા નથી તેથી તેમના સુખને એટલું અવ્યાબાધપણું નથી, એટલી અસિદ્ધત્વરૂપ કચાશ છે. અહા! આવી વાતો છે.

અહીં તો એ વાત ચાલે છે કે—ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિ-સૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય—દ્રવ્ય-ગુણ-પર્યાયના સૂક્ષ્મ વિચારરૂપ વિકલ્પ ઊઠે—તોપણ રાગમિશ્રિત વિચાર આદિ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે, બંધનું કારણ છે અને એ વિકલ્પોથી પણ નિવૃત્ત થઈ જેટલી સ્વરૂપરમણતા પ્રગટી તેટલી શાન્તિ ને સ્વરૂપાનંદ છે, બાકી બધી વાતો છે. શાન્તસ્વભાવ—શાન્તરસ એવા નિજ જ્ઞાયક ભગવાનનો આશ્રય લઈને અંદર ગયો એટલી શાન્તિ ને એટલો આનંદ; બાકી પ્રવૃત્તિના જેટલા વિકલ્પ ઊઠે—ભલે સ્થૂળ શુભરાગના પરિણામ હોય કે અતિસૂક્ષ્મ ગુણ-ગુણીના કે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો વિકલ્પ હોય—એ બધા દુઃખરૂપ છે.

સ્વભાવમાંથી બહાર નીકળવાની જેટલી વૃત્તિ છે તે બધી પ્રવૃત્તિ છે. 'નિયમ-સાર'માં તેને અનાવશ્યક કહ્યું છે, આવશ્યક નહિ. તેનાથી નિવૃત્ત થઈ સ્વરૂપમાં જામી જવું, અંદરમાં લીનતા થવી તે આવશ્યક છે. આવશ્યક એટલે અવશ્ય કરવાયોગ્ય, અથવા અવશ અર્થાત્ પરને વશ નહિ પણ નિજ જ્ઞાયક આત્માને વશ એવું સ્વાધીન સ્વરૂપલીનતારૂપી કાર્ય. નિવૃત્ત થઈ અંદર સ્વરૂપમાં જેટલી લીનતા પ્રગટી તેટલી શાન્તિ ને સ્વરૂપાનંદ છે. જ્ઞાયકઅમૃતસાગરને અંદરથી જેટલો ઉછાળે તેટલો આનંદ, ને જેટલો રાગમાં અટકે એટલું ઝેર. ધંધાનો ભાવ તે તો પાપ ને તીવ્ર ઝેર છે, પણ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો રાગ કે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો શુભ વિકલ્પ તે પણ સૂક્ષ્મ ઝેર છે; એકમાત્ર સ્વરૂપાનંદ જ પરમ-અમૃત છે.

———o———

## વચનામૃત—૨૯૬

**દ્રવ્ય તો સૂક્ષ્મ છે, તેને પકડવા સૂક્ષ્મ ઉપયોગ કર. પાતાળકૂવાની જેમ દ્રવ્યમાં ઊંડો ઊતરી જા તો અંદરથી વિભૂતિ પ્રગટે. દ્રવ્ય આશ્ચર્ય-કારી છે. ૨૯૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'દ્રવ્ય તો સૂક્ષ્મ છે, તેને પકડવા સૂક્ષ્મ ઉપયોગ કર.'**

ચૈતન્યદ્રવ્ય અરૂપી — અમૂર્ત ને સૂક્ષ્મ છે, તેને સમજવા માટે ઉપયોગ સૂક્ષ્મ કર. જે પરિણામથી સ્થૂળ એવાં દેહ, ઇંદ્રિયો ને વિભાવથી ભિન્ન નિજ ચૈતન્યપ્રભુ પકડાય તેને અહીં સૂક્ષ્મ ઉપયોગ કહે છે, અને જે પરિણામથી જ્ઞાયકપ્રભુ પકડાતો નથી તેને સ્થૂળ ઉપયોગ કહે છે.

**'પાતાળકૂવાની જેમ દ્રવ્યમાં ઊંડો ઊતરી જા તો અંદરથી વિભૂતિ પ્રગટે.'**

એક સમયની જે વર્તમાન પર્યાય તેની અંદર — સમીપ ત્રિકાળી ધ્રુવ તત્ત્વ છે. પાતાળકૂવાની જેમ ત્રિકાળી ધ્રુવ તત્ત્વમાં ઊંડો ઊતરી જા તો અંદરથી અનંત જ્ઞાન ને આનંદ આદિ સર્વ વિભૂતિ પ્રગટે. જેમ પાતાળકૂવો ફાટે ને પાણીની ધારા — ફુવારો ઊછળે, એમ એક ઊંડા જ્ઞાયકતત્ત્વને અંદરના ઊંડાણથી પકડ તો પર્યાયમાં નિર્મળતાની — આનંદની ધાર ઊછળશે, અંદરથી વિભૂતિ પ્રગટશે.

**'દ્રવ્ય આશ્ચર્યકારી છે.'**

જ્ઞાયકદ્રવ્ય જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણવૈભવથી ભરેલું કોઈ અદ્‌ભુત તત્ત્વ છે. સ્વભાવરૂપ વિભૂતિને સૂક્ષ્મ ઉપયોગ વડે એકાગ્રતાથી પકડતાં તે આશ્ચર્યકારી દ્રવ્ય હાથમાં આવશે, જેનાથી તારી અનાદિની ભવભ્રમણરૂપ દીનતા ટળી જશે. અહો ! આવું તત્ત્વ છે.

બધાએ એક જ કરવા જેવું છે — રુચિના વેગને અંતરમાં ચોંટાડી દેવો, એક શુદ્ધાત્માને જ ગ્રહણ કરવો. શુદ્ધાત્મામાં જ બધું ભર્યું પડ્યું છે. જેમાં જે હોય તેમાંથી તે આવશે. — આમ ગુરુદેવે જોરદાર વાણી વરસાવી છે. ગુરુદેવે પંચમ કાળમાં ભગવાનનો વિરહ ભુલાવ્યો છે.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૧૧

તા. ૬-૧૦-૭૮

## વચનામૃત — ૨૯૭

તારું કાર્ય તો તત્ત્વાનુસારી પરિણમન કરવું તે છે. જડનાં કાર્યો તારાં નથી. ચેતનનાં કાર્યો ચેતન હોય. વૈભાવિક કાર્યો પરમાર્થે તારાં નથી. જીવનમાં એવું જ ઘૂંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે, તે હું નથી. ૨૯૭.

'તારું કાર્ય તો તત્ત્વાનુસારી પરિણમન કરવું તે છે.'

જો તારે હિત કરવું હોય, ધર્મ કરવો હોય અને ભવનો અંત લાવવો હોય તો તત્ત્વાનુસારી — સહજ જ્ઞાન ને આનંદસ્વરૂપ, પૂર્ણ પ્રભુત્વમય, સહજ પરમ ઐશ્વર્ય-સ્વરૂપ ત્રિકાળી ધ્રુવ નિજ જ્ઞાયકતત્ત્વને અનુસરીને — પરિણમન કરવું એ જ તારું કાર્ય છે. પુણ્ય-પાપરૂપ વિકારી ભાવો અનાદિ કાળથી કરતો આવ્યો છે, પણ તે સંસાર છે, દુઃખમય છે અને પરિભ્રમણનું કારણ છે. હવે જો તારે ધર્મકાર્ય કરવું હોય તો જ્ઞાયક-ભાવ કોણ છે અને આ પુણ્ય-પાપમય વિકારી પરિણમન શું છે એનું ભેદજ્ઞાન કરી ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકતત્ત્વ અનુસાર નિર્મળ દશા પ્રગટ કરવી એ જ તારું કર્તવ્ય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ રમણતા — એ, તત્ત્વના અનુસારે થતી સાધકદશા છે, ધર્મીનો ધર્મ છે.

'જડનાં કાર્યો તારાં નથી.'

શરીર, વાણી ને મન, પૈસા, મકાન ને ધંધો કે સ્ત્રી, પુત્ર વગેરે પરજીવ, — તેમનાં કાર્યો કાંઈ તારાં નથી. શરીરનું હાલવું-ચાલવું, વાણી નીકળવી, ધંધો બરાબર ચાલવો એ બધાં કાર્યો જડનાં છે, આત્માનાં નહિ.

પ્રશ્ન:— જીવ રોટલા તો ખાય છે ને?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :— કોણ ખાય ને કોણ પીએ ? ખાવા-પીવાની ક્રિયા જડની જડમાં છે. તે ક્રિયા વખતે પરને અનુસરીને જે વિકાર થાય છે એ પણ વિભાવ છે, ચૈતન્યનું સ્વભાવ-કાર્ય નથી. અહા ! આવું છે આકરું કામ ! આમાં પ્રવીણતા કરવી પડશે, ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માને યથાર્થપણે ઓળખીને, તેનો અનુભવ કરીને અંતરમાં જ્ઞાનનું પરિણમન કરવું પડશે, — જો આત્મકલ્યાણની ભાવના હોય તો.

દુકાન ઉપર બેસી ધંધો કરવો, પૈસા મેળવવા, બંગલા બંધાવવા એ જડનાં કાર્યો તો તારાં નથી પણ અંદર જીવની દશામાં થતા પુણ્ય-પાપના વિકારી ભાવો પણ આત્માનાં કાર્ય નથી. જો તારે તારા હિતનું કાર્ય કરવું હોય, પરમ પદાર્થ એવા નિજ જ્ઞાયકપ્રભુને પ્રાપ્ત કરવો હોય તો — મિથ્યાત્વ અને પુણ્ય-પાપની પ્રાપ્તિ તો અનાદિથી કરી છે પરંતુ એ બધા તો ૮૪ લાખ યોનિઓમાં રખડવાના રસ્તા છે; તેનાથી તારે છૂટવું હોય તો — જ્ઞાન, શાંતિ ને અકષાયસ્વભાવથી ભરપૂર એવા નિજ ભગવાન આત્માને અનુસરીને અંતર્મુખ પરિણમન કરવું. એ તારું કાર્ય છે, જડને અનુસરવું તે તારું કાર્ય નથી. જડનાં કાર્યો તારાં નથી.

પ્રશ્ન :— મુમુક્ષુઓ જિનમંદિરો બંધાવે છે ને ? આપ અમને ઉપદેશ આપો છો ને ?

ઉત્તર :— ભાઈ! ધીરો થઈને સાંભળ તો ખરો. કોણ મંદિર બંધાવે ને કોણ ઉપદેશ આપે ? જડની એ દશા જડના કારણે થાય છે, જીવના કારણે નહિ. તે કાળે જીવને જે વિકલ્પ આવે છે તે પણ વિભાવકાર્ય છે, જીવનું સ્વભાવકાર્ય નથી. પરમાનંદસ્વરૂપ જ્ઞાયકપ્રભુને અનુસરીને અંતરમાં જે નિર્મળતા પ્રગટ થાય એ જ આત્માનું ખરું કાર્ય છે. અહા! અપૂર્વ વાત છે આ, ભાઈ! ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્મા દિવ્યધ્વનિમાં જે વાત કહેતા હતા તે, બેનની આ વાણીમાં આવી છે.

શરીર, વાણી ને મનની ક્રિયા — એ તો નહિ, પણ અંદર વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે એ પણ આત્માનું — આત્માની જાતનું — કાર્ય નથી. જ્ઞાન અને આનંદ-સ્વરૂપ નિજ ચૈતન્યપ્રભુને અનુસરીને અંતરમાં શુદ્ધ પરિણમન થયું એ જ આત્માનું નિર્મળ કાર્ય છે.

પ્રશ્ન :— આપના પુનિત પ્રભાવથી કરોડો રૂપિયા ખર્ચીને આખા કાઠિયાવાડમાં ગામેગામ જિનમંદિરો થયાં, ગુજરાત તેમ જ અન્ય પ્રાન્તોમાં પણ અનેક જિનમંદિરો થયાં, અહીં સોનગઢમાં પણ કરોડો રૂપિયા ખર્ચીને આવું અનુપમ તીર્થધામ થયું. આ બધું આપના પ્રતાપે થયું ને ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર :— ભાઈ! એ બધાં જડનાં પરિણમન જડના કારણે થાય છે, તે કાર્યો આત્માનાં નથી. 'જડભાવે જડ પરિણમે, ચેતન ચેતનરૂપ.'

પ્રશ્ન :— તે થવામાં આપનો પ્રભાવ તો ખરો ને?

ઉત્તર :— બિલકુલ નહિ; એ તો માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારકથન છે. જીવનો પ્રભાવ જડમાં કાંઈ કરી શકે નહિ.

જાલનામાં દિગંબર મુનિ•શ્રી ભવ્યસાગરજીનું ચોમાસું છે. તેમનો કાગળ આવ્યો છે. તેઓ લખે છે કે 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક અહીં ઘણા લોકો માગે છે; માટે તે પુસ્તકો અહીં મોકલો.

હવે અહીં આગળ કહે છે કે —

'ચેતનનાં કાર્યો ચેતન હોય.'

'જડનાં કાર્ય તારાં નથી' એમ નિષેધ કરીને હવે કહે છે કે — જાણવું-દેખવું અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધાં ચેતનનાં કાર્યો ચેતન હોય. શરીર, વાણી, મન વગેરે પરદ્રવ્યનાં કાર્ય તો ચેતનનાં નથી જ, પણ દયા, દાન, વ્રત, ભક્તિ વગેરેના ભાવ પણ પરમાર્થે ચેતનનાં કાર્ય નથી. લોકોને આ વાત જરા આકરી પડે, પણ શું થાય? વસ્તુનું સ્વરૂપ જ આ પ્રમાણે છે; જન્મ-મરણ રહિત થવાનો પંથ તો આ જ છે. વસ્તુસ્વરૂપ સમજ્યા વિના જીવે બહારની ક્રિયાઓ તો અનાદિ કાળમાં અનંત વાર કરી, અશુભભાવ છોડીને ઉપવાસ આદિના શુભભાવ પણ અનંત વાર કર્યા, પણ એ વિકૃત ભાવ તો સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે, તેનાથી જ્ઞાયકસ્વભાવનાં કાર્ય કેમ થાય?

'વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારાં નથી.'

'પણ' શબ્દ કેમ મૂક્યો? કેમ કે જડનાં કાર્યો તો તારાં નથી, પણ એ ઉપરાંત રાગાદિ વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારાં નથી. એટલે શું? તારી પોતાની પર્યાયમાં રાગાદિરૂપ પરિણમન છે માટે વૈભાવિક કાર્યો તારાં છે, પણ તે વિભાવભાવ આત્માનો સ્વભાવ નથી અને તે કરવા લાયક પણ નથી, માટે તે વૈભાવિક કાર્યો પરમાર્થે — સ્વભાવ દૃષ્ટિએ જોતાં — તારાં નથી. અરે! ધર્મી જીવને શુભાશુભ ભાવ આવે; એટલું પોતાનું અસ્થિરતાજનિત પરિણમન છે તે અપેક્ષાએ તેને તેનો કર્તા પણ કહેવાય; પરંતુ વસ્તુદૃષ્ટિએ જોતાં તે સ્વભાવનું કાર્ય નથી. અહાહા! સમજાય છે કાંઈ? પર્યાયમાં જે રાગાદિ ભાવ થાય છે તે વ્યવહારે આત્માનું પરિણમન છે, પણ તેથી શું તે વિભાવ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાર્યો પરમાર્થે આત્માનો સ્વભાવ છે? ના; વિભાવભાવ પરમાર્થે આત્માનો સ્વભાવ નથી. અંદર પૂર્ણાનંદનો નાથ પર્યાયની સમીપ જે પડયો છે તેને અનુસરીને જે પરિણમન થાય તે તારું કાર્ય છે, એ સિવાય જડનાં કોઈ કાર્યો તારાં નથી; અરે ! વૈભાવિક કાર્ય પણ પરમાર્થે તારાં નથી.

**'જીવનમાં એવું જ ઘૂંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે, તે હું નથી.'**

નિજ ચૈતન્ય જ્ઞાયકસ્વભાવને અનુસરીને જે પરિણમન થાય તે જ મારું કાર્ય છે, બાકી બધું — જડ અને વિભાવ — પર છે, તે હું નથી, — એવું જીવનમાં અંદરથી ઘૂંટાઈ જવું જોઈએ. 'પર' કહીને જડ અને વિભાવ એ બે વાત લીધી, પણ પોતાના આત્મા સિવાય બીજા આત્માઓ પણ પોતા માટે 'પર' છે, પણ એ વાત અહીં લીધી નથી. ચૈતન્યની સામે જડ ને સ્વભાવની સામે વિભાવ — એ બે વાત લીધી.

મહાવ્રત વગેરેનો શુભ રાગ વિભાવ છે, આત્માનો સ્વભાવભાવ નથી માટે પર છે; તોપણ ભગવાને ચરણાનુયોગનાં કથનમાં કહ્યું છે કે — વ્રત પાળવાં; પણ 'પાળવા'નો અર્થ શો ? મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે : જીવ કંદમૂળ આદિ બહુ દોષવાળી વસ્તુ ન ખાય, અને અલ્પ દોષવાળી પ્રત્યેક વનસ્પતિ — લીલોતરી — ખાય પણ તેને ધર્મ ન માને; એ રીતે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની — મુનિરાજ સાવદ્યયોગનો — પાપ-યોગનો — ત્યાગ કરે (પુણ્યયોગનો ત્યાગ કેમ થાય? એ તો સ્વરૂપમાં ઠરે ત્યારે જ થાય.) અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભૂમિકામાં વચ્ચે શુભભાવ આવે એટલે 'શુભયોગને પાળે' એમ વ્યવહારથી કહેવાય, પણ તે શુભરાગને ધર્મ ન માને. કંદમૂળ છોડે છે, ત્યાં પ્રત્યેક વનસ્પતિ ખાવાનો ભાવ છે તે ધર્મ નથી, એમ સાવદ્યયોગનો જ્યાં ત્યાગ છે ત્યાં શુભ યોગ હોય છે, પણ તે મોક્ષમાર્ગ નથી.

જીવનમાં સહજપણે એવું થઈ જવું જોઈએ કે જડ અને વિભાવ પર છે, તે હું નથી. નવ તત્ત્વમાં અજીવ છે તે પર છે, નવ તત્ત્વથી પાર એવું જ્ઞાયકતત્ત્વ તો જે છે તે છે. પુણ્ય-પાપ, આસ્રવ વગેરે તત્ત્વ પણ જ્ઞાયકથી ભિન્ન છે. જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ વિભાવ ને પર છે, સ્વભાવથી વિરુદ્ધ પરિણમન છે; માટે તે મારું કાર્ય નથી.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૨૯૮

**જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ; વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ. બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે. પછી ક્રમે ચારિત્ર વધતું જાય. ૨૯૮.**

**'જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ; વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ.'**

જ્ઞાની કહો કે ધર્મી કહો બન્ને એક જ છે. જેને શાસ્ત્ર વગેરે બહારનું બહુ જાણપણું હોય તે જ્ઞાની અને જે પૂજા-ભક્તિ કે સામાયિક-ઉપવાસ વગેરેની બહુ ક્રિયા કરે તે ધર્મી — એવો તેનો અર્થ નથી. આત્મા શરીર, વાણી વગેરે જડ પદાર્થોથી તો અત્યંત ભિન્ન છે — એ તો સ્થૂળ વાત છે, પણ શુભાશુભ વિભાવોથી પણ જુદો છે એવી સાચી શ્રદ્ધા અને સ્વાનુભવયુક્ત જેને આત્મજ્ઞાન થયું છે તે જીવ ખરેખર જ્ઞાની છે, ધર્મી છે.

'જ્ઞાની' શબ્દ કેમ વાપર્યો? આત્મા જ્ઞાનસ્વરૂપ છે, સ્વયં જ્ઞાયકદ્રવ્ય છે; તેનું પરથી ને વિભાવથી ભિન્નપણે જ્ઞાન થયું, અનુભવન થયું માટે 'જ્ઞાની' કહ્યો. આત્માનું જ્ઞાનધર્મે પરિણમન થયું, જેવું આત્માનું સ્વરૂપ છે એવું જ્ઞાન થયું, અનુભવ થયો, ધર્મદશા પ્રગટ થઈ, માટે તેને 'ધર્મી' કહ્યો. મોટી — પાંચ દસ હજારની — સભા ભરાતી હોય તો વક્તા જ્ઞાની ને ધર્મી છે — એમ નથી. સત્યના જાણનાર ને તેની રુચિવાળા જીવો તો જગતમાં થોડા જ હોય. 'યોગસાર'માં કહ્યું છે ને! —

> વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
> વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ.

સ્વભાવને જેણે કદી જોયો નથી એવા રાગના રસિયાને આત્માના રસની વાત સમજવી કઠણ પડે છે. અશુભ ભાવ પલટીને શુભ ભાવમાં આવે, પરંતુ જેને તે શુભ રાગનો પણ અંતરમાં પ્રેમ છે તે પણ મિથ્યાદૃષ્ટિ — દુઃખના પંથે, સંસાર-પરિભ્રમણના રસ્તે — છે. રાગાદિ વિભાવ મારું કર્તવ્ય છે એમ માનીને તે કેવળ વિકારમાં જ રોકાઈ ગયો છે; અંદર જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા તરફ — આ વ્યક્ત પર્યાયની પાછળ અંતરમાં અવ્યક્તપણે રહેલી મહાન ને ગંભીર ચીજ શી છે તેને — અંતર્મુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈને જોવાની દરકાર પણ કરતો નથી. તેને ભગવાન આત્માની રુચિ કયાંથી થાય? અહા! એ શી ચીજ છે તે વાત આ 'વચનામૃત' પુસ્તકમાં બતાવી છે. વાંચ્યું તો હશે... વાંચ્યું છે ને આ?

પૈસા તો ધૂળ છે. આત્મા પૈસાનો — જડનો પતિ તો નહિ પણ વિભાવનો પતિ પણ નથી. ધર્મી શુભભાવનો પણ પતિ નથી, છતાં નબળાઈથી શુભભાવનું પરિણમન આવે, તેનો અસ્થિરતાની અપેક્ષાએ કર્તા-ભોક્તા પણ ભલે કહેવાય; પરંતુ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ જોતાં જ્ઞાની જાણે છે કે — આ વિભાવ મારું કાર્ય નથી. અહા! આવી બે-ધારી તરવાર છે.

ભાઈ! આ ભવપરિભ્રમણમાં અનંત અવતાર કર્યા, ત્યાં તેં જે દુઃખો ભોગવ્યાં છે તેનું વર્ણન સાંભળતાં સાંભળનારની આંખોમાં આંસુઓની ધારા વહી જાય! મનુષ્યતિર્યંચનાં જે આ દુઃખો છે તેના કરતાં અનંતગણું દુઃખ પહેલી નરકમાં દસ હજાર વર્ષની ઓછામાં ઓછી સ્થિતિએ છે. પ્રભુ! તારે જો એ દુઃખોથી મુક્ત થવું હોય અને આનંદકંદ નિજ ભગવાન આત્માને પ્રાપ્ત કરવો હોય તો તેનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય તેને અનુસરીને અંતર્મુખ પરિણમન કરવું પડશે. જેટલું કાર્ય પરલક્ષે થાય છે તે વિભાવ છે, તે તારું ખરું કાર્ય નથી. એક અપેક્ષાએ એમ કહેવાય કે વિભાવનો કર્તા જીવ છે; સમકિતી પણ, પરિણમન-અપેક્ષાએ, વિભાવપણે પરિણમે છે, તેથી તે કર્તા છે; પણ આત્માના સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો તે કાર્ય આત્માનું નથી. અરે! કોની હોંશ કરવી અને કોના હરખના સડકા લેવા? અંદર આનંદનિધાન ચૈતન્યપ્રભુને અનુસરીને જે આત્મશુદ્ધિ થાય તે જ તારું કાર્ય છે; બાકી બધાં થોથાં છે.

અધ્યાત્મની આવી રસબસતી વાત લોકોને લૂખી લાગે છે; પણ તેનું શું થાય? પં. દીપચંદજીએ 'ભાવદીપિકા' માં કહ્યું છે : અત્યારે જૈન સંપ્રદાયમાં આગમ-અનુસાર સાચી શ્રદ્ધા પણ જોવામાં આવતી નથી. સાચી વાત તેમને કહીએ તો 'એકાન્ત છે, એકાન્ત છે' એમ કહી વિરોધ કરે છે; માટે હું તો લખી જાઉં છું કે વીતરાગે કહ્યો છે તે જ માર્ગ સાચો છે, બાકી બીજા જે માની રહ્યા છે તે સાચો માર્ગ નથી. અરે! એ વખતે પણ તેમને એવું લખવું પડયું... તો અત્યારે તો કાળ ઘણો ઊતરતો છે. અહીં તો સાથે એવું પુણ્ય છે જેથી લોકો જરીક સાંભળે છે, અને સાંભળીને લાગે છે કે આ વાત તો કોઈ જુદી છે.

જડનાં ને વિભાવનાં કાર્ય મારાં નથી, અંદર ચૈતન્યને અનુસરીને જે પરિણમન થાય તે જ મારું કાર્ય છે — એમ જ્ઞાની નિઃશંક હોય છે. શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માની દૃષ્ટિ થતાં વેંત જ જ્ઞાનીજીવ નિઃશંક તો એટલો હોય છે કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ. દ્રવ્ય કદી ફરે? તો પછી અફર દ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટેલી જે અટળ પ્રતીતિ અને સ્વાનુભવ તેનું ફરવું—ચલિત થવું—કેમ થાય? ભલે આખી દુનિયા પોકાર કરે કે 'આ ખોટું છે, ખોટું છે' તોપણ પોતે કદી સત્યથી ચળે નહિ.

વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ જ્ઞાની પોતાની જ્ઞાનધારાથી ચલિત થાય નહિ. ધર્મીને અનેક પ્રકારના વિષમ પરિણામ પણ આવે તોપણ તે ક્યાંય મૂંઝાય નહિ; એ તો સદા નિઃશંક રહે કે 'મારી ચીજ તો સદા શુદ્ધ ને પવિત્ર છે'. ગૃહસ્થને વેપાર-ધંધામાં અનેક પ્રકારના ઉદયો આવે છે. શ્રીમદ્ કહે છે: હાલ ઉપાધિયોગ એવો છે કે ધડ ઉપર માથું રહેવું મુશ્કેલ છે. જ્ઞાનીને પણ પરિણામમાં મંદતા આવી જાય, પણ અંદર દૃષ્ટિમાં ફેર પડે નહિ. આત્મસ્વરૂપ સંબંધી બોધનો જોકે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપ સંબંધી બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનો આવરણ થવારૂપ ઉપાધિ યોગ દેખાય; કારણ કે બૈરાં, છોકરાં ને ધંધામાં 'જ્ઞાન' પણ રહેવું ઘણું કઠણ તેમ જ અપૂર્વ છે.

જ્ઞાનીને પણ વિષયવાસનાના ભાવ આવે, છતાં તે સ્વરૂપથી ચલિત થાય નહિ; પોતે જ્ઞાતાપણે રહીને વાસનાને માત્ર જાણે જ છે. શ્રેણિક રાજા ક્ષયિક સમ્યગ્દૃષ્ટિ છે, સમયે સમયે તીર્થંકર નામકર્મ બંધાય છે; તેમને તેમના પુત્રે કેદમાં નાખ્યા. પુત્ર માતાના મુખે પોતાના જન્મસમયે પિતાના પ્રેમનું વર્ણન સાંભળી પશ્ચાત્તાપ થતાં તે બરછી લઈને પિતાજીનું બંધન તોડવા માટે આવે છે; પરંતુ શ્રેણિક રાજાને 'મને મારી નાખવા આવે છે' એવો ભ્રમ થઈ જાય છે. 'અરે! આ પાપીના હાથે મરું એના કરતાં હું જાતે જ દેહ છોડી દઉં' એમ વિચારી જેલની દીવાલ સાથે માથું પછાડીને પ્રાણત્યાગ કર્યો. અહા! જ્ઞાનીને પણ આવો ઉદય આવ્યો છતાં પોતાની જ્ઞાનધારાથી ચલિત થયા નહિ.

જ્ઞાનીને પુત્રનું મૃત્યુ થતાં રુદન આવે, આર્તધ્યાન થાય, પણ અંદરમાં તેને સતત નિઃશંક ભાન છે કે આ વિભાવ મારી ચીજ નથી; અને અજ્ઞાનીને પુત્રનું મૃત્યુ થતાં કદાચિત્ રુદન ન આવે, સૌને માળા જપવાનું કહે, પણ અંતરમાં વિભાવથી ભિન્ન નિજ જ્ઞાયકતત્ત્વનું ભાન નથી તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને આર્તધ્યાન થાય ત્યાં તેને દૃષ્ટિ-અપેક્ષાએ જરીયે દોષ નથી. ચારિત્ર-અપેક્ષાએ નબળાઈનો દોષ છે. બીજા ગુણના દોષના કારણે જો શ્રદ્ધાને દોષ કહો તો સાધકને સમ્યગ્દર્શન કદી નિર્દોષ રહી શકે જ નહિ; પણ એમ નથી. ચારિત્ર-અપેક્ષાએ અલ્પ દોષ હોવા છતાં જ્ઞાનીને શ્રદ્ધા-અપેક્ષાએ પૂર્ણ નિઃશંકતા હોય છે. શ્રીમદ્‌માં આવે છે: 'હે વ્યગ્રતા! તું જતી રહે, જતી રહે. હે અલ્પ કે મધ્ય-અલ્પ કષાય! હવે તમે ઉપશમ થાઓ, ક્ષીણ થાઓ. અમારે કાંઈ તમારા પ્રત્યે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રુચિ રહી નથી.' અહીં બેન કહે છે: વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ જ્ઞાની ચલિત થાય નહિ.

'બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે.'

દેહમાં અનેક પ્રકારના રોગ આવે, બહારમાં અનેક જાતના પ્રતિકૂળ સંયોગો આવી પડે, તોપણ જ્ઞાનીને 'પરથી ને વિભાવથી ભિન્ન હું કેવળ જ્ઞાયક જ છું' એવી પરિણતિમાં ફેર પડે નહિ. પોતે નિર્ણયમાં નિઃશંક ને અડગ છે તેથી તેની શ્રદ્ધામાં ફેર ન પડે. અંદરમાં આનંદકંદ શુદ્ધ ચૈતન્યપ્રભુની જે નિશ્ચળ પ્રતીતિ થઈ છે તે ફરે નહિ.

'પછી ક્રમે ચારિત્ર વધતું જાય.'

દ્રવ્યસ્વભાવના આલંબને અંદરમાં સ્થિરતાના અંશ વધતાં વધતાં ચારિત્રદશા પ્રગટ થાય; ચારિત્ર વધતાં પૂર્ણ સ્વરૂપસ્થિરતા થઈને પૂર્ણપરમાનંદસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ થાય.

———o———

## વચનામૃત — ૨૯૯

**વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય. સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શનજ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગદ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે. ૨૯૯.**

'વસ્તુ સ્વતઃસિદ્ધ છે.'

વસ્તુ કહો, દ્રવ્ય કહો, પદાર્થ કહો કે ચીજ કહો — બધાંનો અર્થ એક જ છે. ગુણ ને પર્યાય જેમાં વસે તેને વસ્તુ કહે છે. પોતપોતાના ગુણો ને પર્યાયોનું નિવાસધામ હોવાથી છયે પ્રકારનાં દ્રવ્યો સ્વતઃસિદ્ધ વસ્તુ છે. ભગવાન આત્મા પણ સ્વતંત્ર દ્રવ્ય હોવાથી સ્વતઃસિદ્ધ વસ્તુ છે. સ્વતઃસિદ્ધ વસ્તુ અકારણ-પારિણામિક દ્રવ્ય હોવાથી તેનો અન્ય કોઈ કર્તા નથી. જગતની અન્ય વસ્તુઓ પણ સ્વતઃસિદ્ધ હોવાથી આત્મા પણ તેમનો કર્તા નથી. વસ્તુ 'સત્' હોવાથી સ્વયં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત પરિણામ-સ્વભાવવાળી, પોતાનું અસ્તિત્વ પોતાથી જ ધરનારી અને અન્યના કારણ-કાર્યપણાથી રહિત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘ તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય. ’**

શું કહે છે? ભગવાન આત્મા સ્વતઃસિદ્ધ વસ્તુ છે; તેનો સ્વભાવ — સહજ જ્ઞાન, સહજ આનંદ, સહજ શાન્તિ, સહજ વીતરાગતા વગેરે તેના ગુણસ્વભાવ — તેને અનુકૂળ હોય. ગુણસ્વભાવ ત્રિકાળ શુદ્ધ હોવાથી વિકાર ને દુઃખમય હોય નહિ. સ્વભાવ કદી પ્રતિકૂળ હોય નહિ એટલે કે પર્યાયમાં સ્વભાવથી વિરુદ્ધ જે વિભાવ ઉત્પન્ન થાય છે તે, આત્માનું મૂળ સ્વરૂપ નથી. જોવું-જાણવું તે તો આત્માનો દર્શન-જ્ઞાનમય સહજ સ્વભાવ છે; તે શું આત્માને પ્રતિકૂળ હોય? દ્રવ્યસ્વભાવ હંમેશાં દ્રવ્યને અનુકૂળ જ હોય. અહા! આવો ઉપદેશ! આવો માર્ગ! ભાઈ! તું પણ એક વસ્તુ છો ને! વસ્તુ હોય તેને તેનો જ્ઞાન ને આનંદ આદિ સ્વભાવ અનુકૂળ જ હોય, પ્રતિકૂળ ન હોય.

**‘ સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગદ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે. ’**

શબ્દો થોડા છે પણ તેમાં આખો વસ્તુનો મર્મ ભર્યો છે. પોતાથી જ પોતાની હયાતી ધરનારી આત્મવસ્તુનો જે દેખવા-જાણવારૂપ સ્વભાવ તે તો તેનો સહજ વૈભવ છે, તે તેને અનુકૂળ જ હોય, પ્રતિકૂળ કદાપિ હોય નહિ. પરંતુ પર્યાયમાં જે રાગ-દ્વેષ, શુભાશુભ વિકલ્પો — વ્યવહાર-રત્નત્રયના વિકલ્પો સુધ્ધાં — થાય છે તે સ્વભાવથી વિરુદ્ધ હોવાથી વસ્તુને પ્રતિકૂળ છે. સ્વભાવવાનનો સ્વભાવ સ્વને અનુકૂળ જ હોય; પરંતુ સ્વની — આત્માની — પર્યાયમાં જે પુણ્ય-પાપના વિભાવ થાય તે આત્માની જાત નથી, કજાત છે, તેથી તે સ્વભાવને પ્રતિકૂળ છે. દયા, દાન, પૂજા, ભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય વ્રત, તપ વગેરેના શુભ ભાવ પણ સ્વભાવની જાત નથી, માટે તેનાથી રુચિ તેમ જ પરિણતિને હઠાવી અંદર જે સ્વભાવને અનુસરવું તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્ર છે. સ્વભાવમય પરિણમન કરવું તે જ જીવનું કર્તવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૧૨

તા. ૭–૧૦–૭૮

## વચનામૃત — ૩૦૦

**પરિભ્રમણ કરતાં અનંત કાળ વીત્યો. તે અનંત કાળમાં જીવે 'આત્માનું કરવું છે' એવી ભાવના તો કરી પણ તત્ત્વરુચિ અને તત્ત્વ-મંથન કર્યું નહિ. પોસાણમાં તો એક આત્મા જ પોષાય તેવું જીવન કરી નાખવું જોઈએ. ૩૦૦.**

**'પરિભ્રમણ કરતાં અનંત કાળ વીત્યો.'**

પંચ પરાવર્તનરૂપે પરિભ્રમણ કરતાં ૮૪ લાખ યોનિઓમાં ફરી ફરી અવતાર ધારણ કરીને અનંત કાળ વીતી ગયો. અનાદિ કાળથી જીવ આ ચાર ગતિમય સંસારમાં જન્મ-મરણનાં દુઃખો ભોગવી રહ્યો છે.

**"તે અનંત કાળમાં જીવે 'આત્માનું કરવું છે' એવી ભાવના તો કરી પણ તત્ત્વરુચિ અને તત્ત્વમંથન કર્યું નહિ."**

ભાવના એટલે અભિલાષા, વિકલ્પ. પરિભ્રમણના અનંત કાળમાં 'મારે મારું કલ્યાણ કરવું છે' એવી ઇચ્છા તો ઉપલકપણે અનંત વાર કરી, પણ એ તો શુભ રાગ છે; શુભ રાગથી કલ્યાણ થાય? શુભાશુભ સમસ્ત રાગથી રહિત અંદર જે સચ્ચિદાનંદ-સ્વરૂપ ભગવાન આત્મા છે તેના સ્વરૂપની યથાર્થ રુચિ અને મંથન ઊંડાણથી કર્યાં નહિ, તેથી કલ્યાણની પ્રાપ્તિ થઈ નહિ અને પરિભ્રમણ ચાલુ જ રહ્યું.

લોકોને અંદર તત્ત્વરુચિ કરવાની વાત આકરી પડે છે; તેથી તેઓ પોકાર કરે કે — શું આ વ્રત-તપ, દયા-દાન, સાધુપણાની ક્રિયાઓ મુક્તિનું સાધન નથી? તેનાથી આત્માની — ધર્મની — પ્રાપ્તિ ન થાય એમ કહો તો તમારું 'એકાંત' છે ભાઈ! ધીરો થઈને જરા સાંભળ તો ખરો! એવાં આત્મજ્ઞાનશૂન્ય બાળવ્રત-તપ તો તેં અનંત વાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્યાં છે અને તેનાં ફળરૂપે તું અનંત વાર સ્વર્ગમાં ગયો છે, છતાં પણ હજુ પરિભ્રમણનો અંત આવ્યો નથી; અજ્ઞાનરૂપી પાડો તારા અનંતા વ્રત-તપના પૂળા ચાવી ગયો; માટે અંદરમાં જરી વિચાર તો ખરો કે ભવના અંતનો ઉપાય કોઈ જુદો જ છે.

પરિભ્રમણની પરિપાટીમાં તેં સૌથી થોડા છતાં અનંત મનુષ્યના ભવો કર્યાં છે. તેના કરતાં અસંખ્ય ગુણા અનંત નારકીના ભવ કર્યાં છે, નારકીના ભવ કરતાં અસંખ્ય ગુણા અનંત દેવના ભવ કર્યાં છે અને દેવના ભવ કરતાં અનંત ગુણા અનંત એકેન્દ્રિયથી પંચેંદ્રિય સુધીના તિર્યંચ-ભવો કર્યાં છે. તારાં એ વીતક તું અત્યારે ભૂલી ગયો છે. ભૂલી ગયો માટે એ નહોતું એમ કોણ કહે? માતાના ઉદરથી જન્મ થયા પછીના છ-બાર મહિનાની વાતો તને યાદ નથી: શું ખાતો'તો, કેમ રડતો'તો—એ બધું છે યાદ? યાદ નથી માટે શું તે નહોતું? અરે! નરકની ઓછામાં ઓછી સ્થિતિ ૧૦ હજાર વર્ષથી માંડીને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિએ તું અનંત વાર જન્મ-મરણ કરી ચૂક્યો છો. ત્યાંનાં એક ક્ષણનાં દુઃખની વાત શી થાય! કરોડ ભવે ને કરોડ જીભે ન કહી શકાય એવાં આકરાં ત્યાંનાં દુઃખ છે.

નરકના ભવ કરતાં અસંખ્ય ગુણા અનંત વાર સ્વર્ગના ભવ કર્યા છે. શું શુભભાવ વિના સ્વર્ગે જવાય? પંચમહાવ્રત-પાલનના શુભભાવ તથા શુક્લ લેશ્યાના બળે નવમી ગ્રૈવેયક સુધી અનંત વાર ગયો પણ આત્મકલ્યાણના સાધનભૂત એવી અંતર્મુખ તત્ત્વરુચિ તથા તત્ત્વમંથન કર્યું નહિ. છ ઢાળામાં આવે છે ને!—

> મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ,
> પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયૌ.

પરિભ્રમણ કરતાં એવા શુભભાવ પણ અનંત વાર કર્યાં, પણ એનાથી ભવ મળ્યા, ભવનો અભાવ થયો નહિ. ભવના અભાવનું કારણ તો આત્મજ્ઞાન છે, તેનું જીવે કદી લક્ષ કર્યું નથી. 'મારે મારું હિત કરવું છે' એવી અભિલાષા અનંત વાર કરી, પણ અંદર જે પરમાનંદનો નાથ ત્રિકાળી જ્ઞાયક પ્રભુ પોતાના જ્ઞાનાદિ વૈભવયુક્ત પડ્યો છે તેની સન્મુખતાનો અભ્યાસ—તેની યથાર્થ રુચિ અને તેનું ઊંડું મંથન—કદી કરેલ નથી. બાકી જે વ્રત-તપ, પૂજા-ભક્તિ વગેરે શુભ રાગની બહિર્મુખી ક્રિયાઓ છે એ પોતે સંસાર છે; તેનાથી પરિભ્રમણ કેમ મટે?

જીવ નગ્ન દિગંબર સાધુ પણ અનંત વાર થયો, પણ એ બધું તું ભૂલી ગયો છે. પ્રભુ તો એમ કહે છે કે મિથ્યાદૃષ્ટિ જ્યાં સુધી જઈ શકે એવી ઊંચામાં ઊંચી સ્વર્ગની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગતિ—નવમી ગ્રૈવેયક—ના ભવ પણ અનંત વાર કર્યા. શુભભાવથી સ્વર્ગ મળ્યું, પણ તત્ત્વદૃષ્ટિ થઈ નહિ; આત્મજ્ઞાન કર્યું નહિ; એટલે સંસારપરિભ્રમણ તો એવું ને એવું ઊભું રહ્યું. સજ્ઝાયમાળામાં આવે છે—'દ્રવ્યસંયમસે ગ્રૈવેક પાયો, ફેર પિછો પટકયો.' 'મારે આત્માનું કરવું છે' એવી ભાવના તો જીવે અનંત વાર કરી, પણ પ્રજ્ઞાબ્રહ્મ નિજ ચૈતન્યપ્રભુની અંદર સ્વસન્મુખ થઈને રુચિ તથા તેનું મંથન કર્યું નહિ.

**'પોસાણમાં તો એક આત્મા જ પોષાય તેવું જીવન કરી નાખવું જોઈએ.'**

પુણ્યના પરિણામ પોસાણા, પણ તે પરિણામની પાછળ જે જ્ઞાયક પ્રભુ અંદર સદા વિરાજમાન છે તે પોસાણો નહિ, જેથી તેની રુચિ અને મંથન કર્યું નહિ. અરે! જે પોસાણ કરવાની વસ્તુ છે એવા વિજ્ઞાનઘન ભગવાન આત્માનું પોસાણ ન થયું અને રાગનું પોસાણ થયું. દયા-દાન, પૂજા-ભક્તિ વગેરે ક્રિયાઓનો રાગ પોસાણમાં આવ્યો, પણ ખરેખર તો એ વિભાવભાવથી જુદો એવો નિજ જ્ઞાયકભાવ પોષાય એવું જીવન કરી નાખવું જોઈએ. જ્ઞાનીને પણ પુણ્ય તેમ જ પાપના ભાવ આવે, પણ તેને તેનું પોસાણ નથી. એ વિભાવભાવ ભલા લાગતા નથી, પણ નવ તત્ત્વમાં વ્યાપકપણે રહેલી જે એક સહજ ચૈતન્યજ્યોતિ—શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આત્મા—નું એકનું જ પોસાણ હોવાથી તે એક જ ઉત્તમ લાગે છે. ભૂમિકા અનુસાર પુણ્ય-પાપના ભાવ આવે, પણ સાથે સાથે અંદરમાં ખટક છે કે આ દુઃખમય ભાવો છે. ઉગ્ર પુરુષાર્થ ઉપાડી અંદર સ્વરૂપમાં સહજપણે સ્થિર થઈ શકાતું નથી તેથી એવા વિભાવભાવ આવે, પણ પોસાણ તો એક આત્માનું જ હોવું જોઈએ, જીવન આત્મામય કરી નાખવું જોઈએ. અહા! આ તો વીતરાગના ઘરની વાતો છે.

———o———

## વચનામૃત—૩૦૧

**જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે. નિજ અસ્તિત્વને પકડે તો ગૂંચવણ નીકળી જાય. 'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. 'જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે' એમ તેમાં આવી ગયું. ૩૦૧.**

**'જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ અનાદિ કાળથી જ્ઞાનાનંદ પ્રભુ આત્મા ને રાગાદિ વિભાવોની એકતામાં ગૂંચવાઈ ગયો છે; તેને સ્વભાવ-વિભાવ વચ્ચે એકપણાની આંટી પડી ગઈ છે, અંદર ગ્રંથિ પડી ગઈ છે. તે એકપણાની આંટીનું ઊકલેવું, ગ્રંથીભેદનું થવું તત્ત્વરુચિ અને મંથનના પરિણામ વડે ધીરજથી થઈ શકે છે. જૈન દિગંબર સાધુ અનંત વાર થયો તોપણ જ્ઞાતાસ્વભાવને ભૂલીને રાગાદિ વિભાવ સાથેની એકતામાં ગૂંચવાયેલો જ રહ્યો. રાગ અને જ્ઞાન બન્ને એક નથી, બેયની વચ્ચે સાંધ છે, તડ છે; પ્રજ્ઞારૂપી છીણી અંતરના જોરથી પટકવાથી ગ્રંથિભેદ થાય છે. અહા, આવી વાત! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ દિવ્યધ્વનિમાં જે કહ્યું છે તે, 'બેન'ની વાણીમાં અનુભવમાંથી આવ્યું છે.

'નિજ અસ્તિત્વને પકડે તો ગૂંચવણ નીકળી જાય.'

જીવ કહો કે આત્મા કહો—બન્ને એક જ છે. જ્ઞાનસ્વરૂપ આત્મા અનાદિથી રાગ સાથે એકતા માનીને ગૂંચવાઈ ગયો છે. જો તે જ્ઞાન ને આનંદસ્વરૂપ પોતાના સહજ અસ્તિત્વને પકડે તો સ્વ-પરના એકત્વની ભ્રાન્તિના કારણે અનાદિથી ઊભી કરેલી તે ગૂંચવણ ટળી જાય. ભાઈ! તારી મોજૂદગી રાગથી તદ્દન જુદી છે; રાગાદિ ભાવો તો ક્ષણિક વિભાવ છે અને તું તો જ્ઞાનસ્વભાવી કાયમી ચેતન પદાર્થ છો. રાગાદિથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ તારી ચીજની હયાતી પકડવા—સમજવા તું કદી નવરો ન થયો. અરે! આ દેહ છૂટી જશે અને મરીને જઈશ કયાંય અજાણ્યા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં; બાપુ! ઉતારા કયાં થશે એની તને ખબર છે? ત્યાં તને ભેદજ્ઞાનની આવી વાતો કયાંય મળશે? આ દુર્લભ મનુષ્યજીવનમાં કરવાનું તો આ એક જ છે—સ્વ-પરનું ભેદવિજ્ઞાન; બાકી બધાં થોથાં છે.

પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ કેવળ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણમય છે અને રાગાદિ વિભાવનું અસ્તિત્વ ક્ષણિક તેમ જ આકુળતામય છે. તે બન્ને એક નથી, પણ સ્વરૂપભેદે તદ્દન જુદાં છે. નિજ શુદ્ધ અસ્તિત્વને બરાબર સમજે તો બંને વચ્ચે એકતાની ભ્રાન્તિરૂપ તાળું ખૂલી જાય અને અનુક્રમે ભવનો અંત આવી જાય. બાકી, ક્રિયાકાંડ કરીને મરી જાય તોપણ ભવનો અંત આવે નહિ. સમયસારના નિર્જરા અધિકારમાં કહ્યું છે ને! કે—'જીવો કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા—તૂટી મરતા થકા કલેશ પામો તો પામો; પરંતુ જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, નિરામય (રોગાદિ સમસ્ત કલેશ વિનાનું) પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે—પોતાની મેળે પોતે વેદવામાં આવે છે એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.' આશય એ છે કે—જ્ઞાન છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.

જ્ઞાનીને પણ અસ્થિરતાજનિત રાગ તો આવે, કદાચિત્ પાપનો ભાવ પણ આવે, પણ તેમાં તેને પ્રીતિ ને સુખબુદ્ધિ નથી. વિષયોમાં અને તેમના આલંબને થતા રાગમાં સુખ નથી, માટે તેમાં જ્ઞાનીને સુખબુદ્ધિ થતી નથી. સુખ તો અતીન્દ્રિય પૂર્ણાનંદના નાથ એવા ભગવાન નિજ જ્ઞાયક આત્મામાં છે — એવી સ્વસન્મુખતાની અંતરમાં દૃષ્ટિ થવી, નિજ શુદ્ધ સ્વરૂપ-અસ્તિત્વની પકડ થવી, એ જ રાગ સાથે એકતાની ગૂંચવણ ટાળવાનો એકમાત્ર ઉપાય છે.

"'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ."

શું કરવું તે કહે છે. આ બધામાં હું એક જ્ઞાયક છું, જાણનાર.. જાણનાર... જાણનાર ભગવાન જ્ઞાયક છું, સ્વતઃસિદ્ધ સ્વયં પ્રભુ સત્ — કાયમ રહેવાવાળો, અચિન્ત્ય પરમ પદાર્થ છું — એવું જે પોતાની હયાતીનું સ્વરૂપ તેને બરાબર ખ્યાલમાં લેવું. હું અબદ્ધસ્પૃષ્ટ છું, મુક્ત છું, જ્ઞાયક છું, ચૈતન્ય છું, પરમબ્રહ્મસ્વરૂપ છું, શુદ્ધ છું, આનંદકંદ છું, અભેદ છું — એવા જે વિકલ્પો ઊઠે તેનાથી શું સાધ્ય છે? એ વિકલ્પો પણ રાગ છે, બંધનું કારણ છે. એ વિકલ્પોને પણ વટાવીને 'હું શુદ્ધ જ્ઞાયક છું' એવા નિજ અસ્તિત્વભાવે અંદર પરિણમી જવું. અહો! બેનના શબ્દો તો બહુ ટૂંકા છે પણ અંદર મર્મ ઘણો છે.

"'જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે' એમ તેમાં આવી ગયું."

જ્ઞાયક સિવાયનું બીજું બધું — શરીર, વાણી, મન, સ્ત્રી-પુત્ર-પરિવાર તથા લક્ષ્મી, બંગલા વગેરે ભિન્ન પદાર્થો, તેમજ જીવની પર્યાયમાં પરના લક્ષે ઉત્પન્ન થતા પુણ્ય-પાપરૂપ વિભાવભાવ, અરે! વ્યવહાર-રત્નત્રયના વિકલ્પ સુદ્ધાં — પર છે એમ, જ્ઞાયકનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં લેતાં તેમાં આવી ગયું. દયા-દાન, પૂજા-ભક્તિ ને વ્રત-તપની વાતો તો શુભ રાગ ને ક્રિયાની છે, એ કાંઈ આત્માની ચીજ નથી. આત્મા તો કેવળ જ્ઞાયક જ છે, બાકીનું બીજું બધું પર છે. 'હું કેવળ જ્ઞાયક છું, બીજું બધું પર છે' એમ અંતરમાં જ્યારે બરાબર ખ્યાલ આવે ત્યારે જીવને સમ્યગ્દર્શન થાય અને ભવના અંત આવે. જ્ઞાયકને ઓળખવાનું કામ કર, નહિતર ભવનો અંત નહિ આવે. પ્રભુ! ધર્મી તેને કહીએ કે જેને એક જ્ઞાયકભાવ રુચે; તેને પુણ્ય-પાપના ભાવ અંતરમાં રુચે નહિ; વિભાવભાવ આવે, હોય, પણ રુચે નહિ.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૦૨

**જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી; તે સંસારથી ભયભીત છે. તે મોક્ષના માર્ગે ચાલે છે, સંસારને પીઠ દીધી છે. સ્વભાવમાં સુભટ છે, અંદરથી નિર્ભય છે, કોઈથી ડરતા નથી. કોઈ ઉપસર્ગનો ભય નથી. મારામાં કોઈનો પ્રવેશ નથી — એમ નિર્ભય છે. વિભાવને તો કાળા નાગની જેમ છોડી દીધો છે. ૩૦૨.**

**'જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી; તે સંસારથી ભયભીત છે.'**

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ સિવાય જ્ઞાનીને — ધર્મીને બીજું કાંઈ — શુભાશુભ રાગ, પુણ્ય-પાપ અને તેનાં ફળ તરીકે બહારની આ બધી સામગ્રી વગેરે — જોઈતું નથી, કેમ કે તે સંસારથી અત્યંત ભયભીત છે.

સમકિતી જ્ઞાની ચક્રવર્તીને ૯૬ હજાર રાણી હોય, છ ખંડનું રાજ સાધવા જાય, પણ અંતરની રુચિમાં તેને એ બધું કાંઈ જોઈતું નથી. ખરેખર તો તે છ ખંડને સાધતા નથી પણ અંતરમાં નિજ અખંડ જ્ઞાયકદ્રવ્યને સાધે છે. તેમને રાગની રુચિ નથી; ચાર ગતિના અવતારથી તેઓ ડરે છે. સમ્યગ્દૃષ્ટિને પરનો ભય હોય નહિ, અંદર નિર્ભય ને નિઃશંક છે, તોપણ ભવભ્રમણથી ભયભીત છે. યોગસારમાં કહ્યું છે ને! 'ઇચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત'; 'ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ; શુદ્ધાતમ ચિંતન કરી, લે શિવસુખનો લાભ.'; 'સંસારે ભયભીત જે, યોગીન્દુ મુનિરાજ'. અરે! આ દેહ છૂટીને કયો અવતાર આવશે? વંટોળિયામાં ફસાયેલું તણખલું ઊડીને કયાં પડશે? એમ મિથ્યાત્વ ને રાગદ્વેષના વંટોળિયામાં ઘૂમરી ખાતો આ જીવ કઈ ગતિમાં જઈને પડશે? અહો! જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી; મોહ-રાગ-દ્વેષના ભાવથી સંસારમાં પરિભ્રમણ થાય છે, તે તેનાથી ભયભીત છે.

**'તે મોક્ષના માર્ગે ચાલે છે, સંસારને પીઠ દીધી છે.'**

જ્ઞાનીને અંતરમાં પૂર્ણાનંદઘન જ્ઞાયક ભગવાનની દૃષ્ટિ, જ્ઞાન ને અંશે રમણતા પરિણમી છે, તેથી તેની ચાલ મોક્ષમાર્ગ વિષે ક્રમશઃ આગળ વધતી જાય છે; શુભાશુભ પરિણામથી માંડીને આખા સંસારને એણે પીઠ દીધી છે; નિજ શુદ્ધાત્માની સન્મુખ, ને સમસ્ત વિભાવથી તથા સમસ્ત કર્મ ને કર્મફળથી વિમુખ થઈ ગયો છે. ભૂમિકા પ્રમાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભ ભાવ આવે ખરો, પણ અંદરમાં એ રુચે નહિ, પોસાય નહિ; છતાં એ આવ્યા વિના રહે નહિ. સમકિતી જ્ઞાનીને પણ, અંતરમાં ઠરી શકે નહિ એટલે, અશુભથી બચવા શુભભાવ આવે, પણ તેને તે ધર્મ કે ધર્મનું ખરું સાધન માનતો નથી. અશુભ-ભાવમાં તીવ્ર કષાય હોવાથી તે તો અધર્મ છે જ, પણ પૂજા-ભક્તિ ને વ્રતાદિનો શુભ-ભાવ, જેને લોકો ધર્મ કહે છે તે, રાગરૂપ મંદકષાયથી યુક્ત હોવાથી ધર્મ નથી અર્થાત્ પરમાર્થે અધર્મ છે; જ્ઞાયકસ્વભાવના અવલંબને પ્રગટતી જે નિર્મળતા — શુદ્ધભાવ તે એક જ ધર્મ છે.

## 'સ્વભાવમાં સુભટ છે, અંદરથી નિર્ભય છે, કોઈથી ડરતા નથી.'

ધર્મી જીવ સ્વભાવની સાધનામાં શૂરવીર છે. ભગવાન જ્ઞાનાનંદસ્વભાવની અંતરમાં જે દૃષ્ટિ થઈ છે તેના બળે સ્વરૂપ-લીનતા સાધવામાં પરાક્રમી છે. અહા! બહુ સાદી ભાષામાં અંતરની વસ્તુ આવી ગઈ છે.

જ્ઞાની અંદરથી નિર્ભય છે. મોહ-રાગ-દ્વેષજનિત ક્ષણભંગુર સંસારથી જ્ઞાની ભયભીત કહ્યા, પણ અંદર પોતાની જ્ઞાનાનંદમય શાશ્વત વસ્તુનું અડગ આલંબન પરિણમ્યું હોવાથી સદા નિર્ભય છે, નિઃશંક છે. ધર્મી તેને કહીએ કે જેને અંતરમાં એકમાત્ર આનંદકંદ જ્ઞાયકસ્વભાવ રુચે, પુણ્ય-પાપના સમસ્ત વિભાવભાવ ન રુચે, પુણ્યના ફળપણે મળતા ભોગોપભોગ — લક્ષ્મી, સ્ત્રી, રાજપાટ, કીર્તિ વગેરે બહારનું કાંઈ પણ — ન રુચે; અને જેને એ બધું રુચે તેને મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની કહીએ. લક્ષ્મી વગેરે બહારની ચીજ આત્મા મેળવી કે વાપરી શકે એ વાત હરામ છે; તે તો તેના કાળે ને કારણે આવે અને જાય છે. અજ્ઞાનીને પોતાના અવિનાશી ચૈતન્યપ્રભુનું ભાન નથી; જ્ઞાનીને તેનું ભાન હોવાથી તેની સાધનામાં તે સદા સુભટ છે.

જ્ઞાની અંદરથી નિર્ભય છે, કોઈથી ડરતા નથી. જે અંદર ચૈતન્યરૂપ ભગવાન આત્માના ખોળે બેઠા તેને બહારની કોઈ ચીજ 'મારી છે' એમ ભાસતું નથી. રામચંદ્રજી આત્મજ્ઞાની ધર્માત્મા હતા; તેમને સ્ફટિકના મોટા મહેલ હતા; પણ અંદરમાં તેઓ જાણતા હતા કે બહારની આ બધી વસ્તુઓ મારી નથી; મારો જે જ્ઞાનાદિ સ્વભાવ છે તે મારામાં છે, મારાથી જુદું હોય તે મારું નહિ. આમ વસ્તુસ્વરૂપનું ભાન હોવાથી જ્ઞાની નિઃશંક અને નિર્ભય છે, કોઈથી ડરતા નથી. પ્રતિકૂળતાના પહાડ પડે તોય ધર્માત્મા પોતાના સ્વભાવમાં અડગ રહે છે, શુદ્ધ ચૈતન્યની નિઃશંકતામાં નિશ્ચળ રહે છે. નિંદાની વર્ષા વરસે તોપણ પોતાના સાધનામય માર્ગથી ચ્યુત થતા નથી, કોઈથી ડરતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'કોઈ ઉપસર્ગનો ભય નથી.'**

અકસ્માત્ કોઈ પ્રતિકૂળતા આવી પડે, ઉપસર્ગ આવી પડે, કોઈ સિંહ કે વાઘ આવી જાય, જંગલમાં બેઠા હોય ને કોઈ સર્પ કે આકરો વીંછી કરડી જાય, તોય ધર્માત્મા જ્ઞાનીને કોઈ જાતનો ભય નથી, કોઈથી તેઓ ડરતા નથી, કોઈ ઉપસર્ગ કે પ્રતિકૂળતાનો તેમને ભય નથી.

**'મારામાં કોઈનો પ્રવેશ નથી—એમ નિર્ભય છે.'**

શરીર, વાણી ને મન વગેરે બધી જે બહારની ચીજો છે તે કોઈનો મારામાં પ્રવેશ નથી, માટે હું અત્યંત નિર્ભય છું—એમ જ્ઞાની ધર્માત્મા માને છે. શરીરની અવસ્થા ભલે ગમે તેવી થાય—સડી જાય, છેદાઈ જાય, ભેદાઈ જાય—તોપણ પરદ્રવ્યરૂપ પરિગ્રહ મારો નથી. સનત્કુમાર ચક્રવર્તીને દીક્ષિત થયા પછી ૭૦૦ વર્ષ સુધી ગળતકોઢ રહ્યો, આંગળાં બધાં સડી ગયાં, તોપણ તેઓ એમ માનતા હતા કે આંગળાંનું સડવું વગેરે કોઈ પરદ્રવ્યનો મારા સ્વભાવમાં પ્રવેશ નથી; હું પણ એનામાં પ્રવેશતો નથી. મારામાં કોઈનો પ્રવેશ નથી—એમ જ્ઞાની સદા નિર્ભય છે.

**'વિભાવને તો કાળા નાગની જેમ છોડી દીધો છે.'**

અહા! ધર્મી કોને કહીએ, ભાઈ? જેને અંતરમાં જ્ઞાનાનંદપ્રભુના આશ્રયે રુચિનું પરિણમન થયું છે, જેને જગતના કોઈ પદાર્થનો ભય નથી, એવા જ્ઞાનીને જે વિભાવનું પરિણમન છે તેને તેણે કાળા નાગની જેમ છોડી દીધું છે. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાની સમકિતી હતા, લાખોનાં ઝવેરાતનો ધંધો હતો, પણ અંદરમાં અસ્થિરતાના રાગને દેખીને એમને એમ થતું કે—હે કામ! હે માન! હે સંસારની આ બધી ભૂતાવળ! હે ઉદય! હે શિથિલતા! તમે હવે બંધ થાઓ, મારો પીછો છોડો. દૃષ્ટિમાંથી તો વિભાવને છોડી દીધો છે, પણ હજુ અસ્થિરતા છે. વિભાવ—શુભરાગ એ મારું સ્વરૂપ નથી, એ તો મારી શાન્તિ, સાધના ને આનંદધારાને નુકસાન કરનાર છે. જેમ કોઈ કાળા નાગને જોઈને ભય પામે, તેમ જ્ઞાની શુભાશુભ રાગથી ભય પામે છે. વિભાવ મારું સ્વરૂપ નથી એમ જ્ઞાની જાણે છે; છતાં રાગ નહિ છૂટતો જાણી, વચ્ચે ભૂમિકાનુસાર તે આવ્યા વિના રહેતો નથી એમ જાણી તેના જ્ઞાતા રહે છે. આસક્તિને લીધે જ્ઞાની થોડા બહારમાં ઊભા છે, છતાં અભિપ્રાયમાં વિભાવને કાળો સર્પ ભાળે છે. વિભાવ વચ્ચે ઊભા હોવા છતાં જ્ઞાની તેનાથી જુદા છે, ન્યારા છે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૦૩

**સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે. દૃષ્ટિ તો અંદર છે. ચારિત્રમાં અપૂર્ણતા છે. તે બહાર ઊભેલો દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે. ૩૦૩.**

**'સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે.'**

ધર્મનું પહેલું પગથિયું તે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન જેને પ્રગટ થયું હોય તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે. તેને દૃષ્ટિમાં આશ્રય તો પૂર્ણાનંદકંદ અખંડ આત્માનો છે, નિમિત્તનો, રાગાદિ વિભાવનો, અપૂર્ણ ને પૂર્ણ પર્યાયનો કે ગુણભેદનો પણ નહિ. જો અખંડ જ્ઞાયક ધ્રુવ તત્ત્વ પરથી દૃષ્ટિ છૂટી જાય અને પરનો ને પર્યાય વગેરેનો આશ્રય થાય તો સાધકપણું જ ન રહે. આમ છતાં જ્ઞાનીને ભૂમિકાનુસાર પૂજા-ભક્તિ, વ્રત-તપ વગેરેના શુભભાવ આવે, પરંતુ તેની દૃષ્ટિ શાશ્વત જ્ઞાયક સ્તંભ ઉપર — દ્રવ્યસ્વભાવ ઉપર — જામેલી હોવાથી, હેયબુદ્ધિએ વર્તતો તે અસ્થિરતાનો રાગ તેને નુકસાન નહિ કરે — તેનું સાધકપણું નહિ ટાળી શકે.

**'દૃષ્ટિ તો અંદર છે. ચારિત્રમાં અપૂર્ણતા છે.'**

પર્યાયમાં અસ્થિરતાના કારણે ભલે અનેક પ્રકારના વિકલ્પો આવે, પણ જ્ઞાનીને દૃષ્ટિ તો સદા અંદર ધ્રુવ નિત્યાનંદકંદ અભેદ જ્ઞાયકપ્રભુ પર પડી છે. સ્વરૂપ-રમણતામાં હજુ અધૂરાશ છે. જ્ઞાનીને અશુભ રાગ પણ આવી જાય. રાગ કરવાની બુદ્ધિ નથી, પણ ભૂમિકા હજુ નીચલી છે તેથી ભૂમિકા સાથે મેળવાળો રાગ ખસતો નથી. એના ને એના વિકલ્પો રહ્યા કરતા હોય તો તેથી જણાય કે તે રાગ છોડી શકતો નથી. તે વખતે પણ તેની દૃષ્ટિ તો અંદર જ્ઞાયકસ્વભાવ પર જ છે. તેને હજુ ચારિત્રમાં અપૂર્ણતા છે; દૃષ્ટિ થતાં અંશે સ્થિર થયો એટલું ચારિત્ર છે, પણ પૂર્ણ ચારિત્ર નથી.

**'તે બહાર ઊભેલો દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે.'**

અહા! આવી વાત મળવી કઠણ છે, અરે! સાંભળવા પણ મળે નહિ; અને તેથી વ્રત-તપ આદિ બહારની ક્રિયાથી કલ્યાણ થઈ જશે — એમ માને, પણ સત્ય વસ્તુ તો આ છે. ધર્મી બહારમાં — શુભરાગમાં ને તેના આચરણમાં — ઊભેલો દેખાય, પણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેની દૃષ્ટિ અંદર ચૈતન્ય જ્ઞાયક પ્રભુથી જરાય ખસતી નથી. અજ્ઞાની જીવ રાગ ન કરતો હોય એવું લાગે, ભોગની સામગ્રીનો ત્યાગ કરતો હોય એવું બહારમાં દેખાય, છતાં તેને રાગ સાથે એકત્વબુદ્ધિ અંદરમાં વર્તતી હોવાથી તે મિથ્યાદૃષ્ટિ ને સંસારી છું. એ ભલે શરીરથી બ્રહ્મચર્ય પાળતો હોય, તોપણ એની દૃષ્ટિ રાગ ઉપર છે કે—'આ હું પાળું છું, આ હું કરું છું'; તેની દૃષ્ટિ સ્વભાવ પર નથી. ધર્મી જીવ બહાર શુભરાગના આચરણમાં ઊભેલો દેખાય, રાગમાં આવે, પણ તેની દૃષ્ટિ તો અંદર સ્વમાં જ છે.

બધા પોતાના જીવનમાં એક શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ મોક્ષમાર્ગને અંગીકૃત કરો. અનન્ત દુઃખથી મુક્ત થવાનો આ જ એક માર્ગ છે. અનંત કાળથી બધા સાધક આ જ એક શુદ્ધાત્મતત્ત્તપ્રવૃત્તિલક્ષણ માર્ગ દ્વારા નિર્વાણને પ્રાપ્ત થયા છે. બધાય સાધકોનું સાધ્ય કેવળજ્ઞાન છે અને આશ્રય જ્ઞાનસ્વભાવી શુદ્ધાત્મતત્ત્વ છે, તેથી ચોથા ગુણસ્થાનથી જ સાધકને બાહ્ય નયપક્ષોમાં એકત્વરૂપ પરિણમન હોતું નથી.

'તું પુરુષાર્થ કર. પુરુષાર્થ તારે જ કરવાનો છે. તું તારા અપરાધથી ભટક્યો છો અને તારા જ પુરુષાર્થથી તરવાનું છે.'—આમ ગુરુદેવે જોરદાર વાણી વરસાવી છે.

—બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૧૩

તા. ૮-૧૦-૭૮

## વચનામૃત — ૩૦૪

ભગવાનનાં પ્રતિમા જોતાં એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે! કેવા સમાઈ ગયા છે! ચૈતન્યનું પ્રતિબિંબ છે! તું આવો જ છો. જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો. ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે. ૩૦૪.

'ભગવાનનાં પ્રતિમા જોતાં એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે! કેવા સમાઈ ગયા છે! ચૈતન્યનું પ્રતિબિંબ છે! તું આવો જ છો.'

જેમણે મોહ-રાગ-દ્વેષ વગેરે સમસ્ત દોષો તથા અપૂર્ણતાનો નાશ કરીને પર્યાયમાં વીતરાગતા તેમ જ સર્વજ્ઞતારૂપ પૂર્ણ સ્વભાવને પ્રગટ કર્યો છે એવા અરિહંત પરમાત્માની વીતરાગભાવવાહી પ્રતિમાનાં દર્શન કરતાં ભક્તનું હૃદય ભક્તિભાવથી ઊછળી જાય અને તેને એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે! પૂર્ણ જ્ઞાન ને આનંદભાવે કેવા પરિણમી ગયા છે! પૂર્ણાનંદનો નાથ એવું જે નિજ જ્ઞાયકસ્વરૂપ તેમાં કેવા સમાઈ ગયા છે! પં. બનારસીદાસજીએ કહ્યું છે ને! — 'जिनप्रतिमा जिन-सारखी', 'सोहै जिनकी छबि सुविद्यमान जिनसो', 'कहत बनारसी अलप भवथिति जाकी, सोई जिनप्रतिमा प्रवांनै जिन-सारखी' — જિનપ્રતિમા સાક્ષાત્ જિનરાજ તુલ્ય છે; જિનેન્દ્રની વીતરાગભાવવાહી મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્ર સમાન શોભે છે; જેને ભવપરિભ્રમણનો કિનારો નજીક આવી ગયો છે તે જ જિનપ્રતિમાને અંતરથી જિનરાજ સદૃશ માને છે. જિનપ્રતિમા નિજ ચૈતન્યનું પ્રતિબિંબ છે. જિનબિંબ એમ બતાવે છે કે તું પણ આવો જ છો. આત્મા સ્વભાવે જે પૂર્ણાનંદકંદ ચૈતન્યનું બિંબ છે તે, શાન્તરસદર્શી વીતરાગભાવવાહી જિનપ્રતિમાનાં દર્શન કરતાં, ભક્તને જણાય છે; તેથી કહ્યું કે જિનપ્રતિમા ચૈતન્યનું પ્રતિબિંબ છે. આત્મા જ જિનસ્વરૂપ છે, તેથી કહ્યું છે: 'જિન સોહી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હૈ આત્મા, અન્ય હોઈ સો કર્મ; કર્મ કરે સો જિનબચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ.' જિન જેવું જ આત્માનું સ્વરૂપ છે. જિનપ્રતિમાનાં દર્શન કરતાં ભક્તનું હૈયું ઊછળી જાય છે અને તેને અંતરમાં એમ થાય છે કે—અહા! 'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારાં નયનમાં!'

> અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
> શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય.
> વિમલ જિન દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ...વિમલ જિન૦

વીતરાગ શાન્તરસનું જાણે ઠરી ગયેલું ઢીમ હોય એમ જિનપ્રતિમાનાં દર્શન કરતાં જણાય છે. તે એમ જણાવે છે કે તું પણ આવો જ છો. અહા! એ વાત કેમ બેસે? જેણે, એક બીડી અને ચપટી તમાકુ વિના પણ ન ચાલે એવો, પોતાને પામર માની રાખ્યો હોય તેને પોતાની પ્રભુતાની આ વાત કેમ બેસે? ભગવાન કહે છે કે—પ્રભુ! તારી વર્તમાન પર્યાયમાં જે રાગાદિ દોષ દેખાય છે તે મૂળ વસ્તુમાં નથી.

**'જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો.'**

સાક્ષાત્ જિનેન્દ્રભગવાન મોહ-રાગ-દ્વેષ આદિ સમસ્ત દોષો રહિત હોવાથી જેવા પવિત્ર છે, રાગાદિ વિભાવની ક્રિયા નહિ હોવાથી નિષ્ક્રિય છે, કોઈ પણ પ્રકારનો વિકલ્પ નહિ હોવાથી નિર્વિકલ્પ છે, અને તે વીતરાગભાવની સ્થાપના હોવાથી જિન-બિંબ પણ જેવું પવિત્ર, નિષ્ક્રિય, નિર્વિકલ્પ છે, તેવો જ તું પરમાનંદકંદ પ્રભુ પવિત્ર છો, દયા-દાન ને વ્રત-તપ આદિ શુભ રાગની ક્રિયાથી પણ રહિત નિષ્ક્રિય છો, દ્રવ્ય-ગુણ-પર્યાય કે ગુણ-ગુણીના ભેદવિચાર રહિત અભેદ જ્ઞાનાનંદનું દળ નિર્વિકલ્પ છો. અહા! આત્માની આવી પ્રભુતા કેમ બેસે? ભાઈ! હિત કરવું હોય, જન્મમરણના ચક્રથી છૂટવું હોય, તો આ વાત સમજીને બેસાડયે જ છૂટકો છે.

**'ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે.'**

જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણોના મહા રત્નાકર એવા ચૈતન્યપ્રભુના અભેદ વૈભવ પાસે બધુંય પાણી ભરે છે, એટલે કે ચક્રવર્તી કે ઇન્દ્રના પુણ્યજનિત સુંદર વૈભવો, શુભ રાગ, પુણ્યબંધ, પર્યાય ને ગુણભેદ વગેરે કાંઈ ગણતરીમાં નથી, ભગવાન આત્મા પાસે તેની કોઈ કિંમત નથી. બેને 'વચનામૃત'ના ૨૧૭ મા બોલમાં કહ્યું છે ને!—'દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમાન કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે.'

અહા! આ સ્વતઃસિદ્ધ ચૈતન્યવસ્તુનો કર્તા કોણ હોય? તેને આવરણ, અશુદ્ધતા કે અપૂર્ણતા કેમ હોય? એક સમયની સાવરણ, અશુદ્ધ ને અપૂર્ણ વર્તમાન અવસ્થાની સમીપમાં જ નિરાવરણ, શુદ્ધ ને પરિપૂર્ણ એવો ધ્રુવ જ્ઞાયકપ્રભુ પવિત્ર, નિષ્ક્રિય ને નિર્વિકલ્પપણે બિરાજે છે; તેની પાસે દયા-દાન વગેરેના શુભભાવ, અરે! વ્યવહાર-રત્નત્રયનો પ્રશસ્ત વિકલ્પ કે જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય એવો ઊંચા પ્રકારનો શુભ વિકલ્પ — એ બધુંય પાણી ભરે છે, તેની કોઈ ગણતરી કે કિંમત નથી. જે ભાવે બંધ પડે તેની અબંધસ્વભાવી ચૈતન્યપ્રભુ પાસે કિંમત શાની હોય?

અરેરે! જરી બહારની અનુકૂળતા મળે તેમાં જે રાજી રાજી થઈ જાય તેને આ સમસ્ત શુભાશુભ વિભાવ પર્યાય, સાધનામય નિર્મળ પર્યાય અને એક સમયની પૂર્ણ દશા — કે જે બધું વસ્તુમાં ઉપર ને ઉપર તરે છે, ધ્રુવ સ્વભાવમાં પ્રવેશ પામતું નથી — તેની પેલી પાર અંદર અખંડ જ્ઞાયકપ્રભુ બિરાજે છે તે કેમ બેસે? અંતરમાં અખંડ, એક, સકલનિરાવરણ, અવિનાશી, પ્રત્યક્ષપ્રતિભાસમય પરમપારિણામિક-શુદ્ધ-ભાવમય જે પરમાત્મદ્રવ્ય તે જ હું છું — એ વાત કેમ બેસે? પોતાને અંતરનો અભ્યાસ નથી અને અત્યારે તો વક્તાઓમાં કથનની શૈલિ જ આખી ફરી ગઈ છે, શુભભાવ ને બહારની ક્રિયામાં જ ધર્મ મનાવી દીધો છે; ત્યાં આ, પર્યાયની કોઈ પણ પ્રકારની હલચલ વિનાના નિષ્ક્રિય ચૈતન્યપ્રભુની વાત ક્યાંથી બેસે? ચૈતન્યપ્રભુ પાસે બધુંય પાણી ભરે છે, બીજી કોઈ ચીજની કાંઈ ગણતરી કે કિંમત નથી. અહા! બેનની ભાષા બહુ ટૂંકી છે પણ ભાવ ઘણા ગંભીર છે. ભાષા તો પુદ્ગલ છે પણ તે વાચ્ય સમજવામાં નિમિત્ત છે. તેમાં એ કહ્યું છે કે — ત્રિકાળી પૂર્ણાનંદ પ્રભુ પાસે એક સમયની દશાની — કોઈ ચીજની કાંઈ કિંમત નથી.

———o———

## વચનામૃત — ૩૦૫

**તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઇશ. તું મોટો દેવાધિદેવ છો. તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર. ૩૦૫.**

**'તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઇશ.'**

'આ શરીર છે, આ રાગ છે' એમ જોવાયોગ્ય પર ચીજ તરફ તારી દૃષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિથી છે, પણ તેનો જોનાર પોતે ભગવાન આત્મા શી ચીજ છે તેને જાણવાની કદી દરકાર કરી નથી. શરીર, વાણી, ઘટ, પટ વગેરે કોઈ પણ ચીજ જાણવામાં આવે ત્યાં જાણનાર એવું જ્ઞાન જ ઊર્ધ્વ રહીને જાણે છે, જ્ઞાન ન હોય તો જ્ઞેયને જાણે કોણ? 'ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન; જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?' જાણનાર આને જાણે, આને જાણે, ઘટને જાણે, પટને જાણે, ધંધાને જાણે, શાસ્ત્રને જાણે — એમ કહેવું તે પર સાથેના સંબંધનું કથન હોવાથી વ્યવહાર છે; ત્યાં જણાનારને નહિ પણ જાણનારને જો. અંતરમાં ચૈતન્ય વિજ્ઞાનઘન પૂર્ણાનંદ પ્રભુ આત્મા બિરાજે છે તેને જો.

તારી વર્તમાન પર્યાયમાં તું અનાદિથી અજ્ઞાનભાવે પરને જ જુએ છે, હવે તારી જ્ઞાનનજર અંતરમાં વાળીને તું સુખનિધિ સતને — તારા જ્ઞાયક પ્રભુને — જો. 'મારાં નયણાંની આળસ રે! ન નિરખ્યા હરિને જરી.' જે મોહરાગદ્વેષ આદિ વિભાવ-ભાવોને હરે-જીતે, વીતરાગતા પ્રગટ કરે એવો પોતાનો આત્મા જ 'હરિ' છે, પણ જોવાની આળસે તને તારું પરમ નિધાન કદી દૃષ્ટિગત થયું નહિ.

'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય; જિનેસર!
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય; જિનેસર!
ધર્મ જિનેસર ગાઉં રંગશું.'

રુચિ બહારની હોવાથી પરને જ જોવા રોકાઈ ગયો. શાસ્ત્રો વાંચીને જાણ્યું, બહિર્લક્ષી જ્ઞાન કર્યું, પણ અંદર સ્વસન્મુખ થઈને જાણનારને જાણ્યો નહિ. અહો! આવી વાતો છે.

જ્યાં વર્તમાન દશા ઉપર ઉપર તરે છે, અંદર ધ્રુવ સ્વભાવમાં જરા પણ પ્રતિષ્ઠા પામતી નથી એવા નિજ ત્રિકાળી જ્ઞાયક પ્રભુને જો. 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो!' જે જીવ ભૂતાર્થનો — વિભાવ તેમ જ ભેદ રહિત નિજ ધ્રુવ શુદ્ધ જ્ઞાયક દ્રવ્યનો — આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને સમસ્ત વિકલ્પજાળ — એ બધો બગાડ માત્ર પર્યાયમાં છે, ત્રિકાળી સ્વભાવ તો તે સમસ્ત પર્યાયવિકાર રહિત શુદ્ધ વિજ્ઞાનઘન છે. તેને જો — તેનો આશ્રય કર.

જેવો તું છો તેવો જ તું અંતરમાં પ્રગટ થઈ જઈશ. એ શું કહ્યું? તારું સ્વરૂપ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગતા આદિ અનંત ગુણસમૃદ્ધિથી ભરચક છે. તું રુચિને અંતર્મુખ વાળીને તેને જો, તો તારી પર્યાયમાં તું જેવો છો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેવો જ પ્રગટ થઈ જઈશ. અરેરે! જીવે આ વાત અનાદિ કાળના પરિભ્રમણમાં કદી જાણી નથી — પોતાને ક્યારેય જોયો નથી; જોયો હોય તો પરિભ્રમણ રહે નહિ. ભાઈ! અંદર કોઈ વસ્તુ છે કે નહિ? તત્ત્વ છે ને? તે તત્ત્વ પૂર્ણ વિજ્ઞાનઘન-આનંદઘન છે. તારી જે પર્યાય પરવસ્તુને જ્ઞેય બનાવીને જુએ છે તેને અંતરમાં વાળીને સ્વવસ્તુને — જ્ઞાયકદ્રવ્યને — જો. જેમાં અપવિત્રતાનો, અપૂર્ણતાનો કે પૂર્ણતાના ભેદનો અંશ પણ નથી એવા પરમપવિત્ર, પરિપૂર્ણ, અભેદ જ્ઞાયકતત્ત્વને અંતરમાં જો, તો તું પર્યાયમાં પણ એવો જ પ્રગટ થઈ જઈશ. અંતરમાં જે શક્તિ છે તેની પૂર્ણ વ્યક્તતા થઈ જશે.

### ‘તું મોટો દેવાધિદેવ છો.’

ભગવાન આત્મા પૂર્ણ સચ્ચિદાનંદ દેવાધિદેવ છે. આત્મા વસ્તુ છે ને? જે વસ્તુ હોય તે સ્વભાવે અશુદ્ધ ન હોય, ઊણી ન હોય, તેને આવરણ ન હોય; જ્ઞાયક-વસ્તુ પણ આનંદ આદિ અનંત ગુણમય પોતાની પ્રભુતાથી ભરેલું પરિપૂર્ણ તત્ત્વ છે. પ્રભુ! તું તેને ભૂલી ગયો છો. આ દેહ છે તે માટીનો — ધૂળનો છે, તે આત્મા નથી કે આત્મામાં નથી; વળી જે આ દયા-દાન, કામ-ક્રોધના વિકલ્પો ઊઠે છે એ તો વિકાર છે, એ કાંઈ આત્મા નથી; એ તો નથી પણ અલ્પજ્ઞ પર્યાયપણે પણ આત્મા નથી. એ બધો તો પરના સંબંધે પર્યાયમાં થતો વ્યવહાર-અંશ છે, ખંડખંડ ભાગ છે. અંદર જે અખંડ જ્ઞાયક દેવાધિદેવ બિરાજે છે તેની તને ખબર નથી.

લીંડીપીપરનો દાણો રંગે કાળો, કદે નાનો અને સ્વાદે અલ્પ તીખાશવાળો હોવા છતાં તેનામાં ૬૪ પહોરી તીખાશની — પૂર્ણ તીખાશની શક્તિ સદા ભરપૂર છે. એ દૃષ્ટાન્તે, આત્મા પણ કદે શરીરપ્રમાણ અને ભાવે અલ્પજ્ઞ હોવા છતાં તેનામાં પરિપૂર્ણ સર્વજ્ઞસ્વભાવ, આનંદસ્વભાવ ભરેલો છે. અહા! તું તેને એક વાર તો જો! તું એક વાર તો સિંહગર્જના કર કે ‘અત્યારે જ હું પૂર્ણાનંદકંદ, સર્વજ્ઞસ્વભાવથી પરિપૂર્ણ તત્ત્વ છું.’ ભાઈ! તું મોટો દેવાધિદેવ છો. દેવોના સ્વામી જે ઇન્દ્રો તેમનો પણ તું દેવ છો. તારી આધ્યાત્મિક દિવ્યતાઓ પાસે ઇંદ્રોની વિભૂતિ પાણી ભરે છે — અત્યંત તુચ્છ છે; માટે તું દેવાધિદેવ છો. અહા! સત્તર વર્ષની ઉંમરે પાલેજમાં રામલીલા જોવા ગયો હતો. તે જોઈને મને અંતરમાં વૈરાગ્યની ધૂન ચડી ગઈ. એ વૈરાગ્યની ધૂનમાં છ કડીનું એક કાવ્ય રચાઈ ગયું હતું. તેની પ્રથમ પંક્તિ હતી: ‘શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ’. ત્યારે તો ‘દેવનો દેવ’ એટલે શું — એની વિશેષ ખબર નહોતી; પણ ‘હું પૂર્ણ દેવાધિદેવ છું’ એવા સંસ્કાર અંતરમાંથી આવ્યા હતા. અરેરે! આત્મા સ્વયં જ્ઞાયક દેવાધિદેવ છે — એવી વાત પણ સંપ્રદાયમાં સાંભળવા મળે નહિ. આખો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંપ્રદાય બહારના ક્રિયાકાંડમાં ને શુભભાવમાં ગૂંચવાઈ ગયો છે. મને તો નાની ઉંમરમાં અંદરથી જ એવા ભણકાર આવ્યા હતા કે—આત્મા શિવરમણીનો રમનાર દેવાધિદેવ છે. તું ચામડાંની સ્ત્રી સાથે નહિ પણ મોક્ષરમણી સાથે રમનાર મોટો દેવાધિદેવ છો.

'તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર.'

જેનાથી મોક્ષરમણી રમનાર એવો નિજ જ્ઞાયક દેવાધિદેવ પકડાય—પ્રગટ થાય એવો તીખો પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર. પરલક્ષે જે શુભાશુભ ભાવ થાય છે તે તો અત્યંત સ્થૂળ છે, તેના વડે આત્મા નહિ પકડાય—નહિ જણાય. ભગવાન આત્માને જાણવા—અનુભવવા માટે સ્વસન્મુખતાનો ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કરવો પડશે. આત્મામાં એક વીર્ય નામનો—પુરુષાર્થ નામનો—ગુણ છે. સ્વરૂપની રચના કરવી તે તેનું કાર્ય છે. પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપની પર્યાયમાં રચના—પ્રગટતા થાય એવો તીવ્ર પુરુષાર્થ કર. દયા-દાન આદિ વિભાવની રચના થાય તે તો નપુંસકતા છે. નપુંસકને જેમ પ્રજા ન હોય તેમ શુભભાવરૂપ નપુંસકતાથી ધર્મરૂપ પ્રજા ન થાય. અંદર પર્યાયમાં શુદ્ધતાની રચના કરે તે જ સાચો પુરુષાર્થ છે અને જે અંતર સ્વ-સન્મુખતા કરે તે જ સૂક્ષ્મ ઉપયોગ છે. દેવાધિદેવ એવા તારા ચૈતન્યપ્રભુની પ્રગટતા માટે તું અંતર્મુખ થઈને તીખો પુરુષાર્થ અને ઝીણો ઉપયોગ કર.

ભગવાન આત્મા, જેની સંખ્યાને કોઈ આરો નથી એવા જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણોનો મહાસાગર છે. તેનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ છે, સ્થૂલ પરલક્ષી ઇન્દ્રિયજ્ઞાનથી કે શુભાશુભ ભાવથી લક્ષગત થાય એવું નથી. તેને લક્ષગત કરવા માટે અંદરમાં તીખી લગની અને સૂક્ષ્મ ઉપયોગ કર. આ વાત સમજવામાં અઘરી પડે એટલે લોકોને એમ લાગે કે આમાં વ્યવહાર ઊડી જાય છે. અરે, સાંભળને પ્રભુ! તું વ્યવહાર કોને કહે છે? શું રાગ ને શરીરની ક્રિયા વ્યવહાર છે? રાગ ને શરીરની ક્રિયા એ તારું સ્વરૂપ નથી, તારા સ્વરૂપમાં નથી, તેનાથી તારા આત્માને ધર્મનો જરીયે લાભ નથી. જીવનો જે ઉપયોગ સૂક્ષ્મ થઈને ઉગ્ર પુરુષાર્થ વડે નિજ જ્ઞાયકભાવનો આશ્રય કરે તે જ ધર્મ છે. ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર એવું જે નિજ શુદ્ધાત્મદ્રવ્ય તેને જાણવા માટે પ્રભુ! ઉપયોગ—જ્ઞાનનો પ્રયોગ—સૂક્ષ્મ જોઈશે અને તેનો આશ્રય કરવા માટે વીર્ય—સ્વસન્મુખતાનો પુરુષાર્થ—ઉગ્ર જોઈશે. અહાહા! આવી વાતો છે ભગવાનના ઘરની.

અરેરે! જગત આખું દયા-દાન ને વ્રત-તપ વગેરે વ્યવહારના—વિભાવના રસમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પડયું છે. પ્રભુ! એ વિભાવભાવ આત્માનો રસ નથી. એ તો ઠીક, પણ જ્ઞાનની જે વર્તમાન દશા કેવળ પરસન્મુખ થઈને શાસ્ત્ર વગેરે જાણવાનું કામ કરે છે તે પણ સ્થૂળ છે, તેનાથી આત્મા લક્ષગત થતો નથી. જ્ઞાનની જે દશા સ્વસન્મુખ થઈ સ્વને — જ્ઞાયકને પકડવાનું કામ કરે તે ઉપયોગ સૂક્ષ્મ છે. ઉપયોગને સૂક્ષ્મ કરીને આત્માનો આશ્રય કરવા માટે ઉગ્ર પુરુષાર્થ કર.

આવો ધર્મ કયાંથી કાઢયો?

ભાઈ! કયાંયથી કાઢયો નથી, વસ્તુનું સ્વરૂપ જ અનાદિથી આ પ્રમાણે છે. વસ્તુસ્થિતિને સમજ્યા વિના લોકો ધર્મના નામે પોતાની મતિકલ્પનાથી કાંઈ ને કાંઈ માની બેઠા છે, રાગ ને બહારની ધમાલમાં ધર્મ સમજી રહ્યા છે. શુભરાગ તો બંધનું કારણ છે અને બહારની ધમાલમાં જે શરીર આદિની ક્રિયા છે તે તો જડની પરિણતિ છે. શું આત્મા પરની — જડની ક્રિયા કરી શકે?

જો પરનું કરી શકાતું ન હોય તો આપ ઉપદેશ શા માટે આપો છો? મંદિરો કેમ બંધાવો છો?

ભાઈ! ઉપદેશ કોણ આપે ને મંદિરો કોણ બનાવે? ઉપદેશ નીકળે છે તે તો વચનવર્ગણાની અવસ્થા છે. ભગવાન આત્મા ભાષાવર્ગણાનો કર્તા નથી અને ભગવાન આત્મામાંથી ભાષા આવતી નથી. જગતમાં સર્વત્ર રહેલા ભાષાવર્ગણાના પિંડ જીવની ભાષાપર્યાપ્તિનું નિમિત્ત પામીને સ્વયમેવ શબ્દોરૂપે પરિણમી જાય છે; એ પ્રમાણે પથ્થર, ઈંટ અને ચૂનાના રજકણો સ્વયમેવ મંદિરરૂપે ગોઠવાઈ જાય છે; તેનો કર્તા આત્મા નથી. પરનું કર્તાપણું નહિ પણ કેવળ જ્ઞાતા-દ્રષ્ટાપણું એ જ આત્માનું સ્વરૂપ છે. અહીં બેન કહે છે કે એવા આત્માને સાધવા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર. આ સાધનથી જ આત્મા પ્રગટ થાય છે.

———o———

## વચનામૃત — ૩૦૬

**રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત — અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે કયાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ. ૩૦૬.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ.'**

આ બોલમાં 'જાગતો જીવ' ની વાત આવે છે. વસ્ત્રમાં જેમ તાણાવાણા વણાઈ જાય છે તેમ પૂર્ણાનંદકંદ જ્ઞાયકની રુચિનું પોષણ અને તત્ત્વનું ઊંડું ઘૂંટણ અંદર ચૈતન્યની સાથે વણાઈ જવું જોઈએ અને તો જ સાધનાનું — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-સ્વરૂપ મોક્ષમાર્ગનું કાર્ય થાય. લીંડીપીપરને ૬૪ પહોર ઘૂંટવાથી તેની પર્યાયમાં જેમ પૂર્ણ તીખાશ પ્રગટ થાય છે, તેમ રુચિને અંતર્મુખ વાળીને સ્વરૂપનું ઘૂંટણ કરતાં કરતાં આત્માની પર્યાયમાં પૂર્ણ સ્વરૂપ પ્રગટ થઈ જાય છે. કોઈ દયા-દાન કે વ્રત-ભક્તિ કરતાં કરતાં સ્વરૂપ બહાર આવે છે એટલે કે લક્ષગત થાય છે — એમ નથી; એ તો વિકારી ભાવ છે, તેનાથી આત્માની પ્રાપ્તિ કદી થાય નહિ. આવી વાતો માણસોને આકરી પડે; પણ ભાઈ! આ તો જેને અંદર આત્માની પ્રસિદ્ધિ — આત્મખ્યાતિ, આત્માનુભૂતિ — પ્રગટ કરવી હોય તેને માટે આ વાત છે.

રુચવું એટલે ગોઠવું. જગતમાં લોકો ગોઠયાનાં ગાણાં ગાય છે ને? સ્નેહીઓ ભેગા થાય ત્યારે પૂછે છે કે — 'અહીં ગોઠે છે ને?' એ રીતે ભાઈ! અંદરનો ભગવાન આનંદકંદ ચૈતન્યપ્રભુ ગોઠવા માટે તું અંતરમાં જા, એની રુચિ કર, એને પોષાણમાં લે. 'આ જ મને પોષાય છે, બીજું કાંઈ પોષાતું નથી' એમ રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ — 'જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક' એવું જે ઘૂંટણ તે — ચૈતન્યની સાથે વણાઈ જાય તો ધર્મરૂપી કાર્ય થાય જ.

**'અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ.'**

હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના વગેરે પાપવૃત્તિ તે અશુભભાવ છે અને દયા-દાન, વ્રત-તપ, પૂજા-ભક્તિ વગેરે પુણ્યવૃત્તિ તે શુભભાવ છે; તે બંને પ્રકારના ભાવો વિભાવભાવ છે. જીવને અનાદિથી વિભાવનો જ પ્રેમ છે, તેથી અંદર જ્ઞાયકસ્વભાવનો પ્રેમ તેને કદી થયો નથી. તે વિભાવનો પ્રેમ છોડ.

**'જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત — અપ્રાપ્ય રહેતો નથી.'**

અંતરમાં જેને એક પૂર્ણાનંદકંદ આત્મા જ પોષાય છે તેને બીજું — શુભાશુભ ભાવરૂપ વિભાવ — પોષાતું નથી. જ્ઞાનીને પણ ભૂમિકા અનુસાર રાગ આવે, પણ રુચિમાં તેનું પોષાણ નથી, તે દુઃખરૂપ લાગે છે. જેને રુચિમાં જ્ઞાન ને આનંદસ્વરૂપ નિજ જ્ઞાયક-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ રુચે છે તેને વિશ્વની કોઈ બીજી વસ્તુ રુચિમાં રુચતી નથી, તેને આત્મા ગુપ્ત—અપ્રાપ્ય રહેતો નથી; તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી. બહારનું ઘણું જાણે આત્મા પ્રાપ્ય થાય — તો એમ નથી. વીતરાગ જિનેશ્વર પ્રભુની ભક્તિ તેમ જ નામસ્મરણ તે પણ વિકલ્પ છે — રાગ છે. એ શુભરાગ પણ જેને પોષાતો નથી અને કેવળ ભગવાન આત્મા જ પોષાય છે, તેને આત્મા ગુપ્ત — અપ્રાપ્ય રહેતો નથી, પ્રર્યાયમાં પ્રગટ થયા વિના રહેતો નથી. અહો! આવું વસ્તુનું સ્વરૂપ છે.

**'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ.'**

અંતરમાં જાગતો જીવ — ચૈતન્યપ્રકાશની ઝળહળ જ્યોતિ, ધ્રુવ જ્ઞાયક પદાર્થ — ઊભો છે, શાશ્વતો હાજરાહજૂર બિરાજમાન છે, તે ક્યાં જાય? ત્રિકાળી પ્રજ્ઞાબ્રહ્મ ધ્રુવ જ્ઞાયક ચીજ શું રાગમાં આવે? પર્યાયમાં આવે? સદા હાજરાહજૂર એવો ચૈતન્યદેવ અંતરમાં દૃષ્ટિગત કરે તો તે જરૂર પ્રાપ્ત થાય જ. તે પ્રાપ્ત થતાં જીવનાં જન્મ-મરણ ટળી જાય.

વીતરાગ જિનેન્દ્રપ્રભુ સમ્યગ્દર્શનને ધર્મનું પહેલું પગથિયું કહે છે. જાગતો જીવ — ધ્રુવ જ્ઞાયક આત્મા — શરીર, વાણી અને મનથી તો પર છે, પણ અંદર જે દયા-દાન, વ્રત-તપ, પૂજા-ભક્તિ વગેરેના શુભ પરિણામ થાય તેનાથી પણ પર છે. ધ્રુવ જ્ઞાયક — જાગતો જીવ — એક સમયની પર્યાય જેટલો પણ નથી. જાગતા જીવને જોનાર તો જ્ઞાનની વર્તમાન પર્યાય છે. અરેરે! દ્રવ્ય શું? વર્તમાન પર્યાય એટલે શું? — એની પણ જેને ખબર નથી તે વીતરાગના આ: માર્ગને કઈ રીતે સમજી શકે? ત્રિલોકીનાથ શ્રી જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે ભાઈ! અંદર જાગતો આત્મા સદા જ્ઞાનજ્યોતિથી પ્રકાશી રહ્યો છે, તે કોઈ દિવસ ઊંઘતો નથી; એને કદી નિદ્રા નથી, તેના સ્વભાવમાં કદી અશુદ્ધતા, આવરણ કે અપૂર્ણતા નથી. અહો! વીતરાગ માર્ગને સમજવો તે કોઈ અલૌકિક વાત છે. ભાઈ! બાહ્ય ક્રિયાકાંડ — દયા પાળી, વ્રત લીધાં ને ભક્તિ વગેરે કર્યું — એ કાંઈ ધર્મ કે ધર્મનું સાધન નથી. શુભરાગ તો ઝેર છે. ઝેર પીતાં પીતાં શું અમૃતના ઓડકાર આવે? લસણ ખાતાં ખાતાં કસ્તૂરીના કદી ઓડકાર આવે? એ રીતે શું રાગની ક્રિયા કરતાં કરતાં ધર્મ થાય? ભગવાન આત્મા શરીરથી ને શરીરની ક્રિયાથી, આઠ કર્મના રજકણોથી તદ્દન જુદા છે; અંદર જે શુભાશુભ વિકારી ભાવો થાય તે પણ વિભાવ છે; એ કાંઈ આત્મા નથી, અને આત્મા પણ એમાં નથી. સમસ્ત વિભાવોથી ભિન્ન ધ્રુવ જ્ઞાયકભાવ — જાગતો જીવ — સદા અંતરમાં હાજરાહજૂર બિરાજે છે. ત્યાં નજર કર ને! અંદર નજર કરવાથી તે જરૂર હાથ આવશે. ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા હાથ આવતાં તને સમ્યગ્દર્શન થશે.

જાગતો જીવ ઊભો છે ને? તે પરમ પારિણામિકભાવે રહેલું, ધ્રૌવ્યસ્વરૂપ, જાગૃત જ્ઞાયક તત્ત્વ ક્યાં જાય? શું તે શરીરમાં જાય? રાગાદિ વિભાવમાં જાય? એક સમયની પર્યાયમાં જાય? ક્યાં જાય? પરમાત્માની વાણીમાં વસ્તુને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત કહી છે. 'જાગતો જીવ', જ્ઞાયક જીવ, જાણનાર જીવ, જ્ઞાતા જીવ, દ્રષ્ટા જીવ—એ ધ્રૌવ્ય છે. ધ્રુવભાવે હાજરાહજૂર જ્ઞાયક ભગવાન ક્યાં જાય? શું તે દયા-દાન વગેરે વિકલ્પોમાં આવે? તે તો સનાતન ધ્રૌવ્યપણે સદા ઊભો જ છે. ત્યાં નજર કર તો તે અવશ્ય પ્રાપ્ત થાય જ.

ભગવાન આત્મા દ્રવ્ય-અપેક્ષાએ ભૂતાર્થસ્વભાવે—ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપે—ધ્રૌવ્ય છે, ને પર્યાય-અપેક્ષાએ ઉત્પાદ-વ્યયસ્વરૂપ છે. 'જાગતો જીવ' એટલે કે દૃષ્ટિના વિષયભૂત ભૂતાર્થ જ્ઞાયક આત્મા દયા-દાન આદિ વિભાવભાવોથી તો સ્વરૂપલક્ષણે ભિન્ન છે જ, પણ ઉત્પાદ-વ્યયસ્વરૂપ એક સમયની પર્યાય જેટલો પણ નથી. તે જાગતી ધ્રુવ જ્યોત જાય ક્યાં? શેમાં આવે? શેમાં સમાય? તે ધ્રુવ ચૈતન્યજ્યોતિ પર નજર કર તો તને જરૂર ધ્રૌવ્યની પ્રાપ્તિ થશે. જીવ જ્યારે નિજ ધ્રુવ તત્ત્વ પર નજર કરે, તેનો આશ્રય કરે, ત્યારે તેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય જ.

અરેરે! અત્યારે તો એવા ગોટા ઊઠયા છે કે—દયા-દાન કરો તો ધર્મ થાય; પણ એ બધી તો રાગની ક્રિયા છે, વૃત્તિનું ઉત્થાન છે. શું રાગભાવથી વીતરાગભાવ-સ્વરૂપ ધર્મ થાય? હજુ તો પ્રથમ સમ્યગ્દર્શન કેમ પમાય, એ પ્રાપ્ત કરવાની રીત અને પદ્ધતિ શું,—એની જ લોકોને ખબર નથી. ધ્રુવ ચૈતન્યજ્યોતિની—જાગતા જીવની—દૃષ્ટિ થયા પછી સ્વરૂપમાં જે વિશેષ રમણતા થાય તે ચારિત્ર છે. નગ્નપણું વગેરે તો જડની ક્રિયા છે અને પંચ મહાવ્રત વગેરેના પરિણામ તો શુભ રાગ છે—એ કાંઈ ચારિત્ર નથી. તે જ્યાં નિયમથી સહજપણે (હઠ વિના) હોય છે ત્યાં 'જાગતા જીવ'ના આશ્રયે અંતરમાં વર્તતી વિશેષ શુદ્ધિ તે ચારિત્ર છે.

જ્ઞાન આત્માનો સ્વભાવ છે. જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક છે. અનાદિ પરસન્મુખ દૃષ્ટિને કારણે પર્યાયમાં, સ્વપર-પ્રકાશક સ્વભાવ હોવા છતાં, જ્ઞાન સ્વને પ્રકાશતું નથી, એકલા પરને—રાગ, પુણ્ય, પાપ, બાયડી, છોકરાં વગેરે એકલું બહારનું—પ્રકાશે છે. પોતાને ભૂલીને એકલા પરને પ્રકાશનાર જ્ઞાનની પર્યાય મિથ્યા છે. તે જ્ઞાનની પર્યાય જેની છે તેના ધ્રુવ સ્વભાવને નજરમાં લે ત્યારે જીવને મોક્ષમહેલનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન થાય, ને ત્યારે તેને ચોથું ગુણસ્થાન કહેવાય. સમ્યગ્દર્શન કઈ રીતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પમાય તેની આ વાત છે. દેવ-શાસ્ત્ર-ગુરુને માનીએ એટલે સમ્યગ્દર્શન થાય — એ બધી વાતો મિથ્યા છે. એવું તો આ જીવે અનંત વાર કર્યું છે, એ કાંઈ અપૂર્વ વસ્તુ નથી.

જ્ઞાનની વર્તમાન વર્તતી પર્યાય અનાદિથી વિમુખ છે; તેને જાગતી જ્યોત — ચૈતન્ય ધ્રુવ સ્વભાવ — તરફ વાળ. ધ્રૌવ્ય તરફ નજર કરે તો પર્યાયમાં 'પ્રાપ્તની પ્રાપ્તિ' થાય, જાગતો જીવ પ્રગટ અનુભવમાં આવે. ધ્રૌવ્ય કાંઈ પર્યાયરૂપ થાય નહિ, પણ ધ્રૌવ્યનું આલંબન લેતાં ધ્રૌવ્યનું જે ભરચક સામર્થ્ય છે તે જ્ઞાન ને પ્રતીતિરૂપ પર્યાયમાં લક્ષગત થઈ જાય છે. અહા! આ તે કઈ જાતનો ધર્મ? બાપુ! આ જ સાચો જૈનધર્મ છે. દયા પાળવી, વ્રત કરવાં, કંદમૂળ ન ખાવાં — એ બધો શુભ રાગ છે. રાગને જૈનધર્મ કેમ કહેવાય?

જાગતો જીવ ઊભો છે — એટલે કે વજ્રના બિંબની જેમ તે ટંકોત્કીર્ણ નિત્ય ધ્રુવ છે — તે ક્યાં જાય? અરેરે! આ હાજરાહજૂર જાગતી જ્યોતનો — ધ્રુવ ચૈતન્ય પ્રભુનો — કોઈ દિવસ વિચાર પણ કર્યો નથી. ધ્રુવપણે જ્ઞાયક પ્રભુ સદા પ્રાપ્ત છે; પર્યાયમાં તેનું લક્ષ કરતાં 'પ્રાપ્તની પ્રાપ્તિ' જરૂર થાય. વિદેહક્ષેત્રમાં ત્રણ લોકના નાથ શ્રી સીમંધર ભગવાન બિરાજે છે. ભરતક્ષેત્રમાં ભગવાનના વિરહ પડ્યા, ધર્મનું સાચું સ્વરૂપ બતાવનાર રહ્યા નહિ, તેથી લોકોએ પોતાની મતિકલ્પના પ્રમાણે ધર્મને જુદું જુદું સ્વરૂપ આપીને ચલાવ્યો; વીતરાગનો સાચો માર્ગ દુર્લભ થઈ ગયો. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકીનાથ શ્રી સીમંધર પ્રભુ બિરાજે છે, ત્યાંથી આવેલી આ વાણી છે.



અંદર શુદ્ધાત્મામાં જ બધું ભર્યું પડ્યું છે. તું પ્રમાદ છોડી ત્યાં દૃષ્ટિ કર. એને માટે ઝાઝા જ્ઞાનની જરૂરત નથી, રુચિ પલટાવી દે. ગુરુદેવે જ શુદ્ધાત્માનો માર્ગ બતાવ્યો છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૧૪

## વચનામૃત — ૩૦૭

**તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે; તદનુસાર પરિણમતાં મોહ ઊભો રહેતો નથી. ૩૦૭.**

શું કહે છે? ભગવાન આત્મા આનંદનિધિ જ્ઞાયકતત્ત્વ છે, શરીર, વાણી, મન અને કર્મ વગેરે અજીવતત્ત્વ છે તથા પુણ્ય-પાપના ભાવ વિભાવતત્ત્વ છે; તેમાં જ્ઞાનમૂર્તિ આત્મા શરીર આદિ બાહ્ય પદાર્થથી તેમ જ શુભાશુભ વિભાવભાવથી ભિન્ન છે— એવો જિનેન્દ્રભગવાનનો જે ઉપદેશ તે તલવારની ધાર જેવો છે. તે ઉપદેશ જીરવવો જગતને કઠણ પડે છે. શ્રી આનંદઘનજીએ કહ્યું છે ને!—

ધાર તરવારની સોહલી, દોહલી
ચૌદમા જિન તણી ચરણ સેવા;

ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના-ધાર પર રહે ન દેવા. ધાર૦

તરવારની ધાર પર નાચવું સહેલું છે, પણ શ્રી જિનેન્દ્રભગવાને બતાવેલા જ્ઞાયકતત્ત્વ અનુસાર અંદરમાં પરિણમન કરવું ઘણું જ વિકટ છે; તેના માટે ગુરુગમે તત્ત્વ સમજીને અંતરમાં સ્વસન્મુખતાનો અપૂર્વ તેમ જ સાતિશય પુરુષાર્થ જોઈએ.

ચિદાનંદસ્વરૂપ જ્ઞાયક આત્મા સનાતન અવિનાશી તત્ત્વ છે. તે કોઈથી નવું ઉત્પન્ન થયું નથી અને કોઈથી નાશ પામે એવું નથી. ઉત્પાદ અને વિનાશ જોવામાં આવે છે તે તેની પર્યાય-હાલત-અવસ્થા-દશા છે. 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्।' સત્ત્વ-સ્વભાવી આત્મા દ્રવ્ય-અપેક્ષાએ ધ્રુવ તત્ત્વ છે અને પર્યાય-અપેક્ષાએ પરિણમનશીલ છે. દ્રવ્ય-પર્યાયપણે પોતાના સહજ અસ્તિત્વને ધારી રાખતો ભગવાન આત્મા જ્ઞાન, આનંદ, શ્રદ્ધા, વીર્ય આદિ અનંત ગુણસમૃદ્ધિથી ભરચક ભરેલો મહાન પદાર્થ છે, જેને દૃષ્ટિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લેતાં, તદનુસાર પરિણમતાં અનાદિ મોહપરિણતિનો નાશ થઈ જાય છે.

તત્ત્વનો ઉપદેશ તલવારની ધાર જેવો તીક્ષ્ણ છે; તદનુસાર પરિણમન કરતાં, ધ્રુવ જ્ઞાયક જાગતી જ્યોતને અનુસરતાં મોહ ઊભો રહેતો નથી. જેમ મનુષ્યના હાથમાં તીક્ષ્ણ તરવાર હોવા છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે છે તો જ તે શત્રુસંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ; તેમ આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી જિનેશ્વરદેવના ઉપદેશરૂપ તીક્ષ્ણ તરવાર પામવા છતાં પણ જો જીવ મોહ રાગ-દ્વેષરૂપ શત્રુઓ પર અતિ દૃઢતાથી તેનો પ્રહાર કરે છે તો જ તે સર્વ દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ. સર્વ ઉદ્યમથી મોહનો નાશ કરવા માટે તત્ત્વાનુસાર — શુદ્ધ જ્ઞાયકભાવના આશ્રયપણે — પરિણમનનો પુરુષાર્થ કરવો એ જ કર્તવ્ય છે.

ભૂતાર્થ જ્ઞાયક સ્વભાવને અનુસરીને પરિણમતાં, દિશા ફરતાં દશા ફરી જાય છે — સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે, રાગની એકતા ઊભી રહેતી નથી. સ્વભાવની પૂર્ણ એકતા થતાં રાગ ટળી જાય છે. મોહના નાશનો આ ઉપાય છે.

———o———

## વચનામૃત — ૩૦૮

**દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે. ‘દરેક દ્રવ્ય પોતાના ગુણોમાં રહીને સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે’, ‘પર્યાય દ્રવ્યને પહોંચે છે, દ્રવ્ય પર્યાયને પહોંચે છે’ — આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેતાં મોહ ક્યાં ઊભો રહે? ૩૦૮.**

‘ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે. ’

શું કહે છે? ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ આ વિશ્વમાં છ પ્રકારનાં દ્રવ્ય જોયાં છે. દ્રવ્ય એટલે જીવ, પુદ્ગલ વગેરે ત્રિકાળી વસ્તુ; ગુણ એટલે વસ્તુના આશ્રયે સાથે રહેનારી સ્વશક્તિઓ, જેમ કે જીવમાં જ્ઞાન, દર્શન, સુખ વગેરે; પર્યાય એટલે વસ્તુમાં પ્રતિક્ષણ થતી નવી નવી અવસ્થા, જેમ કે જીવની મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, સમ્યગ્દર્શન, સ્વરૂપાચરણ-ચારિત્ર વગેરે દશાઓ. અરેરે! લોકોને હજુ દ્રવ્ય શું, ગુણ શું ને પર્યાય શું એની પણ ખબર ન મળે! એ તો જૈનના એકડાની વાતો છે. એમાં આખા ચૌદ બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે. સમજાય છે કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ સોનાની સાંકળીમાં સોનું — આખી ચીજ — તે દ્રવ્ય છે, પીળાશ, ચીકાશ અને વજન વગેરે તેના ગુણો છે અને કડી, કુંડળ વગેરે જે નવી નવી અવસ્થા થાય તે પર્યાય છે, તેમ સર્વજ્ઞ પરમાત્માએ પ્રત્યક્ષ જાણીને કહેલા પદાર્થ — અનંતા આત્માઓ, અનંતા પુદ્ગલો, અસંખ્ય કાલાણુ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને એક સર્વવ્યાપી આકાશ — તે દ્રવ્ય છે; તે છયે પ્રકારનાં દ્રવ્યોમાં પોતપોતાની કાયમ રહેનારી શક્તિઓ તે ગુણો છે, અને સમયે સમયે થનારી નવી નવી હાલત — દશા તે પર્યાય છે.

**"'દરેક દ્રવ્ય પોતાના ગુણોમાં રહીને સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે', 'પર્યાય દ્રવ્યને પહોંચે છે, દ્રવ્ય પર્યાયને પહોંચે છે' — આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેતાં મોહ ક્યાં ઊભો રહે?"**

વીતરાગ સર્વજ્ઞ ભગવાને દરેક પદાર્થને વસ્તુ એટલે કે દ્રવ્ય કહેલ છે. પોતપોતાના ગુણ-પર્યાયોનો વાસ હોવાથી દરેક પદાર્થ વસ્તુ છે, અને પોતપોતાના ગુણોમાં રહીને પ્રતિસમય દ્રવણ — પરિણમન — કરતો હોવાથી દરેક પદાર્થ દ્રવ્ય છે. જીવ પણ પોતાના જ્ઞાન, દર્શન, સુખ વગેરે તથા અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ વગેરે ત્રિકાળી ગુણોમાં રહીને સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે, માટે તે દ્રવ્ય છે. અહા! મારગ ઘણો ઝીણો છે. ત્રિલોકનાથ શ્રી સર્વજ્ઞ પરમાત્માએ કહેલું જે વસ્તુસ્વરૂપ તે, લોકોને હજુ જ્યાં સાંભળવાય મળે નહિ ત્યાં અંદર તો પહોંચી જ ક્યાંથી શકે?

શું કહે છે? પ્રત્યેક પદાર્થ પોતાના ગુણોમાં રહીને સ્વાધીનપણે પોતાની મેળે જ પોતાની નવી નવી દશારૂપે પરિણમે છે. જેમ પુદ્ગલ-પરમાણુઓ પોતાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ગુણોમાં રહીને શરીર, વાણી વગેરે પોતાની પર્યાયોરૂપે સ્વયં પરિણમે છે, તેમ આત્મા પણ પોતાના જ્ઞાન, દર્શન, સુખ વગેરે ગુણોમાં રહીને સ્વતંત્રપણે — પરની અપેક્ષા રાખ્યા વિના — સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ વગેરે પોતાની પર્યાયપણે સ્વયં પરિણમે છે. સ્વાનુભૂતિ વગેરે પર્યાય ઊપજતી થકી નિજ આત્મદ્રવ્યને પહોંચી વળે છે અને નિજ આત્મદ્રવ્ય પરિણમતું થકું સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને આનંદ વગેરે ઊપજતી નિજ પર્યાયોને પહોંચી વળે છે.

દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં — સત્ત્વમાં, ગુણોમાં, શક્તિમાં — રહીને સ્વાધીનપણે પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે; તે પર્યાયને પ્રાપ્ત કરવા માટે, પહોંચી વળવા માટે, નિમિત્ત કે પરની અપેક્ષા નથી. જીવ પણ સ્વતંત્રપણે પોતાની સંસારરૂપ કે મોક્ષરૂપ અવસ્થાને પહોંચે છે, તેમાં કર્મ કે નોકર્મની — પરની અપેક્ષા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ, પુદ્ગલ વગેરે દરેક પદાર્થ 'સત્' છે, 'સત્' હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. આમાં (શરીરમાં) અનંતા પુદ્ગલ પરમાણુ છે. તેમાંનો પ્રત્યેક રજકણ પોતાની નવી નવી પર્યાયને પહોંચે છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે પોતાના ગુણોમાં રહીને રજકણ જે ક્ષણે પોતાની પૂર્વ પર્યાયનો વ્યય કરે છે તે જ ક્ષણે તે ઉત્તર પર્યાયનો — નવી અવસ્થાનો ઉત્પાદ કરે છે અને તે જ ક્ષણે પોતાના ગુણોમાં નિત્ય-અવસ્થાનસ્વરૂપ ધ્રૌવ્યપણે રહે છે; આત્મા તેને પરિણમાવે કે હલાવે તો હલે — એમ નથી. અનંતા પુદ્ગલપરમાણુઓનો પિંડ તે શરીર છે; તે શરીરનો પરમાણુ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે પોતાના નિત્ય અવસ્થાયી ગુણોમાં રહીને ગતિ વગેરે પોતાની અવસ્થાને સ્વતંત્રપણે પહોંચે છે. વસ્તુને, પોતાની અવસ્થાને પહોંચી વળવા માટે, બીજી કોઈ વસ્તુની મદદની જરૂર નથી. પોતાની પર્યાયને પહોંચી વળવા માટે જેને બીજી કોઈ વસ્તુની અપેક્ષા ન હોય તેને વસ્તુ કહેવાય.

અહા! આ તો સિદ્ધાન્તોની ગહન વાતો છે. બાપુ! તત્ત્વની વાતો તો અત્યારે બધી ગુમ થઈ ગઈ છે. વીજળીના ઝબકારા જેવી આ જિંદગી ચાલી જાય છે, આયુષ્ય ક્ષણે ક્ષણે ઓછું થતું જાય છે. એ ઝબકારો ક્યારે પૂરો થઈ જશે તેની તને કાંઈ ખબર છે? ઝબકારો ઓલવાયા પહેલાં જો આત્માનું ન કર્યું — નિજ શુદ્ધ આત્માને સમ્યક્ પ્રકારે લક્ષગત કરીને સ્વાનુભૂતિ — આત્મસાધના પ્રગટ ન કરી — તો ભયંકર દુઃખમય ચાર ગતિમાં રખડી મરીશ. અત્યારે તને મહાન દુર્લભ એવી આ મનુષ્યપણાની અવસ્થા મળી છે, વીજળીના ઝબકારાની જેમ એ પૂરી થઈ જશે; પછી તું ક્યાં જઈશ અને ત્યાં તારું શું થશે, તેની તને ખબર નથી. માટે હવે ચેતીને શીઘ્ર તારું કલ્યાણ કરી લે.

જાણવારૂપ, દેખવારૂપ કે સંવેદનરૂપ પર્યાય પરિણમતી થકી આત્મદ્રવ્યને પહોંચે છે અને આત્મદ્રવ્ય તેનો આધાર, આશ્રય હોવાથી તે પર્યાયોને પહોંચે છે. આવાં જ્યાં અંદરમાં વિચાર, મંથન, ઘોલન ચાલે ત્યાં — વસ્તુસ્વરૂપની સૂક્ષ્મતાને સમ્યક્પણે ખ્યાલમાં લેતાં, તેનું સાચું ભાવભાસન થતાં — મોહ ઊભો રહેતો નથી અર્થાત્ ભ્રાન્તિ ટળી જાય છે. જ્યાં દ્રવ્યસ્વભાવ યથાર્થપણે ભાસ્યો ત્યાં ભ્રાન્તિ કઈ રીતે ઊભી રહે? શરીર, વાણી વગેરે પર છે, જડ છે. મૂકી દે એક કોર એને; એને આત્મા પહોંચતો નથી. આત્મદ્રવ્ય પોતાની નિર્મળ પર્યાયને પહોંચે અને નિર્મળ પર્યાય પોતાના આત્મદ્રવ્યને પહોંચે — એવી સૂક્ષ્મતાને બરાબર સમજીને પોતાના જ્ઞાયક આત્મદ્રવ્યને લક્ષગત કરે તો મોહ — ભ્રાન્તિ અવશ્યમેવ ટળી જાય. 'આત્મભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ; ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર-ધ્યાન.' પર્યાય પોતાના દ્રવ્યને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહોંચે અને દ્રવ્ય પોતાની પર્યાયને પહોંચે — એવી વસ્તુસ્વરૂપની સૂક્ષ્મતાને ગુરુગમે યથાર્થપણે ખ્યાલમાં લે, તેનાં વિચાર, મંથન, ધ્યાન ચાલે ત્યાં મોહ ઊભો રહી શકે જ નહિ.

સોનાની જે 'ચેઇન'રૂપ અવસ્થા છે તે પર્યાય છે; તે અવસ્થા સુવર્ણદ્રવ્યની છે, અન્ય કોઈની નથી. 'ચેઇન'રૂપ અવસ્થા સુવર્ણદ્રવ્યને પહોંચે છે અને સુવર્ણદ્રવ્ય પોતાની 'ચેઇન'રૂપ અવસ્થાને પહોંચે છે. આત્મા પણ પોતાની સ્વભાવ-વિભાવરૂપ અવસ્થાને પહોંચે છે, શરીર, વાણી વગેરે અન્યને નહિ; અને પોતાની સ્વભાવ-વિભાવરૂપ અવસ્થા આત્મદ્રવ્યને પહોંચે છે, શરીર, વાણી વગેરે અન્યને નહિ. અહો! આ વીતરાગનો માર્ગ તો ઘણો ગહન છે. અનંત કાળથી અનંતા અવતાર કર્યા — કીડાના, કાગડાના, કૂતરાના, નરકના, મનુષ્યના, નિગોદના. ભગવાન કહે છે કે લસણ ને ડુંગળીની એક રાઈના દાણા જેવડી કટકીમાં અસંખ્ય શરીરો છે અને તે એક એક શરીરમાં સિદ્ધરાશિ કરતાં અનંત ગણા નિગોદના જીવો છે. ત્યાં એક શ્વાસ જેટલા સમયમાં જીવ અઢાર વાર ભવ ધારણ કરે છે. એવા ભવ તેં અનંત વાર કર્યા એ તને ખબર નથી ભાઈ! એવા અનંત ભવનો અંત લાવવા માટે જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવા નિજ જ્ઞાયક દ્રવ્યનું લક્ષ કરીને અંતર્મુખ પરિણતિ કર.

જે જ્ઞાનની — મોક્ષમાર્ગની પર્યાય છે તે જ્ઞાયકદ્રવ્યથી થાય છે અને જ્ઞાનપર્યાય જ્ઞાયકદ્રવ્યને પહોંચે છે. આ રીતે પર્યાય દ્રવ્યને પહોંચે અને દ્રવ્ય પર્યાયને પહોંચે — એવી પરથી પૃથક્ જ્ઞાનધારા ચાલે ત્યાં મોહ ઊભો રહેતો નથી. પરદ્રવ્ય અને પરગુણોના વિચારો છોડી દઈને અંતર્મુખ જે અવસ્થા થઈ તે દ્રવ્યની પર્યાય છે, તેને સ્વતંત્રપણે દ્રવ્ય જ પહોંચી વળે છે, અન્ય કોઈ નહિ. જ્યાં આવી સૂક્ષ્મ ધારા વહે, ત્યાં મોહ-મિથ્યાત્વ વગેરે વિભાવ કેમ રહી શકે?

શરીર, વાણી, મન પર છે, જડ છે, આત્માને તેની સાથે ખરેખર કોઈ સંબંધ નથી. અરે! અંદર પર્યાયમાં જે વિભાવ ઉત્પન્ન થાય છે તે પણ જ્ઞાયક આત્માનો સ્વભાવ નથી. અંદર જે 'પર્યાય દ્રવ્યને પહોંચે છે અને દ્રવ્ય પર્યાયને પહોંચે છે' એવા વિકલ્પ વિનાનો સ્વસન્મુખતાનો વિચાર છે તે બહુ સૂક્ષ્મ છે. આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેવાથી મોહનો નાશ થઈ જાય છે. જીવે ધારણા તો અનંત વાર કરી છે, પણ વસ્તુસ્વરૂપ તેના અનુભવમાં કદી આવ્યું નથી. અંતરમાં વસ્તુસ્વરૂપને યથાર્થપણે લક્ષમાં લેવું તે સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. વર્તમાન પર્યાયમાં જરી રાગ છે તે તો પરના નિમિત્તે ને પરના લક્ષે થાય છે. સ્વના લક્ષે થનારી પર્યાયનો આશ્રય જે ધ્રુવ જ્ઞાયકદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને પકડવાનો જ્યાં ઉપયોગ કામ કરે ત્યાં મોહ ટકી શકે નહિ. અહો ! અંતરના મારગની વાતો જુદી છે. કથન બધું સાદી ભાષામાં આવી ગયું છે.

——o——

## વચનામૃત — ૩૦૯

**બકરાંના ટોળામાં રહેતું પરાક્રમી સિંહનું બચ્ચું પોતાને બકરીનું બચ્ચું માની લે પણ સિંહને જોતાં અને તેની ગર્જના સાંભળતાં 'હું તો આના જેવો સિંહ છું' એમ સમજી જાય અને સિંહપણે પરાક્રમ ફોરવે, તેમ પર અને વિભાવની વચ્ચે રહેલા આ જીવે પોતાને પર અને વિભાવરૂપ માની લીધો છે પણ જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતાં તે જાગી ઊઠે છે—'હું તો જ્ઞાયક છું' એમ સમજી જાય છે અને જ્ઞાયકપણે પરિણમી જાય છે. ૩૦૯.**

સિંહ વનરાજ — વનનો રાજા કહેવાય છે. સિંહનું બચ્ચું સિંહની ગર્જના સાંભળી શકે, બકરાં સાંભળી શકે નહિ. પરાક્રમશીલ સિંહનું જે બચ્ચું જન્મતાં વેંત જ બકરાંના ટોળામાં ભળી ગયું હોય અને બકરાં સાથે જ ઊછર્યું હોય તે પોતાને બકરીનું બચ્ચું માની લે પણ સિંહને જોતાં અને તેની ત્રાડ સાંભળતાં 'હું પણ આના જેવો જ સિંહ છું' એમ સમજી જાય છે અને સિંહ સમાન પોતાનું પરાક્રમ ફોરવે છે. તે સિંહના બચ્ચાની જેમ પર અને વિભાવની વચ્ચે રહેલા આ જીવે પોતાને પર અને વિભાવરૂપ માની લીધો છે.

શરીર હું છું, કુટુંબ મારું છે — એવા અહંકાર અને મમકારના તથા પુણ્યપાપના ભાવની વચ્ચે રહેલા આ જીવે પોતાને અહંકાર અને મમકારરૂપ તથા રાગાદિ વિભાવ-રૂપ માની લીધો છે. તે જીવ ખરેખર બકરાંના ટોળામાં ઊછરેલા સિંહના બચ્ચા જેવો છે. જ્યારે આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાવનાર સ્વાનુભવી ગુરુની વાણી સાંભળે કે— તું તો જ્ઞાનમૂર્તિ ભગવાન છો, ત્રણ લોકનો નાથ છો, પ્રભુ ! વિભાવમાં રહેલો હોવા છતાં આનંદનો નાથ છો, એ રાગાદિ વિભાવ તારું સ્વરૂપ નથી, દયા-દાન, પૂજા-ભક્તિ ને વ્રતતપ વગેરેના પરિણામ તારું સહજ અસ્તિત્વ નથી; ત્યારે તે વાણી સાંભળતાં વેંત જ સુપાત્ર શિષ્ય અંદરથી જાગી ઊઠે છે અને 'હું તો કેવળ જ્ઞાયક જ છું',

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરનો કર્તા, હર્તા નથી; શુભાશુભ વિભાવ મારો સ્વભાવ નથી’ એમ બરાબર સમજી જાય છે અને પરિણતિને અંતર્મુખ કરીને જ્ઞાયકપણે પરિણમી જાય છે.

‘જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી’—એમાં દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણેય આવી ગયા. ગુરુ એટલે જેમને પર અને વિભાવથી ભિન્ન નિજ જ્ઞાયકનો અનુભવ પ્રગટ થયો છે એવા સાધક સંત; વાણીમાં ‘આગમ’ આવી ગયું અને ‘આગમ’ તો વીતરાગની વાણી છે તેથી દેવ પણ આવી ગયા. ત્રિલોકી નાથ તીર્થંકર દેવ, તેમની વાણી અને સાધક ધર્માત્મા મુનિવરોએ, જીવનું મૂળ સ્વરૂપ બતાવતાં, એમ કહ્યું છે કે—‘પ્રભુ! તારું સ્વરૂપ પરથી અને શુભાશુભ વિકારોથી તેમ જ અપૂર્ણતાથી તદ્દન ભિન્ન, શુદ્ધ અને પરિપૂર્ણ છે. તેં ભ્રમથી પર ને વિભાવ સાથે એકત્વ માન્યું છે પણ ખરેખર એમ નથી; તું તો એ સર્વથી રહિત કેવળ વિજ્ઞાનઘન છો’. એવી વીતરાગની સિંહ-ગર્જના સાંભળતાં શિષ્ય અંદરથી જાગી ઊઠે છે—‘હું જ્ઞાયક છું, જાણનાર જાગતી જ્યોત છું’ એમ નિજ મૂળ સ્વરૂપને સમજી જાય છે અને ‘જ્ઞાયક તે હું’ એમ અનુભવ કરતાં જ્ઞાયકપણે પરિણમી જાય છે. જ્ઞાયકપણે પરિણમન કહો કે ધર્મ કહો—બન્ને એક જ છે.

ગુરુદેવે પંચમ કાળમાં ભગવાનનો વિરહ ભુલાવ્યો છે. પોતે અંદર તૈયાર થઈ જાય તો દેવ-શાસ્ત્ર-ગુરુ જોરદાર નિમિત્તરૂપે હોય જ છે. અંતરમાં આગળ વધનાર કહે છે કે—આપણને તો ગુરુના પ્રસાદે મળ્યું છે, આપણને અંતરમાં જે અનુભવ પ્રગટ થયો તે ગુરુની કૃપાથી—પ્રસાદથી જ મળ્યો છે. બધુ શ્રેય ગુરુદેવને જ છે. બધું ગુરુદેવનાં જ ચરણોમાં છે. આ રીતે ગુરુકૃપાથી જ આગળ વધે છે.

—બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૧૫

તા. ૧૦-૧૦-૭૮

## વચનામૃત — ૩૧૦

ચૈતન્યલોક અદ્ભુત છે. તેમાં ઋદ્ધિની ન્યૂનતા નથી. રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી. જ્ઞાનની એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં આ નિજ ઋદ્ધિને તથા બધાંને જાણે. તે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે; શ્રમ પડ્યા વગર, ખેદ થયા વગર જાણે છે. અંદર રહીને બધું જાણી લે છે, બહાર ડોકિયું મારવા જવું પડતું નથી. ૩૧૦.

'ચૈતન્યલોક અદ્ભુત છે.'

જેમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત રમણતા, અનંત આનંદ, અનંત વીર્ય આદિ અનંત અનુપમ ગુણો ભર્યા છે એવો આ ચૈતન્યલોક — જ્ઞાયક આત્મદ્રવ્ય — ખરેખર કોઈ અદ્ભુત વસ્તુ છે. જેની પાસે ઇન્દ્રનાં ઇન્દ્રાસન પણ સડેલાં તરણાં સમાન તુચ્છ છે એવા અદ્ભુત મહાવૈભવથી ભરપૂર આ ચૈતન્યલોક અંતરમાં સદા વિરાજમાન છે. ચૈતન્ય-લોકમાં ગુણો કેટલા? આકાશના પ્રદેશોથી પણ અનંતગણા. અહા! અંતર્મુખ દૃષ્ટિ કરી નિજ ચૈતન્યલોકના ગુણવૈભવને જોને! એનું અવલોકન કર ને!

આકાશનું ક્ષેત્ર અનંત છે. તેમાં લોકાકાશનું ક્ષેત્ર અસંખ્યાત પ્રદેશ છે. તેના કરતાં અલોકાકાશનું ક્ષેત્ર અનંતગણું મોટું છે. આકાશમાં પણ અવગાહહેતુત્વ, અમૂર્તત્વ વગેરે અનંત ગુણો છે; તે બધા ગુણો આકાશસ્વરૂપ છે. પુદ્ગલના રજકણમાં પણ જે અનંત ગુણો છે, તે બધા પુદ્ગલનો લોક છે. અહા! આવી સૂક્ષ્મ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાં છે? આકાશના જે અને જેટલા ભાગમાં જીવ, પુદ્ગલ વગેરે છ જાતિનાં દ્રવ્યો રહેલાં છે તેને ચૌદ બ્રહ્માંડ અથવા લોક કહે છે. તેની બહાર આકાશના ખાલી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાગને અલોક કહે છે. 'लोक्यन्ते षड्द्रव्याणि यत्र इति लोकः' જ્યાં છ દ્રવ્યોનો સમુદાય જોવામાં આવે છે તે લોક છે. તે લોકમાં રહેલાં અનંત દ્રવ્યોને જાણનાર આ ચૈતન્યલોક અહો ! કોઈ અદ્દભુત અને અનુપમ ચીજ છે.

**'તેમાં ઋદ્ધિની ન્યૂનતા નથી.'**

જેની સંપદામાં કોઈ કમી નથી, જેના અનંત અનંત ગુણો—અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત શાન્તિ, અનંત વીર્ય વગેરે શક્તિઓ—કદી ન્યૂન થાય નથી, જેના ગુણોની સંખ્યામાં કે સમૃદ્ધિમાં કદી ઓછપ થતી નથી એવો આ ભગવાન ચૈતન્યલોક ખરેખર કોઈ અદ્દભુત પદાર્થ છે.

**'રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી.'**

અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાન્તિ, અતીન્દ્રિય પ્રભુતા વગેરે આશ્ચર્યકારી રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી બહાર નીકળવું જ્ઞાનીને જરાય ગમતું નથી. અંતરમાં જતાં સ્વભાવની રમણીયતામાંથી બહાર આવવું જ્ઞાનીને ગોઠતું નથી. જેમાં ચૈતન્યની રમણીય સંપદાઓની કોઈ કમી નથી, ઓછપ નથી, ઊણપ નથી એવો ચૈતન્યચમત્કારસ્વરૂપ ભગવાન આત્મા અંદર અનુભવગમ્ય થતાં તેમાંથી બહાર આવવું ગમતું નથી. 'ભગવાન આત્મા અદ્દભુત છે', 'તેમાં ઋદ્ધિની કમી નથી' અને 'અનંત રમણીયતાથી ભરેલો છે'—આ ત્રણમાં તો ઘણું ભર્યું છે ભાઈ ! સહજ જ્ઞાનાનંદમય અનંત રમ્યતાથી ભરેલા નિજ ભગવાન આત્માને અંતરમાં જ્યાં નિહાળે છે ત્યાં ધર્મીને ત્યાંથી બહાર નીકળવું ગોઠતું નથી.

હજારો સુંદર વૃક્ષોનો ફાલેલો-ફૂલેલો કોઈ મોટો બાગ હોય અને એની સુગંધમાં કોઈ અંદર ગયો તો તેને એમાંથી બહાર નીકળવું ગમે નહિ. બાગમાં તો સેંકડો કે હજારો વૃક્ષ હોય પણ અહીં આત્મામાં તો જ્ઞાનાદિ અનંત રમણીય ગુણોથી ભરપૂર નંદનવન છે. અહો ! આવો ભગવાન આત્મા તેં કદી સાંભળ્યો નથી. અનંત રમણીયતાથી ભરેલા ચૈતન્યલોકમાંથી બહાર નીકળવું જ્ઞાનીને ગોઠતું નથી.

જેને ભેદજ્ઞાન થયું છે, સમ્યગ્દર્શન થયું છે તેને આત્માની અનંત રમણીય ચૈતન્યસંપદા પ્રાપ્ત થઈ છે, અનુભવમાં આવી છે. અંદરમાં વધુ રહી શકે નહિ તેથી બહાર—વિકલ્પમાં આવવું પડે જ, પણ તે દુઃખરૂપ છે. ભલે શુભરાગ હો, તે પણ દુઃખ છે. જ્ઞાનીને સ્વરૂપમાંથી બહારમાં—વિકલ્પમાં આવવું ગોઠતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે કે વિશ્વનો પ્રત્યેક પદાર્થ દ્રવ્યત્વ, પર્યાયત્વ આદિ પોતાના અનંત ધર્મોને ચુંબતો — સ્પર્શતો હોવા છતાં એકબીજાને ચુંબતો — સ્પર્શતો નથી; રાગાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે જ નિજ સ્વરૂપની હિંસા છે. અહો! દિગંબર સંતોની એ વાણી! જગતની દરકાર કર્યા વિના કહે છે કે સ્વરૂપના આશ્રયે પરિણમતી વીતરાગતા એ જ કેવળ મુક્તિનો માર્ગ છે, શુભ રાગ નહિ; તે તો બંધનો માર્ગ છે. અહા! 'સત્'ને સંખ્યાની જરૂર નથી. ઘણા માણસો માને તો તે 'સત્' — એમ નથી. અરે! ભલે એક જ માનવાવાળો નીકળે તોપણ 'સત્' તો ત્રિકાળ 'સત્' જ છે. 'અસત્'ને માનવાવાળી તો આખી દુનિયા છે. 'સત્'ની મહત્તા તેના માનનારની સંખ્યાથી નથી પણ તેના સ્વભાવથી છે. ભગવાન આત્માનું સ્વરૂપ જેવું છે તેવું યથાર્થપણે દૃષ્ટિગત કરીને તેનું પર ને રાગાદિ વિભાવથી ભેદજ્ઞાન કરવું એ કોઈ અલૌકિક વાત છે. જેને ભેદજ્ઞાન થયું છે, રુચિ અંદર ચૈતન્યલોકમાં — જ્ઞાયકમાં — ઢળી ગઈ છે તેને અશુભ તેમ જ શુભ બન્ને પ્રકારના રાગ ઝેર જેવા લાગે છે, કેવળ ભગવાન આત્માના આશ્રયે પરિણમેલી જ્ઞાનધારા જ અમૃતસ્વરૂપ ભાસે છે. એમ સ્વભાવ અને વિભાવ વચ્ચેનું ભેદજ્ઞાન જ્ઞાનીને સતત વર્તે છે. ભેદજ્ઞાનના બળથી જ્ઞાનીને બહારમાં — વિકલ્પમાં આવવું ગોઠતું નથી.

**'જ્ઞાનની એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં આ નિજ ઋદ્ધિને તથા બધાંને જાણે.'**

હવે નિજ ચૈતન્યલોકની અનંત સમૃદ્ધિને તથા જગતના સમસ્ત ભાવોને એક જ સમયમાં જાણી લેનાર જ્ઞાનની જે અદ્ભુત તાકાત તેનો મહિમા બતાવે છે. ચૈતન્યલોક એટલે જ્ઞાન, દર્શન, સુખ આદિ અનંત ગુણોના સમૂહસ્વરૂપ આત્મપદાર્થ. તેમાં જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક હોવાથી તેની તાકાત એટલી છે કે તે એક સમયમાં પોતાની અનંત ઋદ્ધિને—ચૈતન્યલોકને તથા નિજ નિજ અનંત ગુણોના લોક-સમૂહ એવા આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અસંખ્ય કાળાણુ, અનંત પુદ્ગલો, અનંત જીવો — બધાંયને યુગપદ્ જાણે. જગતના પદાર્થો છે માટે જ્ઞાન જાણે છે એમ નથી, પરંતુ જ્ઞાનનો સ્વપર-પ્રકાશક એવો કોઈ સહજ સ્વભાવ છે. અહા! આવી અનંત ઋદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યલોકનું માહાત્મ્ય નહિ આવતાં તને બીજાનો મહિમા કેમ આવે છે? પોતાની અનંત અનંત ચૈતન્યઋદ્ધિને તથા અનંત અનંત ઋદ્ધિવાળાં જગતનાં બધાં દ્રવ્યોને એક સમયમાં જાણવાની તાકાત જ્ઞાનમાં છે, પણ પરની અનંત ઋદ્ધિપણે થવાની, તેનું કાંઈ કરવા-ભોગવવાની તાકાત નથી. જ્ઞાનનો એવો સહજ સ્વભાવ છે કે સ્વક્ષેત્રમાં રહીને, પરમાં ગયા વિના — પરને અડ્યા વિના, બધું જાણી લે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મામાં એવું સામર્થ્ય છે કે અંદરમાં વિદ્યમાન પોતાની અલબ્ધપૂર્વ અનંત ઋદ્ધિને એક સમયમાં પામી શકે છે. અહા! આવા ચૈતન્યબળની વાત કેમ બેસે? શરીરના બળની વાત બેસે, પણ તે તો જડ છે. આ તો જેના બળનો કોઈ પાર નથી, જેની ચૈતન્યઋદ્ધિ પાસે અન્ય જડ ઋદ્ધિની કોઈ કિંમત નથી એવા આ નિજ ભગવાન આત્મામાં એક એવી જ્ઞાનશક્તિ છે કે જેથી તે એક જ સમયમાં પોતાની સર્વ ઋદ્ધિને તેમ જ અન્ય બધાંને જાણી લે. કરવું કોઈનું નહિ અને કોઈ ચીજ જાણ બહાર રહે નહિ. અહા! આવો મારગ છે, અત્યારે તો એ ગુપ્ત થઈ ગયો છે.

જીવન ચાલ્યું જાય છે ભાઈ! આ જીવન પૂરું થઈ જશે, પછી ક્યાં જઈશ પ્રભુ! તારી સત્તા તો અનાદિ-અનંત છે. જો સ્વભાવની દૃષ્ટિ, રુચિ અને ભેદજ્ઞાન ન કર્યું તો ઉતારા ક્યાં કરીશ પ્રભુ! એક સમયમાં આનંદજનની નિજ અનંત ઋદ્ધિને તેમ જ ત્રણ કાળ ને ત્રણ લોકને જાણવાની શક્તિ તારામાં પડી છે, પણ તેનો તને વિશ્વાસ—ભરોસો આવતો નથી.

**'તે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે; શ્રમ પડ્યા વગર, ખેદ થયા વગર જાણે છે.'**

જ્ઞાયક પ્રભુ પોતાના ક્ષેત્રમાં—નિજ પ્રદેશોમાં—રહીને સ્વ-પરને—બધાંને જાણે છે. પરદ્રવ્યને અડ્યા વિના, પરક્ષેત્રમાં ગયા વિના, પરકાળ કે પરભાવરૂપ થયા વિના પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહીને ભગવાન આત્મા પોતાની જ્ઞાનઋદ્ધિ વડે સ્વપર—બધાંને જાણે છે. અહા! આવું વસ્તુસ્વરૂપ છે. તે તને કેમ પોષાતું નથી? તને આ સિવાય બીજું કેમ પોષાય છે? રુચિમાં આત્માનું પોષણ કરવાને બદલે પરનું ને શુભાશુભ ભાવનું પોષણ કેમ કરે છે? ભાઈ! શુભાશુભ વિકાર તો હદવાળો—સીમાવાળો ભાવ છે, ભગવાન આત્મા તો બેહદ—અસીમ છે. બેનના બોલમાં આવે છે ને?—વિભાવમાં સીમા—મર્યાદા છે, તેથી જીવ ત્યાંથી પાછો ફરી શકે છે, અને આત્મસ્વભાવ તો અમર્યાદિત છે, તે દૃષ્ટિગત થતાં જીવ ત્યાંથી પાછો ફરે નહિ. અહા! સ્વભાવમાં ગયો તે પાછો બહાર આવે નહિ—એવી અહીં વાત છે.

એક વાત તો એ કે ભગવાન આત્મા સ્વ-પર બધાંને જાણે છે; તે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે. ઘણું જાણે માટે તેને શ્રમ પડે છે—એમ નથી, જાણવું એ તો એનો સ્વભાવ છે. વિકલ્પ સાથે હોય તો જ જાણે—એમ નથી, વિકલ્પ વિના સ્વભાવથી જ જાણે છે, શ્રમ પડ્યા વિના, બોજો લાગ્યા વિના સહજપણે જાણે છે. અરેરે! દુનિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરની મોટપમાં સલવાઈ ગઈ છે, પ્રભુ! અંદરમાં તારી ચૈતન્ય-મોટપનો કોઈ પાર નથી. પોતાની મોટપ અને ઋદ્ધિ જેને રુચે છે તેને પરની મોટપ, બહારની સંપદા રુચતી નથી.

અનંત ગુણના અભેદ પિંડસ્વરૂપ ભગવાન આત્મામાં એક જ્ઞાન નામનો અસાધારણ ગુણ છે. તેમાં પરિપૂર્ણ જાણવાની શક્તિ ભરેલી છે. લોકાલોકને જાણવામાં જ્ઞાન કાંઈ પરને અડીને કે પરમાં જઈને જાણતું નથી; વળી વિકલ્પ થાય તો જાણે એમ પણ નથી. વિકલ્પ તો ખેદ છે. અહા! ખેદ વિના પરિપૂર્ણ જાણે એવો ભગવાન આત્મા કયાં અને કોણ છે એની ખબરેય ન મળે અને ધર્મ થઈ જાય? શુભરાગમાં તો ધૂળેય ધર્મ નથી. ભક્તિ કરે, યાત્રાઓ કરે, વ્રત-તપ કરે અને દયા પાળે, પણ એ બધી તો શુભ રાગની ક્રિયા છે, એમાં ધર્મ કયાં આવ્યો? એ બધી કર્મધારા છે, જ્ઞાનધારા નહિ. ભાઈ! ચૈતન્યલોક તને આકર્ષતો નથી અને 'જગતની ચીજો મને ઠીક છે' એમ માનીને તેમના પ્રત્યે તું આકર્ષાઈ જાય છે!— અરે! પ્રભુ! તને આ શું થયું છે?

જ્ઞાન પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતું બધાંને જાણે છે, શ્રમ પડયા વિના, ખેદ થયા વિના, બોજો લાગ્યા વિના સહજપણે જાણે છે. પરની તેમ જ પોતાની ઋદ્ધિને પોતાના ક્ષેત્રમાં રહીને જાણે છે, પોતાના ક્ષેત્રને છોડીને નહિ.

અહો! બેનની વાણીમાં આ વાત નીકળી ગઈ છે. એમની અંદરની સ્થિતિ કોઈ અલૌકિક છે. એ તો સ્ત્રીનો માત્ર દેહ આવી ગયો છે. એમની અંતરની શક્તિનું માપ કરવું એ સાધારણનું કામ નહિ— એવી અલૌકિક શક્તિ છે. બેનને અંદર આત્માનો અનુભવ, સમ્યગ્દર્શન, અસંખ્ય અબજો વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. એમને નવ ભવનું જ્ઞાન છે છતાં પણ એમને કાંઈ ન મળે. અહા! વસ્તુ તો વસ્તુ છે, લોકો સ્વીકારે કે ન સ્વીકારે એની સાથે કાંઈ સંબંધ નથી. સતને સંખ્યાની જરૂર નથી કે જેથી ઝાઝા માનનારા મળે તો તે 'સત્' રહે, અને માનનાર ન મળે તો 'અસત્' થઈ જાય. સત્ ત્રણે કાળે 'સત્' જ રહે છે, કદી 'અસત્' થતું નથી. દુનિયા નિંદા કરે, વિરોધ કરે, નિશ્ચયાભાસ કહે, ગમે તે કહે, તેથી સત્ કાંઈ અસત્ થઈ જતું નથી.

આત્માનો એવો સ્વભાવ છે કે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો પોતાની અને પરની ઋદ્ધિને જાણી લે છે. જેમ કોઈ ઘરમાં ઊભો ઊભો બહારનું બધું જુએ, એમ પોતાના ક્ષેત્રમાં ઊભો ઊભો ત્રણ કાળ ને ત્રણ લોકને જાણી લે છે. અહા! એ તરફની રુચિ વિના બધું નિરર્થક છે.

આત્મા પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે. પરને જાણવામાં પરના ક્ષેત્રમાં તેને જવું પડતું નથી. અહા! અલોક કેવડો છે? અનંત...અનંત...અનંત. ગમે તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દિશામાં લક્ષ કરો — આકાશની શ્રેણી ચાલી જાય, ક્યાંય પત્તો નહિ. એમાં 'છેલ્લુ' ક્યાં ? એનો અંત ક્યાં ? ક્ષેત્રનો પણ આવો સ્વભાવ તો આ ક્ષેત્રજ્ઞ ભગવાન આત્માની જ્ઞાનશક્તિની તો વાત જ શી ? જરા વિચાર કરે તો ખબર પડે કે અંદર આ 'સત્' શી ચીજ છે!

જ્ઞાયક આત્મા આનંદની સાથે રહેલા જ્ઞાન વડે લોકાલોકને શ્રમ પડ્યા વિના, ખેદ થયા વિના, થાક લાગ્યા વગર જાણે છે. વાણિયા 'બાહુબલીનું બળ' ને 'શાલિભદ્રની ઋદ્ધિ' માગે; અહીં તો આત્માની ઋદ્ધિની વાત છે. આત્માની ઋદ્ધિ જ્ઞાન અને આનંદ છે. ભેદજ્ઞાનમાં પણ અપૂર્વ આનંદ છે, તો સર્વજ્ઞનું તો શું કહેવું ? જ્ઞાન અંતરમાં રહીને બધું જાણી લે છે. બહારનું કાંઈ કરવાનું નથી, કાંઈ કરી શકતો પણ નથી, અને એકેય ચીજ જાણ્યા વગર રહેતો પણ નથી.

**'અંદર રહીને બધું જાણી લે છે, બહાર ડોકિયું મારવા જવું પડતું નથી.'**

ભગવાન આત્મા જ્ઞાનમય પોતાના સ્વરૂપ-અસ્તિત્વમાં રહીને બધું જાણી લે છે, પરપદાર્થને કે તેના ભાવોને જાણવા માટે તેને બહાર જવું પડતું નથી. જ્ઞાનગુણમાં તો શક્તિરૂપ એવી તાકાત તો છે જ, પણ વર્તમાન શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ એવી વ્યક્તરૂપ તાકાત છે કે પોતામાં રહીને જાણે, જાણવા માટે તેને બહાર જવું પડે નહિ. વખતનો સૌથી નાનામાં નાનો ભાગ જે સમય, તે એક સમયમાં જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે પોતે પોતામાં રહીને અનંત જીવ, અનંતાનંત પુદ્ગલ વગેરે બધાંને જાણી લે. અહા ! આ તો ધીરાનાં કામ છે. ધર્મ કોઈ એવી ચીજ નથી કે બહારથી — વ્રત, તપ, દાન, પૂજા, ભક્તિ કે યાત્રા વગેરેથી — કરી નાખે. એમાં ધૂળેય ધર્મ નથી.

પ્રશ્ન :— વ્રતથી ધર્મ થાય એમ લોકો તો કહે છે ને ?

ઉત્તર :— લોકો તો શું, ઉપદેશકો પણ કહે છે. શું કરે બિચારા ? જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર ભગવાન આત્મામાં અંતર્મુખ થવાનો જે અલૌકિક અદ્ભુત પુરુષાર્થ તે તેમને ભાસતો નથી; તેથી વ્રતાદિના શુભ રાગરૂપ — વિભાવરૂપ — સાધારણ પુરુષાર્થમાં સંતુષ્ટ થઈ ગયા છે. તેમને વસ્તુસ્વરૂપની ખબર નથી.

આ આખું 'વચનામૃત' પુસ્તક કોઈ અલૌકિક ચીજ છે. તેમાં તો અધ્યાત્મ-તત્ત્વનાં મોતી ભર્યાં છે. એ કોઈ સાંપ્રદાયિક ચીજ નથી. ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાને જે જોયું છે તે આ વાત છે. જ્ઞાયક આત્મા પોતામાં રહીને સ્વની ઋદ્ધિને તથા પરને જાણે છે; પરને જાણવા માટે પરમાં જવું પડતું નથી. પરમાણુને જાણતાં તેમાં જ્ઞાનને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવેશ કરવો પડતો નથી; જ્ઞાન તો પોતાના સ્વપર-પ્રકાશક સ્વભાવમાં રહીને પરને અડયા વિના પોતાના સામર્થ્યથી જ બધું જાણી લે છે. ડુંગર ઉપરથી નજર નાખે તો કેટલું બધું દેખાય? આંખ પોતે નાની, છતાં તેમાં ઘણા 'માઇલ'નું — ગામ, ખેતર વગેરે દેખાય. તે જોવા માટે આંખને ત્યાં જવું પડે છે? તેમ જ્ઞાન પણ પોતામાં રહીને, શ્રમ પડયા વિના, ખેદ થયા વિના, બધા ભાવોને જાણી લે છે. જ્ઞાન માત્ર જાણવાનું કામ કરે, પરનું કરવાનું કામ કરે નહિ.

—o—

## વચનામૃત — ૩૧૧

**વસ્તુ તો અનાદિ-અનંત છે. જે ફરતું નથી — બદલાતું નથી તેની ઉપર દૃષ્ટિ કરે, તેનું ધ્યાન કરે, તે પોતાની વિભૂતિનો અનુભવ કરે છે. બહારના અર્થાત્ વિભાવના આનંદ — સુખાભાસ સાથે, બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી. જે જાણે છે તેને અનુભવમાં આવે છે. તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી. ૩૧૧.**

**'વસ્તુ તો અનાદિ-અનંત છે.'**

ભગવાન આત્મા વસ્તુ છે, કેમ કે 'गुणपर्यायौ वसतः यस्मिन् इति वस्तु।' જેમાં ગુણો અને પર્યાયો વસેલા છે તે વસ્તુ છે. આત્મામાં જ્ઞાન, આનંદ, વીર્ય આદિ અનંત ગુણો વસેલા છે. વસ્તુમાં સત્ અર્થાત્ અસ્તિત્વ નામનો ગુણ હોવાથી તે અનાદિ-અનંત છે. વસ્તુમાં આદિ અને અંત શો?

**'જે ફરતું નથી — બદલાતું નથી તેની ઉપર દૃષ્ટિ કરે, તેનું ધ્યાન કરે, તે પોતાની વિભૂતિનો અનુભવ કરે છે.'**

પર્યાય-અપેક્ષાએ વસ્તુ પલટે છે તે જુદી વાત, પણ દ્રવ્ય-અપેક્ષાએ વસ્તુ તો અનાદિ-અનંત ધ્રૌવ્યયુક્ત છે. ધ્રૌવ્ય શું ફરે? ફરીને — પલટીને કયાં જાય? જાગતો જીવ અંદર ઊભો છે તે કયાં જાય? યથાર્થ લક્ષ કરે તો જરૂર પ્રાપ્ત થાય. એ જ વાત અહીં કહેવી છે. જાગતો જીવ એટલે કે ધ્રુવ વસ્તુ ફરીને — બદલાઈને શેમાં ભળી જાય? અહો! જગતનાં ભાગ્ય છે કે આ બધું (બેનની વાણી) બહાર આવી ગયું; આગળ ઉપર શું થાય છે, એનું પરિણામ જુઓ હળવે હળવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વસ્તુ છે તે તો દ્રવ્ય-અપેક્ષાએ અનાદિ-અનંત ધ્રુવ છે, સદશરૂપ કાયમ રહે છે, બદલાતી નથી; પરંતુ પ્રત્યેક સમયની પર્યાય-અપેક્ષાએ તે બદલાય છે. પર્યાય-અપેક્ષાએ આત્મા પલટે છે અને દ્રવ્ય-અપેક્ષાએ પલટતો નથી. વસ્તુનો પલટતો અંશ અને ધ્રૌવ્યાંશ બન્ને કથંચિત્ જુદા છે. વસ્તુનો જે દ્રવ્યાંશ છે તે પર્યાયાંશ નથી અને જે પર્યાયાંશ છે તે દ્રવ્યાંશ નથી. વસ્તુગત બંને અંશો અતદ્દભાવલક્ષણે જુદા છે. ન્યાયશાસ્ત્રમાં — આપ્તમીમાંસામાં — આવે છે ને? — ધર્મ અને ધર્મીનો અવિનાભાવ-સંબંધ જ એક-બીજાની અપેક્ષાથી સિદ્ધ થાય છે, સ્વરૂપ નહિ. ધર્મ-ધર્મીનું સ્વરૂપ તો સ્વતઃસિદ્ધ છે. ધર્મના કારણે ધર્મી નથી અને ધર્મીના કારણે ધર્મ નથી. પરન્તુ કર્તા-કર્મ અને જ્ઞાપ્ય-જ્ઞાપકનો વ્યવહાર પરસ્પર એક-બીજાની અપેક્ષા વિના બની શકતો નથી. વ્યવહાર માટે એક-બીજાની અપેક્ષા આવશ્યક છે, સ્વરૂપ માટે નહિ. એ રીતે ધ્રૌવ્યાંશમાં પર્યાયાંશ આવતો નથી અને પર્યાયાંશમાં ધ્રૌવ્યાંશ આવતો નથી, તેથી દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ-ભેદે જુદાં છે. દ્રવ્ય સ્વરૂપ-અપેક્ષાએ કદી ફરતું નથી — બદલાતું નથી. જે જીવ તેના ઉપર દૃષ્ટિ કરે, તેમાં જ લીનતા કરે, તે પોતાની સ્વરૂપસંપદાનો અનુભવ કરે છે.

સ્વ-પરને જાણવાની તાકાતવાળો આ ભગવાન આત્મા પરનું કાંઈ કરી શકે નહિ અને પરને પરપણે જાણ્યા વિના રહે પણ નહિ. અંદરનું સ્વરૂપ સમજાય નહિ એટલે બહિર્લક્ષી જીવોને લાગે કે — આવો ઉપદેશ? આ શું કહે છે? પૂજા કરો, ભક્તિ કરો, વ્રત કરો, સાધુને આહાર-પાણી આપો — એવું તો કાંઈ કહેતા નથી! ભાઈ! સાચા સાધુ કોને કહેવાય એની ય તને ખબર નથી. ભગવાનનો તો હિતનો ઉપદેશ છે. જેને અંતરમાં હિત પ્રગટયું નથી, જેને આનંદનો નાથ અંદર પર્યાયમાં ઊછળ્યો નથી, તેને હિત કે સાધુપણું માનવું તે માન્યતા વિપરીત અને અહિત છે. વિપરીત માન્યતાનાં ફળ શાં છે તે ખબર છે? નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવના આશ્રયે પરિણમેલી પરિણતિમાં અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન આવે તેનું નામ સાધુપણું છે; બહારથી નગ્નપણું અને અંદરમાં પંચમહાવ્રતના શુભ પરિણામ તે પરમાર્થ મુનિપણું નથી. અહા! આવી વાતો છે.

અનાદિનિધન નિજ જ્ઞાયક ધ્રુવ વસ્તુ કે જે પોતાના મૂળ સ્વરૂપથી કદી ચ્યુત થતી નથી, ફરતી નથી — બદલાતી નથી, તેના પર જે જીવ દૃષ્ટિ કરે, પ્રતીતિમાં તેનો આશ્રય લે, તેને સર્વપ્રથમ સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન એટલે ધર્મની શરૂઆત, મોક્ષમહેલનું પહેલું પગથિયું. ચારિત્રની વાત તો હજી આઘે છે. ધ્રૌવ્યનું ધ્યાન કરે, ધ્રૌવ્યને ઉપાદેય માનીને ધ્યાન કરે, ધ્રૌવ્યને ધ્યેય બનાવીને ધ્યાન કરે, ધ્યાનની વર્તમાન પર્યાયમાં ધ્રૌવ્યને વિષય કરે — અંદર ધ્રૌવ્યમાં એકાગ્રતા કરે તે પોતાની વિભૂતિનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવ કરે છે, અતીન્દ્રિય નિજાનંદને પામે છે. અહા, આવી ભાષા! લોકો તો બહારની હોહો, ધામધૂમ ને ધમાલમાં ધર્મ માની બેઠા છે. અરેરે! જિંદગી એમાં ને એમાં ચાલી જાય છે. વિજળીના ઝબકારાની જેમ આ દુર્લભ મનુષ્યપણું ચાલ્યું જશે. ૨૫, ૫૦ કે ૧૦૦ વર્ષનું આયુષ્ય તે તો વિજળીના ઝબકારા જેવું ક્ષણભંગુર છે; તે તો વાતવાતમાં પૂરું થઈ જશે; પછી ઉતારા ક્યાં કરીશ ભાઈ! આ મનુષ્યભવમાં તેં તારી ચીજને — નિજ જ્ઞાયક વસ્તુને — ન જાણી, ન ઓળખી, તો થઈ રહ્યું, ખેલ ખલાસ. ખલાસ એટલે કે કલ્યાણનો મોકો ખોવાઈ જશે અને જન્મ-મરણમાં રખડવાનો પ્રવાહ ચાલુ રહેશે.

દૃષ્ટિ પરથી ને વિભાવથી ખસે અને નિજ ધ્રુવ સ્વરૂપમાં વસે તો પોતાની શાશ્વત વિભૂતિનો અનુભવ પ્રગટ થાય, દ્રવ્યસ્વભાવમાં જે વૈભવ પડ્યો છે તેનો અનુભવ પર્યાયમાં આવે. તેનું નામ સમ્યગ્દર્શન છે, બાકી બધી વાતો છે.

**'બહારના અર્થાત્ વિભાવના આનંદ — સુખાભાસ સાથે, બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી.'**

વિકલ્પજનિત બહારની મજામાં જીવ પોતાની કલ્પનાથી સુખ માને છે, તે તો ઇંદ્રિયના સંબંધવાળું કાલ્પનિક સુખ છે. શું ભોગમાં સુખ છે? આબરૂ, પૈસા કે બંગલામાં સુખ છે? લોકો તો બહારની અનુકૂળતામાં 'સુખી છીએ' એમ માને, પણ એ બહારની ચીજોમાં તારું સુખ છે? અહા! પોતાની વિભૂતિનો અનુભવજનિત જે અતીન્દ્રિય આનંદ તેની પાસે વિભાવના આનંદની — સુખાભાસની કોઈ કિંમત નથી. વિકારી આનંદ — સુખની કલ્પના કે બહારની કોઈ વસ્તુ સાથે સ્વાનુભવજનિત અતીન્દ્રિય આનંદનો કોઈ મેળ નથી. અબજોપતિ છે, મોટો રાજા છે, કરોડોની ઊપજવાળો છે માટે એ સુખી છે? ના, ના; જેને આત્માની દૃષ્ટિ પ્રગટ નથી, નિજ ધ્રૌવ્યનું શરણ પ્રાપ્ત થયું નથી તે ધૂળેય સુખી નથી, બધા ભિખારા છે, રાંકા છે. જેણે આત્મઋદ્ધિનું ધ્યાન કરીને સ્વાનુભૂતિ પ્રગટ કરી છે તે જ સાચો બાદશાહ છે — સુખી છે. તેના અતીન્દ્રિય સુખનો જગતના સુખાભાસ સાથે કોઈ મેળ નથી, બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી.

**'જે જાણે છે તેને અનુભવમાં આવે છે.'**

સહજજ્ઞાન, સહજદર્શન, સહજાનંદ, સહજવીર્ય આદિ અનંત ગુણપાસાથી શોભતું જે ચૈતન્યરત્ન — ભગવાન જ્ઞાયકઆત્મા — તેનો જે પારખુ-ઝવેરી થાય, તેને જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણે, તેને જે જ્ઞેય બનાવે, તેને તે અનુભવમાં આવે છે. દ્રવ્યપર્યાયસ્વરૂપ આત્મવસ્તુમાં દ્રવ્ય ને ગુણ તો ધ્રુવ છે. જ્યાં જીવ ત્રિકાળી ધ્રુવ સ્વભાવને ધ્યેય કરીને જાણે ત્યાં તેની ધ્યાનરૂપ નિર્મળ પર્યાય તે અનુભવ છે. સ્વાનુભૂતિસ્વરૂપ તે નિર્મળ દશામાં અતીન્દ્રિય આનંદ, અકષાય શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા ઇત્યાદિ બધા ગુણોનું નિર્મળ વેદન આવે છે. આવો અનુભવ જેને આવે તેને ધર્મ પ્રગટ થયો કહેવાય, બાકી બધું થોથાં છે. પં. બનારસીદાસજીએ કહ્યું છે ને ? —

अनुभव चिन्तामणि रतन, अनुभव है रसकूप ।
अनुभव मारग मोक्षको, अनुभव मोक्षस्वरूप ॥

## 'તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી.'

અનુભવને કોઈની ઉપમા લાગુ પડતી નથી. અનુભવને કોની ઉપમા આપી શકાય ? જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણના ધણીને — નિજ ચૈતન્યપ્રભુને — અંતરમાં ધ્યેય બનાવીને જેણે જાણ્યો, તેને પોતાની નિર્મળ પર્યાયમાં જે અતીન્દ્રિય આનંદ આવ્યો તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી. ઘીનો સ્વાદ કેવો ? મીઠો. તે મીઠાશ કેવી ? ગોળ, સાકર, કેરી કે ઘીતેલા જેવી ? અરે ! ઘી જેવી જડ વસ્તુ, કે જે ગળ-થૂથીથી માંડીને આખી જિંદગી ખાધી છે, તેના સ્વાદનું પણ કોઈ બીજી વસ્તુની ઉપમા આપીને વર્ણન થઈ શકતું નથી; તો આ અતીન્દ્રિય પરમાનંદમય સ્વાનુભૂતિની તો વાત જ શી ? તેને બહારની કોઈ ઉપમા લાગુ પડતી નથી. જગતમાં તો નોકર કરતાં શેઠનું, શેઠ કરતાં પ્રધાનનું ને પ્રધાન કરતાં રાજાનું સુખ વધારે છે એમ ઉપમા આપીને કથન કરી શકાય; પણ આ સ્વાનુભવના સુખની જાત જ સંસારનાં સુખ કરતાં તદ્દન જુદી છે. ઘીનો સ્વાદ ઘી જેવો, એમ સ્વાનુભવનો આનંદ સ્વાનુભવ જેવો. તેને બહારની કોઈ ઉપમા લાગુ પડતી નથી. અહા ! બે બોલ અલૌકિક આવ્યા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૧૬

તા. ૧૧-૧૦-૭૮

## વચનામૃત — ૩૧૨

અનાદિ કાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે તેમાંથી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ જુદું પડવાનું છે. ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે. જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો, તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે. ૩૧૨.

**'અનાદિ કાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે તેમાંથી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ જુદું પડવાનું છે.'**

શું કહે છે? શરીર, વાણી વગેરે પરપદાર્થ અને પુણ્ય-પાપના વિભાવભાવ — એ બધું જાણે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં એકમેક થઈ ગયું હોય એમ અનાદિ કાળથી અજ્ઞાની માને છે. પણ ભાઈ! શરીર, કર્મ વગેરે પરપદાર્થ તો જડ છે, અચેતન છે અને પુણ્ય-પાપનો વિભાવભાવ તો પરના લક્ષે પોતાની પર્યાયમાં થયેલો વિકાર છે; પર તેમ જ વિકાર ચૈતન્યસ્વરૂપ આત્મામાં એકમેક કેમ થાય? એકમેક નથી છતાં પણ અજ્ઞાનીને અનાદિથી જે એકપણાની માન્યતા છે તે તેનો ભ્રમ છે, મિથ્યાત્વ છે. 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાના જ્ઞાયકપ્રભુને લક્ષગત કરીને આ રાગાદિ વિભાવ, શરીર અને કર્મ તે હું નથી, તેમાં હું નથી, મારી ચૈતન્યચીજમાં તે નથી — એવું યથાર્થ ભેદજ્ઞાન કરવું તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે શુભ ભાવથી મને લાભ — ધર્મ થશે એમ માનનારે રાગને પોતાની ચીજ માની; અને 'શરીરની ક્રિયા હું કરી શકું છું' એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માનનારે શરીરને પોતાનું માન્યું. ભાઈ! રાગ તો મલિનતા છે અને શરીર તો જડ છે. તે બન્નેથી રહિત 'હું તો માત્ર જ્ઞાનસ્વરૂપ છું, કેવળ જાણનહાર છું' એમ અંતર્મુખ થઈને શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિ કરવી તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. અહા! આ રીતે ભેદજ્ઞાન કરવું એમાં કેટલી ધીરજ જોઈએ છે; ભાઈ! ત્યાં ખોટી ઉતાવળ કરવાથી કે રાગના વેગમાં ચઢવાથી કામ થતું નથી. ઉપયોગને ધીરો કરીને, સૂક્ષ્મ કરીને 'આ જાણનતત્ત્વ તે હું છું અને આ અજાણતત્ત્વ—શરીરાદિ પરપદાર્થ અને રાગાદિ વિભાવ —તે હું નથી, મારું સ્વરૂપ નથી' એમ અંતર્મુખ પુરુષાર્થ વડે નિર્ણય કરીને સ્વાનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

મિથ્યાત્વ ટળીને સ્વરૂપનું જ્ઞાન થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય એકસાથે પ્રગટ થાય છે. 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એવી પ્રતીતિ તે સમ્યગ્દર્શન, એવું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને તેમાં અંશે રમણતા તે સ્વરૂપાચરણ નામનું સમ્યક્ચારિત્ર. ચોથે ગુણસ્થાને એ ત્રણેય છે. ત્યાં સ્વરૂપમાં અંશે સ્થિરતા છે ને? તેથી તે અપેક્ષાએ અંશે સ્વરૂપાચરણચારિત્ર પણ છે.

અરેરે! જગતને મરીને ક્યાં જવું છે? અનાદિ કાળથી રખડતો અજ્ઞાની જીવ બહારની ક્રિયામાં—તીર્થયાત્રા, વ્રત, ઉપવાસ, મંદિર ભગવાનની ભક્તિ વગેરેમાં— ધર્મ માની રહ્યો છે; પણ ભાઈ! તેમાં તો ધૂળેય ધર્મ નથી; અરે! ધર્મ તો નથી, પણ અંદર પુણ્યનો પ્રેમ—રાગનો રાગ—હોવાથી તેમાં પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. અહા! આકરી વાત છે ભાઈ! જ્ઞાન, દર્શન, શાંતિ, સુખ, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ અનંત ગુણશક્તિથી ભરપૂર પોતાના ચૈતન્યલોકનો—નિજ જ્ઞાયક સત્ત્વનો—અંતરમાં દેહની તેમ જ રાગની ક્રિયાથી ભિન્ન અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; બાકી બધું થોથાં છે. તેથી અહીં એમ કહ્યું છે કે પર ને વિભાવ સાથે અનાદિથી જે એકત્વ મનાઈ ગયું છે તેમાંથી 'હું પર ને વિભાવ રહિત માત્ર જ્ઞાન-સ્વરૂપ છું' એમ શ્રદ્ધા-જ્ઞાનમાં જુદું પડવાનું છે.

## 'ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે.'

શ્રીમદ્ રાજચંદ્રે એક વાર દૃષ્ટાન્ત આપ્યું હતું: કચ્છમાં માંડવી શહેર પાસે 'કોડાઈ' નામનું ગામ છે. ત્યાં એક વિધવા બાઈને એકનો એક દીકરો, અટક ગોસળિયો, સ્વભાવે અત્યન્ત ભોળો, ભણતરમાં નબળો. માને વિચાર થયો: દીકરો નાની હાટડી કરે તો ખાધાખર્ચી નીકળે. થોડા પૈસા આપીને માંડવી શહેરમાં માલ લેવા જવાનું માએ કહ્યું. ભોળા છોકરાએ કહ્યું: 'મા! મોટા શહેરમાં—માણસોની ભીડમાં—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'ગોસળિયો' ખોવાઈ જાય તો?' માએ કહ્યું : 'તારા કાંડે આ કાળો દોરો બાંધી દઉં છું. શહેરની ભીડમાં તને વહેમ પડે ત્યારે આ દોરો બાંધેલો જોઈને સમજવું કે 'ગોસળિયો' ખોવાયો નથી.' યોગાનુયોગે ભીડમાં દોરો તૂટી ગયો. પછી હાથ પર નજર જતાં, છોકરો રડતો રડતો ઘરે આવીને માને કહેવા લાગ્યો : 'મા! ગોસળિયો ખોવાઈ ગયો.' એ 'ગોસળિયા' ની જેમ જીવ પણ દેહ, વાણી વગેરે પરપદાર્થમાં અને શુભાશુભ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે—ખોવાઈ ગયો છે. પત્ની, પુત્ર, પરિવાર ને પૈસા વગેરે બધું પર છે અને દયા-દાનના કે વેપારધંધાના ભાવ વિભાવ છે; એ બધું તારું કયાંથી થઈ ગયું? પરને ને વિભાવને પોતાના માનવા તે મિથ્યાત્વ, મૂઢતા ને મૂર્ખતા છે. પર તો તારાથી તદ્દન ભિન્ન ચીજ છે. તેની સાથે તારે શો સંબંધ છે? અરે! પત્નીનો આત્મા ને પત્નીનું શરીર — એકક્ષેત્રે રહેલાં એ બંનેને પણ પરસ્પર અત્યંત-અભાવ છે, કાંઈ સંબંધ નથી, અને તું તો એનાથી કયાંય છેટો છે, તારો એની સાથે સંબંધ કયાંથી થઈ ગયો? ખરેખર એ બધું આ આત્માથી ભિન્ન છે છતાં પણ તેને પોતાનું માનવું તે નરી મૂઢતા છે. ભ્રાન્તિના કારણે, ગોસળિયાની જેમ, જીવ પરમાં ને વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે.

વીતરાગ સર્વજ્ઞદેવે નવ તત્ત્વ કહ્યાં છે ને? તો, નવ તત્ત્વ જુદેજુદાં જેમ છે તેમ જાણે તો તેને માન્યાં કહેવાય ને? શરીર, વાણી, કર્મ વગેરે અજીવતત્ત્વ તો આત્માથી સ્પષ્ટપણે ભિન્ન છે જ, પણ દયા-દાન વગેરે પુણ્યભાવ ને કામ-ક્રોધ વગેરે પાપભાવ, આસ્રવ અને બંધભાવ વિભાવભાવ હોવાથી શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળી આત્મસ્વભાવથી ભિન્ન છે.

આ લક્ષ્મી વગેરે પરચીજ મારી છે અને હું રાગાદિ વિભાવસ્વરૂપ છું — એમ માનનાર મોટા મૂર્ખ ને મિથ્યાદષ્ટિ છે. દુનિયા, મિથ્યાત્વનો દારૂ પીધેલ હોવાથી, પાગલ છે, અને પાગલ પાગલનાં વખાણ કરે, જરા દાનાદિનાં કાર્ય જોઈને શેઠિયાઓને દાનવીરનું બિરુદ આપી દે, પણ ભાઈ! લક્ષ્મી અને દાનના શુભરાગથી ભિન્ન અંદર જ્ઞાયકતત્ત્વનું જેને ભાન નથી તેઓ, ભલે અબજોપતિ હો કે કરોડપતિ હો, સંસારમાં રખડનારા મૂઢ જીવ છે. અરે! આ દુર્લભ મનુષ્યભવ આત્માનું કરી લેવા માટે મળ્યો છે. મનુષ્ય-અવતારની સ્થિતિ થોડા કાળની છે, વીજળીના ઝબકારાની જેમ તે ચાલ્યો જશે. આ મનુષ્યભવના ટાણામાં 'આ જ્ઞાનાનંદસ્વભાવી ચૈતન્યમૂર્તિ તે હું છું અને આ દયા, દાન આદિના વિકલ્પ તે હું નથી'—એવું ભેદજ્ઞાન કરી લે તો તારો ઉદ્ધાર થશે, નહીં તો ભવભવમાં પરિભ્રમણ કરીને તારો સોથ નીકળી જશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભવપરાવર્તનને વિષે જીવે નરક ને નિગોદના ભવો કરીને જે દુઃખો સહ્યાં છે તેનું વર્ણન સાંભળતાં રડવું આવી જાય. ભાઈ! એવાં દુઃખો તેં અનંત વાર ભોગવ્યાં છે, પણ એ બધું તું ભૂલી ગયો. ભૂલી ગયો માટે તે નહોતાં એમ કોણ કહે? પ્રભુ! હવે તો અવસર મળ્યો છે, માટે તું શીઘ્ર ચેતી જા કે — પુણ્ય-પાપના — દયા-દાનના કે કામ-ક્રોધના — ભાવ તે મારી ચીજ નથી, તે તો વિકારી ભાવ છે, એ કાંઈ શુદ્ધ જીવતત્ત્વ નથી. અરેરે! જીવે પોતાના શુદ્ધ સ્વરૂપને સમજવાની કદી દરકાર કરી નથી. અનાદિ કાળથી મૂઢ વર્તતો થકો તે અનંત વાર મનુષ્ય થયો, અનંત વાર નારકી થયો, અનંત વાર પશુ થયો, અનંત વાર સ્વર્ગે ગયો, એકેન્દ્રય વગેરે પર્યાયોમાં અનંત અનંત વાર ઊપજી આવ્યો. ભાઈ! તને ખબર નથી. જડને આત્મા માનીને, મિથ્યાત્વના કારણે ચાર ગતિમાં રખડીને અનંત વાર દુઃખ પામ્યો. ગોસળિયાની જેમ તું તારી જ્ઞાનસ્વરૂપી ચૈતન્યવસ્તુને ભૂલી ગયો છે; હવે તો સાંભળ! કે — રાગાદિ વિભાવથી ને શરીરાદિની ક્રિયાથી નિજ જ્ઞાયક ભગવાન આત્મા તદ્દન ભિન્ન છે; સ્વભાવ કદી વિભાવમાં ભેળસેળ થયો નથી.

**“જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો, તેમ ‘જ્ઞાનદોરા’ તરફ યથાર્થ લક્ષ કરી ‘હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું’ એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે.”**

રાગ અને તારી જ્ઞાયકચીજ અંદરથી ભિન્ન છે — એમ ભગવાને જ્ઞાનનો દોરો બાંધ્યો છે. ‘હું જ્ઞાન છું’ અને ‘આ રાગ છે’, આત્મસ્વભાવમાં રાગ છે જ નહિ — એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે. પણ અરેરે! પોતાના ધંધા આડે જીવ નવરો કયાં છે? ગોસળિયાએ પોતાના કાંડે બાંધેલો દોરો જોઈને પોતાને જુદો ઓળખી લીધો, તેમ ‘જ્ઞાનદોરો’ બાંધીને ભગવાને કહ્યું કે — તું તો કેવળ જાણતત્ત્વ છો, શરીરને તેમ જ રાગને માત્ર જાણવું — તેના જ્ઞાતાપણે રહેવું — એ તારો સ્વભાવ છે. ‘જ્ઞાનદોરા’ તરફ યથાર્થ લક્ષ કરી ‘હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું’ એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે.

સાધુનું નામ ધરાવીને ‘આ પંચમહાવ્રતની ક્રિયાનો રાગ મારો છે’ એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. અંદર જ્ઞાન ને આનંદસ્વભાવથી ભરપૂર ભગવાન ચૈતન્યલોકને, પર ને રાગથી ભિન્ન કરીને ‘આત્મા કેવળ ચૈતન્યસ્વરૂપ છે’ એવો સ્વાનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે. તેને ધર્મનું પ્રથમ સોપાન કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિથી પરપદાર્થમાં 'આ મારો, આ મારો' એમ માનીને મૂઢ જીવ ૮૪ લાખ યોનિના અવતારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તેને ખબર નથી કે 'હું શું માની રહ્યો છું, શું કરી રહ્યો છું?' નરકના જીવ પાસે એક 'પાઈ' પણ નથી, અનાજનો એક દાણો પણ નથી. તોપણ ત્યાં ભગવાન આત્માનું ભાન હોઈ શકે છે. શ્રેણિક રાજા કે જે ક્ષાયિક સમકિતી છે, આગામી ચોવીશીમાં પહેલા પદ્મનાભ તીર્થંકર થવાના છે અને અત્યારે ૮૪ હજાર વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે તેમને 'હું તો માત્ર આનંદ ને જ્ઞાનસ્વરૂપ છું, આ નરકના સંયોગો મારી ચીજ નથી' એમ શરીરાદિ પર ને રાગાદિ વિભાવથી પોતાની ભિન્નતાનો વિવેક સતત વર્તી રહ્યો છે. ભગવાન આત્મા કેવળ જ્ઞાતા-દ્રષ્ટા છે, રાગ ને શરીરથી ભિન્ન છે — એમ જેણે અંતરમાં સ્વભાવસન્મુખ થઈને જાણી લીધું તેને તો, ઉદયવશ કોઈ પણ ગતિમાં જાય તોપણ, આત્મા આત્મામાં જ છે. અહા! સમજાય છે કાંઈ?

અરે! વીતરાગનો આ માર્ગ અતિ દુર્લભ છે, એ સાંભળવા પણ મળતો નથી. બિચારા જીવોને — કરોડપતિ અને અબજોપતિ પણ બિચારા, રાંકા ને ભિખારી છે કેમ કે તેમને પોતાની સ્વરૂપલક્ષ્મીની ખબર નથી અને આ બહારની ધૂળની લક્ષ્મીને પોતાની માની બેઠા છે — દેહાદિ પર ને શુભાશુભ વિભાવ સાથે એકત્વપરિણમનને લીધે બધું એકમેક મનાઈ રહ્યું છે. પ્રભુ! આ જડ ચીજ તારી કયાંથી થઈ ગઈ? તને પર ને વિભાવ સાથે એકત્વબુદ્ધિનો સનેપાત થયો છે. ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવની વાણીમાં કહ્યું છે તે પ્રમાણે 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લે તો તારું અવિનાશી કલ્યાણ થશે.

અહા! વસ્તુસ્વરૂપ આવું છે. પ્રભુ! આ વાતો જરા આકરી છે અને દુનિયાથી જુદી જાતની છે. મહાવિદેહક્ષેત્રમાં ત્રણ લોકના નાથ, સર્વજ્ઞવીતરાગ પરમાત્મા શ્રી સીમંધરાદિ વીસ જિનેશ્વર કે જેઓ હાલ અરિહંતપદે બિરાજે છે — મહાવીર પરમાત્મા તો મોક્ષ પધારી ગયા — તેઓ કહે છે કે 'આત્મા માત્ર જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યહીરલો, ચૈતન્યસૂર્ય, જાણનહારી ઝળહળ જ્યોતિ છે, અને શરીર, વાણી વગેરે જડ છે, પર છે તથા રાગાદિ વિકલ્પ પણ આત્માનો સ્વભાવ નથી'. એમ પોતાને પરથી અને વિભાવથી ભિન્ન ઓળખી લેવો, અનુભવી લેવો તેનું નામ સમ્યગ્દર્શન છે, કે જે ધર્મનું પહેલું પગથિયું છે.

આ પ્રમાણે આત્માને ઓળખ્યા વિના વ્રત ખૂબ કરે, ઉપવાસ ખૂબ કરે, મંદિરો બંધાવે, લાખો રૂપિયા દાનમાં વાપરે, માટે ધર્મ થઈ જાય એમ ત્રણ લોક ને ત્રણ કાળમાં બનતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :— ધર્માનુરાગ તો થાય ને?

ઉત્તર :— ધર્માનુરાગ એટલે શું? 'ધર્મ' વીતરાગ પરિણામ છે, અને 'ધર્મનો અનુરાગ' તો અશુદ્ધ રાગ છે, વિકાર છે. અનંત કાળમાં આ જીવે ધર્મ કદી કર્યો નથી. ભગવાન આત્માને પરની ક્રિયાથી અને રાગથી ભિન્ન ઓળખી લે પ્રભુ! તો જ તને તારી ચીજનો અનુભવ થશે અને ધર્મની—કલ્યાણની શરૂઆત થશે. બાકી તો બધું 'ધૂળધાણી ને વા-પાણી' છે.

———o———

## વચનામૃત — ૩૧૩

**માર્ગ કાપવામાં સજ્જન સાથીદાર હોય તો માર્ગ સરળતાથી કપાય છે. પંચ પરમેષ્ઠી સર્વોત્કૃષ્ટ સાથીદાર છે. આ કાળે આપણને ગુરુદેવ ઉત્તમ સાથીદાર મળ્યા છે. સાથીદાર સાથે હોય, પણ માર્ગ પર ચાલી ધ્યેય સુધી પહોંચવાનું તો પોતાને જ છે. ૩૧૩.**

**'માર્ગ કાપવામાં સજ્જન સાથીદાર હોય તો માર્ગ સરળતાથી કપાય છે.'**

જેમ માર્ગમાં ચાલતા વટેમાર્ગુને કોઈ સજ્જન સાથીદાર, સારો ભોમિયો મળી જાય તો માર્ગ સરળતાથી, મૂંઝવણ વિના આસાનીથી કપાય છે, તેમ અંદર આત્માના માર્ગમાં—મોક્ષના માર્ગમાં—માર્ગના જાણકાર અનુભવી સત્પુરુષ મળી જાય તો સત્યમાર્ગની પ્રાપ્તિ અને મોક્ષમાર્ગમાં ગમન બહુ સહેલાઈથી થાય છે.

**'પંચ પરમેષ્ઠી સર્વોત્કૃષ્ટ સાથીદાર છે.'**

શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—આ પંચ પરમેષ્ઠી મોક્ષમાર્ગને વિષે સર્વોત્કૃષ્ટ સજ્જન સાથીદાર છે. માર્ગ પામવામાં અને કાપવામાં તેઓ માત્ર બાહ્ય નિમિત્ત છે, માર્ગમાં ચાલવાનું તો જીવે પોતે પોતાના ઉપાદાનથી—પોતાના પુરુષાર્થથી—છે. પંચ પરમેષ્ઠીની—ભગવાનની—ભક્તિનો ભાવ તે પણ શુભરાગ છે. તે શુભરાગથી માર્ગ કપાતો નથી, પણ તેમણે બતાવેલી જે સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટ થતી વીતરાગતા, તે-સ્વરૂપ પરિણમવાથી માર્ગમાં આગળ વધાય છે. પંચ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમેષ્ઠીમાં અરિહંત ને સિદ્ધ તો પૂર્ણાનંદને અનુભવી રહ્યા છે, અને જૈનના આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ એને કહીએ કે જેમને અંતરમાં સ્વભાવના આશ્રયે પ્રચુર સ્વસંવેદન-જ્ઞાન અને સ્વરૂપાનંદ પ્રગટયાં હોય. આવા પંચ પરમેષ્ઠી ભગવાન જીવને પોતાની અંતર્મુખ સાધનામાં નિમિત્ત છે, તેથી તેઓ મોક્ષમાર્ગને વિષે સર્વોત્કૃષ્ટ સાથીદાર છે.

**'આ કાળે આપણને ગુરુદેવ ઉત્તમ સાથીદાર મળ્યા છે.'**

—આમ કહીને બેને પોતાનો વિનય વ્યક્ત કર્યો છે.

**'સાથીદાર સાથે હોય, પણ માર્ગ પર ચાલી ધ્યેય સુધી પહોંચવાનું તો પોતાને જ છે.'**

પંચ પરમેષ્ઠી હો કે ગુરુ હો, કોઈ આ જીવને ધ્યેય તરફ—સાધ્ય તરફ—ચલાવી દેતું નથી. ઉત્તમ સાથીદાર હોય પણ માર્ગ પર ચાલવાનું તો પોતાને જ છે ને? એમ નથી કે સાથીદાર પોતે ચાલે અને આને ચલાવી દે.

અનાદિ કાળથી દુ:ખી, અજ્ઞાની ને મૂઢ એવા આ જીવને, એની મૂઢતા શી છે તે પ્રભુ બતાવે છે. ભાઈ! તું મૂઢતાને લીધે મૂંઝાઈ ગયો છો. પોતાની જ્ઞાનાનંદ-સ્વરૂપ ચીજને પોતાની ન માનવી અને જે પોતાની ચીજ નથી એવા શરીરાદિ પરપદાર્થને પોતાના માનવા તે નરી મૂર્ખતા છે. તે મૂર્ખતાને — મૂઢતાને ટાળવી હોય તો એક વાર પંચ પરમેષ્ઠીને સાથમાં લે. અંદરમાં ચૈતન્યનો સાથ લે અને બહારમાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનો સાથ લે તો તારા ધ્યેય સુધી — સાધ્ય સુધી — સરળતાથી પહોંચી જઈશ. દેવ-શાસ્ત્ર-ગુરુ તો બાહ્ય નિમિત્ત છે, માર્ગમાં ચાલીને ધ્યેય સુધી — સાધ્ય સુધી — પહોંચવાનું તો પોતાને પોતાના — સ્વભાવસન્મુખતાના — પુરુષાર્થથી જ છે.

ધ્યાનનું ધ્યેય, ધ્યાનનું આલંબન તો વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ આત્મા છે. પંચ પરમેષ્ઠી ભગવાન પણ આ આત્માનું પરમાર્થ ધ્યેય નથી. નિજ પૂર્ણાનંદ પ્રભુ, દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ, જ્ઞાયકભાવ તે એક જ ધર્મીનું ધ્યેય છે. કોઈ પણ પ્રકારની પર્યાય કે ગુણભેદ ધર્મીનું ધ્યેય — આલંબન નથી, ધ્યેય તો માત્ર એક ત્રિકાળી પરમભાવ છે. અરે! આ કેવો ઉપદેશ? આમાં દયા પાળવાની, વ્રત ધારવાની, ઉપવાસ કરવાની વાત તો કાંઈ આવી નહિ! ભાઈ! કોની દયા? અને દયા એટલે શું? પરની દયાનો ભાવ તો શુભરાગ છે, અને શુભરાગથી પણ આત્માની વીતરાગ શાંતિ તો લૂંટાય છે. અહા! જ્ઞાની અને અજ્ઞાનીની માન્યતામાં ઊગમણા-આથમણા જેટલો ફેર છે. ભાઈ! દયાનો અર્થ જ કોઈ જુદો છે! 'હું તો પરિપૂર્ણ જ્ઞાન ને આનંદ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ છું ' એમ નિજ આત્માને ધ્યેય બનાવીને તેની શ્રદ્ધા, જ્ઞાન ને અનુભૂતિ કરવી તેનું નામ પોતાને મિથ્યાત્વ અને રાગરૂપ ભાવમરણથી બચાવવો એટલે કે સ્વદયા છે. જેવું પોતાનું સ્વરૂપ છે તેવું દૃષ્ટિમાં લેવું તેનું નામ સ્વદયા છે.

પ્રશ્ન:— તો અમારે કરવું શું ?

ઉત્તર:— આત્માનું કરવું. દસ હજાર રૂપિયાનો પગાર લેનાર મોટો વકીલ એમ માને કે આ દલીલની — ભાષાની — ક્રિયા મારી છે, દાક્તર એમ માને કે દરદીને હું સાજા કરી દઉં છું — એ બધા મૂઢ છે, તેમને પરનો ને વિભાવનો અકર્તા એવો જ્ઞાયક આત્મા શી ચીજ છે તેની ખબર નથી. સનેપાતિયો દાંત કાઢે તેથી શું તે સુખી છે? — એમ અજ્ઞાની બાયડી, છોકરાં ને પાંચ-પચીશ લાખની કમાણીથી રાજી રાજી થાય છે તે સનેપાતિયાની જેમ પાગલ છે, દુઃખી છે.

અહીં તો એમ કહેવું છે કે — માર્ગમાં ચાલતાં સાથે ઉત્તમ સાથીદાર હોય, પણ અંતર્મુખ પુરુષાર્થ વડે ચાલીને પૂર્ણ ધ્યેય સુધી પહોંચવાનું તો પોતાને જ છે ને! અહા! જિનેશ્વર ભગવાનની વાણીમાં — દિવ્યધ્વનિમાં — જે આવ્યું છે તે આ વાત છે. ભાઈ! દુનિયાથી આ વાત સાવ જુદી છે. આ વાતનો દુનિયા સાથે કોઈ મેળ બેસે એવો નથી.

પાવન-મધુર-અદ્ભુત અહો! ગુરુવદનથી અમૃત ઝર્યાં, શ્રવણો મળ્યાં સદ્ભાગથી, નિત્યે અહો! ચિદ્રસભર્યાં; ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યા, ગુણમૂર્તિના ગુણગણ તણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૧૭

તા. ૧૨–૧૦–૭૮

## વચનામૃત — ૩૧૪

**ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે. શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે. ૩૧૪.**

**'ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે.'**

ત્રણ લોકના નાથ શ્રી સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં એમ આવ્યું છે કે — 'શરીર મારું' એવી જે ભ્રાન્તિ તે તો પરવશતા છે જ, પણ 'રાગ મારો, ખંડખંડરૂપ જ્ઞાન તે હું' એ પણ આત્માની પર્યાયમાં પરવશપણું છે, દુઃખ છે. આત્મા સ્વભાવે અખંડ જ્ઞાનમૂર્તિ છે; પણ તેની વર્તમાન અવસ્થામાં ખંડખંડ જ્ઞાન — ભાવેન્દ્રિય — છે ને? ભાવેન્દ્રિયનો — ખંડખંડ જ્ઞાનનો — સ્વભાવ ક્રમે જાણવાનો છે; વિષયોને અવલંબીને જાણવાનો સ્વભાવ હોવાથી તે પરવશ છે. અહા! શરીર, વાણી વગેરે પરપદાર્થ તો ક્યાંય રહી ગયા, રાગાદિ વિભાવ પણ એક કોર રહી ગયો, પણ એક એક ઇંદ્રિય દ્વારા એક એક વિષયને જાણનારું જે પરલક્ષી ખંડખંડ જ્ઞાન તે પણ પરવશતા છે, સ્વાધીનતા નથી.

ભગવાન આત્મા તો અખંડ શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન છે; તેમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય તે તો રાગ છે, દુઃખ છે, પરંતુ ભાવેન્દ્રિય દ્વારા જે ખંડખંડ જ્ઞાન થાય તે પણ પરાધીનતા ને દુઃખ છે. અહા! આવી ઝીણી વાતો છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો શુભરાગ, મહાવ્રતનો કે શાસ્ત્ર ભણવાનો રાગ — વિકલ્પ તે પરવશપણું છે, દુઃખ છે; એ કાંઈ આત્માનું ખરું સ્વરૂપ નથી. એ ઉપરાંત આત્મામાં જે ભાવેન્દ્રિય — જ્ઞાનનો ઉઘાડ, એક સમયની પર્યાયમાં વિષયને જાણતાં જે ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ, તે પણ પરવશપણું છે, આત્માનું સ્વરૂપ નથી.

**'પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા અખંડ જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રભુ છે, તેની દૃષ્ટિ નથી ને વર્તમાન પર્યાયમાં જે ખંડખંડરૂપ જ્ઞાન છે, ભાવેન્દ્રિયરૂપ જ્ઞાન છે એટલો જ આત્મા છે — એવી જે માન્યતા તે જ પરવશતા છે, અને પરવશપણું એ જ દુઃખ છે. વિષય જરા ઝીણો છે. શરીર, કર્મ વગેરે પરદ્રવ્ય તો આત્માનાં છે જ નહિ, રાગાદિ વિભાવભાવ પણ આત્માનો સ્વભાવ નથી, પણ પર્યાયમાં જે પરલક્ષી ખંડખંડ જ્ઞાન છે તે પણ પરવશપણું છે, દુઃખ છે. જડ ઇંદ્રિય તો માટી-ધૂળ છે, પણ અંદર ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ જે ભાવેન્દ્રિય છે તે જડ-ઇંદ્રિયોની મદદે એક એક મૂર્તિક સ્થૂલ વિષયને જાણે છે, તે પણ પરવશતા, પરાધીનતા ને દુઃખ છે. આત્માને લક્ષ્મીવાળો — ધૂળનો ધણી — માનનાર તો દુઃખી છે જ, પણ રાગવાળો કે ખંડખંડ જ્ઞાનવાળો માનનાર પણ દુઃખી છે. નિર્ધન દુઃખી છે તે પૈસા નથી માટે દુઃખી છે એમ નહિ, પરંતુ 'હું પૈસાવાળો નથી, નિર્ધન છું' એવી, દૃષ્ટિમાં જે પરવશતા છે તેથી જ તે દુઃખી છે.

ઇંદ્રિયથી જુદો અને ખંડખંડ જ્ઞાનથી — ઇંદ્રિયજ્ઞાનથી પણ નિરાળો એવો જે નિજ પરિપૂર્ણ જ્ઞાયક આત્મા, તેના ભાન વિના માત્ર ખંડખંડ જ્ઞાનને પોતાની ચીજ માનનાર અજ્ઞાની છે, મૂઢ છે, પરવશતાને લીધે દુઃખી છે. પત્ની, પુત્ર ને પરિવાર કે દેવ-શાસ્ત્ર-ગુરુ એ તો પર, પણ પોતાની પર્યાયમાં જે રાગાદિ ભાવ અને ખંડખંડરૂપ જ્ઞાન — વકીલાતનું જ્ઞાન, વૈદકનું જ્ઞાન, અરે! ધર્મનાં શાસ્ત્રનું જ્ઞાન — તે પણ પરલક્ષી હોવાથી પરવશતા છે, દુઃખ છે. પરવશતાનો ભાવ મોહથી મલિન હોવાથી બંધનું કારણ છે, અબંધદશાનું કારણ નથી; અબંધપરિણામ તો સ્વાવલંબી દૃષ્ટિ અને જ્ઞાનથી થાય છે.

'મને ઘણી આવડત છે' એમ આવડતના ડહાપણે ચઢીને ખંડખંડ જ્ઞાનને પોતાનું માનનાર મિથ્યાત્વી છે, દુઃખી છે. બેને એક બોલમાં કહ્યું છે ને? — "'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે." અખંડ જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મામાં દૃષ્ટિ કરવી એ જ ખરું કર્તવ્ય છે.

દેવ-શાસ્ત્ર-ગુરુ પર છે, શરીર ને ઇંદ્રિયો પર છે, શુભાશુભ વિભાવભાવ આનંદનિધિ ભગવાન આત્માનો સ્વભાવ નથી. અને ઇંદ્રિયજ્ઞાન — ભાવેન્દ્રિય, પરલક્ષી ખંડખંડ જ્ઞાનનો ઉઘાડ — પણ અખંડ પરિપૂર્ણ જ્ઞાનમૂર્તિ જ્ઞાયકદેવનું સ્વરૂપ નથી; માટે એ બધાંનું લક્ષ છોડી, એ બધાંથી ભિન્ન નિજ અખંડ ચિન્મય જ્ઞાયકભાવનો આશ્રય કરવો, દૃષ્ટિમાં લઈને તેનો અનુભવ કરવો, એનું નામ સમ્યગ્દર્શન છે, ધર્મનું પહેલું પગથિયું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરવશ છે તે દુઃખી છે. વ્યવહારરત્નત્રયના રાગનો ભાગ પણ પરવશપણું છે. એ પણ દુઃખ છે. અખંડ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માની પર્યાયમાં એક એક વિષયને કટકે કટકે જાણનારી ભાવેન્દ્રિય, પરલક્ષી ખંડખંડરૂપ જાણપણું — એ પણ પરવશતા છે. શાસ્ત્રનું જ્ઞાન — સાંભળેલું કે વાંચેલું — એ પણ પરલક્ષી ખંડખંડ જ્ઞાન છે, પરવશતા છે. 'પરાધીન સ્વપ્નેય સુખ નહિ', પરવશ છે તે દુઃખી છે.

સ્વવશ તે સુખી છે. આનંદનિધાન નિજ અખંડ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈને, એનું સાધન થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-રમણતામય સ્વાધીન પરિણતિ થાય તે સુખ છે. સ્વવશ પરિણતિવાળો જીવ સદા સુખી છે; ખંડખંડ જ્ઞાનનો આશ્રય હતો ત્યાં સુધી દુઃખી હતો, અંદર અખંડ પરિપૂર્ણ જ્ઞાયકતત્ત્વનો આશ્રય લીધો — સ્વવશ પરિણમન થયું — ત્યારથી સુખી થયો.

**'શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે.'**

નિત્યાનંદસ્વરૂપ જ્ઞાયક ચૈતન્યતત્ત્વ કે જે સ્વભાવે શુદ્ધ અને શાશ્વત પરમભાવ છે, તેના આશ્રયરૂપ સ્વવશપણાથી — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પરિણામથી — શાશ્વત સુખ એટલે કે મોક્ષદશા પ્રગટ થાય છે. નિયમસારમાં "વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે" એમ કહ્યું છે. ત્યાં 'વિપરીત'નો અર્થ માત્ર મિથ્યાત્વ લેવો નથી, પણ નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી અન્ય એવા સામાયિક, ચોવીસંથો, વંદના વગેરે વ્યવહારરત્નત્રયના સમસ્ત ભાવો લેવાના છે. તે ભાવો સ્વરૂપથી વિપરીત ને બંધનાં કારણ છે. તે વ્યવહારભાવોથી પ્રતિપક્ષ એવા નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વના આલંબને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ નિશ્ચય આવશ્યક થાય તે, વ્યવહારરત્નત્રયરૂપ વિપરીતતાના પરિહારસ્વરૂપ હોવાથી સુખરૂપ છે.

વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, દયા, દાન — એ બધો શુભરાગ પણ દુઃખ છે, તેને ધર્મ કે ધર્મનું ખરું કારણ માનવું તે મિથ્યાત્વ છે, દુઃખ ને દુઃખનું કારણ છે. ત્રિકાળ-શુદ્ધ, શાશ્વત અને પવિત્ર રહેનારું જે નિજ ચૈતન્યતત્ત્વ તેનો જેણે અંતરમાં આશ્રય લીધો, અવલંબન લીધું, તે સાધક જીવ સ્વવશ છે, સુખી છે. અહા ! નિજ ચૈતન્યતત્ત્વની આવી વાતો જગતને આકરી પડે; પણ બીજું શું થાય? વસ્તુનું જેવું સ્વરૂપ છે તેને યથાર્થ સમજવું તો પડશે ને?

નિયમસારમાં કહ્યું છે: કથનમાત્ર વ્યવહાર — વ્રતાદિના વિકલ્પો, નવમી ગ્રૈવેયક જાય એવી શુકલલેશ્યા વગેરે — અનંત વાર કર્યો. તે શુભરાગમાં ધર્મ માનવો તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાત્વનું પોષણ છે. પરાશ્રયે થતા વિકલ્પો પરાધીનતા, પરવશતા અને દુઃખરૂપ છે, તેને ધર્મ કે ધર્મનું ખરું સાધન માનવું તે મિથ્યા શ્રદ્ધાને — ઝેર જેવા વિભાવને — પોષણ આપવા જેવું છે. નિત્યાનંદસ્વરૂપ નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વના આશ્રયે — અંતરમાં જે શાશ્વત સુખનો ભંડાર છે તેના આલંબને — પર્યાયમાં જે શાશ્વત સુખ પ્રગટ થાય તેનું નામ ભગવાન ધર્મ કહે છે. અહા! આવી વાત છે ભાઈ!

હાલના ઉપદેશકો કહે છે: વ્યવહાર કરો, વ્યવહાર કરો. પણ ભાઈ! વ્યવહાર એટલે શું? દયા, દાન, વ્રત, તપ, ભગવાનનાં દર્શન-પૂજા વગેરે શુભભાવરૂપ વ્યવહાર તો રાગ છે. એવો રાગ તો અનંત વાર કર્યો છે; એ કાંઈ ધર્મ કે ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ તો ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયક આત્મતત્ત્વનો આશ્રય કરવો તે છે. અહા! ટૂંકા શબ્દોમાં બેને ઘણું કહ્યું છે.

૩૧૫મા બોલમાં દ્રવ્યદૃષ્ટિની વાત આવે છે. દ્રવ્ય એટલે નિજ શુદ્ધ જ્ઞાયકવસ્તુ, તેની જે નિર્મળ દૃષ્ટિ થવી તે દ્રવ્યદૃષ્ટિ છે. નિમિત્તની દૃષ્ટિ છોડી દઈ, રાગની ક્રિયાના પરિણામની દૃષ્ટિ છોડી દઈ, એક સમયની અલ્પ કે પૂર્ણ પર્યાયની દૃષ્ટિ પણ છોડી દઈ, શાશ્વત સુખનિધિ ધ્રુવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન નિજ આત્માની દૃષ્ટિ કરવી તે દ્રવ્યદૃષ્ટિ છે. પ્રભુ! એક વાર સાંભળ તો ખરો! અનાદિ કાળમાં એક સેકંડમાત્ર પણ નિજ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરી નથી. બાકી તો દેવ-શાસ્ત્ર-ગુરુની ઉપાસના, જીવાદિ નવ તત્ત્વની બહિર્લક્ષી શ્રદ્ધા, સમયસાર આદિ સાચાં શાસ્ત્રોનું બહિર્લક્ષી જ્ઞાન, પંચ મહાવ્રત વગેરેના શુભરાગનું આચરણ અને ઉપવાસ વગેરે તપના શુભભાવ કરવાથી આત્મકલ્યાણ થઈ જશે એમ માનીને જીવે અનંતકાળ પરિભ્રમણ કર્યું છે. સમજાય છે કાંઈ?

દ્રવ્ય નામ વસ્તુ, ચૈતન્યપદાર્થ, કાયમ રહેનારી ચીજ. તે વસ્તુમાં ક્ષણે ક્ષણે બદલનારા પરિણામ તો છે, પણ દૃષ્ટિ વર્તમાન પરિણામને સ્વીકારતી નથી, તે તો ત્રિકાળી ધ્રુવ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. જેમાં બહારના શુભ આચરણની ક્રિયા તો નહિ, રાગાદિ વિભાવ પણ નહિ, ખંડખંડ જ્ઞાન પણ નહિ અને ગુણ-ગુણીના ભેદ પણ નહિ, એવો સર્વજ્ઞ ભગવાને જોયેલો ને કહેલો જે નિજ નિત્યશુદ્ધ અભેદ ધ્રુવ જ્ઞાયક-આત્મા તેને જ દૃષ્ટિ અવલંબે છે. આવી દૃષ્ટિ સહિતનું જે જ્ઞાન તથા સ્વરૂપ-રમણતારૂપ ચારિત્ર તે જ સાચો મુક્તિનો માર્ગ છે. એ જ જન્મ-મરણનો અંત લાવવાનો ઉપાય છે. શું કહેવું? — લોકોને આ તત્ત્વનો અભ્યાસ નથી અને બહારની 'હાહો' એ ચડી ગયા છે.

આત્મા એક વસ્તુ છે ને? જેનામાં અનંત ગુણો વસેલા હોય તેને વસ્તુ કહીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં પણ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે અનંત ત્રિકાળ-અવસ્થાયી ગુણો વસેલા છે. વળી આગમમાં વસ્તુને 'उत्पाद्-व्यय-ध्रौव्ययुक्तं' અને 'गुण-पर्ययवत्' કહી છે. તેમાં જે ઉત્પાદ-વ્યય થાય છે તે તો પર્યાય છે અને જે ધ્રૌવ્ય છે તે ટંકોત્કીર્ણ શુદ્ધ નિત્ય દ્રવ્યસામાન્ય છે. તે ધ્રુવ દ્રવ્યસ્વભાવને અવલંબનારી, ત્રિકાળી નિત્ય પરમભાવનો આશ્રય કરનારી, જે દૃષ્ટિ તેનું નામ દ્રવ્યદૃષ્ટિ અર્થાત્ સમ્યગ્દર્શન છે.

અહા! વીતરાગ પરમેશ્વરનો માર્ગ બહુ ઝીણો છે ભાઈ! અત્યારે તો લોકોએ બહારની જાડી વાતોમાં ધર્મ મનાવી દીધો છે. અહીં તો કહે છે કે ધર્મની શરૂઆત જ નિજ શુદ્ધ અંતઃતત્ત્વની દૃષ્ટિ થતાં થાય છે. નિજ શુદ્ધ ધ્રુવ ચૈતન્યતત્ત્વ જ એકમાત્ર અંતઃતત્ત્વ છે, બાકી બીજું બધું — બહિર્લક્ષી શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ, દયા-દાન ને વ્રત-તપ કે ભક્તિના પરિણામ, અરે! શુદ્ધ ચૈતન્યતત્ત્વને અવલંબીને પ્રગટનારી એક સમયની સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાય અને ગુણભેદ પણ — બહિસ્તત્ત્વ છે. બહિસ્તત્ત્વના આલંબને સમ્યગ્દર્શન કે સાધના પ્રગટ થતી નથી, તેના આલંબને તો પર્યાયદૃષ્ટિનું પોષણ થાય છે. નિયમસારમાં કહ્યું છે ને? —

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
— જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ — એ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયથી — ઔપશમિક, ક્ષાયિક વગેરે ચાર ભાવોથી — વ્યતિરિક્ત નિજ ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક આત્મા આત્માને ગ્રાહ્ય છે — ઉપાદેય છે. ત્રિકાળી ધ્રુવ સ્વભાવને અવલંબીને પ્રગટનારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ એક સમયનો બદલતો અંશ છે, ત્રિકાળી ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ એ પણ બહિસ્તત્ત્વ છે, કેમ કે તેનો આશ્રય લેવાથી મિથ્યાત્વ ને રાગ ઉત્પન્ન થાય છે. માટે વર્તમાન વર્તતી શુદ્ધ પર્યાયનું પણ લક્ષ છોડીને અંદર જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણ-રસકસથી ભરેલા એવા નિજ ધ્રુવ અભેદ જ્ઞાયકને દૃષ્ટિગત બનાવવો, તેનો અનુભવ કરવો, તે જ સમ્યગ્દર્શનરૂપી પ્રાથમિક ધર્મ છે. સમ્યગ્દર્શન વિના બધું—ક્રિયાકાંડ કે શાસ્ત્રનાં ભણતર — થોથાં છે.

અજ્ઞાનીઓ પણ નિજ મતિકલ્પનાથી 'આત્મા...આત્મા' કહે છે, પણ અહીં તો સર્વજ્ઞ પરમાત્માએ પ્રત્યક્ષ જ્ઞાન વડે જે અનંત આત્મા જોયા છે તેમનું ખરું સ્વરૂપ શું છે તેની વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"પ્રભુ ! તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ, સહુને પેખતા હો લાલ..."

વિદેહક્ષેત્રમાં અત્યારે સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર ભગવાન બિરાજે છે. તેમની સ્તુતિ કરતાં કહે છે કે—હે પ્રભુ ! આપ ત્રણ કાળ ને ત્રણ લોકના બધા પદાર્થોને એકસાથે પ્રત્યક્ષ જેમ છે તેમ જાણી રહ્યા છો. આપે દરેક વસ્તુને નિજ સત્તાએ શુદ્ધ જોઈ છે. આપે અમારા આત્માને પણ નિજ સત્તાએ શુદ્ધ પરમબ્રહ્મ જોયો છે. ભગવાને આત્માને જેવો શુદ્ધ પરિપૂર્ણ જોયો છે એવો અંતર્મુખ દૃષ્ટિના પુરુષાર્થથી લક્ષગત કરવો, અનુભવગત કરવો તે સમ્યગ્દર્શન છે; સમ્યગ્દર્શન પોતે નિર્મળ પર્યાય છે, અનિત્ય છે. અનિત્ય પર્યાય આશ્રય કરે છે નિત્ય ધ્રુવ સ્વભાવનો; અનિત્યના આશ્રયે કલ્યાણ થાય નહિ, ધ્રુવ સ્વભાવના આશ્રયે જ કલ્યાણ થાય.

વ્યવહાર-રત્નત્રયને સાધન કહ્યું છે તે તો કથનમાત્ર છે, એ બહિર્લક્ષી ભાવ કાંઈ વસ્તુ નથી—શુદ્ધતા નથી. એવું તો અનંત વાર કર્યું છે.

'मुनिव्रत धार, अनंत वार ग्रीवक उपजायौ।
पै निज आतमज्ञान बिना सुख लेश न पायौ॥'

અનંત વાર દિગંબર મુનિપણું લીધું, શુક્લલેશ્યા કરીને અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો, પણ આત્મજ્ઞાન ક્યારેય પ્રગટ કર્યું નહિ, તેથી અંશે પણ સુખ પામ્યો નહિ. લોકોને સ્વાત્મસન્મુખતાની આ વાત આકરી પડે છે તેથી 'એકાંત છે, એકાંત છે'—એમ કહે છે, પણ ભાઈ !

"जामें जितनी बुद्धि है, उतनी देय बताय;
वाको बुरो न मानिये, और कहाँसे लाय।"

જેને કાંઈ ખબર જ નથી એનું શું કહેવું ?

નિયમસારમાં કહ્યું છે : ત્રિકાળી ધ્રુવ આત્મતત્ત્વ સિવાય પુણ્ય-પાપ, સંવર-નિર્જરા વગેરે બધાં તત્ત્વ પર્યાય છે, નાશવાન છે, બહિસ્તત્ત્વ છે; અવિનાશી અન્તસ્તત્ત્વ તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ભગવાન છે. જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોનો મહાસાગર તે પ્રભુ અન્તસ્તત્ત્વ છે. કાયમ ધ્રુવ રહેનાર છે માટે તે અન્તસ્તત્ત્વ છે; તેનું શ્રદ્ધાન, જ્ઞાન ને ચારિત્ર—વ્રત-તપના શુભભાવ તે સાચું ચારિત્ર નથી—કે જે આત્માશ્રિત નિર્મળ પર્યાય છે તે પણ અન્તસ્તત્ત્વ નથી, બહિસ્તત્ત્વ છે, કેમ કે તે નવી ઊપજેલી, ઉત્પાદ-વિનાશશીલ પર્યાય છે, ધ્રુવ તત્ત્વ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરેરે! આવું સ્વરૂપ જીવને સાંભળવા પણ મળે નહિ! તે ક્યારે સાંભળે ને ક્યારે સમજે? જિંદગી ચાલી જાય છે. શરીર-વાણી-મન અને દેવ-શાસ્ત્ર-ગુરુ તથા અંદરમાં થનારા દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ બહિસ્તત્ત્વ છે જ, પરંતુ ત્રિકાળી નિજ તત્ત્વનો આશ્રય કરીને પ્રગટ થતી એક સમયની શુદ્ધ પર્યાય પણ બહિસ્તત્ત્વ છે, કેમ કે શુદ્ધ પર્યાય પણ ધ્રુવ તત્ત્વમાં પ્રવેશ પામતી નથી. અહા! વીતરાગ પરમેશ્વરનો પંથ કોઈ અલૌકિક છે; આવી વાત બીજે ક્યાંય નથી.

શું થાય? સાધારણ પ્રાણીને તો આ વાત બેસે એવી નથી, આકરી લાગે એવી છે. રાગ તો બહિસ્તત્ત્વ છે. જીવ અનાદિથી રાગના સ્વાદને પોતાનો માને છે. અહીં તો અધ્યાત્મવ્યવહાર અર્થાત્ સાધનારૂપ નિર્મળ દશાને પણ ત્રિકાળી શુદ્ધ ધ્રુવ આત્મ-સ્વભાવની અપેક્ષાએ બહિસ્તત્ત્વ કહ્યું છે. માત્ર એક ત્રિકાળી શુદ્ધ ધ્રુવ જ્ઞાયકભાવ જ અન્તસ્તત્ત્વ છે. ચૈતન્યભગવાન જિનસ્વરૂપી છે.

જિન સોહી હૈ આત્મા, અન્ય હોઈ સો કર્મ;<br>
કર્મ કટે સો જિનબચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ.

વીતરાગ ત્રિકાળી ચૈતન્યબિંબ તે આત્મા; અને તેને અવલંબીને જે નિર્મળ પર્યાય પ્રગટી તેની હદ — મર્યાદા એક સમયની હોય. ત્રિકાળી ધ્રુવ નિર્મળ તત્ત્વની અપેક્ષાએ એક સમયના પરિણમનને બહિસ્તત્ત્વ કહ્યું છે. અહા! આવી વાત છે ભાઈ! શું થાય? પાગલ જેવું લાગે એવી વાતો છે. આ વાતો તો મહાવિદેહમાં ભગવાન પરમાત્મા જે બિરાજે છે તેમની પાસેથી આવેલી છે. સમજાય છે કાંઈ?

શું કહ્યું? પ્રભુ! અનંત પ્રભુતાથી ભરેલા ભગવાન આત્મામાં એક ઈશ્વરશક્તિ છે. અન્ય કોઈ 'કર્તા' ઈશ્વર નહિ, ચૈતન્ય આનંદમૂર્તિ પોતે જ ઈશ્વરસ્વરૂપ છે. સર્વજ્ઞ ભગવાને આત્માનું જે સ્વરૂપ જોયું છે તેને, ભગવાન કુંદકુંદાચાર્યદેવ આડતિયા તરીકે જાહેર કરે છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવત ૪૯માં થયા. તેમની વાણી અત્યારે આવી છે. અરે! ભગવાન કહે, સમ્યગ્દૃષ્ટિ કહે, પંચમ ગુણસ્થાનવર્તી જીવ કહે કે છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવ કહે — બધી એક જ વાત છે. વસ્તુતત્ત્વમાં ફેર હોય નહિ.

———o———

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૧૫

**દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, તેનું અવલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી. ૩૧૫.**

**'દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે.'**

દ્રવ્યદૃષ્ટિ એટલે ત્રિકાળ શુદ્ધ ધ્રુવ નિજ જ્ઞાયકભાવને વિષય કરનારી દૃષ્ટિ. દૃષ્ટિ કહો, રુચિ કહો, પ્રતીતિ કહો, વિશ્વાસ કહો કે શ્રદ્ધા કહો — એ બધું એકાર્થ છે. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ જ્ઞાયક પરમભાવને જ અવલંબે છે. આમાં આખું વજન છે. જે સમ્યગ્દૃષ્ટિ છે તે પ્રતીતિમાં ત્રિકાળશુદ્ધ નિજ ભગવાન આત્માને જ અવલંબે છે. સમ્યગ્દર્શન પોતે શ્રદ્ધાગુણની એક સમયવર્તી નિર્મળ પર્યાય છે; પણ તે શ્રદ્ધાપર્યાય દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પરનિમિત્ત, શુભાશુભ વિભાવપર્યાય, અપૂર્ણ કે પૂર્ણ પર્યાય અને ગુણભેદને અવલંબતી નથી, અરે! શ્રદ્ધા-પર્યાય પોતે પોતાને પણ અવલંબતી નથી, માત્ર ત્રિકાળી શુદ્ધ ધ્રુવ જ્ઞાયકદ્રવ્યસામાન્યને જ અવલંબે છે.

સમ્યગ્દર્શન કે જે ધર્મનું પ્રથમ સોપાન છે, પહેલું પગથિયું છે, તેનો વિષય નિર્મળ પર્યાય પણ નથી; તેનો વિષય ટંકોત્કીર્ણ આનંદઘન ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક પરમાત્મા છે. 'अप्पा सो परमप्पा' — આત્મા પોતે જ પરમાત્મા છે. ભાઈ! તું જે છો તે જ છો, આનંદકંદ છો, સચ્ચિદાનંદ છો, પરમાનંદનો પિંડ છો. પરમાનંદસ્વરૂપ નિજ દ્રવ્યસામાન્યને અવલંબનારી દૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે; દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દૃષ્ટિ તું પ્રગટ કર. દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું ધ્રુવ તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં — કોઈ પણ પ્રકારની પર્યાયમાં — ચોંટી નથી જતી. 'અહો! આવો અદ્ભુત દ્રવ્ય-સ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવગમ્ય થયો!' એમ જ્ઞાન જાણે, પણ દ્રવ્યદૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર — ધ્રુવ દ્રવ્યસ્વભાવ ઉપર — જામેલી તે જામેલી જ રહે છે.

**'નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, તેનું અવલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી.'**

સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, સ્વરૂપલીનતા વગેરે નિર્મળ પર્યાયો ભલે પ્રગટી ધ્રુવ જ્ઞાયક તત્ત્વના આશ્રયે, પરંતુ તે નિર્મળ પર્યાયો પણ આત્માનું ક્ષણવર્તી પરિણમન હોવાથી ત્રિકાળી ધ્રૌવ્યથી — વસ્તુના અપરિણામી ટકતા અંશથી — ભિન્ન છે, અને તે માટે નિર્મળ પર્યાયને પણ બહિઃતત્ત્વ કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ દાનમાં પૈસા વાપરે, કરોડો રૂપિયા ધર્માદામાં આપી દે, તોપણ તેમાં — તેને જો શુભભાવ હોય, તેણે તૃષ્ણાના ભાવ ઘટાડયા હોય, લોભકષાય ઓછો કર્યો હોય તો — પુણ્ય છે, ધર્મ નહિ. ધર્મની શરૂઆત તો નિજ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટ થતા સમ્યગ્દર્શનથી જ થાય છે. ત્યાર પછી નિજ દ્રવ્યસ્વભાવના વિશેષ આલંબને સ્વરૂપરમણતા — ચારિત્રદશા પ્રગટ થાય છે. પૈસા તો પરદ્રવ્ય છે, અજીવ, ધૂળ ને માટી છે. શું એ જીવના છે? અહીં તો કહે છે કે — પૈસા તો નહિ, પણ દેહ-વાણી તથા રાગાદિ વિભાવ પણ જીવનાં નથી; અરે! સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ કે મોક્ષ વગેરે નિર્મળ પર્યાયમાં પણ ત્રિકાળી ધ્રુવ તત્ત્વ નથી. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં કોઈ પણ પર્યાય કે ગુણભેદ આવતા નથી. અહા! આવી વાતો! લોકોને આકરી લાગે હો!

આખા હિન્દુસ્તાનમાં યાત્રા માટે દસ દસ હજાર માઈલ સંઘ સહિત ત્રણ વાર ફર્યા છીએ, પણ દ્રવ્યદૃષ્ટિની આવી વાત બીજે ક્યાંય જોવામાં આવી નહિ. અહા! વીતરાગનો આ માર્ગ જ કોઈ જુદી જાતનો છે. અહીં તો કહે છે કે — લક્ષ્મી વગેરે પરપદાર્થ તો બહિસ્તત્ત્વ છે જ; એનો તો માલિક આત્મા છે જ નહિ; પણ રાગાદિ વિભાવભાવનો — પોતાની પર્યાયમાં પોતાના અપરાધથી થાય છે માટે જ્ઞાન-અપેક્ષાએ આત્મા તેનો માલિક કહેવાય — પણ દૃષ્ટિ-અપેક્ષાએ માલિક નથી. સમસ્ત પ્રકારના વિભાવો રહિત એવા નિજ ધ્રુવ સ્વભાવને — ચૈતન્યકંદ, આનંદઘન એવા નિજ ધ્રુવ જ્ઞાયકને — દૃષ્ટિનો વિષય બનાવીને જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રરૂપ ધર્મદશા પ્રગટ થઈ તે નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, કેમ કે તે નિર્મળ પર્યાયો પણ ધ્રુવ જ્ઞાયકથી (કંથચિત્) ભિન્ન છે.

શરીર તો અચેતન, માટી-ધૂળ છે; પૈસા, સ્ત્રી, દીકરા-દીકરી — બધાંય આ આત્માને માટે બહિઃતત્ત્વ છે, પંથે ચાલતા મુસાફરના અંગ પર પડતી વૃક્ષોની છાયાની માફક બધું અધ્રુવ છે. અજ્ઞાનરૂપ ગાંડપણને લીધે જીવ શરીર, વાણી વગેરે અધ્રુવ પરચીજને પોતાની માને છે, પણ ભાઈ! જો પોતાની હોય તો તે જુદી કેમ પડે? જુદી પડે તે આત્માની ચીજ નહિ. અહીં તો એક સમયની નિર્મળ પર્યાયને પણ — નાશવાન હોવાથી — બહિઃતત્ત્વ કહ્યું છે, ત્રિકાળી ધ્રુવ નિજ જ્ઞાયકભાવને જ — શુદ્ધાત્મદ્રવ્ય-સામાન્યને જ — અન્તઃતત્ત્વ કહ્યું છે.

અહા! વીતરાગનો આ માર્ગ કઠણ બહુ! લોકોને સાંભળવા મળતો નથી. શરીર પરદ્રવ્ય છે. આત્મા વિકલ્પ કરે છે તેથી શરીરનાં કામ થાય છે — એમ નથી. શરીરની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય પોતાના કારણે — પુદ્ગલના કારણે — થાય છે, આત્મા તેનો કર્તા નથી. આત્મા તો પોતાની સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાયને કરે; રાગાદિ વિભાવનો પણ આત્મા પરમાર્થે કર્તા નથી. નિર્મળ પર્યાયરૂપે પરિણમે આત્મા પોતે, પણ તેને આશ્રય છે ધ્રુવ સ્વભાવનો; પર્યાયના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટે નહિ. અહા! ત્રિકાળી ધ્રુવ સ્વભાવ તરફ દૃષ્ટિને — પરિણતિને ઝુકાવવામાં કેટલો પુરુષાર્થ છે? એ પુરુષાર્થની પર્યાય પણ દૃષ્ટિનો વિષય નથી.

શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયે થનારી રાગ રહિત નિર્મળ પર્યાય પણ બહિ:તત્ત્વ છે. બહિ:તત્ત્વના આશ્રયે — નિર્મળ પર્યાયના આશ્રયે — શુદ્ધિ વધે નહિ. સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી પણ ચારિત્રની જે વિશેષ શુદ્ધિ થઈ, તે પર્યાયના આશ્રયે નહિ, પણ અંદર ત્રિકાળી જ્ઞાયકના આશ્રયે થઈ છે. શુદ્ધિની ઉત્પત્તિ, સ્થિતિ અને વૃદ્ધિ — બધું ધ્રુવ જ્ઞાયકના આશ્રયે થાય છે, પર્યાયના આશ્રયે નહિ. સમજાય છે કાંઈ? અહા! આ સમજાય તો ન્યાલ થઈ જાય.

આત્મા સત્ છે. 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् ।' એ તો તત્ત્વાર્થસૂત્રનું વચન છે. દ્રવ્યનું સ્વરૂપ સત્ છે. આ મૂળ તત્ત્વની લોકોને ખબર નથી. વ્રત કરો, ઉપવાસ કરો, દયા-દાન કરો, પણ ભાઈ! એ બધી તો રાગની વાતો છે — બહિ:તત્ત્વ છે. જે અનાદિ-અનંત શુદ્ધ ધ્રુવ તત્ત્વ છે, પૂર્ણાનંદનો નાથ છે, ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક ભગવાન છે એવા નિજ દ્રવ્યસામાન્યને અંત:તત્ત્વ કહ્યું છે. તેને અવલંબીને જે મોક્ષમાર્ગની — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની, નિર્વિકલ્પ આનંદની — પર્યાય થઈ તેને પણ, ત્રિકાળી ધ્રુવ આનંદતત્ત્વની અપેક્ષાએ, બહિ:તત્ત્વ કહેવામાં આવે છે.

પ્રશ્ન :— પોતાની નિર્મળ પર્યાય પણ બહિ:તત્ત્વ?

ઉત્તર :— હા, હા. જેમ શરીર-વાણી-મન, દેવ-શાસ્ત્ર-ગુરુ અને પોતાની પર્યાયમાં થનારા શુભાશુભ વિભાવ બહિ:તત્ત્વ છે, કેમ કે તેમના આશ્રયથી સમકિત ન થાય; તેમ ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે પ્રગટનારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ નિર્મળ પર્યાય પણ બહિ:તત્ત્વ છે, કેમ કે તે એક સમયની વિનશ્વર દશા હોવાથી તેના આશ્રયે — આલંબને નવી શુદ્ધિ પ્રગટતી નથી. શુદ્ધિની ઉત્પત્તિ, શુદ્ધિની વૃદ્ધિ તથા શુદ્ધિની પૂર્ણતા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આલંબને થાય છે. દ્રવ્યદૃષ્ટિ સમ્યગ્દર્શન આદિ કોઈ અધૂરી કે પૂરી નિર્મળ પર્યાયને તથા ગુણભેદને પણ અવલંબતી નથી, તેનું આલંબન તો એકમાત્ર નિજ ધ્રુવ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે! આવો તે માર્ગ વીતરાગનો હશે? દયા પાળવી, વ્રત કરવાં, તપસ્યા કરવી, સમ્મેતશિખરની યાત્રા કરવી — 'एक बार वन्दे जो कोई, ताहि नरक-पशुगति नहीं होई' — એવું તો કાંઈ કહેતા નથી? અરે ભાઈ! તું અંદર મોટો સમ્મેતશિખર છો, અનંત ગુણોની પૂર્ણતા પ્રગટ થાય એવું તું શાશ્વત ધામ છો; એની તું અંદર યાત્રા કર ને! તે ધ્રુવ સ્વભાવનો આશ્રય કરીને પર્યાયમાં પવિત્રતા પ્રગટ કર ને! અહીં તો એ કહેવું છે કે તે નિર્મળ પર્યાય પણ ત્રિકાળી ધ્રુવ તત્ત્વની અપેક્ષાએ પલટતું, મુદતવાળું ને બાહ્ય તત્ત્વ છે. દ્રવ્યદૃષ્ટિને તેનું પણ આલંબન નથી, ત્રિકાળ શુદ્ધ ધ્રુવ નિજ જ્ઞાયક દ્રવ્યનું જ આલંબન છે.

અનુભવરસથી તરબોળ એવી જે ગુરૂદેવની જોરદાર વાણી, તેની ગર્જના કોઈ જુદી જ હતી; પાત્ર જીવોના પુરુષાર્થને જાગ્રત કરે અને મિથ્યાત્વના ખંડ ખંડ કરી નાખે એવી એ દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની આ મંગલમય કલ્યાણકારી વાણી 'ટેઇપ' માં ઊતરીને જીવંત રહી ગઈ. કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવનો આપણા ઉપર અનંત અનંત ઉપકાર છે.

— બહેનશ્રી ચંપાબેન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન—૧૧૮

તા. ૧૩-૧૦-૭૮

## વચનામૃત — ૩૧૬

પોતાનો મહિમા જ પોતાને તારે. બહારનાં ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે. ૩૧૬.

'પોતાનો મહિમા જ પોતાને તારે.'

અતીન્દ્રિય સહજ જ્ઞાન અને અતીન્દ્રિય સહજ આનંદસ્વરૂપ એવો જે નિજ ચૈતન્ય મહાપદાર્થ — જ્ઞાયક ભગવાન આત્મા — તેનો જો અંતરમાં યથાર્થ મહિમા ખ્યાલમાં આવ્યો હોય તો જ આત્માને સ્વાનુભૂતિનો ઉપાય હાથમાં આવે છે. પોતાના જ્ઞાયક સ્વભાવનો મહિમા જ પોતાને ભવસમુદ્રમાંથી તારે છે. પૂજા-ભક્તિ, દયા-દાન ને વ્રત-તપના ભાવ આવે છે તે શુભરાગ છે, વિભાવ છે. તેનો જેને મહિમા આવે છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, ભવસાગરમાં ડૂબી મરનાર અજ્ઞાની છે. સમસ્ત પ્રકારના વિભાવોથી રહિત પોતાના સહજાત્મસ્વરૂપ જ્ઞાયક મહાપ્રભુનો અદ્‌ભુત મહિમા જેને અંતરમાં પરિણમ્યો છે તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે. તેને તરવાનો ઉપાય હાથમાં આવી ગયો છે.

'બહારનાં ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.'

દેવ-શાસ્ત્ર-ગુરુની, પંચ પરમેષ્ઠી ભગવાનની કે પ્રત્યક્ષ સત્પુરુષની બહારની ભક્તિ તથા બહારના મહિમાથી આત્માનો ધર્મ પ્રગટ થતો નથી; જ્ઞાતાપરિણતિમાં જ્ઞાયકના નિજ મહિમાથી સમ્યગ્દર્શન, આત્મશાંતિ વગેરે નિર્મળ પર્યાયરૂપ આત્મધર્મ પ્રગટ થાય છે. બહારનાં ભક્તિ-મહિમાના પરિણામ શુભરાગ છે, વિભાવસ્વરૂપ હોવાથી આત્માના સ્વભાવથી જુદા છે. દયા-દાન, પૂજા-ભક્તિ કે વ્રત-તપના શુભ વિકલ્પોથી નહિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ અંદર ભગવાન આત્માની નિર્મળ પરિણતિમાં આત્માના નિજ મહિમાથી તરાય છે — ભવસાગરનો અંત આવી જાય છે.

અંદર ચૈતન્યસ્વભાવના ભાન વિના જીવે અનંત વાર દિગંબર મુનિવ્રત ધારણ કર્યાં, હજારો રાણીઓનો ત્યાગ કર્યો, પણ ભાઈ! એ તો બધી રાગની ક્રિયા છે; આ ભગવાન જ્ઞાયક સાથે તેનું એકત્વ નથી, છતાં જીવે વિભાવ સાથે એકત્વ માન્યું છે. તે એકત્વ તોડવાનું છે, રાગની ક્રિયાથી ભિન્ન થઈ— અધિક થઈ નિજ જ્ઞાયકદેવના મહિમારૂપે અંતરથી પરિણમે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. અંદર જ્ઞાયકતત્ત્વનું યથાર્થ લક્ષ થયા વિના — અંતરમાં નિજ ચૈતન્યપ્રભુનો મહિમા આવ્યા વિના — સમવસરણમાં ત્રિલોકનાથ સાક્ષાત્ તીર્થંકર ભગવાનની મણિરતનના થાળ અને કલ્પવૃક્ષનાં ફળ વડે ભક્તિ અનંત વાર કરી, રત્નોના દીવડાથી ભગવાનની આરતી અનંત વાર ઉતારી, પણ તેથી શું? જ્યાં સુધી શુભરાગનો મહિમા છે ત્યાં સુધી જીવ મિથ્યાદૃષ્ટિ છે, અનંત સંસારમાં રઝળનાર પ્રાણી છે. શુભરાગરૂપ છોતરાંથી ભિન્ન અંદર જે ચૈતન્ય જ્ઞાયકદેવ છે તેમાં દૃષ્ટિ લગાવવાથી, તેનો અંતરથી મહિમા કરવાથી સમ્યગ્દર્શન વગેરે આત્મધર્મ પ્રગટ થાય છે; ચૈતન્યની અંતર્મુખ પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી ભવસમુદ્ર તરાય છે.

જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર એવા નિજ ચૈતન્યની સ્વસન્મુખ પરિણતિમાં — ભગવાનની ભક્તિ વગેરેના પરિણામ તો શુભરાગ ને પરસન્મુખ દશા છે — ચૈતન્યની નિજ મહિમાથી તરાય છે. બાકી પરની ભક્તિ વગેરેના શુભભાવ તો જીવે અનંત વાર કર્યા પણ તેનાથી જરાય આત્મધર્મ થયો નહિ. શ્રીમદે કહ્યું છે ને?—

> યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો;
> વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.

પછી આગળ કહે છે —

> સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
> વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

— પડિમા અને મહાવ્રત વગેરે ધારણ કર્યાં, પણ એ બધો તો શુભરાગ છે, દુઃખ છે. રાગથી ભિન્ન પોતાના ચૈતન્યપ્રભુનું જ્ઞાન અંતરમાં પરિણમીને કદી કર્યું નથી, તેથી સ્વરૂપનો આનંદ અનુભવમાં આવ્યો નથી. અહા! સ્વરૂપ તો આવું છે; લોકોને આકરું લાગે, પણ શું થાય? મારગ તો આ છે; ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભક્તિ અને વ્રતાદિના ભાવ તો શુભરાગરૂપ મલિન દશા છે, પુણ્યતત્ત્વ છે; તેનાથી આત્માનો મહિમા માનવો તે મિથ્યાદર્શન છે. ભગવાન આત્મા તો પુણ્યતત્ત્વથી ભિન્ન ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વ છે. આશય એ છે કે—ચૈતન્યલોક ભગવાન આત્મા સ્વભાવે સમસ્ત શુભાશુભ રાગથી મુક્ત જ છે, કેમ કે તે પરભાવ—વિભાવ હોવાથી પરચીજ છે ને? વિકારી ભાવ કાંઈ આત્માની ચીજ નથી, એ બધું આત્માના જ્ઞાતાસ્વરૂપથી ભિન્ન છે. 'શુભરાગથી ધર્મ થશે' એવી માન્યતાનું નામ મિથ્યાત્વ-પરિણતિ છે. ચૈતન્યની વર્તમાન પરિણતિમાં શુભાશુભ વિભાવથી રહિત ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ થવાથી—નિજ ચૈતન્યનો અનુપમ મહિમા પ્રગટ થવાથી—તરાય છે. ભવસમુદ્ર તરવાનો ઉપાય આ એક જ છે.

લોકોને આ વાત બહુ આકરી લાગે, પણ એનું શું કરવું? જીવે અશુભભાવ અનંત વાર કર્યા, અરે! શુભભાવ—વ્રત, તપ, ભક્તિ ને ઉપવાસ કર્યા, મણિરત્નના દીવડે ભગવાનની આરતી ઉતારી, કરોડો રૂપિયાનાં દાન દીધાં, જિનમંદિરો બંધાવ્યાં વગેરે પુણ્યભાવ—પણ અનંત વાર કર્યા છે. ભાઈ! તે કાંઈ નવી ચીજ નથી. અહા! જેને રાગનો મહિમા છે તેને નિજ જ્ઞાયકદેવનો મહિમા નથી, અને જેને નિજ ચૈતન્ય જ્ઞાયકદેવનો મહિમા છે તેને શુભાશુભ રાગનો મહિમા આવતો નથી. બહારની ભક્તિ અને બહારના મહિમાથી નહિ પણ અંદર ચૈતન્યની પરિણતિમાં જ્ઞાયક પ્રભુના નિજ મહિમાથી જીવ ભવસાગર તરી જાય છે—આત્મકલ્યાણ પામી જાય છે.

## 'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.'

જેને સમસ્ત શુભાશુભ વિભાવથી રહિત એવા નિજ વિજ્ઞાનઘન ચૈતન્યપ્રભુનો અંતરમાંથી મહિમા પ્રગટ થયો છે તેને જ જિનેન્દ્ર ભગવાનનો સાચો મહિમા હોય છે. પોતાનું ચૈતન્ય પકડાયા વિના કેવળ બહારનો મહિમા—તીર્થંકર જિનેન્દ્રભગવાનનો પુણ્યાતિશય એવો હોય છે કે પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ઉજ્જવળ કરે છે, પોતાના ઉપશાન્તરસઝરતા તેજ વડે કરોડો સૂર્યનાં તેજને ઢાંકી દે છે—ફિક્કો બનાવી દે છે, પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે, દિવ્યધ્વનિથી ભવ્યોના કાનમાં સાક્ષાત્ સુખામૃત વરસાવે છે અને એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે, ઇત્યાદિ બહારની ભક્તિ—કરે તો શુભભાવ થાય, પણ તે બહિર્લક્ષી શુભરાગ કાંઈ તરવાનો ઉપાય નથી. ખરેખર તો અંદર નિજ જ્ઞાયક ભગવાનનો જેને નિશ્ચય, મહિમા આવ્યો છે તેને જ ભગવાનનો સાચો વ્યવહાર-મહિમા હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે.'**

અતીન્દ્રિય આનંદની મૂર્તિ, સર્વજ્ઞ, વીતરાગ એવા ભગવાન જિનેન્દ્રદેવને જોતાં 'હું પણ સ્વભાવે આવો જ છું, વિજ્ઞાનઘન અતીન્દ્રિય આનંદનો કંદ છું' એમ પોતાના ચૈતન્યસ્વભાવનો મહિમા આવે છે. પ્રવચનસારમાં આવે છે ને ?—

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

જે જીવ અર્હંતનો મહિમા દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે નિજ આત્માને જાણે છે; નિજ આત્માનો મહિમા જાણવાથી તેનો મોહ અવશ્ય નષ્ટ થઈ જાય છે. તેથી અહીં બેને કહ્યું છે કે— ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે. અહા! આ તો અધ્યાત્મતત્ત્વની સૂક્ષ્મ વાત છે ભાઈ! સમજાણું કાંઈ ?

———o———

## વચનામૃત — ૩૧૭

મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિમાં માંડ માંડ જોડાય છે. કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે. ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે. સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી. જેને જે કામ ન ગમે તે કાર્ય તેને બોજારૂપ લાગે છે. ૩૧૭.

**'મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિમાં માંડ માંડ જોડાય છે.'**

જેમને મહાવ્રત આદિ અઠ્ઠયાવીસ મૂળગુણના પરિણામ પણ, તે શુભરાગ હોવાથી, દુ:ખદાયક લાગે છે, જે પોતાના આનંદકંદ ચૈતન્યસ્વરૂપની પરિણતિમાં અતીન્દ્રિય આનંદને ઉગ્રપણે જુએ છે—અનુભવે છે, એવા વનવાસી નગ્ન દિગંબર ભાવલિંગી મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિ ષટ્-આવશ્યકમાં માંડ માંડ જોડાય છે. પ્રતિક્રમણ, દેવ-ગુરુવંદના વગેરેના શુભ વિકલ્પ અસ્થિરતાને લીધે કમજોરીથી આવે છે, પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતરમાં રાગનો રાગ નહિ હોવાથી તેના કર્તૃત્વનો ઉત્સાહ નથી, લાચારીથી નબળાઈના ભાવે માંડ માંડ જોડાય છે.

**'કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે.'**

પુરુષાર્થની કમજોરી હોવાથી કેવળજ્ઞાન, પૂર્ણાનંદ વગેરે પૂર્ણ દશા પ્રગટ થતી નથી, તેથી પ્રતિક્રમણ આદિના શુભ વિકલ્પમાં જોડાવું પડે છે. મુનિરાજને ભૂમિકા પ્રમાણે એવા વિકલ્પ વચ્ચે આવે ખરા, પણ તે તેમને ગમતા નથી, અંતરમાં એવા શુભરાગની પણ રુચિ નથી. આનંદમય નિર્મળ દશામાંથી બહાર આવવું, એવા શુભ વિકલ્પમાં જોડાવું પડે, તે બોજો લાગે છે.

અહા! મુનિદશા કોને કહીએ? સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ વિના બહારથી નગ્નપણું વગેરે દ્રવ્યલિંગ ધારણ કરી લે, પંચ મહાવ્રતના શુભ પરિણામમાં પ્રયત્નપરાયણ રહે, તે કાંઈ સાચું મુનિપણું નથી. જેમને 'આત્મા કેવળ જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, શુભાશુભ વિભાવનો એક કણ પણ મારું સ્વરૂપ નથી' — એવું સાનુભવ શ્રદ્ધાન તેમ જ જ્ઞાન પ્રગટ થયું છે, અને સ્વરૂપ-રમણતા વધી ગઈ હોવાથી જેમને પર્યાયમાં આનંદથી રસબસતું પ્રચુર સ્વસંવેદન વર્તી રહ્યું છે તેમને મુનિરાજ કહેવામાં આવે છે.

સમયસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે પોતાનો આત્મવૈભવ દર્શાવ્યો છે. કેવો છે તે વૈભવ? નિરંતર ઝરતો — આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે. આચાર્યદેવે આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને પ્રચુર સ્વસંવેદન — એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડયું છે. કુંદકુંદાચાર્યદેવ મહાસમર્થ ભાવલિંગી દિગંબર સંત હતા, વિ.સં. ૪૯ માં આ ભરતક્ષેત્રને વિષે વિચરતા હતા. તેઓ સદેહે વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર-ભગવાન પાસે ગયા હતા, ત્યાં આઠ દિવસ રહ્યા હતા, ત્યાં કેવળી-શ્રુતકેવળીની વાણી સાંભળીને પછી આ સમયસાર વગેરે શાસ્ત્રો બનાવ્યાં છે. તેઓ કહે છે કે અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ નિજ વૈભવ વડે હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ. અહા! ધન્ય તે દશા!

**'ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને શુભરાગનો પ્રેમ છે તેને આત્માના આનંદનો મહિમા નથી, અને જેને આત્માના આનંદનો મહિમા છે તેને શુભરાગ દુઃખરૂપ લાગે છે, ઝેર જેવો લાગે છે. આમ હોવા છતાં મુનિરાજને પણ ભૂમિકા અનુસાર પંચમહાવ્રતના, પાંચ સમિતિના, ત્રણ ગુપ્તિના શુભ વિકલ્પો આવે છે પણ તેઓ પોતાના આનંદસ્વભાવથી વિરુદ્ધ ઉપાધિરૂપ હોવાથી દુઃખરૂપ લાગે છે. ચોથા ગુણસ્થાને દેવ-શાસ્ત્ર-ગુરુ તથા પ્રત્યક્ષ સત્પુરુષ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિના ભાવ, પાંચમે ગુણસ્થાને અંશે સ્વરૂપસ્થિરતા વધતાં અણુવ્રતના, પડિમાના ભાવ અને છઠ્ઠે ગુણસ્થાને ભાવલિંગી સંતને ૨૮ મૂળગુણના ભાવ ભૂમિકા પ્રમાણે આવે ખરા, પરંતુ તે શુભભાવ પણ રાગ હોવાથી, વીતરાગ ભાવથી વિપરીત હોવાથી, ઉપાધિરૂપ છે, દુઃખરૂપ છે. સમ્યગ્દૃષ્ટિ તેને કહીએ કે જેને ભૂમિકા પ્રમાણે શુભરાગ આવતો હોવા છતાં, તેમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે, રાગમાત્ર દુઃખરૂપ, ઉપાધિરૂપ લાગે છે.

પ્રશ્નઃ— જ્ઞાનીને જો શુભભાવ દુઃખ ને ઉપાધિરૂપ લાગે છે તો તે પૂજા-ભક્તિના ને વ્રત-તપના શુભભાવ કેમ કરે છે?

ઉત્તરઃ— જ્ઞાની શુભભાવને કર્તાબુદ્ધિએ કરતો જ નથી, પણ ભૂમિકા અનુસાર કમજોરીને લીધે અશુભથી બચવા માટે એવા ભાવ આવ્યા વિના રહેતા નથી. પૂજા-ભક્તિના ભાવ, વ્રત-તપના ભાવ, શાસ્ત્રસ્વાધ્યાયના ભાવ, ઉપદેશ દેવાના ભાવ વગેરે અનેક પ્રકારના વિકલ્પો ભૂમિકા પ્રમાણે આવે ખરા, પરંતુ તે બધા ભાવ આનંદનિધિ નિજ જ્ઞાયકસ્વરૂપથી વિરુદ્ધ જાતિના છે, તેથી તે ઉપાધિ ને દુઃખરૂપ છે. લોકો કહે છેઃ શુભભાવ વ્યવહાર છે, અને વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય — શુદ્ધભાવ થઈ જશે. ભાઈ! લસણ ખાતાં ખાતાં શું કસ્તૂરીના ઓડકાર આવે? તેમ રાગની ક્રિયા કે શુભભાવ કરતાં કરતાં શું કલ્યાણ — ધર્મ થાય? તેમાં ધૂળેય કલ્યાણ નથી, એટલે કે શુભભાવથી ધર્મ માને તેને પુણ્યાનુબંધી પુણ્યબંધ પણ થતો નથી. જેણે શુભરાગમાં ધર્મ માન્યો છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને મિથ્યાત્વના મહાપાપ સાથે પાપાનુબંધી પુણ્ય-બંધ થાય છે. અહા! વાત બહુ આકરી ભાઈ!

અત્યારે તો સંપ્રદાયમાં બધા ક્રિયાકાંડના હિલોળે ચડયા છે; વ્રત કર્યાં ને તપ કર્યાં, પ્રતિષ્ઠા કરી ને ગજરથ કાઢયા, પણ ભાઈ! આ બધામાં અંદર જો રાગની મંદતા કરી હોય તો તે શુભભાવ છે, ધર્મ નથી. જેનાથી ધર્મ થાય છે એવી તારી ચીજ તો અંદર સમસ્ત શુભાશુભ વિકલ્પોથી રહિત શુદ્ધ આનંદકંદ છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી જેને સાધકદશા પ્રગટ થઈ છે એવા જ્ઞાનીને પણ ભૂમિકા પ્રમાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભભાવ આવે, પણ તે ઉપાધિરૂપ લાગે. અજ્ઞાનીને 'શુભભાવ પણ ઉપાધિ છે' એવી ખબર જ નથી, એ તો તેને ધર્મનું ખરું સાધન માને છે. શું થાય? અહા! પરમ સત્યની આ વાત સમજવા માટે કેટલી ધીરજ જોઈએ?

**'સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી.'**

શું કહે છે? ચૈતન્યમૂર્તિ આનંદકંદ ભગવાન આત્માનો સ્વભાવ તો રાગાદિ સમસ્ત ક્રિયાથી રહિત છે — નિષ્ક્રિય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ ખરેખર તો સમસ્ત પર્યાયોથી પણ રહિત છે — રાગાદિ વિભાવક્રિયાથી તો ભિન્ન છે, પણ સમ્યગ્દર્શન આદિ અપૂર્વ નિર્મળ સ્વભાવક્રિયાથી પણ ભિન્ન છે. ત્રિકાળી નિષ્ક્રિય ધ્રુવ સ્વભાવના ઉગ્ર આલંબને મુનિરાજને જે રાગાદિ વિભાવક્રિયા રહિત નિષ્ક્રિય નિર્મળ દશા પ્રગટી છે — જ્ઞાયકસ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ અભેદ નિષ્ક્રિય અવસ્થા પ્રગટી છે, તેમાંથી બહાર આવવું તેમને ગમતું નથી. અહા! આવી વાત છે; સમજાણું કાંઈ?

ધર્મીની દૃષ્ટિ જે સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થયો તેના ઉપર નથી, તેની દૃષ્ટિ ત્રિકાળ નિષ્ક્રિય નિત્યાનંદ ધ્રુવ જ્ઞાયક ઉપર છે. મુનિરાજને ધ્રુવ જ્ઞાયક નિષ્ક્રિય સ્વભાવનો જે આશ્રય વર્તી રહ્યો છે તેમાંથી તેમને બહાર આવવું ગમતું નથી. શું કહે છે? આનંદસાગર ચૈતન્યપ્રભુમાં જેની દૃષ્ટિ અને સ્થિરતા ઘૂસી ગઈ છે તેને તેમાંથી બહાર આવવું — વિકલ્પમાં આવવું ગમતું નથી. અહા! સાચા સંત એને કહીએ કે જેને સુખની પ્રચુર સ્વસંવેદનદશા પ્રગટ હોય. જે બહારના ક્રિયાકાંડી અથવા દ્રવ્ય-લિંગી છે તે ખરેખર મુનિ નથી. સાચા મુનિને વ્રતાદિના શુભભાવ હોય પણ તેમને અંતરમાં તેની રુચિ નથી. વ્રતાદિની ક્રિયા જડની પર્યાય છે, આત્મા તેનો કર્તા નથી; શુભભાવ આવે પણ તે તો રાગ છે. મુનિરાજને બહાર રાગમાં આવવું ગમતું નથી.

**'જેને જે કામ ન ગમે તે કાર્ય તેને બોજારૂપ લાગે છે.'**

સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને તો પોતાનો આનંદ ગમે છે. આનંદ સિવાય રાગની ક્રિયા તેને ભારરૂપ લાગે છે. અતીન્દ્રિય સ્વરૂપાનંદના સ્વાદિયાને ભૂમિકાનુસાર જે રાગ આવે છે તે બોજારૂપ લાગે છે. સમયસારના નિર્જરા અધિકારમાં આવે છે ને? — કોઈ જીવો મહાવ્રત અને તપના ભારથી — બોજાથી ઘણા વખત સુધી તૂટી મરતા થકા ક્લેશ પામો તો પામો; પરંતુ જે સાક્ષાત્ મોક્ષરૂપ છે, નિરામય પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી. જ્ઞાનીને તો જ્ઞાનાનંદ સ્વભાવનું વેદન — અનુભવ થયો છે; તેને જે ભગવાનની ભક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરેના શુભભાવ આવે છે તે બોજારૂપ લાગે છે. તે ભાવ તેને ગમતા નથી. કંદમૂળ ન ખાવાં, બ્રહ્મચર્ય પાળવું, વ્રત કરવાં, ઉપવાસ કરવા, ભક્તિ કરવી, મંદિર બનાવવાં — એ બધી રાગ ને ક્રિયાની વાતો છે, રાગ મંદ હોય તો પુણ્યબંધ થાય પણ તેનાથી વીતરાગતા ન થાય.

ધર્માત્માને જે ધર્માનુરાગ આવે છે તે વીતરાગનો ધર્મ છે જ નહિ, તેનાથી તો ભગવાને પુણ્યબંધ કહ્યો છે. ભાવપાહુડમાં આવે છે ને? —

પૂજાદિમાં વ્રતમાં જિનોએ પુણ્ય ભાખ્યું શાસને,<br>
છે ધર્મ ભાખ્યો મોહક્ષોભવિહીન નિજ પરિણામને.

જ્ઞાની ધર્માત્માને વિષયવાસનાના ભાવ પણ આવે છે, પરંતુ તે તેને ગમતા નથી, દુઃખરૂપ લાગે છે. પુરુષાર્થની નબળાઈ છે તેથી એવા ભાવ આવે છે. જ્ઞાની અશુભભાવને તો કાળો નાગ ભાળે છે, અને જે શુભભાવ આવે છે તે ઉપાધિરૂપ — બોજારૂપ લાગે છે. જ્ઞાનીને વિભાવના કામમાં રુચિ નથી; જેમાં તેને રુચિ નથી તે કાર્ય તેને બોજારૂપ — દુઃખરૂપ લાગે છે.

———o———

## વચનામૃત — ૩૧૮

**જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે. હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિક-ભાવ છું — એમ સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે. ૩૧૮.**

**'જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે.'**

'હું કેવળ જ્ઞાયક છું' એવી જ્ઞાતાપરિણતિને જીવ પોતાની અંતર્મુખ લગનીથી જ પામે છે. જ્ઞાયકપરિણતિ એટલે 'હું માત્ર જ્ઞાતા છું' એવા શ્રદ્ધાન-જ્ઞાનસ્વરૂપ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્મળ દશા. પોતાની અંદરની તાલાવેલીથી જીવ તે દશાને પહોંચે છે, ધર્મની નિર્મળ દશાને પ્રાપ્ત કરે છે.

જાલનામાં એક દિગંબર સાધુ શ્રી ભવ્યસાગરજીનું ચોમાસું છે. તેમની વીસ વર્ષની દીક્ષાવય છે અને તેઓ શીઘ્ર કવિ છે. આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) તેમના હાથમાં આવ્યું, વાંચ્યું. સોનગઢનું સાહિત્ય વાંચીને તેઓ બહુ જ ખુશ થયા છે. તેઓ લખે છે: અહો! ૨૦૦ વર્ષમાં આવી વાત બહાર આવી નથી; સ્વામીજી! આ વાત તમે કયાંથી કાઢી? જાલનાના તથા આજુબાજુના દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી અને તેરાપંથી — એ ચારેય સંપ્રદાયના જૈનો તેમનાં દર્શન કરવા જાય છે. તેઓ તેમને આ વચનામૃત-પુસ્તક ભેટ આપે છે અને દરરોજ ઓછામાં ઓછું વીસ મિનિટ વાંચવાની પ્રતિજ્ઞા દે છે. તેમણે અહીંથી ૭૦૦ પુસ્તક મંગાવ્યાં છે. અહો! આ મારગ તો કોઈ જુદી ચીજ છે; લોકોને સાંભળવામાં આવ્યો નથી, અને એમ ને એમ — વ્રત કરો ને તપ કરો, ભક્તિ કરો ને યાત્રા કરો એમ — ગાડું હાંકયે રાખ્યું છે. ભાઈ! એ બધી તો રાગની ક્રિયા છે; તેને ધર્મ માનવો તે તો મિથ્યાત્વનું પોષણ છે.

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર જ્ઞાયક દરિયો છે. જીવ પોતાની અંદરની લગનીથી 'હું માત્ર જ્ઞાતા છું, રાગ નહિ'— એમ જ્ઞાયકપરિણતિને પહોંચે છે, રાગની લગનીથી નહિ. જ્ઞાયકની લગનીથી રાગ રહિત પરિણતિ પ્રગટ થાય છે. અહો! આ શું કહ્યું? ભાષા સાદી છે પણ વસ્તુ તો જે છે તે આ છે.

**'હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું — એમ સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે.'**

હું તો એકલો જાણનાર...જાણનાર ..જાણનાર જ્ઞાતાદ્રષ્ટા છું, શરીર, વાણી વગેરે પરપદાર્થ તે 'હું' નથી, તેની ક્રિયા હું કરી શકતો નથી, વિષયાનુરાગરૂપ અશુભભાવ તેમ જ દયા-દાન ને વ્રત-ભક્તિ આદિ ધર્માનુરાગરૂપ શુભભાવ મારો સ્વભાવ નથી અને એક સમયની પર્યાય જેટલો પણ હું નથી, હું ત્રિકાળશુદ્ધ ધ્રુવ જ્ઞાયક છું — એમ જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે એવા અંતરની સાચી લગનીવાળા આત્માર્થી જીવને અનેક પ્રકારે વિચારો આવે છે.

ચતુર્થ ગુણસ્થાનવર્તી જ્ઞાની પણ એમ માને છે કે — હું તો કેવળ જ્ઞાયક છું, સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય જેવડો હું નથી. નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ નિર્મળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ જ્ઞાતાપુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું'.

આ જ્ઞાનસ્વરૂપ આત્મા મુક્ત જ છે — 'स हि मुक्त एव', અબદ્ધસ્પૃષ્ટ છે, અનન્ય છે, નિયત છે, અવિશેષ છે, અસંયુક્ત છે, એક છે, શુદ્ધ છે, સદા અરૂપી તેમ જ કેવળ જ્ઞાન-દર્શન ને આનંદમય છે — એવા અનેક પ્રકારના વિચારો નિર્ણય કરવાની લગનીવાળા જીવને આવે છે.

'હું વિભાવભાવથી જુદો છું.' આ જ્ઞાયક આત્મા દયા-દાન આદિ વિભાવભાવથી જુદો છે. અરે! જે શુભરાગથી લાભ માને તેને 'આત્મા વિભાવથી જુદો છે' એ કયાં રહ્યું? એ તો દૃષ્ટિ જ મિથ્યા થઈ ગઈ. પંચ મહાવ્રતના વિકલ્પ પણ શુભભાવ છે, વિભાવભાવ છે, તેનાથી જ્ઞાની લાભ માનતા નથી. ૮૪ લાખના અવતારમાં જીવ અનંત વાર હજારો રાણીઓનો ત્યાગ કરીને દિગંબર સાધુ થયો, બાળબ્રહ્મચારીપણે રહીને મુનિપણું પાળ્યું, પણ તે શુભ પરિણામ ધર્મ છે એમ માનીને ત્યાં જ અટકી ગયો, અને તેથી તેને આત્માની પ્રાપ્તિ થઈ નહિ.

'કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી.' શું કહે છે? શુભરાગમાં તો નહિ પણ જે આત્મસાધનામય નિર્મળ પર્યાય છે તેમાં પણ હું અટકવાવાળો નથી. બનારસીદાસજીએ કહ્યું છે ને —

स्वारथके सांचे परमारथके सांचे चित्त,
सांचे सांचे बैन कहे सांचे जैनमती है ।
काहूके विरोधी नांहिं, परजायबुद्धि नांहिं,
आतमगवेषी न गृहस्थ है न यती है ॥

અહો! આ ચેતનરાજા સ્વાનુભૂતિ વગેરે શુદ્ધ પર્યાયમાં પણ અટકનાર નથી. શુભરાગ પણ સંસારપંથ છે, શિવપંથ નથી. નિજ જ્ઞાયકતત્ત્વની નિર્મળ દૃષ્ટિ, અનુભૂતિ ને સ્થિરતા એ જ શિવપંથ છે.

'હું અગાધ ગુણોથી ભરેલો છું.' પાણીનો દરિયો તો મર્યાદિત છે. ભગવાન આત્મા તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ અનંત અનંત અગાધ ગુણોથી ભરલો અમર્યાદિત મહાન પદાર્થ છે. તેનું ક્ષેત્ર ભલે શરીરપ્રમાણ — અસંખ્યાત પ્રદેશી — છે તોપણ તેની ગુણગંભીરતા અપાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'હું ધ્રુવ છું.' જ્ઞાની એમ માને છે કે હું ક્ષણિક પર્યાય જેટલો નથી, ત્રિકાળ નિત્ય ધ્રુવ છું. ત્રિકાળી શક્તિઓનો ભંડાર કારણપરમાત્મા ધ્રુવ પરમપદાર્થ તે જ હું છું. રાગની વાત તો ક્યાંય રહી ગઈ પણ ક્ષણવર્તી નિર્મળ પર્યાય તેમ જ ગુણભેદમાં પણ અટકનાર હું નહિ, હું તો અખંડ જ્ઞાયક પરમભાવ છું.

'હું શુદ્ધ છું;' શુભાશુભ ભાવ નહિ, પણ સમસ્ત વિભાવ રહિત હું ત્રિકાળ-શુદ્ધ છું, પવિત્ર છું.

'હું પરમપરિણામિકભાવ છું.' કર્મના ઉદય કે ક્ષય આદિની અપેક્ષા વિનાનો જે નિરપેક્ષ ત્રિકાળી શુદ્ધ પરમપારિણામિકભાવ તે હું છું.

—આવી રીતે અનેક પ્રકારના વિચારો, જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે એવા અંતરની લગનીવાળા આત્માર્થી જીવને આવે છે.

**'પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે.'**

પ્રતીતિ માટેના વિચારો અનેક પ્રકારના હોય છે, પણ તેથી પ્રતીતિમાં કાંઈ અનેક પ્રકાર પડી જતા નથી. તે વિચારોના ફળસ્વરૂપે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે.

**"પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે."**

સમ્યગ્દર્શન તેમ જ સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા માટે જે અનેક પ્રકારના વિચારો કહ્યા તે સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' એ પ્રકાર મૂળભૂત છે. સમયસારમાં જ્ઞાયકને જ મુખ્યપણે બતાવ્યો છે. નિજ આત્માની જ્ઞાયકપણે પ્રતીતિ એ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૧૯

૧૪-૧૦-૭૮

## વચનામૃત — ૩૧૯

વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે. ૩૧૯.

'વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર.'

પરલક્ષે થનારા શુભાશુભ વિકારી ભાવ તે વિભાવ છે. તેનાથી ભેદજ્ઞાન વડે જુદો પડીને નિર્વિકાર નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. વિભાવભાવ ચૈતન્યમૂર્તિ નિજ જ્ઞાયકતત્ત્વથી સ્વરૂપે સદા જુદા જ છે, તેમનું ચૈતન્યતત્ત્વ સાથે એકત્વ કદી થયું જ નથી. શુદ્ધ જ્ઞાનાનંદકંદ ચૈતન્યતત્ત્વ શુભભાવથી પણ સ્વરૂપે ભિન્ન છે; તો શું એ શુભભાવથી તેનું ગ્રહણ થાય? દેવ-શાસ્ત્ર-ગુરુનું બહુમાન, પૂજા-ભક્તિ, ધર્મનું વાંચન-શ્રવણ, વ્રત-તપ વગેરે શુભભાવ પણ પરલક્ષી વિભાવભાવ છે, જ્ઞાયક ચૈતન્યતત્ત્વનું સ્વરૂપ તેનાથી જુદું છે. શુભાશુભ સમસ્ત વિભાવથી જુદો પડીને નિજ શુદ્ધ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર; તેને લક્ષમાં લઈને અંતરમાં શુદ્ધ પરિણમન પ્રગટ કર. આ મૂળ વસ્તુ છે.

'એ જ કરવાનું છે.'

નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવને લક્ષગત કરીને પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવી તે જ કરવાનું છે. છ ઢાળામાં આવે છે ને —

> लाख बातकी बात यहै, निश्चय उर लाओ।
> तोरि सकल जग दन्द-फन्द, नित आतम ध्याओ॥

સંસારની બધી લપ છોડીને આનંદના રસકંદરૂપ નિજ ચૈતન્યતત્ત્વને વિભાવથી ભિન્ન ઓળખો અને ધ્યાવો. અહો! આ વાત સંપ્રદાયમાં છે જ નહિ, 'ત્યાગી' નામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધરાવનાર હાલના ઉપદેશકો પણ એમ કહે છે કે 'અત્યારે આ કાળે આનંદ કે શુદ્ધોપયોગ હોય નહિ, વ્યવહાર-રત્નત્રયના શુભભાવ હોય.' ભાઈ! વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રના શુભભાવ પણ રાગ છે, વિભાવ છે, આકુળતા છે, અને ધર્મ તો આનંદમય વીતરાગતા છે; શુદ્ધોપયોગ થતાં આનંદમય દશા પ્રગટે છે. આ કાળે શુદ્ધોપયોગરૂપ આનંદદશા ન પ્રગટે, એનો અર્થ એમ થયો કે આ કાળે ધર્મ ન પ્રગટે; પણ તે વાત બરાબર નથી. અત્યારે આ કાળે પણ વિભાવથી ભિન્ન નિજ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરે તો અંશે વીતરાગતા ને આનંદમય શુદ્ધતા પ્રગટે છે.

આત્મદ્રવ્ય સ્વભાવે શુદ્ધ છે, તેની પર્યાયમાં શુભાશુભ વિકાર છે. તેથી કહે છે કે 'પર્યાયદૃષ્ટિ છોડ અને દ્રવ્યદૃષ્ટિ કર.' શુભાશુભ વિકાર, ચૈતન્યની જાત નહિ હોવાથી, અચેતન છે. તે રાગાદિ અચેતન ભાવોથી ભિન્ન પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ નિજ ચૈતન્ય-તત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે, બાકી બધી વાતો છે. ભવના અંતનું કારણ — સમ્યગ્દર્શન — જેને પ્રગટ કરવું હોય તેના માટે આ મુદ્દાની વાત છે. વિભાવથી જુદો પડીને પ્રતીતિમાં નિજ શુદ્ધ ચૈતન્યને ગ્રહણ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય.

અરે! હજી જ્યાં પાપના પ્રેમથી પણ નિવૃત્તિ નથી ત્યાં શુભભાવથી ખસી જતાં અંતરમાં જે શુદ્ધતા પ્રગટ થાય તેની વાત તેને કેમ બેસે? એને તો 'શુભભાવ, દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો જે શુભ રાગ તે સંવર-નિર્જરાનું કારણ છે' એમ બેસે છે. અરેરે! તું આ શું કહે છે ભાઈ? રાગ વીતરાગતાનું કારણ થાય? વીતરાગતા, અતીન્દ્રિય આનંદદશા પ્રગટ કરવી હોય તો નિજ શુદ્ધ પ્રજ્ઞાબ્રહ્મને ગ્રહણ કરીને વિભાવથી જુદું પડવું પડશે. 'ગ્રહણ કર' એટલે કે વિભાવથી ખસીને ત્રિકાળી ધ્રુવ ચૈતન્યતત્ત્વમાં જા, પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કર. એ જ કરવાનું છે. અહા! ભાષા તો સાદી છે પણ ભાવ તો ઘણા ગંભીર ને ઊંચા છે. આમાં વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી.

**'પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી.'**

વર્તમાન પર્યાય સામું જોવાથી નહિ, પણ અંતરમાં દ્રવ્યદૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે. કોઈ કહે: અધઃ, અપૂર્વ ને અનિવૃત્તિ એ બધાં કરણ શુભભાવ છે અને તેનાથી સમકિત થાય છે. ભાઈ! તેનો તો દ્રવ્યદૃષ્ટિ વડે અભાવ કરીને અંતરમાં જાય તો સમકિત અને શુદ્ધોપયોગ થાય. અત્યારે તો ઉપદેશકો પણ એમ કહે છે કે — આ કાળે શુદ્ધોપયોગ નથી, શુભ જ છે; શુભભાવથી સમકિત, સંયમ વગેરે શુદ્ધ દશા પ્રગટે છે. પણ એમ છે જ નહિ. અંદર ચૈતન્યતત્ત્વના ગ્રહણ વડે વિભાવથી જુદો પડતાં સમકિત, શુદ્ધોપયોગ અને સંયમ વગેરે શુદ્ધ દશા વર્તમાન કાળે પણ પ્રગટ થઈ શકે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ! આ તારા હિતની વાતો છે. શુભભાવથી સંવર-નિર્જરા માનવાં તે તો મિથ્યાત્વરૂપી મહાપાપ છે. તેનાથી તું વર્તમાન દુઃખી છો. આનંદસાગર નિજ ભગવાન આત્માને મિથ્યાત્વના કારણે દુઃખ વેઠવાં પડે એવું તે કોણ ઇચ્છે ભાઈ? આનંદકંદ ભગવાન આત્મામાંથી ખસીને જે શુભભાવમાં — પર્યાયબુદ્ધિમાં — તણાઈ ગયો તેને પર્યાય સામું જોઈને કાંઈ કરવાનું નથી. પર્યાય સામું જોઈને શું કરે?

**'દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે.'**

આત્માની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. તે ક્યારે પ્રગટે? પર્યાયદૃષ્ટિ છોડી ત્રિકાળી નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વને અંતરમાં પકડે ત્યારે. અશુભ તેમ જ શુભભાવથી તો જુદા પડવું છે, તો બાકી કયો ભાવ રહ્યો? શુદ્ધભાવ. દ્રવ્યદૃષ્ટિ કરતાં — ચૈતન્યને ગ્રહણ કરતાં — વર્તમાન પર્યાયમાં શુદ્ધભાવ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જાય છે.

સમયસારની છઠ્ઠી ગાથામાં કહ્યું છે :

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,<br>
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે.

પર્યાયમાં ગુણસ્થાન વગેરેના જેટલા ભેદો છે તે બધા પરમાર્થે જ્ઞાયકભાવથી ભિન્ન છે. પર્યાયમાત્રથી સ્વરૂપે ભિન્ન એવા ત્રિકાળી નિજ જ્ઞાયકભાવને ગ્રહણ કર, તેનો આશ્રય કર, તેનું અવલંબન લે, દૃષ્ટિને તેમાં સ્થાપી દે. જ્ઞાનમાં એવો નિર્ણય કર કે બસ, કરવાનું તો આ જ છે. શુભ રાગ છે તે કાંઈ જ્ઞાનની પર્યાય નથી. જ્ઞાયકભાવ તો અંતર્મુખ જ્ઞાનની પર્યાયથી જ પકડી શકાશે. અરે! ૮૪ લાખ યોનિનાં એ દુઃખ! — જીવતાં ઘાણીમાં પીલી નાખે, જીવતાં ચામડાં ઉતારે ને ખાર છાંટે. એવાં દુઃખો તેં અનંત વાર સહન કર્યાં ભાઈ! એ બધું મિથ્યાત્વભાવને લઈને છે. એ ભાવને છોડવાની આ વાત છે. એ મિથ્યાત્વભાવને અંતરમાંથી છોડે નહિ અને 'અમે ધર્મી છીએ' એમ માને, તો તેનાથી તને નુકસાન થશે પ્રભુ! અહીં તો કહે છે : અંતરમાં દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં નિર્મળતા — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર — આવી જ જશે.

**'કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.'**

જેમ કૂવો ખોદવાથી પાણી આવશે જ, ક્યાંય બીજેથી લેવા જવું નહિ પડે; તેમ અંદર આત્મામાં વિભાવનું લક્ષ છોડી દઈ, અને ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષ સ્થાપવાથી ચૈતન્યપાતાળ ફૂટતાં પર્યાયમાં નિર્મળતાનો પ્રવાહ આપોઆપ ચાલુ થશે. કૂવો ખોદતાં પાણી આવશે જ, ચૈતન્યપાતાળ ફૂટતાં અતીન્દ્રિય આનંદનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે. શુદ્ધ પર્યાયનો પ્રવાહ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પ્રવાહ. ચૈતન્યપાતાળ એ તો ત્રિકાળી ધ્રુવસ્વરૂપ છે. તેને ગ્રહણ કરવું એટલે ચૈતન્યમાં જેટલી શક્તિઓ છે તે બધીનું પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે સ્વરૂપે પરિણમવું. તારા જિનસ્વરૂપમાં — ચૈતન્યપાતાળમાં — અંદર સહજ જ્ઞાન અને સહજ આનંદ આદિ બધું પડ્યું છે; તેને તું ગ્રહણ કર. એમ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાયનો પ્રવાહ અંતરમાંથી આવશે. અંદરનું ચૈતન્ય-પાતાળ ફૂટે અને અંતરમાંથી નિર્મળતાનો પ્રવાહ ન આવે એમ કદી બની શકે જ નહિ.

આવી વાતો? આવો મારગ? હા; તારી વર્તમાન પર્યાયને ત્રિકાળી ધ્રુવમાં લઈ જા, એટલે કે આનંદકંદ જ્ઞાયકના આલંબને શુદ્ધોપયોગ પ્રગટ કર. શુદ્ધોપયોગ પોતે નિર્મળ પર્યાય છે, પણ તે પર્યાયથી ધ્રુવ દ્રવ્યને પકડ. ‘અત્યારે શુદ્ધોપયોગ હોય નહિ’ એમ કેટલાક કહે છે. અરેરે! પ્રભુ! પ્રભુ! પ્રભુ! શું થાય? પ્રભુ! આ શું કર્યું? ભગવાનના વિરહ પડ્યા, કેવળજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન કે અવધિજ્ઞાનની ઉત્પત્તિ થાય એવી યોગ્યતા રહી નહિ, સાચા ભાવલિંગી સંતો રહ્યા નહિ; હાલમાં તો એક સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનની ઉત્પત્તિની યોગ્યતા રહી; એમાં આ વાદ ને વિવાદ શરૂ થયા!!

ભગવાન આત્મા અંદર શાન્તિનો કૂવો છે, અકષાયભાવનો સમુદ્ર છે, આનંદનો ઉદધિ છે પ્રભુ! ‘શુદ્ધ ચેતના સિન્ધુ હમારો રૂપ હૈ.’ એને પકડ. શુભભાવથી એ નહિ પકડાય, કેમ કે તે સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. શુદ્ધભાવથી નિજ જ્ઞાયકદ્રવ્ય પકડાશે, કેમ કે તે સ્વભાવભાવ છે. અરેરે! જીવ જ્ઞાનમાં આવો નિર્ણય પણ ન કરે! ભાઈ! વીજળીના ઝબકારા જેટલો આ મનુષ્યભવ મળ્યો છે, વખત પૂરો થતાં એનો અંત આવી જશે. એક સમય એવો આવશે કે — ‘ભાઈ ને શું થયું?’ એમ કહેતા હશે ત્યાં તો ફડાક દઈને દેહ છૂટી જશે. તે ક્યાં એની ચીજ હતી? ‘વીજળીના ઝબકારે મોતી પોઈ લો, ઝટ પોઈ લો.’ આવો મનુષ્યદેહ, અરે! આવો ક્ષયોપશમ બીજે (કીડી-મકોડા વગેરેમાં) ક્યાં છે? ભાઈ! તું શુદ્ધોપયોગની શાન્તિ દ્વારા અંદર શાન્તિના સાગરને પકડ. એની જાતની ભાત પાડીને પકડ. તે બહારના સંયોગથી કે રાગાદિ વિભાવથી નહિ પકડાય.

શુભોપયોગને તો ઝેર કહ્યું છે, કેમ કે તે વિભાવ છે. ભાઈ! તેનું લક્ષ છોડી દે, એ તારી ચીજ નથી, પરમાર્થે એ તારામાં નથી અને તું એમાં નથી. અહા! એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભભાવના વિભાવથી ખસી જઈ અંદર શાંતસુધારસસિંધુમાં — ચૈતન્યતત્ત્વમાં — એકાગ્ર થઈ એને ગ્રહણ કર. એમાં એકાગ્ર થા તો જરૂર તને સમ્યદ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. ચૈતન્યપાતાળને પકડતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થઈ જશે. અહા ! શબ્દો સાદા, ભાષા બહુ ટૂંકી ને તેમાં સિદ્ધાન્તોનો એકલો કસ ભર્યો છે !!!

———o———

## વચનામૃત — ૩૨૦

**ચૈતન્યની ધરતી તો અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે. આ રસાળ ધરતીને જ્ઞાન-ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી તે ફાલી નીકળશે. ૩૨૦.**

**'ચૈતન્યની ધરતી તો અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે.'**

ચૈતન્યમૂર્તિ જ્ઞાયકતત્ત્વની ધરતી — ભૂમિ, સ્વભાવ — સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત ગુણરૂપી **બીજથી ભરેલી** છે, રસાળ — ફળદ્રુપ છે. અનંત ગુણરૂપી રસકસથી ભરપૂર એવી તે જ્ઞાયકભૂમિ 'ઉપજાઉ' જમીન હોવાથી આનંદ, શાન્તિ ને વીતરાગતાને ઉપજાવનારી છે.

વ્યવહારનાં કથનમાં આવે કે — વ્રત કરવાં, ત્યાગ કરવો, શાસ્ત્ર વાંચવાં, દેવદર્શન કરવાં; શ્રાવકનાં 'દેવપૂજા, ગુરુ-ઉપાસ્તિ' વગેરે ષટ્ કર્મ આવે છે ને ? પણ ભાઈ ! એ તો શુભભાવની વાતો છે, ચૈતન્યની ભૂમિ તો તે શુભભાવથી પણ ભિન્ન, અનંત ગુણરૂપી **બીજથી ભરેલી**, રસાળ છે. જેમાં ઊંચી જાતના ચોખા પાકે અને જેમાં સાધારણ કળથી પાકે — એ બંને ભૂમિ જુદી હોય છે. ભગવાન આત્માની રસાળ ભૂમિમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાન્તિ, અતીન્દ્રિય સમ્યગ્દર્શન, અતીન્દ્રિય સ્વચ્છતા — પ્રભુતા વગેરે અનંત ગુણરૂપી **બીજ** ભરેલાં છે. અંદર ભરેલાં છે તો પર્યાયમાં પ્રગટ થશે. માટે તે જ્ઞાયકભૂમિનો આદર કર, તેમાં એકાગ્ર થા, તો તારી પર્યાયમાં શુદ્ધતા ખીલી નીકળશે. અહા ! આવી વાતો છે !

અરે ! આવો ઉપદેશ કે જેમાં કાંઈ હાથ આવે નહિ ? તો પછી કરવું શું ? બાપુ ! અનંતા જીવો આ નિજ ચૈતન્યતત્ત્વને સમજીને — આરાધીને જ મોક્ષ પામ્યા છે. શુભાશુભ રાગ છૂટતાં તું અશરણ થઈ જતો નથી, પરંતુ વીતરાગતા હાથમાં આવે છે; અનંત શક્તિઓથી ભરેલી રસાળ — ઉપજાઉ ચૈતન્યભૂમિ સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, વૈરાગ્ય,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ-રમણતા, અતીન્દ્રિય આનંદ આદિ સ્વાભાવિક અનંત વિશેષતાઓને ઉપજાવતી થકી ફળરૂપ બની જાય છે.

**'આ રસાળ ધરતીને જ્ઞાન-ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી તે ફાલી નીકળશે.'**

નાળિયેરીના મૂળમાં ગમે તેવું ગંદું પાણી નાખ્યું હોય તોપણ તે પાણી મૂળ-વાટે થઈને તરત જ ઉપર નાળિયેરમાં ચડીને મીઠું થઈ જાય. એમ ભગવાન આત્મા પણ એવી રસાળ જમીન છે કે તેમાં સમ્યગ્જ્ઞાન-ધ્યાનરૂપ પાણી સિંચવાથી — એકાગ્રતા કરવાથી આનંદ પાકશે, અંતરમાંથી વીતરાગતાનાં ને આનંદનાં ઝરણાં ઝરશે. નાળિયેરીમાં પાણી નાખો તો ઉપર નાળિયેરમાં પાણી ભરાય અને ટોપરું થાય, એમ આ ચૈતન્યભૂમિ એવી રસાળ છે કે એને જ્ઞાન ને ધ્યાનરૂપ પાણી પા તો અંદરથી આનંદ ને શાન્તિનો પાક થશે.

વ્રત ધારણ કરવાં, પૂજા કરવી, ભગવાનનાં દર્શન કરવાં, ચાર-છ કલાક શાસ્ત્ર-વાંચન કરવું એ બધી બહારની ક્રિયાઓ છે ભાઈ! એમાં રાગાદિ કષાય મંદ પાડયા હોય તો તે શુભભાવ છે, વિકલ્પ છે, વિભાવ છે. વિભાવ પાકે તે ચૈતન્યની ધરતી નહિ; એ રસાળ ધરતીની જાત જ કોઈ જુદી જ છે! તેમાંથી તો જ્ઞાન ને આનંદ પાકે એવી તે રસકસભરેલી ભૂમિ છે. આત્મામાં એવો કોઈ ગુણ નથી કે વિભાવ કરે, પણ પરના લક્ષે પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ થાય છે. પુણ્ય-પાપરૂપ વિભાવનો પાક કાંઈ દ્રવ્યસ્વભાવમાંથી આવતો નથી, એ તો પરના લક્ષે પોતે નવા ઊભા કરેલા ઉપલક ભાવો છે. તે ખરેખર રસાળ ચૈતન્યભૂમિની ઊપજ નથી, ચૈતન્ય તો જ્ઞાન ને આનંદની ઉપજાઉ ભૂમિ છે.

જ્ઞાન ને આનંદ આદિ અનંત શક્તિઓથી — રસકસથી ભરપૂર એવી નિજ ચૈતન્યભૂમિમાં જ્ઞાન-ધ્યાનરૂપ પાણી પા, પર ને વિભાવથી ભિન્નપણાનું જ્ઞાન કરી સ્વરૂપસ્થિરતા કર, તો તે જરૂર ફાલી નીકળશે. ખેતરમાં બાજરો, ઘઉં, ચણા વાવ્યા હોય તો કહેવાય છે ને કે મોલ ખૂબ ફાલ્યો છે; એમ અનંત ગુણોની રસાળ ભૂમિ એવા ભગવાન આત્મામાં જ્ઞાનની એકાગ્રતારૂપ પાણી પાય તો ચૈતન્યધરતી ખૂબ ફાલી નીકળશે; તેની દશામાં સમ્યગ્દર્શન પાકશે, શાન્તિ પાકશે, આનંદ પાકશે — અનંત નિર્મળતાઓ ફાલી નીકળશે.

અરે! જીવ અનાદિથી દુઃખી છે. એણે શુભભાવ ગ્રહણ કરીને સાધુપણું પણ અનંત વાર લીધું, પણ 'આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો'. એવો શુભભાવ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યારે છે પણ નહિ. હવે એ શુભભાવમાં શું ધર્મ માનવો? સંયમ માનવો? શુભ-રાગ પણ અજૈનપણું છે. અજૈનપણાથી જૈનપણું પ્રગટ થાય? જૈનપણું તો વીતરાગ-ભાવ છે; અને એ વીતરાગભાવ તો ચૈતન્યની રસાળ ભૂમિમાં જ્ઞાન-ધ્યાનરૂપ પાણી પાવાથી ફાલે છે. ભાઈ! તારી રસાળ ચૈતન્યભૂમિને શ્રદ્ધા ને જ્ઞાનની એકાગ્રતારૂપ પાણી પા, તો તને અંતરમાં શુદ્ધોપયોગ, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંત શુદ્ધિઓનો ફાલ આવશે. અહા! આવો મારગ છે ભાઈ!

—o—

## વચનામૃત — ૩૨૧

**પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય, દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે. દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે, તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી. દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્યસામાન્યનો જ સ્વીકાર હોય છે. ૩૨૧.**

**'પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય, દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે.'**

શું કહે છે? આનંદમૂર્તિ ચૈતન્ય ભગવાન કે જે ત્રિકાળી જ્ઞાયકવસ્તુ છે, તેની વર્તમાન દશા ઉત્પાદ-વ્યય ને ક્ષણિક શુભાશુભ વિભાવવાળી છે, ભગવાન આત્મા તો અંદર શક્તિ-અપેક્ષાએ ધ્રુવ તેમ જ સમસ્ત શુભાશુભ વિભાવો રહિત શુદ્ધ છે. વર્તમાન પર્યાય પર દૃષ્ટિ નાખવાથી ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય લક્ષગત ન થાય. એક સમયની વર્તમાન પર્યાયમાં — ભલેને સિદ્ધની પૂર્ણ દશા હોય તોપણ — કાયમી પરિપૂર્ણ ગુણ, શક્તિ ને સત્ત્વ ક્યાં છે?

શુભ રાગથી તો નહિ પણ જ્ઞાનની વિકસેલી વર્તમાન નિર્મળ પર્યાય પર પણ નજર રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય. શું કહ્યું? શુભ રાગથી તો ચૈતન્ય દૃષ્ટિગત ન થાય પણ જ્ઞાનમાં જાણપણાનો જે વિકાસ થયો — જ્ઞાનના ઉઘાડમાં અગિયાર અંગ વગેરે કરોડો શ્લોકોનું જ્ઞાન થયું — તેના ઉપર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય અનુભવમાં નહિ આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ એમ માને કે મને આટલું જાણપણું થયું, અમે બીજાથી ડાહ્યા છીએ, બીજાને સમજાવી શકીએ છીએ, બીજા અમને 'જ્ઞાની' કહે એવી અમારી કથની છે. ભાઈ! એ બધું મૂકી દે. બેનના એક બોલમાં આવે છે ને? — ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની ફૂંફના રસ્તે ચડવું નહિ. આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે.

દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને વ્રતાદિનું શુભાચરણ — એ બધું પર્યાયમાં છે. નિર્મળતા પ્રગટે તે પણ પર્યાય છે. પર્યાય ઉપર લક્ષ રાખ્યે નિર્મળતા પ્રગટે નહિ, કારણ કે પર્યાયમાં નવી પર્યાય પ્રગટ કરવાની શક્તિ કે ગુણનું સત્ત્વ નથી. જેમાં સત્ત્વ હોય તેના આલંબને નિર્મળતા પ્રગટે. શાસ્ત્રજ્ઞાન છે તે શબ્દજ્ઞાન છે, આત્મજ્ઞાન નથી. પરલક્ષી જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન નથી. તેના લક્ષે ચૈતન્ય પ્રગટ ન થાય. ભણેલાઓ પણ જાણપણાની આવડતમાં ચડી જાય કે — અમને આવડે છે, અમે ભણેલા છીએ. ભાઈ! ધીરો થા! જરીક ધીરો થા! ભણતરના જ્ઞાનની પર્યાય કે શબ્દની પર્યાય છે તે કાંઈ આત્માના જ્ઞાનની પર્યાય નથી. ભણતર-જ્ઞાનની પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય દૃષ્ટિગત ન થાય, અંતરમાં દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્યપ્રભુ દૃષ્ટિગત થાય. જેમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણરત્નોનો ખજાનો ભર્યો છે એવા નિજ જ્ઞાયકતત્ત્વ પર દૃષ્ટિ દે તો જ ચૈતન્ય પ્રગટે — આનંદકંદ જ્ઞાયક પ્રભુ લક્ષગત થાય, અને તો જ વર્તમાન પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની નિર્મળતાઓ પ્રગટે. અહા! આવી વાતો છે ભાઈ!

**'દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે, તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ.'**

જ્ઞાયકવસ્તુ જે નિજ પ્રભુત્વમય અગાધ તત્ત્વ છે તેમાં તો અનંત સામર્થ્ય — જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણો ને એક એક ગુણમાં પણ અનંત સામર્થ્ય — ભર્યું છે; તે શુદ્ધ અભેદ ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસામાન્ય પર દૃષ્ટિ થંભાવ. શાસ્ત્રનાં ભણતર થાય ને બે શબ્દ બોલતાં આવડે, ભાઈ! રહેવા દે એનાં અભિમાન; એ બધી વિકાર ને પરલક્ષી જ્ઞાનની આવડત છે. એ બધું બહિર્લક્ષી હોવાથી જડનું જ્ઞાન છે, જ્ઞાતાનું જ્ઞાન નથી. ખરેખર તો તે જ્ઞેયનિમગ્ન જ્ઞાન છે, જ્ઞાનનિમગ્ન જ્ઞાન નથી. જે જીવ પરજ્ઞેયમાં નિમગ્ન છે તેને જ્ઞાનમાં મગ્નપણું ન આવે. બીજા કરતાં અમને ચર્ચા કરતાં આવડી — એવું જેને આવડતનું અભિમાન છે તે જ્ઞેયોમાં નિમગ્ન છે, જ્ઞાનમાં નહિ. આવી વાતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાંભળવી કઠણ પડે, પણ ભાઈ! આ વાતો તો અદ્‌ભુત ને અપૂર્વ છે. અનાદિથી જે માન્યું છે તેનાથી બીજું માનવાનું છે. વસ્તુ તો અનંત સામર્થ્યથી ભરપૂર શુદ્ધ જ્ઞાયક દ્રવ્ય છે. ત્યાં દૃષ્ટિને થંભાવ — ધ્રુવ શુદ્ધ પરમભાવ પર રુચિને રોક.

**'નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.'**

અરે! જે જ્ઞાન પરલક્ષી છે, જ્ઞેયનિમગ્ન છે, તેની વાત તો છોડ પણ જે પૂર્ણ શુદ્ધ સિદ્ધપર્યાય છે તે પણ શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. શુદ્ધ દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી ધ્રુવ નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય છે ને! એનો વિષય નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય નથી. પર્યાય તો નહિ પણ કોઈ ગુણભેદ પણ દ્રવ્યદૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનું ધ્યેય અભેદ ધ્રુવ તત્ત્વ છે. તેમાં અનંત શક્તિઓ પડી છે. અનંત સામર્થ્યભરપૂર નિજ દ્રવ્યસામાન્યમાં દૃષ્ટિ દે; પર્યાય તો એક સમયની વિનાશશીલ અવસ્થા છે, તેમાં કાયમી અનંતુ જોર ક્યાંથી આવે? ભલે કેવળજ્ઞાનની કે સિદ્ધની પર્યાયમાં અનંત સામર્થ્ય વ્યક્ત થયું છે, પણ તે તો એક સમયની વ્યક્ત અવસ્થાનું પૂર્ણ સામર્થ્ય છે, તે કાંઈ દ્રવ્યનું ત્રિકાળી ધ્રુવ સામર્થ્ય નથી.

**'સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી.'**

દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી શુદ્ધ નિજ જ્ઞાયક ભગવાન છે. ધ્રુવ દ્રવ્યસ્વભાવના આલંબને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ નિર્મળ સાધકદશા — મોક્ષમાર્ગ શુદ્ધોપયોગની પરિણતિ, વીતરાગ દશા — પ્રગટ થઈ તે પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત, મૂળ સ્વભાવમાં નથી, કેમ કે એ તો બધી પર્યાયો છે. દ્રવ્યસ્વભાવના આશ્રયે જે દર્શન, જ્ઞાન ને સ્વરૂપલીનતા થઈ તે સાધકપર્યાય પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી. આવું વસ્તુસ્વરૂપ છે, સમજાય છે કાંઈ? દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પરદ્રવ્ય, શુભાશુભ વિભાવો કે પરલક્ષી શાસ્ત્રજ્ઞાન તો નહિ, પણ સ્વલક્ષે પ્રગટેલ સમકિત, શાંતિ ને આનંદની પર્યાય પણ શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.

અરેરે! જીવે અનંત કાળમાં જે કરવાનું હતું તે કર્યું નહિ અને બીજી માથાકૂટ કરીને મરી ગયો. ધર્મના બહાને પણ વ્રત, ઉપવાસ ને યાત્રાની બાહ્ય ક્રિયામાં અને શુભરાગમાં અટકી ગયો. અહીં તો કહે છે કે — બહારની ક્રિયા તથા શુભરાગ તો નહિ, પણ અંતરમાં દ્રવ્યદૃષ્ટિના બળે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ સાધકદશા પ્રગટી તે પણ શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી; કેમ કે તે પણ પર્યાય છે ને? ત્રિકાળી જ્ઞાયક-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ, નિત્યાનંદ ધ્રુવભાવ, ભૂતાર્થ સ્વભાવભાવ તે દૃષ્ટિનો વિષય છે; તે વિષયમાં સાધકભાવ કે બીજી કોઈ પણ પર્યાય નથી.

**‘ દ્રવ્યદૃષ્ટિ કરવાથી આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી.’**

જેમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનો માલ પડયો છે એવા નિજ શુદ્ધ ધ્રુવ જ્ઞાયકદ્રવ્યની દૃષ્ટિ કરવાથી — દૃષ્ટિ તેમાં ટકી રહેવાથી — સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિમાં આગળ વધાય છે. સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાયના આશ્રયે આગળ વધાતું નથી, ત્રિકાળી ધ્રુવ સ્વભાવના આશ્રયે આગળ વધાય.

**‘ દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્યસામાન્યનો જ સ્વીકાર હોય છે.’**

દ્રવ્યદૃષ્ટિ એ જ સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શનમાં નિજ અખંડ એક શુદ્ધ જ્ઞાયક-ભાવનો જ — નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો જ — સ્વીકાર હોય છે. દ્રવ્યદૃષ્ટિ બંધ-મોક્ષ વગેરે સર્વ પ્રકારની પર્યાયોને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને જ ગ્રહણ કરે છે; દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કરવી તે સમ્યગ્દર્શન એટલે કે ધર્મનું પહેલું પગથિયું છે.

હે જીવ ! તું અનાદિ કાળથી શુભાશુભ ભાવો કરતો આવ્યો છે; હવે તો શુદ્ધાત્માને ગ્રહણ કર. અનંત જીવોએ તે શુદ્ધાત્માના માર્ગે ચાલીને સ્વાનુભૂતિની સાધના કરી છે, અંદર સમાધિને સાધી છે. તું પણ એ જ માર્ગે જા. ગુરુદેવની એ જ શિક્ષા હતી.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૨૦

તા. ૧૫-૧૦-૭૮

## વચનામૃત — ૩૨૨

**જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી. સાથેનું જ્ઞાન વિવેક કરે છે કે ' આ ચૈતન્યના ભાવો છે, આ પર છે'. દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી. દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે ' આટલું તો ખરું, આટલી કચાશ તો છે'. જ્ઞાન બધોય વિવેક કરે છે. ૩૨૨.**

**'જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી.'**

જેને ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પ્રતીતિ, જ્ઞાન ને અનુભવમાં આવ્યો તેને અહીં જ્ઞાની અથવા ધર્મી કહે છે. જ્ઞાનીની દૃષ્ટિ એટલે કે ધર્મીની દૃષ્ટિ નિજ અખંડ ચૈતન્યતત્ત્વમાં ભેદ પાડતી નથી. પર્યાયમાં નવ તત્ત્વના ભેદરૂપ વ્યવહાર છે, પણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ જોતાં ભગવાન આત્મા તે ભેદરૂપ વ્યવહારથી ભિન્ન છે. દૃષ્ટિ નવ તત્ત્વની પર્યાયનો ભેદ પણ પાડતી નથી. દૃષ્ટિ તો નિર્વિકલ્પ છે ને? તેથી તે જ્ઞાયક આત્મવસ્તુને નિર્વિકલ્પપણે જ માને છે; એનો નવ તત્ત્વ વગેરે કોઈ પણ ભેદ તેને દેખાતો નથી. દૃષ્ટિનું કામ શ્રદ્ધા કરવાનું છે, દૃષ્ટિ પોતે શ્રદ્ધાગુણની નિર્વિકલ્પ પર્યાય છે. તેનો વિષય જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરેલો અભેદ અખંડ એકરૂપ ચૈતન્ય-રત્નાકર છે. સમ્યગ્દર્શનનો વિષય અભેદ એકરૂપ ચૈતન્યમાત્ર આત્મવસ્તુ છે, કેમ કે પોતે જ્ઞાનસ્વરૂપ નથી તેથી તે ભેદને જાણે નહિ. 'આ દ્રવ્ય છે, આ ગુણ છે ને આ પર્યાય છે' એવા ભેદને દૃષ્ટિ સ્વીકારતી નથી. એ તો ત્રિકાળી ધ્રુવ અભેદ એકરૂપ અખંડ ચૈતન્યકંદને સ્વીકારે છે. દૃષ્ટિ જો ભેદને સ્વીકારે તો તે પોતે જ્ઞાન થઈ જાય.

**"સાથેનું જ્ઞાન વિવેક કરે છે કે 'આ ચૈતન્યના ભાવો છે, આ પર છે'."**

વિવેક એટલે જીવ વગેરે જે બધી ચીજો નિજ નિજ સ્વરૂપે ભિન્ન ભિન્ન છે તેમને તે પ્રમાણે જાણવી તે. જ્ઞાન, આનંદ ને શાન્તિ વગેરે આત્માના ભાવો છે. પર્યાયમાં ગમે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેટલી હીનતા આવી, તોપણ વસ્તુ અને તેના ગુણોમાં હીનતા કદી થઈ નથી. સાધકદશા છે ત્યાં સુધી પર્યાયમાં હીણી દશા છે. સાધકને દૃષ્ટિમાં પર્યાયમાત્રનો સ્વીકાર નથી, તોપણ જ્ઞાન જાણે છે કે મારી પર્યાયમાં મારા અપરાધથી હજી હીણી દશા છે. જ્ઞાન બધું જાણે : દ્રવ્યને જાણે, ગુણને જાણે ને પર્યાયને પણ જાણે. દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન વિવેક કરે છે કે 'આ ચૈતન્યનો ધ્રુવ સ્વભાવ છે, આ સ્વભાવના આલંબને પ્રગટેલી શુદ્ધ પરિણતિ છે, આ પુરુષાર્થની નબળાઈથી થયેલા રાગાદિ વિભાવ છે અને આ શરીર, વાણી વગેરે બધું પર છે'. સ્વભાવે આત્મા પરિપૂર્ણ છે અને પર્યાયે અપૂર્ણ અને અશુદ્ધ છે—એમ જ્ઞાન બરાબર વિવેકપૂર્વક જાણે છે.

## 'દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી.'

દૃષ્ટિનો વિષય પૂર્ણાનંદભરપૂર ચૈતન્યરસસાગર અભેદ અખંડ એકરૂપ ધ્રુવ જ્ઞાયક વસ્તુ છે. ભેદને જાણવું તે દૃષ્ટિનું કાર્ય નથી. દૃષ્ટિ પોતે શ્રદ્ધાગુણની પર્યાય છે, પણ તેનો વિષય જીવત્વ, ચિતિ આદિ અનંત શક્તિઓથી પરિપૂર્ણ અભેદ આત્મા છે. સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાના પરિશિષ્ટમાં ૪૭ શક્તિઓના વર્ણન મધ્યે ભગવાન આત્મામાં એક જીવત્વશક્તિ કહી છે ને? સુખ, સત્તા, ચૈતન્ય ને અવબોધરૂપ જે સ્વભાવપ્રાણો વડે જીવનું જીવતર સદા ટકી રહે છે તે જીવત્વશક્તિ પણ જીવમાં અભેદ ને પરિપૂર્ણ છે. ચિતિશક્તિ—જીવનો જે જ્ઞાન-દર્શનરૂપ પ્રકાશ તે—પણ પૂર્ણ છે. સુખશક્તિ પણ પૂર્ણ છે. જ્ઞાન તે બધી શક્તિઓને જેમ છે તેમ જાણે છે પણ દૃષ્ટિ એ કોઈ ગુણભેદને સ્વીકારતી નથી, તેનો વિષય તો ગુણભરપૂર અભેદ જ્ઞાયક છે.

દૃષ્ટિના વિષયભૂત અભેદ ચૈતન્ય મહાપ્રભુમાં જે અનંતા ગુણો છે તેમાં વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સ્વચ્છત્વ વગેરે પણ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ વગેરે કારકશક્તિઓ પણ છે. પર્યાયમાં વધઘટ ભલે હોય પણ અંતરમાં ગુણ-શક્તિ તો પરિપૂર્ણ છે. પર્યાયમાં ભલે ઉત્પાદ-વ્યય અપૂર્ણ હો, પણ અંદર ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ નામની શક્તિ તો સદાય પરિપૂર્ણ છે. આત્મદ્રવ્યના સત્ત્વભૂત ધ્રૌવ્યથી આલિંગિત સદૃશ અને વ્યય-ઉત્પાદથી આલિંગિત વિસદૃશ જેનું સ્વરૂપ છે એવા એક અસ્તિત્વ-માત્રમયી પરિણામશક્તિ, કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શ-રસ-ગંધ-વર્ણશૂન્ય એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ, આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મ જેમાં નિમિત્ત છે એવા ભાવોનો કર્તા થતો નથી એવી અકર્તૃત્વશક્તિ, જ્ઞાતૃત્વમાત્રથી જુદા એવા વિભાવપરિણામોના ભોગવટાના વિરામસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ, સ્વયં પ્રકાશમાન સ્પષ્ટ એવા સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ, ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવા નિજ ચૈતન્યના વિલાસસ્વરૂપ અસંકુચિતવિકાસત્વશક્તિ, પોતાના જ્ઞાનમાં બીજાને પ્રમેય કરવું અને બીજાના જ્ઞાનમાં પોતે પ્રમેય થવું એવા પ્રમાણ-પ્રમેયસ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ, જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે-સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ ઇત્યાદિ અનંત શક્તિઓથી પરિપૂર્ણ અભેદ દ્રવ્ય ઉપર જ્ઞાનીની દૃષ્ટિ હોય છે. દૃષ્ટિ ગુણભેદને પણ ગણકારતી નથી, તે તો અનંત રસકસથી ભરેલા શાશ્વત સ્તંભ ઉપર — અભેદ દ્રવ્યસ્વભાવ ઉપર — જામેલી તે જામેલી જ રહે છે.

અહા, આવી વાત! બાપુ! શું થાય? ભગવાનના વિરહ પડ્યા, પણ આ વાત રહી ગઈ એમ ને એમ. ભલે ભગવાન ન હો પણ આત્મા તો એવો ને એવો રહ્યો છે. સમયસારની ૭૨મી ગાથાની ટીકામાં આત્માને 'ભગવાન આત્મા' કહ્યો છે ને? વર્તમાન પર્યાયમાં ભલે અલ્પતા રહી, પણ શક્તિ-અપેક્ષાએ ત્રણે કાળ એવો ને એવો પરિપૂર્ણ ભગવાન છે. દૃષ્ટિમાં તો જ્ઞાનીને પોતાના આનંદકંદ ભગવાનનો વિરહ છે જ નહિ. અધ્યાત્મતત્ત્વની આવી વાતો આકરી પડે એટલે લોકો ચડી ગયા ક્રિયાકાંડે. 'એકાંત છે, એકાંત છે' એમ કહીને આ વાતને ઉડાવી દીધી. પણ ભાઈ! આ તો તારા હિતની વાત છે.

દૃષ્ટિ ભલે ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવે હોય, પણ તેના વિષયભૂત વસ્તુ તો સદા પૂર્ણ જ છે. ઔદયિકભાવનો ત્યાગ કરીને ક્ષાયિક પર્યાય પ્રગટી; ત્યાં ઔદયિકભાવનો ત્યાગ ન હતો ત્યારે પણ વસ્તુ તો સ્વભાવે પરિપૂર્ણ જ હતી, અને ક્ષાયિક પર્યાય થઈ તે કાળે પણ વસ્તુ તો પૂરણ જ છે. અહા! વસ્તુસ્વરૂપ તો આવું છે, મારગ તો આ છે ભાઈ! દૃષ્ટિનો વિષય તો અનંત ગુણની પૂર્ણતાથી ભરેલું અભેદ દ્રવ્ય છે. સ્વરૂપ તો આવું છે; માનો કે ન માનો — જગત સ્વતંત્ર છે.

આત્મા જ્ઞાનપણે છે માટે તદ્‌રૂપ અને જ્ઞેયપણે નથી માટે અતદ્‌રૂપ — આમ વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી અસ્તિ-નાસ્તિ, એક-અનેક-નિત્ય-અનિત્ય આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું હોવાપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ; એ પ્રમાણે તત્ત્વશક્તિ, અતત્ત્વશક્તિ, ભાવશક્તિ, અભાવશક્તિ, ભાવ-અભાવશક્તિ, અભાવ-ભાવ-શક્તિ, ભાવભાવશક્તિ ને અભાવ-અભાવશક્તિ તથા પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી — એવા સંબંધમયી સંબંધશક્તિ ઇત્યાદિ અનંત શક્તિઓ ચૈતન્ય-પ્રભુનો વૈભવ છે. દૃષ્ટિ ગુણભેદને દેખતી નથી પણ સાથે વર્તતું જ્ઞાન બધો વિવેક કરે છે. 'આ પર છે, આ પરિપૂર્ણ અભેદ એકરૂપ સ્વદ્રવ્ય છે, આ જ્ઞાનાદિ ગુણો છે ને આ શુદ્ધ કે અશુદ્ધ પર્યાય છે' એમ જ્ઞાન જેમ છે તેમ બરાબર જાણે છે, તોપણ દૃષ્ટિનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષય તો સદા અભેદ એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.

આગળ બેનના એક બોલમાં આવશે કે— સાધક જીવની દૃષ્ટિ નિરંતર અભેદ ધ્રુવ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાંને;— તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો, તેમના સાધક-બાધકપણાનો ઇત્યાદિનો વિવેક વર્તે છે. સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે. પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.— એવી સાધકપરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે.

દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી. વિભાવના ભેદ, અધૂરી-પૂરી પર્યાયના ભેદ કે ગુણના ભેદ— એકેય ભેદને દૃષ્ટિ કબૂલતી નથી. અભેદ ધ્રુવ દ્રવ્યસામાન્ય ઉપર જડાયેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન, સંયમ કે કેવળજ્ઞાન પ્રગટ થયું કે નહિ' એમ જોવા બેસતી નથી. તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધા ભેદોને કાઢી નાખી, અખંડ ચૈતન્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિસ્પૃહભાવે જ દૃષ્ટિ અભેદ પૂર્ણ સ્વરૂપને અવલંબતી થકી પ્રગટ થાય છે. અહા! આવી વાતો છે. દ્રવ્યદૃષ્ટિ ગુણ કે પર્યાયના કોઈ પણ ભેદને સ્વીકારતી નથી.

**"દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું, આટલી કચાશ તો છે'."**

દૃષ્ટિનું આલંબન નિજ અભેદ ધ્રુવ દ્રવ્યસામાન્ય છે, સાધક કે બાધક પર્યાયને તે અવલંબતી નથી. તે એવા પરિણામ ન કરે કે 'આટલી શુદ્ધિ પ્રગટ થઈ ને હજુ આટલી અશુદ્ધિ ટળવી બાકી છે'. સાથે રહેલી જ્ઞાનપરિણતિ બરાબર વિવેક કરે છે કે 'આટલી નિર્મળતા સ્વભાવના આશ્રયે પ્રગટી અને હજુ આટલી કચાશ તો છે'. બહારની બીજી બધી આવડત હો કે ન હો, એની સાથે શો સંબંધ છે? જે અંતરમાં હિત-અહિતનો વિવેક કરે તેને જ્ઞાન કહીએ.

અહાહા! આ (બહેનશ્રીનાં વચનામૃત) કોઈ એવી ચીજ આવી ગઈ છે! ભલે આજ સુધીમાં બીજાં વીસ લાખ પુસ્તકો છપાણાં, પણ આ ચીજ તો મૂળ વસ્તુને સાદી ભાષામાં સરળતાથી જણાવનારી છે. અરે! મધ્યસ્થ થઈને, આગ્રહ છોડીને એક વાર આ વાંચે, વિચારે તો એને ખબર પડે કે સત્ય તો આવું છે; પણ શું થાય?...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યારે તો સમ્યગ્દર્શન વિના — ભગવાન આત્માના ભાન વિના — વ્રત, તપ, વગેરે કરવા માંડયાં, કોઈ પડિમાધારી થયા, કોઈ નગ્ન દિગંબર સાધુ થયા; પણ ભાઈ! એ બધો તો, અંતરમાં કષાય મંદ કર્યો હોય તો, શુભ રાગ છે; તેને ધર્મ માનવો તે મિથ્યાત્વભાવ છે. શુભ રાગ આસ્રવ છે અને આસ્રવને ધર્મ — સંવર, નિર્જરા — માનવો તે મિથ્યાત્વ છે. સમયસારની ટીકામાં ( ગાથા ૩૮ ) આવે છે ને? — 'નર, નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું'. નવ તત્ત્વના ભેદભાવો તો પર્યાય છે. પર્યાયમાત્ર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસામાન્યમાં આવતી નથી. સંવર, નિર્જરા ને મોક્ષસ્વરૂપ નિર્મળ પર્યાય પણ ત્રિકાળી ધ્રૌવ્યથી સ્વરૂપે અત્યંત ભિન્ન છે. અરે! અભ્યાસ નહિ એટલે આવી વાતો માણસને આકરી પડે; તેથી 'આ કર્યું ને તે કર્યું' એમ ત્યાગમાં ચડી જાય, પણ જ્યાં હજુ સમ્યગ્દર્શનનાં ઠેકાણાં નથી ત્યાં ત્યાગ કેવો?

અહા! દિગંબર જૈન સંતોની વાણી તો જુઓ. શ્રીમદ્‌માં આવે છે ને? — 'દિગંબરનાં તીવ્ર વચનોને લીધે કંઈ રહસ્ય સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લીધે રસ ઠંડાતો ગયો.' શ્રીમદ્ તો કામ કરી ગયા. છેલ્લે કહ્યું : ભાઈ મનસુખ! બાને દિલગીર થવા દઈશ નહિ, હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું. વાત અક્ષરે અક્ષર સત્ય છે હો! ભલે ચારિત્ર ન હતું, સમ્યગ્દર્શન ને સ્વરૂપાચરણ હતું, તેથી ભવછેદ કરીને ચાલ્યા ગયા. અહા! વસ્તુ તો આવી છે. લોકો બાહ્ય ત્યાગ કરે તેને 'આ ત્યાગી છે' એમ કહે, પણ અંતરમાં મિથ્યાત્વનો ત્યાગ એ શી ચીજ છે એની તો તેમને ખબર જ નથી. અત્યારે તો સાધુ થઈને પણ એમ કહે છે કે — હાલ તો શુભભાવ જ હોય, શુદ્ધભાવ તો શ્રેણીમાં જ હોય. અરેરે! ભાઈ! આ તું શું કરે છે? બહારમાં સર્વજ્ઞ પરમાત્માના વિરહ પડયા, અને અંદર પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે ત્યાં તને જવું ગોઠતું નથી; તેથી શુભભાવમાં સમકિત — ધર્મ માનીને અટકી ગયો છે. અહીં તો એ વાત ચાલે છે : દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે — આટલી શુદ્ધિ થઈ ને આટલી કચાશ છે.

**'જ્ઞાન બધોય વિવેક કરે છે.'**

જ્ઞાનની એક સમયની પ્રગટ પર્યાયમાં પણ એટલી તાકાત છે કે તે બધોય વિવેક કરે. જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે, અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની ઉપેક્ષા પણ હોય છે, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે અને અશુદ્ધ પર્યાયાંશ — જેમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે—દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે. દૃષ્ટિ સાથે વર્તતા જ્ઞાનમાં આવો વિવેક સહજપણે હોય છે.

———o———

## વચનામૃત — ૩૨૩

**જેણે શાન્તિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી. તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે. જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય તેની વચ્ચે ઊભેલો માણસ અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાન્તિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે. ૩૨૩.**

**'જેણે શાન્તિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી.'**

ભગવાન આત્મા સમસ્ત શુભાશુભ વિભાવોથી રહિત ચિદાનંદકંદ નિર્વિકલ્પ શાન્તિનો સાગર છે. જેણે અંતર્મુખ દૃષ્ટિ કરીને, શાન્તિના સાગરને બરાબર ઓળખીને, તેનો અંશે સ્વાદ ચાખ્યો છે તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શન થતાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. સ્વાનુભૂતિમાં અનંતગુણસાગર આત્મા પોતાના શાન્તિ ને આનંદાદિ ગુણોની કોઈ અદ્‌ભુત સ્વાભાવિક પર્યાયોમાં રમતો વેદાય છે. જેને શાન્તિનો સાગર અંશે પણ વેદનમાં આવ્યો છે તેને શુભરાગ પણ પાલવતો નથી.

વ્રતાદિનો શુભરાગ તો આસ્રવ છે; તે અશુચિ, સ્વભાવથી વિપરીત, દુઃખ ને દુઃખનું કારણ છે. તે સમકિત ને સંયમનું કારણ કેમ બની શકે? જે દુઃખ છે તે સંવર-નિર્જરાનું કારણ? ભગવાનને તો અંતરમાં શાન્તરસ પરિપૂર્ણ પરિણમી ગયો છે. 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં', જિનેન્દ્ર ભગવાનની મુદ્રામાં અને વાણીમાં જાણે ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય! અંદર ભગવાન જ્ઞાયક આત્મા પોતે ઉપશમ-સ્વરૂપ છે. તે સ્વયં અકષાયસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, સમકિત ને ચારિત્રસ્વરૂપ છે. તેની અકષાય શાન્તિનો જેણે અંશે પણ સ્વાદ ચાખ્યો છે તેને કોઈ પણ પ્રકારનો રાગ પાલવતો નથી. ભૂમિકા પ્રમાણે દયા-દાનના, પૂજા-ભક્તિના કે વ્રત-તપના શુભ વિકલ્પ આવે, પણ અંતરની શાન્તિના સ્વાદ લેનારને તે ગોઠતા નથી. શુભભાવ રુચિમાં ગમતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, છતાં ભૂમિકા અનુસાર આવ્યા વિના રહેતો પણ નથી. અહા! આવી વાતો છે.

**'તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે.'**

અહા! સમ્યગ્દૃષ્ટિ કોને કહીએ?—કે જેને પૂર્ણાનંદનો નાથ નિજ જ્ઞાયક પ્રભુ પોતાની પ્રતીતિમાં, જ્ઞાનમાં ને વેદનમાં પ્રગટપણે આવી ગયો છે તેને. શાન્તિનો સાગર એવો જે નિજ પરમાત્મા, તેનો જેને સ્વાદ આવ્યો છે તે, પરિણતિમાં પુણ્યપાપના વિભાવરૂપ અગ્નિથી દૂર ભાગે છે. અજ્ઞાનીને શુભરાગમાં હોંશ આવે છે; જ્ઞાનીને તેમાં હોંશ નથી. જ્ઞાનીને શુભરાગમાં પણ અશાન્તિ દેખાય છે તેથી તે ત્યાંથી ખસીને શાન્તિમાં આવે છે.

જે અનંત શક્તિઓ સ્વરૂપભંડારમાં ભરી પડી છે તે સર્વનું યથાસંભવ વેદન ચોથે ગુણસ્થાને આવી જાય છે. અહા! બાપુ! સમ્યક્ત્વ કોને કહેવાય? લોકો તો 'ભગવાનની ને આચાર્યની વાણી માનીએ એ સમકિત'—એમ માને છે. પ્રભુ! પરદ્રવ્યને માનવું એ તો વિકલ્પ, આકુળતા ને દુઃખ છે. જેને અંદરથી શાંતિનો સ્વાદ આવ્યો તેને વિભાવ ગમતો નથી, તે વિભાવથી દૂર ભાગે છે.

**'જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય તેની વચ્ચે ઊભેલો માણસ અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાન્તિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે.'**

દૃષ્ટાન્તનો સિદ્ધાન્ત શો છે? એક તરફ બરફનો ડુંગર હોય અને એક તરફ અગ્નિ સળગતો હોય, એ બેયની વચ્ચે ઊભેલો માણસ જેમ અગ્નિના દાહ તરફથી ખસીને બરફની શીતળતા તરફ જાય છે, તેમ જેણે સમ્યગ્દર્શન પ્રગટ કરીને અતીન્દ્રિય આનંદમૂર્તિ નિજ જ્ઞાયકપ્રભુના થોડા પણ સુખનો વ્યક્તપણે સ્વાદ ચાખ્યો છે, તે રાગદાહથી ખસીને આનંદના ઢગલા તરફ જાય છે. તેને ભૂમિકા પ્રમાણે શુભભાવ આવે, પણ તે તેને અગ્નિ જેવો લાગે છે. સમકિત પ્રગટ થતાં તે રાગ-આગથી દૂર ભાગતો થકો આનંદ આદિ બધા ગુણોના આંશિક શુદ્ધ પરિણમનરૂપ શીતળતા તરફ ઢળે છે. 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.' એને એક બોલમાં કહ્યું છે ને!—આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે છે. નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું યથાસંભવ આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.

દેવ-ગુરુ-ધર્મને માને અથવા તો નવ તત્ત્વને માને — એ વસ્તુ કાંઈ સમ્યગ્દર્શન નથી, એ તો શુભરાગ છે. અહા! બહુ આકરું કામ! શું આ વાત સોનગઢના ઘરની છે? પ્રભુ! આ તો વીતરાગનો મારગ છે. બેનનાં વચન છે તે વીતરાગ ભગવાનની વાણી છે. વાણી ગમે તે ક્ષેત્રમાંથી નીકળે, ગમે ત્યાં નીકળે, પણ જ્ઞાનીની વાણી તે ભગવાનની વાણી છે.

ભગવાન આત્માના થોડા પણ સુખનો જેણે સ્વાદ ચાખ્યો છે તે જીવને રાગ આવે છે, હોય છે, પણ તે તેને દુઃખરૂપ લાગે છે, અગ્નિ જેવો લાગે છે. ન્યાલભાઈએ કહ્યું છે ને! — શુભભાવ ભઠ્ઠી છે. ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુની ભક્તિ વગેરે શુભ રાગ આવે પણ જ્ઞાની રાગમાત્રને અગ્નિ સમાન જાણે છે. તેને તે દુઃખરૂપ લાગે છે, ત્યાંથી ખસીને અંદર વીતરાગતાની શીતળતા તરફ જવા માગે છે. રાગ ને વીતરાગતા — એ બે વચ્ચે ભેદ પાડયો છે ને? રાગ-આગથી ખસીને વીતરાગી શાન્તિ તરફ ઢળવા માગે છે, શુભરાગમાં પણ અટકવા, રહેવા માગતો નથી. સમયસારના મોક્ષ-અધિકારમાં, મુનિરાજને પ્રતિક્રમણ, પ્રતિસરણ વગેરે જે શુભ વિકલ્પ ઊઠે છે તેને વિષકુંભ કહ્યો છે ને! અહા! આ વાત કેમ બેસે?

ધર્મી જીવને અંતરમાં શાન્તિનું વેદન નિરંતર વર્તી રહ્યું છે. ચોથે ગુણસ્થાને અંશે છે, પાંચમે ચોથાથી વિશેષ છે, છઠ્ઠે પાંચમાથી વિશેષ છે અને સાતમે તો એથી પણ વિશેષ છે. સાધકજીવ વિશેષ શાંતિ માટે અંદર સ્વરૂપમાં ઢળવા માગે છે, રાગથી દૂર ભાગે છે; કેમ કે જે સમસ્ત પ્રકારનો રાગ છે તે દાહ છે. છ ઢાળામાં કહ્યું છે ને! —

यह राग-आग दहै सदा, तातैं समामृत सेइयें।
चिर भजे विषय-कषाय अब तो, त्याग निजपद बेइये॥
कहा रचो परपदमें, न तेरो पद यहै, क्यों दुःख सहै।
अब 'दौल'! होउ सुखी, स्वपद रचि, दाव मत चूकौ यहै॥

બહારમાં અગ્નિનો દાહ ને બરફની શીતળતા — એ બધાને બેસે, સમજાય. અંતરમાં જે શાન્તિનો સાગર, પરમાનંદનો પહાડ, વીતરાગસ્વરૂપ ચૈતન્ય જિનબિંબ ધ્રુવ જ્ઞાયકતત્ત્વ બિરાજે છે તેનો જેને સમ્યગ્દર્શનમાં ચોથે ગુણસ્થાને અંશે પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાદ આવ્યો છે તેને રાગ દાહ સમાન — અગ્નિ સમાન લાગે છે; નબળાઈને લીધે આવે છે પણ અંદરમાં તે ગોઠતો નથી. અહા! આ તત્ત્વ સમજ્યા વિના બહારનાં વ્રત ને પચખાણ લીધાં, સંથારો લીધો ને થઈ ગયું સમાધિમરણ — એ બધી, અંદર કષાય મોળો પાડ્યો હોય તો, શુભ રાગની વાતો છે; તેનાથી ધર્મ કે આત્માની સાચી શાન્તિ થતી નથી. અહા! આકરું કામ બાપુ! આ તો તારા હિતની વાતો છે, કોઈના અનાદરની વાતો નથી.

અંશે પણ જેણે વીતરાગતાનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ જરા પણ ગોઠતો નથી. સમ્યગ્દર્શન, સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપ-આચરણ ચારિત્ર, અકષાય શાન્તિ — એ બધી વીતરાગી પર્યાયો છે. એ વીતરાગી નિર્મળ પર્યાયોનો મધુર પ્રવાહ અંદર શાન્તિના ત્રિકાળી ધ્રુવ ડુંગરમાંથી આવે છે. સમ્યગ્દૃષ્ટિને રાગભાવ આવે છે પણ એમાંથી તે ખસવા માગે છે. રાગથી લાભ થશે એમ તે માનતો નથી. આ વાત સાંભળીને લોકો તો એમ જ કહે હો — કે 'નિશ્ચયને માને છે, પણ વ્રતાદિના વ્યવહારને માનતા નથી'. ભાઈ! બહારના ક્રિયાકાંડના જેટલા વિકલ્પો છે, પંચમહાવ્રત આદિના ભાવો છે — એ બધો શુભ રાગ આસ્રવ છે, અશુચિ છે. સ્વભાવથી વિપરીત છે અને દુઃખરૂપ છે. અંદર આનંદના નાથમાં એ વસ્તુ નથી, નવી ઊભી થયેલી વિકૃત દશા છે. જ્ઞાની તેનાથી દૂર ભાગે છે ને સ્વરૂપ-શીતળતા તરફ વળે છે. જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાન્તિનું વેદન વર્તી રહ્યું છે એવો સાધકજીવ રાગ-દાહથી દૂર ભાગે છે અને ચૈતન્યની સુખ-શીતળતા તરફ ઢળે છે. અહા! આવો માર્ગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૨૧

તા. ૧૬-૧૦-૭૮

## વચનામૃત — ૩૨૪

જેમ એક રત્નનો પર્વત હોય અને એક રત્નનો કણિયો હોય ત્યાં કણિયો તો વાનગીરૂપ છે, પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય; તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે. એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં — ભલે તે અંતર્મુહૂર્તમાં બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય તોપણ — ઘણો મોટો તફાવત છે. જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ — એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે. ૩૨૪.

**'જેમ એક રત્નનો પર્વત હોય અને એક રત્નનો કણિયો હોય ત્યાં કણિયો તો વાનગીરૂપ છે, પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય; તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે.'**

રત્નની એક નાની કણી કરતાં રત્નના મોટા પર્વતનો પ્રકાશ તથા તેની કિંમત ઘણી વધારે હોય છે, તેમ શ્રુતજ્ઞાન કરતાં કેવળજ્ઞાનનો પ્રકાશ અને તેનો મહિમા ઘણો વધારે હોય છે. કેવળજ્ઞાન એક સમયમાં — એક સેકંડના અસંખ્યાતમા ભાગમાં — પરિપૂર્ણપણે પરિણમે છે; તે જ્ઞાનપ્રકાશનો મોટો પર્વત છે, ત્રણ કાળ અને ત્રણ લોકને પ્રત્યક્ષ જાણે છે; તેનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં અનંત ગુણો વધારે છે.

**'એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં — ભલે તે અન્તર્મુહૂર્તમાં**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય તોપણ — ઘણો મોટો તફાવત છે.'**

કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં ઘણો મોટો તફાવત છે. કેવળજ્ઞાન સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ ને સર્વ ભાવને એક સમયમાં પરિપૂર્ણપણે પ્રત્યક્ષ જાણે છે; અને શ્રુતજ્ઞાન તો મર્યાદિત હોવાથી ઘણું અલ્પ જાણે છે. ભલે અંતર્મુહૂર્તમાં સમસ્ત શ્રુતને ફેરવી જનાર શ્રુતકેવળીનું વિશાળ શ્રુતજ્ઞાન હોય તોપણ તે કેવળજ્ઞાન પાસે ઘણું અલ્પ છે. પરોક્ષ શ્રુતજ્ઞાનરૂપ કણિયા કરતા સંપૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાનરૂપ પર્વતનો પ્રકાશ અને કિંમત — મહિમા ઘણો વધારે છે. બાર અંગનું શ્રુતજ્ઞાન પણ સ્થૂલ છે, સૂક્ષ્મ તો પ્રત્યક્ષ કેવળજ્ઞાન છે. શ્રુતકેવળીના પરોક્ષ શ્રુતજ્ઞાનમાં અને કેવળીના પ્રત્યક્ષ કેવળજ્ઞાનમાં ઘણો મોટો તફાવત છે.

બાર અંગના — સમસ્ત દ્રવ્યશ્રુતના — બધા પ્રકારોને શ્રુતકેવળી અંતર્મુહૂર્તમાં — ૪૮ મિનિટની અંદર — ફેરવી જાય એ વાત પણ અહો! આશ્ચર્યકારી લાગે છે! શ્રુતજ્ઞાનમાં એવું સામર્થ્ય હોવા છતાં તે કેવળજ્ઞાનપર્વતની પાસે તો કણિયો છે, અનંતમા ભાગે છે. અંતર્મુહૂર્તમાં બધુંય શ્રુત ફેરવી જનાર ગણધર આદિ શ્રુતકેવળીના શ્રુતજ્ઞાન કરતાં સર્વજ્ઞ કેવળીનું કેવળજ્ઞાન અતિ મહાન છે, બન્ને વચ્ચે ઘણો તફાવત છે. સમસ્ત શ્રુતના ધરનાર ગણધરદેવ પણ કહે છે કે 'હે સર્વજ્ઞ ભગવાન! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી. આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત વિશ્વ — તેની ત્રણે કાળની પર્યાયો સહિત — અને પોતાની પણ અનંત પર્યાયો એકીસાથે પ્રત્યક્ષ જણાય છે. ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધ પ્રત્યક્ષ જ્ઞાન ને ક્યાં મારું અલ્પ પરોક્ષ જ્ઞાન! આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ! એ જ રીતે અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. આપની દશામાં અને મારી દશામાં ઘણો મોટો તફાવત છે. આપનો શો મહિમા થાય? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પૂર્ણ પર્યાય પરિણમી ગઈ છે; મારી પર્યાય તો અનંતમા ભાગે છે. આ પ્રમાણે દરેક સાધકજીવ પૂર્ણ પરમાત્મદશા પાસે પોતાની પર્યાયની પામરતા જાણે છે.

કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છે કે — સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવોમાં ગર્વ કરતો નથી; કરે તો સમ્યક્ત્વ શાનું? તો નિરંતર ઉપશમભાવોને ભાવે છે અને પોતાને તૃણમાત્ર માને છે; કેમ કે પોતાનું સ્વરૂપ તે પૂર્ણ જ્ઞાનાનંદ છે. જ્યાં સુધી પોતાના પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે પોતાને તરણાતુલ્ય માને છે, કોઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરપદાર્થોમાં ગર્વ કરતો નથી. ધર્મીને વસ્તુ તરીકે પૂર્ણ પ્રભુતા અને પરમેશ્વરપણું માન્ય છે, છતાં પર્યાયમાં પોતાને પામર માને છે.

જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને પૂર્ણપણે જાણવાનો છે. પર્યાયમાં પૂર્ણપણે વિકસેલું જ્ઞાન સ્વ સહિત ત્રણ કાળ ને ત્રણ લોકના પદાર્થોને ન જાણે તો તે સમસ્ત જ્ઞેયને એક-સાથે જાણી લેવાનો જેનો સ્વભાવ છે એવા પોતાના આત્માને પણ પૂર્ણપણે ન જાણે — પોતે પોતાના જ્ઞાનસ્વરૂપે પૂર્ણપણે ન પરિણમે. પ્રવચનસારની ૪૮ તથા ૪૯ મી ગાથામાં અનુક્રમે કહ્યું છે કે :— સર્વને નહિ જાણનાર એકને (પોતાને) પણ જાણતો નથી, અને એકને (પોતાને) નહિ જાણનાર સર્વને જાણતો નથી. સર્વને સર્વ પ્રકારે પ્રત્યક્ષ જાણવું તે કેવળજ્ઞાનનું સામર્થ્ય છે. ક્યાં એ પ્રકાશપુંજ કેવળજ્ઞાનનો પર્વત ને ક્યાં આ રત્નના કણિયા તુલ્ય અલ્પ શ્રુતજ્ઞાન! બાર-અંગધારી શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાન પાસે અત્યંત અલ્પ છે.

પ્રવચનસારની ૩૩મી ગાથા-ટીકામાં આચાર્યભગવંતોએ બીજી રીતે કહ્યું છે : સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે માટે 'કેવળી' છે અને અમે ભાવશ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવીએ છીએ માટે 'શ્રુતકેવળી' છીએ. અહા! શાસ્ત્રકાર ભગવાન કુંદકુંદાચાર્યને દ્રવ્યશ્રુતના એક અંગનું પણ પૂરું જ્ઞાન નહોતું, અને ટીકાકાર શ્રી અમૃતચંદ્ર-આચાર્યદેવ તો ત્યાર પછી હજાર વર્ષ થયા; તોપણ મૂળ ગાથા અને ટીકાના ભાવોમાં કોઈ ગજબનું ઊંડાણ છે! જેમને ભાવશ્રુતજ્ઞાનના ક્ષયોપશમની શક્તિનો વિકાસ અગાધ છે એવા તે આચાર્યભગવંતો કહે છે કે અમે પણ કેવળ આત્માને — ચૈતન્યસ્વરૂપ નિજ આત્મદ્રવ્યને — ભાવશ્રુતજ્ઞાનની પર્યાયથી જાણ્યો એ અપેક્ષાએ અમે 'શ્રુતકેવળી' છીએ. આમ હોવા છતાં તેમને કેવળજ્ઞાનની અપેક્ષાએ પોતાનું ભાવશ્રુતજ્ઞાન અત્યંત અલ્પ ભાસે છે. અહીં તો તે ઉપરાંત જેમને બાર અંગનું જ્ઞાન વર્તે છે અને અંતર્મુહૂર્તમાં તે સમસ્ત શ્રુતને ફેરવી જવાની લબ્ધિ પણ પ્રગટી છે એવા સકલશ્રુતધારી સમર્થ મુનિવરો પણ કેવળજ્ઞાનરૂપી પર્વત પાસે પોતાના જ્ઞાનને કણિકાતુલ્ય અલ્પ જાણે છે, પર્યાયમાં પોતાની અલ્પતા અનુભવે છે — એમ કહ્યું છે.

**'જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ — એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાની એક સમયમાં ત્રણ લોક ને ત્રણ કાળના સર્વ ભાવોને પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાન સમસ્તવસ્તુને પ્રકાશનાર અનંત કિરણોથી ઝળહળી નીકળ્યું છે. પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ માટે અંદર શક્તિ કાંઈ હીણી થઈ ગઈ છે — એમ નથી. અહા! આ તે શી વસ્તુ! પર્યાયમાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ, છતાં વસ્તુ અને તેના ગુણો સદા પૂરણ, પૂરણ ને પૂરણ જ છે. વસ્તુસ્વરૂપ એ તો ચમત્કારિક ચીજ છે, તે સાધારણ તર્ક કે વિકલ્પથી બેસે એવી નથી. દ્રવ્યનો કોઈ સ્વભાવ જ એવો છે કે પર્યાયમાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણપણે પ્રગટ થઈ, છતાં પૂર્ણ સ્વભાવમાં જરા પણ કમી થઈ નથી. આવી વાતો તો સમ્યગ્દૃષ્ટિ જ જીરવી શકે; તેને વસ્તુના સ્વરૂપની અને તેની પ્રાપ્તિની રીતની ખબર હોય છે.

જેને બાર અંગનું જ્ઞાન હોય છે એવા શ્રુતકેવળીને અંતર્મુહૂર્તમાં સમસ્ત શ્રુત ફેરવી જાય એવી લબ્ધિ હોય છે, પણ તેમને એક સમયમાં ત્રણ કાળ ને ત્રણ લોકને પ્રત્યક્ષ પ્રકાશનાર, અનંત કિરણોથી ખીલી નીકળેલું, ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિસ્વરૂપ કેવળજ્ઞાન હોતું નથી; કેમ કે હજી સાધકદશા — અધૂરી દશા છે ને? પૂર્ણ એવા કેવળ-જ્ઞાનમાં અને અલ્પ એવા શ્રુતજ્ઞાનમાં મોટો તફાવત છે. અહીં કેવળજ્ઞાનના — પૂર્ણ પર્યાયના — માહાત્મ્યની વાત છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય અને તેના આલંબને પ્રગટ થયેલી પૂર્ણ નિર્મળ પર્યાયનું માહાત્મ્ય છે, શુભાશુભ રાગનું કે છદ્મસ્થના અલ્પ જ્ઞાનનું નહિ. દ્રવ્યશ્રુતનો વિસ્તાર, સાધારણને તર્કમાં બેસે નહિ એવો, મહાન છે, તોપણ પૂર્ણ કેવળ-જ્ઞાન પાસે તે અતિ અલ્પ છે. પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે.

પ્રવચનસારની ૮૦ મી ગાથામાં આવે છે: જે અર્હંત ભગવાનને દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે જાણે છે તે નિજ આત્માને જાણે છે અને તેનો મિથ્યાત્વમોહ નાશ પામે છે. અર્હંતભગવાન દ્રવ્યે ને ગુણે તો પરિપૂર્ણ છે, કિન્તુ પર્યાયમાં પણ પરિપૂર્ણ થઈ ગયા છે. અર્હંતભગવાનની જેમ હું પણ દ્રવ્યપણે ને ગુણપણે પરિપૂર્ણ છું, અને પર્યાયમાં પરિપૂર્ણ થવાની શક્તિ મારામાં સદાય ભરી પડી છે. એ રીતે પોતાના આત્માને જે જાણે છે તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અહા! આ વાત વિકલ્પથી બેસે એમ નથી. ભગવાન આત્માનો સ્વભાવ જ એક સમયમાં ત્રણે કાળના સંપૂર્ણ જ્ઞેયોને જાણવાનો છે. અનંત ચૈતન્ય કિરણોથી પ્રકાશી નીકળેલ કેવળજ્ઞાન — ચૈતન્યની ચમત્કારિક પૂર્ણ ઋદ્ધિ — પાસે બાર અંગનું શ્રુતજ્ઞાન એક કણિયા સમાન છે, અનંતમા ભાગે અલ્પ છે.

અત્યારે તો ઉપદેશકોએ લોકોને વ્રત, તપ, જાત્રા ને ભક્તિ વગેરેમાં ચડાવી દીધા છે. પણ એ બધી વાતો તો રાગ ને ક્રિયાની છે. પ્રભુ! તને ખબર નથી કે તારાં દ્રવ્ય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ ને પર્યાયની તાકાત કેટલી છે! તારો આત્મા તને જણાવી દે એવી તાકાત રાગમાં નથી. ભલેને લાખ ઉપવાસ કર, લાખ યાત્રા કર, કરોડો ને અબજો રૂપિયા દાનમાં આપી દે, પણ એ રાગના કણિયામાં એવી તાકાત નથી કે આત્માને જાણી શકે. આત્માને જાણવાની તાકાત તો અંદર ભાવશ્રુતજ્ઞાનમાં છે. ભાવશ્રુતજ્ઞાન વડે જેને સ્વરૂપનું ભાન થયું છે તેને વ્યવહારે દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાનો વિકલ્પ આવે છે, છતાં સમ્યગ્દૃષ્ટિ તેને હેય તરીકે જાણે છે. જો હેય જાણે છે તો પછી કરે છે કેમ? ભાઈ! ભૂમિકા પ્રમાણે એવા વિકલ્પો આવ્યા વિના રહેતા નથી. જ્ઞાની કર્તવ્યબુદ્ધિએ વિકલ્પને કરતા નથી, વિકલ્પ આવે છે પણ તેના પ્રતિ હેયબુદ્ધિ છે.

હજુ તો સમ્યગ્જ્ઞાન વિના, આત્મજ્ઞાન વિના, ધારણાનું સાધારણ જ્ઞાન થાય ત્યાં કેટલાકને એમ થઈ જાય કે—'અહા! અમે કેટલું જાણ્યું? અમે કેટલા વધી ગયા?' અરે ભાઈ? સાંભળ તો ખરો! આત્મજ્ઞાનવિહીન ધારણાની વાત તો ક્યાંય રહી ગઈ, પણ અંદર ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણ્યો અને બાર અંગનું—દ્રવ્યશ્રુતનું—જ્ઞાન થયું તે પણ કેવળજ્ઞાનની પાસે ખંડાત્મક જ્ઞાન છે. ક્યાં એ ખંડાત્મક અલ્પ શ્રુતજ્ઞાન અને ક્યાં એ અખંડ પૂર્ણ કેવળજ્ઞાન? જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, જ્યાં ચૈતન્યની ચમત્કારિક અનંત ઋદ્ધિ પ્રગટ થઈ ગઈ—એવા પરિપૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો તફાવત છે.

મિથ્યાદૃષ્ટિને બાર અંગનું જ્ઞાન ન થાય, અગિયાર અંગ ને નવ પૂર્વનું થાય. દસ પૂર્વનું જ્ઞાન થાય તે તો સમ્યગ્દૃષ્ટિ હોય જ. જેણે ભાવશ્રુતથી ભગવાન આત્મા જાણ્યો તેને દ્રવ્યશ્રુતનું આટલું જ્ઞાન હોય તોપણ તેના ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અને કેવળજ્ઞાનમાં અનંતો ફેર છે.

———o———

## વચનામૃત — ૩૨૫

**જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે. બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ તે તો (દૃષ્ટિ-અપેક્ષાએ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી. ૩૨૫.**

**'જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાનનાં દર્શનના, પૂજા-ભક્તિના, શાસ્ત્રસ્વાધ્યાયના, સત્શ્રવણના, ગુરુ-મહિમાના, તીર્થયાત્રાના, વ્રત-તપના ઇત્યાદિ અનેક પ્રકારે બહારના વિકલ્પો — શુભ રાગ જ્ઞાનીને આવે છે, પણ તે શુભ રાગ કાંઈ ધર્મ નથી, આસ્રવ ને બંધનું કારણ છે. જ્ઞાનીને ઉપયોગની સ્થિતિ બે પ્રકારે છે: ઉપયોગ કાં તો સ્વાનુભૂતિરૂપ હોય અથવા તત્ત્વચિંતન, તત્ત્વશ્રવણ, પૂજા-ભક્તિ વગેરે બાહ્ય વિષયોમાં હોય. ધર્મી કોને કહીએ? — કે જેને દેહાદિ સમસ્ત પરપદાર્થોથી તદ્દન ભિન્ન અને શુભાશુભ સમસ્ત વિભાવોથી રહિત જ્ઞાનાનંદમૂર્તિ નિજ ભગવાન આત્માનો અનુભવ થયો હોય. આત્મા વિભાવજનિત આકુળતા વિનાનો — પૂર્ણાનંદનો કંદ — છે એવું જેને અંતરમાં ભાન થયું છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે, તેને ધર્મી અથવા સમકિતી કહીએ. જેને વર્તમાન પ્રગટ પર્યાયમાં ચૈતન્યકંદ, પૂર્ણાનંદનો નાથ, નિજ જ્ઞાયક પ્રભુનો અનુભવ થયો હોય તેને ધર્મનો કરનાર ધર્મી અને જ્ઞાની કહીએ. આવો ધર્મી જીવ બુદ્ધિપૂર્વકના રાગ ને વિકલ્પથી રહિત થઈ, અંતર આત્માને અનુસરીને સ્વાનુભૂતિમાં પડયો હોય કે તેનો ઉપયોગ બહાર વિકલ્પમાં — તત્ત્વચિંતન, તત્ત્વચર્ચા, તત્ત્વશ્રવણ, શાસ્ત્રસ્વાધ્યાય ને દયા-દાન વગેરે શુભ-ભાવમાં અથવા વેપારધંધાના કે વિષયોપભોગના અશુભભાવમાં — આવે ત્યારે તેની દૃષ્ટિ તો તળ ઉપર કાયમ ટકેલી છે.

વસ્તુમાં એક સમયની પર્યાય તે 'ઉપર' છે અને તેની પાછળ જે ત્રિકાળી ધ્રુવ નિત્ય તત્ત્વ છે તે 'તળ' છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિની નિર્મળ પર્યાય પણ ઉપર-ઉપર છે, પણ દૃષ્ટિનો વિષય તો અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક 'તળ' છે. અહા! પરમાત્મા જે વાત કહે છે તે અહીં અંદરથી આવેલી છે. અહીં કહે છે કે જ્યારે ધર્મીનો આત્મા — તેનો ઉપયોગ — રાગ ને મનનો સંબંધ છોડી સ્વરૂપના અનુભવનમાં હોય, જ્ઞાનનો વ્યાપાર સ્વ તરફ ઢળી ગયો હોય, અથવા તો ભક્તિ કે દયા વગેરેના વિકલ્પમાં હોય, ત્યારે પણ તેની દૃષ્ટિ તો અંદર ધ્રુવ જ્ઞાયકતત્ત્વ ઉપર જ છે. જેમ સમુદ્રની ઉપરની સપાટી જોતી વખતે પણ તેના તળની ઊંડપનો ખ્યાલ વર્ત્યા કરે છે, તેમ જ્ઞાનીને પર્યાયરૂપ સપાટીની નીચે જે ઊંડું શક્તિભરપૂર ધ્રુવ ચૈતન્ય તળ છે તેના ઉપર દૃષ્ટિ નિરંતર હોય છે.

જીવોએ વીતરાગનો માર્ગ સાંભળ્યો નથી. ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવ જે ફરમાવે છે તે આ વાત છે. ચોથે ગુણસ્થાને ઉપયોગ સ્વાનુભૂતિમાં હોય કે બહારના વિકલ્પમાં હોય, પણ તેની દૃષ્ટિ તો ત્યારે પણ નિજ ધ્રુવ તળ ઉપર જ છે. અરેરે! અત્યારે તો ત્યાગીઓ પણ એમ કહે છે કે શુભોપયોગથી આત્મા પમાય છે. અહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ચૈતન્ય હીરલાની કિંમત તેમણે ઘટાડી દીધી. અહીં તો કહે છે કે શુભરાગથી નહિ, પણ નિર્વિકલ્પ સ્વાનુભૂતિથી આત્મા પમાય છે; અને પામ્યા પછી પણ ઉપયોગ નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં હોય કે બહારના વિષયમાં હોય, ત્યારે દૃષ્ટિ તો ધ્રુવ તળ ઉપર — શાશ્વત દ્રવ્યસ્વભાવ ઉપર — જામેલી તે જામેલી જ રહે છે.

પ્રવચનસારમાં — શ્રી જયસેનાચાર્યની ટીકામાં — આવે છે ને! — કે શ્રાવકને સામાયિક કાળે શુદ્ધોપયોગની ભાવના હોય છે. ત્યાં 'ભાવના' નો અર્થ શુદ્ધોપયોગની અભિલાષા કે ચિંતવન નહિ પણ શુદ્ધોપયોગરૂપે અંશે 'ભવન' સમજવો. શુદ્ધોપયોગ-રૂપ ભવનને ભગવાન સામાયિક કહે છે. શ્રાવકનો ઉપયોગ નિર્વિકલ્પ સામાયિકમાં હોય કે વ્રતાદિના શુભ વિકલ્પમાં હોય, પણ તેની દૃષ્ટિ તો સદાય નિજ ધ્રુવ તત્ત્વ ઉપર છે, ધ્રુવ તળ ઉપરથી દૃષ્ટિ જરાય ખસતી નથી. જેની દૃષ્ટિ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ, ભૂતાર્થ-ભાવ, સત્યાર્થભાવ ઉપર ખોડાઈ ગઈ છે અને જેને તે ધ્રુવ તળના આશ્રયે પ્રગટ થયેલી નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં અતીન્દ્રિય આનંદનું વેદન વર્તે છે એવા જીવની — ભલેને તે ચોથા ગુણસ્થાનવાળો અવિરતિ હોય કે પાંચમા ગુણસ્થાનવાળો દેશવિરતિ શ્રાવક હોય — આ વાત છે. જે શુભ રાગ ને બહારની ક્રિયામાં ધર્મ માનતો હોય એવા વાડાના શ્રાવકની આ વાત નથી; તેની તો દૃષ્ટિ જ મિથ્યા છે; તેને હજુ વસ્તુસ્વરૂપની જ ખબર નથી.

ભગવાન કહે છે કે — સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને અંતરનાં ધ્રુવ સ્વભાવનો પર્યાયમાં નિર્વિકલ્પ અનુભવ વર્તે, પર્યાયનો અનુભવ — વેદન હોય, છતાં દૃષ્ટિ તો અંતર ધ્રુવ જ્ઞાયક-સ્વભાવમાં છે. દૃષ્ટિ સ્વાનુભવની પર્યાય ઉપર નથી, પણ પૂર્ણ ધ્રુવ તળ ઉપર જ છે. તળ એટલે વર્તમાન વર્તતી પ્રગટ પર્યાયને ગૌણ કરીને બાકી અભેદ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક વસ્તુ. જ્ઞાનીને ઉપયોગ બહાર શુભાશુભ વિકલ્પોમાં આવે ત્યારે પણ તેની દૃષ્ટિ તો ધ્રુવ તળ ઉપર જ ટકેલી છે.

અરેરે! જિંદગી ચાલી જાય છે. એક વાર આ દેહને છૂટવાનો કાળ આવશે. તે પહેલાં જો આત્માનું કાંઈ ન કર્યું તો મૃત્યુ સમયે એ દુઃખમાં ભિંસાઈ જશે. જેને પર ને રાગાદિ વિભાવોથી ભિન્ન નિજ તત્ત્વ ભાસ્યું નથી અને જે અશુભભાવ ઘટાડીને શુભરાગની ક્રિયામાં એકાકાર થયેલો છે, તે દુઃખી થઈને ભિંસાઈ જશે અને પર ગતિમાં રખડવા ચાલ્યો જશે. ધર્મી જીવને મૃત્યુ કાળે નિર્વિકલ્પ ઉપયોગ હોય તો ઠીક, પણ કદાચિત્ પ્રતિકૂળ પરિષહ તરફનો વિકલ્પ આવે તોપણ તેની દૃષ્ટિ તો સદાય અંતર ધ્રુવ તળ ઉપર છે. ધર્મી જીવે શાન્તરસસ્વભાવી ધ્રુવ તળનું શરણ પ્રાપ્ત કર્યું છે તેથી તે રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી. વિપત્તિસમયે તે શુદ્ધાત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તળમાંથી શાન્તિ મેળવી લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે.

અહા! સમ્યગ્દષ્ટિના મારગડા કોઈ જુદા છે. 'શુભભાવથી ધર્મ થાય' એવા મિથ્યા ભાવમાં અનંતા ભવ કરવાની તાકાત છે. મિથ્યાત્વભાવ તે અનંતા ભવ કરવાનો ગર્ભ છે. તેમાંથી ભવ ફાટશે. જેના સ્વરૂપમાં ભવ ને ભવનો ભાવ નથી એવા નિજ ત્રિકાળી શુદ્ધ ધ્રુવ તળનો વર્તમાન પર્યાયમાં આશ્રય કરવો તે ભવનો અભાવ કરવાનો માર્ગ છે. ધ્રુવ સ્વભાવનો આશ્રય કરતાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદાંશનું વેદન થાય તે વખતે — અનુભવના કાળે — દૃષ્ટિ તો ધ્રુવ તળ ઉપર જ કાયમ ટકેલી છે.

**'બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ તે તો (દૃષ્ટિ-અપેક્ષાએ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી.'**

શ્રી જિનેશ્વરદેવે પ્રગટ કર્યો એવો જ આ સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. તે ધ્રુવ તળ ઉપર જેની દૃષ્ટિ છે તેને વિકલ્પ આવે — બહારમાં સત્સમાગમ, સત્શ્રવણ-વાંચન-ભક્તિના શુભભાવ આવે — તોપણ તે દૃષ્ટિ-અપેક્ષાએ ઊંડી ઊંડી ચૈતન્યગુફામાંથી બહાર નીકળતો જ નથી.

સોળમા, સત્તરમા ને અઢારમા તીર્થંકર શ્રી શાન્તિનાથ, શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથ ચક્રવર્તી હતા. જન્મથી ત્રણ જ્ઞાન સાથે લઈને આવ્યા હતા. તેઓ રાજ્ય જીતવા ગયા ત્યારે પણ તેમની દૃષ્ટિ તો અંદર ધ્રુવ ગુફામાંથી કદી બહાર નીકળી જ નહોતી. દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ, ધ્રુવ જ્ઞાયકસ્વભાવ, ચૈતન્ય કાયમી તળમાંથી કદી બહાર નીકળતી જ નથી, ત્યાંથી કદી ખસતી નથી. દૃષ્ટિ જો ધ્રુવ તળમાંથી એક ક્ષણ પણ ખસી જાય તો મિથ્યા થઈ જાય. પછી ભલેને તે પંચમહાવ્રત પાળનારો સાધુ હોય તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે. ભાવલિંગી મુનિને પંચમહાવ્રતના શુભ વિકલ્પ આવે પણ એમની દૃષ્ટિ અંદર ધ્રુવ તળ ઉપર ચોંટેલી છે. તેમાંથી તેમની દૃષ્ટિ કદી બહાર નીકળતી નથી.

અહા! આ તો ભવનો અભાવ કરવાની વાત છે. શુભાશુભ ભાવો કરીને મનુષ્યાદિ ચારેય ગતિઓમાં રખડયો, પણ તેનાથી કાંઈ ભવનો અભાવ ન થયો. જે ભવ ને ભવના ભાવ વિનાની ચીજ છે, અરે! એક સમયની પર્યાય વિનાની ચીજ છે, એવા પોતાના ધ્રુવ જ્ઞાયક ભાવ ઉપર દૃષ્ટિ હોવાથી ધર્મી જીવ વિકલ્પમાં આવ્યો હોવા છતાં તે ધ્રુવ ચૈતન્યની ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી; કેમ કે તેણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાનંદનું તળ જોયું છે ને! અતીન્દ્રિય આનંદનો ડુંગર જોયો છે ને! અરેરે! જેને આ વાત સાંભળવા પણ મળે નહિ તે કે દી સમજે; જિંદગી એમ ને એમ ચાલી જાય છે!

---

## વચનામૃત — ૩૨૬

**તળ સ્પર્શ્યું તેને બહાર થોથું લાગે છે. ચૈતન્યના તળમાં પહોંચી ગયો તે ચૈતન્યની વિભૂતિમાં પહોંચી ગયો. ૩૨૬.**

**'તળ સ્પર્શ્યું તેને બહાર થોથું લાગે છે.'**

આનંદના નાથ નિજ પ્રભુ ધ્રુવ જ્ઞાયક આત્માને જેણે દૃષ્ટિમાં પકડયો તેને બહારનું બધું — દયા-દાન, વ્રત-તપ, પૂજા-ભક્તિ વગેરેના વિકલ્પો તથા ક્રિયા બધું — થોથું લાગે છે. 'તળ સ્પર્શ્યું' એટલે શું? 'સ્પર્શવું' તે પોતે તો શ્રદ્ધા, જ્ઞાન ને અનુભૂતિની નિર્મળ પર્યાય છે. જેમાં ત્રિકાળી ધ્રુવ અનંત શક્તિઓનો માલ પડયો છે, જેમાં અનંત સહજ જ્ઞાન, અનંત સહજ દર્શન, અનંત સહજ આનંદ, અનંત સહજ શાન્તિ, અનંત સહજ સ્વચ્છતા અને અનંત સહજ પ્રભુતા આદિ અનંત સહજ ગુણોનો ખજાનો ભરપૂર ભરેલો છે એવા નિજ જ્ઞાયક ધ્રુવ દ્રવ્યસ્વભાવની — ચૈતન્યતળની — જેને દૃષ્ટિ થઈ, સાનુભવ સ્પર્શના થઈ, તેને બહાર બધું થોથું લાગે છે, નિઃસાર, ફોતરાં જેવું તુચ્છ લાગે છે. અશુભથી બચવા માટે અનેક પ્રકારના શુભભાવ આવે, તત્ત્વસંબંધી વિકલ્પો પણ આવે, પણ શુદ્ધ નિર્વિકલ્પ સ્વરૂપની અપેક્ષાએ એ બધું થોથું લાગે.

જેમ મલોખું કસ વગરનું, પોલું ને થોથું હોય, તેમ ધર્મી જીવને નિજ ચૈતન્ય-તળ સિવાય બીજું બધું કસ વગરનું, પોલું ને થોથું લાગે છે; કેમ કે તેણે અંદર માલદાર — કસદાર આનંદનિધિ જ્ઞાયક તળ સ્પર્શ્યું છે. તેને, સળેલાં અનાજની જેમ, ભૂમિકા અનુસાર આવનારા દયા-દાન, વ્રત-તપ, પૂજા-ભક્તિ વગેરેના શુભભાવ કસહીન, પોલાં ને થોથાં લાગે છે. તેમાં માલ કાંઈ નથી, માલ તો અંદર મારા ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસ્વરૂપમાં છે. અહા! આ તો ભવના અભાવની વાતો છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**‘ ચૈતન્યના તળમાં પહોંચી ગયો તે ચૈતન્યની વિભૂતિમાં પહોંચી ગયો. ’**

દેહ, લક્ષ્મી વગેરે પરદ્રવ્યોથી તથા શુભાશુભ વિભાવોથી ભિન્ન પડી, અંતર સ્વસન્મુખ દૃષ્ટિ કરીને જે ચૈતન્યના ધ્રુવ તળમાં પહોંચી ગયો તે આત્મવસ્તુમાં રહેલી અનંત જ્ઞાન, અનંત શાન્તિ, અનંત આનંદ, અનંત વીતરાગતા આદિ અનંત ગુણ-વિભૂતિમાં પહોંચી ગયો. એ ગુણવૈભવ પાસે, શુભ-અશુભના જે રાગ આવે તે બધાં થોથાં લાગે. ભૂમિકા પ્રમાણે રાગ હોય, પણ તે થોથું લાગે, એની કિંમત ન લાગે; કિંમત — મહત્તા તો એકમાત્ર ચૈતન્યતળની જ લાગે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

શુભાશુભ ભાવમાં આકુળતા છે. ચૈતન્ય તરફ જાય તો જીવને શાન્તિ અને આનંદ છે. ત્યાં અનંત જ્ઞાન તેમ જ અનંત આનંદ ભરેલો છે. તે આનંદ અંદરમાંથી પ્રગટ થયા જ કરે છે. જો સ્વમાં દૃષ્ટિ કરે, જ્ઞાન કરે અને લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહેતો જ નથી. શુભાશુભ ભાવનો આશ્રય છોડી ચૈતન્યનો આશ્રય લેવો તે જ ગુરુદેવે બતાવ્યું છે.

— બહેનશ્રી ચંપાબેન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૧૨૨

તા. ૧૭-૧૦-૭૮

## વચનામૃત — ૩૨૭

**દેવલોકમાં ઊંચી જાતનાં રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું? કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે. અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાન્તિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાન્તિ આપે? ૩૨૭.**

**'દેવલોકમાં ઊંચી જાતનાં રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું?'**

બહારની ઋદ્ધિ ગમે તેટલી હોય એમાં આત્માને ક્યાં શાન્તિ છે? અંતરની ઋદ્ધિ ન પ્રગટે, ભગવાન આત્મા અનંત શાન્તિનો રસકંદ છે, અનંત અતીન્દ્રિય આનંદનો ભંડાર છે, એની દૃષ્ટિ કરીને જ્યાં સુધી અંતરથી શાન્તિ ન પ્રગટે, ત્યાં સુધી બીજે ક્યાંય શાન્તિ નથી.

**'કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે. અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાન્તિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાન્તિ આપે?'**

બાહ્ય સમૃદ્ધિ કે ઋદ્ધિ છે તે તો દુઃખમાં નિમિત્ત છે, આકુળતાનાં નિમિત્ત છે. ભગવાન આત્મા અનાકુળ આનંદ ને અકષાય શાન્તરસથી ભરેલો ભંડાર છે, તેમાંથી શાન્તિ ન આવે ત્યાં સુધી બીજે ક્યાંય શાંતિ નથી. "સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા, અંતરકી લચ્છીસોં અજાચી લચ્છપતી હૈં." અંતરની ઋદ્ધિ ન પ્રગટે — આત્માનું સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન, આત્માની શાન્તિ, આત્માની સ્વચ્છતા, આત્માના ત્રિકાળી શાન્તસ્વભાવરૂપ શક્તિમાંથી વ્યક્તતા ન પ્રગટે — ત્યાં સુધી અંદર સાચી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાન્તિ પ્રગટતી નથી. શાન્તિ ન પ્રગટે, અંદરની ઋદ્ધિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાન્તિ આપે ?

ઘણાં સગવડતાનાં સાધનો આવ્યાં માટે હવે આપણને શાન્તિ મળી એમ માને; પણ શાંતિ એમાં છે નહિ; એ બધી બહારની ઋદ્ધિ આકુળતામાં નિમિત્ત છે. ભગવાન તો અનાકુળસ્વભાવ શાન્ત-શાન્ત રસકંદ પ્રભુ છે, એની ઋદ્ધિ અંદરથી ન પ્રગટે ત્યાં સુધી ક્યાંય શાન્તિ નથી. ...તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાન્તિ આપે ?

અત્યારે તો સમકિત વિના સાધુપણું આપી દે છે, પણ પોતે સમકિત વિનાના છે. બહારની ક્રિયાથી સાધુપણું માને, પરંતુ સાધુપણું — સંયમ કોને કહેવાં ? હજી સમ્યગ્દર્શનનાં તો ઠેકાણાં નથી, અને લઈ લો પંચમહાવ્રત ને થઈ ગયા ત્યાગી ! એ તો અજ્ઞાનતાનું પોષણ છે. દીક્ષા લેનારને ખબર ન મળે ને દેનારને ખબર ન મળે કે સમ્યગ્દર્શન શું છે, ચારિત્ર શું છે !

મુનિદશા કેવી હોય છે, મુનિપણું કોને કહેવું —એ વાત હવેના બોલમાં આવશે.

---

## વચનામૃત — ૩૨૮

**મુનિદશાની શી વાત ! મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં સદા ઝૂલનારા છે ! તેમને તો સર્વગુણસંપન્ન કહી શકાય ! ૩૨૮.**

**'મુનિદશાની શી વાત !'**

ક્ષણમાં છઠ્ઠું ગુણસ્થાન અને ક્ષણમાં સાતમું ગુણસ્થાન — એને મુનિ કહીએ. સમ્યગ્દર્શન સહિત ચારિત્ર — સ્વરૂપની રમણતા — પણ ઘણું પ્રગટ્યું છે સાતમા ગુણસ્થાનમાં. એ નિર્વિકલ્પ પ્રચુર સ્વસંવેદનરૂપ અનુભવદશામાંથી હેઠે પાછા છઠ્ઠે આવે — વિકલ્પ ઊઠે — એ પ્રમાદદશા, પાછા સાતમે જાય એ અપ્રમાદદશા. અહા ! છઠ્ઠે ગુણસ્થાને આવે તો ક્ષણમાં સાતમે ચાલ્યા જાય અને સાતમું આવે ત્યાંથી ક્ષણમાં છઠ્ઠે આવી જાય — એવી દશા સંતોની — ભાવલિંગી મુનિઓની — હોય છે. એમ મુનિઓ તો સદા છઠ્ઠા-સાતમામાં — પ્રમત્ત-અપ્રમત્ત દશામાં — ઝૂલનારા છે. તેમને પંચમહાવ્રતના પરિણામ કહ્યા છે એ રાગ છે, વિકલ્પ છે; ને બાહ્ય નગ્નપણું એ તો અજીવની ક્રિયા છે; એમાં આત્મા ક્યાં આવ્યો ? આત્માનો — અંદર અતીન્દ્રિય આનંદનો જે નાથ તેનો — જેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલાં સમ્યગ્દર્શનમાં અનુભવ થયો છે અને પછી ચારિત્રદશા થતાં ઉગ્ર સ્વસંવેદનદશા પ્રગટ થઈ છે તેને ભાવમુનિ કહેવાય છે.

સમયસારની ૩૮ મી ગાથાની ટીકામાં કેવું આવ્યું છે! વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં શ્રોતા સમજીને કહે છે કે — આમ સર્વથી જુદા એવા નિજ સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા એવા મને કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને — ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.

અહા! કેવી શૈલી! આવા ભાવ ગુરુમુખેથી જેના કાને પડયા અને અંદરમાં જેણે તળને જોયું — ધ્રુવ તળને જોયું, જાણ્યું ને અનુભવ્યું — એ શ્રોતા એમ કહે છે: મારો મહાન જ્ઞાનપ્રકાશ અંદરથી પ્રગટ થયો છે તેથી મને જે આ મોહનો — મિથ્યાત્વનો નાશ થયો છે તે હવે ફરીથી કદી ઉત્પન્ન થાય એમ નથી. એવો અપ્રતિહત ભાવ લીધો છે. અહા! ગજબ વાત છે! વિરક્ત ગુરુએ જીવ — આત્મા બતાવ્યો અને જેણે અંતર સ્વસંવેદનથી તેને જાણ્યો — સાંભળીને નહિ પણ પોતાના સ્વસંવેદનથી, આનંદ-સ્વરૂપ, શાન્તસ્વરૂપ પોતાના વેદનથી, નિર્વિકલ્પ સમાધિથી જેણે આત્માને જાણ્યો — તે એમ કહે છે: અમે જે આ સર્વ પરભાવથી જુદા એવા નિજ સ્વરૂપના અનુભવ વડે મોહનો મૂળમાંથી નાશ કર્યો છે તે હવે ફરીથી અમને કદી ઊપજવાનો નથી.

પંચમ કાળના મુનિ પંચમ કાળના શ્રોતાને કહે છે. પંચમ કાળ હોવાથી, 'કેવળીએ સમજાવ્યું' એમ વાત લીધી નથી. વિરક્ત ગુરુએ — રાગની રક્તતા જેને છૂટી ગઈ છે અને અતીન્દ્રિય આનંદદશામાં જે રક્ત (અંતર્લીન) થયા છે, રાગથી વિરક્ત અને સ્વરૂપમાં રક્ત થયા છે એવા ગુરુએ — સમજાવ્યું છે. પંચમ આરાના સંતો પાસે સાંભળીને પંચમ આરાનો જીવ રાગથી ભિન્ન નિજ આત્માના અનુભવને પામે છે. એટલું જ નહિ પણ સમ્યગ્દૃષ્ટિ આત્માને દીપચંદજીએ 'ભાવદીપિકા' માં જઘન્ય 'આપ્ત' કહેલ છે. જેને હિત અંદર પ્રગટ થયું છે ને જે હિતની વાત કરે છે તે 'આપ્ત' છે.

## 'મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં સદા ઝૂલનારા છે!'

જેને અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન તો પ્રગટેલું છે — કેવળ બહિર્લક્ષી શાસ્ત્રજ્ઞાન નહિ—, તથા જેને ચારિત્રદશામાં રમણતા, અતીન્દ્રિય શાંતિ ઘણી પ્રગટી છે, એવા મુનિ ક્ષણમાં સપ્તમ ગુણસ્થાને જાય છે અને ક્ષણમાં છઠ્ઠે આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## 'તેમને તો સર્વગુણસંપન્ન કહી શકાય !'

અહો ! સર્વાર્થસિદ્ધિના દેવો સમકિતી અને એકાવતારી છે. તેમને જે શાંતિ છે તેના કરતાં પાંચમા ગુણસ્થાનવાળા જીવને, તેના કરતાં છઠ્ઠા ગુણસ્થાનવાળાને અને તેના કરતાં સાતમા ગુણસ્થાનવાળાને ઉત્તરોત્તર વધારે શાંતિ હોય છે. છઠ્ઠે-સાતમે તો ઘડીકમાં નિર્વિકલ્પ અને ઘડીકમાં સવિકલ્પ. અહો ! એ મુનિરાજ તો શાંતિના ઝૂલે ઝૂલે છે. ધન્ય અવતાર ! ધન્ય એ મુનિદશા ! એમને તો સર્વગુણસંપન્ન કહી શકાય.

નિયમસારની ટીકાના એક શ્લોકમાં કહ્યું છે :... જે જીવ ( મુનિ ) સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે — તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે. જરાક રાગ છે એટલે તે પૂર્ણ નથી. વળી, બીજા શ્લોકમાં એમ કહ્યું છે કે — સર્વજ્ઞ-વીતરાગમાં અને સ્વવશ યોગીમાં કયારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે ! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ. તેમાં તફાવત — ભેદ માને તે જડ જેવો છે. પ્રવચનસારમાં પંચરત્ન જેવી ઉત્તમ છેલ્લી પાંચ ગાથાઓમાંની એક ગાથામાં, આવું દર્શન, જ્ઞાન ને ચારિત્ર — વસ્તુનું દર્શન, તેનું જ્ઞાન અને તેની રમણતા — જેને પ્રગટયું તે મુનિરાજને મોક્ષતત્ત્વ કહ્યું છે. અહો ! એ ભાવલિંગી — આનંદની મસ્તીમાં ઝૂલનારા — મુનિરાજની શી વાતો કરવી ! અત્યારે તો તેમનાં દર્શન પણ દુર્લભ થઈ ગયાં. વીતરાગ ત્રણ લોકના નાથ, તેમનાં દર્શન તો દુર્લભ થયાં, પણ આવા સંતોના પણ વિરહ પડી ગયા !

પ્રશ્ન :— તેમણે કહેલા ભાવ રહી ગયા ને ?

ઉત્તર — ભાવ રહી ગયા, પણ પોતે કયાં છે ? વીતરાગ સંતોએ બતાવેલા ભાવ — વસ્તુસ્વરૂપ અને તેને સમજવાનો માર્ગ — રહી ગયા, પણ આનંદદશામાં ઝૂલનારા તે વીતરાગ મુનિઓનાં અત્યારે દર્શન કયાં છે ? તેમના વિરહ પડી ગયા છે. તેમને સર્વગુણ-સંપન્ન કહી શકાય. સર્વગુણસંપન્ન ચારિત્ર છે ને ? પરમેષ્ઠી છે ને ? સમયસારની પાંચમી ગાથાની ટીકામાં પોતાના આત્માનો નિજ વૈભવ બતાવતાં કહ્યું છે કે, નિરંતર ઝરતો — આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન તેનાથી જેનો ( નિજ વૈભવનો ) જન્મ છે. અહો ! ભાવલિંગમાં જેને પ્રચુર સ્વસંવેદન પ્રગટયું છે — અંદર અનુભવમાં આનંદનો તેમ જ સર્વગુણોનો યથાસંભવ સાગર ઊછળે છે — એવા મુનિને સર્વગુણસંપન્ન કહી શકાય.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૨૯

મુનિરાજ વારંવાર નિર્વિકલ્પપણે ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્ભુત ઋદ્ધિને અનુભવે છે. તે દશામાં, અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ ભિન્ન-ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયરૂપ તરંગોમાં અને આશ્ચર્યકારી આનંદ-તરંગોમાં ડોલે છે. મુનિરાજ તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે, વચનાતીત છે. ત્યાં શૂન્યતા નથી, જાગ્રતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે. તું ત્યાં જા, તને ચતન્યદેવનાં દર્શન થશે. ૩૨૯.

મુનિરાજનો અધિકાર સારો આવ્યો છે.

**'મુનિરાજ વારંવાર નિર્વિકલ્પપણે ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્ભુત ઋદ્ધિને અનુભવે છે.'**

મુનિરાજ વારંવાર વીતરાગપણે, અનંત ગુણોની વસ્તી જેમાં વસે છે એવા નિજ ચૈતન્યનગરમાં — અંતર અતીન્દ્રિય આનંદના ધામમાં — પ્રવેશીને અદ્ભુત ઋદ્ધિને અનુભવે છે. અહો! એ અદ્ભુત મુનિદશા! અત્યારે તો સમ્યગ્દર્શન વિના — આત્માના ભાન વિના — પાધરું મુનિપણું આપી દે છે.

મુનિરાજે શુભોપયોગથી ભિન્ન પડી અંદર આનંદના નાથને અનુભવ્યો છે; આનંદની દશા પ્રગટી તેને રાખે છે અને નથી પ્રગટી તેને મેળવવા પ્રયત્ન કરે છે. એવા મુનિરાજ નિર્વિકલ્પ દશાએ પરિણમીને — બાહ્યથી શૂન્ય થઈને — અંદરમાં પ્રવેશ કરે છે ત્યાં શૂન્યપણું નથી. મુનિ તો અતીન્દ્રિય આનંદની અદ્ભુત દશાને અનુભવે છે.

**'તે દશામાં, અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ ભિન્નભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયરૂપ તરંગોમાં અને આશ્ચર્યકારી આનંદતરંગોમાં ડોલે છે.'**

અનંત અનંત ગુણોથી ભરપૂર ભગવાન આત્મા જુદા જુદા પ્રકારના ચમત્કારિક જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા વગેરેને — જે વચનગમ્ય નથી એવા ચમત્કારિક આનંદ આદિ વિવિધ પ્રકારના ભાવને — અનુભવે છે; તે અંદર આશ્ચર્યકારી સુખ-સાગરમાં ડોલે છે. દ્રવ્યે અને ગુણે તો ભગવાન આત્મા પરિપૂર્ણ છે, પણ તેનો અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતાં — સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં — ભિન્નભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયોમાં — શાંતિની પર્યાય, સ્વચ્છતાની પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય, સ્વરૂપાચરણની પર્યાયરૂપ તરંગોમાં — આત્મા ડોલે છે. તરંગ પર્યાય છે, વસ્તુ ધ્રુવ છે. વેદન પર્યાય છે, વેદન ધ્રુવ ન હોય. વેદનની પર્યાય વર્તમાન દશા છે.

પ્રવચનસારની ૧૭૨મી ગાથાની ટીકામાં અલિંગગ્રહણના ૨૦મા બોલમાં આવે છે કે — લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ-સામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો નિત્ય ચૈતન્ય-દ્રવ્યસ્વભાવ, તેને જે અડતો નથી એવો શુદ્ધ પર્યાયરૂપ આત્મા છે. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે આ દ્રવ્ય — જે પહેલાં હતું તે જ આ છે; જે જાણનારો પહેલાં હતો તે જ આ, એવું જે ત્રિકાળી દ્રવ્ય — તેને નહિ સ્પર્શતો, તેને નહિ અડતો, તેને આલિંગન નહિ કરતો આત્મા — વેદનમાં વર્તમાન જે દશા આવી તે આત્મા — શુદ્ધ પર્યાયસ્વરૂપ છે. દૃષ્ટિ તો સામાન્ય ઉપર, દ્રવ્ય ઉપર છે, પણ વેદન શુદ્ધ પર્યાયનું છે. દૃષ્ટિ તો ધ્રુવ ઉપર પરિણમી ગઈ છે, પણ અહીં (અલિંગગ્રહણના ૨૦મા બોલમાં) કહે છે કે દૃષ્ટિનો વિષય એવું જે દ્રવ્ય તેનું આલિંગન નહિ કરતો એવો આત્મા વર્તમાન શુદ્ધ પર્યાય છે. વેદનપર્યાય તેને આત્મા કહ્યો. વેદનની પર્યાય એ તો પ્રગટ છે, ધ્રુવમાં એ ભળી નથી ગઈ. ધ્રુવને જાણનારી પર્યાય ધ્રુવથી સ્વરૂપે ભિન્ન છે. સમ્યગ્દર્શનની પર્યાય — જે દ્રવ્યને માને છે તે — દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.

મુનિ તો આશ્ચર્યકારી આનંદતરંગોમાં ડોલે છે. અહા ! એ વાણીથી શું કહી શકાય ! જ્યાં શક્તિમાંથી વ્યક્તતા – પ્રગટતા થઈ, ભરતી આવી — ભરતી બહારથી નહિ, ભીતરથી આવે છે — શાંતિની, આનંદની, સ્વચ્છતાની, સમ્યગ્દર્શનની, સ્વસંવેદનની, ચારિત્રની, ત્યાં જ્ઞાની આશ્ચર્યકારી આનંદતરંગોમાં ડોલે છે. અંદર આનંદનો નાથ ઊછળ્યો છે, તેમાં દૃષ્ટિ ને એકાગ્રતા થતાં, એ એકાગ્રતાની પર્યાય આનંદતરંગમાં ડોલે છે. આવી વાત છે ભાઈ! તેને માનીને પ્રગટ કર્યે જ છૂટકો છે; એ વિના પરિભ્રમણ નહિ મટે.

અનંત ગુણોથી ભરપૂર આ આત્મદ્રવ્યનો આશ્રય લીધો પર્યાયે; એ પર્યાયે નિજ દ્રવ્યના તળને જોયું; તેને જોતાં — અનુભવતાં ભિન્નભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયોના — જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, ચારિત્રની પર્યાય, આનંદની પર્યાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વચ્છતાની પર્યાય, પ્રભુતાની પર્યાય, જીવત્વશક્તિની પર્યાય વગેરે અનંત ગુણોની પર્યાયોના — જેમ ફુવારો ફાટે તેમ, નિર્મળ તરંગો ઊઠે છે. આમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે આવી ગયાં. જેને હજુ દ્રવ્ય કોને કહેવાય, ગુણ કોને કહેવાય, પર્યાય કોને કહેવાય, તેની ખબર નથી અને 'णमो अरिहंताणं, णमो सिद्धाणं' ના ગડિયા હાંકયે જાય તેની અહીં વાત નથી. અહીં તો અનંત ગુણથી ભરેલો આત્મા સ્વભાવની સન્મુખ થયો અને રાગાદિ વિભાવ ને પર્યાયથી વિમુખ થયો ત્યારે અંદર ચમત્કારિક પર્યાયોના તરંગ ઊઠયા — અજબગજબની જ્ઞાનપર્યાય, અજબગજબની સમ્યક્ત્વપર્યાય, અજબગજબની ચારિત્ર-પર્યાય, અજબગજબની આનંદપર્યાય વગેરે અનંત ગુણોની અદ્ભુત પર્યાયો મુનિરાજને ઉત્પન્ન થઈ પંચમહાવ્રત કે નગ્નપણું તે મુનિપણું નથી, પણ અંદર અનંત ગુણોનો દરિયો છે તેના ઉપર દૃષ્ટિ દઈ, તેનું ભાન થતાં આનંદ આદિ ગુણોના તરંગો ઊઠે તે ધર્મ અને મુનિપણું છે. દરિયામાં જેમ ભરતી આવે, નદીમાં જેમ પૂર આવે, તેમ સાધક સંતોને — મુનિરાજને અંદર આનંદ આદિ તરંગોની છોળો ઊઠે છે, પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે.

**'મુનિરાજ તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે, વચનાતીત છે.'**

સમ્યગ્દૃષ્ટિ હો કે મુનિરાજ હો — બેઉને આત્માના આનંદસ્વરૂપનું સ્વસંવેદન કોઈ જુદી જાતનું હોય છે. સમકિતીને રાગના, પંચમહાવ્રતના વિકલ્પો — પુણ્યના પરિણામ આવે, ભક્તિ આદિના પરિણામ આવે, પણ અંદરમાં તેને પ્રભુ – આત્માનું સ્વસંવેદન જુદું છે. અંતરના આનંદનું વેદન, એ શાંતિ કોઈ જુદી જ, વચનાતીત છે.

અહા! ભગવાને એ શાંતરસના સંવેદનસ્વરૂપ ધર્મ કોને કહ્યો છે? પુણ્ય-પાપરૂપ કષાયભાવના અભાવરૂપ એવો જે અંદર શાંતરસનો સ્વભાવ તેને ભગવાને ધર્મ કહ્યો છે.

જેમ નિર્મળતા રે રત્ન-સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય-અભાવ રે.

જિંદગીમાં સાંભળ્યું હોય બીજું ને આ વાત આવી કાંઈ બીજી; તેથી કહે કે કાંઈ નવી વાત કરે છે. નવી નથી બાપુ! આ વાત તો અનાદિની છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ અને અનંત સંતો — મુનિઓ આ વાત કહેતા આવ્યા છે ભાઈ! તને સાંભળવા ન મળ્યું હોય માટે નવું લાગે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે મુનિરાજ તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવનું આ સ્વસંવેદન — સ્વ એટલે આનંદકંદ શુદ્ધ આત્મા, અને સંવેદન એટલે તેનું પર્યાયમાં વેદન — કોઈ જુદું જ છે; રાગથી જુદું છે, વિસ્મયકારી છે, આશ્ચર્યકારી છે. ચોથે ગુણસ્થાને વર્તતા સમ્યગ્દૃષ્ટિનું પણ સ્વસંવેદન કોઈ જુદી જાતનું છે. પાંચમા ગુણસ્થાને વર્તતા સાચા શ્રાવકનું પણ સ્વસંવેદન રાગથી કોઈ જુદી જાતનું છે. સ્વ એટલે પોતાનો શાંત અને આનંદ સ્વભાવ; સંવેદન એટલે તેનું પર્યાયમાં વેદન, તે કોઈ જુદી જાતનું છે, વચનાતીત છે. એ વચનમાં શું કહેવાય ભાઈ! ગૂંગાનો ગોળ. ગૂંગો ગોળ ખાય. તેને પૂછે : ગૂંગા ! ગોળ કેવો? શું જવાબ આપે? મોઢાના ભાવથી અને હાથની ચેષ્ટાથી બતાવવાની કોશિશ કરે. એમ આ જ્ઞાનીનું સ્વસંવેદન પણ કોઈ જુદી જાતનું છે, વચનાતીત છે.

૨૨૮મા બોલમાં પણ કહ્યું છે : આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા, બસ!... તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે; તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી. તેને અનુભવી, તેમાં ઠરી જા. શ્રીમદે 'અપૂર્વ અવસર'માં કહ્યું છે :

> જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
> કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
> તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
> અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦

— આમાં પણ એ જ આવ્યું. વસ્તુ છે તે વાણીમાં કેટલી આવે? વાણી જડ, રૂપી અને ભગવાન આત્મા ચેતન, અરૂપી. દુશ્મનની પાસે સ્વજનની વાત કરાવવી હોય કે 'તું મારા સ્વજન મિત્રના ગુણ કહેજે', તો એ દુશ્મન કેટલી વાત કરે? અંદર ભગવાન આનંદનો નાથ અરૂપી; અને વાણી જડ, રૂપી, માટી, ધૂળ — એ દ્વારા અરૂપી ચેતનની કેટલી વાત કરાય? ગોમ્મટસારમાં કહ્યું છે : કેવળજ્ઞાની ભગવાને જેટલું જાણ્યું છે તેના અનંતમા ભાગે વાણીમાં આવે છે. અહા! એટલી વસ્તુસ્વરૂપની ગંભીરતા છે, વસ્તુનું સ્વરૂપ કથંચિત્ એટલે કે પૂર્ણપણે વચનાતીત છે. બીજી અપેક્ષા લઈને, સમયસારની પાંચમી ગાથાની ટીકામાં સ્પષ્ટીકરણ કરતાં પં. જયચંદજીએ એમ પણ કહ્યું છે કે — શબ્દબ્રહ્મ (જિનવાણી) બધું કહે છે; પરમાગમમાં વસ્તુના વચનગોચર સર્વ ધર્મોનાં નામ આવે છે; અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે; એ રીતે શબ્દબ્રહ્મ સર્વ વસ્તુઓનો પ્રકાશક છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ત્યાં શૂન્યતા નથી, જાગ્રતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે.'**

એ વચનાતીત સ્વસંવેદન કોઈ જુદું જ છે. ભગવાન આત્મામાં આનંદનું વેદન જે છે તે સ્વસંવેદન છે; તે વચનથી કહી શકાય નહિ માટે વચનાતીત કહ્યું, પરંતુ ત્યાં શૂન્યતા નથી. વચનથી ન કહી શકાય માટે તે શૂન્ય છે એમ નથી. અંદર મહાપ્રભુ આનંદથી ભરેલો છે અને વેદનમાં પણ આનંદની પર્યાય આવી ગઈ છે. એ વેદન કંઈ શૂન્ય છે એમ નથી. અહા! આવો વીતરાગ માર્ગ; ભારે કામ, બાપુ! જીવનું આ ચમત્કારિક વેદન આશ્ચર્યકારી ને વચનાતીત છે, રાગના વેદનથી કોઈ જુદી વાત છે. રાગનું — દયા, દાન, વ્રત વગેરેનો વિકલ્પ રાગ છે તેનું — વેદન જુદી જાતનું છે અને આ સ્પષ્ટ સ્વસંવેદન કોઈ જુદી જાતનું છે.

અહા! ભારે કામ ભાઈ! ત્રણ લોકના નાથ જે જિનેશ્વરદેવ — પરમેશ્વર એની વાણીમાં પણ અમુક આવ્યું, પૂરું ન આવ્યું; કેમ કે વાણી જડ છે. ભગવાન આત્મા — ચૈતન્યદેવ — સ્વપર-પ્રકાશક છે ને વાણી સ્વપર-કથક છે. સ્વપરની વાર્તા-કથન કરી શકે એવી શક્તિ વાણીમાં છે; તોપણ આત્માનું પૂરું સ્વરૂપ કહેવાની તાકાત તેનામાં નથી. આત્મામાં અનંતા ગુણ — અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, જ્ઞાન, દર્શન, સુખ વગેરે —, તે અનંત ગુણની એક સમયની અનંત પર્યાય, તેનું સ્પષ્ટ વેદન થાય છે, ત્યાં શૂન્યતા નથી. અંદર એ અનંત વૈભવથી ભરેલો ભગવાન છે, તે અનંત ગુણઋદ્ધિથી ભરપૂર ચૈતન્યદેવ અનુભવમાં આવતાં, ત્યાં શૂન્યતા નથી, જાગ્રતપણે તે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે. એ વેદન વચનથી ન કહી શકાય.

કોઈ કહે છે કે — અંદર શૂન્ય થઈ જાઓ; ખૂબ રોવો — ખૂબ રોવો, પછી વિકલ્પ તૂટી શૂન્ય થઈ જશો. — એવો માર્ગ છે જ નહિ. વીતરાગ માર્ગ સિવાય બીજો કોઈ મત સત્ય છે જ નહિ. પરંતુ વીતરાગે કહેલું આ સત્ય મોંઘું ઘણું, ભાઈ! એ વસ્તુ દુર્લભ છે, મોટામાં મોટી ચીજ છે. અહીં એમ કહ્યું કે, ત્યાં (સ્વસંવેદનમાં) શૂન્યતા નથી એટલે કે વેદનમાં વિકલ્પ નથી અને વેદન આવ્યું એ કહી શકાતું નથી માટે વેદન કાંઈ છે જ નહિ — એમ નથી. અંદર આનંદ, શાંતિ વગેરે ગુણોનું અસ્તિપણે — અત્યંત સ્પષ્ટપણે વેદન છે.

બીજાઓ કેટલાક હજુ કહે છે: આ એક વાર બેનનું પુસ્તક પ્રગટ થયું, હવે બીજી વાર બીજું લખીને વચનામૃતનો બીજો ભાગ બહાર પાડો. ભાઈ! આમાં —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ એક પુસ્તકમાં જ — બધું આવી ગયું છે. બીજે ક્યાંય આવી વાત છે નહિ. આ તો બેનથી (બહેનશ્રી ચંપાબેનથી) સહેજે બોલાઈ ગયું ને સહેજે દીકરીઓએ લખી લીધું; એમને કાંઈ ખબર નહોતી કે આ વાત બહાર પડશે. શું બેન કે દીકરીઓને ખબર હતી? અહા! 'નિવેદન'માં લખ્યું છે કે એ દીકરીઓ પણ અભિનંદનને પાત્ર છે જેમણે આવી વાત લખી લીધી. વચનામૃતના એકેક શબ્દમાં, એકેક બોલમાં સારું (પૂરું) તત્ત્વ ભરેલું છે. આ 'વચનામૃત' પુસ્તકમાં આવા ૪૩૨ બોલ છે.

**'તું ત્યાં જા, તને ચૈતન્યદેવનાં દર્શન થશે.'**

આ બોલમાં અહીં શું કહે છે? જ્ઞાની જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે, શબ્દાતીત છે; પરંતુ ત્યાં શૂન્યતા નથી. ભગવાન આત્મા અનંત ગુણઋદ્ધિથી ભરેલું દ્રવ્ય — ચૈતન્યદેવ — તેનો જે અનુભવ એટલે કે સ્વસંવેદન તે વચનથી કહી શકાય નહિ, વિકલ્પથી જણાય નહિ, માટે તે શૂન્ય છે એમ નથી; તે વેદન આનંદ અને શાંતિથી ભરેલું છે. એ અનુભવદશામાં જાગ્રતપણે જ્ઞાન, આનંદ વગેરે અલૌકિક ઋદ્ધિનું — પોતાની અલૌકિક વિભૂતિનું — અત્યંત સ્પષ્ટ વેદન છે. વેદન એ પર્યાય છે. તું ત્યાં જા, તને ચૈતન્યદેવનાં દર્શન થશે.

ભાવલિંગી મુનિરાજ તેમ જ અવિરત સમ્યગ્દૃષ્ટિને સ્વાનુભૂતિની પર્યાયમાં જાગ્રતપણે અલૌકિક નિર્મળતાઓનું — જ્ઞાન ને આનંદ આદિ અદ્‌ભુત ઋદ્ધિઓનું — સ્પષ્ટપણે વેદન હોય છે. ત્યાં અંદર તું જા, તને નિજ જ્ઞાયકદેવનાં દર્શન થશે. સાચા મુનિને તથા સમકિતીને આત્મસ્વભાવના આનંદનું વેદન કોઈ જુદું જ છે. તે વેદન કાંઈ રાગની જાતનું નથી. રાગનું વેદન તો જીવને અનાદિનું છે; તેને અપૂર્વ કે અલૌકિક કેમ કહેવાય? સમસ્ત પ્રકારના રાગથી ભિન્ન પડેલા સાધકજીવનું અંતર વેદન (સ્વસંવેદન) તો કોઈ અલૌકિક, અપૂર્વ ને વચનાતીત અતીન્દ્રિય આહ્લાદમય હોય છે. તે વેદનમાં બુદ્ધિપૂર્વક રાગની ને વિકલ્પની શૂન્યતા છે, પણ જ્ઞાન ને આનંદની અલૌકિક ઋદ્ધિની શૂન્યતા નથી. જેમ રાગના વેદન વખતે રાગરૂપ 'અસ્તિ'નું વેદન છે, શૂન્ય નથી; તેમ જ્ઞાનીને સ્વસંવેદન વખતે આહ્લાદાદિરૂપ 'અસ્તિ'નું વેદન છે. વેદન તે 'અસ્તિ' છે, શૂન્ય નથી.

જેમ આત્મા પોતાના જ્ઞાન ને આનંદ આદિ ત્રિકાળી સ્વભાવથી શૂન્ય નથી, અને જેમ કેવળીભગવાન કેવળજ્ઞાનાદિ સ્વભાવ-ચતુષ્ટયથી શૂન્ય નથી, તેમ સાધકસંત સ્વસંવેદન વખતે પર્યાયમાં બુદ્ધિપૂર્વકના રાગશૂન્ય હોવા છતાં ત્યાં સર્વથા શૂન્યતા નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જાગ્રતપણે આનંદ આદિ અલૌકિક ઋદ્ધિઓનું અત્યંત સ્પષ્ટપણે વેદન છે. જેમ રાગનું — પુણ્ય ને પાપનું — વેદન પ્રત્યક્ષ છે, તેમ રાગથી ભિન્ન પડેલા મુનિરાજને તેમ જ સમ્યગ્દૃષ્ટિને અનુભવકાળે સ્વભાવનું સંવેદન પ્રત્યક્ષ છે; તે આનંદ ને શાન્તિથી ખાલી નથી — શૂન્ય નથી.

અહા! જ્યાં પર્યાયમાં અલૌકિક ચૈતન્યઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ સંવેદન છે, પ્રભુ! તું ત્યાં જા, તને ચૈતન્યદેવનાં દર્શન થશે. જેમ બહારમાં લક્ષ કરવાથી રાગનાં ને વિકારનાં દર્શન થાય છે, તેમ અંતરમાં જતાં તને આનંદકંદ જ્ઞાયકદેવનાં દર્શન થશે. અહા! આવી વાત છે. સાચા મુનિ હોય કે સમ્યગ્દૃષ્ટિ હોય — બધાને માટે આ એક જ વાત છે. કોઈને એમ લાગે: તો શું અમે બધા ખોટા? ભાઈ! આ તો સત્ય શું છે તેની વાત છે. એક વાર આ વાત સાંભળ તો ખરો!

ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે કે સ્વાનુભૂતિનો માર્ગ જ મુક્તિનો માર્ગ છે અને તે જ સુખનો ઉપાય છે. બસ, આ જ એક કરવા જેવું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૨૩

તા. ૧૮-૧૦-૭૮

## વચનામૃત — ૩૩૦

અહો! મુનિરાજ તો નિજાત્મધામમાં નિવાસ કરે છે. તેમાં વિશેષ વિશેષ એકાગ્ર થતાં થતાં તેઓ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.

વીતરાગતા થવાથી તેમને જ્ઞાનની અગાધ અદ્ભુત શક્તિ પ્રગટ થાય છે. જ્ઞાનનો અંતર્મુહૂર્તનો સ્થૂલ ઉપયોગ છૂટી એક સમયનો સૂક્ષ્મ ઉપયોગ થઈ જાય છે. તે જ્ઞાન પોતાના ક્ષેત્રમાં રહીને બધેય પહોંચી વળે છે—લોકાલોકને જાણી લે છે, ભૂત-વર્તમાન-ભાવી સર્વ પર્યાયોને ક્રમ પડ્યા વિના એક સમયમાં વર્તમાનવત્ જાણે છે, સ્વપદાર્થ તેમ જ અનંત પરપદાર્થોની ત્રણે કાળની પર્યાયોના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદોને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે.—આવા અચિંત્ય મહિમાવંત કેવળજ્ઞાનને વીતરાગ મુનિરાજ પ્રાપ્ત કરે છે.

કેવળજ્ઞાન પ્રગટતાં, જેમ કમળ હજાર પાંખડીથી ખીલી નીકળે તેમ, દિવ્યમૂર્તિ ચૈતન્યદેવ અનંત ગુણોની અનંત પાંખડીઓથી ખીલી ઊઠે છે. કેવળજ્ઞાની ભગવાન ચૈતન્યમૂર્તિના જ્ઞાન-આનંદાદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયોમાં સાદિ-અનંત કેલિ કરે છે; નિજધામની અંદરમાં શાશ્વતપણે બિરાજી ગયા, તેમાંથી કદી બહાર આવતા જ નથી. ૩૩૦.

**'અહો! મુનિરાજ તો નિજાત્મધામમાં નિવાસ કરે છે.'**

જે વાસ્તવિક સાચા મુનિ છે તે તો નિજાત્મધામમાં નિવાસ કરે છે. 'શુદ્ધ, બુદ્ધ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;' — એ મુનિરાજનું નિજાત્મધામ છે, તેમાં તેઓ વસી રહ્યા છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ નિજ શુદ્ધાત્મધામમાં થોડું વસ્યા છે, દેશવિરતિ શ્રાવક વિશેષ વસ્યા છે અને મુનિરાજ તો ઘણા ઉગ્રપણે વસી ગયા છે. નિરંતર ઝરતા નિજાનંદ-મુદિત પ્રચુર સ્વસંવેદનની ઉગ્ર દશા મુનિરાજને પ્રગટી ગઈ છે. તેમણે પોતાનો નિવાસ નિજાત્મધામમાં સ્થાપ્યો છે.

**'તેમાં વિશેષ વિશેષ એકાગ્ર થતાં થતાં તેઓ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.'**

મુનિરાજનો નિવાસ શરીર ને રાગાદિ વિભાવ નથી, પણ અશરીરી અને અરાગસ્વરૂપ નિજાનંદધામ છે. તેઓ નિજાનંદધામમાં, જ્ઞાનાદિ અનંત અનંત ગુણ-સમૃદ્ધિથી ભરેલા ભગવાન નિજ ચૈતન્યસ્વભાવમાં, વધુ ને વધુ લીન થતાં થતાં પૂર્ણ વીતરાગદશાને પ્રાપ્ત કરે છે. અંતરમાં જે પ્રગટ 'મહાવ્યક્ત' ટંકોત્કીર્ણ શાશ્વત ચૈતન્યધામ છે તેમાં વસેલા મુનિરાજ અંદર વિશેષ વિશેષ એકાગ્ર થતાં થતાં સાતિશય અપ્રમત્તદશા પ્રગટ કરી, ક્ષપકશ્રેણી માંડીને ૧૨મા ગુણસ્થાને પહોંચી જાય છે, સંપૂર્ણ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.

નિજાત્મધામમાં એકાગ્રતા વધતાં વધતાં વીતરાગ થવાય છે, પંચ મહાવ્રત આદિના વિકલ્પ પામતાં પામતાં નહિ. નિજાત્મધામમાં વસી રહેલા મુનિરાજને છઠ્ઠી ભૂમિકામાં ૨૮ મૂળગુણના શુભ વિકલ્પ આવે ખરા, પણ એમાં તેમનો વાસ નથી; તેમને એ રુચતા — ગમતા નથી, તેઓ તો નિજાનંદધામમાં પૂર્ણપણે જામી જવા માટે પ્રયત્નશીલ છે. નિજાત્મસ્વરૂપમાં જામતાં જામતાં તેઓ પૂર્ણ વીતરાગ થઈ જાય છે. અહા ! આવી વસ્તુસ્થિતિ છે.

વીતરાગ ચૈતન્ય જિનબિંબ એવા નિજ જ્ઞાયક સ્વભાવમાં વસવાટ કરીને તેમાં ખૂબ લીન થતાં થતાં જે અંદર શક્તિરૂપ વીતરાગતા હતી તે પર્યાયમાં વ્યક્ત થઈ જાય છે. મુનિદશામાં વીતરાગતા પ્રગટી હતી પણ હજુ એ અપૂર્ણ હતી, અંશે વીતરાગતા તો ચોથે ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને પણ પ્રગટ થઈ જાય છે. સમ્યગ્દર્શન પણ વીતરાગ પર્યાય છે, સમ્યગ્જ્ઞાન પણ વીતરાગ પર્યાય છે ને સમ્યક્ચારિત્ર પણ વીતરાગ પર્યાય છે. એ રત્નત્રયસ્વરૂપ વીતરાગી પર્યાયે ઉગ્રપણે પરિણમતાં — નિજાનંદધામમાં ઉગ્રપણે લીન થતાં થતાં — મુનિરાજ સંપૂર્ણ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.

**'વીતરાગતા થવાથી તેમને જ્ઞાનની અગાધ અદ્ભુત શક્તિ પ્રગટ થાય છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુનિરાજને નિજ પૂર્ણ વિજ્ઞાનઘન સ્વભાવના આલંબને પરિપૂર્ણ વીતરાગતા થવાથી જ્ઞાનની દશામાં અગાધ અદ્‌ભુત શક્તિ એટલે કે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. વીતરાગતાથી જ કેવળજ્ઞાન થાય છે ને? ખરેખર તો કેવળજ્ઞાન ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે, પણ અહીં સાધન લેવું છે ને? મનુષ્યદેહ કે વજ્ર-ઋષભનારાચ સંહનન વગેરે નિમિત્તો સાધન નથી, મહાવ્રત આદિનો શુભભાવરૂપ વ્યવહાર પણ સાધન નથી, — એ બતાવવા પૂર્ણ વીતરાગતારૂપ પૂર્વની શુદ્ધ પર્યાયને કેવળજ્ઞાનનું સાધન કહ્યું છે; નહિતર તો કેવળજ્ઞાન પૂર્વની વીતરાગ પર્યાયથી પણ પ્રગટ થતું નથી, પણ ત્રિકાળી દ્રવ્યસ્વભાવના પૂર્ણ આલંબનભાવે પ્રગટ થાય છે; કેવળજ્ઞાનની શક્તિમાંથી પર્યાયમાં કેવળજ્ઞાનની વ્યક્તિ થાય છે.

બારમે ગુણસ્થાને પૂર્ણ વીતરાગતા થાય છે ને તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન થાય છે ને! તેથી કથન તો એમ થાય ને! — કે મોક્ષમાર્ગથી જ કેવળજ્ઞાન ને મોક્ષ થાય. સાધન બતાવવું હોય ત્યાં કથન એમ જ આવે. બાકી, ખરેખર તો ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મામાં એકાગ્રતા થતાં જેમ સમ્યગ્દર્શન થયું, વિશેષ એકાગ્રતા થતાં ચારિત્ર થયું, તેમ તેમાં પૂર્ણ એકાગ્રતા થતાં વીતરાગતા ને પછી કેવળજ્ઞાન થાય છે.

પંચ મહાવ્રત આદિના વિકલ્પોને સાધન કહ્યાં છે તે વ્યવહારનયનું કથન છે; ખરેખર તે સાધન નથી. વીતરાગતાને કેવળજ્ઞાનનું સાધન કહેવું તે પણ સદ્‌ભૂત વ્યવહાર છે; ખરેખર તો અંતરમાં કરણશક્તિયુક્ત ભગવાન આત્મા પોતે જ સાધન છે, કે જે અનંત અનંત બેહદ અપરિમિત જ્ઞાનના સાતિશય સામર્થ્યવાળું અચિન્ત્ય તત્ત્વ છે. ત્રિકાળી સાતિશય જ્ઞાનસ્વભાવમાંથી અગાધ અદ્‌ભુત શક્તિયુક્ત કેવળજ્ઞાનની પર્યાય થાય, પણ જે પૂર્વ સમયની વીતરાગ પર્યાય ગઈ તેમાંથી તે પ્રગટ થતી નથી; તોપણ સાધન કહેવું હોય ત્યારે બીજું શું કહેવાય? મોક્ષમાર્ગ તે મોક્ષ નામ કેવળજ્ઞાનનું કારણ છે એમ કહેવાય ને? સાધ્યનું સાધન સમજાવવું હોય ત્યારે કથન તો એમ જ આવે ને?

મોક્ષપ્રાસાદનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન પણ અંતર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસામાન્યનો આશ્રય કરતાં જ થાય છે; તે દેવ-ગુરુની કૃપા કે રાગની મંદતા હોય તો થાય — એમ નિમિત્ત કે શુભરાગની તેને અપેક્ષા નથી; એક માત્ર દ્રવ્યસ્વભાવના આલંબને જ પ્રગટતું હોવાથી તે પર, વિભાવ કે પૂર્વ પર્યાયથી નિરપેક્ષ છે. નિયમસારમાં આવે છે ને — નિજ પરમાત્મ-તત્ત્વનાં સમ્યક્‌શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે અને તે શુદ્ધરત્નત્રયનું ફળ સ્વાત્મોપ-લબ્ધિ — નિજ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ અર્થાત્ મોક્ષ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દષ્ટિએ રાગની એકતાનાં તાળાં ખોલી નાખ્યાં છે; તેને અંદર અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ અનંત અનંત ગુણસમૃદ્ધિથી ભરપૂર ધ્રુવ ખજાનો ખૂલી ગયો છે. એ ખજાનામાં વિશેષ વિશેષ એકાગ્રતા થતાં ચારિત્ર અને વીતરાગતા પ્રગટ થાય છે. મુનિરાજને ચારિત્રદશા પ્રગટ થઈ છે, પણ હજુ પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ નથી; તેથી ધ્રુવ સ્વરૂપમાં વિશેષ વિશેષ એકાગ્ર થતાં તેઓ પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત કરે છે.

મોક્ષમાર્ગમાં બધી શુદ્ધિઓ ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવના આશ્રયે જ પ્રગટ થાય છે. પ્રથમ સમ્યગ્દર્શન ને આત્મજ્ઞાન આનંદકંદ ચૈતન્યરત્નાકરની નિર્વિકલ્પ પ્રતીતિ ને જ્ઞાન — આત્મસન્મુખતા — કરવાથી થાય છે, અને એની જ સન્મુખ વિશેષ વિશેષ સ્થિર થતાં ચારિત્ર નામ **વીતરાગદશા** પ્રગટ થાય છે. આમ ત્રિકાળી ધ્રુવના આલંબને જ મોક્ષનો માર્ગ તથા મોક્ષ થતા હોવા છતાં કથનમાં તો એમ જ આવે ને કે વીતરાગતાથી — મોક્ષમાર્ગથી મોક્ષ થાય. અહા ! આવું વસ્તુનું સ્વરૂપ છે, અરે ! શું થાય ? અનાદિ કાળથી જીવ આથડી રહ્યો છે, એને પોતાના મૂળ તત્ત્વનો મહિમા જ ન આવ્યો; કારણ કે એની દૃષ્ટિ અને રમતું બધી પર્યાયમાં જ છે, અનાદિથી પ્રગટ પર્યાયમાં, વ્યવહારમાં ને અંશમાં જ એની રુચિ છે. વર્તમાન અંશની પાછળ મોટો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય ભગવાન છે એનો મહિમા ન આવતાં રાગની ક્રિયા ને દયા-દાન આદિ શુભભાવના મહિમામાં રોકાઈ ગયો; તેથી તે મિથ્યાદૃષ્ટિ રહ્યો.

અહા ! અનંત જ્ઞાન, આનંદ, ઈશ્વરતા — પ્રભુતા વગેરે અનંત અપાર ગુણોથી શોભાયમાન એવા નિજ જ્ઞાયક ભગવાન પ્રત્યે અંતરમાં શ્રદ્ધા સંબંધી એકાગ્રતા થવી એ તો પ્રથમ સમ્યગ્દર્શન છે, સ્થિરતા સંબંધી વિશેષ એકાગ્રતા તે ચારિત્ર અને એથી પણ વિશેષ એકાગ્રતા — પૂર્ણ સ્વરૂપસ્થિરતા — તે વીતરાગતા છે. પૂર્ણ વીતરાગતા થયા પછી જ કેવળજ્ઞાન થાય એમ બતાવવું છે.

**‘જ્ઞાનનો અંતર્મુહૂર્તનો સ્થૂલ ઉપયોગ છૂટી એક સમયનો સૂક્ષ્મ ઉપયોગ થઈ જાય છે.’**

વીતરાગ થયા પછી જ્ઞાનનો ઉપયોગ, જે પહેલાં અસંખ્ય સમયનો સ્થૂલ હતો તે છૂટીને, એક સમયનો સૂક્ષ્મ થઈ જાય છે. સમ્યગ્દર્શન કાળે સમસ્ત શુભાશુભરૂપ સ્થૂલ ઉપયોગ રહિત થઈ સૂક્ષ્મ જ્ઞાયકને પકડ્યો હોવાથી પ્રગટ થયેલો તે સૂક્ષ્મ ઉપયોગ પણ કેવળજ્ઞાનની અપેક્ષાએ સ્થૂલ છે; કારણ કે છદ્મસ્થને આત્માના અનુભવ વખતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ ઉપયોગનો કાળ તો અસંખ્ય સમયનો છે. શ્રદ્ધાનું કાર્ય એક સમયમાં થાય, પણ જ્ઞાનમાં પકડતાં અસંખ્ય સમય લાગે, અસંખ્ય સમયે ખ્યાલમાં આવે. જ્યાં અંદર વીતરાગતા થઈને કેવળજ્ઞાન થયું ત્યાં એક સમયનો સૂક્ષ્મ ઉપયોગ થઈ જાય છે.

**'તે જ્ઞાન પોતાના ક્ષેત્રમાં રહીને બધેય પહોંચી વળે છે — લોકાલોકને જાણી લે છે, ભૂત-વર્તમાન-ભાવી સર્વ પર્યાયોને ક્રમ પડયા વિના એક સમયમાં વર્તમાનવત્ જાણે છે, સ્વપદાર્થ તેમ જ અનંત પરપદાર્થોની ત્રણે કાળની પર્યાયોના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદોને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે.'**

શુદ્ધાત્મદ્રવ્યસામાન્યના પૂર્ણ આલંબનભાવે પ્રગટેલું તે કેવળજ્ઞાન પોતાના પ્રદેશોમાં રહીને ત્રણ કાળ ને ત્રણ લોકને — બધાયને એકસાથે જાણી લે છે, જાણવા માટે તેને પરક્ષેત્રમાં જવું પડતું નથી. અસંખ્ય પ્રદેશી નિજ ચૈતન્યધામમાં રહીને એક સમયનો ઉપયોગ બધાં જ્ઞેયોમાં પહોંચી વળે છે. અરેરે! અત્યારે તો લોકોને કેવળ-જ્ઞાનના સ્વરૂપની સમજણમાં જ હજુ વાંધા છે. જ્ઞાનસ્વભાવની જે સર્વજ્ઞપર્યાય પ્રગટ થઈ — ભલેને એક સમયની હો — તે પોતાના ક્ષેત્રમાં રહીને વિશ્વના સર્વ ભાવોને પહોંચી વળે છે, બધાયને એક સમયમાં જાણી લે છે; જાણવા માટે તેને જ્ઞેયોની પાસે જવું પડે છે — એમ નથી. અહા! શી એ સર્વજ્ઞસ્વભાવની તાકાત!

'જ્ઞ'સ્વભાવ કહો, સર્વજ્ઞસ્વભાવ કહો કે કેવળજ્ઞાનસ્વભાવ કહો — બધું એકાર્થ છે. ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે, તેનો છેલ્લામાં છેલ્લો અર્થાત્ પરિપૂર્ણ આશ્રય લેવાથી સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે. શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ થાય છે. અહા! વીતરાગનો માર્ગ ઝીણો બહુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ — સમ્યગ્દર્શન તથા સમ્યક્ચારિત્ર વગેરે — બહુ સૂક્ષ્મ છે.

એક માણસ મકાનમાં ઊભો ઊભો બહારની બધી ચીજો જાણે છે, જાણવા માટે તેને બહારની ચીજો પાસે જવું પડતું નથી; તેમ કેવળજ્ઞાન સમસ્ત લોકાલોકને પોતામાં રહીને જાણી લે છે, જાણવા માટે તેને લોકાલોકમાં લાંબું થવું પડતું નથી. અહા! જુઓ, આ કેવળજ્ઞાની અરિહંત પરમાત્માનું સ્વરૂપ. વીતરાગ ચૈતન્ય જ્ઞાયક જિનબિંબને પહેલાં યથાર્થ પકડયો ત્યારે તો પ્રથમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે; તેમાં વિશેષ એકાગ્રતા થતાં ચારિત્ર થાય છે; અને તેમાં એથી પણ વિશેષ એકાગ્રતા થવાથી વીતરાગતા ને કેવળજ્ઞાન થાય છે. કેવળજ્ઞાન ખરેખર તો ત્રિકાળી ધ્રુવ સ્વભાવના પૂર્ણ આશ્રયે થાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, છતાં કથનમાં એમ આવે કે વીતરાગતાથી કેવળજ્ઞાન થાય છે.

વ્રત, ઉપવાસ, પૂજા, ભક્તિ વગેરે બહિઃલક્ષી ક્રિયામાં તો રાગ—વિકારના ભાવ છે ને શુભાશુભ વિકારથી રહિત અંતર પૂર્ણાનંદના નાથની સમીપ જતાં જે અંતર્લક્ષી નિર્મળ પરિણામ થાય તે તો વીતરાગ ને અબંધ પરિણામ છે. સ્વભાવની સમીપ જતાં જ્ઞાન સમ્યક્ ને પરિણામ અબંધ થશે, અને સ્વભાવથી દૂર જતાં—રાગમાં રહેતાં—અજ્ઞાન ને બંધન થશે. ભાઈ! વીતરાગ જિનેશ્વરનો માર્ગ આવો છે. આ સિવાય બીજી પદ્ધતિએ કરશે તો કલ્યાણની પ્રાપ્તિ નહિ થાય, વ્રતાદિ શુભભાવથી ત્રણ કાળમાં કલ્યણ નથી. એ તો પુણ્યાસ્રવની ક્રિયા છે, નિરાસ્રવની નહિ. નિરાસ્રવની ક્રિયા તો પૂર્ણાનંદકંદના આશ્રયે પ્રગટ થાય છે. નિરાસ્રવ ધ્રુવ તત્ત્વના આશ્રયે નિરાસ્રવ નિર્મળ પર્યાય પ્રગટે. અબંધસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયે અબંધ પરિણામ પ્રગટ થાય. અબંધ પરિણામ કહો કે મોક્ષમાર્ગ કહો—બંને એક જ છે. અહો! ભગવાન જિનેશ્વરદેવ ગણધરો ને ઇંદ્રો વગેરેની સભામાં જે કહેતા હતા તે આ વાત છે.

પૂર્ણ વીતરાગતા પ્રગટ થયા પછી જે કેવળજ્ઞાન થાય છે તે એક સમયમાં—સેકંડના અસંખ્યાતમા ભાગમાં—સર્વ પદાર્થના ભૂત, વર્તમાન ને ભાવી પર્યાયને ક્રમ પડયા વિના યુગપદ્ વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણી લે છે. પહેલાં વીતી ગયેલાને જાણે, પછી વર્તમાન વર્તતાને જાણે અને પછી ભવિષ્યના પર્યાયને જાણે—એમ કેવળજ્ઞાનને જાણવામાં ક્રમ પડતો નથી, એક સાથે ત્રણે કાળના પર્યાયોને, હમણાં વર્તી રહ્યા હોય એમ, પ્રત્યક્ષ જાણે છે.

અહો! અરિહંતદેવ કેવા હોય? જેમને વખતના નાનામાં નાના ભાગમાં—એક સમયમાં—સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયને ને ભૂત-વર્તમાન-ભવિષ્યને પહોંચી વળનારું—જાણી લેનારું—કેવળજ્ઞાન પ્રગટ થયું છે, તેમના મહિમાની તો શી વાત! એ કેવળ-જ્ઞાનદશા તો કોઈ અદ્ભુત છે ભાઈ!

પ્રશ્ન :—જે વર્તમાન નથી તેને વર્તમાનવત્ જાણે, તે જ્ઞાન જૂઠું ન કહેવાય?

ઉત્તર :—ભાઈ! સાંભળ તો ખરો. ભૂત ને ભવિષ્યની પર્યાયો વર્તમાનમાં છે એમ કયાં કહ્યું છે? વીતી ગયેલી પર્યાયોને અને હજુ નહિ થયેલી પર્યાયોને, જાણે કે વર્તમાન વર્તતી હોય—એવી સ્પષ્ટતાપૂર્વક, અત્યંત પ્રત્યક્ષ જાણે છે. અવર્તમાનને વર્તમાનવત્ સ્પષ્ટ જાણવું તે તો જ્ઞાનની દિવ્યતા છે. ભૂતકાળમાં જેવી પર્યાયો થઈ ગઈ અને ભવિષ્યકાળમાં જેવી પર્યાયો થશે, તેમને યથાતથપણે વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે દિવ્ય જ્ઞાનને જુઠું કેમ કહેવાય? અરેરે! કેવળજ્ઞાન — પરમાત્મદશા — શું છે તેની લોકોને ખબર નથી. હજુ તો લોકોને સમ્યગ્દર્શનની દશા શી છે, મુનિદશા શી છે, એનીયે ખબરું ન મળે, ત્યાં આ, ક્રમ પડયા વિના એક સમયમાં વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણનાર કેવળજ્ઞાનની વાત શે બેસે!

કેવળજ્ઞાન સ્વાત્મપદાર્થ તેમ જ વિશ્વના અનંત પરપદાર્થોની ત્રણે કાળની પર્યાયોના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદોને એક સમયમાં જાણી લે છે. આત્માનું દ્રવ્યતત્ત્વ ને ગુણતત્ત્વ તો પરિપૂર્ણ છે જ, પરંતુ તેનું પર્યાયતત્ત્વ, પૂર્ણતા પ્રગટ થતાં, કેવું હોય છે તે વાત અહીં બતાવે છે. અનંત શકિતનો સાગર એવા નિજ જ્ઞાયકતત્ત્વના પૂર્ણ આલંબને જ તે પ્રગટ થાય છે, કોઈ ક્રિયાકાંડથી નહિ. સામર્થ્યભરપૂર નિજ જ્ઞાયકને અવલંબતાં વીતરાગતા પ્રગટ થાય અને પછી કેવળજ્ઞાન પ્રગટ થાય.

કેવળજ્ઞાન સર્વ પદાર્થની ત્રણે કાળની પર્યાયોને — તેના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદો સહિત — એકસાથે પ્રત્યક્ષ જાણે છે.

પ્રશ્ન :— કેવળજ્ઞાન ત્રણે કાળની સર્વ પર્યાયોને જાણે છે; તો દ્રવ્યની પહેલી અને છેલ્લી પર્યાય કઈ?

ઉત્તર :— ભાઈ! અનાદિ-અનંતમાં આ પહેલું ને આ છેલ્લું — એવું કાંઈ હોતું જ નથી. કેવળજ્ઞાન પણ અનાદિને અનાદિપણે અને અનંતને અનંતપણે જ જાણે છે. આનાદિ-અનંતને સાદિ-સાંતપણે જાણે તો તે જ્ઞાન જ ખોટું ઠરે. દ્રવ્ય અને પર્યાય બંને અનાદિના છે. પહેલું દ્રવ્ય અને પછી પર્યાય — છે એમ? પર્યાય વિના દ્રવ્ય હોતું નથી અને દ્રવ્ય વિના પર્યાયો હોતી નથી. બંને થઈને આખી વસ્તુ અનાદિ-અનંત સ્વતઃસિદ્ધ છે. અહો! આ જૈનદર્શન તો વિશ્વદર્શન છે, સ્વભાવને બતાવનારું તત્ત્વદર્શન છે.

અબંધસ્વભાવી ભગવાન આત્માના આશ્રયે જે અબંધ પૂર્ણ પર્યાય પ્રગટ થઈ તેની એટલી તાકાત છે કે પોતાની તેમ જ અનંત પરપદાર્થોની — અનંત પુદ્ગલો, અનંત આત્માઓ, અનંત કેવળીઓ-સિદ્ધોની — ત્રણે કાળની પર્યાયોને, તેમના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદો સહિત, અક્રમે પ્રત્યક્ષ જાણી લે છે.

અવિભાગ પ્રતિચ્છેદ એટલે શું? પર્યાયમાં જેના બે વિભાગ ન પડી શકે એવો ગુણસામર્થ્યનો નાનામાં નાનો અંશ. કેવળજ્ઞાન સમસ્ત વસ્તુના આવા બધા અંશોને એકસાથે પ્રત્યક્ષ જાણે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વને યુગપદ્ પ્રત્યક્ષ જાણનાર અરિહંત પરમાત્મા સર્વજ્ઞ થયા કઈ રીતે ?— અંતરમાં પૂર્ણ વીતરાગતા થવાથી. એ સર્વજ્ઞદશાની તાકાત કેટલી ? પોતાની ત્રણે કાળની ને પરની પણ ત્રણે કાળની પર્યાયોને, સૌના અનંત અનંત અવિભાગ પ્રતિચ્છેદો સહિત, અક્રમે પ્રત્યક્ષ જાણે એવી અચિન્ત્ય તાકાત છે. પરનાં અવલંબન વિના, પોતાના ક્ષેત્રમાં રહીને, એક સમયની કાળમર્યાદામાં રહીને, સર્વ ભાવોને એક સાથે અત્યંત પ્રત્યક્ષ જાણે એવો કોઈ અદ્ભુત કેવળજ્ઞાનનો મહિમા છે.

**'—આવા અચિંત્ય મહિમાવંત કેવળજ્ઞાનને વીતરાગ મુનિરાજ પ્રાપ્ત કરે છે.'**

અંતરમાં આનંદકંદ જ્ઞાયકને જાગ્રત કરી વીતરાગભાવે પરિણમતા સંતો આવા અચિંત્ય મહિમાવંત કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? પુસ્તકમાં વ્યાખ્યા બહુ સરસ આવી. એકમાં બહુ આવ્યું. અહા ! દ્રવ્યની તાકાત વિષે શી વાત કરવી ? વસ્તુની ને તેના ગુણોની તો શી વાત કરવી ? પણ જીવના એક જ્ઞાનગુણની એક સમયની પૂર્ણ પર્યાય — કેવળજ્ઞાનની એવી કોઈ અદ્ભુત અનંત તાકાત છે કે તે પોતાના ભૂત-વર્તમાન-ભવિષ્ય પર્યાયોને તથા અનંત અનંત જીવો કે જેમાંથી અનંતને પ્રાપ્ત થયેલી સિદ્ધદશા અનંત કાળ સુધી એમ ને એમ રહેશે. અને અનંત જીવો હજુ નિગોદમાં છે કે જેમાંથી અનંત જીવો નીકળીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે — એ બધાયને — ત્રણે કાળના સર્વ ભાવોને — સહજપણે પ્રત્યક્ષ જાણે છે. આ, તર્ક કે વિકલ્પનો વિષય નથી; સ્વભાવનો ગર્ભ અનંત છે.

પ્રવચનસારમાં કહ્યું છે ને ? — 'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहि ...' જે જીવ અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે જાણે છે તે અંતરમાં પોતાના આત્માને જાણે છે. જેવો અને જેવડો અર્હંતનો આત્મા છે એવો અને એવડો જ મારો આત્મા છે. એમના જેવા અને જેટલા મારામાં ગુણો છે અને એમને જે કેવળજ્ઞાન વગેરે પૂર્ણ પર્યાયો પ્રગટી તે અંતર દ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટી છે; માટે હું પણ મારા દ્રવ્યસ્વભાવનો આશ્રય પ્રગટ કરું અને પર્યાયમાં કેવળજ્ઞાન આદિ પૂર્ણતા પ્રાપ્ત કરું. અરે ! કેટલાયે તો આ વાત સાંભળી પણ ન હોય. અહા ! આ તો ત્રિલોકનાથ મહાવીર અને વર્તમાન વિહરમાન સીમંધર આદિ વીતરાગ તીર્થંકરોનું કથન છે.

**'કેવળજ્ઞાન પ્રગટતાં, જેમ કમળ હજાર પાંખડીથી ખીલી નીકળે તેમ, દિવ્યમૂર્તિ ચૈતન્યદેવ અનંત ગુણોની અનંત પાંખડીઓથી ખીલી ઊઠે છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હજાર પાંખડીવાળું કમળ જેમ ખીલી નીકળે, તેમ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનો ધરનાર ભગવાન આત્મા અનંત ગુણોની નિર્મળતાઓથી પર્યાયમાં ખીલી ઊઠે છે. અહા! આ સ્વભાવનો અંતરમાં વિશ્વાસ આવવો તે અનંતો પુરુષાર્થ છે. અંદર નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં પરિણામમાં જ્ઞાયકનો વિશ્વાસ આવે. અંતરની આ વાત ન સમજાય તેને 'એકાન્ત' લાગે; પણ ભાઈ! તને ભલે એકાંત લાગે, પરંતુ આ તો વીતરાગનો અનેકાન્ત સિદ્ધાંત છે. આમાં ક્યાં વાદવિવાદનું સ્થાન છે? અંદર ચૈતન્ય જ્ઞાયક સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન થાય અને દેવ-શાસ્ત્ર-ગુરુનાં દર્શન કે વ્રત-તપના આશ્રયે સમ્યગ્દર્શન ન થાય — તેને અનેકાન્ત કહે છે. ભગવાનનાં દર્શન કે વ્રતાદિ તો રાગની ક્રિયા છે, એમાંથી વીતરાગતા ક્યાંથી થાય?

અંદર પર્યાયમાં વીતરાગતા પ્રગટ કરવી હોય તો નિજ ચૈતન્ય જિનબિંબનું અવલંબન લે. એ સિવાય લાખ ક્રિયાકાંડ કરે એ બધું બંધનું કારણ છે. જેમ કમળ હજાર પાંખડીથી ખીલી નીકળે, તેમ દિવ્ય શક્તિઓનો ભંડાર ભગવાન આત્મા પર્યાયમાં અનંત અચિંત્ય ગુણોની અનંત નિર્મળતાઓથી ખીલી ઊઠે છે. એક ગુણની એક પર્યાય — એમ અનંત ગુણોની અનંત પર્યાયોથી — પાંખડીઓથી ખીલી નીકળે છે. જે પોતે જ અચિન્ત્ય શક્તિવાળો દેવ છે અને ચૈતન્યરૂપ ચિન્તામણિ રત્ન છે એવો આ જ્ઞાયકભાવ અનંત ગુણોની નિર્મળ પર્યાયોરૂપે ખીલી નીકળે છે.

**'કેવળજ્ઞાની ભગવાન ચૈતન્યમૂર્તિના જ્ઞાન-આનંદાદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયોમાં સાદિ-અનંત કેલિ કરે છે; નિજધામની અંદરમાં શાશ્વતપણે બિરાજી ગયા, તેમાંથી કદી બહાર આવતા જ નથી.'**

જ્યારથી કેવળજ્ઞાન પ્રગટ થયું ત્યારથી તેની આદિ થઈ, અને તે એવું ને એવું અનંત કાળ રહેવાનું છે.

સાદિ અનંત, અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો;
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.

અહા! સમ્યગ્દૃષ્ટિને આવી ભાવના હોય છે. સમાધિસુખ એટલે અતીન્દ્રિય આહ્‌લાદસ્વરૂપ આનંદ. અનંત દર્શન, અનંત જ્ઞાન અને અનંત આનંદ વગેરે અનંત પૂર્ણ પર્યાયોમાં કેવળજ્ઞાની ભગવાન સાદિ-અનંત કાળ સુધી કેલિ-ક્રીડા કરે છે. અહા! ભગવંત સિદ્ધો શું કરે છે? અતીન્દ્રિય પૂર્ણાનંદમાં રમે છે, અનંત અનંત નિર્મળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયો પ્રગટ થઈ છે તેનું વેદન કરે છે.

**પ્રશ્ન :—** સિદ્ધભગવાન કાંઈ કરે નહિ ?

**ઉત્તર :—** પોતાના જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયમાં સાદિ-અનંત ક્રીડા કરવાનું પોતાનું કામ સિદ્ધભગવાન પોતે કરે છે; તેઓ પોતાના કાર્ય વિનાના — ખાલી નથી. વિશ્વનો પ્રત્યેક પદાર્થ પોતાના વર્તમાન પર્યાયરૂપ કાર્યનો પોતે જ કર્તા છે; બીજા પદાર્થો પણ પોતપોતાનાં કાર્ય કરે છે, એમનું કાર્ય આ જીવ કરે છે એવું ક્યાંથી આવ્યું ? અહા ! આ જીવ પરનું કરે નહિ કાંઈ, છતાં પરને જાણ્યા વિના રહે નહિ એવો જ વસ્તુસ્વભાવ છે. આવી વાતો છે બાપા ! જૈનધર્મ એ કોઈ પક્ષ કે વાડો નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે.

કેવળીભગવાન નિજધામની અંદરમાં શાશ્વતપણે બિરાજી ગયા, તેમાંથી કદી બહાર આવતા જ નથી. નિજધામ કહો કે સુખધામ કહો — 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ'. પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થતાં જીવ નિજ સુખધામની અંદર શાશ્વતપણે જામી જાય છે — સાદિ-અનંત અનંત સમાધિસુખમાં પરિણમી જાય છે, તેમાંથી કદી બહાર આવતા જ નથી.

**પ્રશ્ન :—** ભક્તોને ભીડ પડે ત્યારે પરમાત્મા અવતાર ધારણ કરે — એમ આવે છે ને ?

**ઉત્તર :—** એ કથન સત્ય નથી. સિદ્ધદશાને પ્રાપ્ત થયેલા મુક્ત પરમાત્મા કદી અવતાર ધારણ કરે નહિ. પૂર્ણ સ્વરૂપના પૂરા અવલંબને પ્રાપ્ત થયેલ પૂર્ણાનંદની પ્રાપ્તિને સાદિ-અનંત કાળ વેદનારા સિદ્ધભગવંતો તે આનંદમય વેદનમાંથી કદી બહાર નીકળતા જ નથી, કદી બહાર આવતા જ નથી, અંદર આનંદમાં જ રમે છે. અહા ! એને જ પરમાત્મપદ કહીએ, અને 'સ્વદ્રવ્યના આલંબને થાય' એ એની પ્રાપ્તિનો ઉપાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૨૪

૧૯–૧૦–૭૮

## વચનામૃત — ૩૩૧

**ક્યાંય રોકાયા વિના 'જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો. જ્ઞાયકનું લક્ષણ કર્યા કરવું. ૩૩૧.**

**"ક્યાંય રોકાયા વિના 'જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો."**

હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું સમસ્ત વિભાવો રહિત કેવળ જ્ઞાયક જ છું –એમ ક્યાંય — શુભાશુભ નિમિત્તમાં, શુભાશુભ રાગમાં, એક સમયની અધૂરી-પૂરી પર્યાયમાં કે ગુણ-ગુણીના ભેદમાં — રોકાયા વિના નિજ અસંગ, અરાગ, પરિપૂર્ણ, અભેદ શુદ્ધાત્મતત્ત્વનો વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો ઉદ્યમ કર્યા કરવો. અહો! હું જ્ઞાયક છું, હું એક ત્રિકાળી જ્ઞાયક વસ્તુ છું, ધ્રુવ જ્ઞાયક, નિત્ય જ્ઞાયક, સદશરૂપે ત્રિકાળ અવસ્થાયી જ્ઞાયક તે હું છું — એમ અંતરમાં સ્વભાવનો, રુચિ અને જ્ઞાનમાં, નિર્ણય કરવાનો સતત પ્રયત્ન કરવો. આવી વાત છે, એકદમ વસ્તુના ઘરની — આત્માના તળની!

સમયસારની 'આત્મખ્યાતિ' ટીકાના પરિશિષ્ટમાં ૪૭ શક્તિઓનું વર્ણન શ્રી અમૃતચંદ્રાચાર્યે કર્યું છે ને? એમાં એક કર્તૃત્વશક્તિ આવી છે ને? થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના ભાવકપણામયી કર્તૃશક્તિ છે. વિચાર તો એ આવ્યો હતો કે ૪૭ શક્તિઓમાં 'ભાવશક્તિ' — ૩૩મી અને ૩૯મી એમ — બે વાર આવી છે; તેનું શું કારણ? ૩૩મી જે 'ભાવશક્તિ' છે તે તો ભાવ, અભાવ, ભાવાભાવ, અભાવભાવ, ભાવભાવ અને અભાવાભાવ — એ છ શક્તિઓમાંની એક છે. તેનો અર્થ એ છે કે જેમાં અમુક અવસ્થા વિદ્યમાન હોય, કોઈ ને કોઈ સ્થિતિ જેમાં અવશ્ય હોય, એવાપણારૂપ જે શકિત તે 'ભાવશકિત' છે. અને જે ૩૯મી 'ભાવશકિત' છે તે તો 'ક્રિયાશકિત'ની સામેના અર્થમાં છે. કર્તા, કર્મ, કરણ આદિ કારકો અનુસાર પરિણમવાપણારૂપ જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ તે 'ક્રિયાશકિત' છે; તેની સામે, કારકો અનુસાર રચાયેલી તે જ પર્યાયને સન્માત્રપણે, હોવામાત્રપણે કે થવામાત્રપણે બતાવવા, કર્તા-કર્મ આદિ કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી, હોવામાત્રમયી, થવામાત્રમયી 'ભાવશકિત' કહી છે. આ રીતે એ બન્ને શકિતઓનું નામ એક હોવા છતાં, તેમના અર્થમાં ફેર છે.

જીવમાં સમયે સમયે જે નવા નવા ભાવો — પરિણામો થાય છે તે-પણે થવા-પણારૂપ, તે અવસ્થાને પહોંચી વળવારૂપ, તે ભાવના કરવાપણારૂપ દ્રવ્યની જે ત્રિકાળી શકિત તે 'કર્તૃશકિત' છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે જે નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે તેમાં જીવ સ્વતંત્રપણે વ્યાપક હોવાથી તે-પણે થવારૂપ 'કર્તૃશકિત' જીવની પોતાની છે. કાર્ય કર્તૃશક્તિયુક્ત દ્રવ્યથી થાય છે, બહારનાં કોઈ નિમિત્તથી નહિ. 'કર્તૃશકિત' આત્માની હોવાથી અને આત્મા તદ્-અભિન્ન જ્ઞાન-આનંદ આદિ અનંત ગુણાત્મક હોવાથી અભેદ-અપેક્ષાએ કર્તૃશક્તિનું રૂપ નિજ આત્મદ્રવ્યથી અભિન્ન એવા અનંત ગુણોમાં (વિસ્તારી શકાય) છે. કર્તાશકિત આત્માની હોવાથી તેના બધા ગુણોમાં કર્તાશક્તિના રૂપને વિસ્તારીને જ્ઞાનગુણ જ્ઞાનની પર્યાયનો કર્તા, શ્રદ્ધાગુણ શ્રદ્ધાપર્યાયનો કર્તા, ચારિત્રગુણ ચારિત્રપર્યાયનો કર્તા — એમ એક ગુણનું રૂપ નિજ દ્રવ્યથી અભિન્ન એવા અનંત ગુણોમાં કહી શકાય છે. અહાહા! શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે શકિતઓનું વર્ણન કરીને ગજબ કામ કોઈ કર્યું છે, કેવળજ્ઞાનીના ઊંડા ભાવો એમાં ભર્યાં છે.

'હું વિભાવથી રહિત શુદ્ધ જ્ઞાયક છું' એવો સાનુભવ સાચો નિર્ણય સમ્યગ્દર્શન થતાં થાય છે. તે નિર્ણય કોની સામે જોઈને થાય? — કે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવની સામે દૃષ્ટિ કરવાથી. પર્યાયમાં અનાદિથી જે પરલક્ષ છે ત્યાંથી દૃષ્ટિ–રુચિ ઉઠાવીને તેને સ્વભાવ બાજુ ઢાળવી – વાળવી; બસ એટલું જ કરવાનું છે. એનું નામ સમ્યગ્દર્શન, આત્મસાક્ષાત્કાર અને આત્માનુભવ છે. આત્મામાં કર્તાશક્તિ હોવાથી પોતે જ તે કાર્યમાં સ્વતંત્રપણે વ્યાપીને તે સમયે તેનો કર્તા છે, તેમાં કોઈ નિમિત્ત, વિકલ્પ કે પૂર્વપર્યાયની મદદ નથી.

કર્તાશક્તિની અપેક્ષાએ દ્રવ્યમાં થતી નવી નવી પર્યાયો 'કાર્ય' છે અને તે જ પર્યાયોને કર્તા આદિ કારકોની અપેક્ષા રહિત જોવામાં આવે તો તે જ પર્યાયો હોવા-પણારૂપ, થવાપણારૂપ 'ભાવ' છે. 'ભાવશક્તિ' દ્રવ્યની છે. અને દ્રવ્ય તદ્-અભિન્ન અનંત ગુણાત્મક છે, તેથી બધા ગુણો પોતાના પરિણમનકાળે કારકોની અપેક્ષા રહિત 'ભાવ' માત્ર છે. તે દશારૂપે થવાપણારૂપ — પહોંચી વળવાપણારૂપ — હોવાપણારૂપ 'ભાવશક્તિ' અનંત ગુણાત્મક દ્રવ્યની પોતાની છે. એવા અભેદ દ્રવ્યસ્વભાવનું —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું — દૃષ્ટિ — જ્ઞાનમાં આલંબન લેવાથી સમ્યગ્દર્શન વગેરેની યથાસંભવ નિર્મળ પર્યાય એકસાથે પ્રગટે છે. અહા! આવું વસ્તુસ્વરૂપ સમજે નહિ અને બહારની વાતોમાં — વ્યવહારની વાતોમાં — ઝઘડા, ઝઘડા ને ઝઘડા! અરે ભાઈ! આ તો ઝઘડા ટાળવાની રીત છે. અંતરમાંથી આવ્યું નથી અને બહારમાં સાચું સાંભળવાનું મળ્યું નથી, તેથી પોતાની મતિકલ્પનાના કારણે ઝઘડા ઊભા થયા. ભાઈ! અનુભવી ગુરુ પાસે સાંભળ્યા વિના કે અંતરના સાચા સંસ્કાર વિના આ વાત એની મેળે બેસે એવી નથી.

'હું જ્ઞાયક છું' એવો જે ધ્રુવ સ્વભાવના લક્ષે નિર્ણય થયો તે સમ્યગ્દર્શન છે. તે નિર્ણય થતાં જ્ઞાન પણ સાથે જ સમ્યક્ થયું અને તે જ કાળે ચારિત્ર પણ સ્વરૂપાચરણરૂપે — સ્થિરતાના અંશરૂપે — પરિણમ્યું. અનંત ગુણોના સમુદાયસ્વરૂપ આખું દ્રવ્ય ખરેખર 'ભાવક' — ભાવનો કરનાર — છે, અને ભાવક દ્રવ્ય પોતાના ગુણો દ્વારા જે ભાવરૂપે થાય છે, જે ભાવને પહોંચી વળે છે તે દશા તેનો 'ભાવ' છે. ભાવક અને ભાવ્ય બન્ને ખરેખર એક દ્રવ્યમાં જ હોય છે, ભિન્ન દ્રવ્યમાં નહિ. ભાવક એવા નિજ આત્મદ્રવ્ય તરફ નજર કરવાથી તેની પર્યાયોમાં યથાસંભવ નિર્મળ 'ભાવ' પ્રગટ થશે. જીવે તો માત્ર એક જ કરવાનું છે — પોતાના દ્રવ્યસ્વભાવને જોવાનું. સ્વભાવ તરફ જોતાં પર્યાયમાં નિર્મળતા આપોઆપ પ્રગટ થશે. અહા! વાત જરા ઝીણી છે ભાઈ! આ, કાંઈ બહારની વિદ્વત્તા અને ભણતર હોય તો આવડે — એમ નથી. બેને કહ્યું છે ને? — 'આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે.' માટે આવડતનું અભિમાન કરીશ નહિ બાપુ!

લંડનથી એક ભાઈનો પત્ર આવ્યો છે; અહીંનું સાહિત્ય વાંચીને તે બહુ રાજીપો બતાવે છે. એમ લાગે છે કે આ 'બેનનાં વચનામૃત' તેને મળ્યાં નથી, નહીંતર તો તે બહુ રાજી થાત. વાંચીને પ્રમોદ આવ્યા વિના રહે નહિ એવી આ ચીજ છે.

અહીં તો કહે છે કે ક્યાંય રોકાયા વિના 'હું માત્ર જ્ઞાયક જ છું, શુભાશુભ વિભાવભાવ લેશમાત્ર મારા નથી' એમ વારંવાર રુચિ અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો ઉદ્યમ કરવો. પૂર્ણાનંદ ધ્રુવ જ્ઞાયક સ્વભાવમાં નજર કર તો, તે ધ્રૌવ્યમાં અંદર કર્તૃત્વશક્તિ, કર્મત્વશક્તિ અને ભાવકત્વશક્તિ વગેરે અનંત શક્તિઓ છે તેથી પર્યાયમાં વ્યાપીને — ભાવક થઈને, નિર્મળતાનું કાર્ય અવશ્ય થશે. આ વાત સમજે નહિ એટલે માણસો તકરાર કરે કે — 'જ્ઞાનમાં નિર્મળતા કે ઘટવધ થાય છે તે કર્મના કારણે થાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે'; પણ વસ્તુસ્વરૂપ એમ નથી. સ્વતંત્ર વસ્તુસ્થિતિ તો આવી છે બાપુ! આ વાતથી તને દુઃખ લાગે, માનેલાંમાં ધક્કા લાગે તો પ્રભુ! માફ કરજે, પણ સાચો માર્ગ તો આ જ છે. સમજાણું કાંઈ?

અહા! જિનવાણી કોઈ અલૌકિક છે. દિગંબર જૈનામ્નાયમાં જે યથાર્થ વસ્તુ-સ્થિતિ કહી છે તે આ છે; બીજે જિનવાણી છે નહિ. ભગવાન આત્મા કે જે સ્વભાવે કેવળ જ્ઞાયક છે તે સહજ જ્ઞાન ને સહજ આનંદ આદિ અનંત શક્તિઓનું સંગ્રહાલય, અનંત ગુણોનું ગોદામ, અનંત સામર્થ્યનો સાગર છે, એનો અંતર્મુખ થઈને વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો. એ એક જ કરવા જેવું છે. છ ઢાળામાં કહ્યું છે ને —

'લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.'

લાખ વાતની એક વાત કે આત્માનો સાચો નિર્ણય કરવા માટે તારે અંદર જ્ઞાયકમાં જવું પડશે. અહા! જુઓ તો દિગંબર જિનવાણી! ગમે તે બાજુથી જુઓ, ચારે કોરથી અવિરુદ્ધ. કર્તા, કર્મ, ક્રિયા વગેરે બધી શક્તિઓ અંદર દ્રવ્યમાં છે. તેનું અંતરમાં લક્ષ થતાં પર્યાયમાં નિર્મળ કાર્ય થાય છે. ભાઈ! આ સમજવા માટે અંદર ઘણું ધીરું થવું પડશે. એમ ને એમ પુસ્તકો વાંચી જાય, ભણી જાય, માટે 'જ્ઞાન' થઈ ગયું — એમ નથી. અંદર જ્ઞાયકનો યથાર્થ નિર્ણય થતાં સાથે અંશે અતીન્દ્રિય આનંદ આવે તે જ 'જ્ઞાન' ને સમ્યગ્દર્શન છે.

અનંત ગુણના ધરનાર એવા નિજ જ્ઞાયકદ્રવ્યની અંતરમાં જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં સમ્યગ્દર્શનનું કાર્ય થયું. જ્ઞાયકદ્રવ્યમાં કર્તા, કર્મ, ભાવક વગેરે શક્તિઓ છે તેથી તે વ્યાપીને નિર્મળ શ્રદ્ધાપર્યાયનો ભાવક થયો. સમ્યગ્દર્શન પર્યાયની માફક બીજા બધા ગુણોની નિર્મળ પર્યાયના વિષયમાં સમજી લેવું. આમાં કોઈ ઝાઝાં જાણપણાંની જરૂર નથી; જરૂર છે માત્ર વસ્તુસ્વભાવ તરફ દૃષ્ટિ કરવાની. અહા! આવી વાતો છે; ભાઈ! આવા સતનો વિરોધ ન હોય. દ્રવ્યના સ્વભાવની — અંતરની તાકાતની — તને ખબર નથી તેથી તેં તારા દ્રવ્યની શક્તિનો વિરોધ કર્યો છે. માટે હવે બીજે ક્યાંય રોકાયા વિના 'હું કેવળ જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરજે.

**'જ્ઞાયકનું લઢણ કર્યા કરવું.'**

'જ્ઞાયક' એટલે જ્ઞાન, આનંદ, વીર્ય, કર્તા, કર્મ, કરણ, આધાર આદિ અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યશક્તિઓના અભેદ પિંડસ્વરૂપ નિજ આત્મવસ્તુ; તેને બરાબર સમજીને, અંતરમાં મહિમા લાવીને તેનું વારંવાર લક્ષ્ણ કર્યા કરવું. એનું લક્ષ્ણ કર તો તારી પર્યાયમાં બધું કાર્ય નિર્મળ થશે — સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણચારિત્ર, અતીન્દ્રિય આનંદ વગેરે યથાસંભવ નિર્મળ પ્રગટશે. દ્રવ્યમાં કર્તા, કર્મ, કરણ, અધિકરણ વગેરે શક્તિઓ છે તેથી દ્રવ્યસ્વભાવનો — જ્ઞાયકનો — આશ્રય લેવાથી તેના આધારે નિર્મળ કાર્ય અવશ્ય થશે.

આ વાત ઝીણી પડે એટલે લોકો વિરોધ કરે છે. તેઓ કહે છે કે — કાર્ય ઉપાદાન અને નિમિત્ત એ બન્ને કારણોથી થાય, એકલા ઉપાદાનથી નહિ; કાર્ય થવામાં નિમિત્તનો પણ થોડો હિસ્સો છે. ભાઈ! 'બે કારણથી કાર્ય થાય' એ તો કાર્યોત્પત્તિનું પ્રમાણ-અપેક્ષાએ જ્ઞાન કરાવ્યું છે. કાર્ય થતી વખતે ઉપાદાન — વસ્તુની નિજ શક્તિ — પોતે જ કાર્યરૂપે પરિણમે છે, નિમિત્ત નહિ. નિમિત્ત અનુકૂળ હોવા છતાં કાર્યમાં તે અકિંચિત્કર છે. અહીં તો શ્રદ્ધા, જ્ઞાન, શાન્તિ વગેરે નિર્મળ પર્યાયોની વાત છે. તે નિર્મળ પર્યાયો ક્યારે થાય? — કે જ્ઞાયકરૂપી ધ્રુવ ધ્યેયમાં લક્ષ જાય ત્યારે.

આ બધું યાદ રાખવું મુશ્કેલ પડે એવું છે. કેટલું યાદ રાખવું? ભાઈ! આ કાંઈ ગોખી જવાની વાત નથી, પણ તારા જ્ઞાયકદ્રવ્યની તાકાત એટલી બધી છે કે એનું લક્ષ થતાં બધી શક્તિઓ પર્યાયમાં યથાસંભવ નિર્મળપણે પરિણમે. દ્રવ્ય મલિનપણે પરિણમે એવો કોઈ ગુણ તારામાં છે નહિ, માત્ર નિમિત્તને વશ થઈને પર્યાયમાં તેં ક્ષણિક મલિનતા ઊભી કરી છે. પર્યાયમાં ક્ષણિક મલિનતા હોવા છતાં અંદર જે ત્રિકાળી નિર્મળ શક્તિઓનો ધરનાર નિજ જ્ઞાયકદેવ સદાય વિદ્યમાન છે તેને અંતર્મુખ થઈને જોતાં પર્યાયમાં વિકાર કરવાનો અભાવ થઈને નિર્મળતા પ્રગટે છે.

પ્રશ્ન :— 'કર્મથી વિકાર થાય' એમ કરણાનુયોગનાં શાસ્ત્રોમાં આવે છે ને?

ઉત્તર :— ભાઈ! વિકાર કરવાનો આત્માનો સ્વભાવ નથી, સ્વભાવ હોય તો તે કદી ટળે નહિ — એ બતાવવા કરણાનુયોગમાં વ્યવહારથી — નિમિત્તની પ્રધાનતાથી — કથન છે. કાર્ય કાંઈ નિમિત્તની પ્રધાનતાની થતું નથી. તે વખતે પણ પોતાનું અશુદ્ધ ઉપાદાન જ પ્રધાન છે. કરણાનુયોગ હો કે ચરણાનુયોગ હો — બધાનો સાર એક માત્ર વીતરાગતા છે. વિકારી કે અવિકારી — બધી પર્યાયોમાં આત્મા પોતાનાં ષટ્ કારકોથી સ્વતંત્રપણે કાર્ય કરે છે. અહા! આવો મારગ છે ભાઈ! તે સાંભળવાનાં આવાં ટાણાં ક્યારે આવશે? અરેરે! સર્વજ્ઞ પ્રભુના વિરહ પડયા અને ઝઘડા ઊભા થયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે — જ્ઞાયકનું લક્ષણ કર. તેનો અર્થ એ છે કે — અંતર્મુખ થઈને વારંવાર જ્ઞાયકસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ, ચૈતન્યપ્રકાશના — નૂરના — તેજના પૂર એવા નિજ જ્ઞાયકસ્વભાવનું ઘોલન - ઘૂંટણ કર્યા કરવું, જેથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રની નિર્મળ પર્યાયો પ્રગટ થશે. શુભભાવ કરતાં કરતાં થશે એમ નહિ, પણ અંતર જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરવાથી — અંતરમાં જવાથી — નિર્મળતા પ્રગટ થશે. બસ! એના માટે જ્ઞાયકનો વિચાર, જ્ઞાયકનો નિર્ણય. અંદર વિચારને દીર્ઘ લંબાવ, અને અંતરમાં જા, તારું કાર્ય નિર્મળ થઈ જશે.

———o———

## વચનામૃત — ૩૩૨

**એકાન્તે દુઃખના બળે છૂટો પડે એમ નથી, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે. દુઃખ લાગતું હોય, ગમતું ન હોય, પણ આત્માને ઓળખ્યા વિના — જાણ્યા વિના જાય ક્યાં? આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય, તો જ છૂટો પડે. ૩૩૨.**

**'એકાન્તે દુઃખના બળે છૂટો પડે એમ નથી, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે.'**

એકલા દુઃખના બળે એટલે કે રાગનું જે દુઃખ લાગે તેનો આશ્રય કરીને છૂટો પડે એમ નથી, પણ રાગથી ભિન્ન એવા નિજ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવની દૃષ્ટિના જોરથી છૂટો પડે છે; કેમ કે રાગથી — વિભાવથી છૂટા પડવારૂપ ક્રિયાનાં કારકો — કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ — દ્રવ્યસ્વભાવમાં છે. તેમાં શુભ રાગના વિકલ્પ એ કોઈ સાધન નથી. ક્યાંક વ્યવહારના વિકલ્પને સાધન કહ્યું હોય ત્યાં, જે વિકલ્પથી છૂટો પડ્યો તે કાળે તેને નિમિત્ત તરીકે કહ્યું છે. વ્યવહારથી થયું એમ કહેવાય; બાકી તો વ્યવહારથી છૂટો પડ્યો, વિકલ્પનો અભાવ કર્યો, માટે વિભાવથી છૂટો પડ્યો છે.

એકાન્તે દુઃખના લક્ષે, રાગના બળે, સંસારના જે વિકલ્પો ઊઠે તેના વલણે જીવ અંતરથી છૂટો પડે એમ નથી. બીજી રીતે કહીએ તો — પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ ને વિભાવના પ્રેમથી તે છૂટો પડે એમ નથી; પરંતુ અંદર દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે એમ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ વગેરે તથા જ્ઞાન, દર્શન, આનંદ, શાન્તિ વગેરે અનંત શક્તિઓ છે. એકેક શક્તિમાં અનંતું સામર્થ્ય છે. આત્મામાં એક 'અનંતધર્મત્વ' નામની શક્તિ છે ને?—પરસ્પર ભિન્નલક્ષણોવાળા અનંત સ્વભાવોથી ભાવિત—નિષ્પન્ન એવો એક ભાવ જેનું સ્વરૂપ છે તે 'અનંતધર્મત્વ' શક્તિ છે. એવા જ્ઞાનાદિ અનંત ગુણોના આશ્રયરૂપ અભેદ દ્રવ્યસામાન્યની અંતર્મુખ દૃષ્ટિના જોરે જીવ વિભાવથી છૂટો પડે છે. આવી વાત છે.

અરેરે! આ દુર્લભ મનુષ્ય. અવતાર પૂરો કરીને જીવો એક પછી એક ચાલ્યા જાય છે. કોઈનું હાર્ટફેલથી, કોઈનું અકસ્માતથી, કોઈનું બીમારીથી આયુષ્ય પૂરું થઈ જાય છે. જે દિવસે, જે પહોરે ને જે સમયે જે વિધિએ દેહ છૂટો પડવાનો છે તે વખતે ને તે રીતે છૂટો પડશે જ. તે પહેલાં ભાઈ! તું અંદર દ્રવ્યદૃષ્ટિના જોરે શ્રદ્ધા-જ્ઞાનમાં તેનાથી છૂટો પડી જા;—તો તને અંતરમાં શાન્તિ અને સુખ પ્રગટ થશે. દેહ તો અનંત વાર છૂટો પડી ગયો, પણ તું હવે દેહથી ને રાગથી છૂટો પડ. પરપદાર્થની વિસ્મયતા છોડી દે નાથ! તારામાં અનંત વિસ્મયતાનું અચિંત્ય તત્ત્વ પડ્યું છે, અનંત ગુણોની આશ્ચર્યકારી વિભૂતિ પડી છે તેની તને ખબર નથી. ભાઈ! તારે બીજું કાંઈ કરવાનું નથી, માત્ર અનંત ગુણરત્નોના ઓરડા જેમાં ભરેલા છે એવા અદ્ભુત ઋદ્ધિસંપન્ન નિજ કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે; તો તને અંતરમાં સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'. તેમાં ઠરતાં તું પર્યાયે પણ કૃતકૃત્ય થઈ જઈશ.

દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ; સ્વાધ્યાય વગેરે શુભરાગથી આત્મા સ્વભાવે તો સદાય છૂટો છે, પણ સમસ્ત વિભાવથી રહિત એવા નિજ દ્રવ્ય પર દૃષ્ટિનું જોર થતાં વર્તમાન પર્યાયમાં તે રાગાદિથી અંશે છૂટો પડે છે, સ્વભાવમાં સ્થિરતા થતાં પૂર્ણ છૂટો પડી જાય છે. અહો! આવી વાતો છે. આ તો જન્મમરણના અંત લાવવાની વાતો છે. અશુભભાવ તો અનંત વાર કર્યા, પણ શુભભાવ પણ અનંત વાર કર્યા. 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો'—દિગંબર સાધુ થયો, ૨૮ મૂળગુણ પાળ્યા, પણ અંતરમાં દ્રવ્યદૃષ્ટિ કરી નહિ, તેથી ભવભ્રમણનો અંત આવ્યો નહિ.

અત્યારે તો મુનિમાર્ગમાં બહુ ફેરફાર થઈ ગયો છે. ચોકા કરાવીને આહાર લેવાના ભાવમાં અધઃકર્મ ને ઉદ્દેશિકનો દોષ લાગે છે. મુનિ માટે ચોકા કરીને આહાર-દાન દેનાર ગૃહસ્થ 'મન શુદ્ધ, વચન શુદ્ધ, કાય શુદ્ધ ને આહાર શુદ્ધ'—એમ બોલે છે અને આહાર લેનાર મુનિ તે કબૂલે છે; તેમાં એષણાસમિતિ, અહિંસામહાવ્રત, સત્ય-મહાવ્રત વગેરેનો ભંગ થાય છે.—તો ત્યાં મુનિપણું કઈ રીતે બની શકે? અરેરે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગની ગેરહાજરીમાં માર્ગને વિષે ઘણા ફાંટા પડી ગયા. શું થાય? ઋષભદેવ ભગવાન સાથે ૪૦૦૦ રાજાઓ સાધુ થયા હતા. સાધુપણું પાળવું કઠણ લાગ્યું એટલે તેઓ આડા-અવળા થવા માંડયા, નગ્ન મુનિદશામાં સચિત્ત વનસ્પતિ વગેરે જે તે ખાવા લાગ્યા. તે વખતે દેવોએ આવીને તેમને પડકાર્યા—'મુનિમાર્ગમાં આ રીતે શિથિલાચાર નહિ ચાલે, ન પાળી શકતા હો તો છોડી દો મુનિપણું'. અરેરે! અત્યારે પડકારનાર એવી શક્તિવાળો કે એવા પુણ્યવાળો કોઈ નથી! એટલે માર્ગમાં વિપરીતતા ચાલી રહી છે.

અહીં કહે છે કે—

**'દુઃખ લાગતું હોય, ગમતું ન હોય, પણ આત્માને ઓળખ્યા વિના—જાણ્યા વિના જાય ક્યાં?'**

બીજે ક્યાંય ગમતું ન હોય, સંસારનાં કામભોગમાં બધું દુઃખ લાગતું હોય, પણ આત્માના ભાન વિના જાય ક્યાં? અંદર આનંદ આદિ અનંત ગુણોની ચમત્કૃતિના ચમત્કારથી ભરપૂર એવા નિજ જ્ઞાયક ભગવાન પ્રત્યે જેને નજર પ્રગટી નથી, તેનું સ્વરૂપ સમજીને જેને અંતરમાં યથાર્થ મહિમા આવ્યો નથી, તેનું દુઃખ ટળે એમ નથી. ગમે તેટલાં શાસ્ત્રનાં જાણપણાં કરે પણ જે અન્તર્મુખ દૃષ્ટિ કરતો નથી તેને આત્મા લક્ષગત થતો નથી. અરે! જેને આવી વાત સાંભળવા પણ ન મળે તે શું કરશે? ક્યાં જશે? એના પરિણામ-સરવાળા **બીજા** આવશે—ઊંધા. અંદર ચિદાનંદમૂર્તિ નિજ જ્ઞાયકનો આશ્રય કર. તેને જાણ્યા વિના—ઓળખ્યા વિના બીજે દુઃખ લાગતું હોય તોપણ તું જઈશ ક્યાં?

**'આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય, તો જ છૂટો પડે.'**

જ્ઞાન ને આનંદ આદિ અનંત શક્તિઓનો સાગર, અનંત અનંત ગુણોનું ગોદામ, અનંત અપાર સ્વભાવસમૃદ્ધિથી સદા ભરપૂર એવા નિજ ભગવાન આત્માને અંતર્મુખ થઈને જાણ્યો હોય, પુણ્ય-પાપના સમસ્ત વિભાવો રહિત તેનું શુદ્ધ અસ્તિત્વ બરાબર સમજાયું હોય, તો જ છૂટો પડે ને તો જ વિભાવનાં દુઃખથી મુક્ત થઈ પરમાનંદને પામે.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૩૩

**ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.**

**આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે. ૩૩૩.**

**'ચેતીને રહેવું.'**

ભગવાન આત્માનું વાસ્તવિક સ્વરૂપ જેવું છે તેવું બરાબર જાણીને અંદર તેની સાધનામાં સાવધ — સાવચેત — જાગ્રત રહેવું.

**"'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ."**

ધર્મનો અભ્યાસ કરે એમાં કાંઈક થોકડા શીખે — પલાખાં શીખે, બે-પાંચ હજાર ગાથાઓ ગોખી નાખે, કોઈ પ્રશ્ન કરે તો ફડાક દઈને જવાબ દેતાં આવડે અને અંદરમાં માને કે 'મને ઘણું આવડે છે'; ભાઈ ! એમ આવડતની હૂંફમાં, જાણપણાના અહંમાં ચડીશ નહિ.

અહા ! બેને કેવું કહ્યું છે ? ભાવને બતાવનારા શબ્દો બહુ સુંદર ગોઠવાઈ ગયા છે. બેને તો કહ્યા, પણ દીકરીઓએ લખી લીધા. એમાં હિંમતભાઈએ ટૂંકું ટૂંકું ગોઠવીને બધો સાર રાખ્યો.

અહીં બેન કહે છે કે — ચેતીને રહેવું, 'હું જ્ઞાયક છું' એમ ધ્યાન રાખીને રહેવું. કાંઈક આવડયું માટે આપણે થોડા વધી ગયા, બીજાને મારા જેવું આવડતું નથી, વ્યાખ્યાન કરતાં આવડયાં ને એને લઈને લોકો મારો આદર કરે છે. અરે ભાઈ ! એ કોઈ આત્માની ચીજ નથી, રાગ ને વિકલ્પની ચીજ છે. તું ચેતીને રહેજે હો, સ્વરૂપનું લક્ષ — ધ્યાન છોડીશ નહિ અને 'મને આવડે છે' એમ આવડતનાં અભિમાન કરીશ નહિ. 'આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ.' — અહા ! ભાષા કેવી સાદી છે ! વ્યાખ્યાન કરતાં આવડે ને એને લઈને લોકો આદર કરે — એ કોઈ ચીજ નથી, એની મીઠાશ એ તો રાગ સાથેનું એકત્વ છે, મિથ્યાત્વ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે.'**

આવડતના રસ્તે ચડવું એ તો વિભાવના રસ્તે ચડવા જેવું છે. શાસ્ત્રનાં જાણપણાં કરીને આવડતનાં અભિમાન કરવાં, વિભાવના રસ્તે રખડવું — એ કાંઈ નવું નથી, એ તો અનાદિથી કરતો આવ્યો છે. અગિયાર અંગનાં જાણપણાં અનંત વાર કર્યાં, એમાં 'આત્મા જ્ઞાયક છે' એ વાત શું નહોતી આવી? ધારણા બધી કરી, પણ 'મને આવડે છે' એમ અંદર અભિમાન રહ્યું, એટલે અંતરમાં ચૈતન્યની અધિકતા ન ભાસી, પણ શાસ્ત્રનાં જાણપણાંની આવડતનું અધિકપણું ભાસ્યું. ઇંદ્રિયજ્ઞાન ને પરલક્ષી શાસ્ત્રજ્ઞાન એ બધું એક છે. જગતને, હજારો — પાંચ પાંચ હજાર કે દસ દસ હજાર — માણસોને ઉપદેશ કરતાં આવડયું, બાપુ! એ શી ચીજ છે? આવડતનાં અભિમાન શાં? સ્વરૂપના ભાન વિના બહારની ધારણાના રસ્તે, એ વિભાવના રસ્તે તો તું અનાદિથી ચડેલો જ છે.

**'ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ.'**

વિભાવના રસ્તે જતાં રોકવા માટે કોઈ ટોકનાર જોઈએ. આવડતની કળાથી દુનિયાને રાજી કરે, દુનિયા પણ એને મોટો માને, પોતે પણ સ્વીકાર કરે કે 'મારી મોટપનો દુનિયા આદર કરે છે અને તેથી મને પગે લાગે છે'. ભાઈ! એ બધી ભ્રમણા છે. 'मुनिव्रत धार अनन्त वार ग्रीवक उपजायो' ત્યારે પંચમહાવ્રત લઈને અગિયાર અંગ ને નવ પૂર્વનું જાણપણું પણ કર્યું, ચોથે આરે ભગવાનનાં સમવસરણમાં દિગંબર સાધુ પણ અનંત વાર થયો, પ્રભુની વાણી પણ અનંત વાર સાંભળી, પણ અંદરથી આવડતનું અભિમાન છોડયું નહિ, તેથી 'निज आतमज्ञान बिना सुख लेश न पायो', જરી પણ ધર્મ થયો નહિ. આવડતનાં અભિમાનથી રોકવા માથે ગુરુ જોઈએ.

પ્રશ્ન :— આ વાત બહુ આકરી પડે છે!

ઉત્તર :— ભાઈ! મિથ્યાત્વનું દરદ આકરું છે ને? એટલે એની દવા પણ આકરી હોય ને?

**'એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.'**

આવડતની હૂંફે આબરૂ લે, આવડતની હૂંફે પૈસા મળે, રોટલા મળે, આજીવિકા મળે, અને લોકો પણ એમ માને કે — આ જાણવાવાળો છે, વિદ્વાન છે, સારો વ્યાખ્યાતા છે, માટે આપણે તેને સારું સારું — ચૂરમું, મેસૂબ વગેરે — જમાડો, અભિનંદન-પત્ર આપો. અરે પ્રભુ! એમાં તું મરી જઈશ, એ આવડતની હૂંફથી તું પોતે ખસી જા. આ નહિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ નહિ. — એમ આવડતના અભિમાનથી પાછા ખસવાની પોતાની લગામ જોઈએ; અને સાથે ગુરુની લગામ હોય તો જીવ ત્યાંથી પાછો વળે. અહા ! કોઈ ભારે ગજબની ચીજ આવી ગઈ છે ! ‘વચનામૃત’માં ઘણા બોલો આવી ગયા છે. બીજો ભાગ કાઢવાની લોકો માગણી કરે છે એ ખબર છે, પણ આ એકમાં જ બધો સાર આવી ગયો છે.

**‘આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે.’**

આવડત ભાળીને લોકો જન્મજયંતી ઊજવે, પગે પૈસા મૂકે, અભિનંદન આપે, અરે બાપુ ! તું એમાં મરી જઈશ. સમજાણું કાંઈ ? આકરું કામ બાપા ! બહુ આકરી વાત છે. ભાઈ ? એ બધેથી દૂર રહેવું હિતાવહ છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. મને કોઈ ઓળખે, મને કોઈ માને તો મારી સાચી વાત બહાર આવે, ભાઈ ! એ બધા માનના ભાવ છે.

**‘એ બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે.’**

બહાર પડવાના બધા પ્રકારો નિઃસાર છે, એ પ્રસંગોથી દૂર ભાગવામાં જ કલ્યાણ છે. જગતમાં સારભૂત એક નિજ જ્ઞાયક સ્વભાવ જ છે; તેના જ આલંબને આત્મકલ્યાણ પ્રગટે છે. એ સિવાય — એક આત્મસ્વસાવ સિવાય — બીજું બધું નિઃસાર છે. માટે બીજી બધી લપ મૂકીને એક આત્મસ્વભાવને સમજવાનો ને પામવાનો અંતરમાં ઉદ્યમ કરવો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન–૧૨૫

તા. ૨૦–૧૦–૭૮

## વચનામૃત — ૩૩૪

**આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. હું તો સેવક છું — એ દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે. સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે. ૩૩૪.**

**'આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે.'**

આત્મા પામવાની જેને ભાવના હોય, તેનો જ જે અર્થી હોય, તેને આત્માર્થી કહે છે. ભગવાન વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જેને 'આત્મા' કહે છે તે, દેહમાં રહેલું હોવા છતાં દેહથી તદ્દન ભિન્ન, અંદર શુભાશુભ વિભાવોથી પણ રહિત, જ્ઞાન, આનંદ આદિ અનંત અનંત ગુણસંપન્ન, અનંત શક્તિઓનું સંગ્રહાલય, અનંત ગુણોનું ગોદામ, — એવું કોઈ એક સમયમાં પરિપૂર્ણ આશ્ચર્યકારી શાશ્વત ધ્રુવ તત્ત્વ છે. આત્મા પોતાના ટંકોત્કીર્ણ ધ્રુવ શુદ્ધ સ્વભાવનો નિર્ણય પોતાની વર્તમાન પર્યાયમાં કરે છે. વેદાન્ત આત્માને કૂટસ્થ ધ્રુવ કહે છે તે વાત ખોટી છે. જો આત્મા શક્તિસ્વભાવે ધ્રુવ રહીને પર્યાયે પરિણમતો ન હોય તો 'હું ધ્રુવ તત્ત્વ છું' એવો નિર્ણય કર્યો કોણે? નિર્ણયરૂપ કાર્ય પર્યાયમાં થાય છે, ધ્રૌવ્યમાં નહિ.

ગુરુગમે આત્માને લક્ષગત કરવાથી આત્મા પ્રાપ્ત થાય છે; દયા, દાન, પૂજા, ભક્તિના શુભ પરિણામથી આત્મા પ્રાપ્ત થાય નહિ, એ તો રાગ ને વિકલ્પ છે. શુભભાવ આવે ખરો પણ તેનાથી જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન્ જ્ઞાયક આત્મા પ્રાપ્ત થતો નથી. ભગવાન શુદ્ધાત્મા શરીર, વાણી ને મનથી તો ભિન્ન જ છે, પરંતુ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મથી તથા પુણ્ય-પાપના વિકલ્પોથી — જે રાગ છે, વિભાવ છે, અશુચિ છે, બંધનાં કારણ છે, દુઃખ ને દુઃખના હેતુ છે તેમનાથી — પણ ભિન્ન છે. આવું આત્મતત્ત્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામવાની જેને અંદરથી ધગશ છે તે આત્માર્થી છે.

સર્વજ્ઞ પરમેશ્વરે નવ તત્ત્વ કહ્યાં છે. તેમાં શરીર, વાણી, કર્મ તો અજીવતત્ત્વ છે, હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના, પરિગ્રહસંચયની ભાવના, ક્રોધાદિ કષાયો વગેરે પાપતત્ત્વ છે, દયા, દાન, નામસ્મરણ, પૂજા-ભક્તિ વગેરે પુણ્યતત્ત્વ છે — એ સર્વથી ભિન્ન જ્ઞાયક આત્મા અંદર એવો ને એવો પરિપૂર્ણ શુદ્ધ પદાર્થ છે. આત્મવસ્તુ સ્વભાવે તો અત્યારે જ પરિપૂર્ણ નિર્મળ છે; 'નિર્મળ થઈશ' એમ નહીં, પણ વર્તમાન જ હું સામર્થ્ય-અપેક્ષાએ પૂર્ણ શુદ્ધ છું. 'શુદ્ધ થાય' એ તો વ્યક્ત પર્યાય-અપેક્ષાની વાત છે. ઝીણી વાત છે ભાઈ! જીવને, અનંત કાળમાં સમ્યગ્દર્શન — આત્મદર્શન શી ચીજ છે એની ખબર જ નથી. એમ ને એમ ઓઘે ઓઘે પૂજા-ભક્તિ ને વ્રતાદિ કર્યાં કરે, પણ એ તો બધી રાગની ક્રિયા છે, બંધનના ભાવ છે, એનાથી તો સંસાર જ ફળે છે.

'આત્માર્થી' નો અર્થ ચાલે છે. આત્મા શી ચીજ છે? આત્મા શરીરને કર્મમાં તેમ જ પુણ્ય-પાપના વિભાવરૂપ એક સમયની પર્યાયમાં તો નથી જ, પણ ધ્રુવ સ્વભાવના આલંબને પ્રગટ થનારી નિર્મળ પર્યાય જેટલો પણ નથી. ધ્રુવ તત્ત્વ તો પલટતી પર્યાયથી પણ કથંચિત્ ભિન્ન છે. શ્રદ્ધાપર્યાયે પરિણત ધર્મી એમ શ્રદ્ધે છે કે — હું તો સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પરમપારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મ-દ્રવ્ય જ છું. આવા આત્માનું જેને પ્રયોજન છે — કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ — તે આત્માર્થી છે. મુનિવ્રત ધારણ કર્યાં, દિગંબર સાધુ થયો, ૨૮ મૂળગુણ નિર્દોષ પાળ્યા પણ એ પરિણામ તો આસ્રવતત્ત્વ છે, પુણ્યતત્ત્વ છે, આત્મતત્ત્વ કે સંવર-નિર્જરાતત્ત્વ નથી. શુદ્ધાશુદ્ધ વિશેષ ભાવોથી પણ કથંચિત્ ભિન્ન એવા નિજ ત્રિકાળી સચ્ચિદાનંદસ્વરૂપ જ્ઞાયક આત્માનું જ જેને પ્રયોજન છે, તેનો જ જે અર્થી છે તે આત્માર્થી છે. ઝીણી વાત છે ભાઈ! બહારથી મળી જાય એવી આ ચીજ નથી.

એવા આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. નિર્માનપણું રાખવું. આત્માર્થી જીવ સદ્‌ગુરુ પાસે નિર્માનપણે રહી શકે છે. 'અમે પણ જાણીએ છીએ' એવું અંદરમાં માન આવી જાય તો આત્માર્થીપણું રહે નહિ. શ્રીમદે કહ્યું છે ને —

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.

પ્રશ્ન :— એ તો વ્યવહારની વાત છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર:— હા, છે તો વ્યવહાર ને નિમિત્તની વાત; તોપણ વ્યવહારમાં નિર્માનતા જોઈએ. અરેરે ! અનંત કાળમાં જીવે આત્માનું કાંઈ કર્યું નહિ, વ્રત-તપ, પૂજા-ભક્તિ, ગજરથ કાઢવા — એવા ક્રિયાકાંડમાં એ ઘૂસી ગયો. ભાઈ ! એનું ફળ તો સંસાર જ છે. અંદર પૂર્ણાનંદઘન ચૈતન્ય પ્રભુ કે જેમાં આવરણ, અશુદ્ધિ ને અપૂર્ણતા નથી તેનો જે અર્થી છે તેને ગુરુના સાન્નિધ્યમાં — સત્સમાગમમાં પુરુષાર્થ સહેજે થાય છે. એ નિર્માનપણે રહે છે. 'અમે ઘણું જાણીએ છીએ' એમ જાણપણાના અભિમાનમાં ચડી જાય તો ચીજ — નિજ જ્ઞાયકસ્વભાવ — હાથ આવશે નહિ. સમજાણું કાંઈ?

**'હું તો સેવક છું — એ દૃષ્ટિ રહેવી જોઈએ.'**

જેને કેવળ નિજ શુદ્ધ આત્મા પામવાની લગની છે એવા આત્માર્થી જીવને ગુરુના સાન્નિધ્યમાં નિર્માનપણે સેવકપણાની દૃષ્ટિ રહેવી જોઈએ. ગુરુના સત્સંગમાં તેને સ્વભાવનો મહિમા જાગ્રત થયો હોવાથી અંતરમાં પુણ્યનો ને બહારના જાણપણાનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગે છે. તેને નિજ શુદ્ધાત્મસ્વભાવની સમજણમાં નિમિત્તરૂપે ઉપકારી એવાં દેવ-શાસ્ત્ર-ગુરુનું માહાત્મ્ય આવે છે, તેમના પ્રત્યે અત્યંત નિર્માનપણે સેવકપણાની બુદ્ધિ રહે છે. હું તો સેવક છું — એ દૃષ્ટિ રહેવાની સાથે, ગમે તે કાર્ય કરતાં તેને નિરંતર શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ કરવાની ખટકરૂપ આત્માર્થિતા તો રહ્યા જ કરે છે.

**"'હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે."**

'હું બીજા કરતાં કાંઈક ઠીક છું' એવું અંતરમાં અભિમાન આવી જાય તો અંદરમાં આત્માર્થિતા ને બહારમાં ગુરુનું સેવકપણું — એ બન્ને છૂટી જાય છે.

**'સેવક થઈને રહેવામાં લાભ છે.'**

ગુરુની સમીપે નિર્માનપણે સેવક થઈને વસવામાં લાભ છે. શાસ્ત્રનું થોડું જ્ઞાન થાય ત્યાં એમ માની લે કે — મને તો આત્મજ્ઞાન થઈ ગયું છે. ભાઈ! એ તો રખડી મરવાના ધંધા છે. શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષામાં સમ્યગ્દૃષ્ટિની નિર્માનતા બતાવતાં કહ્યું છે ને —

जो ण कुव्वदि गव्वं पुत्तकलत्ताइसव्वअत्थेसु ।
उवसमभावे भावदि अप्पाणं मुणदि तिणमित्तं ॥

જેને પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માનું ભાન એટલે કે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થઈને સ્વરૂપરમણતારૂપ નિર્મળ ચારિત્રદશા પ્રગટી છે, તે પર્યાયમાં પોતાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળજ્ઞાન સાથેની તુલનામાં પામર માને છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પરદ્રવ્ય તથા પરદ્રવ્યના ભાવોમાં ગર્વ કરતો નથી. જો પરદ્રવ્યભાવોથી પોતાને મોટો માને તો તેને સમ્યક્ત્વ શાનું ? તે તો નિરંતર ઉપશમભાવોની ભાવના રાખે છે અને પોતાના આત્માને તૃણવત્ હલકો માને છે. જ્યાં સુધી પર્યાયમાં કેવળજ્ઞાનાદિરૂપ પૂર્ણતા પ્રગટ ન થાય ત્યાં સુધી તે પોતાને તણખલા સમાન પામર માને છે; એટલો નિર્માન છે કે કોઈ પદાર્થમાં ગર્વ કરતો નથી.

'સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે.'

ગુરુ પ્રત્યે સેવકપણાનો ભાવ ગુણરત્નાકર આત્મા પ્રગટ થવાનું નિમિત્ત થાય છે. આ કથન નિમિત્તની અપેક્ષાનું છે. ખરેખર તો ગુણરત્નાકર આત્મા પ્રગટવાનું ઉપાદાન કારણ તો આત્મા પોતે જ છે. ભગવાન આત્મા અનંત અનંત ગુણોથી સદા ભરપૂર ચૈતન્યસમુદ્ર છે. રાગ ને વિકાર કે દયા-દાન આદિના વિકલ્પનો સમુદ્ર તે આત્મા નથી, પણ સહજજ્ઞાન, સહજઆનંદ આદિ અનંત અનંત ગુણોનો સાગર તે નિજ જ્ઞાયક આત્મા છે. અહો ! ભાષા સહેલી છે પણ ભાવ તો ઘણા ગંભીર છે. જેમ ક્ષેત્રનો — અલોકાકાશનો — ક્યાંય છેડો નથી તેમ ગુણસમુદ્ર ભગવાન આત્માના ગુણોનો પણ કોઈ પાર નથી. દશેય દિશામાં બધેય આકાશ છે. આકાશના જેટલા ભાગને એક પુદ્ગલ-પરમાણુ રોકે તેને પ્રદેશ કહે છે. આકાશને એવા પ્રદેશો અનંત છે. આકાશના અનંત પ્રદેશો કરતાં પણ આત્માના જ્ઞાનાદિ ગુણો અનંતગુણા અનંત છે. આત્માનો એ બધો વૈભવ અંદર ભરચક ભર્યો છે, પણ જીવને તેની ખબર નથી. આવો ગુણસમુદ્ર ભગવાન આત્મા અરિહંત પરમાત્માને તો પર્યાયમાં પ્રગટ થઈ ગયો છે, પણ શક્તિ-અપેક્ષાએ તો બધાનો આત્મા આવો જ છે — સર્વ જીવ છે સિદ્ધ સમ. નિર્માનપણે ગુરુ પ્રત્યે સેવક-પણાનો ભાવ આવો ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે.

જેને આવો ગુણસમુદ્ર આત્મા પ્રાપ્ત કરવો છે તેની દૃષ્ટિમાં કેટલી દીર્ઘતા ને કેટલું સામર્થ્ય જોઈએ ? આ શું દયા-દાન આદિના વિકલ્પોથી પ્રાપ્ત કરી શકાય ? કદાપિ નહિ. એક સમયની ક્ષણિક પર્યાય ઉપર તો જીવની દૃષ્ટિ અનાદિની છે, જ્ઞાનના ઉઘાડ ઉપર પણ દૃષ્ટિ અનાદિથી છે, પણ એક સમયવર્તી પર્યાયની પાછળ અખંડ પરિપૂર્ણ શુદ્ધ તત્ત્વ પડ્યું છે તેની તેને ખબર નથી. એક સમયની પ્રગટ પર્યાય વ્યક્ત છે અને તે સિવાય સામર્થ્યભરપૂર આખી ધ્રુવ ચીજ અવ્યક્ત છે. પર્યાયમાં પ્રગટ્યો નથી માટે સ્વભાવને અવ્યક્ત કહ્યો, બાકી શક્તિ-અપેક્ષાએ તો દ્રવ્ય સદા વ્યક્ત જ છે.

અરેરે ! અત્યારે તો વીતરાગ માર્ગના નામે ગોટગોટા ઊઠ્યા છે. વીતરાગ માર્ગમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો વસ્ત્રનો એક ટુકડો રાખે અને મુનિપણું મનાવે તો તે મિથ્યાદૃષ્ટિ છે, અનંત સંસારી છે. કપડાં રાખવાનો ભાવ એ મમતા છે; એવી મમતા મુનિદશામાં ન હોય. વસ્ત્રસહિત મુનિપણું એ વીતરાગનો માર્ગ નથી. અહા! માર્ગ બહુ આકરો છે. વિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ શ્રી સીમંધર પ્રભુ બિરાજે છે, ત્યાંથી આવેલી આ વાણી છે. આત્માના અનુભવ સહિત અંતરમાં વિશેષ સ્થિરતાપૂર્વક જેણે વસ્ત્ર-પાત્રનો ત્યાગ કર્યો છે અને અંદરમાં જેને અનંત શાન્તિનો સાગર ઊછળી રહ્યો છે તેમને મુનિરાજ કહીએ.

અહીં તો એમ કહે છે કે—આત્માર્થીને ગુણસમુદ્ર ભગવાન આત્માની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુ નિમિત્ત હોય, કુગુરુ નહિ. સદ્‌ગુરુ નિમિત્ત હોય છે પણ તેમનાથી પ્રાપ્તિ થતી નથી, પ્રાપ્તિ તો પોતાના ઉપાદાનથી થાય છે. સમજાય છે કાંઈ? આવે છે ને—

गुरु गोविन्द दोनूँ खड़े, किसकुं लागूँ पाय ।
बलिहारी गुरुदेवकी, आतम दियौ बताय ॥

રાગ ને વિકલ્પના સંબંધ રહિત અંતરમાં જે નિર્દોષ ને નિરાવરણ પૂર્ણાનંદ ચૈતન્ય પ્રભુ તેનું ભાન પ્રત્યક્ષ વર્તતા ગુરુદેવે કરાવ્યું, માટે પરોક્ષ ગોવિંદ કરતાં હું મારા સાક્ષાત્ ગુરુને વિશેષ ઉપકારી માનું છું. અહા! એ ગુણસમુદ્ર ભગવાન આત્મા શી ચીજ છે તેનું જીવને લક્ષ નથી, પણ અનાદિથી વર્તમાન એક સમયની પર્યાય ઉપર જ લક્ષ છે. ગુણસમુદ્ર ભગવાન આત્મા કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તેને પ્રથમ લક્ષમાં લે, ધ્યેય બનાવે તો સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પ્રગટ થાય. તેમાં નિમિત્ત તરીકે ગુરુ છે. ગુરુ પ્રત્યે સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર—જ્ઞાન, આનંદ, શાન્તિ, સ્થિરતા વગેરે અનંત ગુણોનો દરિયો—એવો નિજ જ્ઞાયક આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે. અંતર્મુખ દૃષ્ટિ થઈ છે પોતાના ઉપાદાનથી, પણ સાથે અંતરમાં ઉપકારી ગુરુ પ્રત્યે પોતાની નિર્માનતા હોય છે; તેથી ગુરુએ 'ગુણસમુદ્ર આત્મા બતાવ્યો' એમ નિમિત્તથી કહેવામાં આવે છે.

અહા! બેનની તો કોઈ અંતરની સ્થિતિ છે! પોતાને એટલું એટલું આત્મજ્ઞાન અને અનુભવની સ્થિતિ હોવા છતાં એ એમ લખે છે કે—"'આત્મા' શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું', 'જ્ઞાયક છું'—ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે." અહા! ગજબ છે એમનો વિનય અને એમની નમ્રતા! શ્રીમદે કહ્યું છે ને—

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણસમુદ્ર જ્ઞાયક આત્મા પ્રગટવામાં ઉપાદાનકારણ તો પોતાની અન્તર્મુખ દૃષ્ટિ છે, તેમાં ગુરુ નિમિત્ત હોવાથી 'તે તો પ્રભુએ આપિયો'—ગુરુદેવના પ્રતાપે આત્મા પ્રગટ થયો એમ કહેવામાં આવે છે.

અરેરે! જીવને આખી જિંદગી 'આ કરું ને તે કરું' એમાં જ ચાલી જાય છે. આખો દિવસ રળવું, બાયડી-છોકરાંને સાચવવાં, એકલું પાપ, પાપ ને પાપ. મરીને હું ક્યાં જઈશ—એનો જરાય વિચાર નહિ. એમાં ધરમ તો નથી પણ પુણ્યેય નથી. પુણ્ય તો સત્સમાગમમાં બે-ચાર કલાક શાસ્ત્રવાંચન કરે, તત્ત્વવિચાર કરે તો થાય. વાંચન-વિચાર પણ શુભરાગ છે, ધર્મ નહિ; ધર્મ તો કોઈ બીજી જ ચીજ છે! પરથી ભિન્ન ને રાગાદિ વિભાવથી રહિત ત્રિકાળી નિજ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ તથા અનુભૂતિ પ્રગટ કરવી તે પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન નામનો ધર્મ છે. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. ચારિત્રની વાત તો હજી આઘી છે, ઝીણી છે. અહીં તો એમ કહ્યું છે કે ગુણસમુદ્ર આત્મા પ્રગટ થવામાં—સમ્યગ્દર્શન તેમ જ સ્વાનુભૂતિ પ્રગટવામાં—ગુરુ પ્રત્યે સેવકપણાનો ભાવ નિમિત્ત છે. અહા! આ 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક કોઈ અમૂલ્ય ચીજ છે ભાઈ!

———o———

## વચનામૃત — ૩૩૫

**બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો, ચૈતન્ય તરફની રુચિ ન છોડવી. ધર્મ કે રુચિ છૂટે તો અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા. ૩૩૫.**

'બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો, ચૈતન્ય તરફની રુચિ ન છોડવી.'

પ્રતિકૂળ સંયોગ હો કે અનુકૂળ, પણ 'હું અંતરમાં આનંદમૂર્તિ વિજ્ઞાનઘન શાશ્વત પરમ પદાર્થ છું' એવી દૃષ્ટિ છોડવી નહિ. પોતાના જ્ઞાયકપ્રભુની જો દૃષ્ટિ છૂટી તો ધર્મ ગયો. ગમે તેવી પરિસ્થિતિમાં સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્માએ બતાવેલા નિજ જ્ઞાયકતત્ત્વની દૃષ્ટિ છોડીશ નહિ. જેને રુચિમાં કેવળ નિજ જ્ઞાયક આત્માનું પોસાણ થયું છે તેણે તેની રુચિ છોડવી નહિ. વેપારીને ત્રણ રૂપિયાના માલના સાડા ત્રણ ઊપજે તો તે માલ વેચવો પોસાય, પણ તેના અઢી રૂપિયા ઊપજે તો પોસાય નહિ—વાણિયા એવા ધંધા ન કરે; એ રીતે જેને ભગવાન આત્મામાં રાગ તેમ જ એક સમયની પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પોસાતી નથી, માત્ર ત્રિકાળી પરિપૂર્ણ ધ્રુવ જ્ઞાયકભાવનું જ પોસાણ થઈ ગયું છે તેણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગો હોય — નિર્જન વન હોય, પાણી કે આહાર મળે નહિ, દુષ્કાળ હોય, આખી દુનિયા દુશ્મન થઈ જાય — તોપણ પોતાના ધર્મને છોડવો નહિ, જ્ઞાયકસ્વભાવની રુચિને છોડવી નહિ. નિયમસારમાં આવે છે ને —

પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,
તેનાં સૂણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે.

ઈર્ષાભાવથી કોઈ લોકો આત્મસાધનાના જિનેન્દ્રકથિત સુંદર માર્ગને નિંદે છે, 'એ તો એકલી નિશ્ચયની જ વાતો કરે છે' — એમ કહી વિરોધ કરે છે, તેમનાં વચન સાંભળીને જિનેન્દ્રપ્રભુએ કહેલા વીતરાગ માર્ગ પ્રત્યે અશ્રદ્ધા, અભક્તિ ન કરવી. જેને પોતા થકી અંતરમાં જ્ઞાયકની રુચિ થઈ છે તેને ગમે તેવા પ્રતિકૂળ સંયોગો આવે, આખી દુનિયા ફરી જાય, તોપણ તેની રુચિ તેમ જ દૃષ્ટિ ફરતી નથી, શંકિત કે ડામાડોળ થતી નથી. સમજાય છે કાંઈ?

**'ધર્મ કે રુચિ છૂટે તો અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા.'**

નિજ ચૈતન્ય જ્ઞાયકપ્રભુ કે જે અનંત અનંત જ્ઞાન-આનંદાદિ ગુણોનો દરિયો છે તેની અંતર્મુખ પુરુષાર્થ વડે જે અપૂર્વ રુચિ થઈ, ધર્મની શરૂઆત થઈ, તે જો છૂટી જાય તો આ અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા. અંતર્મુખ આત્મસાધનાના આ માર્ગને દુનિયામાં માનનારા ન મળે, વિરોધ કરવાવાળા મળે, તોપણ ધર્મની રુચિ છોડવી નહિ. હું તો પૂર્ણાનંદનો નાથ જ્ઞાયકપ્રભુ ગુણોનો સમુદ્ર છું, હું રાગ કે ક્ષણવર્તી પર્યાય જેટલો નથી, ત્રિકાળી શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન છું — એવી દૃષ્ટિ, અનુભૂતિ અને રમણતા છોડવી નહિ. દુનિયા માને કે ન માને, સત્યના માનનારની બહુ સંખ્યા હોય કે ન હોય, તોપણ ભગવાન જિનેન્દ્રદેવે કહેલું જે પરમ તત્ત્વ — નિજ જ્ઞાયકભાવ — તેની જે રુચિ થઈ, ધર્મની દશા પ્રગટી, તેને છોડીશ નહિ. ગમે તેવા પ્રતિકૂળ સંયોગો હોય તોપણ અંતરમાં ધર્મ કે રુચિ છોડવાં નહિ, નહીંતર અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા. અનંત કાળે આવો મનુષ્યભવ મળવો મુશ્કેલ છે. માટે આ દુર્લભ માનવભવમાં આત્માની રુચિ અને ધર્મની પરિણતિ પોતાના પુરુષાર્થ વડે પ્રાપ્ત કરીને તેને ટકાવી રાખજે.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## વચનામૃત — ૩૩૬

**કર્મોના વિવિધ વિપાકમાં જ્ઞાયકભાવ ચળતો નથી. જેમ કાદવમાં કમળ નિર્લેપ રહે છે તેમ ચૈતન્ય પણ ગમે તે કર્મસંયોગમાં નિર્લેપ રહે છે. ૩૩૬.**

**'કર્મોના વિવિધ વિપાકમાં જ્ઞાયકભાવ ચળતો નથી.'**

શું કહે છે? જ્ઞાયકસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ, ત્રિકાળી પદાર્થસ્વરૂપ, ધ્રુવ તત્ત્વસ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન ભગવાન આત્મા તે, કર્મનાં નિમિત્તથી, કર્મના અનેક પ્રકારના વિપાકમાં ગમે તેવા શુભ કે અશુભ ભાવ થાય તોપણ, પોતાના પારિણામિક મૂળ શુદ્ધ સ્વભાવથી ચલિત થતો નથી; વિકારકાળે પણ પોતાનો સામર્થ્યભરપૂર ધ્રુવ સ્વભાવ એવો ને એવો ટંકોત્કીર્ણ શુદ્ધ રહે છે. જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોના સામર્થ્યથી સદા પરિપૂર્ણ એવા નિજ જ્ઞાયકભાવનું જેને ભાન થયું છે એવા જ્ઞાનીને કર્મના વિવિધ ઉદયકાળે પોતાની પર્યાયમાં અસ્થિરતાજનિત શુભાશુભ વિભાવભાવ હોય, કદાચિત્ રૌદ્રધ્યાન પણ થઈ આવે, તોપણ 'હું દ્રવ્યસ્વભાવે દેહાદિ પરથી તદ્દન ભિન્ન અને શુભાશુભ વિકારથી રહિત શુદ્ધ જ્ઞાયકતત્ત્વ છું' એવી દ્રવ્યદૃષ્ટિથી તે જરા પણ ચલિત થતો નથી. સમજાણું કાંઈ? વસ્તુ તો પોતાના મૂળ શુદ્ધ ધ્રુવ સ્વભાવથી કદી ચલિત થતી નથી જ, પરંતુ વસ્તુદૃષ્ટિવંત પણ, ભલે તેને અશુભભાવ આવી જાય તોપણ, વસ્તુસ્વભાવથી — જ્ઞાયકભાવથી — ચલિત થતો નથી.

**'જેમ કાદવમાં કમળ નિર્લેપ રહે છે તેમ ચૈતન્ય પણ ગમે તે કર્મ-સંયોગમાં નિર્લેપ રહે છે.'**

કમળ કાદવમાં ઊગે છે. કાદવ સાથે રહેવા છતાં તેને કાદવનો લેપ લાગતો નથી, કાદવથી અલિપ્ત જ રહે છે. તેમ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પર્યાય-અપેક્ષાએ કર્મની સાથે રહ્યો હોવા છતાં, તેને અનેક જાતના કર્મોદય વર્તતા છતાં, દ્રવ્યસ્વભાવે તો સદાય નિર્લેપ જ રહે છે, પોતાના જ્ઞાયક શુદ્ધ સ્વભાવથી જરા પણ ચ્યુત થતો નથી. દ્રવ્યપર્યાયાત્મક ચૈતન્યવસ્તુમાં પર્યાય છે તે ઉપર-ઉપર છે અને દ્રવ્યસ્વભાવ તો અંદર ધ્રુવ ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ છે. ધ્રુવ સ્વભાવને લક્ષગત કરનાર દૃષ્ટિ પણ શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે, તે પણ ઉપર-ઉપર છે; તેનાથી પણ પેલી પાર ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસ્વભાવ છે. પર્યાય જે વર્તમાન બહાર પ્રગટેલી દેખાય છે — શુભાશુભ વિકારની, જ્ઞાનની, શ્રદ્ધાની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે ચારિત્રની — તે એક સમયની છે અને અંદર વસ્તુનું ધ્રુવ દળ તો ત્રિકાળી શાશ્વત છે. જે પર્યાયથી નિર્ણય થાય છે તે પણ ઉપર-ઉપર તરે છે, ધ્રુવ સ્વભાવમાં પ્રવેશ પામતી નથી.

'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં સોગાનીએ કહ્યું છે ને — પર્યાય મારું ધ્યાન કરે તો કરો, હું કોનું ધ્યાન કરું? વળી તેમણે કહ્યું છે : અભિપ્રાયમાં થોડી ભૂલ એ પણ પૂરી ભૂલ છે. રાગ મારું સ્વરૂપ છે,' પર્યાય જેવડો જ હું છું — એમ માનવું એ પણ મોટી ભૂલ છે. ધ્યાન પોતે પર્યાય છે. જીવ અનાદિથી પોતાની વર્તમાન પર્યાયમાં જે 'હું'પણું સ્થાપીને વર્તી રહ્યો છે તે બદલીને તેણે પોતાના સામર્થ્યભરપૂર ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં 'હું' પણું સ્થાપવાનું છે, પોતાની ધ્યાનપર્યાય વડે પોતાના ધ્રુવ દ્રવ્યસ્વભાવને ધ્યેયભૂત કરવાનો છે. દેવ-શાસ્ત્ર-ગુરુ નહિ, શરીર નહિ, રાગ નહિ, અધૂરી-પૂરી પર્યાય નહિ, અરે! ગુણભેદ પણ નહિ, પરંતુ અભેદ નિજ જ્ઞાયક દ્રવ્યસામાન્ય જ ધ્યેયભૂત બનાવવાનું છે. ધ્યાનનો વિષય જે ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે હું છું; વર્તમાન પર્યાય કે જે તેને વિષય બનાવે છે તે ધ્યાન છે. વસ્તુ પોતાના ધ્રુવ સ્વભાવ વડે પોતાના ધ્રુવ સ્વભાવનું ધ્યાન કરતી નથી, પણ પોતાની વર્તમાન પર્યાય વડે પોતાના ધ્રુવ પરમભાવનું ધ્યાન કરે છે, પોતાની વર્તમાન દશા વડે ધ્રુવ પરમભાવનો આશ્રય કરે છે. અહા! આવો વીતરાગ માર્ગ જીવે કદી સાંભળ્યો નથી, જાણ્યો નથી.

અહીં કહે છે કે કાદવમાં કમળની જેમ આ ચૈતન્ય જ્ઞાયક પ્રભુ પણ ગમે તે કર્મસંયોગમાં સદા નિર્લેપ જ રહે છે. ધ્યાન તો વર્તમાન પર્યાય છે અને હું તો અનંત આનંદનો કંદ, અનંત ગુણોનો સમુદ્ર, પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ છું. અત્યારે જ શક્તિએ પરિપૂર્ણ પરમાત્મા ન હોઉં તો પર્યાયમાં કેવળી ને અરિહંત પરમાત્માની દશા પ્રગટ થાય છે તે ક્યાંથી આવશે? અંદર સામર્થ્યભરપૂર ધ્રુવ સ્વભાવ પડ્યો છે તેના પૂર્ણ આલંબને પર્યાયમાં પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થાય છે.

ભગવાન આત્મા દ્રવ્ય-અપેક્ષાએ ધ્રુવ...ધ્રુવ...ત્રિકાળ ધ્રુવ છે. તત્ત્વાર્થસૂત્રમાં 'उत्पादव्यय-ध्रौव्ययुक्तं सत्' આવે છે ને? તેમાં ઉત્પાદ-વ્યય તે પર્યાય-અપેક્ષાએ છે અને ધ્રૌવ્ય તે દ્રવ્ય-અપેક્ષાએ છે. ધ્રૌવ્ય પણ દ્રવ્યાર્થિકનયનો વિષય હોવાથી દ્રવ્ય કહેવાય છે. 'દ્રવ્ય' શબ્દ બે અર્થમાં વપરાય છે: (૧) પ્રમાણના વિષયભૂત દ્રવ્ય-પર્યાયાત્મક આખી વસ્તુના અર્થમાં, અને (૨) પર્યાય તેમ જ ગુણભેદને ગૌણ કરીને દ્રવ્યાર્થિકનયના વિષય-ભૂત ત્રિકાળી અભેદ ધ્રુવ સ્વભાવના અર્થમાં. અહીં એમ કહે છે કે જે સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા છે તે, રાગ ને પર્યાય વગેરેના ભેદને ગૌણ કરીને, 'હું ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસામાન્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



— એક શુદ્ધ જ્ઞાયકભાવ — છું' એમ માને છે. 'હું ધ્રુવ જ્ઞાયક છું' એવો સ્વીકાર પોતાની પર્યાયમાં થાય છે; કેમ કે કાર્ય હંમેશાં પર્યાયમાં જ થાય, ધ્રૌવ્યમાં નહિ. પોતાના જ્ઞાયકભાવરૂપ ધ્રૌવ્યાંશના ધ્યાનસ્વરૂપ કાર્ય પણ પોતાની પર્યાયમાં જ થાય છે, તેથી પર્યાય દ્વારા જીવ અર્થાત્ ધ્યાતાપુરુષ એમ ધ્યાવે છે કે 'હું ધ્રુવ શુદ્ધ જ્ઞાયક ભાવ છું'. અહા! આવી વાતો છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકો — બિચારાને સાંભળવા મળ્યો નથી; અજૈનપણાને જૈનપણું માનીને જિંદગી ચાલી જાય છે.

દ્રવ્યસામાન્ય — શુદ્ધ એક જ્ઞાયકભાવ — ધ્યાનનો વિષય છે, ધ્યાનનો કરનાર નહિ; ધ્રુવ ધ્યેયને ધ્યાનગત કરનાર તો મારી વર્તમાન નિર્મળ પર્યાય છે. ધ્યાનના ધ્રુવ વિષયમાં ને ધ્યાનપર્યાયમાં જરા નહિ પણ રાતદિવસ જેટલો મોટો ફેર છે. ધ્યેય તો ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસામાન્ય છે ને ધ્યાન તો એક સમયનો પર્યાયવિશેષ છે. ધ્રૌવ્ય પ્રત્યેનું જોર દ્રવ્યદૃષ્ટિ છે અને પર્યાય પ્રત્યેનું જોર પર્યાયદૃષ્ટિ છે. એક દ્રવ્યબુદ્ધિ છે ને એક પર્યાયબુદ્ધિ છે. એક સમ્યગ્દૃષ્ટિ છે ને એક મિથ્યાદૃષ્ટિ છે. માટે પર્યાયમાત્રને ગૌણ કરીને દ્રવ્યસામાન્ય — ધ્રુવ જ્ઞાયકભાવ — ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન ને ધર્મ પ્રગટ થાય છે.

આ જે બાહ્ય લોક છે, વિભાવનો લોક છે, તેમાં તો બધી ધમાલ, ધમાલ ને ધમાલ જ જોવા મળે છે, ક્યાંય શાન્તિ નથી. અંતરનો લોક — ચૈતન્યલોક — અદ્ભુત છે, તેમાં બધું સરસ જોવાનું છે, ત્યાં સર્વત્ર શાન્તિ છે.

સર્વ દુઃખોનો અત્યંત નાશ કરવા માટે ચૈતન્યલોકમાં વસવાટની વિધિ બતાવનાર ગુરુદેવ સદા જયવંત વર્તો.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૨૬

તા. ૨૧-૧૦-૭૮

## વચનામૃત — ૩૩૭

દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી. આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે, તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી. જો પર્યાયમાં રોકાય, પર્યાયમાં ચોંટી જાય, તો મિથ્યાત્વમાં આવી જાય. ૩૩૭.

**'દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી.'**

આ બોલમાં બહુ સરસ વાત છે, જૈનદર્શનનું માખણ છે. વીતરાગને બાર અંગમાં શું કહેવું છે, એનું તાત્પર્ય શું છે એ વાત આ બોલમાં કહી છે. એ તાત્પર્ય સમજવું લોકોને કઠણ પડે છે; શું થાય? અહીં કહે છે: 'દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે' ત્યાં દ્રવ્ય એટલે શું? દેહથી ભિન્ન અંદર જે 'આત્મા' વસ્તુ છે તેમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય — ત્રણ છે. એ ત્રણમાં આખી જ્ઞાયક ચૈતન્યવસ્તુ તે દ્રવ્ય છે, તેમાં જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ત્રિકાળી શક્તિઓ છે તે ગુણો છે અને તે દ્રવ્ય અને ગુણોની વર્તમાનમાં થતી જે દશાઓ–હાલતો–અવસ્થાઓ તે પર્યાયો છે.

શરીર, વાણી અને મન વગેરે તો જડ છે, અચેતન છે ને પર છે, અને આત્માની દશામાં થતા પુણ્ય-પાપના ભાવો પણ, વિકારી ભાવ હોવાથી ચેતનની જાતના નથી તેથી, પર છે. પરથી ને વિભાવથી રહિત અંદર જે ત્રિકાળી ધ્રુવ, જ્ઞાનાનંદ આદિ અનંત સામર્થ્યથી પરિપૂર્ણ, ચૈતન્ય જ્ઞાયક વસ્તુસામાન્યને અહીં 'દ્રવ્ય' કહ્યું છે. વસ્તુસામાન્ય કહો, ધ્રૌવ્ય કહો કે દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત 'દ્રવ્ય' કહો — એ બધું એક જ છે.

ધર્મીને — જેને ધર્મ કરવો છે તેને, દૃષ્ટિ દ્રવ્યને ગ્રહણ કરતાં, પર્યાયમાં શુદ્ધતા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટે છે. 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' આવે છે ને? તેમાં જે ઉત્પાદ-વ્યય છે તે પર્યાય છે અને જે ધ્રૌવ્ય છે તેને અહીં 'દ્રવ્ય', કાયમ ટકનારો શુદ્ધ સ્વભાવ, સામાન્ય કહે છે. નિજ આત્મવસ્તુને ધ્રુવપણે ગ્રહણ કરતાં, એના ઉપર દૃષ્ટિ આપતાં, દ્રવ્યસામાન્ય અર્થાત્ ધ્રુવ સ્વભાવને શ્રદ્ધામાં લેતાં, શુદ્ધતા પ્રગટે, તેના આશ્રયે વિશેષ રમણતા પ્રગટ કરતાં ચારિત્ર પ્રગટે, અનંત ગુણોની પર્યાયોમાં નિર્મળતારૂપ વિશેષતા પ્રગટે; પરંતુ જ્ઞાનીને આશ્રય તરીકેનું વજન તે પર્યાયો ઉપર નથી, ત્રિકાળી ધ્રુવ 'જ્ઞાયક' ભાવ ઉપર છે.

પ્રશ્ન :— 'દ્રવ્યને ગ્રહણ કરવું' એટલે શું?

ઉત્તર :— 'દ્રવ્યને ગ્રહણ કરવું' એટલે ધ્રુવ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવને રુચિભાવે પકડવો, વર્તમાન જ્ઞાનપર્યાયને રુચિપૂર્વક તે બાજુ લઈ જવી, વર્તમાન દશાને સ્વભાવ તરફ વાળવી. અહા! વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે. સ્વભાવના ગ્રહણ સિવાય બીજું જે કાંઈ પૂજા-ભક્તિ વગેરે કરવામાં આવે તે બધી મજૂરી છે.

પ્રશ્ન :— લાભ હોય ત્યારે મજૂરી તો કરવી પડે ને?

ઉત્તર :— શેનો લાભ? ધૂળનો? વિભાવનું ફળ તો ધૂળ છે, એ ક્યાં આત્માની ચીજ છે? પુણ્ય અને તેના ફળનું — પર ચીજનું — ગ્રહણ તો આત્મામાં છે જ નહિ, પણ પોતાની પર્યાયમાં જે શુભાશુભ ભાવ થાય તે પણ વિભાવભાવ છે, આત્માનું સ્વરૂપ નથી; એનું પણ ગ્રહણ નહિ; અરે! વર્તમાન વર્તતી એક સમયની જે દશા તેમ જ જ્ઞાન, આનંદ આદિ જે ગુણભેદ તેના પર ધર્મીની દૃષ્ટિ નથી, તે તો ગુણગુણીના ભેદ રહિત ત્રિકાળી અભેદ જ્ઞાયક પરમભાવનું જ ગ્રહણ કરે છે, તેનો જ આશ્રય લે છે. અહીં ગુણીનો અર્થ બારદાન નથી હો? ચોખાની ગુણીની આ વાત નથી. અહીં ગુણી એટલે અંદર આત્મામાં જે જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંત ગુણો છે તેમના આધારરૂપ — આશ્રયરૂપ જે અભેદ જ્ઞાયક દ્રવ્ય તે. તે અભેદ નિજ જ્ઞાયકદ્રવ્યને ગ્રહણ કરતાં, તેના પર દૃષ્ટિ આપતાં, જ્ઞાનની પર્યાયમાં તેને પકડતાં, અંતરમાં નિર્મળતા પ્રગટે છે, સ્થિરતા પ્રગટે છે, પણ જ્ઞાની પ્રગટેલી નિર્મળ પર્યાયમાં પણ અટકતા નથી, તેમની દૃષ્ટિ રસકસથી પરિપૂર્ણ એવા નિજ દ્રવ્યસામાન્ય પરથી જરા પણ ખસતી નથી. અહા! ત્રિલોકીનાથ જિનેશ્વરદેવનો આ માર્ગ આખી દુનિયાથી કોઈ જુદો જ છે. અત્યારે તો 'જૈન' નામના સંપ્રદાયમાં પણ ગોટા ઊઠયા છે; બહારના ક્રિયાકાંડમાં ને શુભભાવમાં ધર્મ મનાવી બેઠા છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં તો બેન એમ કહે છે કે — દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા અર્થાત્ ધર્મ પ્રગટે છે. આત્મા વસ્તુ છે, તેમાં જ્ઞાનાદિ અનંત ગુણો વસેલા છે. એ સામર્થ્યભરપૂર ત્રિકાળી અભેદ વસ્તુને શ્રદ્ધામાં પકડતાં, જ્ઞાનની વર્તમાન દશામાં એનું ગ્રહણ કરતાં — તેના તરફ ઢળતાં વર્તમાન પર્યાયમાં જે શુદ્ધતા પ્રગટે છે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-સ્વરૂપ ધર્મ છે. ભાષા સાદી છે પણ ભાવ તો બહુ ઊંચા છે ભાઈ!

'દ્રવ્યને ગ્રહણ કરતાં' તેમાં દ્રવ્યનો અર્થ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસામાન્ય છે. 'દ્રવ્ય' શબ્દ બે અર્થમાં વપરાય છે: (૧) પ્રમાણના વિષયભૂત જે દ્રવ્ય-પર્યાયસ્વરૂપ આખી વસ્તુ તે; (૨) શુદ્ધનયના વિષયભૂત ત્રિકાળી શુદ્ધ અખંડ ચૈતન્યવસ્તુ કે જેમાં પર્યાય તેમ જ ગુણભેદ ગૌણ કરવામાં આવે છે તે. અહીં શુદ્ધ નિશ્ચયનયના વિષયભૂત અભેદ જ્ઞાયક દ્રવ્યને ગ્રહણ કરવાની વાત છે, કેમ કે દૃષ્ટિના વિષયભૂત અભેદ ધ્રુવ દ્રવ્યસામાન્યને ગ્રહણ કર્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. પુણ્ય-પાપ તો વિભાવ હોવાથી તેનો તો નિષેધ જ છે, પણ જે નયમાં પર્યાયનો, ગુણભેદનો — તેમને ગૌણ કરીને — નિષેધ થાય તે નય વડે જ — નિશ્ચયનય વડે જ — નિજ શુદ્ધાત્મદ્રવ્યનું યથાર્થ દર્શન થાય છે. અરે! જૈનમાં જન્મેલાને હજી દ્રવ્ય શું, પર્યાય શું, એની પણ ખબર ન મળે. અહીં સ્વાધ્યાય-મંદિરમાં 'દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ છે' — એમ એક સૂત્રવાક્ય ભીંત ઉપર લખેલું છે; તે વાંચીને એક ભાઈએ પૂછ્યું: સાહેબ! આ 'દ્રવ્યદૃષ્ટિ' એટલે શું લક્ષ્મીની દૃષ્ટિ? શું પૈસાવાળા હોય તે સમ્યગ્દૃષ્ટિ? ભાઈ! અહીં 'દ્રવ્ય' એટલે પૈસાની વાત નથી, પૈસો તો ધૂળ છે, જડ છે, પર છે. અહીં તો ત્રિકાળી જ્ઞાયક આત્મા કે જે એક સમયવર્તી પર્યાયનીસમીપમાં રહેલો અંદર ધ્રુવ છે, અનંત ગુણના પુંજરૂપ અભેદ એકરૂપ છે તેને અહીં સર્વજ્ઞ પરમાત્મા 'દ્રવ્ય' કહે છે. સમજાણું કાંઈ?

એ 'દ્રવ્ય'ને ગ્રહણ કરતાં, તેનો આશ્રય લેતાં, શુદ્ધતા પ્રગટે. શુદ્ધતા કહો કે ધર્મ કહો — બંને એક જ છે. આત્મવસ્તુને ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપે પકડતાં તેની પર્યાયમાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન બંને એકસાથે પ્રગટે છે. પહેલાં શ્રદ્ધા-જ્ઞાન એ બેની શુદ્ધતાની વાત લીધી, સ્વરૂપમાં વિશેષ રમણતારૂપ ચારિત્રની વાત પછી લેશે. શ્રી જિનેન્દ્રદેવની વાણીમાં આવ્યું છે તે અહીં કહેવાય છે. આત્મા દ્રવ્ય ને પર્યાયસ્વરૂપ વસ્તુ છે. નિશ્ચયનયના વિષયભૂત નિર્વિકાર ને નિર્ભેદ ત્રિકાળી ધ્રૌવ્યને અહીં 'દ્રવ્ય' કહ્યું છે. વસ્તુની વર્તમાન દશાને પર્યાય કહે છે. વસ્તુમાં દ્રવ્ય ને પર્યાય સિવાય કર્મ-નોકર્મ વગેરે બીજું તો કાંઈ છે નહિ. ત્યાં, પર્યાયમાં 'પર્યાય'ને ગ્રહણ ન કરતાં 'દ્રવ્ય'ને ગ્રહણ કરે, તેનો આશ્રય કરે, તો શુદ્ધતા પ્રગટે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરીર, વાણી કે સ્ત્રી-પુત્ર વગેરે બહારની ચીજોનું તો ગ્રહણ છે જ નહિ, પણ પોતાની પર્યાયમાં પુણ્ય-પાપના વિભાવોનું — પર્યાયનું અનાદિથી જે ગ્રહણ છે તે મિથ્યા દૃષ્ટિ છે. હવે તે વર્તમાન પર્યાયને દ્રવ્ય તરફ ઢાળતાં, પર્યાય વડે દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે છે. આવી વાત છે. કોઈને એમ લાગે: આ તે કોઈ નવો ધર્મ હશે? અત્યાર સુધી તો દયા પાળવી, અપવાસ કરવા, — એ બધો ધર્મ છે એમ સાંભળ્યું 'તું. ભાઈ! અહીં તો પરમેશ્વરે જે કહ્યું છે તે વાત આ બેનનાં વચનોમાં છે. પ્રભુ! તું અંદર અનંત અનંત જ્ઞાનાદિ ગુણોનો ભરેલો ભગવાન — 'દ્રવ્ય' છો ને! જેમ સાકર ધોળાશ, મીઠાશ અને સુંવાળપ વગેરે ગુણોથી ભરેલી છે, તેમ આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય આદિ અનંત ગુણો ભરેલા છે; તેને અહીં 'દ્રવ્ય' કહ્યું છે. અહા! ભાષા તો સાદી છે પણ તેનો મર્મ ઊંડો છે. અહા! આ બેનના શબ્દો છે, તે વીતરાગના જ શબ્દો છે, કોઈના ઘરની કલ્પના નથી.

પૈસા વગેરે બધું ધૂળ છે, તેના લક્ષે જે મમતા થાય છે તે પણ આત્માનું સ્વરૂપ નથી. તે વર્તમાન વિકારી કે જ્ઞાનાદિની અલ્પ પર્યાયની સમીપમાં અંદર જે ત્રિકાળી આખું તત્ત્વ પડ્યું છે તેને અહીં 'દ્રવ્ય' કહ્યું છે. દ્રવ્ય કહો, ધ્રૌવ્ય કહો, સામાન્ય કહો કે એકરૂપ રહેનારું તત્ત્વ કહો — બધાનો અર્થ એક જ છે. પરિણમન અર્થાત્ બદલવું પણ જેમાં નથી એવા નિજ શુદ્ધાત્મ-દ્રવ્યસામાન્યનું ગ્રહણ કરતાં, ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય વસ્તુસામાન્યને પકડતાં, તેના પર દૃષ્ટિ પડતાં પર્યાયમાં શુદ્ધતા — સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વાનુભૂતિરૂપ ધર્મની દશા — પ્રગટ થાય છે.

ત્રિકાળી જ્ઞાયકને વિશેષ સ્થિરતાપૂર્વક ગ્રહણ કરતાં ચારિત્રદશા પ્રગટે. શુભાશુભ ભાવો તો મેલ છે, વિભાવ છે, દુઃખનાં કારણ છે. દ્રવ્યને ગ્રહણ કરતાં તે વિભાવો કંઈ ઉત્પન્ન ન થાય, શુદ્ધતા અર્થાત્ ધર્મ જ ઉત્પન્ન થાય. અહા! બેનનું આવું સરસ પુસ્તક બહાર આવી ગયું. ૪૦-૫૦ હજાર બહાર પડી ગયાં છે. ગુજરાતી અને હિન્દી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ આપ્યાં છે. અરે! આવી ચીજ બીજે ક્યાં છે? ત્રિકાળી દ્રવ્યસ્વભાવને પકડતાં ધર્મદશા પ્રગટે. ધર્મ પ્રગટવાનો આ એક જ ઉપાય છે. શાસ્ત્રનાં બહિર્લક્ષી ભણતરથી ધર્મ — સમ્યગ્દર્શન-જ્ઞાન ન પ્રગટે. અરે! આ વાત કેમ બેસે?

નિજ શુદ્ધાત્મદ્રવ્યનો આશ્રય કરતાં પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાનની શુદ્ધતા પ્રગટે, ને શુદ્ધાત્મદ્રવ્યસામાન્યમાં વિશેષપણે એકાગ્ર થતાં ચારિત્રધર્મ પ્રગટે. અહા! ચારિત્રધર્મ કોને કહીએ? નગ્નપણું વગેરે દેહની ક્રિયા કે પંચ મહાવ્રત વગેરે શુભ ભાવ આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે કાંઈ ચારિત્ર નથી. દેહની ક્રિયા જડ છે ને વ્રતાદિના પરિણામ રાગ છે, તેને ચારિત્ર કેમ કહેવાય? અનંત ગુણોના સાગર પર દૃષ્ટિ પડતાં, અંદર ભૂતાર્થ પરમભાવનો આશ્રય થતાં, જે વિશેષ સ્થિરતાવાળી સ્વરૂપરમણતા પ્રગટે તેને ભગવાને ચારિત્ર કહ્યું છે.

દ્રવ્યનો આશ્રય કરતાં શ્રદ્ધા, જ્ઞાન ને અનુભૂતિની શુદ્ધતા પ્રગટે; તેનો વિશેષ આશ્રય કરતાં ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં અટકી જતા નથી. જ્ઞાનીને દૃષ્ટિની તાક તો સદાય દ્રવ્ય — ધ્રૌવ્યસામાન્ય — ઉપર જ પડી હોય છે. જેમ દરિયામાં વહાણ 'ધ્રુવ' તારાના આધારે ચાલે છે તેમ અહીં આત્માને સામર્થ્યપિંડ નિજ 'ધ્રૌવ્ય'ના લક્ષે પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે, વધે છે ને પૂર્ણ થાય છે. અરે! આ કઈ જાતની ભાષા? જૈન ધર્મ આવો હશે? અમે તો આખી જિંદગી 'દયા પાળો, વ્રત ધારણ કરો' એવી વાતો સાંભળી છે. ભાઈ! એ બધા તો રાગ ને વિકલ્પના પ્રકાર છે, પુણ્યબંધનું કારણ છે, એ કંઈ પરમાર્થ જૈનધર્મ નથી. શ્રી કુંદકુંદાચાર્યદેવે ભાવ-પ્રાભૃતમાં કહ્યું છે ને—

પૂજાદિમાં વ્રતમાં જિનોએ પુણ્ય ભાખ્યું શાસને;<br>
છે ધર્મ ભાખ્યો મોહક્ષોભવિહીન નિજ પરિણામને.

યમ, નિયમ, સંયમ, તપ વગેરે બધું વિકલ્પસ્વરૂપ હોવાથી પુણ્યબંધનું કારણ છે, અંદર ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસ્વભાવના આલંબને મોહક્ષોભ રહિત નિજ શુદ્ધ પરિણામ — પર્યાયમાં સમ્યગ્દર્શન, ભેદવિજ્ઞાન, આત્મરમણતા, અતીન્દ્રિય આનંદ, સ્વરૂપ-ઐશ્વર્ય વગેરે નિર્મળતા — પ્રગટે તેને જિનેન્દ્રભગવાને ધર્મ કહ્યો છે. ભૂતાર્થ સ્વભાવના આલંબને એ નિર્મળ દશાઓ પ્રગટ થાય પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી, એમાં અટકી જતા નથી.

સેંકડો માઈલોનો મોટો દરિયો મોટા મોટા તરંગોએ હિલોળા મારતો હોય, પણ કાંઠે, જોનારની સામે, ચાર હાથની ચાદર આડી હોય તો તે અપાર સમુદ્ર નહિ દેખાય; તેમ જેને દયા-દાન આદિના કર્તાપણાની ચાદર આડી છે — વિભાવ ને પર્યાયનો પ્રેમ છે — તેને જ્ઞાન આનંદ આદિ અનંત ગુણોનો સાગર એવો નિજ ભગવાન આત્મા દૃષ્ટિગત નહિ થાય. લોકોને હજુ 'આત્મા' શું છે તેની પણ ખબર નથી. ભાઈ! જેમાં અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત આનંદ વગેરે અનંત સામર્થ્ય સદા ભરચક વિદ્યમાન છે તે 'આત્મદ્રવ્ય' છે; તેને દૃષ્ટિ અને જ્ઞાનમાં પકડતાં જે શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે તેને ભગવાન ધર્મ કહે છે. શુદ્ધિની શરૂઆત ને તેની વૃદ્ધિ પર્યાયના આલંબને ન પ્રગટે, પણ અંદર જે સમૃદ્ધિભરપૂર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસ્વભાવ છે તેના અવલંબનથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ નવી શુદ્ધતા પ્રગટે ને વધે.

જેમ મંત્રથી સાપનું ઝેર ઉતારે છે ને, તેમ જીવને જે રાગની એકતાનાં ઝેર અનાદિથી ચડી ગયાં છે તેને ઉતારવાના આ અનુપમ મંત્રો છે. આચાર્યદેવ જીવને 'ભગવાન' તરીકે જ બોલાવે છે. પુણ્ય-પાપના ભાવ તો અશુચિ, જડ ને દુઃખરૂપ છે અને ભગવાન આત્મા તો સદા પવિત્ર, વિજ્ઞાનઘન ને સુખરૂપ છે. આનંદમૂર્તિ વિજ્ઞાનઘન નિજ આત્મદ્રવ્યના આશ્રયે પર્યાયમાં જે નિર્મળતા પ્રગટે તે ધર્મ છે. શાંતિની પર્યાય, વીતરાગતાની પર્યાય પ્રગટવા છતાં ધર્મી એ પર્યાયોમાં રોકાતા નથી, એમનું જોર તો ત્રિકાળી ધ્રુવ વસ્તુ પર છે. સમુદ્રમાં જે ભરતી આવે છે તેને ન જો, પણ તે ભરતી જ્યાંથી આવે છે તે મધ્યબિંદુ પર નજર કર; તેમ આત્માને પર્યાયમાં નિર્મળતાની જે ભરતી આવે છે — પર્યાયમાં શુદ્ધિ ને તેની વૃદ્ધિ થાય છે — તેને ન જો — તેમાં જ્ઞાની અટકી જતા નથી — પણ પર્યાયમાં નિર્મળતાની ભરતી આવવા માટે જે મધ્યબિંદુ — સામર્થ્યપરિપૂર્ણ નિજ જ્ઞાયક ભગવાન આત્મા — તેને જો, તેનું અવલંબન લે. અહો! જિનેશ્વરદેવે ફરમાવેલા ધર્મનું સ્વરૂપ આ છે.

અનંત અનંત ગુણોથી ભરેલો આ આત્મા એક સમયની પર્યાય સમીપ અંદર સદા વિદ્યમાન છે. તેમાં જ્ઞાન આનંદ આદિ અનંત ગુણો છે તે, કોઠીમાં જાર ભરેલી હોય એમ નથી; કોઠી ને જાર જુદી વસ્તુ છે, પણ જેમ દૂધમાં ધોળાશ ને મીઠાશ ભરેલી છે તેમ ગુણ-ગુણી અભિન્ન એક વસ્તુ છે. આવી વાત સાંભળીને એક વકીલ કહે: આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરેલો છે તો એ ગયો ક્યાં? દેખાતો કેમ નથી? અરે ભાઈ! ભગવાન આત્મા તો અંદર દેહ ને રાગથી ભિન્ન જ્યાં છે ત્યાં જ છે, પણ તમારી નજર ત્યાં નથી, તેથી તમને તે દેખાતો નથી.

ધર્મી જીવ પર્યાયમાં રોકાતા નથી, કેમ કે —

**'આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે, તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી.'**

અહો! આજે આ બોલ બહુ સારો આવી ગયો છે.

જિજ્ઞાસુ : ભાગ્યશાળીને આવી વાત મળે.

સાચી વાત હો બાપુ! ભાગ્યવાનને જ આવી વાતો મળે. અહીં કહે છે કે — જ્ઞાની પર્યાયમાં રોકાતા નથી, કેમ કે તેમની દૃષ્ટિ અંદર અનંત રસકસથી ભરેલા નિજ ધ્રુવ આત્મદ્રવ્ય પરથી જરાય ખસતી નથી. શરીર, લક્ષ્મી વગેરે તો પર છે, ધૂળ છે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ તારામાં નથી ને તું એનામાં નથી, પણ તારી પર્યાયમાં જે શુભાશુભ વિભાવભાવ થાય છે તે પણ તારો સ્વભાવ નથી, ને પર્યાયમાં જે અધૂરાશ છે તે પણ તારું પૂર્ણ સ્વરૂપ નથી, અરે! કોઈ પણ પર્યાય કે ગુણભેદ તારા અભેદ સ્વરૂપમાં નથી, માટે તેનું લક્ષ છોડી, જેમાં ઘણું પડ્યું છે, ઘણી ગુણસમૃદ્ધિ ભરી પડી છે, તેના ઉપર દૃષ્ટિ કર તો તને શક્તિભરપૂર દ્રવ્યસ્વભાવના અવલંબને શાંતિ અને સુખ પ્રગટશે. અંદર દ્રવ્ય-સ્વભાવમાં શક્તિપણે જે ભરેલું હોય તે પર્યાયમાં વ્યક્તપણે પ્રગટે. સર્વજ્ઞ ભગવાનને કેવળજ્ઞાનની પર્યાય આવી કયાંથી? કાંઈ બહારથી આવે? અરે! પર્યાય એટલે શું અને તે કયાંથી આવે એ પણ ખબર ન મળે!

પર્યાય એટલે શું? પર્યાય એટલે વસ્તુની વર્તમાન દશા, હાલત, અવસ્થા, પરિણતિ, વસ્તુનો ઉત્પાદ-વ્યયસ્વરૂપ પલટતો અંશ. અરે! જેમને પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે, અંદર પોતાનો સ્વરૂપવૈભવ કેવો છે તેની ખબર નથી તેઓ બધા પુણ્યના અર્થી, ભોગના અર્થી, રાગના અર્થી ભિખારા છે—રાંકા છે. સમયસારમાં તેમને 'वराका:' કહ્યા છે. પોતાની જ્ઞાનાનંદમયી સ્વરૂપલક્ષ્મીને ભૂલીને પોતાને બહારની—ધૂળની લક્ષ્મીવાળો, બાયડીવાળો, કીર્તિવાળો જે માને છે તે મોટો ભિખારી—માગણ છે. ભાવનગરના રાજા એક વાર વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા, ત્યારે કહ્યું હતું: દરબાર! મહિને એક લાખ રૂપિયા માગે તે નાનો માગણ છે, પાંચ લાખ માગે તે મોટો માગણ ને કરોડ માગે તે તો માગણનો પણ માગણ—ઘણો મોટો માગણ છે. અંદર જ્ઞાન ને આનંદની લક્ષ્મી ભરપૂર પડી છે તેને જોતો નથી, અને બહારની ચીજો માગ્યા કરે છે એ જ માગણવૃત્તિ છે. ભાઈ! જિંદગી આમ ને આમ ચાલી જાય છે, વસ્તુસ્વરૂપને સમજ્યા વિના ચોરાશીના અવતારમાં રખડવાનું મટશે નહિ. માટે અહીં કહ્યું છે કે—તારા દ્રવ્યસ્વભાવને ગ્રહણ કર. તેને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે અને પરિભ્રમણનો અંત આવે.

આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે, તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી. ધર્મીની દૃષ્ટિ ત્રિકાળી ધ્રુવ સ્વભાવ પરથી જરાય ખસતી નથી. થાંભલા સાથે બળદ કે ગાય બાંધેલ હોય તે ત્યાં ને ત્યાં રહે, ત્યાંથી ખસે નહિ; તેમ પોતાના ધ્રુવ સ્તંભ પર જે દૃષ્ટિ બાંધી છે તે ત્યાંથી જરા પણ ખસતી નથી, પર્યાયમાં ચોંટી જતી નથી.

**'જો પર્યાયમાં રોકાય, પર્યાયમાં ચોંટી જાય, તો મિથ્યાત્વમાં આવી જાય.'**

જ્ઞાનીનું ધ્યેય તો ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ છે. તે જો ધ્રુવ સ્વરૂપથી ખસીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયમાં — અંશમાં, એક સમયની દશામાં — રોકાઈ જાય તો મિથ્યાત્વમાં આવી જાય, મિથ્યાદ્દષ્ટિ થઈ જાય.

શું કહ્યું એ? ધર્મીની દ્દષ્ટિ પૂર્ણ જ્ઞાયકસ્વરૂપ પર હોય છે, તેને પર્યાયમાં રોકાવું પાલવતું નથી. રુચિ જો પર્યાયમાં ચોંટી જાય તો દ્રવ્યદ્દષ્ટિ ખસી જાય છે, મિથ્યાદ્દષ્ટિ થઈ જાય છે. પ્રવચનસારમાં કહ્યું છે ને — 'पज्जयमूढा हु परसमया'! ત્રિકાળી ધ્રુવ નિજ સહજ સ્વરૂપને ચૂકીને એક સમયની વર્તમાન પર્યાયની અંદરમાં મહત્તા આવી જાય તો દ્દષ્ટિ મિથ્યા થઈ જાય છે.

અરે! જગત સાથે આ વાતનો મેળ ખાય એમ નથી. ભાગ્યવાન હોય તેને આ વાત કાને પડે એમ છે. 'भवि भागनवश जोगे वशाय, तुम धुनि है सुनि विभ्रम नशाय।' ભગવાન વાણીના કર્તા નથી, ભવ્ય જીવોનાં ભાગ્યવશ તે સહેજે છૂટે છે. અત્યારે મહાવિદેહમાં શ્રી સીમંધર પરમાત્મા બિરાજે છે. સૌધર્મ ઇંદ્ર, તેની શચી ઇંદ્રાણી વગેરે અસંખ્ય દેવ-દેવીઓ ભગવાનની વાણી સાંભળવા આવે છે. સૌધર્મ ઇંદ્ર સમકિતી છે, ત્રણ જ્ઞાનધારી છે, તેમની દ્દષ્ટિ અંતર દ્રવ્યસ્વભાવમાં ખોડાઈ ગઈ છે. તેમને પર્યાયમાં વર્તતી અધૂરાશનું જ્ઞાન હોય છે પણ રુચિ પર્યાયમાં અટકતી નથી; પર્યાયમાં રુચિ ચોંટી જાય તો મિથ્યાદ્દષ્ટિ થઈ જાય, જૈનપણું રહે નહિ. અહા! વસ્તુસ્વરૂપ આવું ગંભીર છે બાપુ!

જ્ઞાનીને ગમે તે પ્રસંગમાં જ્ઞાયકતા છૂટતી નથી; પુણ્ય-પાપના ભાવમાં તે જ્ઞાયક જ છે. ગમે તેવા ઊંચા શુભ ભાવો હોય, પંચપરમેષ્ઠીની પૂજા-ભક્તિના ભાવોમાં ઘણો રસ દેખાતો હોય કે ગુણભેદના વિચાર કરતો હોય, તો પણ જ્ઞાયક જ છે, ક્યાંય એકત્વબુદ્ધિ નથી.

ગુરુદેવનો અપાર ઉપકાર છે. ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ તેઓશ્રીએ જ બતાવી

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન—૧૨૭

૨૨-૧૦-૭૮

## વચનામૃત — ૩૩૮

**શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી. શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી. જેટલું સ્વાધીન તેટલું સુખ છે. સ્વભાવસિવાય બધું દુઃખ જ છે. ૩૩૮.**

**'શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી.'**

દયા, દાન, વ્રત, ભક્તિ કે ઉપવાસ વગેરેના ભાવો શુભ છે. શુભભાવ પરના લક્ષે થાય છે, આત્માનો સ્વભાવભાવ નથી; તેથી તેમાં શ્રમ પડે છે ને થાક લાગે છે. જેમાં શ્રમ પડે, થાક લાગે તે સુખ કે સુખનું કારણ કેમ હોય? જેમ ખીચડી દાઝે એટલે ઉખડિયા થાય, તેમ અંદર આત્માનો ગુણસ્વભાવ દાઝે — વિકૃત થાય — ત્યારે શુભભાવ થાય. અશુભભાવ તો દુઃખરૂપ છે જ, પણ જ્ઞાનીને તો શુભભાવ પણ દુઃખ-રૂપ લાગે છે. સમયસારમાં કહ્યું છે ને — પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ — એ આઠ પ્રકારનો વિષકુંભ છે. અરે, ભાઈ! જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય? અર્થાત્ ન જ હોય. તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી? જ્યાં શુભરાગ પણ ઝેર છે, દાહ છે, ત્યાં અશુભભાવની તો વાત જ ક્યાં રહી? તે તો આકરું ઝેર છે, અગ્નિની ભઠ્ઠી છે.

અરેરે! અત્યારે તો વેષધારી સાધુ પણ એમ કહે છે કે — આ પંચમ કાળમાં અત્યારે તો એકલો શુભ યોગ જ હોય, શુદ્ધભાવ ન હોય. ભાઈ! શુભભાવ તો પુણ્યબંધનું કારણ છે. શું આ કાળે એકલો બંધનો જ માર્ગ છે, મોક્ષમાર્ગ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી? ભગવાન કુંદકુંદાચાર્યદેવ તો કહે છે કે આ પંચમ કાળમાં પણ મોહક્ષોભના અભાવસ્વરૂપ શુદ્ધભાવ પ્રગટ થઈ શકે છે. જ્ઞાનીને પણ શુભભાવ હેયબુદ્ધિએ આવે ખરો, પણ તે વિશ્રામ લેવાની ચીજ નથી, તેમાં તેને થાક લાગે છે. ભગવાન જ્ઞાનાનંદ-મૂર્તિ — 'સ્વયં જ્યોતિ સુખધામ' — એ જ એનું વિશ્રામધામ છે. અહાહા! અનાદિના પરિભ્રમણનો થાક ઉતારનાર ચીજ તો એ જ છે. દયા પાળવાનો — અહિંસાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ, અચૌર્યનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ વગેરે શુભભાવમાં શ્રમ પડે છે, થાક લાગે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ નથી.

આ જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ — અમૃતનો સાગર છે. આનંદસ્વરૂપ આત્મામાં અશુભભાવ થાય તે બોજો, ભાર ને દુઃખ છે — બહારની ઉપાધિની અહીં વાત નથી — એ તો ઠીક પણ જે શુભભાવ આવે તે પણ આકુળતા, અશાન્તિ ને દુઃખ છે. શુદ્ધ સ્વભાવરૂપ પરિણમન સિવાય બધું દુઃખ જ છે. અતીન્દ્રિય આનંદ ને શાન્તિમય એવા નિજ ધ્રુવ સ્વભાવને પકડતાં — તે-રૂપ પરિણમતાં — જે શુદ્ધ પરિણામ થાય તેમાં જ સુખ, શાન્તિ ને વિશ્રામ છે. અહા! ધર્મની વાતો આવી છે; સમજાણું કાંઈ?

શુભભાવમાં પણ શ્રમ, થાક ને આકુળતા છે. તેના પુરુષાર્થમાં સ્થૂળપણે સુખ જેવું લાગે, પણ સૂક્ષ્મપણે જુએ તો તેમાં પણ દુઃખ લાગે છે. શુભભાવનો પુરુષાર્થ તે તો ઊંધો — રાગનો — પુરુષાર્થ છે; તેમાં શ્રમ પડે છે, થાક લાગે છે; તે આત્માનો સ્વભાવ નથી તેથી ત્યાં જીવ વધારે રહી શકશે નહિ. જેમ કોઈને ચાલતાં પગે થાક લાગે, તેમ જ્ઞાનીને અશુભ તેમ જ શુભ — બન્નેમાં થાક લાગે છે. થાક ટળવાનું ને વિશ્રામ લેવાનું સ્થાન તો અંદર ધ્રુવ જ્ઞાયકસ્વભાવી નિજ આત્મવસ્તુ છે.

**'શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી.'**

દયા-દાન ને પૂજા-ભક્તિ વગેરે શુભભાવ આત્માનો પરાધીન વિભાવભાવ હોવાથી તેમાં થાક લાગે છે. અનાદિથી જેને તેમાં જ દૃષ્ટિ છે એવા અજ્ઞાનીને થાક શું ને અથાક શું — એની કાંઈ ખબર નથી. આનંદના દળસ્વરૂપ નિજ જ્ઞાયકપ્રભુ ઉપર જેને દૃષ્ટિ નથી તેને, વિભાવમાં — શુભભાવમાં આકુળતા છે, શ્રમ છે, થાક છે — એવું લાગતું નથી; કેમ કે તેણે શુદ્ધભાવના કારણસ્વરૂપ અનાકુળ સ્વભાવને કદી જોયો — જાણ્યો — અનુભવ્યો નથી. અત્યારે તો એકલો શુભભાવ જ હોય — એમ કોઈ કહે છે, તો ભાઈ! અત્યારે શું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપ શુદ્ધભાવ ન હોય? એ ન હોય તો ધર્મ જ ન હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આત્માની દૃષ્ટિ અને એકાગ્રતા કરતાં પરિણતિમાં જે શુદ્ધભાવ પ્રગટે તે આત્માનો સહજ સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં શ્રમ પડતો નથી કે થાક લાગતો નથી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રની એકતાસ્વરૂપ જે શુદ્ધભાવ — મોક્ષમાર્ગ — પ્રગટે છે તેનું અવલંબન ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક છે. સાધનામય નિર્મળ અંશ ધ્રુવ સ્વભાવના — ત્રિકાળી સ્વદળના આશ્રયે — અવલંબને થાય; તે આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં ખેદ, થાક કે આકુળતા નથી.

હરણની ડૂંટીમાં કસ્તૂરી છે પણ તેની તેને ખબર નથી; — એમ અંદર અતીન્દ્રિય આનંદ ને શાંતિરૂપી કસ્તૂરીથી જે સદાપરિપૂર્ણ છે એવા નિજ જ્ઞાયકપ્રભુની જેને ખબર ને આદર નથી તે શુભભાવરૂપ વિભાવનો — દુઃખનો આદર કરે છે. શુદ્ધ ચૈતન્યના આશ્રયે થનારો ભાવ સ્વાધીન, સહજ ને શુદ્ધ હોવાથી તેમાં પરાધીનતા, ખેદ કે દુઃખ નથી. અહા ! આવી વાત છે. અંદરની આ વાત ન સમજાય એટલે લોકો રથયાત્રા, વરઘોડા, ગજરથ વગેરે બહારની હોહામાં ધર્મ માની બેઠા છે. ભાઈ ! એ તો બધી બહારની ક્રિયા છે. તે વખતે તેં શુભપરિણામ કર્યા હોય તે વિભાવ છે. વિભાવમાં શ્રમ પડે છે ને થાક — દુઃખ લાગે છે. અંદર જે વિશ્રામધામ — અતીન્દ્રિય અમૃતનો સાગર — છે તેમાં એકાગ્રતા થતાં તેમાંથી જે અતીન્દ્રિય આનંદ ઝરે તેને અહીં 'શુદ્ધભાવ' કહ્યો છે. તે શુદ્ધભાવ સ્વભાવના આશ્રયે થતો હોવાથી તેમાં પૂર્ણ સ્વાધીનતા છે, અને તેથી તેમાં થાક કે દુઃખ નથી; સ્વભાવે કૃતકૃત્ય એવા ચૈતન્યદ્રવ્યના આશ્રયે પર્યાયમાં જે કૃતકૃત્યતા પ્રગટી તે આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી, તેમાં થાક કે દુઃખ નથી; તે ભાવ તો સુખમય જ છે.

શુભાશુભ વિભાવ ચૈતન્યસ્વભાવના આશ્રયે થતા નથી, પરના આશ્રયે થાય છે; માટે તે ભાવ પરાધીન છે. ભગવાન જ્ઞાયકને અવલંબીને જે પરિણામ થાય તે સ્વાધીન ભાવ હોવાથી શુદ્ધ છે. તે વીતરાગી પરિણામ જૈનધર્મ છે. પૂજા કે ઉપવાસાદિના શુભ-ભાવ તો રાગમય પરિણામ હોવાથી તે જૈનધર્મ નથી. આવી વાત સમજાય નહિ એટલે વિરોધ કરે. પણ ભાઈ, સાંભળ તો ખરો ! તને આ બધા બહારના કર્તૃત્વના અહંકાર શા ચઢી ગયા છે ? 'શરીરવાળો હું', પૈસાવાળો હું', સમાજસેવાનાં કામ કરવાવાળો હું' — એ બધાં મિથ્યા અભિમાન તો મહાપાપ ને મહા દુઃખરૂપ છે. એ બધો અહંકાર છોડી, અંદર અમૃતભરપૂર નિજ જ્ઞાયક પ્રભુને દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાયમાં લક્ષગત કરતાં જે નિર્મળ પરિણામ થાય તે સ્વાધીન ને સુખરૂપ છે. અરેરે ! દુનિયા બહારની દૂંફે ચાલે છે; શુભભાવ ને બહારની જડક્રિયાને ધર્મ માની બેઠી છે. અહીં તો કહે છે કે —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જડની ક્રિયાની વાત તો ક્યાંય રહી, પણ જ્ઞાનીને જે શુભભાવ આવે છે તેમાં તેને થાક ને દુઃખ લાગે છે. શુદ્ધ ચૈતન્યના આશ્રયે જે પરિણામ થાય, તે પરિણામ શુદ્ધ, સુખરૂપ ને જૈનધર્મ છે. અહાહા! અહીં તો પરમાત્મા જે કહે છે તે આ 'બેન'ની વાણી છે.

ભાઈ! શુભભાવમાં તો થાક ને દુઃખ છે. ખરું વિશ્રામધામ તો તારું આનંદભરપૂર ધ્રુવ ચૈતન્ય છે. ટકતા ઉપર નજર કર તો તારી નજર ટકતી થઈ જશે. ધ્રુવ ઉપર નજર કરવાથી જે ટકતી નજર પ્રગટે તેને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. તે પરિણામ સ્વાધીન, સહજ, શુદ્ધ ને સુખમય છે. અરેરે! હાલના જુવાનિયાઓને આવી વાતો સાંભળતાં એમ લાગે — શું આવો જૈનધર્મ હશે? ભાઈ! આ જૈનધર્મ તો કોઈ અલૌકિક છે, વીતરાગ સિવાય આ વાત બીજા કોઈ ધર્મમાં નથી; અરે! જૈનધર્મ સિવાય બીજો કોઈ ધર્મ જ નથી.

અંદર આત્માને અવલંબીને જે પરિણામ થાય તે શુદ્ધભાવ છે. શુદ્ધભાવ આત્માનો સ્વાધીન સ્વભાવ હોવાથી તેમાં થાક લાગતો નથી.

'જેટલું સ્વાધીન તેટલું સુખ છે.'

લોકોમાં કહેવત છે ને — 'પરાધીનતા સ્વપ્નેય સુખ નહિ'. પણ સ્વાધીનતા કોને કહેવી ને પરાધીનતા કોને કહેવી — એની પણ ખબર ન મળે. લોકો જેને ધર્મ માને છે તે વ્રત-તપના શુભભાવ પણ પરાધીન ભાવ છે; કેમ કે એ તો રાગ છે, સ્વભાવની જાત નથી. તેમાં થાક લાગે છે, સ્વભાવમાં થાક લાગે? જેમાં થાક ને દુઃખ છે એવા પરાધીન શુભભાવને પણ લોકો ધર્મ માને ને મનાવે છે. પ્રભુ! શું થાય? ભાઈ! એનાં ફળ આકરાં આવશે, — તેમને દુઃખ થશે. અહીં કહે છે કે — ધ્રુવ જ્ઞાયકના અવલંબને થયેલા શુદ્ધભાવમાં થાક કે દુઃખ લાગતું નથી; કેમ કે તે સ્વાધીન સ્વભાવ છે. જેટલું સ્વાધીન એટલું સુખ ને પરાધીન એટલું દુઃખ.

'સ્વભાવ સિવાય બધું દુઃખ જ છે.'

'બધું' એટલે શું? 'બધું' એટલે બહારના આ સંયોગો નહિ. સંયોગો દુઃખ નથી, એ તો પરચીજ છે. અંદર સ્વભાવ સિવાય જેટલા શુભાશુભ વિકલ્પો ઊઠે છે તે બધું દુઃખ છે. સ્વભાવને ચૂકીને અંતરમાં જે ભ્રાન્તિ અને રાગ-દ્વેષના પરિણામ થાય તે બધું દુઃખ છે. અહા! શું કહીએ? — વીતરાગ સર્વજ્ઞનો પોકાર છે કે, તારામાં પરના લક્ષે જેટલા ભાવ થાય તે બધા દુઃખરૂપ છે. પત્ની, પુત્ર ને પૈસા પ્રત્યે મમતાનો જે ભાવ થાય તે તો અશુભ, પરાધીન ને દુઃખરૂપ છે, પણ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુને લક્ષે જે ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય તે પણ શુભ, પરાધીન ને દુઃખરૂપ છે. અરેરે ! વીતરાગનો મૂળ માર્ગ કયાંય પડયો રહ્યો, ને લોકોએ માની લીધો કયાંય — શુભ રાગમાં. ખરેખર તો 'આત્માનુભૂતિ' તે જૈનધર્મ છે. ત્રિકાળી આનંદમૂર્તિ જ્ઞાયક સ્વભાવનો અનુભવ થવો — મોહરાગદ્વેષ રહિત શુદ્ધભાવ થવો — તે જૈનધર્મ છે.

શ્રી યોગીન્દ્રદેવે યોગસારમાં કહ્યું છે ને —

જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;
તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ.

આ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ભગવાન આત્મા સ્વભાવે જિનસ્વરૂપ છે — એમ તેનું સ્મરણ કરો, ચિંતન કરો અને શુદ્ધ મને ધ્યાન કરો; તેનું ધ્યાન કરતાં એક ક્ષણમાં — અલ્પ સમયમાં — શુદ્ધ પરમપદની પ્રાપ્તિ થાય છે. અરે! જે રાગના એક નાનામાં નાના કણમાં રાજી થઈ જાય છે તેને 'આત્મા રાગ રહિત જિનસ્વરૂપ છે' એ વાત શી રીતે બેસે ? ભગવાન આત્મા અંદર — અત્યારે વર્તમાનમાં પણ — સ્વભાવે જિન-સ્વરૂપ છે. અંતરમાં સ્વસન્મુખતાના પુરુષાર્થ દ્વારા સાધના કરે તો પર્યાયમાં પ્રગટ જિનસ્વરૂપ થઈ જાય. અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક વસ્તુ જિનસ્વરૂપ છે, જિનબિંબ છે, જિનપ્રતિમા છે. એ ધ્રુવ ચૈતન્ય પ્રતિમાનો આશ્રય કરતાં જે પરિણામ થાય તે શુદ્ધ ને સુખસ્વરૂપ છે. ત્રિકાળી શુદ્ધ સ્વભાવના અવલંબને પ્રગટ થતા સ્વભાવપરિણામ સિવાય શુભાશુભ વિકલ્પ વગેરે બધું દુઃખ જ છે.

———o———

## વચનામૃત — ૩૩૯

**આ તો ગૂંચ ઉકેલવાની છે. ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઉકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય, તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઉકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે. ૩૩૯.**

**'આ તો ગૂંચ ઉકેલવાની છે.'**

પહેલાં એવો રિવાજ હતો કે લગ્ન કરવા આવેલા વરરાજાને, તેની બુદ્ધિ ને ધીરજની પરીક્ષા માટે, આંટીવાળો સૂતરનો ફાળકો આપે; વરરાજા ધીરજથી છેડો ગોતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગૂંચ ઉકેલી નાખે; અધીરો ઉતાવળિયો હોય તો વધુ ગૂંચવી નાખે.— એમ આ ભગવાન આત્મામાં જે અનાદિ અજ્ઞાનની ગૂંચ પડી છે તે ઉકેલવાની છે.

**‘ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે.’**

નિત્યાનંદસ્વરૂપ ભગવાન જ્ઞાયક પ્રભુ ચૈતન્યદોરો સ્વભાવે શુદ્ધ તેમ જ સરળ હોવા છતાં તેને અનાદિથી પર્યાયમાં રાગના એકત્વની ગૂંચ પડી ગઈ છે. ચૈતન્યદોરો સ્વભાવે ચૈતન્ય... ચૈતન્ય... જ્ઞાયકસ્વરૂપ, સરળ ને શુદ્ધ છે; તેમાં ‘શુભ ને અશુભ રાગ તે મારું સ્વરૂપ છે’ એવી અનાદિથી જે આંટી–વક્રતા–ગાંઠ પડી ગઈ છે તેને, ચૈતન્યસ્વભાવનો પત્તો લગાવીને ધીરજપૂર્વક અંતર્મુખ પુરુષાર્થ વડે ઉકેલવાની છે. ચૈતન્યસત્ સત્ જ છે, સરળ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે— અંતરમાં નિત્ય પ્રકાશમાન શુદ્ધ ચૈતન્યપ્રભુ શાશ્વત બિરાજે છે; પણ તેને અનાદિથી પર્યાયમાં જે શુભાશુભ રાગના એકત્વની ગાંઠ પડી ગઈ છે તે ઉકેલવાની છે.

**‘સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઉકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય, તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઉકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે.’**

જાદૂગર દોરીને અમુક રીતે ગાંઠો વાળે અને યુક્તિથી બધી ગાંઠોને કાતરથી કાપી નાખે, પછી દોરી ખેંચે તો કટકા વગરની સળંગ એક સરખી દેખાય; તેમાં લોકોને આશ્ચર્ય લાગે. ભાઈ! એ બધા હાથ-ચાલાકીના પ્રયોગો છે, એમાં ચમત્કાર-ફમત્કાર કાંઈ નથી. છોકરીના કટકા કરી બતાવે ને પાછી જીવતી કરી દે— એ બધા ચાલાકીનાં ધતિંગ છે, તેમાં સત્ય કાંઈ નથી. જાદૂગરની પેઠે જગતના આ જીવો પણ ચાલાકીના અહંકારમાં રોકાઈ ગયા છે.

આંટી પડેલા સૂતરનો ધીરજથી ઉકેલ કરે, છેડો ગોતી કાઢે તો સરળતાથી ગૂંચ નીકળી જાય; તેમ ચૈતન્ય જ્ઞાયક પ્રભુમાં જે રાગની આંટી પડી છે, વિભાવની ગૂંચ પડી છે, શુભાશુભની ગાંઠ મારી છે, તેનો અંતર્મુખ લક્ષ કરીને ઉકેલ કરે તો ગૂંચ સરળતાથી નીકળી શકે એમ છે. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માને જો અંદરથી પકડે તો ગૂંચ નીકળી જાય. સમજાણું કાંઈ?

સમયસારના કર્તાકર્મ અધિકારની ૧૪૪ મી ગાથાની ‘આત્મખ્યાતિ’ ટીકામાં કહ્યું છે ને— પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇંદ્રિય દ્વારા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્ત્વને આત્મસંમુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્મસંમુખ કરતો, આ આત્મા જ્યારે સમયસારને અનુભવે છે તે વખતે જ તેને આત્મા સમ્યક્‌પણે દેખાય છે — શ્રદ્ધાય છે અને જણાય છે.

મતિ-શ્રુતની પર્યાય અનાદિથી જે બહાર તરફ ઢળી ગઈ છે તેને મર્યાદામાં લાવીને સ્વભાવ તરફ લઈ જા, તો અંદર જે ચૈતન્ય જ્ઞાયક પ્રભુ પડયો છે તે દૃષ્ટિગત થશે અને અનાદિ રાગ સાથેના એકત્વની ગૂંચ ઉકેલાઈ જશે. અહા ! સમયસાર તો મોટો દરિયો છે. શી તેની એક-એક ગાથા ! ને શું તેનું એક-એક પદ ! જગતનાં ભાગ્ય કે આવું મહાન પરમાગમ રહી ગયું. સન્તોને વિકલ્પ આવ્યો ને એ રચાઈ ગયું.

' જ્ઞાનાનંદસાગર શુદ્ધ જ્ઞાયક નાથમાં પર્યાય-અપેક્ષાએ શુભાશુભ વિકલ્પની ગૂંચ છે એટલે કે ' તે હું છું ' એવા અહંપણાના ભાવની ગૂંચ છે, પણ તે અહંપણું છોડી અંતરમાં જે સીધો સરળ ચૈતન્ય ભગવાન બિરાજે છે તેને જો, ધીરજથી દૃષ્ટિ ત્યાં લઈ જા, તો ગૂંચ નીકળી જાય — રાગની એકતા તૂટી જાય. અહા ! આવી વાતો છે. અંદર વીતરાગ મૂર્તિ — ચૈતન્ય જિનબિંબ જ્ઞાયક પ્રભુ બિરાજે છે, તેની સાથે એકતા કરતાં જે, રાગની એકતા તૂટી જાય અને વર્તમાન પરિણતિમાં અતીન્દ્રિય આનંદ પ્રગટે તે જ ગૂંચ નીકળી ગઈ.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે ને —

' મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ; મૂળ૦ '

ભાઈ ! અનાદિ કાળથી તારી પર્યાયમાં તું પર ને રાગની સામે જોઈ રહ્યો છો, હવે તારી નજર અંતરમાં વાળ ને તારા ત્રિકાળ ધ્રુવ અખંડ જ્ઞાયક સત્ત્વ સામે જો, વૃત્તિ અખંડ કરીને અખંડ સન્મુખ થા, તો પર્યાયમાં જે અનાદિની વિભાવની ગૂંચ પડી ગઈ છે તે નીકળી જાય. જ્ઞાયકવસ્તુ અંદર અખંડ પડી છે તેનો ખુલાસો કરતાં કહે છે કે —

' છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦ '

ભગવાન આત્મા કેવો છે ? આત્મા શરીર, વાણી, મન ને ઘરબાર આદિ પર પદાર્થોથી અત્યંત ભિન્ન છે, જ્ઞાન-દર્શનસ્વરૂપ ઉપયોગનો પિંડ છે અને અવિનાશી ધ્રુવ ચીજ છે. આવા ભિન્ન આત્માનું જેને અંતરમાં યથાર્થ ભાન થાય — સાનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન થાય તેને મિથ્યાત્વની ગાંઠ નીકળી જાય. સમજાણું કાંઈ?

ચૈતન્યદોરામાં પડેલી અનાદિ મિથ્યાત્વની ગૂંચને ધીરજથી ઉકેલ કરે, વર્તમાન દશાને દ્રવ્ય તરફ ઢાળે, વર્તમાન પર્યાય જે પરસન્મુખ થઈ રહી છે તેને સ્વસન્મુખ કરે, તો તેને સરળ સ્વભાવની — જ્ઞાયકના અનુભવની — પ્રાપ્તિ થાય. બેનની ભાષા તો સાદી છે બાપા! પણ એમનો અન્તરનો પુરુષાર્થ... અહાહા! કોઈ અલૌકિક છે.

અંદર ચૈતન્યભગવાન સમૃદ્ધિભરપૂર જિનબિંબ બિરાજમાન છે; તારી વર્તમાન પર્યાયને તે તરફ ઢાળ. 'ફરી વૃત્તિ અખંડ સન્મુખ' — અખંડ તત્ત્વ સન્મુખ તારી પરિણતિને — વૃત્તિને અખંડ કર. આમ તો શ્રીમદ્‌ને ઝવેરાતનો ધંધો હતો, પણ તે વસ્તુદૃષ્ટિ પામ્યા હતા — તેમને સમ્યગ્દર્શન પ્રગટ થયું હતું.

—o—

## વચનામૃત — ૩૪૦

**'આનું કરવું, આનું કરવું' એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે? આટલું ધ્યાન તું તારામાં લગાડી દે. ૩૪૦**

**"'આનું કરવું, આનું કરવું' એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે?"**

આનું કરવું, આનું કરવું — બાયડીનું કરવું, છોકરાનું કરવું, છોડિયુંનું કરવું, વેપારનું કરવું, નાતનું કરવું, ગામનું કરવું, દેશનું કરવું — એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે?

બીજાને ધર્મ સમજાવી દઉં, મંદિર બનાવું, ભક્તિ કરું, યાત્રા કરું, શિષ્યોને ભણાવું — એમ તારું ચિત્ત બહારમાં કેમ ભમે છે? અહા! વીતરાગનો માર્ગ આકરો છે.

**'આટલું ધ્યાન તું તારામાં લગાડી દે.'**

આ કરું ને તે કરું, દીકરાનાં લગ્ન કરું ને નાતમાં બેડાંનું લહાણું કરું, દયા પાળું ને દાન આપું, દવાખાનાં ખોલું ને ગરીબોને લૂગડાં આપું, — એમ તારું મન બહારમાં ચોંટ્યું છે. તું એમાં રોકાઈ જાય છે, તેને બદલે એટલું ધ્યાન તું તારામાં લગાડી દે ને. તારી વર્તમાન પર્યાયમાં ધ્યાનનું ધ્યેય નિજ આત્મા બનાવી દે ને. અરે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવો ઉપદેશ! સંપ્રદાયમાં ચાલતી વાતોથી આ વાત સાવ જુદી જ છે. યાત્રા નિમિત્તે ત્રણ વાર દસ-દસ હજાર માઈલ ફર્યા છીએ, આખું હિન્દુસ્તાન જોઈ લીધું છે. જ્યાં ગયા ત્યાં બધેય બહારની વાતો છે; ગજરથ કાઢો, સાજન-મહાજન સહિત મોટા વરઘોડા કાઢો, મોટી મોટી ઉછામણી બોલો — એમ બહારમાં ધર્મ મનાવી દીધો છે. પૈસા ખરચનાર પણ એમ માને કે આપણે ધર્મ કર્યો. ભાઈ! એમાં ધૂળેય ધર્મ નથી. આત્માનો ધર્મ આત્મામાં હોય કે બહારની હોહામાં? તારું ચિત્ત બહાર આર્તધ્યાન ને રૌદ્રધ્યાનમાં રોકાઈ ગયું છે, હવે ત્યાંથી પાછો વળ અને આત્માની સમજણ કરી તેને તારા આત્મામાં લગાડી દે.

સહજ જ્ઞાન ને આનંદ આદિ અનંત સમૃદ્ધિથી ભરચક જ્ઞાયકદેવ અંતરમાં બિરાજે છે ત્યાં તારું ધ્યાન લગાડી દે. અરેરે! જીવને પોતાનું હિત કરવા માટે નવરાશ નથી. ૨૪ કલાકમાંથી ૨૨ કલાક તો વેપાર ને વિષયમાં જાય; એક-બે કલાક માંડ વખત મળે ને સાધુ પાસે સાંભળવા જાય, ત્યાં 'આ કરો ને તે કરો' એમ ઊંધી વાતોમાં એનો વખત લુંટાઈ જાય. અહા! આ વાત જરા આકરી છે; જન્મ-મરણનો અંત લાવવાની આ વાત છે. ભાઈ! અનાદિ કાળથી જન્મ-મરણનાં દુઃખ સહન કરીને તું હેરાન-હેરાન થઈ ગયો, હવે તો એ ભયંકર દુઃખોથી છૂટવાનો આરો શોધ! સર્વ વિભાવથી રહિત અંદર આનંદનો નાથ જ્ઞાયકદેવ બિરાજે છે તેને ઓળખીને ગ્રહણ કર, ત્યાં તારું ધ્યાન લગાડી દે, તારાં દુઃખોનો અંત આવી જશે.

એક કંદોઈની દુકાને છાપરા પરથી મોટો સર્પ પડયો — અર્ધો પડયો તેલના ઊકળતા તાવડામાં અને અર્ધો પડયો બહાર; કંદોઈએ દયાથી તેને મોટા તાવેથા વડે બહાર કાઢયો, પણ પડયો ઊલમાં; તે સર્પ એટલો બધો ગભરાયેલો હતો કે કઈ બાજુ ભાગવું તેની સૂઝ ન પડી ને ઊલમાંથી સળગતી ચૂલમાં ગરી ગયો. આખો ને આખો ભઠ્ઠીમાં શેકાઈ ગયો — બળી ગયો. અહા! ભઠ્ઠીમાં શેકાવાનું એકલું દુઃખ, દુઃખ ને દુઃખ; એ પ્રમાણે અજ્ઞાની જીવો પણ 'यह राग आग दहै सदा' — રાગની આગમાં દાઝી રહ્યા છે; દુઃખના દાઝયા વધુ ને વધુ, વિષયોમાં સુખની આશાએ, દુઃખમાં ગરી રહ્યા છે. ભગવાનની પૂજા કરવી, જીવોની દયા પાળવી, વ્રત પાળવાં, ઉપવાસ કરવા — એ પણ બધી રાગની ક્રિયા છે, એ કાંઈ તારું વિશ્રામઠામ નથી, એ તો સ્વભાવથી વિમુખ વૃત્તિ છે; વિશ્રામઠામ તો અંદર રાગ રહિત જે જ્ઞાયક પ્રભુ બિરાજે છે તે છે; એની સન્મુખ જા ને, જેથી તારો અનાદિનો દુઃખદાહ ટળી જાય.

જેમ પર ને રાગની લગની અનાદિથી લાગી છે, એમ જોરદાર લગની અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લગાડ ને. અંતરમાં જ્યાં પૂર્ણાનંદનો નાથ ભગવાન નિજ જ્ઞાયકદેવ બિરાજે છે ત્યાં લગની લગાડ.

શ્રી આનંદઘનજીએ કહ્યું છે ને —

લાગી લગન હમારી, જિનરાજ સુજસ સુન્યો મૈં...લાગી૦
કાહૂકે કહે કબહૂં નહીં છૂટે, લોકલાજ સબ ડારી;
જૈસે અમલી અમલ કરત સમૈ, લાગ રહી જ્યું ખુમારી...જિનરાજ૦

'ભગવાન આત્મા જિનરાજસ્વરૂપ છે'— એમ ગુરુમુખે સાંભળ્યું ને ચડી ગયો સ્વભાવમાં, અંતરમાં સ્વરૂપની ખુમારી ચડી ગઈ, સ્વભાવમાં સમાઈ ગયો. જેમ અફીણિયાને અફીણનો કેફ ચડી જાય છે, તેમ સ્વભાવનું યથાર્થ ગ્રહણ થતાં અંદર સ્વરૂપ-પ્રાપ્તિની ખુમારી ચડી જાય છે. હું અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્યઘન છું — એવા સ્વરૂપસન્મુખતાના જે પરિણામ થયા, સ્વરૂપમાં જતાં જે મસ્તી ચડી ગઈ, તે પરિણામને 'શુદ્ધ' કહેવામાં આવે છે. શુદ્ધ કહો, મોક્ષનો માર્ગ કહો, સુખ કહો કે જૈનધર્મ કહો — બધું એક જ છે.

પર સાથેની એકત્વબુદ્ધિ તોડવી. વિભાવભાવો પણ આત્માનો સ્વભાવ નથી, એમનાથી પણ પોતે જુદો છે. ગુણોનો ભેદ અને પર્યાયોના ભેદ — એ પણ ચૈતન્યનું અખંડ સ્વરૂપ નથી. બધી રીતે ચૈતન્યને — શુદ્ધાત્માને ન્યારો ગ્રહણ કરવો, જુદો પ્રતીત કરવો. એમ કરીને, એનો જ વારંવાર અભ્યાસ કરી, એમાં લીનતા કરવી. આમ કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થયા વિના રહેતી જ નથી. ગુરુદેવે કોઈ અદ્ભુત માર્ગ બતાવ્યો છે.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૨૮

તા. ૨૩-૧૦-૭૮

## વચનામૃત — ૩૪૧

**નિજ ચેતનપદાર્થના આશ્રયે અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે. અગાધ શક્તિમાંથી શું ન આવે? ૩૪૧.**

**'નિજ ચેતનપદાર્થના આશ્રયે અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.'**

જેને ત્રિકાળી ધ્રુવ, જ્ઞાયક, ભૂતાર્થ, સત્યાર્થ, પરમપારિણામિક ભાવ કહેવામાં આવે છે એવો જે નિજ ચેતનપદાર્થ તેનો વર્તમાન પરિણતિમાં આશ્રય લેવાથી જીવને સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ આદિ અનંત અદ્ભુત શુદ્ધતા પ્રગટ થાય છે. આમ તો સર્વજ્ઞ વીતરાગ ભગવાન પણ ચેતનપદાર્થ છે, પણ તે ભગવાન તો આ આત્મા માટે પર છે. પર ચેતનપદાર્થના આશ્રયે શુદ્ધતા પ્રગટે નહિ, માટે અહીં 'નિજ ચેતનપદાર્થના આશ્રયે' એમ લીધું છે.

જગતના લોકોને દેહની ક્રિયા ને શુભાશુભ વિભાવોથી ભિન્ન એવા નિજ જ્ઞાયક-ભાવના આશ્રયની વાતમાં 'એકાન્ત' લાગે છે. સાથે દયા, દાન, વ્રત, વ્યવહારરત્નત્રયથી પણ મોક્ષ પમાય — એમ કહો તો 'અનેકાન્ત' થાય, એવી તેમની માન્યતા છે. ભાઈ! એ તો મિથ્યા અનેકાન્ત છે. સમ્યક્ અનેકાન્ત તો એને કહેવાય કે — નિજ ધ્રુવ પરમ-ભાવના આશ્રયે પર્યાયમાં શુદ્ધિ પ્રગટ થાય, શુભ ક્રિયા કે રાગથી પ્રગટ ન થાય. વર્તમાન પરિણામે ધ્રુવ સામાન્યનો આશ્રય કર્યો તેથી તે શુદ્ધ થયો; તેમાં ધ્રુવ જ્ઞાયક તે આશ્રયભૂત સામાન્ય અને આશ્રય લેનાર પરિણામ તે વિશેષ. એ રીતે સામાન્ય-વિશેષ સ્વરૂપ અનેકાંત આમાં જ બરાબર સિદ્ધ થાય છે. ધ્રૌવ્યનો આશ્રય કરનાર પરિણામ તો ક્ષણસ્થાયી પરિણામ જ છે, પણ તે અનાદિથી જે પરને વિભાવ બાજુ ઢળતા હતા તે હવે નિજ ધ્રુવ ચેતનપદાર્થ બાજુ ઢળે છે તેથી તેનો 'આશ્રય કર્યો' એમ કહેવામાં આવે છે. ધ્રૌવ્યનો આશ્રય કરે માટે પરિણામ ધ્રૌવ્ય બની જાય છે એમ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'નિજ ચેતનપદાર્થને પકડવો' એટલે શું? પરિણામ જે પર ને રાગ બાજુ ઢળેલા છે તેને આ બાજુ — નિજ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ તરફ — વાળવા. વર્તમાન પર્યાયમાં રાગ હોવા છતાં રાગ રહિત દ્રવ્યસ્વભાવમાં નવી પર્યાયને વાળીને નિજ ચેતનપદાર્થ-સામાન્યને પકડવો — ધ્રુવ પરમભાવને નવી પર્યાયમાં ગ્રહણ કરવો, નવી પર્યાયમાં તેનું આલંબન લેવું.

શુભાશુભ ભાવો વિભાવ છે, ચૈતન્યની જાતના નથી. જીવના સ્વભાવની જાતના નહિ હોવાથી તે પરમાર્થે જીવ કહેવાતા નથી. તેમના આશ્રયે આત્માની વિભૂતિ પ્રગટતી નથી, પણ અંદર જે નિજ ત્રિકાળી જ્ઞાયકભાવ છે તેના આશ્રયે જ આત્માની બધી અદ્‌ભુત વિભૂતિ પ્રગટે છે.

ઉપયોગસ્વરૂપ નિજ ચૈતન્યપદાર્થ કે જે પ્રમત્ત કે અપ્રમત્ત દશા વિનાનો એક જ્ઞાયકભાવ છે તેના આશ્રયે સમકિત, જ્ઞાન, શાન્તિ આદિ અનંત અદ્‌ભુત વૈભવ પ્રગટે છે; કેમ કે જેટલા ગુણો છે તે બધાનું અભેદ એક રૂપ તે વસ્તુ અર્થાત્ ચૈતન્યપદાર્થ છે. તેનો આશ્રય કરતાં એટલે કે પરિણામને દ્રવ્યનો ભેટો થતાં 'સર્વગુણાંશ તે સમકિત' — અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ — પ્રગટે છે. ભાઈ! સાચા સુખનો આ એક જ ઉપાય છે, બીજો કોઈ રસ્તો નથી.

પ્રવચનસારમાં આવે છે: પ્રચંડ કર્મકાંડથી અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ થાય છે. ભાઈ! એનો અર્થ શો છે? શું શરીરની ક્રિયા કે શુભરાગથી અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ થાય? શરીરની ક્રિયા તો અજીવતત્ત્વ છે, અંતરમાં આત્માશ્રિત વર્તતી શુદ્ધિની સાથે મેળવાળો ભૂમિકાનુસાર શુભરાગ આસ્રવતત્ત્વ છે — પુણ્યાસ્રવ છે. શુભરાગથી અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ થઈ શકે નહિ. જેનાથી જુદું પડવું છે તેના આશ્રયે અંતરમાં જઈ શકાય નહિ; ને અંતરમાં ગયા વિના અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ બની શકે નહિ. બહારના કર્મકાંડ જીવે અનંત વાર કર્યા છે, છતાં જ્ઞાનની પ્રાપ્તિ કેમ થઈ નહિ? ...તો પછી એનો અર્થ શો સમજવો? ભાઈ! પ્રવચનસારમાં ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. જેને પ્રચંડ કર્મકાંડ વર્તે છે તે જીવને અંતરમાં દેહ ને રાગથી ભિન્ન નિજ ચેતનપદાર્થની પ્રતીતિ ને જ્ઞાનમાં તેનો આશ્રય તો પ્રગટ થયો છે, સ્વરૂપસ્થિરતા ઓછી હોવાથી તેને શુદ્ધિ સાથે વ્યવહારરત્નત્રયના વિકલ્પોરૂપ કર્મકાંડ વર્તે છે. તે પ્રચંડ કર્મકાંડથી અખંડ જ્ઞાનકાંડ (—અભેદરત્નત્રય) પ્રચંડ થાય છે તે કથન વ્યવહાર ને નિમિત્તનું છે; તેનો મર્મ એમ છે કે — પ્રચંડ કર્મકાંડ (—ભેદરત્નત્રય) સાથે અંતરમાં વર્તતી શુદ્ધિ પ્રચંડ થવાથી અખંડ જ્ઞાનકાંડ (—અભેદરત્નત્રય) પ્રચંડ થાય છે. ત્યાં જ્ઞાનીના ભેદ-રત્નત્રયરૂપ વ્યવહારને કર્મકાંડ કહ્યો છે, અજ્ઞાનીના ક્રિયાકાંડની વાત નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમાં જ્ઞાન, આનંદ આદિ અવિનાભાવી અનંત ગુણો છે એવા નિજ ચૈતન્ય-પદાર્થનો આશ્રય કર, કેમ કે સમયસારમાં કહ્યું છે: 'કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ આશ્રિત સંતને.' કર્મનો ક્ષય અર્થાત્ મોક્ષ તો નિજ જ્ઞાયક આત્માના આશ્રયે જ થાય છે. માર્ગનો આરંભ, વૃદ્ધિ ને પૂર્ણતા — બધું ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે થાય છે.

પોતે અનંત ચૈતન્યમય ગુણસમૃદ્ધિથી ભરચક ભરેલો હોવા છતાં, પરથી મને સુખ થશે, રાગથી કલ્યાણ થશે એમ બહારમાં ભીખ માગે છે. અરે પ્રભુ! એ ભિખારાવેડા છોડી દે. જ્ઞાયકભાવ, ભૂતાર્થભાવ, સત્યાર્થભાવ, એકરૂપ સાદૃશ્યભાવ એવા ભગવાન નિજ ચૈતન્યપદાર્થને યથાર્થ લક્ષગત કરી તેનો આશ્રય કર, તો તને શક્તિમાંથી પર્યાયમાં અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટ થશે. ભાઈ! શુભાશુભ ભાવ અનંત વાર કર્યા, પણ હજુ નિજ જ્ઞાયક ભગવાન હાથ આવ્યો નહિ. માટે હવે વિભાવનું લક્ષ છોડી આત્માનો અપૂર્વ આશ્રય કર.

સમયસાર-કળશટીકામાં કહ્યું છે: કોઈને એમ લાગે કે બાર અંગનું જ્ઞાન એ કોઈ અપૂર્વ લબ્ધિ છે, પણ ભાઈ! તે જ્ઞાન પણ વિકલ્પ છે. બાર અંગમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી. શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે કે — 'અનેકાન્ત પણ સમ્યક્ એકાન્ત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.' પ્રત્યેક વસ્તુમાં વસ્તુ-પણાના નિપજાવનારા દ્રવ્યત્વ ને પર્યાયત્વ, એકત્વ ને અનેકત્વ, નિત્યત્વ ને, અનિત્યત્વ, સત્ત્વ ને અસત્ત્વ આદિ પરસ્પર વિરોધી અનંત ધર્મોનું પ્રકાશવું તે 'અનેકાન્ત' છે. 'અનેકાન્ત' પણ અનેકાન્ત છે — કથંચિત્ અનેકાન્ત અને કથંચિત્ એકાન્ત. અનેકાન્ત સ્વરૂપ ભગવાન આત્માનું યથાર્થ સ્વરૂપ સમજીને સમસ્ત વિભાવ તથા ભેદને ગૌણ કરી ત્રિકાળી શુદ્ધ અભેદ જ્ઞાયક સ્વભાવનો આશ્રય કરવો તે સમ્યક્ એકાન્ત છે. સમ્યક્ એકાન્ત એવો જે આશ્રયભૂત પરમભાવ — નિજ પદ — તેની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ અનેકાન્ત ઉપકારી નથી.

અહા! પ્રભુ! તને તારી પ્રભુતાનું માહાત્મ્ય નથી આવતું અને બહારની ક્રિયા ને રાગનું માહાત્મ્ય આવે છે, પણ એ તો અજીવ ને વિભાવનું માહાત્મ્ય છે. રાગ ને ક્રિયામાં જે એકત્વ-વૃત્તિ છે તે તો અધોભૂમિ છે; તારે અંતરમાં ઊંચે જવું હોય તો ત્રિકાળી નિજ ચૈતન્યપદાર્થનું આલંબન લેવું પડશે. તેના આલંબને અંતરમાં અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ — ઊર્ધ્વતા પ્રગટ થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! માથે મોતનાં નગારાં વાગે છે. કયે સમયે આયુષ્ય પૂરું થઈ જશે તેની ખબર નથી. આ દેહ તો હાડકાંનો માળો છે, ચૈતન્ય ભગવાન તો અંદર ભિન્ન છે. અહો! વસ્તુસ્વભાવમાં મૂંઝવણ નથી, પર્યાયમાં પરને પોતાનું માનીને જીવ મૂંઝાણો છે. પર ને વિભાવની સાથે જે એકતાબુદ્ધિસ્વરૂપ અધ્યવસાન તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ વસ્તુસ્વભાવમાં નથી. આત્માનો અસાધારણ સ્વભાવ તો જ્ઞાન છે, કેમ કે જાણપણું અન્ય દ્રવ્યોમાં તેમ જ પોતાના અન્ય ગુણોમાં પણ નથી. બીજા ગુણો પોતપોતાની અર્થક્રિયાપૂર્વક અસ્તિત્વ ધરાવે છે પણ તેઓ પોતાને કે પરને જાણતા નથી. માત્ર એક જ્ઞાન જ બધાને — પોતાને તેમ જ પરને — જાણે છે. જ્ઞાયકસ્વભાવના આલંબને જે જ્ઞાનપર્યાય થઈ તે નિર્મળ પરિણતિ અનંત અદ્‌ભુત આનંદાદિ વિભૂતિ સહિત પ્રગટી છે. આત્માની તે નિર્મળ પરિણિત સ્વતંત્ર પોતાથી થઈ છે, તેમાં કોઈ નિમિત્ત કે વિભાવની અપેક્ષા નથી. આત્માના પોતાના જ અભિન્ન ષટ્‌કારકોથી નિર્મળ પર્યાય થઈ છે, તેમાં વિભાવની કે ભિન્ન કારકોની જરા પણ અપેક્ષા નથી. અહો! અન્ય સંપ્રદાયમાં અધ્યાત્મની આવી વાતો ક્યાં છે? ભાઈ! દિગંબર સંતો એટલે કેવળીના કેડાયતો. આ કોઈ પક્ષની નહિ પણ વસ્તુસ્વરૂપની વાતો છે.

વીતરાગ જ્ઞાયક પ્રભુના આલંબને પર્યાયમાં જે વિભૂતિ પ્રગટે તે વીતરાગી જ હોય. જે મત રાગથી ધર્મ મનાવે તે વીતરાગ મત નથી, અન્ય મત છે. જિનેન્દ્રભગવાને પૂજાદિના કે વ્રતાદિના શુભરાગને પુણ્ય કહ્યું છે અને મોહક્ષોભરહિત નિજ શુદ્ધ પરિણામને ધર્મ કહ્યો છે. અહો! વ્રતાદિના શુભરાગને ધર્મ માનવો તે તો બંધમાર્ગને મોક્ષમાર્ગ માનવું થયું, તેથી એ તો મિથ્યાત્વ છે. આવી વાત લોકોને ન રુચે, પણ ભાઈ! એવી કઈ વાત છે જે બધાને ઠીક લાગે? અંતરમાં ભગવાન આત્મા કૃતકૃત્ય જ્ઞાયક સ્વરૂપે બિરાજે છે; તેના આશ્રયે લાભ થાય છે, પર ને વિભાવના આશ્રયે કદાપિ આત્માનો લાભ થાય નહિ. પ્રભુ જ્ઞાયક પોતાની પ્રભુતા ભૂલીને પોતાને પામર માની બેઠો છે; જો પોતાની પ્રભુતાનો આશ્રય કરે, તેનું અંતરમાં અવલંબન લે તો પર્યાયમાં અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટ થાય.

**‘અગાધ શક્તિમાંથી શું ન આવે?’**

જેને સમયસારની છઠ્ઠી ગાથામાં ‘જ્ઞાયક’ કહ્યો, અગિયારમી ગાથામાં ‘ભૂતાર્થ’ કહ્યો ને ૧૫૬ મી ગાથામાં ‘વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે’ — એમ ભૂતાર્થ કહ્યો છે તે ત્રિકાળી શુદ્ધ પરમભાવના આશ્રયે નિર્મળતાની વિભૂતિઓ પ્રગટે છે. ધર્મીને ભૂમિકાનુસાર શુભભાવ આવે છે પણ તેમાં તેને રસ નથી. જ્ઞાનીને જ્યાં શુભનો પણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રસ નથી, ત્યાં જો કોઈ અશુભભાવના રસમાં જોડાઈ જાય તો તેને દૃષ્ટિ કયાંથી જ રહે? સાધકને શુભભાવ પણ સુહાતો નથી, તેનો રસ નથી; તેને રસ માત્ર સ્વભાવનો જ છે.

કોઈ જીવ અશુભના રસે ચડીને માને કે — 'જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે'; એમ જે સ્વચ્છંદી થાય છે તેને આચાર્યદેવ કહે છે: ભાઈ! એમ નથી; જો વિષયભોગના અશુભ ભાવથી નિર્જરા થાય તો 'ભોગના ભાવ છોડવા' એવું રહે નહિ. જેને દૃષ્ટિમાં જ્ઞાયક ચૈતન્ય મહાપ્રભુ મુખ્યપણે વર્તે છે તેને ભોગાદિનો કોઈ અશુભ ભાવ આવી જાય, પણ તે ભાવ દૃષ્ટિની અપેક્ષાએ ગૌણ છે, તેના નિમિત્તે જે અલ્પ સ્થિતિ-રસ પડયો તેની ગણના નહીં હોવાથી એમ કહેવામાં આવે છે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. જ્ઞાનીને જો તે અશુભ ભાવમાં રસ — પ્રેમ આવી જાય તો અંતરમાં ધ્રુવ ધ્યેયનો આશ્રય રહેતો નથી, દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી ખસી જાય છે. જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો નાગ છે. જ્ઞાનીઓ શુભાશુભ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે.

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ આદિ અનંત અગાધ શક્તિઓનો અખૂટ ભંડાર છે. અગાધ શક્તિમાંથી શું ન આવે? જેમ સિદ્ધની પર્યાય પાછળ તેની શક્તિરૂપ મોટપનો પાર નથી, તેમ દરેક આત્મામાં શક્તિરૂપ સમૃદ્ધિનો પાર નથી. અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ જેના આલંબને પ્રગટે છે એવા સામર્થ્યભરપૂર નિજ ચેતનપદાર્થના અનુપમ મહિમાની શી વાત! અગાધ શક્તિના ભંડાર એવા નિજ જ્ઞાયકમાંથી શું ન પ્રગટે? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ બધું પ્રગટે.

———o———

## વચનામૃત — ૩૪૨

**અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?**

**જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી — એવાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભ ભાવ તે પણ પરમાર્થે હેય છે, તો પછી અન્ય પદાર્થો કે અશુભ ભાવોની તો વાત જ શી? તેમનાથી તારે શું પ્રયોજન છે?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેન્દ્ર! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરીફરીને આપનાં પાદપંકજની ભક્તિ હો'! —આવા ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે. ૩૪૨.**

**'અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?'**

અંતરમાં શુદ્ધ ચૈતન્યઘન—શુદ્ધ વિજ્ઞાનઘન એવા નિજ ભગવાન આત્મા સાથે પ્રયોજન રાખ—હિત બાંધ; અને બહારમાં, જો વિકલ્પ આવે તો, સાચાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, બીજા સાથે તારે શું પ્રયોજન છે? સ્ત્રી, પુત્ર, લક્ષ્મી ને બંગલા સાથે પ્રભુ! તારે શું કામ છે? પ્રજાને રાજા સાથે અને રાજાને પ્રજા સાથે શું પ્રયોજન છે? અંતરમાં પૂર્ણાનંદનો નાથ એવા નિજ જ્ઞાયક પ્રભુ સાથે પ્રયોજન રાખ, તેની સાથે પરિણતિના પ્રવાહને જોડી દે, જેથી તને કોઈ અપૂર્વ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થશે.

**'જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી—એવાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભ ભાવ તે પણ પરમાર્થે હેય છે, તો પછી અન્ય પદાર્થો કે અશુભ ભાવોની તો વાત જ શી? તેમનાથી તારે શું પ્રયોજન છે?'**

ખરેખર સાધન તો નિજ ચૈતન્ય ધ્રુવ પદાર્થના આશ્રયે પ્રગટતી શુદ્ધ પરિણતિ જ છે અને શુદ્ધ પરિણતિનું આલંબન પણ નિશ્ચયે ત્રિકાળી જ્ઞાયકભાવરૂપ સ્વદ્રવ્ય છે. સાધકને નીચલી ભૂમિકામાં, જેમને સાધનામાં વ્યવહારે સાધનરૂપ કહેવામાં આવે છે એવાં સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ કે અણુવ્રત-મહાવ્રતાદિરૂપ શુભ વિકલ્પો આવે છે પરંતુ તે પણ પરમાર્થે હેય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના શુભ ભાવને વીતરાગ સર્વજ્ઞ ભગવાને આસ્રવતત્ત્વ કહ્યું છે, કર્મબંધનું કારણ કહ્યું છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો પ્રેમ એ કાંઈ ચૈતન્યની જાતનો ભાવ નથી; આત્માના આલંબને જે જ્ઞાન, શાન્તિ, આનંદ આવે તે ચૈતન્યની જાત છે, અને આ શુભ રાગ તો અશાન્તિ ને આકુળતાનો ભાવ છે. તે ભાવ ચૈતન્યની જાતનો નહિ હોવાથી ભગવાન સર્વજ્ઞદેવ તેને જીવતત્ત્વ કહેતા નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આસ્રવ-બંધસ્વરૂપ હેયતત્ત્વ કહે છે. જ્યાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભ ભાવને પણ પરમાર્થે હેય કહ્યો છે ત્યાં બીજા પદાર્થો કે તેના આલંબને થનારા અશુભ ભાવોની તો વાત જ શી? તેમનાથી તને કયું હિત સધાય છે?

નીચલી ભૂમિકામાં વિકલ્પના કાળે જેમનું આલંબન આવ્યા વિના રહેતું નથી એવાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુને, તેઓ સાધનામાં નિમિત્ત હોવાથી, વ્યવહારે સાધનરૂપ કહેવાય છે; નિશ્ચય સાધન તો સ્વસન્મુખતાના પુરુષાર્થે પરિણમેલો પોતાનો આત્મા જ છે. ત્રિલોકીનાથ વીતરાગ સર્વજ્ઞદેવ, તેમની વાણી — પરમાગમ અને શુદ્ધાત્મસાધના-પરિણત ગુરુના આલંબનરૂપ વિકલ્પ તે શુભ છે અને નિજ શુદ્ધાત્મદ્રવ્યના આલંબનરૂપ પરિણમન તે શુદ્ધ ભાવ છે. અહા! આ શુદ્ધ ભાવને ન પહોંચી શકે તેથી શું શુભ ભાવને ધર્મ મનાય? શુભભાવ તો આસ્રવ-બંધતત્ત્વ છે અને શુદ્ધભાવ સંવર-નિર્જરા-તત્ત્વ છે. તે બંનેની એકતા કરવી તે તો મિથ્યાત્વ છે. પૂર્ણાનંદનિધાન નિજ જ્ઞાયકભાવના અવલંબને જ શુદ્ધ ભાવ પ્રગટે છે; અને શુભ ભાવ તો દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ પરના અવલંબને — લક્ષે પ્રગટે છે, માટે તે વિભાવભાવ હેય છે.

પ્રશ્ન :— દેવ-શાસ્ત્ર-ગુરુને સાધન કહેવું અને વળી તેમના આલંબનરૂપ ભાવને હેય માનવો?

ઉત્તર :— હા, તેમને વ્યવહારે સાધન કહ્યાં છે ને? નિશ્ચય સાધન તો રાગ-રહિત સ્વ-પરના ભેદવિજ્ઞાનરૂપ પ્રજ્ઞાછીણી કહી છે. સ્વભાવનો અનુભવ તે જ સાચું સાધન છે. નીચે વિકલ્પની ભૂમિકામાં વ્યવહારે આલંબનરૂપ એવાં દેવ-શાસ્ત્ર-ગુરુને સાધન કહેવાં તે ઉપચારથી છે. અહા! આકરું કામ છે; સંપ્રદાયમાં તો આ વાત સાંભળવા પણ મળતી નથી.

સમ્યગ્દર્શન વિના અજ્ઞાનીને જે શુભભાવ આવે છે તે તો મિથ્યાત્વ સહિતનો છે, તે તો હેય છે જ, પણ અહીં જે સમ્યગ્દર્શન સહિત દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનનો શુભભાવ આવે છે તેને પણ હેય કહ્યો છે. જેને અંતરમાં આનંદસાગર એવા નિજ ચૈતન્યપદાર્થનો આશ્રય વર્તે છે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ થાય છે. તેને દેવ-ગુરુ આદિના આલંબનરૂપ શુભભાવ આવે તે પરમાર્થે હેય છે, આદરણીય નથી. તો પછી તે આવે છે કેમ? સ્વરૂપરમણતામાં કચાશ — કમજોરીને લઈને આવે છે, પણ એ ભાવ છે શુભ — પુણ્ય. ધર્મ તો વીતરાગભાવ છે. તે અંતરમાં ત્રિકાળી ધ્રુવ વીતરાગશક્તિના અવલંબને પ્રગટે છે. વીતરાગમૂર્તિ ભગવાન આત્મા અંદર પ્રભુતાપૂર્ણ જિનબિંબ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘટઘટ અંતર જિન બસે, ઘટઘટ અંતર જૈન;
મતિ-મદિરાકે પાનસોં, મતવાલા સમુઝૈ ન.

જિનપણું અને જૈનપણું અર્થાત્ પૂર્ણપણું અને સાધકપણું — બંને અંદર ઘટમાં — આત્મામાં વસે છે; પણ જેમણે સ્વચ્છંદ મતિ અથવા પોતાના મતરૂપ દારૂ પીધો છે તેઓ જિન અને જૈનસ્વરૂપ નિજ આત્માને સમજતા નથી. અંદર ઘટમાં જે જિનસ્વરૂપી પ્રભુ આત્મા છે તે સ્વભાવે જ્ઞાન-આનંદ સામર્થ્યથી ભરેલો છે; તેનો આશ્રય લેતાં પર્યાયમાં જૈનધર્મ — વીતરાગ દશા પ્રગટ થાય છે.

દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભભાવ આવે, પણ તે હેય છે, આદરણીય નથી. આદરણીય માને તો દૃષ્ટિ મિથ્યા થઈ જાય. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે: જે કોઈ દૃષ્ટિમાં શુભભાવને ઉપાદેય માને છે તેને ભગવાન આત્મા હેય છે. અહા! જુઓ સંતોની વાણી! જે શુભરાગને ઉપાદેય માને છે તેને રાગ રહિત ભગવાન જ્ઞાયક આત્મા હેય છે, અને જે ભગવાન જ્ઞાયક આત્માને ઉપાદેય માને છે તેને શુભભાવ હેય છે. વ્યવહારે તેને સાધન કહ્યું હતું, પરમાર્થે તે હેય છે. જ્યાં શુભભાવ પણ હેય છે ત્યાં વિષયાનુરાગરૂપ અશુભ ભાવની તો વાત જ શી? તેનાથી તારે શું પ્રયોજન છે? શો લાભ છે?

શરીર નીરોગી હોય, છોકરા રળનારા તૈયાર થયા હોય, બહારની બધી સગવડતા હોય તો નિવૃત્તિ મળે અને તો કંઈક ધર્મ થાય — એમ બહારના પદાર્થોનું તારે શું કામ છે? એ ચીજો સાથે તારે શું પ્રયોજન છે? આત્માને એમની સાથે તો પ્રયોજન નથી, પણ તેમના નિમિત્તે થતા વિવિધ અશુભ ભાવો સાથે પણ કાંઈ પ્રયોજન નથી. અંતરમાં એક નિજ આત્મા સાથે પ્રયોજન રાખવું, અને બહારમાં ભૂમિકાનુસાર વિકલ્પના કાળે દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, એ સિવાય બીજા સાથે તારે શું પ્રયોજન છે?

ભગવાન જ્ઞાયક આત્મા અમૃતનો સાગર છે, ને શુભ ભાવ તેનાથી વિરોધી, ઝેરસ્વરૂપ છે. ભાઈ! તને એ ઝેરની હોંશ કેમ આવે છે? એ હોંશ લગાડી દે અંતર આત્મામાં.

**'આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે.'**

દૃષ્ટિમાં આનંદકંદ જ્ઞાયકમૂર્તિ નિજ ચૈતન્યસામાન્યની મુખ્યતા હોય છે. એની મુખ્યતાપૂર્વક સાધકને દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન આવે છે. દૃષ્ટિ સાથે વર્તતા જ્ઞાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયસંબંધી વિધવિધ ભાવો આવે પરંતુ તે વખતે પણ મુખ્યતા તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવની જ છે.

કોઈ કહે છે કે વ્યાખ્યાનમાં આચાર્યનાં શાસ્ત્ર વાંચવાને બદલે 'બહેનશ્રીનાં વચનામૃત' કેમ વાંચે છે? ભાઈ! આચાર્યનાં શાસ્ત્ર હોય કે આ બહેનનું પુસ્તક હોય — બધી એક જ જાત છે. 'મોક્ષમાર્ગપ્રકાશક' વ્યાખ્યાનમાં શું નથી વંચાતું? એ ગ્રંથ પણ ગૃહસ્થનો બનાવેલો છે ને? કેવળી કહે, મુનિ કહે કે સ્વાનુભવી સમકિતી કહે — એ બધાનું પ્રયોજનભૂત તત્ત્વ તો સત્ય જ હોય છે.

સર્વદા આત્માની — જ્ઞાયકસામાન્યની — મુખ્યતા રહેવી જોઈએ; જો એક ક્ષણ પણ તેની મુખ્યતા ખસી જાય અને બીજામાં મુખ્યતા અપાઈ જાય તો દૃષ્ટિ મિથ્યા થઈ જાય. અરે! આત્માને ચૂકીને દેવ-શાસ્ત્ર-ગુરુની પણ મુખ્યતા થઈ જાય તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. આત્માની મુખ્યતા રાખીને દેવ-ગુરુ વગેરેનું આલંબન સાધકને આવે. મુનિરાજને પણ અન્ય મુનિરાજની વૈયાવૃત્યનો વિકલ્પ આવે, પણ અભિપ્રાયમાં તે છે હેય. ઉપાદેય કહો કે મુખ્ય કહો — એક જ્ઞાયક ધ્રુવ આત્મા જ છે.

**"મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેન્દ્ર! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરીફરીને આપનાં પાદપંકજની ભક્તિ હો!' — આવા ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે, આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે."**

ધર્મી જીવને દૃષ્ટિમાં નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યના આશ્રયની હંમેશાં મુખ્યતા હોવા છતાં પણ ભૂમિકાનુસાર જિનેન્દ્રભક્તિ, ગુરુસેવા, શાસ્ત્રસ્વાધ્યાય વગેરેના શુભ ભાવ આવે છે. 'હે જિનેન્દ્રદેવ! હું ગમે તે સ્થળે હોઉં — દેવમાં હોઉં કે મનુષ્યમાં હોઉં — પણ પુનઃ પુનઃ મને આપનાં ચરણકમળની ભક્તિ હો!' — એવા શુભ ભાવ જ્ઞાની મુનિરાજોને પણ આવે છે; એવા શુભ ભાવ આવતા હોવા છતાં અંતરમાં તેમની મુખ્યતા એક ક્ષણ પણ થતી નથી; મુખ્યતા તો નિરંતર આત્માની જ રહે છે. અંતરમાં દૃષ્ટિ ધ્રુવ જ્ઞાયક ઉપર જ છે, ત્યાંથી જરા પણ ખસતી નથી.

સાધકજીવને શુભ ભાવ હોય ખરા પણ તેનાથી ધર્મ થાય એમ તે કદાપિ માને નહિ. શુભ ભાવ રાગ છે, આસ્રવ છે; આસ્રવભાવથી ધર્મ અર્થાત્ સંવર-નિર્જરા કદી ન થાય, બંધ થાય. આ વાત સાંભળી લોકો આને 'એકાન્ત' કહે છે, પણ ભાઈ! શું થાય? — ધર્મનું સ્વરૂપ શું છે, તે કયાંથી થાય, કોના આશ્રયે થાય એ તેમને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખબર નથી. દેવ-શાસ્ત્ર-ગુરુના આશ્રયે પણ ધર્મ ન થાય, શુભ ભાવ થાય. તેને વ્યવહારે ધર્મ કહેવાય; પણ કોના શુભ ભાવને વ્યવહારે ધર્મ કહેવાય? — કે જેને અંતરમાં નિશ્ચય — નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો આશ્રય — સતત વર્તતો હોય. શુદ્ધાત્માના આલંબનરૂપ શુદ્ધ પરિણતિ જેને સદાય વર્તતી હોય તેને ભૂમિકાનુસાર જિનેન્દ્રભક્તિ વગેરેના જે શુભ ભાવ આવે છે તેમને વ્યવહારે ધર્મ કહેવાય છે. નિશ્ચયથી ધર્મ તો અંદર વર્તતી શુદ્ધિ જ છે, પણ નીચલી ભૂમિકામાં તે શુદ્ધિની સાથે ભક્તિ વગેરેના શુભ ભાવ આવતા હોવાથી તેમને પણ વ્યવહારે ધર્મ કહેવામાં આવે છે.

જ્યાં અંતરમાં નિશ્ચય — આત્માશ્રિત શુદ્ધિ — ન હોય ત્યાં વ્યવહાર સાચો હોય નહિ. ધર્મીને દૃષ્ટિ અંદર જ્ઞાયકસ્વભાવમાં જ ચોંટી ગઈ છે. જો દૃષ્ટિ ત્યાંથી એક ક્ષણ પણ ખસી જાય અને શુભાશુભ વિભાવનો રસ આવી જાય તો મિથ્યાત્વ થઇ જાય. જેને ખરેખર શુભ ભાવ આદરણીય છે તેને ભગવાન આત્મા હેય છે. શુભ ભાવ આવે પણ તે ચૈતન્યની જાત નથી, વિભાવ છે, ચૈતન્યના સ્વભાવનો કોઈ અંશ તેમાં નથી; માટે તે હેય છે. ઉપાદેય તો એકમાત્ર નિજ ધ્રુવ ચૈતન્યપદાર્થ છે, તેના આશ્રયે જ ધર્મ, ધર્મની વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

આવી વાત સમજવી અઘરી પડે એટલે લોકો માની લે કે સમ્મેદશિખર, ગિરનાર વગેરેની યાત્રા કરવાથી ધર્મ થશે. 'એક વાર વંદે જો કોઈ, તાકે નરક પશુ ગતિ નહીં હોઈ.' ભાઈ! જાત્રામાં કદાચિત્ શુભ પરિણામ કર્યા હોય તો મરીને સ્વર્ગમાં જાય, પણ 'શુભ ભાવથી ધર્મ થાય' એવી મિથ્યા દૃષ્ટિ હોવાથી, ત્યાંથી નીકળીને પછી પશુમાં ને નરક-નિગોદમાં જશે. માટે અહીં કહ્યું છે કે — અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ.

ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. પર ને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ તોડીને અંદર ચૈતન્ય તરફ સન્મુખતા કરી તેની સાથે એકત્વ કરે તો વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય. એકત્વ માટે તેનો નિરંતર અભ્યાસ, લગની અને વારંવાર પ્રયત્ન કરવો જોઇએ. ગુરુદેવે તો ચારે પડખેથી માર્ગ બતાવ્યો છે — એટલો ચોખ્ખો કરીને બતાવ્યો છે કે ક્યાંય ભૂલ રહી ન જાય; પણ પુરુષાર્થ કરવાનો તો પોતાને છે.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન-૧૨૯

તા. ૨૪-૧૦-૭૮

## વચનામૃત — ૩૪૩

અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.

કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી. ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલંગ મારે તેમ, ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે, તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.

વસ્તુને પામવું, તેમાં ટકવું અને આગળ વધવું, — બધું પુરુષાર્થથી જ થાય છે. પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ. આત્માના જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે. ૩૪૩.

'અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.'

આ ભગવાન આત્મા કે જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત સ્વાભાવિક ગુણોનો અભેદ એક પિંડ છે તેમાં એક 'પુરુષાર્થ' નામનો પણ ગુણ છે. પર્યાયમાં નિજ ત્રિકાળી અભેદ સ્વભાવ સન્મુખ થવું તે પુરુષાર્થ ગુણનું સાચું કાર્ય છે. પરલક્ષે શુભાશુભ વિભાવ થાય છે તે સ્વભાવનો પુરુષાર્થ નથી, એ તો દુઃખરૂપ પરિણામ છે. અનંત જીવો સ્વભાવસન્મુખતાનો પુરુષાર્થ કરી સિદ્ધ થયા છે. તેઓ કઈ રીતે સિદ્ધ થયા છે? — કે સ્વભાવે પરિણમીને. પોતાની મૂળ જાતને રાખીને વસ્તુમાં જે ક્ષણે ક્ષણે ઉત્પાદ-વ્યય થાય છે તે પરિણામ છે. એ ઉત્પાદ-વ્યયરૂપ પરિણામની સમીપમાં અંદર જે જ્ઞાન, આનંદ, વીર્ય આદિ-સ્વરૂપ ત્રિકાળી અભેદ ધ્રુવ સ્વભાવ છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તરફના ઝુકાવથી જે સ્વસન્મુખતાનો પુરુષાર્થ થાય છે તેને સ્વભાવરૂપ પરિણમન કહેવાય છે. અનંત જીવો અન્તર્મુખ પુરુષાર્થ કરી, અભેદ જ્ઞાયકસ્વભાવે પરિણમી, મોક્ષદશાને પામ્યા છે.

'પુરુષાર્થ કરવો' એમ જે કહેવામાં આવે છે તેમાં 'પુરુષાર્થ કરું, પુરુષાર્થ કરું' એવો વિકલ્પ નથી, પણ પરિણામ સ્વભાવસન્મુખ વાળતાં પુરુષાર્થ સહજ થઈ જાય છે. સર્વજ્ઞ પરમાત્મા કહે છે: વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ છે; તેમાં જે ધ્રૌવ્ય છે તે સહજ જ્ઞાનાનંદ આદિ અનંત ગુણસ્વરૂપ ત્રિકાળી સ્વભાવ છે. તેના તરફ રુચિ અને જ્ઞાનનો ઝુકાવ કરવાથી સ્વભાવરૂપ પરિણમન થાય. શ્રીમદે કહ્યું છે ને — 'મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ'. ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો મુક્તિનો માર્ગ શો છે? — વર્તમાન શ્રદ્ધા-જ્ઞાન આદિની પરિણતિને ત્રિકાળી અખંડ ધ્રુવ જ્ઞાયક સન્મુખ કરવી તે. સત્-સ્વભાવ તરફ અખંડ વૃત્તિ કરીને હે ભવ્ય! જિનનો મૂળ મારગ સાંભળો. અનંત જીવો સ્વસન્મુખતાનો અંતરમાં પુરુષાર્થ કરી, સહજ જ્ઞાનાદિ સ્વભાવે ઊપજી, વિષયાનુરાગ કે દયા-દાન આદિ ધર્માનુરાગને — અશુભ તેમ જ શુભભાવરૂપ વિભાવને — ટાળી, પૂર્ણ પરમાત્મદશાને પામ્યા છે; માટે જો તારે પરમાત્મા થવું હોય તો તું પણ પુરુષાર્થ કર.

અહા! વીતરાગદેવે પ્રરૂપેલો માર્ગ સૂક્ષ્મ છે ભાઈ! નિજ ધ્રુવ જ્ઞાયક સ્વભાવના સતત આલંબન સિવાય બીજો કોઈ માર્ગ છે નહિ. સંપ્રદાયમાં તો 'વ્રત કરો, ભક્તિ કરો, યાત્રા કરો, પૂજા કરો' એમ બહારની ક્રિયામાં ધર્મ મનાવી દીધો છે. બહારની ક્રિયા તો જડની અવસ્થા છે, અંદર જો કષાય મંદ કરીને શુભ ભાવ કર્યો હોય તો તે પણ વિકલ્પ, રાગ ને વિભાવ છે; તે મોક્ષમાર્ગ કેમ હોઈ શકે? જો તારે ધર્મ કરવો હોય, મોક્ષનો માર્ગ પ્રગટાવવો હોય, તો ત્રિકાળી સ્વભાવ તરફનો પ્રયત્ન કરી, સ્વભાવરૂપ પરિણમન કર; જેથી પર્યાયમાંથી વિભાવ ટળીને પરિપૂર્ણ પરમાત્મદશા પ્રગટ થાય.

'णमो सिद्धाणं' — અહા! એ સિદ્ધ પરમાત્મા કઈ રીતે થયા? સર્વજ્ઞ જિનેશ્વરદેવે જે જ્ઞાન ને આનંદસ્વરૂપ પરમાત્મા અંતરમાં જોયો છે તેને યથાર્થ સમજી, તે તરફનો અંદર પ્રયત્ન કરી, સ્વભાવે પરિણમી, સિદ્ધદશાને પામ્યા છે. તારે જો સિદ્ધોની મંડળીમાં ભળી જવું હોય તો તું પણ તે પ્રમાણે સ્વસન્મુખતાનો યથાર્થ પુરુષાર્થ કર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ નિર્મળ દશા તે વીતરાગ સ્વભાવે પરિણમેલી પર્યાય છે. તે સ્વાભાવિક પર્યાય કઈ રીતે પ્રગટ થાય? — કે અંતરમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાયક સ્વભાવ તરફનો પુરુષાર્થ કરી, સ્વભાવરૂપ પરિણમન પ્રગટ કરીને પુણ્ય-પાપના વિભાવો ટાળવાથી. સદા એકરૂપ રહેનારા ધ્રુવ સ્વભાવનો અંદર દૃષ્ટિમાં તેમ જ જ્ઞાનમાં આશ્રય કરીને, તે-રૂપ પરિણમનનો પુરુષાર્થ કર તો વિભાવ ટળી જશે અને સિદ્ધદશા પ્રાપ્ત થશે.

જો તારે મોક્ષદશા પ્રાપ્ત કરવી હોય તો — સ્વર્ગમાં જવું હોય, મોટા પુણ્યશાળી થવું હોય વગેરે બહારની વાતો તો અહીં છે જ નહિ — આટલી શરતો છે: (૧) સ્વસન્મુખતાનો યથાર્થ પુરુષાર્થ કરી, (૨) સહજ સ્વભાવે પરિણમી, (૩) શુભાશુભ સમસ્ત વિભાવનો નાશ કર; તો સિદ્ધદશા પ્રગટ થાય. એવી દશા પ્રગટ કર્યા વિના જીવ અનંત વાર સ્વર્ગમાં જઈ આવ્યો, પણ તેથી શું?

મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો;
પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.

મહાવ્રતના પરિણામ પણ વિભાવ અને દુઃખરૂપ છે. ભાઈ! આત્મજ્ઞાન વિના દુઃખમુક્તિનો બીજો કોઈ ઉપાય નથી. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;' સુખધામ કહો કે ધ્રુવધામ; તેની સન્મુખતાનો અંતરમાં પુરુષાર્થ કરી, જીવ જો સ્વભાવ-રૂપ પરિણમન કરે ને વિભાવને ટાળે તો અવશ્ય સિદ્ધપદને પ્રાપ્ત કરે. અહા! બેનની ભાષા તો સાદી છે પ્રભુ!

અરેરે! દુનિયાને ક્યાં પડી છે કે મારું શું થશે? — દેહ છૂટ્યા પછી હું ક્યાં જઈશ? આત્માનો નાશ તો કદી થતો નથી. તું જો રાગ અને પુણ્યના પરિણામને પોતાના માનીશ તો એ તો વિભાવનો આદર અને સ્વભાવનો અનાદર થયો; અને તેનું ફળ તો ચાર ગતિમાં પરિભ્રમણ છે. માટે તારે જો પરિભ્રમણથી છૂટવું હોય, સિદ્ધમંડળીમાં ભળવું હોય, તો તું પણ અંદર સ્વસન્મુખતાનો પુરુષાર્થ કર. આત્મા દ્રવ્યસ્વભાવે તો શુદ્ધ ચૈતન્યઘન છે. પરંતુ પર્યાયમાં અશુદ્ધતા અને દુઃખ છે. પર્યાયમાંથી અશુદ્ધતા તેમ જ દુઃખ ટાળવાં હોય તો શુદ્ધ સ્વભાવના આશ્રયનો પુરુષાર્થ કરી સ્વભાવરૂપ પરિણમન કર. પરિણમન પોતે છે તો પર્યાય, પરંતુ તે શુદ્ધ પર્યાય ત્રિકાળી ધ્રુવ શુદ્ધ સ્વભાવના અવલંબનથી પ્રગટ થાય છે.

સર્વજ્ઞ પરમાત્મા કહે છે: 'જિન સમરો જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;' એ જિન શું છે? ભગવાન સર્વજ્ઞદેવ જિન છે. તેમનું ચિંતવન કરીશ તોપણ વિકલ્પ ઉત્પન્ન થશે, રાગ થશે. મોક્ષપાહુડમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે:

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'परदव्वाओ दुग्गई' — જે કોઈ અરિહંત, સિદ્ધ વગેરે પરમાત્મા છે તેઓ તારા માટે પરદ્રવ્ય છે; તેમનું લક્ષ કરીશ તો તને રાગ થશે, તારા ચૈતન્યપરિણમનની દુર્ગતિ અર્થાત્ વિપરીત ગતિ થશે.

પ્રશ્ન :— આપ આવું કહો તો લોકો વિરોધ ન કરે?

ઉત્તર :— કરે, બિચારા કરે; એમની દૃષ્ટિ બહારમાં અને શુભ રાગમાં છે ને? પરંતુ શુભ ભાવ પણ પરાશ્રિત વિભાવ પરિણામ હોવાથી આત્માનો સ્વભાવભાવ નથી, તેને ભગવાન આત્માની સુગતિ — સ્વભાવપરિણતિ કહેતા નથી. સમયસારમાં શિષ્યે પ્રશ્ન કર્યો છે કે પ્રભુ! આ શુભાશુભ અધ્યવસાનાદિ ભાવો જીવ નથી — એમ આપે કહ્યું, પરંતુ આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી, છતાં તેમને પુદ્ગલના સ્વભાવ કેમ કહ્યા? તેના જવાબમાં આચાર્યદેવે કહ્યું છે કે આ શુભાશુભ અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણાદિ કર્મ છે તે બધુંય પુદ્ગલમય છે. તે કર્મનું ફળ અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ શુભાશુભ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે; તેથી જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્ગલસ્વભાવો છે; કર્મજન્ય છે તેથી જડ જ છે.

ભગવાન જ્ઞાયક આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. તેનો આશ્રય કરીને જે સ્વભાવરૂપ પરિણમન થાય છે તેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. તે અતીન્દ્રિય આનંદરૂપ સ્વભાવપરિણમનથી સમસ્ત વિભાવ ટળી જશે અને સિદ્ધગતિ થશે; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળી જવું હોય તો, તું પણ સ્વભાવપ્રાપ્તિનો યથાર્થ પુરુષાર્થ કર.

**'કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી.'**

કોઈ પણ જીવને જ્ઞાનાનંદસ્વભાવી આત્મા તરફનો — સ્વસન્મુખતાનો —પુરુષાર્થ કર્યા વિના કદી પણ ભવનો અન્ત આવવાનો જ નથી. પુરુષાર્થ અર્થાત્ પ્રયત્ન છે તો વર્તમાન એક સમયની પર્યાય, પણ તે પર્યાયની સમીપ અંદર આત્મામાં અનંત અનંત પુરુષાર્થનો પિંડ — વીર્ય નામનો ગુણ — સદા વિદ્યમાન છે. આત્મસ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ બધા આત્મામાં છે. સમ્યગ્દર્શન, આત્મરમણતા, આનંદ, શાન્તિ આદિ અનંત સ્વભાવશુદ્ધતાની રચના કરવી તે વીર્ય અર્થાત્ પુરુષાર્થશક્તિનું કાર્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્ય-પાપની રચના કરે તે તો નપુંસકતા છે; તેને સ્વભાવવીર્ય કહેતા નથી. સમયસારમાં કહ્યું છે કે પરમાર્થભૂત નિજ આત્માને નહિ જાણતા એવા અજ્ઞાની જનો, નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા, બહુ પ્રકારે પરને — શુભાશુભ વિભાવને — પણ આત્મા માને છે. દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે પરમાર્થભૂત જ્ઞાનના ભવન-માત્ર સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા એવા તે અજ્ઞાની જીવો, પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ ભાવને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ વગેરે શુભ ભાવો પણ બંધનાં કારણ હોવા છતાં તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે. આ વાત ન સમજાય એટલે લોકો ભડકે, પણ શું થાય? ભાઈ! અશુભ ભાવની જેમ શુભ ભાવ પણ સ્વભાવવીર્ય નથી, સ્વભાવની જાત નથી, એ પણ નપુંસકતા છે. શુભ ભાવથી ધર્મ માનવો એ તો વળી મિથ્યાત્વની અનંતી નપુંસકતા છે. આકરી વાત છે બાપુ!

મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સીમંધર પરમાત્મા બિરાજે છે, ત્યાંથી આવેલી આ વાત છે. અરેરે! આ ભરતક્ષેત્રમાં અત્યારે સર્વજ્ઞ પરમાત્માના વિરહ પડયા, અને અંતરમાં નિજ જ્ઞાયક પરમાત્માના ય વિરહ પડયા. જ્ઞાયકનો વિરહ તે પણ અંતરના ભગવાનનો જ વિરહ છે ને? અહા! આત્માને વર્તમાન પરિણામમાં પોતાના જ્ઞાન-આનંદ આદિ સમૃદ્ધિભરપૂર ધ્રુવ સ્વભાવનો વિરહ પડયો. દયા-દાન કે વ્રત-ભક્તિ વગેરે પરસન્મુખ પરિણામના પ્રેમમાં રોકાઈ ગયો તેથી પર્યાયમાં નિજ જ્ઞાયક ભગવાનનો વિરહ પડયો. બહારમાં પર ભગવાનનો વિરહ તો છે, પણ અંતરના નિજ જ્ઞાયક ભગવાનનો પણ વિરહ છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માનો પોકાર છે કે વ્રતાદિ કે પૂજાદિના ભાવ પુણ્ય છે, ધર્મ કે ધર્મનું કારણ નથી; ધર્મ તો આત્માનો મોહક્ષોભ રહિત વીતરાગ પરિણામ છે. દુનિયા માને યા ન માને, વસ્તુસ્વરૂપ તો આ જ છે.

શુભાશુભ વિભાવનો પ્રયત્ન છોડીને અંતરમાં સ્વસન્મુખતાનો પ્રયત્ન કર્યા વિના કોઈ પણ જીવને ભવનો અંત આવવાનો જ નથી. સ્વભાવનો પુરુષાર્થ ભવનો અંત લાવવાનો એકમાત્ર ઉપાય છે. 'નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે.'

**'ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલંગ મારે તેમ, ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે, તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.'**

જેમ ઘોડો કૂદકો મારે તેમ, કોઈ જીવ તીવ્ર પુરુષાર્થ કરી સિદ્ધિને શીઘ્ર પ્રાપ્ત કરી લે છે અને કોઈ જીવ પુરુષાર્થની મોળાશને લઈને ધીરે ધીરે પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શન થતાં શ્રદ્ધા-અપેક્ષાએ પૂર્ણ દ્રવ્યસ્વભાવને પહોંચી જાય છે, પરંતુ પર્યાયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હજુ ચારિત્ર-અપેક્ષાએ કમજોરી છે. કોઈ જ્ઞાની જીવ પુરુષાર્થની છલંગ મારીને અંતર્મુહૂર્તમાં સંયમ, શ્રેણી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે. અહા! કેવી અદ્‌ભુત છે આ વાત! આ વાત સમજે નહિ એટલે લોકો મશ્કરી કરીને ઉડાડી દે કે — સોનગઢમાં તો બધી નિશ્ચયની જ વાતો છે. ભાઈ! નિશ્ચય એ જ સત્ય છે, વ્યવહારની વાતો તો ઉપચારની છે. સમ્યગ્દર્શન કેમ થાય તેની તને ખબર નથી. આત્મા પોતાના પરિણામને સ્વ તરફ વાળી પોતાના ધ્રુવ જ્ઞાયક સ્તંભ સાથે બાંધે, ત્રિકાળી પરિણામી-સામાન્યમાં ચોંટાડી દે, નિજ શુદ્ધ દ્રવ્યસામાન્ય સાથે એકાકાર કરી દે, ત્યારે સંયોગ અને વિભાવથી ભિન્ન એવા નિજ આત્માની સાનુભવ દૃષ્ટિ પ્રગટ થાય છે. સાચી દૃષ્ટિ પ્રગટ થતાં કોઈ જીવ ઉગ્ર પુરુષાર્થ કરી અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે; કોઈ જીવને ચારિત્ર પ્રાપ્ત કરવામાં ઢીલાશ હોય તો તે અંતરમાં ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને ક્રમે ક્રમે રાગ ટાળીને સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

ઋષભદેવ ભગવાન સમકિત સહિત ત્રણ જ્ઞાન લઈને મરુદેવી માતાના પેટમાં આવ્યા હતા. તેમને ૮૩ લાખ પૂર્વ સુધી સંયમ-ચારિત્રનો પુરુષાર્થ થયો નહોતો. અહા! ચારિત્ર કોને કહેવાય? ત્રિકાળી જ્ઞાનાનંદમૂર્તિ ભગવાન જ્ઞાયકની દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં ચરવું — આનંદમાં રમવું — તે ચારિત્ર છે. પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ વગેરેના વિકલ્પો તે ચારિત્ર નથી, એ તો ચારિત્રની ભૂમિકામાં નબળાઈને કારણે વર્તતો દોષ છે. દીક્ષા લીધા પછી પણ, રમણતામાં કમીને લીધે, કોઈને ધીમે ધીમે સ્થિરતા વધીને કેવળજ્ઞાન થાય છે અને કોઈ તો, ભરત ચક્રવર્તીની જેમ, અંતર્મુહૂર્તમાં ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી સ્વરૂપમાં જામી જઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

**'વસ્તુને પામવું, તેમાં ટકવું અને આગળ વધવું, — બધું પુરુષાર્થથી જ થાય છે.'**

ભગવાન આત્મા પોતાની ધ્રુવ શુદ્ધ ચૈતન્ય વસ્તુને પોતાના અંતર્મુખ પરિણામ વડે જ પ્રાપ્ત કરે છે. એક સમયના જે વર્તમાન પરિણામ તેમને ધ્રુવ તત્ત્વ તરફ વાળી તેમાં સ્થિર થઈ જવું, રમી જવું, જામી જવું — એ બધું સ્વસન્મુખતાના પુરુષાર્થથી જ થાય છે. અંતરમાં જ્ઞાયક વસ્તુને પામવું, તેમાં જામવું અને વૃદ્ધિ કરવી, — એ બધું આત્મસંમુખતાના પુરુષાર્થ વડે જ થાય છે. પુરુષાર્થ છે તો વીર્યગુણની વર્તમાન પર્યાય, પરંતુ તે પર્યાયમાં ઉગ્રતા લાવી અંતરમાં વિશેષ રમણતા થતાં શીઘ્ર કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે. પૂર્વની રમણતાથી મોક્ષ થાય છે એમ કહેવું તે વ્યવહાર છે. ખરેખર તો ત્રિકાળી ધ્રુવ સ્વભાવના પરિપૂર્ણ આશ્રયે જ મોક્ષદશા પ્રગટ થાય છે. અધૂરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનો વ્યય થઈને કેવળજ્ઞાનની પર્યાય થાય છે. શું વ્યયમાંથી નવી પૂર્ણ પર્યાય ઉત્પન્ન થાય? પૂર્ણ પર્યાય તો અંદર દ્રવ્યમાંથી—ધ્રૌવ્યમાંથી આવે છે. ધ્રૌવ્યમાંથી આવે છે તે પણ અપેક્ષિત કથન છે. જો તેમાંથી આવતી હોય તો, તે તો સદાય વિદ્યમાન છે, કેમ હજુ સુધી પ્રગટ ન થઈ? ખરેખર તો આત્મા પોતે જ તે સમયે પોતાના અભિન્ન ષટ્કારકોરૂપે પરિણમવાથી કેવળજ્ઞાન આદિરૂપ પૂર્ણ પર્યાય પ્રગટ થઈ છે.

ભગવાન આત્માને પામવો, તેમાં ટકવું ને આગળ વધવું,—એ બધું અંતરના પુરુષાર્થથી થાય છે, વ્યવહારરત્નત્રયરૂપ શુભ પરિણામથી નહિ. મોક્ષમાર્ગરૂપ શુદ્ધિ અંદર દ્રવ્યસ્વભાવના આશ્રયે આગળ વધે છે. મોક્ષમાર્ગથી મોક્ષ પ્રગટે—એમ કહેવું તે પણ વ્યવહાર છે. મોક્ષમાર્ગની પર્યાયનો તો વ્યય થાય છે, ખરેખર તો સદા અનુત્પન્ન ને અવ્યય એવા નિજ ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવના પૂર્ણ આલંબનથી જ મોક્ષપર્યાય પ્રગટે છે. અહા! વીતરાગની આવી વાતો લોકોને સાંભળવા મળે નહિ! સાંભળવા જાય ત્યાં 'આ કરો ને તે કરો, વ્રત લો, યાત્રા કરો ને ભક્તિ કરો' એમ પર ને શુભ રાગના કર્તૃત્વની વાતો સાંભળવા મળે. ભાઈ! 'કરવું' એ તો ચૈતન્યનું 'મરવું' છે. શુભ રાગના કર્તૃત્વમાં પણ ચૈતન્યની શાન્તિનો નાશ થાય છે, આત્માનું ભાવમરણ થાય છે.

'પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ.'

દયા-દાન, વ્રત-તપ ને ભક્તિ વગેરેના ભાવમાં પણ પુરુષાર્થ તો છે, પરંતુ તે પુરુષાર્થ બહિર્લક્ષી છે. તે શુભ ભાવ કેવળ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો અંતર્મુખી શુદ્ધતાનો પુરુષાર્થ છે. 'પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ' એ પણ અપેક્ષિત કથન છે. જે બહિર્લક્ષી શુભ ભાવનો પુરુષાર્થ ઉત્પન્ન થઈ ચૂક્યો છે તેને અંદર કઈ રીતે લાવવો? પણ સ્વભાવનો આશ્રય કરીને તારું નવું પરિણમન—નવું સર્જન—એવું કર કે જેથી અંતરમાં શુદ્ધતા પ્રગટે અને શુભાશુભ ભાવરૂપ અશુદ્ધતાનો વ્યય થાય. અરેરે! વાણિયાને વેપારનાં પાપ આડે આ વાત સાંભળવા પણ ન મળે! સમજીને પ્રગટ કરવાની વાત તો ક્યાંય દૂર રહી ગઈ. વ્રત કરો, પૂજા કરો, મંદિર બનાવો, ભક્તિ કરો—એવી વાતો સાંભળવા મળે છે; પણ ભાઈ! એ તો બધું અનાદિ અજ્ઞાન છે.

પુરુષાર્થ બહાર જાય છે એટલે કે જે પુરુષાર્થ બહાર શુભ ભાવમાં રોકાય છે તેને અંતરમાં વાળ. શુભ ભાવ તો રાગ છે, બંધનું કારણ છે, ચેતનની જાત નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે ચેતનની જાત નથી તેને લોકો ધર્મ માને-મનાવે છે; શું થાય? અહીં કહે છે કે પુરુષાર્થ જે વિભાવમાં જાય છે તેને આત્મામાં લાવ.

**'આત્માના જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.'**

ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય આદિ અનંત શક્તિઓનો ભંડાર છે. તે ભંડાર અંતરના પુરુષાર્થ દ્વારા સ્વયમેવ ખૂલી જશે. અરેરે! લોકો બિચારા કઈ જાતની મજૂરી કરે છે! બહિર્લક્ષી વ્રતાદિના શુભ ભાવ પણ મજૂરી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે આત્માના સહજ સ્વભાવો સ્વસન્મુખતાના પુરુષાર્થ દ્વારા પ્રગટે છે, શુભ ભાવની મજૂરીથી નહિ. રાગની મંદતા કે શરીરની અનુકૂળતા સ્વભાવ પ્રગટવામાં કાંઈ સહાય કરતી નથી. આત્માની પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન, આનંદ આદિ સર્વ પ્રકારની સહજ શુદ્ધિઓ તો અંદર આત્માશ્રિત પુરુષાર્થ દ્વારા આપોઆપ પ્રગટ થાય છે.

આ પંચમ કાળમાં ગુરુદેવ જેવા મહાપુરુષનો અહીં અવતાર થયો એ કોઈ મહાભાગ્યની વાત છે. ગુરુદેવ — આશ્ચર્યકારી અપૂર્વ આત્મા, તીર્થંકરનું દ્રવ્ય — જીવોનો ઉદ્ધાર કરવા અહીં પધાર્યા. ગુરુદેવે આખા હિન્દુસ્તાનને જાગ્રત કર્યું છે, પાત્ર જીવોની રુચિ તત્ત્વ તરફ વાળી છે. તેમણે સ્વાનુભૂતિની વાત પ્રગટ કરીને આખા ભારતના જીવોને જગાડયા છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૩૦

તા. ૨૫-૧૦-૭૮

## વચનામૃત — ૩૪૪

જ્યાં સુધી સામાન્ય તત્ત્વ — ધ્રુવ તત્ત્વ — ખ્યાલમાં ન આવે ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે અને ક્યાંથી પ્રગટે? માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ — દ્રવ્યસામાન્યનો જ — ધ્રુવ તત્ત્વનો જ હોય છે. જ્ઞાયકનું — 'ધ્રુવ'નું જોર એક ક્ષણ પણ ખસતું નથી. દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી — ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. જોકે સાથે વર્તતું જ્ઞાન બધાંનો વિવેક કરે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.

પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, શાસ્ત્રો પણ આમ જ કહે છે, વસ્તુસ્થિતિ પણ આમ જ છે. ૩૪૪

'જ્યાં સુધી સામાન્ય તત્ત્વ — ધ્રુવ તત્ત્વ — ખ્યાલમાં ન આવે ત્યાં સુધી અંદર માર્ગ ક્યાંથી સૂઝે અને ક્યાંથી પ્રગટે?

સામાન્ય તત્ત્વ એટલે શું? જેના વિના આત્મપદાર્થમાં શુભ, અશુભ કે શુદ્ધ પર્યાયરૂપ વિશેષો સંભવી શકતા નથી એવો જે સદા એકરૂપ સદૃશ રહેનારો શક્તિરૂપ દ્રવ્યસ્વભાવ — પ્રતિસમય થતા ઉત્પાદ-વ્યયથી કથંચિત્ ભિન્ન એવો ધ્રુવ પરમભાવ — તેને સામાન્ય તત્ત્વ કહે છે. શક્તિરૂપ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ રાખીને વસ્તુમાં ઊપજતી નવી નવી પર્યાયોને વિશેષ તત્ત્વ કહે છે. સામાન્ય અને વિશેષ બન્ને થઈને આખો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પદાર્થ છે. 'उत्पाद्-व्यय-ध्रौव्ययुक्तं सत्' અને 'सद्द्रव्यलक्षणम्' એમ આગમમાં કહ્યું છે. સ્વભાવે અખંડ એવી દરેક વસ્તુમાં જે ઉત્પાદ-વ્યયસ્વરૂપ પરિણમતો અંશ છે તે વ્યક્તિભૂત વિશેષ તત્ત્વ છે અને જે સામર્થ્યભરપૂર ધ્રૌવ્યસ્વરૂપ એકરૂપ સદૃશ અંશ છે તે શક્તિભૂત સામાન્ય તત્ત્વ છે. સામાન્ય કહો, ધ્રૌવ્ય કહો, આદિ-અંતશૂન્ય નિત્ય કહો, પરમપારિણામિકભાવ કહો, અપરિણામી દ્રવ્યસ્વભાવ કહો કે અનંત સામર્થ્ય-ભરપૂર અભેદ એક જ્ઞાયકભાવ કહો — બધાંનો અર્થ એક જ છે.

જ્યાં સુધી નિજ આત્માનું આવું સામાન્ય તત્ત્વ — ધ્રુવ પરમભાવ — અંતરમાં લક્ષગત ન થાય ત્યાં સુધી કલ્યાણનો સાચો માર્ગ ક્યાંથી સૂઝે? અને જ્યાં માર્ગની સૂઝ જ ન હોય ત્યાં તે ક્યાંથી પ્રગટે? અંધારે અથડાવા જેવું થાય. ગમે તેટલું જાણપણું કરે, અગિયાર અંગની ધારણા કરે, પરંતુ એ બહિર્લક્ષી જ્ઞાનની કોઈ કિંમત નથી. સમયસારની છઠ્ઠી ગાથામાં જેને 'જ્ઞાયક' કહ્યો છે, અગિયારમી ગાથામ 'ભૂતાર્થ' કહ્યો છે અને બારમી ગાથામાં 'પરમભાવ' કહ્યો છે તેને અહીં સામાન્ય તત્ત્વ — ધ્રુવ તત્ત્વ — કહ્યું છે. જ્યાં સુધી એ પરમભાવ ખ્યાલમાં ન આવે — ખ્યાલ પોતે જ્ઞાનગુણની પર્યાય છે, પણ જ્યાં સુધી તે પર્યાયના લક્ષમાં ધ્રુવ તત્ત્વ ન આવે — ત્યાં સુધી અંદર મોક્ષનો માર્ગ ક્યાંથી સૂઝે અને ક્યાંથી ખીલે? ધ્રુવ જ્ઞાયક સ્વભાવને ચૂકીને ઉપલકપણે થતા જે આ શુભ-અશુભ ભાવો છે તે કાંઈ કલ્યાણનો માર્ગ નથી. શુભાશુભ ભાવોથી ભિન્ન અંદર નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો યથાર્થ ખ્યાલ કરે તો, પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન, તેના યથાર્થ અવબોધરૂપ સમ્યગ્જ્ઞાન અને તેમાં યથાર્થ રમણતારૂપ ચારિત્ર — એ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ અંતરમાં સૂઝે અને પ્રગટ થાય. અહો! આવી વાતો છે, ભાષા તો સાદી છે.

શાસ્ત્રનું જાણપણું કરીને જીવ તેમાં સંતોષાઈ ગયો; શ્રવણ, વાંચન ને મનનના વિકલ્પમાં અટવાઈ ગયો.

પ્રશ્ન:— તેનાથી સંસ્કાર તો પડે ને?

ઉત્તર:— સંસ્કાર તો ત્યારે પડે કે જ્યારે વસ્તુસ્વરૂપ તેને યથાર્થ ખ્યાલમાં આવે. ચિંતવનના વિકલ્પ વડે જ્ઞાનમાં વસ્તુસ્વરૂપનો પક્ષ થાય, પણ જ્ઞાનનું યથાર્થપણું જ્યારે પક્ષાતિક્રાન્ત થાય ત્યારે જ કહેવાય. જ્યાં સુધી ટંકોત્કીર્ણ જ્ઞાયક ધ્રુવ સ્વભાવ — કાયમ એકરૂપ ટકતી ચીજ — બરાબર લક્ષગત ન થાય ત્યાં સુધી અંદર હિતનો ઉપાય ક્યાંથી સૂઝે? બહારથી દયા-દાન-વ્રત-ભક્તિના કે ગુણગુણી-ભેદના વિકલ્પો કર્યા કરે, પરંતુ એ કોઈ કલ્યાણકારી વસ્તુ નથી, કલ્યાણકંદ આત્મવસ્તુ તો ચિંતવનના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પોથી પણ પાર છે. તેને અંદર ખ્યાલમાં ન લે—પર, વિભાવ ને પર્યાયનો પક્ષ મૂકીને ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો ખ્યાલ ન કરે—ત્યાં સુધી અંતરનો માર્ગ સૂઝે કયાંથી અને પ્રગટે કયાંથી ?

**'માટે સામાન્ય તત્ત્વને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો.'**

ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ છે. તેમાં જે ઉત્પાદ-વ્યય છે તે પર્યાય અર્થાત્ વિશેષ તત્ત્વ છે અને જે ધ્રૌવ્ય છે તે દ્રવ્યસામાન્ય અર્થાત્ ત્રિકાળી જ્ઞાયક સામાન્ય તત્ત્વ છે. તે સામાન્ય તત્ત્વને બરાબર ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. ધ્રુવ તત્ત્વ એટલે શું ? વર્તમાન જે પર્યાય છે તેના સમીપે, તળમાં ઊંડે વસ્તુનું જે સામર્થ્ય-ભરપૂર દળ પડયું છે તે વસ્તુનો ધ્રુવ સ્વભાવ છે; વસ્તુમાં જે ઉપર તરતો ક્ષણિક ભાવ છે તે પર્યાય છે. પર્યાયના લક્ષે રાગ થાય, કલ્યાણ ન થાય. માટે પર્યાય તરફનું લક્ષ છોડી દઈ, ધ્રુવ પરમભાવને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. સ્વભાવને ખ્યાલમાં લેવો અને તેનો આશ્રય કરવો—બન્ને એક જ સમયે છે, પણ કથનમાં તો ક્રમ પડે ને ? ચીજ જો ખ્યાલમાં ન આવે તો તેનો આશ્રય કેવી રીતે થાય ? વ્યવહારના રસિયાને આ વાત રુચે નહિ. ભાઈ ! જીવોને વ્યવહારનો રસ અનાદિથી છે, તેઓ પરસ્પર ઉપદેશ પણ એનો જ કરે છે; વળી જિનવાણીમાં નિશ્ચયનો હસ્તાવલંબ જાણી તેનું નિરૂપણ ઘણું છે; પરંતુ તેના આશ્રયનું ફળ તો સંસાર જ છે. માટે વ્યવહારના વિકલ્પ રહિત ધ્રુવ જ્ઞાયક ચીજને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કર. વર્તમાન વર્તતી જ્ઞાનની પર્યાયને ધ્રુવ જ્ઞાયક તરફ વાળ. આ કથન પણ અપેક્ષાએ છે, બાકી વર્તમાન જે પર્યાય થઈ છે તેને શું વાળે ? પણ કથન બીજી કઈ રીતે થાય ? નવી ઊપજતી પર્યાયમાં સામાન્ય તત્ત્વનો જે આશ્રય લીધો તેને જ 'પર્યાયને સ્વભાવમાં વાળી' એમ કહેવાય છે.

**'સાધકને આશ્રય તો પ્રારંભથી પૂર્ણતા સુધી એક જ્ઞાયકનો જ—દ્રવ્યસામાન્યનો જ—ધ્રુવ તત્ત્વનો જ હોય છે.'**

સાધક, ધર્મી, સમ્યગ્દૃષ્ટિ ને જ્ઞાની—એ બધા શબ્દોનો એક અર્થ છે. સાધક ધર્માત્માને શરૂઆતથી માંડીને છેક પૂર્ણતા સુધી આશ્રય તો એકમાત્ર જ્ઞાયકનો જ હોય છે. જ્ઞાયક કહો, નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય કહો, ધ્રુવ તત્ત્વ કહો કે દૃષ્ટિના વિષયભૂત પરમપારિણામિકભાવ કહો—એ બધા શબ્દો એકાર્થ છે. જેને સ્વસન્મુખતાના પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ સાધના અંતરમાં પ્રગટ થઈ છે એવા સાધક જીવને પ્રારંભથી પૂર્ણતા સુધી એટલે કે સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી આશ્રય તો પ્રમત્ત કે અપ્રમત્તના સર્વ ભેદ રહિત એવા એકમાત્ર અભેદ નિજ જ્ઞાયક તત્ત્વનો જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય છે. પ્રમત્ત-અપ્રમત્તાદિ પર્યાય હોય છે, પણ તેનો આશ્રય નથી, આશ્રય તો એક ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકનો જ હોય છે. અહા ! વીતરાગના માર્ગમાં આવી વાતો છે.

અરે ! કેટલાકને તો આવી વાતો મગજમાં બેસવી કઠણ પડે. તેમને એમ લાગે છે કે — આ કઈ જાતની વાત છે ? શું જૈન ધર્મ આવો હશે ? જૈન ધર્મમાં તો ‘ છ કાયની દયા પાળવી, ઉપવાસ કરવા, યાત્રા કરવી, મંદિરો બનાવવાં, ગજરથ ચલાવવા’ એવું અમે સાંભળ્યું છે. ભાઈ ! એ બધી ક્રિયાઓ પરની છે, તે વખતે જીવે કદાચ રાગ મંદ કર્યો હોય તો તે પરિણામ શુભ ભાવ છે, આસ્રવ-બંધનું કારણ છે, ધર્મનું એટલે કે સંવર-નિર્જરાનું કારણ નથી. ધર્મનું કારણ તો એકમાત્ર નિજ ધ્રુવ જ્ઞાયક તત્ત્વનો આશ્રય જ છે. સાધક જીવને પહેલેથી છેલ્લે સુધી નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો જ આશ્રય હોય છે.

ધર્મી જીવને પણ ભૂમિકાનુસાર દિગંબર જિનમંદિર બનાવવાના, શાસ્ત્રો લખાવવાના ભાવ આવે ખરા — નાઇરોબીમાં ત્યાંના મુમુક્ષુઓ પંદર લાખના ખર્ચે એક ભવ્ય દિગંબર જિનમંદિર બંધાવે છે — પરંતુ તે શુભ ભાવ છે, ધર્મ નથી. એ ભાવથી ધર્મ થાય એમ કોઈ માને તો તે માન્યતા સાચી નથી. ધર્મ અર્થાત્ આત્માની સાચી શાન્તિ તો નિજ જ્ઞાયક સ્વભાવના આશ્રયે જ થાય છે. સમકિતીને સાધનાના પ્રારંભથી પૂર્ણતા સુધી આશ્રય તો એક જ્ઞાયકનો જ — દ્રવ્યસામાન્યનો જ — ધ્રુવ તત્ત્વનો જ હોય છે.

અહા ! વાણિયાના દીકરાઓ તો ઠીક, પણ ચક્રવર્તી, તીર્થંકર ને બળદેવ વગેરે મોટા પુરુષોના રાજકુમારો કે જેમને બહારની સુખસમ્પત્તિઓનો કોઈ પાર નથી, તેઓ — આઠ આઠ વર્ષના રાજકુમારો — માતા પાસે સંયમના પંથે જવાની રજા માગે છે કે — હે માતા !

> अज्जेव धम्मं पडिवज्जयामो, जहिं पवण्णा ण पुणब्भवामो ।
> अणागयं णेव अत्थि वि किंचि, सद्धा खमं णु विणेयं तु णेहं ॥

— અમને અંતરમાં જ્ઞાયક તત્ત્વનો આશ્રય પ્રગટ થયો છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. હવે દ્રવ્યસ્વભાવના વિશેષ આલંબને આ અતીન્દ્રિય આનંદને પૂર્ણપણે સાધવા માટે સંયમના પંથે જવા માગીએ છીએ, ભગવતી દીક્ષા અંગીકાર કરવા જઈ રહ્યા છીએ, તું અમને સાધાનાના ઉજ્જવળ પંથે જવાની સહર્ષ રજા આપ. જ્ઞાયકના દૃઢ આશ્રયે પ્રગટનારા સંયમના પંથથી હવે અમે પાછા ફરનારા નથી, ફરીને નવો ભવ કરવાના નથી, સાદિ-અનંત મુક્તિરમણીના સ્વામી બની જવાના છીએ. માટે હે માતા ! અમારા પ્રત્યેનો નેહ — મોહ છોડ અને ખુશી થઈને મુક્તિના માર્ગે જવાની અમને રજા આપ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અહો! મુનિદશામાં વર્તતા એ નાના નાના રાજકુમાર, નાનકડો દેહ અને હાથમાં મોરપીંછી ને નાનું કમંડળ! જંગલમાં — અસંગદશાને સાધવા અસંગપણે અસંગમાં — હૃદયને ભયથી ધ્રુજાવી નાખે એવી ભયંકર સિંહ ને વાઘની ત્રાડો વચ્ચે નિર્ભયપણે અંદર આનંદની મસ્તીમાં ચાલ્યા જતા હોય! શી અદ્ભુત એ મુનિદશા! એ રાજકુમારોને ખ્યાલ છે કે — પૂર્ણ અસંગદશા, પરિપૂર્ણ પરમાનંદદશા એક જ્ઞાયકસ્વભાવના આશ્રયે જ પ્રગટ થશે.

સમ્યગ્દર્શન ધર્મનું પહેલું પગથિયું છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં સાથે જ અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ આવે છે. સ્વાદ પોતે પર્યાય છે, પણ તે પ્રગટે છે ધ્રુવ જ્ઞાયકનો આશ્રય કરવાથી. જ્ઞાનીને વેદન પર્યાયનું હોય છે અને આશ્રય ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસામાન્યનો હોય છે. પર્યાય દ્રવ્ય તરફ ઢળી ગઈ છે તેથી પર્યાયમાં આનંદ પણ દ્રવ્યના આશ્રયે જ આવે છે. આવી વાત વીતરાગ સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય નથી. આ માર્ગ જગતને સાંભળવા મળતો નથી, જગત બહારમાં રોકાઈને ચાલ્યું જાય છે, ભવ હારી જાય છે. સાધકને આનંદ સિવાય બીજે ક્યાંય ચેન પડતું નથી. આનંદનું સાધન છે એકમાત્ર જ્ઞાયકસ્વભાવનો આશ્રય. તેથી ધર્મીને જ્ઞાયકનું આલંબન કદી છૂટતું નથી.

**“ જ્ઞાયકનું — ‘ ધ્રુવ ’નું જોર એક ક્ષણ પણ ખસતું નથી. ”**

જ્ઞાનીને અંતરમાં જે જ્ઞાયકનું વલણ છે તે એક પળ પણ ખસતું નથી. સાધકને પૂર્ણ કેવળજ્ઞાન થાય ત્યાં સુધી સતત દ્રવ્યસામાન્યનો આશ્રય વર્ત્યા જ કરે છે. આશ્રય કરનારી પર્યાય તે વિશેષ છે, અને આશ્રયભૂત ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ તે દ્રવ્યસામાન્ય છે. જ્ઞાયક મહાસામાન્યનું જોર સાધકને એક ક્ષણ પણ હઠતું નથી. ચોથા ગુણસ્થાનવાળો શુભભાવમાં હોય અને પાંચમા ગુણસ્થાનવાળો અશુભભાવમાં હોય — એ બેમાં અંદર સ્થિરતા વિશેષ હોવાથી પાંચમાવાળાને ધ્રુવ તત્ત્વનો આશ્રય વિશેષ છે. વસ્તુતત્ત્વના આશ્રય ઉપર જ વજન છે. સાથે શુભભાવ હોય છતાં તેના ઉપર વજન નથી, વજન સ્વભાવના આશ્રય ઉપર છે.

ભગવાન! આ તારા ઘરની વાત આવે છે. તારા ઘરમાં અનંત આનંદ ને અનંત શાન્તિ પડી છે, પરંતુ પ્રભુ! એ ધ્રુવપણે પડી છે હોં! એ હલતી નથી, ચલતી નથી. ધર્મીને એક ક્ષણ પણ દૃષ્ટિ ત્યાંથી ખસતી નથી.

**‘ દૃષ્ટિ જ્ઞાયક સિવાય કોઈને સ્વીકારતી નથી — ધ્રુવ સિવાય કોઈને ગણકારતી નથી; અશુદ્ધ પર્યાયને નહિ, શુદ્ધ પર્યાયને નહિ, ગુણભેદને નહિ. ’**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ. જે દૃષ્ટિ સમ્યક્ છે તે નિજ અખંડ જ્ઞાયક સિવાય, ત્રિકાળી ધ્રૌવ્ય સિવાય, નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય સિવાય કોઈનો સ્વીકાર કરતી નથી — દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ નિમિત્તનો નહિ, શુભાશુભ ભાવરૂપ અશુદ્ધ પર્યાયનો નહિ, સાધક-સાધ્યરૂપ શુદ્ધ પર્યાયનો નહિ અને જ્ઞાન-દર્શન-આનંદ આદિ ગુણભેદનો પણ નહિ. અહો! લોકો રાડ નાખે એવી વાત છે. ભાઈ! આ તો અંતરની દૃષ્ટિની વાત છે. તે દ્રવ્ય અર્થાત્ ધ્રૌવ્ય સિવાય કોઈ ઉપર ધ્યાન દેતી નથી, કોઈને ગણકારતી નથી. વ્યવહાર-રત્નત્રયરૂપ શુભભાવ સાધક જીવને આવે છે પણ તે એની દૃષ્ટિનો વિષય નથી. અરે! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ જે વીતરાગી અપૂર્વ પર્યાય પ્રગટ થઈ તે પણ દૃષ્ટિનો વિષય નથી. અહો! ધરમ એ બહુ અલૌકિક ચીજ છે. લોકોએ તો 'વ્રત કરો, તપ કરો, દાન કરો' એમ કર્તાપણામાં — બહારમાં — ધર્મ મનાવી દીધો છે, પણ એ બધા તો રાગના – વિકલ્પના – વિકારના પરિણામ છે.

ધ્રુવ ધ્રુવ ધ્રુવ અવિચળ એક જ્ઞાયકભાવ, ત્રિકાળ એકરૂપ સામાન્યસ્વભાવ, અપરિણામી દ્રવ્યસ્વભાવ, પરમપારિણામિક ભાવ, ત્રિકાળી સહજ સ્વભાવ, નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય તે દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિ નિમિત્તને, રાગને, અધૂરી પર્યાયને કે ગુણભેદને સ્વીકારતી નથી કેમ કે તેના લક્ષે રાગ ને વિકલ્પ થાય છે. સંગથી ભિન્ન અને સર્વ પ્રકારના ભેદથી રહિત એકલું જ્ઞાયક સત્ત્વ જ તેના વિષયમાં તરવરે છે.

**'જો કે સાથે વર્તતું જ્ઞાન બધાંનો વિવેક કરે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.'**

દૃષ્ટિ સમ્યક્ થતાં તેણે જ્યાં પરિપૂર્ણ અભેદ ચૈતન્યને સ્વીકાર્યું, ધ્રુવ સત્ત્વનો સત્કાર કર્યો, ધ્રુવ પરમભાવનો આદર કર્યો, ત્યાં તેની સાથે વર્તતું જ્ઞાન બધાંનો વિવેક કરે છે; જ્ઞાન દેવ-ગુરુ આદિ નિમિત્તને નિમિત્ત તરીકે જાણે છે, સ્વભાવના આશ્રયે પ્રગટેલી શુદ્ધતાને, બાકી રહેલી અશુદ્ધતાને, અપૂર્ણતાને, ગુણભેદને જેમ છે તેમ બરાબર જાણે છે. દૃષ્ટિ કોઈ પણ પ્રકારના ભંગભેદ નહિ સ્વીકારતી હોવા છતાં સાથે વર્તતું જ્ઞાન 'આ અશુદ્ધ પરિણામ મારા પુરુષાર્થની કમજોરીથી મેં જ કરેલા ભાવ છે' એમ બરાબર જાણે છે, સાથે સાથે જ્ઞાન એમ પણ જાણે છે કે આ વિભાવભાવ કે ગુણભેદ આશ્રય કરવા યોગ્ય નથી, આશ્રય કરવા યોગ્ય તો ત્રિકાળી અભેદ જ્ઞાયકસ્વભાવ જ છે. અહો! આ બેનનાં વચનામૃતની ભાષા તો ઘણી સાદી છે પણ ભાવ ઘણા ઊંડા છે, દ્રવ્યદૃષ્ટિના જોરવાળા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ દ્રવ્યદૃષ્ટિ છે તે અંતરમાં અનંત આનંદના કસવાળા, અનંત પ્રભુતાના માલવાળા નિજ ચૈતન્ય જ્ઞાયકદેવ સિવાય કોઈનો સ્વીકાર કરતી નથી, પણ સાથે વર્તતું જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, સ્વભાવ-વિભાવ, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, અધૂરી-પૂરી પર્યાય, ગુણભેદ — બધું જેમ છે તેમ બરાબર જાણે છે.

'સાથે વર્તતું જ્ઞાન' કહ્યું છે એટલે કે શ્રદ્ધા અને જ્ઞાન બંને સાથે હોય છે; પણ કથનમાં કોઈ વખતે 'દર્શન અર્થાત્ શ્રદ્ધા કારણ ને જ્ઞાન કાર્ય' અને કોઈ વખત 'જ્ઞાન કારણ અને શ્રદ્ધાન કાર્ય' — એમ કહેવાય છે. તત્ત્વાર્થસૂત્રમાં 'सम्यग्दर्शन-ज्ञानचारित्राणि मोक्षमार्गः' કહ્યું છે. તેમાં સમ્યગ્દર્શન જ્ઞાનમાં સમ્યક્તાનું કારણ હોવાથી તેને પહેલું લીધું છે. પરંતુ જ્યારે 'જાણ્યા વિના શ્રદ્ધા કોની? શ્રદ્ધા પોતે નિર્વિકલ્પ છે, કાંઈ જાણતી નથી; વસ્તુ ખ્યાલમાં આવે ત્યારે જ તેની સાચી શ્રદ્ધા થાય' એમ કથન આવે ત્યાં 'જ્ઞાન કારણ ને શ્રદ્ધાન કાર્ય' કહેવાય છે. જ્યાં દૃષ્ટિના વિષયની અપેક્ષા ચાલતી હોય ત્યાં દૃષ્ટિના વિષયનો — ધ્રુવ જ્ઞાયક પરમભાવનો — અંતરમાં આશ્રય કરતાં તે કાળે જ્ઞાન સમ્યક્ થયું તેથી દૃષ્ટિ કારણ ને જ્ઞાન કાર્ય છે. — આમ અરસપરસ છે, બાકી તો બંનેની ઉત્પત્તિ સાથે જ થાય છે.

દૃષ્ટિ કેવળજ્ઞાનની પર્યાયને પણ સ્વીકારતી નથી, કેમ કે પર્યાય છે તે સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. જેના આલંબને કેવળજ્ઞાન ને પરમાત્મદશા પ્રગટ થાય છે એવો જે ધ્રુવ પરમાત્મસ્વભાવ તેનો જ્યાં આશ્રય લીધો ત્યાં દૃષ્ટિ સમ્યક્ થઈ, અને તે સાથે વર્તતું જે જ્ઞાન છે તે પણ સમ્યક્ થયું. સાથે વર્તતું તે જ્ઞાન ધ્રુવ સ્વભાવને જાણે, ગુણના ભેદને જાણે, પર્યાયને જાણે, અશુદ્ધતા થાય એને પણ જાણે — બધાંનો વિવેક કરે, જાણવાનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે માટે બધું જાણે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.

અહા! આવું તત્ત્વ સમજાયું નહિ એટલે લોકો બિચારા બીજે રસ્તે ચડી ગયા. અરે! આવી આ દુર્લભ જિંદગી, ને આમાં જો વીતરાગનો આ માર્ગ ન સમજાણો તો ભાઈ! ઉતારા ક્યાં થશે? ધ્રુવ જ્ઞાયક તત્ત્વને ધ્યાનનો વિષય બનાવે નહિ ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી અને તેથી ચારિત્ર પણ નથી. જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકનો આશ્રય કરે છે તે સમ્યગ્દર્શનના પુરુષાર્થ કરતાં સ્વરૂપની રમણતાનો પુરુષાર્થ અનંતગણો વિશેષ છે. ભાઈ! પંચમહાવ્રતના પરિણામ ને આ બાહ્ય ક્રિયાકાંડ એ કાંઈ ચારિત્ર નથી. ધ્રુવ જ્ઞાયક સ્વભાવના શ્રદ્ધામૂલક આશ્રયે સમ્યગ્દર્શન, અને સ્થિરતામૂલક વિશેષ આશ્રયે સમ્યક્ચારિત્ર થાય છે. બંનેમાં આલંબન તો એકમાત્ર જ્ઞાયક-સ્વભાવ જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન જાણે છે કે હજુ પર્યાયમાં અશુદ્ધતા છે, કર્તૃનયે એનો કર્તા હું જ છું જેટલો રાગ છે તેનો ભોક્તા પણ હું છું; રાગના કાળે જે દુઃખનું વેદન છે તેને પણ જ્ઞાન જાણે — આમ જ્ઞાનમાં બધા ભેદો ખ્યાલમાં આવવા છતાં દૃષ્ટિનો વિષય તો સદાય એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી. ત્રિકાળી અભેદ નિષ્ક્રિય ચૈતન્યપિંડ કે જેમાં કોઈ જાતનું હલન-ચલન — પરિણમન — નથી, સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાનની પર્યાય નથી એવા ધ્રુવ જ્ઞાયક તત્ત્વને સ્વીકારનારી દૃષ્ટિ સાથે રહેલું જ્ઞાન ભેદ-અભેદને, શુદ્ધ-અશુદ્ધને — બધાંને જાણે, છતાં અંતરમાં દૃષ્ટિનો વિષય તો — જે સદા એક ધ્રુવ તત્ત્વ છે તે — કદી ખસતો નથી. અહા! આવી ઝીણી વાતો કરવી ને પાછું પૂછવું કે 'સમજાણું કાંઈ?'

પરિણામ ને પરિણામી વચ્ચે કથંચિત્ ભેદ છે. એક જ પરિણામીના દર્શન-પરિણામ (શ્રદ્ધાપરિણામ) અભેદ ધ્રુવ તત્ત્વને સ્વીકારે અને તેના જ જ્ઞાનપરિણામ બધાંને જેમ છે તેમ સ્વીકારે. કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં સ્વપરનું બધું જાણે. આત્માના અનંત ગુણો, અનંત પર્યાયો, અનંત જડ પદાર્થો, તેમના ગુણો ને પર્યાયો, એક એક પર્યાયમાં અનંત અવિભાગપ્રતિચ્છેદો — એ બધાંને કેવળજ્ઞાનની પર્યાય જે ભિન્ન ભિન્ન રૂપે જાણે છે તેને સદ્ભૂત વ્યવહાર કહ્યો છે.

અહા! અદ્ભુત તારી શક્તિ પ્રભુ! તારા એક જ્ઞાનગુણની પર્યાય એકેએક અંશને ભિન્ન ભિન્ન જાણે અને તે સમયે જ બીજા દર્શનગુણની (સામાન્યપ્રતિભાસરૂપ) પર્યાય કાંઈ પણ ભેદ પાડ્યા વિના બધું 'છે' એમ અભેદ દેખે.

અહા પ્રભુ! તારો ગુણવૈભવ અદ્ભુત છે. જ્ઞાન આત્માનો બધો વૈભવ જાણતું હોવા છતાં દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી.

**'પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, શાસ્ત્રો પણ આમ જ કહે છે, વસ્તુસ્થિતિ પણ આમ જ છે.'**

આ બોલના અંતમાં બેન પોતે એમ કહે છે કે — પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, — તે એક વાત; શાસ્ત્રો પણ આમ જ કહે છે, — એ બીજી વાત; અને વસ્તુસ્થિતિ પણ આમ જ છે, — એ ત્રીજી વાત. એ પ્રમાણે ત્રણ વાત કહીને વસ્તુ-સ્વરૂપ આમ જ છે એમ દૃઢતા કરી છે. અહા! વસ્તુ-સ્વરૂપ ઝીણું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૩૧

તા. ૨૫-૧૦-૭૮

## વચનામૃત — ૩૪૫

મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ'. આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે, કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ ઇત્યાદિ કર્યા કરે છે. એ બધાનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે. ૩૪૫.

**"મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ'."**

મોક્ષ એટલે નિજ પૂર્ણ પરમાનંદપદની પ્રાપ્તિ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'; પરિપૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન, સુખ ને શાન્તિસ્વરૂપ જે આત્મલાભ તેનું નામ મોક્ષ છે. જેમ 'સર્વગુણાંશ તે સમકિત' છે તેમ સર્વ ગુણોની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ — બધા ગુણોનું પર્યાયમાં પૂર્ણપણે વિકસી જવું — તે મોક્ષ છે. તેની પ્રાપ્તિનો ઉપાય તે મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગનું સ્વરૂપ સંક્ષેપમાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને સાધ'. જ્ઞાયકની સાધના માટે ખરેખર સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે બહારનાં નિમિત્તો અને તત્ત્વ સંબંધી શ્રવણ-વાંચન-મનનના વિકલ્પો વગેરે તરફ દૃષ્ટિની જરૂર નથી. તે બધા તરફથી દૃષ્ટિને સંકેલી લઈને અંતરમાં જે જ્ઞાન આનંદ આદિ અનંત ગુણસાગર નિજ ભગવાન જ્ઞાયક આત્મા બિરાજે છે તેને સાધ — તેને દૃષ્ટિમાં લઈ અનુભવગત કર. સમયસારની છઠ્ઠી ગાથામાં જેને 'જ્ઞાયક' ને અગિયારમી ગાથામાં 'ભૂતાર્થ' કહ્યો છે એવા નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યરૂપ પરમભાવમાં દૃષ્ટિ સ્થાપ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિ કાળથી જીવે જ્ઞાયકની સાધના કરી નથી. વર્તમાનમાં તો અધ્યાત્મની આ વાત આખી લુપ્ત થઈ ગઈ છે. સંપ્રદાયમાં આ વાતની ગંધ પણ નથી, એકલા બહારના ક્રિયાકાંડ ને શાસ્ત્રનાં જાણપણાંની વાતો છે. આ વાત જૈનના સંપ્રદાયમાં નથી તો અન્યમાં તો હોય જ કયાંથી? જૈનના નામે ચાલતા જે વાડાઓ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે, તેમનાં આગમો ગૃહીત મિથ્યાદૃષ્ટિઓએ રચેલાં છે, તેમણે 'અમારાં આગમ સર્વજ્ઞપ્રણીત છે' એમ કહીને લોકોને છેતર્યા છે. જ્ઞાયકને સાધવાનો આ મારગ તો ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ મહાવીર પ્રભુએ બતાવેલો છે. અત્યારે પણ મહાવિદેહમાં ત્રિલોકીનાથ જિનેશ્વરદેવ શ્રી સીમંધર ભગવાન આ માર્ગ બતાવી રહ્યા છે. તે વાણીની આ વાત છે. ત્યાં અત્યારે પણ આ ધીકતો માર્ગ ચાલે છે. અંદર જે જ્ઞાયક ધ્રુવ નિજ શુદ્ધાત્મા છે તેને સાધ, દૃષ્ટિ ને જ્ઞાનમાં લઈ તેનો અનુભવ કર, તે મોક્ષનો માર્ગ છે ભાઈ! કલ્યાણનો માર્ગ તો આ જ છે, આ માર્ગે આવ્યા વિના ભવનો છેડો નહિ આવે. અહા! આ વચનામૃત-પુસ્તક! (સભામાં કોઈક શ્રોતાને સંબોધીને) વાંચ્યું છે કે નહિ? આખું વાંચ્યું ને? કેટલી વાર વાંચ્યું? એક વાર? ભાઈ! આ તો વારંવાર વાંચવા જેવું છે.

અહીં કહે છે કે આત્માનું કલ્યાણ કરવું હોય, શાશ્વત જ્ઞાન ને આનંદની પ્રાપ્તિ કરવી હોય, મુક્તિના માર્ગે ગમન કરવું હોય તો અંદરમાં જ્ઞાયક આત્માને સાધ, અંતરમાં ત્રિકાળશુદ્ધ પરમાનંદપિંડ જ્ઞાનમૂર્તિ નિજ દ્રવ્યસ્વભાવને લક્ષગત કર, તેમાં તારી દૃષ્ટિને સ્થાપ. સ્વસન્મુખ પરિણતિ કરીને અંદર જ્ઞાયકનું ભણતર કર. શાસ્ત્રનાં બહિર્લક્ષી ભણતર એ કોઈ જ્ઞાન નથી, એ તો 'હું કંઈક જાણું છું, મને આવડે છે' એમ આવડતના અભિમાનમાં રોકાઈ જવાનું કારણ છે. બહારનું જાણપણું નિઃસાર છે; સારભૂત એક જ્ઞાયકસ્વભાવ છે. તેના સન્મુખ પરિણતિ વડે જ્ઞાયકને લક્ષગત કર. દેવ-શાસ્ત્ર-ગુરુ કે તેમની શ્રદ્ધા-ભક્તિનો રાગ તથા નવ તત્ત્વના શ્રદ્ધાનનો વિકલ્પ હો, પણ એ કાંઈ જ્ઞાયકને લક્ષગત કરવાનું પરમાર્થ સાધન નથી.

અહા! બાર અંગનો સાર એ છે કે અંતરમાં સ્વભાવે કૃતકૃત્ય એવા નિજ ભગવાન જ્ઞાયક આત્માને સાધ, તેનો અંદરથી સ્વીકાર કર. સ્વીકાર કરનાર આત્માની નિર્મળ પર્યાય છે; તે સ્વીકાર કરે છે આત્માના ધ્રુવ જ્ઞાયક સ્વભાવને. દૃષ્ટિ દ્રવ્યમાં અભેદ થાય છે. 'અભેદ થાય છે' એટલે 'દ્રવ્ય ને પર્યાય બંને એક થઈ જાય છે, પર્યાય ધ્રૌવ્યમાં ભળી જાય છે'—એવો અર્થ નથી. પરંતુ એવો અર્થ છે કે પર્યાય ધ્રુવ જ્ઞાયકસ્વભાવને ધ્યેય બનાવે છે, દૃષ્ટિ ધ્રૌવ્યને અવલંબે છે, પર્યાય જ્ઞાયકસ્વભાવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તરફ વળે છે. પર્યાય ઉપર લક્ષ રાખીને પર્યાયને દ્રવ્ય સન્મુખ વાળે તો ખરેખર એ 'વાળવું' જ નથી. પર્યાયમાં ઊભો રહીને 'આ જ્ઞાયક દ્રવ્ય છે' એમ જ્ઞાયકને સાધવા જાય તો સાધી શકાશે નહિ. પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને 'હું ભગવાન ધ્રુવ સ્વયંભૂ જ્ઞાયક આત્મા છું' એમ ધ્રુવ જ્ઞાયકમાં 'અહં'પણે પરિણમીને જ્ઞાયકમાં દૃષ્ટિને સ્થાપ. 'હું આ છું' એવા વિકલ્પની અહીં વાત નથી. નિર્વિકલ્પપણે જ્ઞાયકમાં પર્યાયને સ્થાપવાની વાત છે. અહાહા! આવી વાતો!

પર્યાય ઉપરની દૃષ્ટિ તો અનાદિ કાળથી છે, એ કાંઈ નવી વાત નથી. પર્યાયમાં તો અગિયાર અંગનાં જ્ઞાન પણ કર્યાં. એના ઉપરની દૃષ્ટિ પણ પર્યાય દૃષ્ટિ છે, જે અનાદિની છે. હવે તે છોડી દ્રવ્યદૃષ્ટિ કર, 'જ્ઞાયક આત્માને સાધ'. અહાહા! 'જ્ઞાયક આત્મા' અને 'એને સાધવો'! ભાષામાં શું આવે? સમજાય એટલું સમજવું. ધ્રુવ શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ પ્રભુ જે મોક્ષસ્વરૂપ છે તેને અવલંબ્યે મોક્ષમાર્ગ થાય છે. જે દ્રવ્યે મોક્ષસ્વરૂપ છે તેના અવલંબનથી જ પર્યાયમાં મોક્ષના માર્ગરૂપ શુદ્ધિ પ્રગટે છે. આને, 'જ્ઞાયકને સાધ્યો' એમ કહેવાય. આ જ્ઞાયકની સાધના તે જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે.

**'આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું.'**

'જ્ઞાયકને સાધ' કહો કે ભૂતાર્થનો આશ્રય લેવાનું કહો—બન્ને એક જ છે. અંતરમાં આનંદઘન ચૈતન્ય પિતાને સાધ તો મોક્ષમાર્ગની પ્રજા—પર્યાય પ્રગટ થશે. સાધના માટે કોઈ બહારની વિદ્વત્તાની જરૂર નથી, પણ અંતરની સાચી રુચિની જરૂર છે. અંદર રુચિ, વિશ્વાસ, ભરોસો, પ્રતીત આવવી જોઈએ. જેની પાસે કેવળજ્ઞાનની પર્યાય પણ અલ્પ છે એવા નિજ ત્રિકાળી મહાન જ્ઞાયક પ્રભુને સાધ. આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. આમાં બાર અંગનો સાર આવી ગયો.

**'વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે, કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે.'**

'અંતરમાં જ્ઞાયક આત્માને સાધ' એવા સંક્ષિપ્ત કથનનો વિસ્તાર કરવામાં આવે તો અંદરથી અનંત ગૂઢતા નીકળે, કારણ કે જ્ઞાયકવસ્તુમાં અનંત અનંત ગંભીર ભાવો ભરેલા છે કે જેમને ભગવાનની વાણી પણ સંપૂર્ણપણે વર્ણવી શકતી નથી. 'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી, અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે.' શ્રીમદે કહ્યું છે ને!—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. ...અપૂર્વ૦

આત્મવસ્તુમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ અનંત અનંત ગુણો ભરેલા છે. તે અનંતગુણસાગર આત્મા જ્ઞાયક, ધ્રુવ સ્વભાવ, સામાન્ય, પરમપારિણામિક ભાવ વગેરે શબ્દોથી કહેવામાં આવે છે; તેનું વિશેષ-અપેક્ષાએ વર્ણન કરવામાં આવે તો તેમાં અનંત રહસ્યો નીકળે છે, તેને ખિલવટ કરીને સમજાવવામાં આવે તો અનંત પ્રકાર પડે છે, કેમ કે જ્ઞાયકવસ્તુ પોતે અનંત અનંત ભાવભેદથી ભરેલી છે.

**'સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ ઇત્યાદિ કર્યા કરે છે.'**

એક સાગરોપમમાં દસ કોડાકોડી પલ્યોપમ કાળ જાય. એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં અસંખ્ય અબજો વર્ષ જાય. એવા તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા દેવો નિયમથી સમ્યગ્દષ્ટિ હોય છે. તેમનું સમગ્ર જીવન કેવળ ધર્મચર્ચા, જિનેન્દ્રસ્તુતિ આદિ શુભ કાર્યોમાં ત્યાં જ વ્યતીત થાય છે, તેઓ કલ્પવાસી દેવોની માફક તીર્થંકર ભગવાનનાં કલ્યાણક કે તીર્થયાત્રા નિમિત્તે ક્યાંય ગમનાગમન કરતા નથી. એવા શુભ ભાવ વખતે પણ તેમની દૃષ્ટિ તો, સતત અંદર ધ્રુવ જ્ઞાયકતત્ત્વ ઉપર જ છે. અહા ! તેત્રીસ સાગરોપમ કાળ સુધી અપુનરુક્ત ચર્ચા કરે તોપણ અંત ન આવે એવા અનંત અનંત ગંભીર ભાવો આત્મામાં ભરેલા છે. એકાવતારી તે દેવો ત્યાંથી નીકળી નિયમથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. તેઓ પણ કહે છે કે — અહો, આ અખૂટ ચૈતન્યવૈભવ ! તેત્રીસ સાગરોપમ કાળ સુધીની ચર્ચાએ તેનો અન્ત આવે એમ નથી, જ્યારે મનુષ્યપણું પામી, સંયમ લઈને કેવળજ્ઞાન થશે ત્યારે જ તેનો પૂર્ણ પાર પામશું. તે દેવોને નથી કોઈ ખાવા, પીવા કે કમાવાની પ્રવૃત્તિ, નથી બાયડી, છોકરાં કે કુટુમ્બની પળોજણ, આખું જીવન નિવૃત્તિ...નિવૃત્તિ, તોપણ ચર્ચા દ્વારા અંત ન આવે એટલાં અનંત રહસ્ય — અનંતા ભાવો વસ્તુસ્વભાવમાં ભરેલા છે; તેનો પૂર્ણ પાર તો કેવળજ્ઞાનમાં જ પમાય છે.

**"એ બધાનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે."**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા દીર્ઘ કાળ સુધી તત્ત્વની — આત્મા, તેના અનંત અનંત ગુણો, તેના સ્વભાવ-વિભાવ, અલ્પતા-વિશેષતા વગેરે અનંત પ્રકારોની — ચર્ચાના શુભ ભાવ કરે, પણ શું શુભ ભાવથી આત્માની પૂર્ણતા — મોક્ષ પ્રાપ્ત થાય ? જ્ઞાયક આત્મા તો સમસ્ત શુભ ભાવોથી ન્યારો છે. એ બધી ચર્ચાનો સાર તો એ છે કે બધા શુભાશુભ વિભાવોથી જુદા એવા નિજ એક ત્રિકાળશુદ્ધ જ્ઞાયક દ્રવ્યસામાન્યનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી એટલે કે અતીન્દ્રિય આનંદમય જ્ઞાનાનુભૂતિ પ્રગટ કરવી. અહા ! ભાષામાં તો બીજી કઈ રીતે કહેવાય ? જ્ઞાયકનો આશ્રય કરવો, પરિણતિને જ્ઞાયક તરફ વાળવી, વર્તમાન પર્યાયમાં ધ્રુવ આત્માને ગ્રહવો વગેરે અનેક પ્રકારે કથન આવે, પણ તેમાં પણ આશ્રય-આશ્રયીનો ભેદ છે, વિકલ્પ છે; એ કથનનો મર્મ એ છે કે જ્યાં આલંબન લેવા યોગ્ય અને આલંબન લેનાર એવો ભેદ પણ અસ્ત થઈ જાય છે એવી જ્ઞાયકરૂપ અભેદ પરિણતિ કરવી.

અહા ! આવું વસ્તુસ્વરૂપ સમજવું અઘરું પડે તેથી લોકો બીજે રસ્તે — બહારના ક્રિયાકાંડ ને જાણપણાના રસ્તે — ચડી ગયા છે. અહીં તો કહે છે કે ગમે તેટલો સ્વાધ્યાય કરો, તત્ત્વચર્ચા કરો પણ એ બધો શુભ ભાવ છે; એ શુભ ભાવથી પણ રહિત અંદર 'જ્ઞાયક તે જ હું છું' એમ પરિણતિ થવી એ જ બધાનો સાર છે. બાર અંગમાં પણ અનુભૂતિ કરવાનું વિધાન છે. અંતરમાં 'અનુભૂતિ કરું' એવો પણ ભેદ નથી, દ્રવ્યસ્વભાવનો આશ્રય થતાં આત્મા અનુભૂતિભાવે સ્વયં પરિણમી જાય છે.

કેટલાક એમ કહે છે કે સોનગઢવાળાએ સમકિતને બહુ ઝીણું — અઘરું કરી નાખ્યું છે. ભાઈ ! ઝીણું કરી નાખ્યું નથી, પણ તેનું સ્વરૂપ જ ઝીણું છે. જેમણે, બહારથી દેવ-શાસ્ત્ર-ગુરુને માનવા ને તત્ત્વવિચારના શુભ ભાવ કરવા એવા, શુભ રાગને સમકિત માની રાખ્યું છે તેમને આ વાત — સમસ્ત પ્રકારના રાગથી રહિત એવા નિજ જ્ઞાયકની સાચી અનુભૂતિ થાય તે સમકિત છે એ વાત — અઘરી લાગે છે. અહીં તો કહે છે કે — સમસ્ત સ્વાધ્યાય કે તત્ત્વચર્ચાનો સંક્ષિપ્ત સાર 'શુભાશુભ ભાવોથી ભિન્ન એવા એક નિજ શુદ્ધ જ્ઞાયક દ્રવ્યસામાન્યનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે.

———o———

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૪૬

**પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગ્રત કર્યા છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે. ૩૫૬.**

**'પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગ્રત કર્યા છે.'**

આ બોલમાં બેને અહીંનું (અમારું) નામ લઈને કહ્યું છે કે ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગ્રત કર્યા છે. 'જાગ્રત કર્યા છે' એમ વ્યવહારે કહેવાય, પણ ખરેખર તો અમે અમારું અંતરનું કામ કરીએ છીએ, એમાં વાણીના યોગે અધ્યાત્મની આ વાત સહેજે આવી ગઈ છે. જિજ્ઞાસુઓને આત્માની આ વાત ગોઠી છે. હવે તો, હિન્દુસ્તાનમાં તો શું, આફ્રિકા, વિલાયત, અમેરિકા વગેરે પરદેશમાં પણ આ વાત પહોંચી છે. નાઇરોબીમાં તો આપણું મુમુક્ષુમંડળ છે, મુમુક્ષુઓનાં ૬૦ ઘર છે. રોજ પૂજા, ભક્તિ, બે વખત શાસ્ત્રવાંચન, અહીંનાં ટેપ-પ્રવચન વગેરે કાર્યક્રમ નિયમિત ચાલે છે.

**'સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે.'**

દક્ષિણ ભારતમાં હૈદરાબાદ ને તેની આજુબાજુનાં ગામોમાં ભવ્યસાગર નામના એક દિગંબર મુનિ વિચરે છે. તેઓ જાલના ગામથી પોતાના એક પત્રમાં લખે છે કે — સ્વામીજી! આપનું પ્રવચનસાહિત્ય મેં વાંચ્યું. તેમાં સાચી દ્રવ્યદૃષ્ટિ અને મોક્ષમાર્ગની જે ચોખવટ કરી છે એવી ખુલ્લી ચોખવટ છેલ્લાં બસો વર્ષમાં કોઈએ કરી નથી. આવો માર્ગ જ નહોતો, બધા બહારના ક્રિયાકાંડની વાતો કરતા હતા, અંતરનું જ્ઞાન શું એ કોઈ જાણતું જ નહોતું. તેમને વ્યાખ્યાન સાંભળવા સોનગઢ આવવાની ભાવના છે, પરંતુ હમણાં તો અમારે વડોદરા, પાલેજ વગેરે તરફ વિહારમાં જવાનું છે. ભવિષ્યમાં યોગ બનવાનો હશે તો બનશે. બહારનું તો જે કાળે જે થવાનું હોય તે થાય.

**'નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે.'**

આ વાત સાંભળીને નાનાં બાળકો પણ પ્રશ્ન કરે છે. નાનાં નાનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાળકોને પણ અધ્યાત્મની આ ઊંડી વાતોમાં રસ પડે છે. હમણાં એક બાર વર્ષના બાળકે પ્રશ્ન કર્યો હતો કે 'કરી વૃત્તિ અખંડ સન્મુખ' એટલે શું? આ દેહ, વાણી ને મનથી જુદો અંદર અખંડ જ્ઞાયક ભગવાન આત્મા બિરાજે છે, તે અખંડ તત્ત્વ તરફ — જ્ઞાયક સન્મુખ અખંડ વૃત્તિ કરીને જિનેશ્વરભગવાનના મૂળ માર્ગને સાંભળો. અરેરે! અંદર જ્ઞાયક ભગવાન આત્મા શું છે એની સૂઝ પણ ન પડે, તો તેને સાધવાનો અંતરમાં પુરુષાર્થ તો ક્યાંથી કરે? અહીં બેન કહે છે કે આત્મજ્ઞાનની જે ચોખવટ સેંકડો વર્ષોમાં નહોતી થઈ તે બધી ચોખવટ અત્યારે નાનાં નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં થઈ છે, સાદી સરળ ભાષામાં મોક્ષમાર્ગના ખુલાસા થયા છે.

**'અદ્‌ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.'**

અદ્‌ભુત પ્રતાપ છે. અત્યારે લાભ લઈ લેવા જેવો છે. —એ, બેનના વિનયના શબ્દો છે.

——o——

## વચનામૃત — ૩૪૭

**મારે કાંઈ જોઈતું નથી, એક શાન્તિ જોઈએ છે, ક્યાંય શાન્તિ દેખાતી નથી. વિભાવમાં તો આકુળતા જ છે. અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં — એમ અનંત અનંત કાળ વીતી ગયો. હવે તો મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે. — આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે, પ્રતીતિ કરે, તો સાચી શાન્તિ મળ્યા વિના રહે નહિ. ૩૪૭.**

**'મારે કાંઈ જોઈતું નથી, એક શાન્તિ જોઈએ છે, ક્યાંય શાન્તિ દેખાતી નથી.'**

મારે બહારના કોઈ અનુકૂળ પદાર્થો જોઈતા નથી, સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે બાહ્ય નિમિત્તો પણ મેળવવાં નથી, તે સંબંધી શુભ રાગ પણ જોઈતો નથી, અરે! પરલક્ષી જે શાસ્ત્રજ્ઞાન તે પણ મારે જોઈતું નથી, માત્ર અંતરની સાચી શાન્તિ જોઈએ છે; ઇંદ્રિયોના વિષયોમાં કે શુભાશુભ વિભાવોમાં ક્યાંય શાન્તિ દેખાતી નથી. અંદર શાન્તિથી ભરેલો ત્રિકાળશુદ્ધ જ્ઞાયક ભગવાન છે તેના ઉપર નજર પડતી નથી. સાચી શાન્તિ બહારમાં ક્યાંય છે નહિ, અને અંતરમાં જ્યાં છે ત્યાં લક્ષ કરતો નથી, તો તે ક્યાંથી પ્રગટે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા અકષાય શાન્તરસથી છલોછલ ભરેલો મહાસાગર છે. અરે! એને ક્યાં માન-અપમાન, 'દુનિયા મને જાણે તો ઠીક' વગેરે લપ છે? દુનિયા મને જાણે કે ન જાણે તેમાં મને શો લાભ કે નુકસાન છે? જંગલમાં ખીલેલા ફૂલને શું કોઈ સૂંઘનાર મળે તો તેનામાં સુગંધ રહે અને સૂંઘનાર ન મળે તો સુગંધ વહી જાય? —એમ જેને આત્માની સાચી દૃષ્ટિ, જ્ઞાન ને અનુભૂતિ થઈ તે શું બીજા જાણે, કબૂલે તો રહે અને ન જાણે, ન કબૂલે તો ચાલી જાય? ફૂલ પોતાના સ્વભાવથી જ સુગંધી છે તેમ અતીન્દ્રિય આનંદ ને શાન્તિની સાધનારૂપે પરિણમેલો ભગવાન આત્મા પોતે જ આનંદ અને શાન્તિમય છે. જીવને શાન્તિ જોઈએ છે, પણ તેને ક્યાંય શાન્તિ નજરે પડતી નથી; કેમ કે જ્યાં શાન્તિનો સાગર ઊછળી રહ્યો છે એવા નિજ જ્ઞાયક પ્રભુમાં તેની નજર નથી.

**'વિભાવમાં તો આકુળતા જ છે.'**

શુભ અને અશુભ વિભાવભાવો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વને અશુચિ, વિપરીત, દુઃખ અને આગામી દુઃખનું કારણ કહ્યું છે. વિભાવભાવ પુદ્‌ગલકર્મના વિપાકમાં જોડાવાથી થતા હોવાથી તેઓ આત્માના સ્વભાવભાવ નથી. તેમાં ક્યાંય આત્મની શાન્તિ નથી, કેવળ આકુળતા જ છે.

**'અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં — એમ અનંત અનંત કાળ વીતી ગયો.'**

વેપારધંધાના પરિણામ, વિષય-કષાયના ભાવ — એ બધા અશુભ ભાવ છે. એમાંથી કંટાળીને પૂજા, ભક્તિ, સ્વાધ્યાય વગેરે શુભમાં આવે અને એમાંથી થાકીને પાછો અશુભમાં આવે — એમ કરતાં કરતાં અનંત કાળ ચાલ્યો ગયો. શ્રીમદ્‌ને પણ એમ થતું કે — અરે! એવો ઉપાધિજોગ આવે છે કે ધડ ઉપર માથું ન રહે. જીવે એ રીતે અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકી અશુભમાં — એમ વિભાવના ચક્રમાં જ અનંત કાળ વીતાવ્યો છે, ક્યારેય અંતર સ્વભાવની દૃષ્ટિ કરી નથી, તેથી તેને અંશે પણ સાચી શાંતિ પ્રાપ્ત થઈ નથી.

**'હવે તો મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે. — આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે, પ્રતીતિ કરે, તો સાચી શાન્તિ મળ્યા વિના રહે નહિ.'**

અરે! દુનિયા મને માને કે ન માને, દુનિયાની ગણતરીમાં હું ગણાઉં કે ન ગણાઉં, એ વાતનું મારે કાંઈ કામ નથી, મારે તો બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ તો ભગવાન જ્ઞાયક આત્મા શક્તિપણે શાશ્વતી શાન્તિનો ધ્રુવ પિંડ છે, પણ પર્યાયમાં અંદર પ્રગટપણે શાશ્વતી શાન્તિ જોઈએ છે. શુભાશુભ વિભાવભાવ તો અશાન્તિ છે, એ કાંઈ વિશ્રામસ્થાન નથી. એમાં તો થાક લાગે છે, કેમ કે તે આત્માનો સહજ શુદ્ધ ભાવ નથી. મારે તો અતીન્દ્રિય પરમ શાન્તિની શાશ્વતી ખાણ એવા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માના આલંબને પ્રગટ થતી કાયમી શાન્તિ જોઈએ છે.—આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને નિજ ભગવાન આત્માનું સ્વરૂપ કેવું છે તેની યથાર્થ ઓળખાણ કરે, રુચિ કરે, તો સાચી શાન્તિ અંતરમાંથી મળ્યા વિના રહે નહિ.

અરેરે! જિંદગી વહી જાય છે; તેમાં ઘણો કાળ તો પાપમાં ને પાપમાં જાય છે. દિવસરાત — બાવીસ બાવીસ કલાક — વેપારધંધા, ખાવાપીવા, ભોગ ભોગવવા ને ઊંઘમાં જાય; નવરો થઈ બે કલાક કદાચિત્ વ્યાખ્યાન સાંભળવા જાય તો ત્યાં પણ તેને કેવું સાંભળવાનું મળે? 'દયા પાળો, દાન કરો, વ્રત લો, યાત્રા કરો તો ધર્મ થશે' એમ બહારની ક્રિયા ને શુભ રાગના કર્તાપણાની સંસારવર્ધક ઊંધી વાતો સાંભળવાની મળે. કદાચિત્ સાચું સાંભળવાનું મળે તો ય ત્યાં શ્રવણના લક્ષે થોડું પુણ્ય થાય. તે અશુભમાંથી શુભમાં આવ્યો, પણ તેથી તેમાં કાંઈ આત્માની સાચી શાન્તિ નથી. મારે તો બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે એમ અંદરના ઊંડાણથી ભાવના પ્રગટ કરીને શાન્તિના શાશ્વત નિધાન એવા નિજ જ્ઞાયક ધ્રુવ તત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજે, તેની અંદરમાં પ્રતીતિ કરે તો સાચી શાન્તિ અવશ્ય મળે જ.

વેદનમાં આવનારી શાન્તિ તો પર્યાય છે. પણ તે પ્રગટે કઈ રીતે? જો સાચી શાન્તિની ઊંડાણથી ભાવના જાગ્રત કરી, પર્યાયની સમીપ અંતરમાં શાન્તિનું જે ધ્રુવ તળ પડ્યું છે તેની સાચી ઓળખાણ કરે, રુચિ કરે અને તેમાં એકાગ્રતા કરે તો પર્યાયમાં પણ અવિનાશી શાન્તિ પ્રાપ્ત થાય.

'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે', પણ ત્યાં ભાવનાનો અર્થ સમજે નહિ અને એની ધૂન ગાયા કરે તેથી કાંઈ કેવળજ્ઞાન ન થાય. આત્માનું યથાર્થ શુદ્ધ સ્વરૂપ સમજી, પ્રતીતિમાં લઈ, તેમાં એકાગ્રતાપૂર્વક ઠરી જવું તે 'આતમભાવના' છે; અને તેને ભાવતાં, તે-રૂપ પરિણમતાં સાધક સંતો કેવળજ્ઞાન પામે છે. અહીં 'ભાવના'નો અર્થ શુભ રાગ નથી, શુદ્ધોપયોગ છે.

શ્રી જયસેનાચાર્યદેવે પ્રવચનસારની ટીકામાં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને પણ સામાયિક કાળે શુદ્ધોપયોગરૂપ ભાવના આવે છે. જેને અંતરમાં સમતાનો પરિપૂર્ણ પિંડ એવો નિજ જ્ઞાયકદેવ દૃષ્ટિગત થયો છે ને તેના આલંબને અંશે વિશેષ સ્થિરતા પ્રગટ થઈ છે એવા જ્ઞાની શ્રાવકને સાચી સામાયિક હોય છે. જેને હજુ આત્મા શી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ છે, તેનો સમતાસ્વભાવ કેવો છે, તેનું ભાન નથી તેને — ભલે કલાકો સુધી સામાયિકની બાહ્ય ક્રિયામાં રોકાતો હોય તોપણ — સાચી સામાયિક કેવી? સામાયિકનો અર્થ છે સમતારૂપ પરિણમન. સ્વસન્મુખ દૃષ્ટિ થતાં અંતરમાં વિશેષ સ્થિરતા થઈને જે સમતાનો લાભ, વીતરાગતાનો લાભ થાય તેને ભગવાન સાચી સામાયિક કહે છે.

ભાઈ! વાડામાં તો હજી સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી ત્યાં સામાયિક ને પ્રોષધ ક્યાંથી આવ્યાં? ત્યાં તો શરીરની ક્રિયા ને શુભ રાગને સામાયિક મનાવે છે પણ તે માન્યતા તો મિથ્યાત્વ છે. કાયાની સરળતા, વચનની સરળતા ને મનની સરળતાનો ભાવ તો શુભ છે, તેનાથી તો શુભ નામકર્મ વગેરે પુણ્યપ્રકૃતિઓનો બંધ પડે છે. જે ભાવે બંધ પડે તે ભાવે ધર્મ થાય? ન થાય.

સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદસ્વામીએ તો ત્યાં સુધી કહ્યું છે કે — અરેરે! અમને અન્યને ઉપદેશ આપવાનો જે વિકલ્પ આવે તે પણ ખરેખર તો ઉન્માદ છે. અહો! એ વીતરાગી સંતોને અંતરમાં આત્મદર્શન, સ્વાનુભૂતિ અને સંયમપરિણતિજનિત વિશેષ શાન્તિ ને આનંદ પણ સતત વર્તે છે; તેઓ પણ કહે છે કે અમને જે આ બીજાને તત્ત્વ સમજાવવાનો વિકલ્પ ઊઠે છે તે રાગ છે. ઉન્માદ છે. રાગ છે તે રોગ છે, દુઃખ છે. આવા ભાવલિંગી સંતોને ઊઠતો ઉપદેશનો વિકલ્પ પણ ઉન્માદ છે, તો પછી જેને ઉપદેશના રાગનો રસ ચડી ગયો છે તેની તો વાત જ શી? એ તો રાગનો પ્રેમી મિથ્યાદૃષ્ટિ છે. અહો! આવી વાતો છે, બાપુ! માર્ગ કોઈ જુદો છે.

તત્ત્વાર્થસૂત્રના પહેલા અધ્યાયમાં 'सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत्' સૂત્ર આવ્યું છે. તેમાં જે 'ઉન્મત્ત' સાથે સરખામણી કરી છે તે મિથ્યાદૃષ્ટિની વિપરીતતા બતાવવા માટે છે. સમાધિશતકમાં જે 'ઉન્માદ' કહ્યો છે તે અસ્થિરતાજનિત ચારિત્રનો દોષ છે. હું બીજાને ઉપદેશ આપી તેનું કલ્યાણ કરી દઉં, બીજાને ઉપદેશ દઈએ એમાં અમને લાભ થશે વગેરે માન્યતા મિથ્યાત્વ છે. સમયસારના બંધ-અધિકારમાં સ્પષ્ટ કહ્યું છે કે — બીજો જીવ બંધ પામે કે મોક્ષ પામે એ તો તેના પોતાના પરિણામને લઈને છે, તેમાં તું શું કરી શકે? અહા! સાચી વસ્તુસ્થિતિ સમજાયા વિના સાચી શાન્તિ મળે નહિ. પરના કર્તાપણા રહિત તેમ જ શુભાશુભ વિભાવોથી પણ જુદો એવો જે શાન્તિનો સાગર નિજ જ્ઞાયક આત્મા તેને અંતરમાં ઓળખે, તેની યથાર્થ પ્રતીતિ કરે, તો સાચી શાશ્વતી શાન્તિ મળ્યા વિના રહે નહિ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન – ૧૩૨

૨૭-૧૦-૭૮

## વચનામૃત — ૩૪૮

રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે. રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે. પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે.

સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે — એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો. ૩૪૮.

'રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે.'

શું કહે છે? દેહાદિથી ને રાગાદિ વિભાવોથી ભિન્ન જે નિજ પરમાનંદપિંડ જ્ઞાયકભાવ તેને જેણે રુચિના પોસાણમાં ઉગ્રપણે લીધો તેને જ્ઞાયક તરફ વળવાનો પુરુષાર્થ સહજ લાગે અને જ્ઞાયક સ્વભાવની રુચિની મોળાશને કારણે અંતરમાં વળવાનો પુરુષાર્થ અઘરો લાગે. અંદર જ્ઞાયક સ્વભાવના યથાર્થ લક્ષ વિના, પર અને પર્યાયના લક્ષે 'હું પુરુષાર્થ કરીને આમ કરું ને તેમ કરું' — એ કાંઈ સાચો પુરુષાર્થ નથી, રાગનો પુરુષાર્થ છે. જ્ઞાયક દ્રવ્ય તો અનંત અનંત પુરુષાર્થનો પિંડ છે, તેની રુચિ-વાળાને જે અન્તર્મુખ પ્રયત્ન છે તે તો શક્તિના અનંતમા ભાગે છે. જેમ આત્મદ્રવ્યમાં જ્ઞાનાદિ અનંત ગુણોની સાથે એક પુરુષાર્થ નામનો ગુણ સહજ છે તેમ દ્રવ્યસ્વભાવની રુચિની ઉગ્રતામાં પણ કાર્યરૂપ પુરુષાર્થ સહજ છે. સ્વપરના ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાયકની યથાર્થ રુચિ અંતરમાં પ્રબળ હોય તો સ્વભાવ તરફના વલણનો પુરુષાર્થ સહેલો લાગે અને અંતરમાં પરમાનંદકંદ નિજ ભગવાન આત્માની રુચિનું જેને પોસાણ નથી અથવા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મંદ છે તેને સ્વભાવની સમજણ તથા તે તરફ વળવું અઘરું લાગે.

**‘રુચિ મંદ પડી જતાં આડેઅવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે.’**

વસ્તુસ્વભાવનું અંતરમાં પોસાણ એટલે કે રુચિ જો મોળી પડી જાય અથવા ત્યાંથી ખસી જાય તો તે આડઅવળે ચડી જાય, શુભ ને અશુભ ભાવમાં ચડી જાય. રુચિ જો બીજે ચડી જાય તો સ્વભાવ તરફ વળવું કઠણ લાગે અને રુચિની ઉગ્રતા કરી જે જીવ આડઅવળે નહિ જતાં સ્વભાવ તરફ વળવાનો પુરુષાર્થ કરે તેને સ્વભાવ સાધવો સહેલો લાગે. અહા ! આવી વાતો છે. અરે ! આ તે કઈ જાતનો માર્ગ છે ? ભાઈ ! આ તો વીતરાગનો માર્ગ છે; અનંત તીર્થંકરોએ જે કહ્યો છે તે આ જ માર્ગ છે.

પોતાના અનાદિનિધન ત્રિકાળશુદ્ધ જ્ઞાયક પ્રભુનો મહિમા ભૂલીને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના શુભ ભાવથી, પરલક્ષી શાસ્ત્રવાંચનથી કે અણુવ્રત-મહાવ્રતના બાહ્ય આચરણથી ધીમે ધીમે આત્માને લાભ થશે — એમ, સ્વભાવની રુચિ મંદ પડી જતાં અથવા રુચિ વિપરીત થઈ જતાં, જીવ જો આડેઅવળે ચડી જાય તો સ્વભાવ તરફ વલણનો પુરુષાર્થ અઘરો લાગે; અને જો રુચિ સ્વભાવ તરફ વાળે ને તેમાં વધારો થાય તો સ્વભાવ સાધવો સહેલો પડે, સ્વ તરફ વળવાનો પુરુષાર્થ સહેલો લાગે.

**‘પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે.’**

જીવ પોતે જો આળસ કરે, રુચિમાં કંટાળો લાવે, હતોત્સાહ થાય, પ્રમાદને કારણે વિચારશૂન્ય થઈ જાય તો સ્વભાવ સમજવો દુર્ગમ થઈ જાય અને જો પોતે સ્વભાવની સમજણ તથા રુચિનો અંદર ઉગ્ર પુરુષાર્થ કરે તો સ્વભાવને પામી જાય.

**‘બધેય પોતાનું જ કારણ છે.’**

સાધકદશા હો કે બાધકદશા હો, બંધમાર્ગ હો કે મોક્ષમાર્ગ હો, બધેય પોતાનું જ કારણ છે, તેમાં અન્ય કોઈ કારણ નથી. કર્મના ઉદયના કારણે વિકારી ભાવ થાય અને કર્મ ખસે તો વિકારી ભાવ મટી શુદ્ધતા પ્રગટે — એમ છે જ નહિ. વિકાર હો કે અવિકાર હો — બધેય પોતાનું જ કારણ છે. પોતાના ઊંધા પુરુષાર્થથી વિપરીત દશા થાય છે અને સવળા પુરુષાર્થથી સવળી દશા થાય છે. તેમાં કર્મના ઉદય કે ક્ષયાદિ નિમિત્ત હોવા છતાં કાર્ય તો પોતાના કારણથી — પોતાના પુરુષાર્થથી — જ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે — એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.'**

પોતાનો ત્રિકાળશુદ્ધ જ્ઞાયક આત્મા જ સુખનું ધામ છે, એ સિવાય બીજે ક્યાંય સુખ નથી. સુખ નથી શરીર, સ્ત્રી કે લક્ષ્મી આદિ સંયોગમાં તથા નથી દયા, દાન, ભક્તિ કે વ્રતાદિરૂપ રાગમય ક્ષણિક પરિણામમાં. જેને સાચું સુખ જોઈતું હોય, ધર્મ જોઈતો હોય, તેણે જેમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત આશ્ચર્યકારી નિધિ ભરપૂર ભરી પડી છે એવા નિજ ચૈતન્યપ્રભુ — જ્ઞાયક આત્મા — પ્રત્યે નજર કરવી પડશે.

જીવને દુઃખનું કારણ નિજ આત્મા વિષે અનાદિ ભ્રાન્તિ, અજ્ઞાન ને કષાયભાવ છે. તે વિભાવોનો નાશ કરવાથી દુઃખનો અભાવ અર્થાત્ સુખની પ્રાપ્તિ થાય છે. દુઃખનો નાશ તે 'નાસ્તિ'થી કથન છે, સુખની પ્રાપ્તિ તે 'અસ્તિ'થી કથન છે. જીવે અનાદિ કાળમાં ધર્મના નામે બધું કર્યું, અનંત વાર દિગંબર જૈન સાધુ થયો, પંચ મહાવ્રત પાળ્યાં, દુર્ધર અનુષ્ઠાન કર્યાં — 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ.' સુખનું ધામ, આશ્ચર્યકારી નિધાન આત્મા છે. તે શુભાશુભ રાગથી ભિન્ન છે. વર્તમાન એક સમયની પ્રગટ પરિણતિની સમીપ અંતરમાં જે આખું તત્ત્વ શક્તિભરપૂર પડ્યું છે તેના તરફ દૃષ્ટિ કરે, વારંવાર તેનો મહિમા લાવી અંતર્મુખ થવાનો પુરુષાર્થ કરે તો નિજ 'સ્વયંજ્યોતિ સુખધામ'ની પ્રાપ્તિ થાય.

ભાઈ ! આ રૂપાળું શરીર, રૂપાળી સ્ત્રી, પાંચ-પચાસ કરોડ રૂપિયા — એ કાંઈ આશ્ચર્યકારી ચીજ નથી, અરે ! પુણ્યપરિણામ પણ આશ્ચર્યકારી નથી; એ બધાં દુઃખનાં નિમિત્તો છે. આશ્ચર્યકારી અને સુખનું કારણ તો એકમાત્ર ભગવાન આત્મા છે. તેને બરાબર ઓળખી, તેનો વારંવાર મહિમા લાવી સ્વસન્મુખતાનો પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.

અંતરમાં અતીન્દ્રિય આનંદનો મહાસાગર ઊછળે છે પરંતુ, રાગ સાથે એકતા-બુદ્ધિ અને એક સમયની પર્યાયમાં પ્રેમને લઈને, તે સૂઝતો નથી. અંતર્મુખ દૃષ્ટિ કરી તે મહાસત્‌નો સ્વીકાર કરવાથી તેની પ્રગટ દશામાં જે અતીન્દ્રિય આનંદની અંશે ઝળક આવે તે સુખ છે. આ સાચા સુખ વિના બધા — શેઠિયાઓ, રાજાઓ, દેવો વગેરે — બિચારા દુઃખી છે.

પ્રશ્ન :— રાજાઓ વગેરે બધા બિચારા છે ?

ઉત્તર :— હા. શાસ્ત્રમાં તેમને 'वराकाः' કહ્યા છે. વરાકા એટલે કંગાળ, દીન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગરીબ, ભિખારી, તુચ્છ, માગણ. 'આ લાવો ને તે લાવો, પૈસા લાવો, બાયડી લાવો, આબરૂ લાવો, અમને બધા મોટા માને-એવું લાવો'—એમ પર વિષયના યાચક હોવાથી તેઓ ભિખારી છે. જેમાં કોઈ પણ બાહ્ય વસ્તુની યાચના નથી એવા આનંદ-ભરપૂર નિજ આત્માનો—સુખના આશ્ચર્યકારી ધામનો—વારંવાર મહિમા લાવીઅંતર્મુખ પુરુષાર્થ કરે તો અનાદિનું દાળદર તૂટી જાય, અતીન્દ્રિય શાશ્વત સુખની પ્રાપ્તિ થાય.

પ્રશ્ન :— અત્યારે પંચમ કાળમાં તો શુભ યોગ જ હોય ને?

ઉત્તર :— અરે ભાઈ! આ તું શું કહે છે? શું પંચમ કાળમાં શુભ યોગ જ હોય, ધર્મ ન હોય? નિજાનંદધામ જ્ઞાયક શુદ્ધ પ્રભુ શું શુભ યોગમાં મળતો હશે? ભગવાને તો એમ કહ્યું છે કે સમસ્ત શુભાશુભ વિભાવોથી રહિત એવા નિજ ત્રિકાળ-શુદ્ધ જ્ઞાયક પરમેશ્વરને લક્ષગત કરી અંતરમાં પરિણામ શુદ્ધ થઈને એકાગ્રતા થાય ત્યારે તેની પ્રાપ્તિ થાય છે. દ્રવ્યસંગ્રહની ૪૭મી ગાથામાં પણ એમ જ કહ્યું છે—'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि...' અર્થાત્ 'બે પ્રકારનો જે મોક્ષમાર્ગ તે ધ્યાનમાં પ્રાપ્ત થાય છે'. અંતરમાં આનંદધામ જ્ઞાયકપ્રભુની સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક તેમાં સ્થિરતાની ધૂન જામે—એકાગ્રતા પરિણમે—તે ધ્યાન છે, શુદ્ધ દશા છે, સંવર-નિર્જરા છે, મોક્ષનું સાધન છે. શુભ યોગ તો આસ્રવભાવ છે, બંધનું સાધન છે.

અહા! આવી વાતો છે. આ કોઈ બહારના ભણતર કે શાસ્ત્રજ્ઞાનથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. જેની દૃષ્ટિ બહિર્લક્ષી શાસ્ત્રજ્ઞાન પર છે તેને જેમ જેમ શાસ્ત્રજ્ઞાનનો ક્ષયોપશમ વધતો જાય તેમ તેમ અંદરમાં અહંપણું—અભિમાન વધતું જાય; કારણ કે અંતરનો સાચો 'અહં'—નિજ ચૈતન્ય જ્ઞાયક પ્રભુ—તેને દૃષ્ટિગત થયો નથી, તેનો મહિમા તેને ભાસ્યો નથી. ભગવાન જ્ઞાયકને તેણે રાગ સાથેની એકતામાં સંતાડી દીધો છે. અંતરમાં લક્ષ કરે તો અહા! આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. અંદર ધ્રુવ જ્ઞાયક સ્વભાવને ધ્યાનનું ધ્યેય, એકાગ્રતાનો વિષય બનાવવાથી વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદયુક્ત જે નિર્મળતા પ્રગટે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, અને ભૂમિકાનુસાર, વ્યવહાર-રત્નત્રયનો જે રાગ બાકી રહે તેને, નિમિત્ત તથા સહચર હોવાથી, ઉપચારથી વ્યવહાર-મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એ દ્વિવિધ મોક્ષમાર્ગ અંતર ધ્યાનમાં પ્રાપ્ત થાય છે, બહિર્લક્ષી શુભ યોગથી નહિ. માટે, સુખનું ધામ આત્મા છે, આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે—એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો.

—o—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વચનામૃત — ૩૪૯

ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ — કાંઈ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા! જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી, જે ઇચ્છે તે જેમને મળતું હતું, જન્મથી જ, જન્મ થયા પહેલાં પણ, ઇન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહીને આદરતા — એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી બાહ્ય ૠદ્ધિને છોડી, ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા તો તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને? માટે, હે જીવ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ — આત્મા — પ્રાપ્ત થશે. ૩૪૯.

**"ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ — કાંઈ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા!"**

શાન્તિનાથ, કુન્થુનાથ અને અરનાથ — એ ત્રણેય તીર્થંકર, ચક્રવર્તી ને કામદેવ — એમ ત્રણ પદવીના ધારક હતા. તેમને ૯૬ હજાર રાણીઓ, ૯૬ કરોડ પાયદળ વગેરે વૈભવોની કોઈ ખામી નહોતી. લોકોત્તર પુણ્યશાળી એવા તીર્થંકર, ચક્રવર્તી અને બળદેવ જેવા શલાકાપુરુષો પણ 'આ રાજ, આ વૈભવ, આ રાણીઓ — કાંઈ નથી જોઈતું' એમ સર્વ વિષયોથી ઉદાસીન વૃત્તિ કરી એકમાત્ર નિજ જ્ઞાયક આત્માની પૂર્ણ સાધના કરવાની ધૂને એકલા વનમાં ચાલી નીકળ્યા. અહા! જગતના ભૌતિક પદાર્થોનું આશ્ચર્ય તોડી અંતરમાં જવાનો ઉગ્ર પ્રયાસ કરવા માટે એકલા ચાલી નીકળ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તેમને અતીન્દ્રિય આનંદધામ એવો નિજ જ્ઞાયક આત્મા જગતના બધા પદાર્થો કરતાં વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે ને ?

જે મખમલની તળાઈમાં સૂતા, જેની સોળ સોળ હજાર દેવો સેવા કરતા; એ ચક્રવર્તી રાજા પણ બધું છોડીને આત્માની સાધના કરવા માટે વનમાં ચાલ્યા ગયા. સંસારની વિચિત્રતા તેમ જ અનેકપણાની અંતરથી ઉપેક્ષા કરીને આત્માનું અસંગ એકત્વ સાધવાની ધૂનમાં એકલા જંગલમાં ચાલી નીકળ્યા. પૂર્ણાનંદનો નાથ એવો નિજ અતીન્દ્રિય ચમત્કારી જ્ઞાયક ભગવાન અંદર દૃષ્ટિ અને જ્ઞાનમાં તો સતત વર્તે છે, પણ તેની પૂર્ણ સાધના માટે બહારનું બધું છોડીને એકલા ચાલી નીકળ્યા. અંદર અતીન્દ્રિય આનંદનો હિમપર્વત છે, તેમાંથી અતીન્દ્રિય આનંદનાં ઝરણાં વહે છે. તેની વિશેષ સાધના માટે ચાલી નીકળ્યા તો તેમને જગતના બધા પદાર્થો કરતાં નિજ આત્મા વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે ને ?

ચક્રવર્તીના નાના રાજકુમારોની વાત આવે છે. તેમને અંતરથી વૈરાગ્ય ઊછળ્યો છે, દીક્ષા લેવા માટે માતા પાસે રજા લેવા જાય છે. રજા માગતાં તેઓ માતાને વિનયપૂર્વક નમ્રતાથી કહે છે: હે આ શરીરની જણેતા ! અમને અમારો અતીન્દ્રિય આનંદનો સાગર — ભગવાન આત્મા જણાયો છે, હવે અમારે એમાં વિશેષ સ્થિર થવા માટે ચારિત્ર-ધર્મ અંગીકાર કરવો છે — જૈનેશ્વરી ભગવતી દીક્ષા લેવી છે, માટે તું અમને અમારા ઉજ્જવળ કાર્ય માટે ખુશી થઈને રજા આપ; અમારે અમારા આત્મામાં જવું છે, ત્યાં રમવું છે. માતા કહે છે: બેટા ! તમારી ઉંમર નાની છે; આરસના મહેલમાં રહેનારા ને મખમલની પથારીમાં શયન કરનારા તમે વનનાં એ ટાઢ-તડકા કઈ રીતે સહન કરશો ? માટે હમણાં થોડા વખત ખમી જાવ. દીકરાઓ કહે છે: અરે, માતા ! તું અમારા પ્રત્યેનો મોહ છોડ; અમે આજે જ દીક્ષા લઈશું અને કોલકરાર કરીએ છીએ કે હવે અમે બીજી માતાને નહિ રડાવીએ, તારે રડવું હોય તો રડી લે, અમે તો અતીન્દ્રિય આનંદના માર્ગે પ્રયાણ કરીને મુક્તિ પામશું, હવે અમે ભવ ધારણ નહિ કરીએ, બીજી જણેતા નહિ કરીએ.

અહા ! ૯૬ હજાર રાણીઓ છોડી વનમાં ચાલી નીકળ્યા તો તે ચક્રવર્તી રાજાને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે અને નિજ જ્ઞાયક આત્મા સર્વથી મહિમાવંત અને સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને ? અમારે તો અમારું આનંદનું ધામ જોઈએ છે — એમ એક નિજ આત્માની સાધના કરવાની ધૂને એકલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જંગલમાં ચાલી નીકળ્યા.

જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોનું ધામ એવો જે નિજ ભગવાન આત્મા તેની પૂર્ણ સાધના કરવાની ધૂને ચક્રવતી એકલા જંગલમાં ચાલી નીકળ્યા. તીર્થંકર ચક્રવતી હો કે એકલા ચક્રવતી હો, તેમને ૩૨ કવળનો આહાર હોય છે. તેમનો આહાર એટલો કસદાર હોય છે કે તેનો એક કવળ ૯૬ કરોડ પાયદળ પચાવી ન શકે. તે ભોજન કેવું હશે? એવા કીમતી ભોજન કરનાર પણ અંતરમાં આનંદના કવળ લેવા— અતીન્દ્રિય અમૃતના ઘૂંટડા લેવા એકલા જંગલમાં હાલી નીકળ્યા. અહા! એ વિસ્મયકારી આત્મા કેવો હશે?

**'જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી, જે ઇચ્છે તે જેમને મળતું હતું, જન્મથી જ, જન્મ થયા પહેલાં પણ, ઇન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહીને આદરતા—એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી બાહ્ય ઋદ્ધિને છોડી, ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા તો તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને?'**

ઊંચાં ઊંચાં ભોજન, અપ્સરા જેવી રૂપસુંદર રાણીઓ, સ્ફટિકરત્નના મહેલો વગેરે કોઈ વાતની જેમને ખામી નહોતી, જે ઇચ્છે તે જેમને અનાયાસ મળતું હતું, જન્મથી જ—જન્મ પહેલાં પણ—ઇન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમનું 'ભગવાન' કહીને બહુમાન કરતા—એવા સાતિશય પુણ્યના ધણી બધી બહારની ઋદ્ધિઓને છોડી, ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના સિંહ ને વાઘના વાસમાં આત્માનું ધ્યાન કરવા ચાલી નીકળ્યા તો તેમને આત્મા બધાથી મહિમાવંત, બધાથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને એ સિવાયનું બીજું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને!

અહીં તો શાતાની એક સગવડ ન હોય તો સારું ન લાગે. ભરત ચક્રવતી અરીસાભવનમાં હતા, તેમને બહારના વૈભવનો તો કોઈ પાર નહોતો, તે પણ આત્માનો આશ્ચર્યકારી આનંદ પૂર્ણપણે સાધવા બહારનું બધું છોડીને ચાલી નીકળ્યા. અહા! તેમને ભગવાન આત્માની જાત કેટલી ચમત્કારી લાગી હશે? અજ્ઞાન ટાળીને ચૈતન્યની અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત ઋદ્ધિઓથી ભરપૂર એવા જ્ઞાયક આત્માનું ભાન કરે તો ચૈતન્યના ચમત્કારની ખબર પડે. અહા! જેની આગળ ઇન્દ્રોનાં ઇન્દ્રાસન પણ અત્યન્ત તુચ્છ લાગે એવા ભગવાન આત્માની પૂર્ણ સાધના માટે, તેનો પૂર્ણ સ્વાદ લેવા માટે એકલા વનમાં ચાલી નીકળ્યા તો તેમને બહારના બધા સંયોગો કરતાં આત્મા મહિમાવંત, પુણ્યપાપના મહિમાથી પણ ભિન્ન, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું — અરે! શુભાશુભ વિભાવો પણ — તુચ્છ લાગ્યું હશે ત્યારે એ ચાલી નીકળ્યા હશે ને?

**'માટે, હે જીવ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર.'**

ભાઈ! તું વિચાર તો કર કે અંદર આત્મા શી વસ્તુ છે! દેહ, વાણી ને મનથી ભિન્ન અને પુણ્યપાપના વિભાવોથી રહિત અંતરમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોથી ભરેલો ત્રિકાળશુદ્ધ આત્મા કોઈ મહાન અદ્ભુત પદાર્થ છે. માટે, હે જીવ! આવા આશ્ચર્યકારી આત્માનો અપૂર્વ મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો ઉદ્યમ કર.

પ્રશ્ન :— 'તારા પોતાથી ઓળખાણ કર' એટલે શું?

ઉત્તર :— તું પોતે પોતાથી ઓળખાણ કર, ભગવાન બતાવી દે કે ગુરુ સમજાવી દે એમ નથી. દેવ-ગુરુ તો માત્ર બાહ્ય નિમિત્ત છે. ઓળખાણનું કામ તો પોતે જાતે કરવાનું છે. સમયસારમાં આચાર્યદેવે કહ્યું છે ને! — મારા જ્ઞાનના સમસ્ત વૈભવથી હું આ એકત્વવિભક્ત આત્માને દર્શાવીશ; તેને હે જીવ! તું પોતે જ પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરજે. સ્વસંવેદન જ્ઞાનથી સ્વને જાણી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર — એમ કહીને એ કહેવા માગે છે કે કોઈ વિકલ્પ, રાગ, વ્યવહાર કે નિમિત્તથી આત્માની ઓળખાણ થાય છે — એમ નથી. તું તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો અંતરમાં પુરુષાર્થ કર.

અહા! આ તો કોઈ અમૃતના — રતનના — ઢગલા પડયા છે આ પુસ્તકમાં. આ પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) તો કોઈ એવું બહાર આવી ગયું છે કે જેના એક-એક બોલમાં નિધાન ભર્યાં છે — મહિમાવંત આત્મતત્ત્વને પ્રસિદ્ધ કર્યું છે.

ભાઈ! આ શરીર, આબરૂ ને પૈસા તો કયાંય રહી ગયા પણ અંદરમાં ઊઠતા દેવ-શાસ્ત્ર-ગુરુ કે નવ તત્ત્વ સંબંધી શુભ વિકલ્પોનો પણ મહિમા છૂટી ગયો. ચક્રવર્તીના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાજની પણ વિસ્મયતા છૂટી ગઈ તે અહીં અંદર આત્મામાં કોઈ આશ્ચર્યકારી અદ્‌ભુતતા લાગી હશે તો છૂટી હશે ને? સ્વભાવનું ખેંચાણ થયું હશે, તો બાહ્ય વૈભવ ને વિભાવથી ખેંચાણ છૂટયું હશે ને? અંતરમાં ભગવાન આત્માનું સમ્યગ્દર્શન થતાં અનંત આનંદનો મહિમા તેને પર્યાયમાં પ્રગટ ભાસે છે.

'સર્વગુણાંશ તે સમકિત' કહ્યું છે ને? સંખ્યાએ જ્ઞાનાદિ અનંત અનંત ગુણોનો સ્વામી એવા નિજ જ્ઞાયક ભગવાન આત્માને, વિકલ્પ તોડીને, ધ્યાનમાં લેતાં— સ્વરૂપમાં ઠરતાં — પર્યાયમાં સમ્યગ્દર્શનની જે નિર્મળતા પ્રગટે છે તેમાં બધા ગુણોનો — દરેક ગુણનો — યથાસંભવ નિર્મળ અંશ વ્યક્તપણે — પ્રગટપણે વેદનમાં આવે છે. ભલે તેને બધા ગુણોનાં નામ ન આવડતાં હોય, બધા ગુણોનાં નામ ભાષામાં હોય પણ નહિ, તોપણ તેમનું સંવેદન તો થાય છે જ.

અહો! અનંતનો અનંત સાથે ગુણાકાર કરો તોપણ સંખ્યા-અપેક્ષાએ જેમની અનંતતાને પહોંચાતું નથી એવા આકાશપ્રદેશો કરતાં પણ જેનામાં અનંતગણા ગુણો છે એવા નિજ જ્ઞાયક ભગવાનનો અંતરમાં પત્તો મેળવવા જાય છે ત્યાં આત્માનો અદ્‌ભુત મહિમા ભાસવાથી વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ દશા થઈ જાય છે — અતીન્દ્રિય આનંદની સરવાણી શરૂ થઈ જાય છે. માટે, હે જીવ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો અપૂર્વ પુરુષાર્થ કર.

**'તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ — આત્મા — પ્રાપ્ત થશે.'**

શુભ રાગના સૂક્ષ્મ વિકલ્પથી માંડીને આખું ચક્રવર્તીનું રાજ્ય — એ બધુંય મારું નથી, મારામાં નથી, હું તેમનો સ્વામી નથી, હું તો તેમનાથી અત્યંત ભિન્ન કેવળ જ્ઞાતા જ છું, એમ અંતરમાં ઓળખાણ કરીને તું શ્રદ્ધા-અપેક્ષાએ તો બહારનું બધું છોડ. પ્રથમ શ્રદ્ધા-અપેક્ષાએ છૂટે, પછી સ્વરૂપમાં વિશેષ રમણતા વધતાં સ્થિરતા-અપેક્ષાએ છૂટે. નીચલી ભૂમિકામાં નબળાઈને લીધે આસક્તિ ન છૂટી શકે તો પ્રથમ શ્રદ્ધા-અપેક્ષાએ તો બહારનું બધું છોડ! બહારનું લક્ષ, બહારની રુચિ છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ — નિજ જ્ઞાયક આત્મા — પ્રાપ્ત થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ કે અન્ય કોઈ પ્રકારના રાગનો મને આદર નથી, અરે! જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ મારો નથી, ત્રણ લોકનો નાથ એવો જે પરમાનંદકંદ નિજ જ્ઞાયકદેવ તે સિવાય અન્ય કોઈનો — અરે! ભગવાનની ભક્તિનો પણ — મને પરમાર્થે આદર નથી. શ્રદ્ધા-અપેક્ષાએ આ બધું છૂટી ગયું હોવા છતાં સમ્યગ્દષ્ટિને ષોડશકારણભાવના, પંચ મહાવ્રતની ભાવના વગેરેના વિકલ્પ આવે, કેમ કે હજી અસ્થિરતાનો રાગ છે ને? સ્થિરતા-અપેક્ષાએ છૂટતાં વાર લાગે — બહારનું બધું ન છોડી શકે — તો, 'એ શુભ રાગથી માંડીને ચક્રવર્તીના વૈભવ — એ બહારનું બધું મારું નથી, માત્ર અતીન્દ્રિય આનંદનો નાથ જે નિજ જ્ઞાયકદેવ તે જ મારો છે' એમ શ્રદ્ધામાં તો બહારનું બધું છોડ. સ્થિરતા-અપેક્ષાએ છોડવાનું ન થઈ શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ! નબળાઈને કારણે સ્થિરતા-અપેક્ષાએ બહારનું બધું છોડવાની શક્તિ ન હોય તો શ્રદ્ધા-અપેક્ષાએ છોડનારને અનુક્રમે સ્થિરતાનો પુરુષાર્થ પ્રગટ કરીને અજર-અમર પદની — મોક્ષની — પ્રાપ્તિ થાય છે. દર્શનપ્રાભૃતમાં કહ્યું છે ને! —

થઈ જે શકે કરવું અને નવ થઈ શકે તે શ્રદ્ધવું;
સમ્યક્ત્વ શ્રદ્ધાવંતને સર્વજ્ઞ જિનદેવે કહ્યું.

સ્થિરતા-અપેક્ષાએ રાગાદિ ભાવો જો ન છૂટી શકતા હોય તો 'તે ભાવો છોડવાયોગ્ય છે' એમ શ્રદ્ધા તો પાકી કર; કેમ કે સર્વજ્ઞ જિનદેવે શ્રદ્ધાવંતને સમ્યક્ત્વ — મોક્ષમહેલનું પ્રથમ સોપાન — કહ્યું છે.

છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ — આત્મા — પ્રાપ્ત થશે. ગમે તે પ્રકારનો વિકલ્પ હોય તેને શ્રદ્ધામાંથી છોડ, તેને છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો તને અંદરથી ભગવાન આત્મા — તારો જ્ઞાયક પરમાત્મા — પ્રાપ્ત થશે. સ્તવનમાં આવે છે ને! —

લાગી લગન હમારી, જિનરાજ સુજસ સુન્યો મેં; લાગી૦
કાહૂકે કહે કબહૂં નહીં છૂટે, લોક લાજ સાબ ડારી;
જૈસે અમલી અમલ કરત સમે, લાગ રહી જ્યું ખુમારી. જિન૦

અફીણ પીનારને જેમ કસૂંબાનો કેફ ચડી જાય છે તેમ અમને, અમારો જ્ઞાયકદેવ જોવાથી, તેનો સુજસ સાંભળવાથી, તેની લગની લાગવાથી અંતરમાં ખુમારી ચડી ગઈ છે. 'કાહૂકે કહે કબહૂં નહીં છૂટે, લોક લાજ સબ ડારી'; દુનિયા શું કહેશે, એ એના ઘરે રહી; તું શ્રદ્ધામાંથી શુભ રાગથી માંડીને બધું છોડ, અરે! નિર્મળ પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ અંશ છે, તેના લક્ષે પણ વિકલ્પ ઊઠે છે, માટે તેનો આશ્રય પણ શ્રદ્ધામાંથી છોડ. શ્રદ્ધા તો કેવળ ત્રિકાળશુદ્ધ અભેદ જ્ઞાયકસામાન્યને જ સ્વીકારે છે. તે અપેક્ષાએ તું બધાંને — આ શરીર, વાણી આદિ પર તે હું નહિ, રાગાદિ વિભાવ તે હું નહિ, જ્ઞાનનો ક્ષયોપશમભાવ તે હું નહિ, એક સમયનો જે પર્યાય એટલો હું નહિ એમ બધાંને — છોડ. શ્રદ્ધા તો ત્રિકાળી જ્ઞાયકને જ સ્વીકારે છે. સંપ્રદાયની દૃષ્ટિવાળાને આ બધું આકરું પડે, પણ એ દૃષ્ટિ તો અનાદિની છે. અહીં તો કહે છે કે — તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ — પરમાનંદપિંડ જ્ઞાયક આત્મા — પ્રાપ્ત થશે.

દેવ-શાસ્ત્ર ગુરુનો મહિમા અપાર છે. અંતરમાં શુદ્ધાત્માનો મહિમા લાવીને ધ્યેય એનું જ રાખવું; નિરંતર એનું જ ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરવો. એ જ કરવાનું છે. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે. પણ લાલપીળા ફૂલની છાયામાં તે લાલપીળો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો (લાલપીળો) થયો નથી; તેમ ચૈતન્ય પદાર્થ સ્વભાવે નિર્મળ છે પણ તેની પરિણતિમાં કલેશની કાલિમાને લઈને અનેક જાતના વિભાવો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો થઈ ગયો નથી, અંતરમાં દૃષ્ટિ કરે તો શુદ્ધ છે. માટે શુદ્ધાત્મા પર દૃષ્ટિ કરી, એની જ લગની લગાતાર લાગે તો એ નિર્વિકલ્પ તત્ત્વ — સ્વાનુભૂતિ — પ્રાપ્ત થયા વગર રહે જ નહિ. ગુરુદેવે સ્વાનુભૂતિની વાત પ્રગટ કરીને આખા ભારતના જીવોને જગાડયા છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૩૩

તા. ૨૮-૧૦-૭૮

## વચનામૃત — ૩૫૦

જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી અને 'પોતે જ્ઞાન તેમ જ ક્રિયા બન્ને કરે છે' એમ ભ્રમણા સેવે છે. બાહ્ય જ્ઞાનને, ભંગ-ભેદનાં પલાખાંને, ધારણાજ્ઞાનને તેઓ 'જ્ઞાન' માને છે અને પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગને, શરીરાદિની ક્રિયાને, અથવા બહુ તો શુભભાવને, તેઓ 'ક્રિયા' કલ્પે છે. 'મને આટલું આવડે છે, હું આવી આકરી ક્રિયાઓ કરું છું' એમ તેઓ ખોટી હૂંફમાં રહે છે.

જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ અને જ્ઞાયકના દૃઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ. પૌદ્ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે? જડનાં કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડનાં કાર્ય કદી ન થાય. 'શરીરાદિનાં કાર્ય તે મારાં નહિ અને વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ, હું તો જ્ઞાયક છું'—આવી સાધકની પરિણતિ હોય છે. સાચા મોક્ષાર્થીને પણ પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ. ભલે પ્રથમ સવિકલ્પપણે હો, પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ. પછી જલદી અંતરનો પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય, મોડો કરે તો મોડું થાય. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી, સ્થિરતા વધારતાં વધારતાં, જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે.—આ વિધિ સિવાય મોક્ષ પ્રાપ્ત કરવાની અન્ય કોઈ વિધિ નથી. ૩૫૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“જીવોને જ્ઞાન ને ક્રિયાના સ્વરૂપની ખબર નથી અને ‘પોતે જ્ઞાન તેમ જ ક્રિયા બન્ને કરે છે’ એમ ભ્રમણા સેવે છે.”**

અજ્ઞાની જીવોને જ્ઞાનનું સ્વરૂપ શું ને ક્રિયાનું સ્વરૂપ શું—તેની ખબર નથી અને બહિર્લક્ષી શાસ્ત્રનાં જાણપણાંને અને રાગની ક્રિયાને ધર્મ માને છે, તે એમની ભ્રમણા છે.

**“બાહ્ય જ્ઞાનને, ભંગભેદનાં પલાખાંને, ધારણાજ્ઞાનને તેઓ ‘જ્ઞાન’ માને છે અને પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગને, શરીરાદિની ક્રિયાને, અથવા બહુ તો શુભભાવને, તેઓ ‘ક્રિયા’ કલ્પે છે.**

બાહ્ય જ્ઞાન એટલે શાસ્ત્રોનું જ્ઞાન, શબ્દજ્ઞાન; ભંગભેદનાં પલાખાં એટલે ગતિ-આગતિના બોલ, જીવસ્થાન-ગુણસ્થાન-માર્ગણાસ્થાન વગેરે ભંગભેદના ગડિયા ગોખી જવા; ધારણાજ્ઞાન એટલે એ ભંગભેદનાં પલાખાંને મગજમાં ધારી રાખવાં તે. આવા બહિર્લક્ષી જ્ઞાનને અજ્ઞાની જીવો ‘જ્ઞાન’ માને છે અને સ્ત્રી-પુત્ર-લક્ષ્મી આદિ પરદ્રવ્યના ત્યાગને ને દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પરદ્રવ્યના ગ્રહણને, મન-વચન-કાયાની ક્રિયાને, અથવા બહુ તો અંદરમાં થતા શુભભાવને તેઓ ‘ક્રિયા’ કલ્પે છે—માને છે. સમયસારના બંધ અધિકારમાં કહ્યું છે ને—આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે, જીવ આદિ નવ પદાર્થો દર્શન છે અને છ જીવનિકાય ચારિત્ર છે—આ પ્રમાણે વ્યવહાર છે. અજ્ઞાની જીવ શુભાશુભ કર્મથી છૂટવાના હેતુરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (નિશ્ચય) ધર્મને શ્રદ્ધતો, જાણતો, અનુભવતો નથી, પરંતુ ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ (વ્યવહાર) ધર્મને જ શ્રદ્ધે-જાણે-અનુભવે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી નવમી ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી.

**“‘મને આટલું આવડે છે, હું આવી આકરી ક્રિયાઓ કરું છું’ એમ તેઓ ખોટી ફૂંકમાં રહે છે.”**

અજ્ઞાની જીવોને કેટલાકને તો વાંચવું-વિચારવું વગેરે પરલક્ષે હોય છે. ઊંડાણમાં તો તેમને એમ હોય છે કે કોક પૂછે તો તરત તેનો જવાબ દેતાં આવડે, ઉપદેશ દેતાં આવડે, સભાને રંજિત કરતાં આવડે. અરેરે! જીવ ક્યાંક ને ક્યાંક રોકાઈ જાય છે ને! મને આટલું તો આવડે છે ને? બીજાને ક્યાં આવડે છે? કોઈ પૂછે તો ‘આમ છે ને તેમ છે’ એમ ફટ દઈને જવાબ આપતાં મને આવડે છે, હું આવી વ્રત-ઉપવાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરેની આકરી ક્રિયા કરું છું — એમ બાહ્ય જ્ઞાનમાં ને શુભની ક્રિયામાં જ્ઞાન ને ચારિત્ર માનીને ખોટી હૂંફમાં રહે છે, આત્માશ્રિત પ્રગટ થતું જે વાસ્તવિક જ્ઞાન ને ચારિત્ર તેની તેને ખબર નથી, અને 'પોતે જ્ઞાન ને ક્રિયા બંને કરે છે' એમ ભ્રમણા સેવે છે.

**"જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ અને જ્ઞાયકના દૃઢ આલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ."**

દેહાદિક પર ને રાગાદિ વિભાવથી ભિન્ન ત્રિકાળશુદ્ધ પરમાનંદકંદ નિજ જ્ઞાયકની જે સ્વાનુભૂતિ — યથાર્થ શ્રદ્ધા ને જ્ઞાનપૂર્વક જ્ઞાયકનો અનુભવ — તેના વિના 'જ્ઞાન' હોય નહિ; અને જ્ઞાયના દૃઢ આલંબને પોતાનો આત્મા સ્વભાવરૂપે પરિણમીને જે સ્વરૂપરમણતારૂપ સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' અર્થાત્ ચારિત્ર છે નહિ. હજુ તો જ્ઞાન ને ક્રિયા કોને કહેવી એ પણ જીવોને ખબર નથી. પં. રાજમલજીએ સમયસાર-કલશટીકામાં કહ્યું છે: 'અજીવ પદાર્થને — પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને — અને સંસારી જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી, અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, તેથી તેમને 'સાર'પણું ઘટતું નથી. શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં — અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.' જ્ઞાન ક્યારે હોય ને સુખ ક્યારે હોય? તો કહે છે કે 'ધર્માસ્તિકાય છે, અધર્માસ્તિકાય છે, આકાશ છે, કાળ છે, છ કાયના જીવો છે, પુદ્‌ગલના સ્કંધો છે' એમ પરને જાણતાં — પરલક્ષી જ્ઞાનથી — જાણનહારને કાંઈ જ્ઞાન ને સુખ નથી, પણ અંતરમાં ભગવાન જ્ઞાયક આત્મા સ્વભાવથી જ જ્ઞાન અને સુખ છે એમ સ્વાનુભૂતિ થાય તે જ 'જ્ઞાન' છે અને સ્વાનુભૂતિ થતાં સાથે જે નિરાકુળ આહ્‌લાદ પ્રગટે તે જ 'સુખ' છે. ભલે અગિયાર અંગ ભણી જાય, સમયસાર આદિ બધાં શાસ્ત્રો કંઠસ્થ કરી જાય પણ એ પરલક્ષી જાણપણું તે 'જ્ઞાન' નથી. પરલક્ષી જાણપણામાં જેમ 'જ્ઞાન' નથી તેમ સુખ પણ નથી. જ્ઞાનાનંદસ્વભાવથી ભરેલા નિજ જ્ઞાયક દરિયાની સન્મુખ થઈ તેની જે સ્વાનુભૂતિ — સ્વ એટલે જ્ઞાયક, તેને અનુસરીને, તેના આશ્રયે અનુભવ — થાય તેને 'જ્ઞાન' કહેવામાં આવે છે.

અરેરે! જીવ ક્યાં ને ક્યાં અટકે છે! જરીક શાસ્ત્રનું જાણપણું થયું ત્યાં 'મને કાંઈક આવડે છે, હું બીજા કરતાં કાંઈક જાણું છું' એમ જાણપણાના અભિમાનમાં અટકી ગયો. ભાઈ! એ પરસત્તાવલંબી ધારણા તે જ્ઞાન નથી, પણ અંતરમાં ચૈતન્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રસકંદ નિજ જ્ઞાયકને અવલંબીને જે આનંદઝરતી સ્વાનુભૂતિ થાય તે 'જ્ઞાન' છે. ખરેખર તો બહુધા એવી વાત છે કે જેને સ્વસન્મુખ થઈને નિજ ચૈતન્યમૂર્તિનું જ્ઞાન નથી તેને જેટલો પરસંબંધી જ્ઞાનનો ક્ષયોપશમ ખીલે એટલું 'મને ઘણું આવડે છે' એવું અભિમાન ખીલે છે.

આત્મા સર્વજ્ઞસ્વભાવી છે, 'જ્ઞ'સ્વરૂપી ભગવાન આત્માની સન્મુખ થઈ, રાગની તેમ જ શાસ્ત્રભણતરની સાથે પણ એકતા તોડીને જે સ્વાનુભૂતિ થાય તેને ભગવાન 'જ્ઞાન' કહે છે. અહા! આવી વાતો છે, માર્ગ કોઈ જુદી જાતનો છે! 'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયો', અગિયાર અંગ ને નવ પૂર્વની લબ્ધિ થઈ, પણ તે કાંઈ 'જ્ઞાન' નથી. જે જ્ઞાનમાં આનંદરસબસતી સ્વાનુભૂતિ ન થાય તેને 'જ્ઞાન' કોણ કહે? તે પરલક્ષી જ્ઞાન ભવને છેદે નહિ. ભણતરના જ્ઞાનથી પણ વિમુખ થઈ અંદર સ્વભાવસન્મુખ થઈ જે સ્વાનુભવ થાય તે જ 'જ્ઞાન' છે, બાકી બૂરું અજ્ઞાન છે.

જેમ જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના જે જ્ઞેયસત્તાવલંબી બહિર્લક્ષી ઉઘાડ તે 'જ્ઞાન' નથી તેમ જ્ઞાયકના દૃઢ અવલંબને આત્મદ્રવ્ય સ્વભાવરૂપે પરિણમીને જે સ્વભાવભૂત ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ. 'ज्ञानक्रियाभ्यां मोक्षः' આવે છે ને? ત્યાં જ્ઞાન ને ક્રિયા કોને કહેવાં તે વાત અહીં ચાલે છે. શાસ્ત્રોની બહિર્લક્ષી ધારણા તે 'જ્ઞાન' નથી અને જ્ઞાયકના ભાન ને રમણતા વિનાનાં દયા-દાન, વ્રત-તપ કે ભક્તિની ક્રિયા તે 'ક્રિયા' નથી. સં. ૧૯૯૦ માં સંપ્રદાયના એક સાધુએ પૂછ્યું હતું: જ્ઞાન ને ક્રિયાનો શો અર્થ છે? દેહાદિ ને રાગાદિથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ નિજ આત્માનો બોધ તે 'જ્ઞાન' અને આત્માના આલંબને જે સ્વરૂપરમણતા થાય તે 'ક્રિયા' છે, આ દયા-દાન આદિ શુભ રાગના પરિણામ કે બહારની ચર્યા તે કાંઈ 'ક્રિયા' નથી. જવાબ સાંભળીને તે સાધુ આશ્ચર્યમાં પડી ગયા અને બોલ્યા: આવો અર્થ અમે ક્યાંય કદી સાંભળ્યો નથી, પણ તમે કહ્યો એ જ અર્થ સાચો લાગે છે. તેમણે એમ પણ કહ્યું: શાસ્ત્રમાં જિનપ્રતિમા છે, પણ અમારી જિંદગી શંકામાં ગઈ, સંપ્રદાયમાં સપડાઈ ગયા. 'जेहिं वासे वसइ णरो, जेहिं कुले समुप्पण्णो......अण्णोण्णं अणुमण्णइ।' — જે કુળે જન્મ્યો અને જે વાસે — સંપ્રદાયમાં — વસ્યો તેનું જીવ માને છે, અન્યોન્ય પુષ્ટિ કરે છે, સત્ય શું છે તેની ખબર કે શોધ નથી.

હવે તો ઘણાને લાગ્યું છે કે સોનગઢમાં કોઈ જુદી વાત ચાલે છે. હા, બાપુ! જગતમાં બીજે ચાલે છે તેના કરતાં આ વાત જુદી છે. દુનિયામાં શું ચાલે છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધી ખબર છે. જૈનના બધા સંપ્રદાયોમાં તો એમ ચાલે છે કે — છ કાયના જીવને જાણવા તે 'જ્ઞાન' અને તેમની દયા પાળવી તે 'ક્રિયા'; ભાઈ! લોકો માને છે તે 'જ્ઞાન' ને 'ક્રિયા' નથી, પરલક્ષી શાસ્ત્રજ્ઞાનથી પણ વિમુખ થઈ અંતરમાં પૂર્ણાનંદકંદ ચૈતન્ય જ્ઞાયક પ્રભુની સન્મુખ જવાથી જે અતીન્દ્રિય આનંદયુક્ત સ્વાનુભવ થાય તેને 'જ્ઞાન' કહીએ અને ચૈતન્ય જ્ઞાયક પ્રભુના દૃઢ અવલંબને જે સ્વરૂપસ્થિરતારૂપ પરિણમન થાય તેને 'ક્રિયા' કહીએ, એ સિવાય બહારમાં કે શુભભાવમાં 'જ્ઞાન' ને 'ક્રિયા' નથી.

**'પૌદ્ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે?'**

ભગવાનની પૂજા, ગુરુની સેવા, સામાયિક, પ્રતિક્રમણ, તીર્થયાત્રા, ઉપવાસ, વંદનામાં ખમાસણાં દેવાં વગેરેમાં થતા શરીર કે વાણીની ક્રિયા તો પુદ્ગલની અવસ્થા છે. તેને આત્મા ક્યાં કરી શકે છે? આત્મા માત્ર પોતાના અશુભ, શુભ કે શુદ્ધ પરિણામ કરી શકે, પરંતુ કાંઈ ન કરી શકે. પૂજામાં ઊભા રહેવું, યાત્રા કે વિહારમાં ચાલવું, ઉપદેશમાં વાણી બોલવી વગેરે જડની ક્રિયા આત્મા કદાપિ કરી શકતો નથી, પણ 'શરીર ને વાણીની ક્રિયા હું કરું છું' એવી જીવને ભ્રાન્તિ છે અને તે જ સંસાર-પરિભ્રમણનું કારણ છે.

**'જડનાં કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડનાં કાર્ય કદી ન થાય.'**

ભાષારૂપે તો શબ્દવર્ગણાના પુદ્ગલો પરિણમે છે, આત્મા ઉપદેશની ભાષા કરી શકતો નથી. પરના કર્તાપણાના અભિમાની જીવો અંતરમાં 'અમે ઉપદેશ આપીને ઘણાને સમજાવ્યા, ન્યાયાલયમાં દલીલો કરીને ન્યાયાધીશને સમજાવ્યા, જાહેરભાષણો આપીને જનજાગૃતિનાં ઘણાં કામ કર્યાં' એમ અહંકાર સેવે, પણ ભાઈ! પરના કર્તૃત્વનું એ બધું અભિમાન તો મિથ્યાત્વનું મહાપાપ છે. ભાષારૂપ જડનાં કાર્યે તો જડ પરિણમે છે, એમાં તેં શું કર્યું? તેં તો કર્તાપણાનું અભિમાન કર્યું. આત્મા જડનાં કાર્ય કદી કરી શકતો નથી.

પ્રશ્ન :— રોટલીના ટુકડા કોણ કરે?

ઉત્તર :— પરમાં આત્મા કાંઈ પણ કરી શકે એ વાત બિલકુલ હરામ છે. રોટલીના કકડા થવારૂપ કાર્યપણે રોટલીના પુદ્ગલો પરિણમે છે, આત્મા નહિ. આંખની પાંપણ ચલાવવી તે પણ આત્માના હાથની વાત નથી, કેમ કે તે અજીવ પદાર્થ કાંઈ કાર્ય વિનાનો નથી, પોતાના પરિણમનરૂપ કાર્ય તે પોતે જ કરે છે, તેમાં આત્મા કાંઈ ન કરી શકે. આત્મા પોતાના પરિણામ સિવાય બીજું કાંઈ કરી શકતો નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**" 'શરીરાદિનાં કાર્ય તે મારાં નહિ અને વિભાવકાર્યો પણ સ્વરૂપ-પરિણતિ નહિ, હું તો જ્ઞાયક છું' — આવી સાધકની પરિણતિ હોય છે."**

દયા, દાન, વ્રત, તપ ને ઈર્યા આદિ સમિતિ વગેરેમાં જે બહારની ક્રિયા છે તે શરીરની છે, આત્માની નથી; અને ભક્તિ, પૂજા, ધૂન, ઉપદેશ વગેરેમાં જે વચનોચ્ચાર છે તે ક્રિયા શબ્દવર્ગણાની છે, આત્મા શબ્દવર્ગણાને ભાષારૂપ કરી શકતો નથી; તથા દયા, દાન, કે પૂજા, ભક્તિ વગેરે પ્રસંગે અંતરમાં જે શુભ ભાવ છે તે જીવનું વિભાવ-કાર્ય છે, સ્વરૂપપરિણતિ નથી. આત્મા તો પર તેમ જ પરનાં કાર્યોથી તથા પોતાના શુભાશુભ વિભાવોથી ભિન્ન કેવળ જ્ઞાયક જ છે. ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયકતત્ત્વની અંતરમાં સમ્યક્ શ્રદ્ધા ને જ્ઞાનપૂર્વક રમણતારૂપ દશા તે સ્વરૂપપરિણતિ છે. સાધક જીવને આવી સ્વરૂપપરિણતિ સતત ધારાવાહી હોય છે.

વંદના, નમસ્કાર, ખમાસણાં દેવાં વગેરે શરીરની ક્રિયા તો પુદ્‌ગલદ્રવ્યની પરિણતિ છે, તેને અશરીરી જ્ઞાનસ્વરૂપ આત્મા કઈ રીતે કરે? આત્મા પુદ્‌ગલ કે તેની ક્રિયાને સ્પર્શતો પણ નથી. સમયસારની ત્રીજી ગાથાની ટીકામાં કહ્યું છે: જીવ-પુદ્‌ગલાદિ ષટ્-દ્રવ્યસ્વરૂપ લોકમાં જે કોઈ જેટલા પદાર્થો છે તે બધાય પોતપોતાના ગુણ-પર્યાયોરૂપ ધર્મોને ચુંબે છે પણ પરસ્પર એકબીજાને ચુંબતા નથી. રજકણે રજકણ એકબીજાને સ્પર્શતો નથી તો આત્મા શરીરને કે તેની ક્રિયાને કઈ રીતે સ્પર્શે? આત્મા શરીર કે વાણીની ક્રિયાનો તો કર્તા નથી જ, પણ પોતાને અંદરમાં જે શુભાશુભ વિકલ્પો ઊઠે છે તે પણ વિભાવપરિણતિ છે, સ્વરૂપપરિણતિ નહિ. શુભ અને અશુભ બંને ભાવ વિભાવરૂપ ચંડાલણીના પુત્રો છે. અહા! વાત જરા ઝીણી છે, માર્ગ કોઈ જુદો છે, ભાઈ! આ એક વાક્યમાં ઘણા ઊંડા ભાવ છે. તે સમજવા જેવા છે.

જેમ જોઈને ચાલવું, વિચારીને બોલવું વગેરે જડનાં કાર્ય જીવનાં નથી, તેમ તેના લક્ષે થતાં વિભાવકાર્યો પણ આત્માની સ્વરૂપપરિણતિ નથી, આત્મા તો કેવળ જ્ઞાયકચંદ્ર — જ્ઞાયકસૂર્ય છે, માત્ર દેખનાર-જાણનાર છે. જ્ઞાયક જગતની ચીજોનો — પર જ્ઞેયોનો — જાણનાર હોવા છતાં જ્ઞાન — જાણરૂપ પરિણમન — જ્ઞેયનું નથી, જ્ઞાતાનું છે. જ્ઞાનીને ભૂમિકાનુસાર દયા, દાનાદિની વિભાવપરિણતિ હોય છે પણ તે તેને હેય તરીકે જાણે છે, તે વિભાવપરિણતિ જીવનો સ્વભાવ નથી. પૂર્ણાનંદનો નાથ એવો જે નિજ ચૈતન્યભગવાન તે જ એક આદરણીય, ઉપાદેય, સત્કાર-સ્વીકાર કરવા લાયક છે, એ સિવાય પૂજા-ભક્તિ આદિની જેટલી બાહ્ય ક્રિયા છે તે જીવનું કાર્ય નથી અને અંદર જે શુભભાવ થાય તે પણ ચૈતન્યની સ્વરૂપપરિણતિ નથી. 'તે બધાંથી ભિન્ન હું તો કેવળ જ્ઞાયક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છું' એમ જેની પરિણતિમાં સતત વર્તે છે તે જીવ સાધક છે, ધર્મી છે. ચોથાગુણ સ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન સુધી સાધક છે; એ બધાની પરિણતિ સતત ધારાવાહી યથા-સંભવ જ્ઞાતારૂપે જ વર્તે છે. અહા! આ તો કોઈ પુસ્તક બહાર આવી ગયું છે! ઘણા વાંચે છે, વેદાન્તી વગેરે જૈનેતર પણ વાંચે છે. ભાષા ગુજરાતી અને વળી સાદી, પણ એના ભાવ ઘણા ઊંચા છે. ઝીણી વાત છે ભગવાન! શું કહીએ? ભાવ જે અહીં કહેવા માગે છે તે બરાબર સમજવા. પોતાથી સમજવું, પરથી નહિ. 'ગુરુ આમ કહે છે' એમ પરલક્ષે સમજવું તે પણ પરલક્ષી જ્ઞાન છે, આત્મજ્ઞાન નથી. આત્માની સન્મુખ થઈને જે સ્વાનુભૂતિ થાય તે 'જ્ઞાન' અને તેમાં રમણતારૂપ જે સ્થિરતા થાય તે 'ક્રિયા' છે. ભાષા સાદી અને ભાવ કાંઈક જુદી જાતના! આવી સાધકની પરિણતિ હોય છે.

## 'સાચા મોક્ષાર્થીને પણ પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ.'

'આ દેહ તેમ જ વાણી આદિની ક્રિયા મારી નથી અને પુણ્યપાપના વિભાવ પણ મારું સ્વરૂપ નથી, હું તો માત્ર જ્ઞાનાનંદનો કંદ ભગવાન આત્મા છું' આવું ઘૂંટણ સાચા મોક્ષાર્થીને પોતાના જીવનમાં થઈ જવું જોઈએ. સાચા મોક્ષાર્થીની વાત છે, પરંતુ જે નિજ મતિકલ્પનાએ વર્તે, વસ્તુના સ્વરૂપને જાણે નહિ, અંતરમાં ઘણાં શલ્ય હોય—જાણપણાનાં શલ્ય, દુનિયાને સમજાવી શકવાનાં શલ્ય, દુનિયાને સમજાવી શકવાના અભિમાનનાં શલ્ય, બહારનાં આચરણથી પોતાની મોટપ પોષવાનાં શલ્ય હોય — એવા કલ્પિત મોક્ષાર્થીની વાત નથી. અહા! ભગવાન તો એમ કહે છે કે અમારી સામું જોઈને તને જે જ્ઞાન થાય તે પરલક્ષી જ્ઞાન છે; તે જ્ઞાનને અમે 'જ્ઞાન' કહેતા નથી, પરંતુ અંતરમાં તારી જ્ઞાયકવસ્તુને દૃષ્ટિમાં લઈને તેની સામું જોઈને જે જ્ઞાન થાય તે 'જ્ઞાન' છે અને નિજ જ્ઞાયકવસ્તુના પ્રબળ આલંબને જે સ્વરૂપ-રમણતા થાય તે 'ક્રિયા' છે. આવો ત્રણ લોકના નાથનો પોકાર છે.

ભાઈ! મિથ્યા શ્રદ્ધાના ગર્ભમાં નિગોદના અનંતા ભવો પડ્યા છે. પ્રભુ! તને તારા સ્વભાવના મહિમાની ખબર નથી. ભવનો અંત લાવવો હોય તો આ બધી સંસારની મજૂરી — પુણ્યપાપના ભાવ પણ સંસારની મજૂરી જ છે — એક કોર મૂકીને આત્માના સન્મુખ થવાની ક્રિયા કર. જેને સંસારથી છૂટવું છે એવા સાચા મોક્ષાર્થીને 'મારું શું થશે, હું આ દેહ છોડીને ક્યાં જઈશ; એકલો આવ્યો છું, એકલો જઈશ ને એકલો રહીશ, અરેરે! પરિભ્રમણમાં અનંતાં જન્મ-મરણ કરીને સોથા નીકળી ગયા, મારે મારું હિત કરવા માટે દેહાદિથી ને વિભાવોથી ભિન્ન નિજ જ્ઞાયકતત્ત્વ સન્મુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થવાનો અભ્યાસ કરવો જોઈએ ' એવી લગની સતત હોય છે.

સાચા આત્માર્થીને ને સાધક જીવને આત્માની જ મુખ્યતા હોય છે. તેમની દૃષ્ટિમાં દયા-દાન આદિ શુભભાવ કે તેના ફળમાં મળતી જે ધૂળ—ચક્રવર્તીનું રાજ્ય વગેરે—તેની કોઈ કિંમત નથી, અરે! એક સમયની વર્તમાન નિર્મળ પરિણતિ પ્રગટે એની પણ આલંબન માટે કિંમત નથી, આલંબન માટે કિંમત છે એકમાત્ર નિજ ધ્રુવ ત્રિકાળશુદ્ધ સામર્થ્યભરપૂર જ્ઞાયક દ્રવ્યસ્વભાવની. જગતમાં આ વિષય ચાલતો નથી, પણ વસ્તુ તો આવી જ છે. મોક્ષનો જે સાચો અર્થી હોય તેના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ. મેળામાં માની આંગળીએથી છોકરું છૂટું પડી ગયું હોય અને 'મારી બા, મારી બા' એમ બોલતું ને રોતું હોય, તેને કોઈ પૂછે 'તારું નામ શું?' જવાબમાં કહે: 'મારી બા'. તારું ગામ કયું? તારી શેરી કઈ? તારાં માબાપનું નામ શું? બધા પ્રશ્નોના જવાબમાં કહે: 'મારી બા'. તે છોકરાને જેમ 'મારી બા' ઘૂંટાઈ ગયું છે તેમ સાચા મુમુક્ષુને 'મારો જ્ઞાયક, મારો જ્ઞાયક' એમ જીવનમાં ઘૂંટાઈ જવું જોઈએ.

**'ભલે પ્રથમ સવિકલ્પપણે હો, પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ.'**

ભલે પહેલાં એ ઘૂંટણ રાગમિશ્રિત વિચારપણે હો, સ્વરૂપના આંગણામાં આવતાં પ્રથમ મનના સંબંધે ઘૂંટણ વિકલ્પ સહિત હો, પણ અંતરમાં એવો દૃઢ નિર્ણય કરવો જોઈએ કે આ વિકલ્પો પણ મારું સ્વરૂપ નથી, હું તો કેવળ જ્ઞાયક છું. 'જ્ઞાયક મારો નાથ, જ્ઞાયક મારો પ્રભુ' એવું પરિણમન ભલે પહેલાં વિકલ્પ રહિત ન હોય, તોપણ વિકલ્પની ભૂમિકામાં પણ 'આ સમસ્ત વિકલ્પોથી રહિત હું જ્ઞાયક છું, મારે ત્યાં જવું છે, આ વિકલ્પોમાં રહેવા જેવું નથી' એવો અંતરમાં પાકો નિર્ણય કરવો જોઈએ.

**'પછી જલદી અંતરનો પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય, મોડો કરે તો મોડું થાય.'**

જેણે અંતરમાં એવો પાકો નિર્ણય કર્યો છે તે આત્માર્થી જીવ જો અંદરમાં સ્વસન્મુખતાનો પુરુષાર્થ જલદી કરે તો નિર્વિકલ્પ આત્મદર્શન—અતીન્દ્રિય આત્માનુભૂતિ—જલદી થાય, પુરુષાર્થ મોડો કરે તો મોડું થાય. અંતરમાં જ્ઞાયકના આલંબને જે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન ને સાચું જ્ઞાન કહેવામાં આવે છે.

અહા! આ મારગડા કોઈ જુદા છે બાપુ! આમાં તો ઘણાનાં પાણી ઊતરી જાય એવું છે. વિકલ્પ નામ રાગમિશ્રિત વિચાર છૂટીને પરિણતિ અંદર સ્વરૂપમાં આવી તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વિકલ્પ આત્મદર્શન કહે છે. પં. દોલતરામજીના પદમાં આવે છે ને! —

हम तो कबहु न निज घर आये...... हम तो०
परघर फिरत बहुत दिन बीते, नाम अनेक धराये,...... हम तो०

જીવ અનાદિથી પુણ્ય અને પાપની કથામાં, તેના કર્તાપણાના અભિમાનમાં ચડી ગયો છે પરંતુ એક સમય પણ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ઘરમાં કદી આવ્યો નથી. બેનના ૪૦૧મા બોલમાં આવે છે ને — જ્ઞાની નિજ સ્વરૂપમાં સંપૂર્ણપણે ઠરી જવા તલસે છે. અરે! આ દયા-દાનના કે પૂજા-ભક્તિના વિકલ્પ — વિભાવભાવ — અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકના આલંબને પ્રગટ થતી અતીન્દ્રિય આનંદરસભરી સ્વાનુભૂતિ તે અમારો દેશ છે, ભક્તિ, વાંચન કે ઉપદેશનો શુભરાગ પણ પરદેશ છે. રાગરૂપ પરદેશમાં અમને ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે. જ્ઞાતા-દ્રષ્ટાપણું તે અમારું મૂળ વતન છે, દયા-દાનાદિના વિકલ્પમાં આવવું તે અમારું મૂળ વતન નથી. અંતરમાં વસ્તુસ્વરૂપ સમજીને ભલે પ્રથમ વિકલ્પપણે પણ પાકો નિર્ણય કરે, અને પછી અંતરમાં સ્વસન્મુખ પરિણતિ કરવાનો જો જલદી પુરુષાર્થ કરે તો આત્મદર્શન — સ્વાનુભૂતિ — જલદી થાય, મોડો કરે તો મોડું થાય.

પ્રથમ તો જીવે મનના સંગથી — વિકલ્પથી — એવો નિર્ણય કરવો કે 'હું જ્ઞાયક છું, ત્રિકાળશુદ્ધ છું, અભેદ છું'. જોકે વિકલ્પ સહિત નિર્ણય એ કોઈ વાસ્તવિક દર્શન નથી, પણ પહેલાં એ આવે છે; પછી, પ્રથમ ઇન્દ્રિયોના વિષય તરફનું વલણ છૂટી જાય છે અને અંદરમાં મનના સંગે તત્ત્વસંબંધી શ્રુતના વિકલ્પો રહી જાય છે. તત્ત્વ-નિર્ણયના દૃઢ બળે અંતરનો પુરુષાર્થ કરે કે જેથી શ્રુતના વિકલ્પો — રાગમિશ્રિત વિચારો — તૂટીને નિર્વિકલ્પ અતીન્દ્રિય આત્મદર્શન થાય, ત્યારે તેને ધર્મ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટ થયું કહેવાય.

અહા! લાખ કે કરોડ શાસ્ત્રો જાણ્યાં હોય પણ એ બહિર્લક્ષી વિકલ્પવાળું જ્ઞાન આત્માનુભૂતિનું કામ કરતું નથી. બાહ્ય વિષયોના લક્ષે પ્રવર્તતી ઇન્દ્રિયોનો સંબંધ છૂટી અંદરમાં મનના સંગે જે રાગના વિકલ્પો ઊઠે છે તે વડે આંગણામાં ઊભા રહી — ચૈતન્યદ્રવ્યમાં ઊભા રહીને નહિ — પ્રથમ દ્રવ્યસ્વભાવનો પાકો નિર્ણય કરવો જોઈએ. ઝવેરાતથી ભરેલી દુકાનના આંગણામાં આવીને પહેલાં નિર્ણય કરે કે — આમાં ઝવેરાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, તેમ અનંત અનંત જ્ઞાન આદિ ગુણઝવેરાતથી ભરેલો, આનંદ આદિ ચૈતન્યરત્નોથી ભરેલો આ ભગવાન જ્ઞાયક આત્મા એવડો મોટો છે જેની પાસે સિદ્ધપર્યાયની પણ કિંમત નથી;—એમ ભલે પ્રથમ સવિકલ્પપણે હો, પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ. પછી અંતરમાં વળવાનો પુરુષાર્થ જલદી કરે તો જલદી નિર્વિકલ્પ આત્માનુભૂતિ થાય, મોડો કરે તો મોડી થાય.

શું કહ્યું એ? ઇન્દ્રિયોના વિષયો—ભગવાનનાં દર્શન કરવાં, વાણી સાંભળવી એ બધા ઇન્દ્રિયવિષયો છે—બંધ કરી ફક્ત મનના વિષયમાં જોડાણ કરી વિકલ્પથી જ્ઞાયકવસ્તુનો નિર્ણય કરવો. જોકે વિકલ્પથી નિર્ણય એ કોઈ વસ્તુ નથી—ધર્મ નથી પણ અંતરમાં જવા પહેલાં વિકલ્પપૂર્વક 'હું કેવળ જ્ઞાયક જ છું, વિકલ્પનો અંશ પણ મારો સ્વભાવ નથી' એવો પાકો નિર્ણય અંદરમાં થઈ જવો જોઈએ. જ્યાં વિકલ્પપૂર્વક સાચો નિર્ણય પણ ન હોય ત્યાં વિકલ્પ તોડીને એકદમ નિર્વિકલ્પ ન થઈ શકે. જ્ઞાયકસ્વભાવનો અંદરમાં વિકલ્પપૂર્વક પાકો—દૃઢ નિર્ણય કર્યા પછી અંતરનો પુરુષાર્થ જલદી કરે તો જલદી નિર્વિકલ્પ આત્મદર્શન થાય, મોડો કરે તો મોડું થાય.

**'નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી, સ્થિરતા વધારતાં વધારતાં, જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે.—આ વિધિ સિવાય મોક્ષ પ્રાપ્ત કરવાની અન્ય કોઈ વિધિ નથી.'**

શું કહ્યું? વસ્તુ પામ્યા પછીની આ વાત છે. જ્ઞાનની પર્યાયમાં અનાદિથી પરનો ને વિભાવનો પ્રેમ હતો, પરજ્ઞેયની ને રાગની રુચિ હતી, તે મિથ્યાત્વ હતું. હવે તે જ્ઞાનની રુચિને જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોના પિંડસ્વરૂપ નિજ જ્ઞાયક ભગવાન આત્મા તરફ વાળીને—ધ્રુવ ચૈતન્ય સ્વભાવને ધ્યેય બનાવીને—નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રાપ્ત કરી ત્યારે તો હજુ ધર્મની શરૂઆત થઈ. પછી ધ્યેયસ્વરૂપ જ્ઞાયક આત્મામાં રમણતા વધારતાં જીવ પરિપૂર્ણ શુદ્ધ દશા એટલે કે મોક્ષને પ્રાપ્ત કરે છે.

પ્રથમ જીવે ભગવાન આત્માનો વિકલ્પથી નિર્ણય કર્યો, પછી મનનો પણ સંગ છોડી નિર્વિકલ્પ આત્માનુભવ કર્યો. આત્માનુભવ થવા છતાં હજી અસ્થિરતાનો રાગ છે. હવે તે અસ્થિરતાના રાગનો, જ્ઞાનમાં જે, દેહાદિ પરથી ને રાગાદિ વિભાવોથી તદ્દન ભિન્ન, નિજ જ્ઞાયકસ્વરૂપ અંતરના પુરુષાર્થથી જણાયું છે તેમાં રમણતા વધારતો વધારતો, અત્યંત નાશ કરે છે અને એ રીતે મોક્ષને પ્રાપ્ત કરે છે.

આનંદનો નાથ સુખનો અગાધ સાગર અનુભવમાં આવ્યો. 'અનુભવમાં આવ્યો'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે એક સમયની પર્યાયમાં તે આખું દ્રવ્ય આવી જતું નથી, દ્રવ્ય પર્યાય જેટલું થઈ જતું નથી, પણ ત્રિકાળી દ્રવ્યનો પર્યાયમાં અનુભવ થયો. વિજળીનો કરંટ લાગતાં જેમ આખા શરીરમાં ઝણઝણાટ થાય, તેમ પર્યાયમાં દ્રવ્યસ્વભાવનો આશ્રય કરતાં આખા આત્મામાં આનંદનો ઝણઝણાટ થાય. તેને અહીં નિર્વિકલ્પ દર્શન એટલે કે સમ્યગ્દર્શન કહે છે. તે નિર્વિકલ્પ આત્મદર્શન થયા પછી પણ, જે જ્ઞાયક વસ્તુ જ્ઞાનમાં સ્વાનુભવપ્રત્યક્ષ જણાઈ છે તેમાં સ્થિરતા જામતાં જામતાં મોક્ષ થઈ જાય છે. આ જ એક મોક્ષનો ઉપાય છે. આ સિવાય મોક્ષ — પૂર્ણ પરમાનંદ દશા — પ્રાપ્ત કરવાની બીજી કોઈ રીત નથી.

અરેરે! જગત ક્યાં ઊભું છે? શેમાં ધર્મ માને છે? વ્રત, તપ ને ભક્તિના ભાવ પણ શુભ રાગ છે, પરસત્તાવલંબી — પરલક્ષી શાસ્ત્રજ્ઞાન પણ બંધનું કારણ છે, કેમ કે તે જો બંધનું કારણ ન હોય તો તેના વડે કંઈક અબંધનો અંશ આવવો જોઈએ ને? અબંધપણાનો અંશ પરલક્ષી શાસ્ત્રજ્ઞાનથી ન આવે, પણ અબંધસ્વરૂપ મુક્તસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયે આવે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવના અવલંબને, તેમાં 'અહં'પણું જામે ત્યારે, અંતરમાં આનંદની દશા પ્રગટ થાય. તેને અહીં સમ્યગ્દર્શન અર્થાત્ ધર્મનું પહેલું સોપાન કહેવામાં આવ્યું છે. આ સિવાય બીજી બધી કેવળ વાતો છે.

પૂર્ણાનંદકંદ જ્ઞાયકસ્વરૂપ જે જાણ્યું છે, તેમાં જ પછી રમવું, ઠરવું, ચરવું તે જ મોક્ષનો ઉપાય છે. જેમ ઢોર ઘાસને ચરે કે ઢેફાંને? તેમ ભગવાન આત્મા અંતરમાં આનંદને ચરે, અતીન્દ્રિય આનંદનું ભોજન કરે, તેને આત્માની સ્થિરતા કહેવામાં આવે છે. તે આત્મસ્થિરતા — આનંદમગ્નતા — વધારતાં વધારતાં, જીવ મોક્ષદશાને પ્રાપ્ત કરે છે. પૂર્ણાનંદસ્વરૂપ મોક્ષદશાને પ્રાપ્ત કરવાની આ એક જ વિધિ છે, આ સિવાય બીજી કોઈ વિધિ નથી. અહા! શબ્દો આટલા છે પણ તેમાં ગંભીરતા કેટલી ભરી છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન – ૧૩૪

તા. ૨૯-૧૦-૭૮

## વચનામૃત — ૩૫૧

કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું. મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે? પ્રથમ ભૂમિકામાં પણ 'માત્ર મોક્ષ-અભિલાષ' હોય છે.

જે મોક્ષનો અર્થી હોય, સંસારથી જેને થાક લાગ્યો હોય, તેના માટે ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે. ખરું તો, અંદરથી થાક લાગે તો, જ્ઞાની દ્વારા કંઈક દિશા સૂઝયા પછી અંદરમાં ને અંદરમાં પ્રયત્ન કરતાં આત્મા મળી જાય છે. ૩૫૧.

**'કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું.'**

બહારના કોઈ પણ પ્રસંગમાં તન્મય ન થઈ જવું. સ્ત્રી, પુત્ર, કુટુંબ કે વેપારધંધાનો કોઈ પણ પ્રસંગ હોય તેમાં, પોતાના હિતનું લક્ષ ખોઈને, ઓતપ્રોત ન થઈ જવું; અરે! આત્મહિતનાં નિમિત્ત એવાં સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો પ્રસંગ આવ્યો હોય તો ત્યાં પણ એકાકાર ન થઈ જવું.

**'મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે?'**

જો તારે ધર્મ અને ધર્મનું ફળ જોઈતું હોય તો — ધર્મ તે મોક્ષનો માર્ગ અને ફળ તે મોક્ષ — એ સિવાય તારે બીજું શું પ્રયોજન છે? માટે જેનાથી મોક્ષ સધાય એ સિવાય બીજા કોઈ પણ પ્રસંગમાં — ભાવમાં એકાકાર ન થઈ જવું.

**"પ્રથમ ભૂમિકામાં પણ 'માત્ર મોક્ષ-અભિલાષ' હોય છે."**

'માત્ર મોક્ષ-અભિલાષ' એ શબ્દો શ્રીમદે 'આત્મસિદ્ધિ'માં જિજ્ઞાસાનું સ્વરૂપ બતાવતાં કહ્યા છે —

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કષાયની ઉપશાન્તતા, માત્ર મોક્ષ-અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ.

આત્મહિતના જિજ્ઞાસુને માત્ર મોક્ષની ભાવના હોય છે, તે સિવાય પુણ્ય કે પુણ્યના ફળની — સ્વર્ગ મળે, રાજ્ય મળે, શેઠાઈ મળે, દુનિયા મને જાણે ને માને, મને કાંઈ આવડે છે ને 'હું આવડતવાળો છું' એમ દુનિયા જાણે એવી કોઈ પણ ઇચ્છા — અભિલાષા આત્માર્થી જીવને અંતરથી હોતી નથી, એ બધી અભિલાષા તો મિથ્યા-ભ્રમણા છે.

અતીન્દ્રિય પૂર્ણ પરમાનંદનો આત્મલાભ થવો તેનું નામ 'મોક્ષ' છે. દિવાળીને દિવસે વાણિયા 'લાભ સવાયા' લખે છે ને? લાભ સવાયો, પણ શેનો? ધૂળનો — રૂપિયાનો? ભાઈ! પરથી ને રાગાદિ વિભાવથી ભિન્ન નિજ આત્માના આલંબને પ્રગટ થતા પરમાનંદના સ્વરૂપ-લાભ સિવાય જગતમાં બીજો કોઇ લાભ છે જ નહિ. આત્મહિતનો જિજ્ઞાસુ જીવ કે જેને આનંદસાગર એવા ત્રિલોકનાથ નિજ જ્ઞાયક ભગવાનનું જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને જ્ઞાન થયું તેને બહાર જગતના કોઈ પણ પ્રસંગમાં એકાકારપણું થતું નથી. તેને પત્ની, પુત્ર કે પરિવારના પ્રસંગમાં તો નહિ પણ તત્ત્વોપ-દેશના પ્રસંગમાં પણ એકાકારપણું થતું નથી. અરે! ઉપદેશના શબ્દોમાં તો નહિ પણ તે વખતે સાથે જે વિકલ્પ ઊઠે છે તેમાં પણ એકાકાર ન થવું; કેમ કે ઉપદેશની ભાષા તો આત્માથી ભિન્ન ચીજ છે અને જે વિકલ્પ છે તે પણ આત્માનો સ્વભાવભાવ નથી, વિભાવ છે, બંધનું કારણ છે. 'કોઈ પણ પ્રસંગમાં...' કહ્યું છે ને? ધર્મનો ઉપદેશ પણ એક પ્રસંગ છે ને? શુદ્ધાત્માના ઉપદેશની અભિલાષા કરવી તે પણ રાગ છે, નુકસાનનું કારણ છે. મોક્ષની અભિલાષા — ઇચ્છા પણ નુકસાનનું કારણ છે, કારણ કે એ પણ મોક્ષને રોકે છે.

ખરેખર તો ત્રિકાળશુદ્ધ નિજ આત્મવસ્તુની દૃષ્ટિ થતાં, ત્રિકાળમુક્ત એવા નિજ જ્ઞાયકતત્ત્વનો અનુભવ થતાં, સાધકદશા પ્રગટ થતાં 'ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો' — 'મોક્ષ કરું' એવી પણ એની ભાવનામાં કર્તાબુદ્ધિ નથી. હું ત્રિકાળ-શુદ્ધ પરમાનંદપિંડ જ્ઞાયક છું — એમ નિજ શુદ્ધાત્મવસ્તુનાં શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક તેમાં સ્થિર થવાનો જે સાધક જીવ અન્તર્મુખ પ્રયત્ન કરે છે તેને તે પ્રયત્નના ફળરૂપ પરિપૂર્ણ મોક્ષપર્યાય સ્વયમેવ પ્રગટે છે, તેને તે સ્વભાવકાર્ય માટે પરમાર્થે અન્ય કોઈ સાધનોની અપેક્ષા નથી, અરે! 'હું મોક્ષપર્યાય કરું' એવી ભેદબુદ્ધિ — વિકલ્પવૃત્તિની પણ અપેક્ષા નથી. ત્રિકાળશુદ્ધ દ્રવ્યસ્વભાવનો પૂર્ણ આશ્રય કરે છે ત્યાં મોક્ષભાવે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વયં પરિણમી જાય છે.

સાધકની દૃષ્ટિ નિરન્તર જ્ઞાયક ઉપર જ રહ્યા કરે છે. 'નિર્મળ પરિણામને કરું' એમ પરિણામના કર્તૃત્વ ઉપર તેની દૃષ્ટિ નથી. 'પરિણામ આમ કરું ને તેમ કરું' તેમાં બુદ્ધિ પર્યાયમાં ને ભેદમાં રોકાઈ જાય છે; સાધકને તો પરમ પારિણામિક સ્વભાવનું દર્શન અને અનુભવ થયો છે એટલે દૃષ્ટિનું જોર તો ત્રિકાળશુદ્ધ દ્રવ્ય ઉપર જ રહે છે, પરિણામ આમ કરું ને તેમ કરું — એ વાત રહેતી નથી.

આત્મવસ્તુમાં જેમ જ્ઞાન, આનંદ, ચારિત્ર, શાન્તિ, વીર્ય, પ્રભુત્વ વગેરે અનંત ગુણો છે તેમ એક 'ભાવ' નામની શક્તિ પણ છે, જેના કારણે વસ્તુમાં કોઈ ને કોઈ અવસ્થા વિદ્યમાન હોય જ. ભાવશક્તિને લઈને પરિણામ થયા જ કરે છે. 'ભાવ'-શક્તિના ધરનાર એવા નિજ જ્ઞાયકદ્રવ્યની દૃષ્ટિ ને અનુભવ જેને થયો છે તેને વર્તમાન નિર્મળ પર્યાય થશે જ. તે પરિણામને કરું — એવા ભેદવિકલ્પની વાત રહેતી જ નથી. ભાવ-શક્તિની જેમ એક 'ક્રિયા'શક્તિ પણ આત્મામાં છે. તે ગુણના ધરનાર ગુણીને જેણે દૃષ્ટિમાં લીધો છે તેને તે શક્તિના કારણે, પર્યાયમાં અનાદિથી અશુદ્ધ ષટ્કારકોથી જે વિકૃત અવસ્થા થાય છે તેનાથી રહિત, નિર્મળ પરિણમન થશે જ. સમયસારના પરિશિષ્ટમાં, જ્યાં ૪૭ શક્તિઓનું વર્ણન છે ત્યાં, 'ભાવ'શક્તિનું બે રીતે વર્ણન કર્યું છે. એક તો, જેને લઈને દ્રવ્યને વિદ્યમાન-અવસ્થાવાળાપણું હોય છે તે; અને બીજી, કર્તા, કર્મ, કરણ આદિ ષટ્કારક અનુસાર થતી જે ક્રિયા તેનાથી રહિત ભવન-માત્રમયી ભાવશક્તિ. અહા! ૪૭ શક્તિનું વર્ણન ગજબ છે! 'ભાવ' ને 'ક્રિયા' ઉપરાન્ત કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ — એમ ષટ્ કારક-શક્તિઓનું પણ વર્ણન છે. અહા! એવી અનંત શક્તિઓના ધરનાર એવા નિજ શુદ્ધ દ્રવ્યસ્વભાવને જેણે દૃષ્ટિમાં લીધો તેને પોતાના ષટ્કારકોના કારણે નિર્મળ પરિણતિ ધારાવાહી થયા જ કરે છે; તેમાં તેને 'આ કરું ને તે કરું' એવા કર્તૃત્વના વિકલ્પને સ્થાન જ નથી.

અહીં તો એ વાત ચાલે છે કે "કોઈ પણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું. મોક્ષ સિવાય તારે શું પ્રયોજન છે? પ્રથમ ભૂમિકામાં પણ 'માત્ર મોક્ષ-અભિલાષ' હોય છે". બહારનું તો જે કાળે જે થવાનું હોય છે તે તેના કારણે થયા જ કરે છે, પોતાના પરિણામ જો દ્રવ્યના લક્ષે થાય છે તો તે માત્ર જ્ઞાતારૂપે જ થયા કરે છે. માટે કોઈ પણ પ્રસંગમાં — ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ એકાવતારી ઇંદ્ર પણ અષ્ટાહ્નિકામાં નંદીશ્વરદ્વીપે જાય અને પગે ઘૂઘરા બાંધીને શાશ્વત રત્નમય જિનપ્રતિમા સામે નાચે, — એવી ભક્તિના, વાંચનના કે શ્રવણના કોઈ પણ પ્રસંગમાં — પોતાના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ — જ્ઞાતા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિ — બોઈને એકાકાર ન થઈ જવું. જ્ઞાનીને પણ બહારથી જિનેન્દ્રભક્તિ, ગુરુસેવા વગેરેનો ઉત્સાહ દેખાય પણ ખરેખર તો તેને ઉત્સાહ અંદર સ્વભાવસન્મુખતાનો છે, પણ બહિર્લક્ષી લોકો તેને જોઈ શકે નહિ. પ્રથમ ભૂમિકામાં પણ માત્ર મોક્ષની જ અભિલાષા હોય, બહારના પ્રસંગનો અંતરમાં પ્રેમ ન હોય.

**'જે મોક્ષનો અર્થી હોય, સંસારથી જેને થાક લાગ્યો હોય, તેના માટે ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે.'**

પરમ અતીન્દ્રિય પૂર્ણાનંદનો આત્મલાભ — પરમાનંદસ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ — જેનું સ્વરૂપ છે એવા મોક્ષનો જે કામી હોય, અંતરમાં જેને સંસારનો ખરેખર થાક લાગ્યો હોય, સમસ્ત શુભાશુભ વિભાવોમાં જેને દુઃખ દેખાતું હોય તેના માટે બેને અહીંની (ગુરુદેવની વાણીની) વાત કરી છે. (ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે.) એનો જે પોતે ખ્યાલ કરે, એને સમજવાનો જે પ્રયત્ન કરે, તેને મારગ સૂઝે છે એમ બેન કહે છે. અહીંની વાણી (ગુરુદેવની વાણી) એને સુઝાડે છે — એ બધી નિમિત્તની વાતો. હવે —

**'ખરું તો, અંદરથી થાક લાગે તો, જ્ઞાની દ્વારા કંઈક દિશા સૂઝયા પછી અંદરમાં ને અંદરમાં પ્રયત્ન કરતાં આત્મા મળી જાય છે.'**

અંદરથી શુભાશુભ વિભાવ દુઃખરૂપ લાગે તો, જ્ઞાનીએ બતાવેલા માર્ગ દ્વારા વસ્તુસ્વભાવની — આનંદમૂર્તિ નિજ આત્મતત્ત્વની — કાંઈક દિશા સૂઝયા પછી, અંતરમાં વારંવાર પ્રયત્ન કરતાં ભગવાન આત્મા મળી જાય છે, તેની દૃષ્ટિ થતાં અંતરમાં તેનો અનુભવ પ્રાપ્ત થઈ જાય છે. આત્મા પ્રાપ્ત કરવાની શરૂઆતની વાત છે ને? ત્યાં 'પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરું' એમ કથનમાં આવે, ખરેખર તો 'પ્રયત્ન કરું' એમ 'કરવાની' પર્યાય ઉપર બુદ્ધિ નથી. પર્યાયમાં ઊભો રહીને નહિ પણ દ્રવ્યસ્વભાવમાં ઊભો રહીને સહજ પ્રયત્નરૂપે પરિણમતાં આત્મા પ્રાપ્ત થઈ જાય છે.

———o———

## વચનામૃત — ૩૫૨

**'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી. આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોક અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે. ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધ જ્ઞાન ને ક્યાં મારું અલ્પ જ્ઞાન! આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ! એ જ રીતે અનંત ગુણોની પૂરી પર્યાય-રૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. આપનો શો મહિમા થાય? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે; મારી પર્યાય તો અનંતમાં ભાગે છે.'

આ પ્રમાણે પ્રત્યેક સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં, પર્યાય-અપેક્ષાએ — જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઇત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ — પોતાની પામરતા જાણે છે. ૩૫૨.

"'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે."

વસ્તુ — જ્ઞાયક દ્રવ્ય — શક્તિસ્વભાવે તો ત્રિકાળશુદ્ધ પરિપૂર્ણ ચૈતન્ય મહાપ્રભુ છે, અનંતમહિમાવંત પદાર્થ હોવાથી 'ભગવાન' છે, કૃતાર્થ છે. અહા! આવો અદ્ભુત પરમ પદાર્થ કે જે પૂર્વે કદી જોયો નથી, જાણ્યો નથી, અનુભવ્યો નથી, તેનો પ્રથમ 'જ્ઞાયકપ્રભુ આવો છે' એમ અનુમાનથી નિર્ણય તો કર. કઈ રીતે તેનું અનુમાન કરવું? — કે જે કાંઈ આ જાણવા-દેખવાની અલ્પ પર્યાય છે, તે કઈ ભૂમિમાંથી ઊભી થાય છે? તે ભૂમિ કેવડી છે? તે ચૈતન્યભૂમિ ધ્રુવ તેમ જ પરિપૂર્ણ છે. તે ધ્રુવધનના આલંબને જ પર્યાયમાં પૂર્ણતા પ્રગટે છે. લોકો ધનતેરશે લક્ષ્મીપૂજન કરે છે ને? એ રૂપિયા, સોનું, રૂપું વગેરે લક્ષ્મી તો ધૂળ છે, પુદ્ગલ છે. સાચી લક્ષ્મી તો પોતાનું ધ્રુવ જ્ઞાયકદ્રવ્ય છે. તેના આલંબનથી પર્યાયમાં નિર્મળતાની, આનંદની સઘળી સમૃદ્ધિઓ પ્રગટ થાય છે.

વસ્તુસ્વભાવે પોતાને પરિપૂર્ણ ચૈતન્ય મહાપ્રભુ, ભગવાન ને કૃતકૃત્ય જાણતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવા છતાં, સાધક મહામુનિઓ પણ, પર્યાયે તો પોતાને પામર જાણે છે; કેમ કે સ્થિરતાની પૂર્ણતાનો પૂરો પુરુષાર્થ કરવાનો હજી બાકી છે ને? જ્ઞાનીને હજી અસ્થિરતા છે, શુભાશુભ રાગ આવે છે. તેને અશુભ રાગે આવે તે તો ઝેર છે જ, પણ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો કે તત્ત્વચિંતન ને વ્રતાદિનો જે શુભ રાગ આવે તે પણ કાળો નાગ લાગે છે. બેને કહ્યું છે ને — અમારો દેશ તો અંતરમાં છે કે જ્યાં જ્ઞાન ને આનંદ આદિ અમારો પરિવાર વસે છે; આ વાંચવાનો, કહેવાનો શુભ વિકલ્પ આવે છે તે પરદેશ છે; અરે! આ પરદેશમાં અમે ક્યાં આવી ચડયા? એ વિભાવભાવ અમારું વતન નથી, એમાં અમારો પરિવાર નથી. અમારે તો અમારા શુદ્ધભાવરૂપ વતનમાં જઈને વસવું છે જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય વગેરે અનંતગુણરૂપ અમારો બધો પરિવાર વસે છે.

અરે! બાયડી, છોકરાં ને કુટુમ્બની તો વાતેય શું કરવી? તેઓ તો પરવસ્તુ છે, તારો પરિવાર નથી, તારે ને એમને કાંઈ સંબંધ નથી, છતાં તેમને માટે મમતા કરીને મરી ગયો. શાસ્ત્રમાં તો તેમને 'ધુતારાની ટોળી' કહી છે. 'છોકરા નબળા છે, વેપારનું કામ સરખું ઉપાડી ન શકે, આપણે તેમને આપણા અનુભવનો લાભ દેવો જોઈએ.' — આમ મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ પોતાનું અમૂલ્ય મનુષ્યજીવન ખોઈ નાખે છે. એવી સ્થૂલ વાત તો દૂર રહી, પણ અંદરમાં જ્ઞાનીને જે વાંચવા-વિચારવાનો શુભરાગ છે તે પણ પર્યાયમાં પોતાની અશુદ્ધતા છે — પામરતા છે. દ્રવ્યસ્વભાવે પૂર્ણાનંદ પ્રભુ હોવા છતાં પર્યાયમાં હજુ નબળાઈ છે, પામરતા છે એમ જ્ઞાની બરાબર જાણે છે.

અહા! સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિની નિર્મળ પર્યાય પ્રગટી તે તો કેવળજ્ઞાન વગેરે પૂર્ણ પર્યાયના અનંતમા ભાગે છે. ક્યાં એ કેવળજ્ઞાનરૂપી રત્નનો મહાપર્વત ને ક્યાં આ સમ્યદગ્દર્શનરૂપી રત્નકણિકા! સમ્યગ્દર્શન ને સ્વાનુભવની પર્યાયે પરિણમેલા સાધક જ્ઞાનીઓ કેવળજ્ઞાન પાસે પોતાની અલ્પતા અનુભવે છે. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છે ને — જે સમ્યગ્દૃષ્ટિ છે તે પરદ્રવ્યો ને પરભાવોમાં ગર્વ કરતો નથી, ઉપશમ-ભાવોને ચિંતવે છે તથા પોતાના આત્માને તરણા સમાન હલકો માને છે; પોતાનું પૂર્ણ સ્વરૂપ તો અનંતજ્ઞાનાદિરૂપ છે, પણ જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે પોતાને તૃણતુલ્ય લઘુ માને છે, કોઈ પદાર્થમાં ગર્વ કરતો નથી.

મહામુનિઓને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર વગેરેની અલૌકિક તેમ જ અભૂતપૂર્વ નિર્મળ પર્યાયો પ્રગટી છે, છતાં પર્યાય-અપેક્ષાએ — દ્રવ્ય-અપેક્ષાએ પરિપૂર્ણ ભગવાન હોવા છતાં — પોતાને પામર જાણે છે. અહા! ક્યાં એ કેવળજ્ઞાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાનની પૂર્ણ પર્યાય ને ક્યાં આ અમારી અલ્પ પર્યાય ! અરે ! અત્યારે તો કેટલાકને જરા શાસ્ત્રોનું જ્ઞાન થઈ જાય, જાણપણાની ધારણા થઈ જાય ત્યાં તો એમને એમ થઈ જાય કે આપણે બીજા કરતાં ઘણા આગળ વધી ગયા છીએ. ભાઈ ! એ શાસ્ત્રોનું બહિર્લક્ષી જ્ઞાન તે કોઈ જ્ઞાન જ નથી; એ તો અજ્ઞાન છે, પરસત્તાવલંબી જાણપણું છે. અંતરમાં ચૈતન્ય મહાપ્રભુને સ્પર્શીને, તેનો આશ્રય કરીને અતીન્દ્રિય આનંદ લેતો જે સમ્યગ્જ્ઞાનનો અદ્‌ભુત ને અભૂતપૂર્વ કણ પ્રગટ થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

સાધક જીવને સમ્યક્ત્વરૂપી જે બીજ ઊગી છે, તેને પૂર્ણ કેવળજ્ઞાનરૂપી પૂનમ થવું છે. જેમ બીજમાં પૂનમ નથી તેમ અંતરમાં સમ્યગ્દર્શનરૂપી બીજ પ્રગટી છે, પણ હજુ પૂનમ થઈ નથી. 'દ્રવ્યસ્વભાવે પરિપૂર્ણ ભગવાન છું' એમ દરેક સાધક માનતો હોવા છતાં 'પર્યાયે અપૂર્ણ છું, પામર છું' એમ બરાબર જાણે છે.

અહા ! મહમુનિ કોને કહીએ ? જેમણે મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી આદિ ત્રણ કષાયની ચોકડીનો અભાવ કર્યો છે, જેમને આનંદરસબસતા પ્રચુર સ્વસંવેદનની મહોરછાપ પડી છે એવા સંતો પણ એમ જાણે-માને છે કે 'પર્યાયમાં હું હજી પામર છું'. જેમના આનંદસાગરમાં જોકે હજુ પૂનમ જેવી પૂર્ણ ભરતી આવી નથી, તોપણ છઠ-સાતમ જેવી ભરતી તો આવી છે, અંતરમાં ઘણો આનંદ ઊછળી રહ્યો છે એવા સાધક મુનિઓ પણ પોતાને કેવળજ્ઞાન પાસે તરણાતુલ્ય પામર જાણે છે, કેમ કે તેમને હજુ પૂરણતા સાધવી બાકી છે.

**"ગણધરદેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર ! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી.'....**

અહા ! ક્યાં ત્રણ લોક ને ત્રણ કાળના પદાર્થોને, વિશ્વનાં સમસ્ત દ્રવ્યગુણ-પર્યાયોને, એક સમયમાં યુગપદ્ જાણનાર કેવળીભગવાનનું — જિનેન્દ્રદેવનું — પરિપૂર્ણ જ્ઞાન ને ક્યાં અમારું આ ક્રમે પ્રવર્તતું મર્યાદિત જ્ઞાન ! સમસ્ત શ્રુતના જ્ઞાતા ગણધરદેવ પણ કહે છે કે હે સર્વજ્ઞ પ્રભુ ! હું આપના જ્ઞાનને પહોંચી શકતો નથી.

**'આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોક અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે.'...**

સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માને જ્યારે પર્યાયમાં સર્વજ્ઞદશા પ્રગટ થાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે એટલે કે જે જ્ઞાન શક્તિપણે હતું તે બહાર આવે છે, ત્યારે તેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક સમયનું જ્ઞાનપરિણમન જગતનાં બધાં દ્રવ્ય-ગુણ-પર્યાયોને, પોતાની પણ ત્રણે કાળની અનંત પર્યાયોને, સમસ્ત લોકાલોકને — બધુંય — યુગપદ્ જાણી લે છે.

**'ક્યાં આપનું અનંત અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધ જ્ઞાન ને ક્યાં મારું અલ્પ જ્ઞાન!'...**

અંતર્મુહૂર્તમાં બાર અંગ ને ચૌદ પૂર્વની રચના કરનાર ગણધરદેવ પણ એમ કહે છે કે — પ્રભુ! ક્યાં આપનું અનંત અનંત દ્રવ્યોને તેમ જ તેમના પર્યાયોને એકસાથે જાણતું અગાધ જ્ઞાન ને ક્યાં મારું આ અલ્પ જ્ઞાન! આપના એ અપાર જ્ઞાન પાસે મારું જ્ઞાન તો પામર છે.

**'આપ અનુપમ આનંદરૂપે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો.'...**

હે જિનેન્દ્રદેવ! આપ પરિપૂર્ણ જ્ઞાનરૂપે તો પરિણમી ગયા છો, પણ પૂર્ણ જ્ઞાન સાથે અવિનાભાવી એવા અનુપમ પૂર્ણાનંદપણે પણ સંપૂર્ણપણે પરિણમી ગયા છો. પહેલાં અનુપમ જ્ઞાનની વાત કર્યાને, હવે કહે છે કે પ્રભુ! જ્ઞાનની માફક આપ અનુપમ આનંદરૂપે પણ પરિણમી રહ્યા છો.

**'ક્યાં આપનો પૂર્ણ આનંદ અને ક્યાં મારો અલ્પ આનંદ!'....**

ભગવાનનો પૂર્ણ પરમાનંદ ને પોતાનો ભૂમિકાનુસાર અલ્પ આનંદ — એમ બેની તુલના — મેળવણી કરી છે. સાચા ભાવલિંગી સાધુને અંતરમાં પોતાની દશા પ્રમાણે આનંદ તો છે, અંદર ચૈતન્યસરોવરમાં આનંદની છોળો ઊછળે છે, તોપણ પ્રભુના પૂર્ણાનંદ પાસે તે અનંતમા ભાગનો છે. અહો! ક્યાં સર્વજ્ઞ પરમાત્માનો પૂર્ણાનંદ ને ક્યાં મારો આ અલ્પ આનંદ!

**'એ જ રીતે અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો.'....**

જ્ઞાન ને આનંદ — એ બે ગુણોની વાત કહીને હવે કહે છે કે હે પ્રભુ! એવી જ રીતે આપ દર્શન, શ્રદ્ધા, વીર્ય, પ્રભુત્વ આદિ અનંત ગુણોની પૂરી પર્યાયરૂપે સંપૂર્ણપણે પરિણમી ગયા છો. ક્યાં આપનું અનંતદર્શીરૂપ પૂર્ણ પરિણમન ને ક્યાં મારું અલ્પદર્શીરૂપ પરિણમન! ક્યાં આપની પર્યાયમાં પ્રગટેલી અનંત વીર્યશક્તિ ને ક્યાં મારું પર્યાયમાં અલ્પ વીર્ય! આપ તો પ્રભુત્વ, વિભુત્વ, સ્વચ્છત્વ, પ્રકાશત્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આદિ અનંત અનુજીવી સ્વભાવોની પૂર્ણ પર્યાયરૂપે ખીલી નીકળ્યા છો. કયાં આપનો એ પૂર્ણ વિકાસ ને કયાં મારો આ અલ્પ વિકાસ! 'દ્રવ્યસ્વભાવે હું પરિપૂર્ણ મહાપ્રભુ છું' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું અલ્પ છું' એમ ગણધર ભગવાન પણ જાણે છે.

**'આપનો શો મહિમા થાય? આપને તો જેવું દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે; મારી પર્યાય તો અનંતમા ભાગે છે."**

હે સર્વજ્ઞ જિનેન્દ્ર પ્રભુ! આપનો શો મહિમા થાય? આપને તો, દ્રવ્યમાં જેટલું સામર્થ્ય છે તે બધુંય એક સમયની પર્યાયમાં પૂર્ણપણે ખીલી નીકળ્યું છે, જેવું દ્રવ્ય છે તેવી જ એક સમયની પર્યાય પૂર્ણપણે પરિણમી ગઈ છે; ને મારી પર્યાય તો આપના કરતાં અનંતમા ભાગે છે.—એમ જ્ઞાની ભગવાનની પૂર્ણ પર્યાય પાસે પોતાને પામર, અલ્પ ને લઘુ જાણે છે. પોતે શક્તિ-અપેક્ષાએ પરિપૂર્ણ પ્રભુ હોવા છતાં પર્યાયમાં પામરતાનો તેને વિવેક હોય છે.

**'આ પ્રમાણે પ્રત્યેક સાધક, દ્રવ્ય-અપેક્ષાએ પોતાને ભગવાન માનતો હોવા છતાં, પર્યાય-અપેક્ષાએ—જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઇત્યાદિ સર્વ પર્યાયની અપેક્ષાએ—પોતાની પામરતા જાણે છે.'**

આ રીતે દરેક સાધક એટલે કે ગણધર વગેરે મહામુનિઓ પણ, પોતાના આત્માની પર્યાયમાં અપૂર્ણતા દેખીને, 'કેવળજ્ઞાનીની પૂર્ણ પર્યાય પાસે અમારી પર્યાય પામર છે, અલ્પ છે, અમારે પર્યાયમાં પૂર્ણતા પ્રગટ કરવાની હજુ બાકી છે' એમ બરાબર જાણે-માને છે. જો કે દૃષ્ટિ-અપેક્ષાએ તો તેઓ પોતાને 'હું પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું' એમ માનતા-જાણતા હોવા છતાં, વર્તમાન પર્યાયમાં હજુ પૂર્ણતા પ્રગટ થઈ નહિ હોવાથી, પોતાને પામર જાણે છે. દૃષ્ટિ તો હંમેશાં પરિપૂર્ણ દ્રવ્યસામાન્યને જ સ્વીકારે છે, પણ પર્યાયમાં જેટલી અપૂર્ણતા છે તેને જ્ઞાન બરાબર જાણે છે.

જેમને સમ્યગ્દર્શન પ્રગટ થયું છે તે બધા જીવો સાધક છે. તેમની દૃષ્ટિનો વિષય એક માત્ર પોતાનો પરિપૂર્ણ જ્ઞાયકભગવાન છે. દ્રવ્ય-અપેક્ષાએ તેમને કાંઈ કરવાનું બાકી નથી, છતાં પર્યાય-અપેક્ષાએ 'મારે જ્ઞાન, આનંદ, સ્વરૂપરમણતા, પુરુષાર્થ વગેરે અનંત ગુણોની પર્યાયોમાં પૂર્ણતા પ્રગટ કરવાની બાકી છે' એમ પોતાની પામરતા જાણે છે. પર્યાયમાં પોતાને પામર જાણતા હોવા છતાં 'દ્રવ્યસ્વભાવે હું પરિપૂર્ણ ભગવાન છું' એમ દૃષ્ટિમાંથી જરાય ખસતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન :— આત્મા આજે 'ભગવાન' છે ?**

ઉત્તર :— આજે જ નહિ, ત્રણે કાળે ભગવાન છે. અરે ! જીવને પોતાની પ્રભુતાની ખબર નથી; નિગોદનો જીવ પણ, જેને સ્વરૂપની વિરાધનાના કારણે પર્યાયમાં જ્ઞાનાદિનું પરિણમન અનંતમા ભાગનું થઈ ગયું છે, શક્તિ-અપેક્ષાએ પરિપૂર્ણ ભગવાન છે. નિગોદના જીવ હો કે સિદ્ધના જીવ હો — બધા વસ્તુ-અપેક્ષાએ પરિપૂર્ણ સ્વરૂપે જ છે. આત્મામાં શ્રદ્ધા અને જ્ઞાન એવા બે ગુણો છે. તેમાં જે શ્રદ્ધા છે તે તો ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયકતત્ત્વને પરિપૂર્ણ ભગવાનપણે સ્વીકારે છે અને તેની સાથે જે જ્ઞાન છે તે ત્રિકાળી ધ્રુવ સ્વભાવને આશ્રય કરવા માટે સદા ઉપાદેય જાણે છે અને પર્યાયમાં જે અલ્પતા છે તેને પણ જાણે છે.

જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણોની સમૃદ્ધિથી ભરેલો આ આત્મા ભગવાન છે, પૂર્ણાનંદ પ્રભુ છે, — એમ સમ્યગ્દૃષ્ટિ સાધકજીવ પોતાને દ્રવ્ય-અપેક્ષાએ 'પરિપૂર્ણ પરમાત્મા' માનતા હોવા છતાં, પર્યાય-અપેક્ષાએ — ભલે ચાર જ્ઞાન ખીલ્યાં હોય, આનંદથી રસબસતું પ્રચુર સ્વસંવેદન વર્તતું હોય, સ્વરૂપ-રમણતા ઘણી વધી ગઈ હોય, તોપણ એ જ્ઞાન, આનંદ, ચારિત્ર ને વીર્ય ઇત્યાદિ સર્વ પર્યાયોની અપેક્ષાએ — પોતાની પામરતા જાણે છે. અહા ! આવી વાત છે. સમજાણું કાંઈ ?

બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતામાં વસવાની પ્રશસ્ત ભાવના જ્ઞાનીને પણ હોય, પરંતુ તે બહારનો લોક છે. તે પ્રશસ્ત ભાવ આવતા હોવા છતાં જ્ઞાનીને ચૈતન્યલોકમાં વસવાનો પ્રયત્ન ચાલુ હોય છે. શુદ્ધાત્મપરિણતિરૂપ-શુદ્ધાત્માનુભૂતિરૂપ લોક તે જ ખરો અંતરનો ચૈતન્યલોક છે. તેમાં તું વસવાટ કર. 'ચિદ્રૂપરિણતિએ પરિણમવું તે જ સુખી થવાનો માર્ગ છે' એમ સાચો મોક્ષમાર્ગ ગુરુદેવે જ બતાવ્યો છે.

— બહેનશ્રી ચંપાબેન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રવચન-૧૩૫

તા. ૩૦-૧૦-૭૮

## વચનામૃત — ૩૫૩

સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ અનાદિ-અનંત પરમપારિણામિક-ભાવે રહેલ છે. મુનિરાજે (નિયમસારના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવે) આ પરમપારિણામિક ભાવની ધૂન લગાવી છે. આ પંચમ ભાવ પવિત્ર છે, મહિમાવંત છે. તેનો આશ્રય કરવાથી શુદ્ધિની શરૂઆતથી માંડીને પૂર્ણતા પ્રગટે છે.

જે મલિન હોય, અથવા જે અંશે નિર્મળ હોય, અથવા જે અધૂરું હોય, અથવા જે શુદ્ધ ને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય, અધ્રુવ હોય અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યવાળું ન હોય, તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી; માટે ઔદયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ અવલંબનને યોગ્ય નથી.

જે પૂરો નિર્મળ છે, પરિપૂર્ણ છે, પરમ નિરપેક્ષ છે, ધ્રુવ છે અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે — એવા અભેદ એક પરમપારિણામિક-ભાવનો જ — પારમાર્થિક અસલી વસ્તુનો જ — આશ્રય કરવાયોગ્ય છે, તેનું જ શરણ લેવાયોગ્ય છે. તેનાથી જ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.

આત્મામાં સહજભાવે રહેલાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ ઇત્યાદિ અનંત ગુણો પણ જોકે પારિણામિકભાવે જ છે તોપણ તેઓ ચેતન-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતાં સાધકને નિર્મળતા પરિણમતી નથી.

તેથી પરમપારિણામિકભાવરૂપ અનંતગુણસ્વરૂપ અભેદ એક ચેતનદ્રવ્યનો જ — અખંડ પરમાત્મદ્રવ્યનો જ — આશ્રય કરવો, ત્યાં જ દૃષ્ટિ દેવી, તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું, કે જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે. માટે દ્રવ્યદૃષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો. તે જ, વસ્તુના અખંડ એક પરમપારિણામિકભાવનો આશ્રય છે. આત્મા અનંતગુણમય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી, તે તો એક અખંડ ત્રિકાળિક વસ્તુને અભેદરૂપે ગ્રહણ કરે છે.

આ પંચમ ભાવ પાવન છે, પૂજનીય છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે, સાચું મુનિપણું આવે છે, શાન્તિ અને સુખ પરિણમે છે, વીતરાગતા થાય છે, પંચમ ગતિની પ્રાપ્તિ થાય છે. ૩૫૩.

**‘સર્વોત્કૃષ્ટ મહિમાનો ભંડાર ચૈતન્યદેવ અનાદિ-અનંત પરમપારિણામિકભાવે રહેલ છે.’**

ભગવાન જ્ઞાયક આત્મા સર્વોત્કૃષ્ટ જ્ઞાનાદિ અનંત અનંત અનંત ગુણમહિમાનો ભરપૂર ભંડાર છે. અનંતને અનંત સાથે અનંત વાર ગુણો તોપણ જેનો આરો ન આવે એટલા અપાર અનંત ગુણોથી ચૈતન્યદેવ સદા પરિપૂર્ણ છે. અનંત ગુણસમૃદ્ધિનો ભંડાર એવો અભેદ ચૈતન્યદેવ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન ધર્મનું પહેલું પગથિયું છે. ચૈતન્યદેવ, જે કદી નવો થયો નથી માટે અનાદિ છે અને જેનો કદી વિનાશ નથી માટે અનંત છે એવા, સહજ પરમપારિણામિકભાવે રહેલ છે. અહા! અધિકાર તો ઘણો ઊંચો આવ્યો છે.

પરમપારિણામિકભાવ એટલે, જેને વિભાવમાં નિમિત્ત એવાં કર્મના સદ્‌ભાવની કે કર્મના અભાવની અપેક્ષા નથી એવો, કર્મનિરપેક્ષ સહજ સ્વભાવ. ભાવો પાંચ પ્રકારના છે: ઔદયિકભાવ, ઔપશમિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ક્ષાયિકભાવ ને પારિણામિક-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવ. તેમાં જે મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિ ઔદયિકભાવો છે તેમને કર્મનો ઉદય નિમિત્ત છે, ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્રમાં કર્મનો ઉપશમ નિમિત્ત છે, જ્ઞાન, દર્શન, વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્રના ક્ષાયોપશમિક ભાવોમાં તે તે કર્મનો ક્ષયોપશમ નિમિત્ત છે, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત વીર્ય, સમ્યક્ત્વ, ચારિત્ર વગેરેના ક્ષાયિક ભાવમાં તે તે કર્મનો ક્ષય નિમિત્ત છે. આમ આ ચારેય ભાવોરૂપ પરિણતિ કર્મસાપેક્ષ છે અને પંચમ પારિણામિકભાવ અનાદિ-અનંત સહજ શુદ્ધ સ્વભાવ હોવાથી તેને કર્મના સદ્ભાવની કે અભાવની — કર્મના ઉદયની, અનુદયની, અંશે ઉદય-અનુદયની કે સંપૂર્ણ અભાવની — અપેક્ષા નથી. ભગવાન જ્ઞાયક આત્મા દ્રવ્યસ્વભાવે ત્રિકાળશુદ્ધ તેમ જ કર્મનિરપેક્ષ હોવાથી સદા સહજ પરમપારિણામિકભાવે રહેલ છે.

સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ સુખ, સહજ વીર્ય આદિ અનંત અનંત ગુણોનો આધાર એવો આ ભગવાન આત્મા સદા સહજ સ્વભાવભાવે અવસ્થિત હોવાથી તે પારિણામિકભાવે છે. પારિણામિક એટલે વસ્તુનો સહજ સ્વભાવ, સત્ત્વ, સત્‌નો ભાવ. વસ્તુ પારિણામિક ભાવે હોવા છતાં, વસ્તુપણે પલટતી — બદલતી નથી માટે, તે અપરિણામી પણ છે. પલટવું તો પર્યાય-અપેક્ષાએ છે, દ્રવ્ય-અપેક્ષાએ નથી માટે તે અપરિણામી છે. અહા! પારિણામિક ભાવને અપરિણામી કહેવો! આ શું છે? ધ્રુવ આત્મા ત્રિકાળ એકરૂપ સહજ સ્વભાવે પડયો છે માટે તેને પારિણામિક ભાવે કહ્યો અને તે પલટતો નથી, પર્યાયમાં આવતો નથી માટે તેને અપરિણામી કહ્યો.

પ્રશ્ન :— પારિણામિકભાવે રહેલો હોવા છતાં ચૈતન્યપદાર્થને 'અપરિણામી' કેમ કહ્યો?

ઉત્તર :— પારિણામિકભાવમાં રહેલ — ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાલક્ષણ પરિણામપ્રવાહમાં સદા રહેલ — ચૈતન્યપદાર્થ પોતાના મૂળ સ્વરૂપને ત્યજતો નથી માટે તેને 'અપરિણામી' કહ્યો છે. દ્રવ્યસ્વભાવે સદા અપરિણામી રહીને અવસ્થા-અપેક્ષાએ તે નવા નવા પરિણામે પરિણમે છે. અહા! આવી વસ્તુ છે.

આત્માના પરિણામને, મલિનતા-નિર્મળતા અર્થાત્ કર્મના ઉદય કે ક્ષય આદિની વિવક્ષા રહિત, માત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યલક્ષણ પરિણામપણે કહેવામાં આવે તો તે પારિણામિકભાવે છે, અને પરમપારિણામિકભાવ તો ઉત્પાદ-વ્યયનિરપેક્ષ ત્રિકાળશુદ્ધ ધ્રૌવ્યસ્વરૂપ છે. ચૈતન્યદેવ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવે સદા અવસ્થિત છે એ બતાવવા તેને 'સહજ પરમપારિણામિકભાવે રહેલ છે' એમ કહ્યું છે. આમ તો, આત્મામાં જે રાગ-દ્વેષના પરિણામ થાય, મતિ-શ્રુતની કે કેવળજ્ઞાનની દશા થાય તેને પણ 'જયધવલા'માં પારિણામિક-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવે કહી છે, પણ પરમપારિણામિકભાવે નહિ.

પ્રશ્ન :— રાગ-દ્વેષ વગેરે તો ઔદયિકભાવ છે ને કેવળજ્ઞાન તો ક્ષાયિકભાવ છે, તેમને પારિણામિકભાવે કેમ કહ્યા ?

ઉત્તર :— તે ભાવો ઉદય, અનુદય કે ક્ષયરૂપ કર્મના સંબંધથી કહેવામાં આવે તો, પારિણામિકભાવે નથી, પરંતુ તે ભાવોને મલિનતા-અમલિનતાની મુખ્યતાથી નહિ, પણ માત્ર પરિણામસામાન્યની મુખ્યતાથી કહેવામાં આવે તો તે પારિણામિકભાવે છે. એ રીતે પારિણામિકભાવે અવસ્થિત વસ્તુના પરિણામ હોવાથી, પર્યાયને પણ પારિણામિકભાવે કહ્યાં છે. પરંતુ વર્તમાન ઉત્પાદ-વ્યયરૂપ પરિણામથી નિરપેક્ષ જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય-સામાન્ય છે તે તો પરમપારિણામિકભાવે છે. અહા ! આવી વસ્તુ ને આવી ભાષા ! લોકોને સમજવાની ક્યાં ફુરસદ છે, એ તો બહારની હોહો ને હરીફાઈમાં ચડી ગયા છે.

ભાઈ ! મારગ કોઈ જુદી ચીજ છે. વસ્તુના મૂળ સ્વરૂપને સમજ્યા વિના, માત્ર ઉપર-ઉપરથી થોડું ભણી જાય તેનાથી, કાર્યસિદ્ધિ ન થાય. અંતરમાં જેને ત્રિકાળી જ્ઞાયકભાવની ખબર નથી તે પોતાના સહજ અસ્તિત્વમાં અહંપણું છોડીને શરીર, વાણી આદિ પરપદાર્થોમાં જ અહંપણું કરે છે. તેને જેમ જેમ જ્ઞાનનો પરલક્ષી ઉઘાડ વધતો જાય છે તેમ તેમ અજ્ઞાનજનિત અહંપણું વધતું જાય છે. ' હું સદા પરમ-પારિણામિકભાવે રહેલ છું ' એવું ધારણાજ્ઞાનમાં લક્ષ તો થયું, પરંતુ એ ધારણા પણ ભેદ, વિકલ્પ ને પરલક્ષી છે. એવું તો કરોડો ને અબજો શ્લોકોનું જ્ઞાન કર્યું પણ એ તો ' નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો ', એને એમ થઈ ગયું કે મને કાંઈક જ્ઞાન પ્રગટ થયું છે, પણ એ તો તેનું મિથ્યા અભિમાન છે. ત્રિકાળી પરમ-સ્વભાવનું અવલંબન લઈને જે જ્ઞાન થવું જોઈએ તે તેને અંતરમાંથી આવ્યું નથી.

જેમ પંચમહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણના પરિણામ તે કાંઈ ચારિત્ર નથી, તેમ આ પરલક્ષી શાસ્ત્રજ્ઞાનનાં પલાખાં શીખી ગયો તે કાંઈ ' જ્ઞાન ' નથી. થોડું શાસ્ત્રજ્ઞાન થાય ત્યાં લોકો તેને ' પંડિત ' કહે. લોકો તો, મોહમદિરા પીધી હોવાથી, પાગલ છે; પાગલ તો પાગલનાં વખાણ કરે જ ને ? અહીં તો કહે છે કે સમસ્ત વિભાવ રહિત ચૈતન્યદેવ અનાદિ-અનંત પરમપારિણામિકભાવે રહેલ છે; તેનો આશ્રય કરવાથી ધર્મની શરૂઆત — સમ્યગ્દર્શન — થાય છે.

**' મુનિરાજે ( નિયમસારના ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવે ) આ પરમપારિણામિકભાવની ધૂન લગાવી છે. '**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિયમસારની ટીકામાં ટીકાકાર મુનિરાજે આ પરમપારિણામિકભાવની જબરી ધૂન લગાવી છે, ગાથા દીઠ તેને ગાયો છે. અહીં બેન તેને યાદ કરીને કહે છે. નિયમસારની ૩૮મી ગાથામાં, આત્માને પરમપારિણામિકભાવે બતાવતાં, કહ્યું છે ને—

जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।
कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ॥

જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત આત્મા આત્માને ઉપાદેય છે. એક સમયની પર્યાય, ગમે તો સંવર-નિર્જરાની હો, ચાર જ્ઞાનની હો કે કેવળજ્ઞાનની હો, બાહ્યતત્ત્વ છે; તેથી તે હેય છે; સમસ્ત ગુણ-પર્યાયોના ભેદ રહિત પોતાનો ત્રિકાળશુદ્ધ જ્ઞાયક આત્મા તે અન્તઃતત્ત્વ છે અને સાધના પ્રગટ કરવા માટે એકમાત્ર તે જ ઉપાદેય છે. અહા! કેવળજ્ઞાન અને મોક્ષને પણ બાહ્યતત્ત્વ કહી દીધું. કઈ અપેક્ષાએ? જ્યાં ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક પરમભાવને, જેના આશ્રયે સાદિ-અનંત કેવળજ્ઞાન અને મોક્ષની પૂર્ણ પર્યાયો પ્રગટ થાય છે, અન્તઃતત્ત્વ કહ્યું ત્યાં તેના આલંબને પ્રગટ થતી વર્તમાન પૂર્ણ પર્યાયને પણ 'બહિસ્તત્ત્વ' કહી દીધું. આમ તો અન્તઃતત્ત્વ ને બહિસ્તત્ત્વ શબ્દ અનેક અપેક્ષાએ વપરાય છે. જ્યાં આત્મા સિવાય બહારનાં કર્મ-નોકર્મને બાહ્યતત્ત્વ કહે, ત્યાં પોતાની પર્યાયમાં થતા રાગ-દ્વેષ વગેરે વિભાવોને અન્તઃતત્ત્વ કહે; જ્યારે રાગદ્વેષની પર્યાયને બહિસ્તત્ત્વ કહે, ત્યારે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર આદિની નિર્મળ પર્યાયને અન્તઃતત્ત્વ કહે; હવે જ્યારે તે જ્ઞાન વગેરેની પર્યાયને પણ બાહ્યતત્ત્વ કહે, ત્યારે અંતરમાં જે પૂર્ણાનંદનો નાથ પ્રભુ જ્ઞાયક આત્મા છે તેને અન્તઃતત્ત્વ કહે, કે જેમાં કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવોસ્વરૂપ પૂર્ણ પર્યાયોનો પણ અભાવ છે. અહા! જૈનદર્શન—વીતરાગનું તત્ત્વ—ઘણું ઝીણું છે. એક સમયની પૂર્ણ પર્યાય સૂક્ષ્મ છે ને? તો પછી તે પર્યાયથી પાર ભગવાન આત્મા તો સૂક્ષ્માતિસૂક્ષ્મ છે.

પાતાળમાં જેમ ઊંડે ઊંડે પાણી હોય, તેમ એક સમયની પર્યાયથી આઘે—ઊંડે ઊંડે તળમાં જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા પરમપારિણામિકભાવે રહેલ છે; એની તું ધૂન લગાવી દે. પરમપારિણામિકભાવમાં 'પરમ' શબ્દ કેમ વાપર્યો?—કેમ કે ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ને ઔદયિકભાવને પણ પર્યાયની અપેક્ષાએ 'પારિણામિકભાવ' કહેવાય છે; પરંતુ તે અહીં વિવક્ષિત નથી; અહીં તો ત્રિકાળશુદ્ધ પરમભાવ વિવક્ષિત હોવાથી તેને 'પરમપારિણામિકભાવ' કહ્યો છે.

બેનની સાદી ભાષામાં પેલો બોલ આવ્યો છે ને—'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?' 'જાગતો જીવ' એટલે ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય પારિણામિક સ્વભાવભાવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ઊભો છે ને? ધ્રુવ છે ને? તે ધ્રુવ પરમપારિણામિકભાવ છે તે ક્યાં જાય? એ તો સદા એવો ને એવો પરિપૂર્ણ છે. એના નિર્ણયનું જે કાર્ય થાય છે તે પર્યાય છે. એ પંચમ પરમપારિણામિકભાવની શ્રી પદ્મપ્રભમલધારિદેવે ધૂન લગાવી છે.

**'આ પંચમ ભાવ પવિત્ર છે, મહિમાવંત છે.'**

અહો! એ પંચમ પરમભાવનો મહિમા શો થાય? ઉપમા આપવા યોગ્ય જગતના સમસ્ત પદાર્થો સાથે જેની તુલના થઈ શકતી નથી એવી જે અનુપમ સિદ્ધદશા તેના કરતાં પણ આ પરમ પવિત્ર પંચમ પારિણામિકભાવનો મહિમા અનંતગુણો છે.

**'તેનો આશ્રય કરવાથી શુદ્ધિની શરૂઆતથી માંડીને પૂર્ણતા પ્રગટે છે.'**

પંચમ પરમભાવ કહો, પરમપારિણામિક ભાવ કહો, દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત ત્રિકાળશુદ્ધ દ્રવ્યસામાન્ય કહો, જ્ઞાયકભાવ કહો કે ભૂતાર્થસ્વભાવ કહો — બધાનો અર્થ એક જ છે. સમયસારની ૧૧મી ગાથામાં આવ્યું છે ને! — 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।' — 'ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.' ભૂતાર્થ એવો જે ત્રિકાળશુદ્ધ પરમપારિણામિકભાવ તેનો આશ્રય કરવાથી, તેને પકડવાથી, વર્તમાન પર્યાયને તેની સન્મુખ લઈ જવાથી, વર્તમાન પર્યાય વડે તેમાં જ 'અહં'પણું સ્થાપવાથી સમ્યગ્દર્શનથી માંડીને પૂર્ણતા સુધીની બધી શુદ્ધિઓ પ્રગટે છે.

અનાદિથી જે 'શરીરાદિ હું છું, આ લક્ષ્મી, મકાન વગેરે મારાં છે' એમ બહારમાં અને બહિર્લક્ષી ધારણાજ્ઞાનની પર્યાયમાં 'અહં'પણું છે, તેમાં અંતર્મુખ ગુલાંટ ખાઈને પરમસ્વભાવનો — કે જેમાં સિદ્ધની અનંત પર્યાય પ્રગટ કરવાનું સામર્થ્ય છે, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, ક્ષાયિક સમકિત ઇત્યાદિ અનંત પર્યાય પ્રગટ કરવાની તાકાત છે તેનો — આશ્રય કરવાથી, તેનું જ અવલંબન લેવાથી, તેમાં જ 'અહં'પણું ધારણ કરવાથી શુદ્ધિની શરૂઆતથી માંડીને શુદ્ધિની પૂર્ણતા અર્થાત્ મોક્ષ સુધીની બધી દશાઓ પ્રગટે છે.

જ્ઞાયક પરમભાવનો આશ્રય કરવાથી પ્રથમ સમ્યગ્દર્શનરૂપ આંશિક શુદ્ધિનો પ્રારંભ થાય છે, પછી તો દરિયામાં જેમ ભરતી આવે તેમ શુદ્ધિમાં ભરતી આવે છે. દરિયામાં ભરતી કાંઠે આવે છે ને? તેમ અનંતગુણના ભંડારસ્વરૂપ પરમભાવનો અંતરમાં સ્વીકાર થઈને આશ્રય લીધો ત્યાં પર્યાયમાં શુદ્ધિની ભરતી આવે છે. અહો! શુદ્ધિની શરૂઆત ને શુદ્ધિની વૃદ્ધિ — બધું પરમપારિણામિકભાવસ્વરૂપ ત્રિકાળશુદ્ધ જ્ઞાયક પરમભાવના આશ્રયે જ થાય છે, બાકી બાહ્યલક્ષે લાખો શાસ્ત્ર ભણે ને લાખો-કરોડો તપસ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે તોપણ અંતરમાં શુદ્ધિની શરૂઆત પણ નહિ થાય.

પ્રશ્ન :— શાસ્ત્રો ભણવાં કે નહિ ?

ઉત્તર :— જ્યાં સુધી લક્ષ જ બહારમાં — પંડિતાઈમાં ને શુભભાવમાં — છે ત્યાં સુધી શાસ્ત્ર ભણવા-ભણાવવાથી કાંઈ ન વળે. સ્વલક્ષ કરાવવા શાસ્ત્ર વાંચવાનું કહેવામાં આવે. પ્રવચનસારમાં આવે છે ને ! — 'પ્રશમના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો;... જિનશાસ્ત્ર દ્વારા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પદાર્થોને જાણનારને નિયમથી મોહનો નાશ થઈ જાય છે, તેથી શાસ્ત્ર સમ્યક્ પ્રકારે અભ્યાસવાયોગ્ય છે;... એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને હોય છે; નિશ્ચય આગમ દ્વારા થાય છે; તેથી આગમમાં વ્યાપાર મુખ્ય છે.' શાસ્ત્રવાંચનમાં ધ્યેય તો નિજ શુદ્ધાત્મદ્રવ્યનું રાખવું. સ્વલક્ષ ચૂકીને બુદ્ધિ એકલી શાસ્ત્રોમાં ભટકે તેને 'પદ્મનંદિપંચવિંશતિકા'માં વ્યભિચારિણી કહી છે. ત્રિકાળશુદ્ધ નિજ અખંડ ચૈતન્યપ્રભુના આશ્રયથી, લક્ષથી, ધ્યાનથી, વર્તમાન પર્યાયને તેમાં વાળવાથી જ અતીન્દ્રિય આનંદમય શુદ્ધિ પ્રગટે છે. તે શુદ્ધિની શરૂઆતથી માંડીને પૂર્ણતા — બધી નિર્મળતાઓ પરમપારિણામિકભાવનો — શુદ્ધ જ્ઞાયક પરમભાવનો — આશ્રય કરવાથી જ પ્રગટે છે.

કેવળજ્ઞાન ને મોક્ષની પર્યાય દ્રવ્યસામાન્યના આશ્રયે જ થાય છે. મોક્ષમાર્ગસ્વરૂપ અપૂર્ણ પર્યાયથી પૂર્ણ મોક્ષપર્યાય થાય છે, પણ તે કથન વ્યવહારનું છે, ખરેખર તો પૂર્ણાનંદસ્વરૂપ નિજ ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે થાય છે.

**'જે મલિન હોય, અથવા જે અંશે નિર્મળ હોય, અથવા જે અધૂરું હોય, અથવા જે શુદ્ધ ને પૂર્ણ હોવા છતાં સાપેક્ષ હોય, અધ્રુવ હોય અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યવાળું ન હોય, તેના આશ્રયથી શુદ્ધતા પ્રગટતી નથી; માટે ઔદયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ અવલંબનને યોગ્ય નથી.'**

દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત ને તપ આદિ શુભભાવ પણ મલિન છે. તે મલિન ભાવના એટલે કે ઔદયિકભાવના આશ્રયે શુદ્ધિ પ્રગટતી નથી; અથવા જે અંશે નિર્મળ ને અંશે મલિન એવી જે મિશ્ર પરિણતિ — ચારિત્રાદિનો ક્ષાયોપશમિક ભાવ — તેના આશ્રયે પણ નિર્મળતા ન થાય; અથવા જે નિર્મળ છે પણ અધૂરું છે — ક્ષાયોપશમિક જ્ઞાન — તેના આશ્રયે પણ શુદ્ધતા પ્રગટે નહિ; અથવા શુદ્ધ અને પરિપૂર્ણ હોવા છતાં જે સાપેક્ષ અર્થાત્ કર્મના અભાવની અપેક્ષાવાળું હોય, અધ્રુવ હોય અને ત્રિકાળિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિપૂર્ણ સામર્થ્યવાળું ન હોય તેના આશ્રયે પણ નિર્મળતા પ્રગટતી નથી, અર્થાત્ ઔપશમિક કે ક્ષાયિક ભાવના આશ્રયે પણ શુદ્ધતા પ્રગટતી નથી. અહા ! નિમિત્ત અર્થાત્ દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પરદ્રવ્યરૂપ અનુકૂળ સામગ્રી તો, જીવ-પુદ્ગલની ગતિક્રિયામાં ધર્માસ્તિકાયની જેમ, અકિંચિત્કર છે જ, પણ પોતાની અશુદ્ધ, અંશે શુદ્ધ, અધૂરી કે પૂર્ણ શુદ્ધ પર્યાયના અવલંબને પણ શુદ્ધિની પ્રગટતા કે વૃદ્ધિ થતી નથી; માટે ઔદયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઔપશમિકભાવ અને ક્ષાયિકભાવ આશ્રય કરવાયોગ્ય નથી, આશ્રય કરવાયોગ્ય તો માત્ર એક ત્રિકાળશુદ્ધ પરમપારિણામિકભાવ જ છે.

ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યયુક્ત નિત્યાનંદસ્વરૂપ ભગવાન જ્ઞાયક આત્માના આશ્રયથી જે ક્ષાયિક સમ્યક્ત્વ વગેરે નિર્મળ પર્યાય થાય તેના અવલંબને નવી નિર્મળ પર્યાય પ્રગટતી નથી. જેમ પરદ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટતી નથી તેમ પોતાની અધૂરી કે પૂરી પર્યાયના અવલંબને શુદ્ધતા પ્રગટતી નથી, માટે નિયમસારમાં તેમને, પરભાવ ને પરદ્રવ્ય કહીને, હેય અર્થાત્ આલંબન માટે અયોગ્ય કહી છે.

પ્રશ્ન :— કેવળજ્ઞાન પણ હેય ?

ઉત્તર :— હા, કેમ કે કેવળજ્ઞાનરૂપ પૂર્ણ પર્યાય પણ આશ્રય કરવાયોગ્ય નથી. તેનામાં નવી નવી કેવળજ્ઞાન-પર્યાય પ્રગટ કરવાનું ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્ય નથી. જેના આલંબને સાદિ-અનંત નવી નવી પૂર્ણ નિર્મળ પર્યાયો પ્રગટ થયા જ કરે એવું સહજ ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્ય તો એકમાત્ર ત્રિકાળશુદ્ધ પરમપારિણામિકભાવસ્વરૂપ જ્ઞાયકભાવમાં જ છે.

કર્મોદયના નિમિત્તે થતા દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ વગેરે શુભ ભાવના આશ્રયે, દર્શનમોહનીય ને ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી થતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અંશે નિર્મળ ભાવોના અવલંબને (એટલે કે પરના લક્ષવાળાં શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રના લક્ષે તો નહિ, પણ અંતરમાં ત્રિકાળશુદ્ધ ભગવાન ચૈતન્યના અવલંબને પ્રગટતી આનંદરસબસતી અંશે નિર્મળ પર્યાયના પણ લક્ષે), દર્શનમોહનીય કે ચારિત્ર-મોહનીય કર્મનો ઉપશમ થવાથી થતી જે ઔપશમિકભાવરૂપ નિર્મળતા તેના આલંબને, તથા જ્ઞાનાવરણીય આદિ સમસ્ત ઘાતિકર્મના ક્ષયે ઊપજતી જે પરિપૂર્ણ નિર્મળતા તેની સંમુખતાએ, નવી નિર્મળ પર્યાય — ધર્મની પર્યાય પ્રગટતી નથી; તેથી તે ચારેય ભાવો અવલંબનને યોગ્ય નથી.

**'જે પૂરો નિર્મળ છે, પરિપૂર્ણ છે, પરમ નિરપેક્ષ છે, ધ્રુવ છે અને**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે — એવા અભેદ એક પરમપારિણામિક-ભાવનો જ — પારમાર્થિક અસલી વસ્તુનો જ — આશ્રય કરવાયોગ્ય છે, તેનું જ શરણ લેવાયોગ્ય છે.'**

અંતરમાં સદા પ્રકાશમાન 'જાગતો જીવ' — જ્ઞાયક નિત્યાનંદ પ્રભુ — પરમ નિરપેક્ષ ધ્રુવ તત્ત્વ છે. ક્ષાયિકભાવમાં પણ કર્મના ક્ષયની અપેક્ષા છે. તેથી નિયમસારમાં ઔપશમિક-ક્ષાયિક વગેરે ચારેય ભાવોને, કર્મસાપેક્ષ હોવાથી, વિભાવભાવ — પરભાવ કહ્યા છે, ત્રિકાળશુદ્ધ સહજ સ્વભાવ તો એકમાત્ર પરમપારિણામિકભાવ જ છે. તે એક જ આશ્રય કરવાયોગ્ય, આલંબન લેવાયોગ્ય ને શરણયોગ્ય છે, કેમ કે તે એક જ, પ્રારંભથી માંડીને પૂર્ણતા સુધીની બધી નિર્મળ દશાઓ પ્રગટ કરવા માટે, ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય છે.

અરેરે! આ ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય અભેદ એક પરમપારિણામિકભાવ એટલે કે પારમાર્થિક અસલી વસ્તુ શી ચીજ છે તેની હજુ ખબરેય ન મળે અને બધી રમતું માંડી પર્યાયમાં. અજ્ઞાની બધા જીવો એક સમયની પર્યાયમાં રમી રહ્યા છે. અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન ભણી જાય, મહાવ્રત ને તપના દુર્ધર આચરણ આચરે તોપણ, જ્યાં સુધી દૃષ્ટિ એક સમયની પર્યાય ઉપર છે, ત્રિકાળી ધ્રુવ પરમભાવ લક્ષગત થયો નથી ત્યાં સુધી, તેનું બધું કર્યું-કારવ્યું એકડા વિનાનાં મીંડાં છે. અહો! ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય નિજ જ્ઞાયક પરમભાવનો તેને ખ્યાલ તથા મહિમા કદી આવ્યો નથી. ઔદયિક, ઔપશમિક કે ક્ષાયિક વગેરે એક સમયની પર્યાય પાછળ અંદર સમીપમાં જ જે ત્રિકાળી ધ્રુવ પરમપારિણામિકભાવસ્વરૂપ જ્ઞાયકદેવ બિરાજે છે તે જ એક, ધર્મ-શાન્તિ-સુખ પ્રગટ કરવા માટે, આશ્રય કરવાયોગ્ય છે, તેનું જ શરણ લેવા-યોગ્ય છે.

'अरिहंते सरणं पव्वज्जामि, सिद्धे सरणं पव्वज्जामि' — એ અરિહંત-સિદ્ધ તો નિમિત્તભૂત પરદ્રવ્ય છે. તેમનું શરણ એ તો વ્યવહારનું કથન છે. પણ 'केवलिपण्णत्तं धम्मं सरणं पव्वज्जामि' — એ પણ વ્યવહારનું કથન છે. કેવળી પ્રરૂપિત ધર્મ વીતરાગ-ભાવ છે; વીતરાગભાવ પણ એક સમયની નિર્મળ પર્યાય છે, ધ્રુવ પરમભાવ નથી; માટે નિર્મળ પર્યાયનું શરણ કહેવું તે પણ વ્યવહાર છે. વર્તમાન નિર્મળ પર્યાય જેનો આશ્રય કરવાથી પ્રગટ થાય છે એવો જે પૂરો નિર્મળ, શક્તિએ પરિપૂર્ણ, પરમ નિરપેક્ષ, ધ્રુવ અને ત્રિકાળિક-પરિપૂર્ણ-સામર્થ્યમય નિજ જ્ઞાયક દ્રવ્યસ્વભાવ — નિજ શુદ્ધાત્મ-દ્રવ્યસામાન્ય — તે જ શરણ લેવાયોગ્ય છે. તે ત્રિકાળશુદ્ધ નિજ દ્રવ્યસામાન્ય જ પરમાર્થે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મંગળ, ઉત્તમ ને શરણરૂપ છે. અહા ! 'મંગળ'ની વ્યાખ્યા પણ કોઈ જુદી જ !

**'તેનાથી જ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.'**

ત્રિકાળશુદ્ધ જ્ઞાયકરૂપ પારમાર્થિક અસલી વસ્તુના આલંબનથી જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે. સમ્યગ્દર્શન, શ્રાવકપણું, મુનિપણું, શ્રેણી, કેવળજ્ઞાન-અરિહંતદશા અને સિદ્ધદશા — બધી નિર્મળ અવસ્થાઓ ધ્રુવ સ્વભાવના આશ્રયથી જ પ્રાપ્ત થાય છે. અહા! અધિકાર બહુ સરસ છે.

જ્ઞાનીની દૃષ્ટિ અદ્ભુત મહિમાવંત દ્રવ્યસ્વભાવ ઉપર પડી હોવાથી તેને જગતનું કાંઈ જોઈતું નથી. તેને બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે. જગતના વિવિધ પદાર્થો ભલે જણાય પણ 'હું તો જ્ઞાતા જ છું' એવા ભાવે પરિણમતો તે જ્ઞેયોને એકત્વપૂર્વક ગ્રહણ કરતો નથી, જુદો જ વર્તે છે. શ્રી સમયસારમાં, અસ્થિરતાજનિત ઇચ્છા તો માત્ર ઉપલક ઇચ્છા હોવાથી તેને નહિ ગણીને, સર્વ જ્ઞાનીને અનિચ્છક કહેલ છે, કેવળ જ્ઞાયક કહેલ છે. — આમ ગુરુદેવે ઘણું-ઘણું બતાવ્યું છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે. તે ઉપકારની તો શી વાત થાય !

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રવચન–૧૩૬

તા. ૩૧-૧૦-૭૮

## વચનામૃત — ૩૫૩ (ચાલુ)

'વચનામૃત'નો ૩૫૩મો બોલ ચાલે છે. અર્ધો બોલ ગઈ કાલે ચાલી ગયો છે. હવે આગળ કહે છે કે—

**'આત્મામાં સહજભાવે રહેલા જ્ઞાન, આનંદ ઇત્યાદિ અનંત ગુણો પણ જોકે પારિણામિકભાવે જ છે તોપણ તેઓ ચેતનદ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતાં સાધકને નિર્મળતા પરિણમતી નથી.'**

શું કહે છે? ત્રિકાળશુદ્ધ જ્ઞાયકદ્રવ્ય તો પરમપણારિમિકભાવે છે. અહીં એ વાત ચાલે છે કે શરૂઆતથી માંડીને ઠેઠ પૂર્ણતા સુધીની બધી નિર્મળતાઓ કોને અવલંબ્યે થાય? અહીં કહે છે કે ત્રિકાળી-પરિપૂર્ણ-સામર્થ્યમય નિજ જ્ઞાયક પરમ-પારિણામિકભાવનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ સાધકદશા અને તેનું ફળ પરિપૂર્ણ મોક્ષદશા પ્રગટ થાય છે. પરમપારિણામિકસ્વરૂપ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યમાં સહજભાવે રહેલા — સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર, સહજ આનંદ, સહજ વીર્ય વગેરે — અનંત ગુણો પણ જોકે પારિણામિકભાવે જ છે તોપણ તેઓ આત્મદ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે અવલંબતાં સાધકને વિકલ્પો ઊઠતા હોવાથી નિર્મળતા પરિણમતી નથી.

અહા! કોનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન — ધર્મની શરૂઆત — થાય? કોનું આલંબન લેવાથી સ્વરૂપરમણતા વધીને ચારિત્રદશા — મુનિદશા પ્રગટ થાય? કોનું શરણ લેવાથી પરિપૂર્ણ મોક્ષદશા થાય? — તો કહે છે કે ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક — એ ચાર વિભાવભાવ પર્યાય છે, ક્ષણપરિણામી અવસ્થા છે; તેનાથી રહિત જે ત્રિકાળશુદ્ધ પરમપારિણામિકભાવ છે તે નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય છે; તેના આશ્રયે સમકિત, ચારિત્ર ને કેવળજ્ઞાન વગેરે ધર્મની બધી પર્યાયો પ્રગટે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :— પારિણામિકભાવસ્વરૂપ આત્મદ્રવ્યમાં જે અનંત ગુણો છે તેમનો આશ્રય લેવો કે નહિ? તેઓ પણ પર્યાયસ્વરૂપ ચાર ભાવોથી રહિત પારિણામિકભાવે છે ને?

ઉત્તર :— ગુણો પારિણામિકભાવે હોવા છતાં તેઓ આશ્રય કરવાયોગ્ય નથી; કેમ કે ગુણભેદ પ્રત્યે લક્ષ જતાં વિકલ્પો ઊઠે છે, નિર્મળતા પરિણમતી નથી. જ્ઞાન, દર્શન, આનંદ, જીવત્વ, વીર્ય, પ્રભુત્વ વગેરે ગુણો — પારિણામિકભાવે હોવા છતાં — ચેતનદ્રવ્યના એક એક સહવર્તી અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે લક્ષગત કરતાં સાધકને શુદ્ધિ પરિણમતી નથી. અચિન્ત્ય અપાર જેનો મહિમા છે એવા પરમપારિણામિકભાવે સ્થિત ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક અભેદ દ્રવ્યના આશ્રયે જ બધી નિર્મળ દશાઓ પ્રગટે છે. અહા! આવી વાત છે.

ધર્મ કરવા માટે પ્રભુ! તને પરમાર્થે દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે નિમિત્તના અવલંબનની તો જરૂર નથી, પણ રાગના, હીણી-અધિક પર્યાયના કે ગુણભેદના અવલંબનની પણ જરૂર નથી. મોક્ષમાર્ગમાં આલંબન તો એકમાત્ર, પર્યાય તેમ જ ગુણભેદ રહિત, અભેદ નિજ જ્ઞાયક દ્રવ્યસામાન્ય જ છે. અહા! માણસોને આ મારગ આકરો પડે છે, પણ શું થાય? વસ્તુ જ એવી છે. 'ઘટ ઘટ અંતર જિન બસે' — અંતરમાં જે દ્રવ્યસ્વભાવ છે તે જ ત્રિકાળશુદ્ધ જિનપણું છે. તેનો જ આશ્રય કરતાં કલ્યાણનો આરંભ અને તેમાં જ લીનતા કરતાં કલ્યાણની વૃદ્ધિ ને પૂર્ણતા થાય છે.

અભેદ જ્ઞાયક દ્રવ્યસામાન્યના આલંબન વખતે પણ તેમાં જે સહજ જ્ઞાન આદિ અનંત ગુણો રહ્યા છે તેઓ પણ, દ્રવ્યસામાન્યની જેમ જ, પારિણામિકભાવે છે. ભલે હો, પણ તેઓ દ્રવ્યના ત્રિકાળી સહભાવી અંશો છે. જ્ઞાન પણ દ્રવ્યનો એક અંશ, દર્શન પણ એક અંશ, આનંદ પણ એક અંશ, વીર્ય પણ એક અંશ — એમ તેઓ ચેતનદ્રવ્યના એક એક અંશરૂપ હોવાને લીધે તેમને ભેદરૂપે લક્ષમાં લેતાં સાધકને વિકલ્પ — રાગનું ઉત્થાન — ઊઠે છે, શુદ્ધિ પરિણમતી નથી. પ્રવચનસારની ૧૭૨મી ગાથાની ટીકામાં 'અલિંગગ્રહણ'ના ૧૮મા બોલમાં કહ્યું છે ને! — "લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી તે 'અલિંગગ્રહણ' છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે." સમયસારની ૧૪મી ગાથાની ટીકામાં પણ કહ્યું છે: જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે — સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે — અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરતાં વિશેષપણું ભૂતાર્થ છે — સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો (ગુણરૂપ ભેદો) વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે — અસત્યાર્થ છે. એવા ભૂતાર્થ અભેદ દ્રવ્યસ્વભાવના આશ્રયે ધર્મની બધી પર્યાયો પ્રગટ થાય છે.

આત્માના ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક પડખાને જે ગ્રહણ કરે છે તેને શુદ્ધનય અર્થાત્ નિશ્ચયનય કહે છે. તે નિશ્ચયનય શ્રુતજ્ઞાનપ્રમાણનો એક અંશ છે. તેના વિષયભૂત વસ્તુસામાન્યાંશને દ્રવ્ય અર્થાત્ દ્રવ્યસામાન્ય કહે છે. તે પણ છે તો પ્રમાણજ્ઞાનના વિષયભૂત દ્રવ્યપર્યાયાત્મક વસ્તુનો એક ભાગ, પણ તે બહુ મોટો અને કીમતી ભાગ છે, કેમ કે તેના જ આલંબને પ્રારંભથી અંત સુધીની બધી શુદ્ધિઓ પ્રગટે છે.

અરેરે! વાણિયાને વેપારધંધા આડે આ વાત સાંભળવાની કે સમજવાની નવરાશ નથી. પરમપારિણામિકભાવે સુસ્થિત ત્રિકાળી વસ્તુ અને તેના આશ્રયે પ્રગટતી અનુભૂતિ શી ચીજ છે — એ ક્યારે સમજે? બાપુ! આ તો ભગવાનની કોલેજ (-મહાવિદ્યાલય) છે; કેટલુંક વાંચ્યું-જાણ્યું હોય તો આ શાસ્ત્ર સમજાય. આ એકડિયાંની નિશાળ નથી. પહેલાં 'એકડો' એટલે કે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ તેને ખ્યાલમાં આવવું જોઈએ, પછી ધ્રુવ 'દ્રવ્યસામાન્ય' કોને કહેવાય તે ખ્યાલમાં આવે. તેથી અહીં કહે છે કે — ચેતનદ્રવ્યના જ્ઞાન, દર્શન આદિ ગુણો પણ પારિણામિકભાવે હોવા છતાં તેઓ એક-એક અંશરૂપ હોવાને લીધે તેમના આશ્રયે નિર્મળતા પરિણમતી નથી. સાધકને ગુણભેદના આશ્રયે નહિ પણ ત્રિકાળી અભેદના આશ્રયે નવી નવી નિર્મળતા — ધર્મની દશા — પ્રગટ થાય છે. અહો! આવી વાતો છે. સમજાય છે કાંઈ?

પર્યાયમાં શાસ્ત્રનું જે જ્ઞાન થાય તેના આલંબને પણ સમ્યગ્દર્શન થતું નથી. અરે! શાસ્ત્રજ્ઞાન તો નહિ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિની નિર્મળ પર્યાયના આલંબને પણ નવી નિર્મળ પર્યાય પ્રગટતી નથી. પ્રવચનસારની ૧૭૨મી ગાથાની ટીકામાં 'અલિંગગ્રહણ'ના ૧૮મા બોલમાં 'ગુણવિશેષનું ગ્રહણ નથી' અને ૧૯મા બોલમાં 'પર્યાયવિશેષનું ગ્રહણ નથી' માટે આત્મા 'અલિંગગ્રહણ' છે — એમ કહ્યું છે. એવા ભેદોથી અભેદ આત્મા પકડાય એવો નથી.

કોઈ કહે છે: વિષયભોગમાં જે આનંદ આવે છે તે આત્માનો આનંદ છે. અરે ભાઈ! વિષયભોગનો ભાવ તે તો પાપ જ છે, પણ બ્રહ્મચર્ય પાળવાનો જે ભાવ તે પણ શુભભાવ છે, તે કાંઈ ધર્મ નથી. સમયસારના પુણ્ય-પાપ અધિકારમાં ચંડાલણીના બે પુત્રોનો દાખલો આપ્યો છે ને? એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો ને બીજો ચંડાલના ઘરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊછર્યો. બ્રાહ્મણના ઘરે ઊછરેલો ચંડાલપુત્ર કહે છે કે — 'અમે બ્રાહ્મણ છીએ, અમને માંસ-મદિરા ખપે નહિ'; તોપણ એ છે તો ચંડાલણીનો જ પુત્ર. તેમ 'અમારે અવ્રત — હિંસા, જૂઠું, ચોરી વગેરે — ખપે નહિ' એવો ભાવ પણ છે તો શુભરાગ ને બંધનું કારણ. જ્યાં શુભરાગ પણ દુઃખ ને બંધનું કારણ છે ત્યાં ભોગનો અશુભરાગ આનંદ ક્યાંથી હોઈ શકે?

વસ્તુના ગુણધર્મો બધા છે તો પારિણામિકભાવે, પણ તે દ્રવ્યના એક-એક અંશરૂપે છે. તે એક-એક અંશનું અવલંબન લેતાં સાધકને વિકલ્પ ઊઠે છે, શુદ્ધિ પરિણમતી નથી. માટે ગુણભેદ પણ અવલંબનને યોગ્ય નથી.

**'તેથી પરમપારિણામિકભાવરૂપ અનંતગુણસ્વરૂપ અભેદ એક ચેતન-દ્રવ્યનો જ — અખંડ પરમાત્મદ્રવ્યનો જ — આશ્રય કરવો, ત્યાં જ દૃષ્ટિ દેવી, તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું, કે જેથી અનંત અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે છે.'**

ચેતનદ્રવ્ય માટે ચાર વિશેષણો કહ્યાં છે: (૧) પરમપારિણામિકભાવરૂપ, (૨) અનંતગુણસ્વરૂપ, (૩) અભેદ ને (૪) એક. જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી એવા અનંતગુણના પિંડરૂપ અખંડ એક નિજ પરમાત્મદ્રવ્યસ્વભાવનો જ આશ્રય કરવો. તેના આશ્રયથી જ સમસ્ત વિભાવ છૂટીને પર્યાયમાં પરિપૂર્ણ પરમાત્મદશા પ્રગટ થાય છે. ત્રિકાળી પરમભાવ વર્તમાનમાં જ એકરૂપ ને પરિપૂર્ણ છે. ભૂતકાળમાં હતો, વર્તમાન-કાળમાં છે અને ભવિષ્યમાં રહેશે — એમ ત્રણ કાળને ભેગા કરીને આખો પરિપૂર્ણ છે — એમ નથી પણ વર્તમાનમાં અત્યારે જ સ્વભાવે પરિપૂર્ણ છે. ત્યાં જ દૃષ્ટિ થંભાવવી, કેમ કે સ્વભાવ નિષ્કંપ સ્થિર હોવાથી દૃષ્ટિ ત્યાં થંભશે. પર્યાય અસ્થિર છે, કંપશીલ છે, ત્યાં દૃષ્ટિ નહિ ઠરે, નહિ થંભે. સમજાણું કાંઈ? અહા! આવી ભાષા, આવો ભાવ ને આવી વાતો છે.

આજે મહાવીર ભગવાનના મોક્ષકલ્યાણકનો મંગળ દિવસ છે. ભગવાને મોક્ષ કઈ રીતે પ્રાપ્ત કર્યો? — કે પરમપારિણામિકભાવરૂપ નિજ ધ્રુવ જ્ઞાયક સ્વભાવનો પૂર્ણ આશ્રય કરવાથી, નહિ કે મોક્ષમાર્ગરૂપ અપૂર્ણ પર્યાયનો આશ્રય કરવાથી. મોક્ષમાર્ગ તો અધૂરી પર્યાય છે, તેનાથી પૂર્ણ પર્યાય પ્રગટ ન થાય. જૈનતત્ત્વમીમાંસામાં કાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથાનો આધાર આપીને 'પૂર્વપરિણામયુક્ત દ્રવ્ય તે કારણ છે અને ઉત્તરપરિણામયુક્ત દ્રવ્ય તે કાર્ય છે' એમ કહ્યું છે. તે કથન પણ અપેક્ષાએ છે; ખરેખર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો ત્રિકાળી ધ્રુવ કારણપરમાત્માના આશ્રયે જ વર્તમાન પર્યાયનું નિર્મળતારૂપ કાર્ય થાય છે.

પ્રશ્ન :— કારણપરમાત્મા તો બધા જીવોને સદાય છે તો પછી કાર્ય કેમ આવતું નથી ?

ઉત્તર :— કારણપરમાત્મા બધાને હોવા છતાં 'હું કારણપરમાત્મા છું' એવો અંતર્મુખ થઈને તેનો સાચો સ્વીકાર ક્યાં કર્યો છે ? જેણે ત્રિકાળશુદ્ધ જ્ઞાયક ધ્રુવ નિજ કારણપરમાત્માનો વર્તમાન પર્યાયમાં સ્વીકાર કર્યો, તેના ઉપર દૃષ્ટિ કરી, અંતરમાં તેનું આલંબન લીધું, તેને પર્યાયમાં નિર્મળતા — સાધકદશા — પ્રગટ થયા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ ?

ત્રિકાળી અખંડ ધ્રુવ જ્ઞાયક પરમભાવનું જ શરણ લેવું. 'ચત્તારિ સરણં' આવે છે ને ? એ તો વ્યવહારની વાતો છે. તેમાં અરિહંત, સિદ્ધ ને સાધુ — એ ત્રણ તો પરદ્રવ્ય છે, અને 'કેવલિપણ્ણત્તો ધમ્મો' એ વીતરાગી નિર્મળ પર્યાય છે. તે પર્યાય છે તેથી તે પણ વ્યવહાર છે, તેના અવલંબને, તેના શરણે નિર્મળતા પ્રગટતી નથી. ખરેખર તો ત્રિકાળી ધ્રુવ નિજ આત્મા જ મંગળ, ઉત્તમ અને શરણ છે; તેના જ આશ્રયે મોક્ષમાર્ગ અને મોક્ષ — બધી નિર્મળતાઓ પ્રગટે છે. અહા ! આવી વાતો છે. કોકનો કાગળ આવ્યો છે કે 'તમારું પુસ્તક (બહેનશ્રીનાં વચનામૃત) વાંચીને મને બહુ પ્રમોદ આવ્યો છે'.

નિજ અખંડ પરમાત્મદ્રવ્યનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું, જેથી અનંત અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે. અંદરમાં રાગ થાય તે તો શરણ નથી જ, પણ જે નિર્મળ પર્યાય થાય તે પણ શરણ નથી; કેમ કે પર્યાય તો પલટતી દશા છે ને ? જે સદાસ્થિર ન હોય તે શરણ કેમ થાય ? અંતરમાં જે 'જાગતો જીવ ઊભો છે', ધ્રુવ જ્ઞાયક પરમભાવ છે, તે સદાસ્થિર નિજ પરમાત્મદ્રવ્ય જ શરણ, મંગલ ને ઉત્તમ છે, માટે તેનું જ શરણ લે, પર્યાયનું કે ગુણભેદનું પણ નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુનું શરણ એ તો વ્યવહારના વિકલ્પની વાતો છે. પહેલાં એવા વિકલ્પો આવે ખરા, પણ તેમના અવલંબને શુભરાગ થાય છે, નિર્મળતા પરિણમતી નથી. બધી નિર્મળતાઓ તો નિજ શુદ્ધાત્મદ્રવ્યના શરણે જતાં જ પ્રગટે છે.

માટે, શુદ્ધાત્મદ્રવ્યનું જ ધ્યાન કરવું. ધ્યાનનાં શાસ્ત્રોમાં જ્યાં ધ્યાનની વિધિ બતાવે ત્યાં એવું કથન આવે કે — 'પહેલાં છાતીમાં હૃદયસ્થાને આઠ પાંખડીએ ખીલેલા કમળનું ચિંતન કરવું, પછી તેમાં સુવર્ણસિંહાસને બિરાજમાન અરિહંતની સ્થાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને તેમનું ચિંતવન કરવું' પણ એ બધી તો વિકલ્પની વાતો છે. અશુભ ભાવોથી ઉપયોગને પાછો વાળવા માટે અને શુદ્ધાત્મા તરફની એકાગ્રતા સાધવા માટે પહેલાં એવા વિકલ્પો કોઈને આવે, પણ તે વખતે પણ અંતરમાં ધ્યાનનું કાર્ય તો ત્રિકાળશુદ્ધ નિજ શુદ્ધાત્મદ્રવ્યને ધ્યેય કરવાથી જ થાય છે. ધ્યાનની પર્યાયમાં ધ્રુવ દ્રવ્યને ધ્યેય બનાવતાં પર્યાયમાં અનંત ગુણોની નિર્મળ પર્યાયો ખીલી ઊઠે છે. શક્તિઓના સંગ્રહાલયસ્વરૂપ શુદ્ધાત્મસ્વભાવની દૃષ્ટિ કરતાં, 'સર્વગુણાંશ તે સમકિત' એ ન્યાયે, બધા ગુણોની યથાસંભવ નિર્મળતા ખીલી ઊઠે છે, અંતરમાં પૂર્ણ સ્થિરતા થતાં નિર્મળતા પૂરી ખીલી ઊઠે છે.

**'માટે દ્રવ્યદૃષ્ટિ કરી અખંડ એક જ્ઞાયકરૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો.'**

આજનો દિવસ મોટો છે, મહાવીર ભગવાનના મોક્ષગમનનો આજે દિવસ છે. દિવસ તો જે છે તે છે, પણ ભગવાનનો આત્મા તેમ જ તેમણે આજે પ્રાપ્ત કરેલું જે મોક્ષપદ તે મહાન છે; તેનો આરોપ કરીને દિવસને પણ મોટો કહેવામાં આવે છે.

ત્રિકાળી નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યની દૃષ્ટિ કરી — અખંડ એક જ્ઞાયકરૂપ નિજ ચેતનદ્રવ્યને લક્ષગત કરી — તેનું અવલંબન સતત રાખવું.

**'તે જ, વસ્તુના અખંડ એક પરમપારિણામિકભાવનો આશ્રય છે.'**

ત્રિકાળશુદ્ધ નિજ જ્ઞાયક પરમભાવને, પર્યાય અને ગુણભેદથી રહિત, અભેદપણે લક્ષગત કરવો, તેનું જ અભિપ્રાયમાં સતત અવલંબન રાખવું, તે જ વસ્તુના અખંડ એક પરમપારિણામિકભાવનો આશ્રય છે. શક્તિઓના સંગ્રહસ્વરૂપ તે પરમભાવનો દૃષ્ટિમાં આશ્રય કરવાથી અનંત ગુણોના નિર્મળ અંશો યથાસંભવ પ્રગટ થાય છે. 'આશ્રય' એટલે શું? — તેની અહીં વ્યાખ્યા કરી છે.

**'આત્મા અનંતગુણમય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી, તે તો એક અખંડ ત્રિકાળિક વસ્તુને અભેદરૂપે ગ્રહણ કરે છે.'**

અહા! સમયસારની છઠ્ઠી, અગિયારમી, ચૌદમી વગેરે અનેક ગાથાઓમાં 'દ્રવ્યદૃષ્ટિ'ની સુંદર વાત આવી છે; તે વાત અહીં બેને સાદી ગુજરાતી ભાષામાં કહી છે. એક વાર મધ્યસ્થ થઈને આ (બહેનશ્રીનાં વચનામૃત) વાંચે ને સાંભળે તો બહારના જાણપણાનાં બધાં પાણી ઊતરી જાય. તેમને અંદરમાં એમ લાગે કે આપણે જાણીએ છીએ તેના કરતાં આ વાત કોઈ જુદી જ છે. અંતરમાં આ વાત સમજે તો પાણી ઊતરે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જેમને અંદર એમ હોય કે — ‘અમને પણ આવડે છે, અમે પણ સમજીએ છીએ’, તેમનાં અભિમાનનાં પાણી નહિ ઊતરે. અહા! ઝીણી વાતો છે બાપુ! ‘અમે કાંઈ જાણ્યું નથી, અમને કાંઈ આવડતું નથી, અમે તો દેવ-ગુરુના શરણે છીએ’ એમ જ્યારે અંતરમાં થશે ત્યારે તેમને અજ્ઞાન ને અભિમાનનાં પાણી ઊતરી જશે, અને જ્ઞાનની કળા ખીલી જશે.

બેનના ૩૩૩ મા બોલમાં આવી ગયું છે કે — ‘અમને આવડે છે’ એમ આવડતની ફૂંકમાં ચડી જઈશ તો મરી જઈશ, આત્મા હાથ નહિ આવે. બહાર પડવાની ને ‘બીજા મને જાણે’ એ ફૂંક છોડી દેજે. એ બધું નિઃસાર છે, એમાં કાંઈ માલ નથી, માલદાર તો નિજ અખંડ જ્ઞાયકભાવ છે. તેનું ગ્રહણ કરવાથી પર્યાયમાં નિર્મળતા પ્રગટે છે. આત્મામાં અનંત ગુણો છે; પણ દ્રવ્યદૃષ્ટિ, સમળ-નિર્મળ પર્યાયને તો નહિ જ પણ, ગુણોના ભેદોને પણ ગ્રહતી નથી; તે તો એક અખંડ ત્રિકાળિક વસ્તુને અભેદપણે ગ્રહણ કરે છે.

આ ત્રિકાળી દ્રવ્ય અભેદ છે અને તેને હું ગ્રહણ કરું છું — એમ પર્યાયમાં — ભેદમાં ઊભો ઊભો ‘અભેદ છું’ માને એ દૃષ્ટિ પણ મિથ્યાત્વ છે. પર્યાયમાં ઊભો ઊભો એટલે કે ભેદમાં — પર્યાયમાં ‘હું’પણું રાખીને ‘આ દ્રવ્ય અભેદ છે’ એમ લક્ષ કરે છે ત્યાં પોતે તો પર્યાયમાં ઊભો છે, માટે તે પર્યાયદૃષ્ટિ છે. ખરેખર તો પર્યાય, ગુણભેદ ને ‘આ અભેદ દ્રવ્ય હું છું’ (આ ને હું) એવો ભેદ પણ કાઢી નાખીને ત્રિકાળશુદ્ધ અભેદ જ્ઞાયકમાં ‘હું’ પણું સ્થાપી દેવું — શ્રદ્ધાનમાં અભેદ જ્ઞાયકભાવે પરિણમી જવું — તે જ સાચી દ્રવ્યદૃષ્ટિ છે.

**‘આ પંચમ ભાવ પાવન છે, પૂજનીય છે.’**

ઔદયિક ભાવ, ઔપશમિક ભાવ, ક્ષાયોપશમિક ભાવ અને ક્ષાયિક ભાવ — તે ચાર ભાવ સમળ-નિર્મળ પર્યાયસ્વરૂપ છે, આ પંચમ પરમપારિણામિકભાવ તો ત્રિકાળ-શુદ્ધ અભેદ દ્રવ્યસ્વરૂપ છે, માટે તે પાવન છે ને પૂજનીય છે; કેમ કે તેના આશ્રયે જ પ્રારંભથી પૂર્ણતા સુધીની બધી શુદ્ધિઓ પ્રગટે છે. પર્યાયસ્વરૂપ ચાર ભાવના આશ્રયે — લક્ષે શુદ્ધિ પરિણમતી નથી, કિન્તુ ભેદના વિકલ્પ ઊઠે છે માટે તેઓ, આશ્રયયોગ્ય નથી એ અપેક્ષાએ, પાવન કે પૂજનીય કહેવાતા નથી. પર્યાયમાં કર્તવ્ય-અપેક્ષાએ બધી શુદ્ધિઓ પાવન ને પૂજ્ય છે, પણ એ તો સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે, દૃષ્ટિનો વિષય નથી; દૃષ્ટિ કોઈ પણ પર્યાયને કે ગુણભેદને સ્વીકારતી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે, સાચું મુનિપણું આવે છે, શાન્તિ અને સુખ પરિણમે છે, વીતરાગતા થાય છે, પંચમ ગતિની પ્રાપ્તિ થાય છે.'**

ત્રિકાળશુદ્ધ જ્ઞાયક પરમભાવના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે. તેના જ આશ્રયે વિશેષ લીનતા થતાં સાચું મુનિપણું આવે છે. 'સાચું મુનિપણું' તેને કહીએ કે જેને આ ધ્રુવ પરમભાવના શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક વિશેષ આશ્રયે સ્વરૂપરમણતા વધીને ત્રણ કષાયના અભાવસ્વરૂપ પ્રચુર સ્વસંવેદનમુદ્રિત સ્થિરતા પરિણમી હોય. આ પૂજનીય પરમપારિણામિકભાવના આલંબને જ શાશ્વત શાન્તિ અને નિરાકુળતાસ્વરૂપ સુખ પરિણમે છે, વીતરાગતા પ્રગટ થાય છે અને ચાર ગતિથી વિજાતીય એવી પંચમ મોક્ષ-ગતિની પ્રાપ્તિ થાય છે. અહા! આજનો અધિકાર બહુ સરસ છે. આજે મહાવીર-ભગવાન મોક્ષ પધાર્યા છે. તેઓ પણ આ ત્રિકાળશુદ્ધ પરમભાવના આશ્રયથી જ મુક્તિરમણીને વર્યા છે.

———o———

## વચનામૃત — ૩૫૪

તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા અંતરપટમાં વસી રહો. ૩૫૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**'તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે.'**

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો જે દિગંબર જૈન ધર્મ તે જ એક સાચો ધર્મ છે, બીજા કોઈ ધર્મ — જૈન નામધારી સંપ્રદાયો પણ — સત્ય છે જ નહિ. દિગંબર જૈન ધર્મ તે વસ્તુત: કોઈ પક્ષ કે વાડો નથી, પણ વસ્તુનું સ્વરૂપ છે. આત્મા ત્રિકાળ-શુદ્ધ વીતરાગસ્વરૂપ છે. તેના આલંબને પર્યાયમાં જે વીતરાગતા પ્રગટે તે દિગંબર જૈન ધર્મ છે. ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. તે કઈ રીતે પ્રગટે? — કે ત્રિકાળ-શુદ્ધ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરવાથી. એ વાત માત્ર દિગંબર જૈન ધર્મમાં જ છે, બીજે ક્યાંય નથી. આ વાત યુક્તિ અને ન્યાયથી બરાબર સિદ્ધ થઈ શકે છે. બેન કહે છે: આ વાત અહીંથી (ગુરુદેવથી) સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાઈ છે.

**'માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુ-ભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે.'**

દરેક દ્રવ્યની પરિપૂર્ણ સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ વગેરે ઘણી વાતોના — પ્રયોજનભૂત બધી વાતોના — ખુલાસા અહીંથી (ગુરુદેવથી) થઈ ગયા છે, તેથી બેન કહે છે કે — ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે આ કાળે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત બધી વાતો સત્યરૂપે બહાર આવી છે. ઉપાદાન-નિમિત્ત અને નિશ્ચય-વ્યવહારની ચર્ચાથી તો સોનગઢ હિંદુસ્તાનમાં બધે જાહેર થઈ ગયું છે. તેને લોકો સોનગઢી-ચર્ચા કહે છે. સંપ્રદાયના લોકો — ત્યાગીઓ તથા પંડિતો પણ — એમ માને છે કે નિમિત્તકારણ વિના ઉપાદાનકારણ કાંઈ કાર્ય કરી શકે જ નહિ. વસ્તુ-સ્વરૂપ એમ છે કે વિશ્વનું દરેક કાર્ય પોતાના અંતરંગ કારણથી — ઉપાદાનકારણથી — જ થાય છે, તે કાળે જે અનુકૂળ પર્યાયપરિણત સંયોગી પદાર્થ હોય છે તેને તે ઉપાદાન-કૃત કાર્યનું નિમિત્તકારણ — અસદ્ભુત વ્યવહારનયથી કારણ — કહેવામાં આવે છે. સમયસારના બંધ-અધિકારમાં આવે છે ને! — 'પર જીવને બંધન કરું કે મોક્ષ કરું' એવો જે તારો અધ્યવસાય છે તે પરમાં સાવ અકિંચિત્કર છે. તારા અધ્યવસાયથી પરમાં શું થાય? સામો જીવ પોતે પોતાની અજ્ઞાનદશાથી — પોતાના ઉપાદાનકારણથી — બંધન પામે છે અને પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ જ્ઞાનદશાથી — પોતાના ઉપાદાન-કારણથી — મોક્ષ પામે છે. બીજો જીવ મોક્ષ પામે છે તે પોતાની વીતરાગ દશાથી પામે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. શું તે તારા ઉપદેશથી મોક્ષ પામે છે? વીતરાગ માર્ગના પ્રયોજનભૂત બધાં પડખાં અહીંથી (ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે) આ કાળે સત્યરૂપે બહાર આવ્યાં છે — એમ બેન પોતાનો વિનય કહે છે.

**'ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડયો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા અંતરપટમાં વસી રહો.'**

—એવાં ભક્તિભાવનાં ને નિર્માનતાનાં બેનનાં વચનો છે.

એકત્વવિભક્ત શુદ્ધાત્માને ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો. દરેક કાર્યમાં શુદ્ધાત્મા જે રીતે ગ્રહાય તે રીતનો ઉદ્યમ રાખવો. છ દ્રવ્યમાં એક શુદ્ધાત્મા, નવ તત્ત્વમાં પણ એક શુદ્ધાત્મા ગ્રહવાયોગ્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ આલંબનભૂત એક શુદ્ધાત્મા જ છે. બસ, એક શુદ્ધાત્માને ગ્રહણ કરવો. એ શુદ્ધાત્મા પરથી ને વિભાવથી વિભક્ત છે અને ભેદભાવોથી પણ ન્યારો છે, તોપણ આત્મામાં વચ્ચે સાધકદશાની પર્યાયો આવ્યા વગર રહેતી નથી, એવું જ્ઞાન કરવું. એ શુદ્ધાત્માને યથાર્થ ગ્રહણ કરી, એની પ્રતીતિ અને એમાં લીનતા કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. અને એ સ્વાનુભૂતિ જ આત્માએ જીવનમાં પ્રાપ્ત કરવા-યોગ્ય છે. ગુરુદેવે કોઈ અદ્ભુત માર્ગ બતાવ્યો છે. તેમણે ઘણું સમજાવ્યું છે. ગુરુદેવની વાણી પણ કેવી અપૂર્વ હતી! ગુરુદેવનું દ્રવ્ય 'તીર્થંકરનું દ્રવ્ય' હતું. આ ભરતક્ષેત્રમાં આવીને એમણે મહાન મહાન ઉપકાર કર્યો છે. હું તો તેમનો દાસ છું.

— બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૧૦ | ૧૯૮૩ | ૧૯૭૩ |
| ૧૭ | ૮ | હાંશમાં | હોંશમાં |
| ૩૮ | ૫ | તેકે વળ | તે કેવળ |
| ૩૮ | ૨૦ | તરફ | તરફ દૃષ્ટિ |
| ૫૮ | ૧ | અ ંનતાનુ- | અનંતાનુ- |
| ૫૮ | ૨૧ | બરાબ | બરાબર |
| ૬૭ | ૨૩ | ટકે છે. | ટકે છે. |
| ૮૪ | ૬ | સ્ત્રીનો મ, | સ્ત્રીનો પ્રેમ, |
| ૯૫ | ૪ | મત્રી- | મૈત્રી- |
| ૯૭ | ૮ | મણ્ણાદ્દિ | મણ્ણદ્દિ |
| ૧૨૯ | ૧૧ | વિર હજોરદાર | ગુરુદેવે જોરદાર |
| ૧૨૯ | ૧૨ | ગુરુદેવે | વિરહ |
| ૨૨૨ | ૭ | થાય નથી, | થયા નથી, |
| ૨૩૪ | ૨૧ | ‘ જ્ઞાનદારો ’ | ‘ જ્ઞાનદોરો ’ |
| ૩૧૫ | ૨૪ | પ્રધાનતાની | પ્રધાનતાથી |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ❋ અમારાં પ્રકાશનો ❋

| ક્રમ | | નામ | પ્રત |
|---|---|---|---|
| ૧. | શ્રી | પ્રવચનસાર (ગુજરાતી) | ૧,૫૦૦ |
| ૨. | ,, | પ્રવચનસાર (હિન્દી) | ૨,૧૦૦ |
| | ,, | પ્રવચનસાર (હિન્દી, દ્વિતીય આવૃત્તિ) | ૨,૧૦૦ |
| ૩. | ,, | પંચાસ્તિકાયસંગ્રહ (ગુજરાતી) | ૧,૦૦૦ |
| ૪. | ,, | પંચાસ્તિકાયસંગ્રહ (હિન્દી) | ૨,૫૦૦ |
| ૫. | ,, | સમયસાર નાટક (હિન્દી) | ૩,૦૦૦ |
| ૬. | ,, | અષ્ટપાહુડ હિન્દી | ૨,૦૦૦ |
| ૭. | ,, | અનુભવ પ્રકાશ | ૨,૧૦૦ |
| ૮. | ,, | પરમાત્મ પ્રકાશ | ૧,૧૦૦ |
| | ,, | પરમાત્મ પ્રકાશ (દ્વિતીય આવૃત્તિ) | ૩,૦૦૦ |
| ૯. | ,, | સમયસાર કલશટીકા (હિન્દી) | ૨,૦૦૦ |
| ૧૦. | ,, | આત્માવલોકન | ૨,૦૦૦ |
| ૧૧. | ,, | સમાધિતંત્ર (ગુજરાતી) | ૨,૦૦૦ |
| ૧૨. | ,, | બૃહદ્ દ્રવ્યસંગ્રહ (હિન્દી) | ૩,૦૦૦ |
| ૧૩. | ,, | જ્ઞાનામૃત (ગુજરાતી, પ્રથમ આવૃત્તિ) | ૨,૦૦૦ |
| | ,, | જ્ઞાનામૃત (ગુજરાતી, દ્વિતીય આવૃત્તિ) | ૫,૦૦૦ |
| ૧૪. | ,, | યોગસાર | ૨,૦૦૦ |
| ૧૫. | ,, | અધ્યાત્મ-સંદેશ | ૨,૦૦૦ |
| ૧૬. | ,, | પદ્મનંદિપંચવિંશતિ | ૩,૦૦૦ |
| ૧૭. | ,, | સમયસાર (ગુજરાતી) | ૩,૧૦૦ |
| ૧૮. | ,, | સમયસાર (હિન્દી) | ૨,૫૦૦ |
| ૧૯. | ,, | આધ્યાત્મિક-પત્રો (સ્વ. નિહાલચંદજી) | ૩,૦૦૦ |
| ૨૦. | ,, | દ્રવ્યદૃષ્ટિપ્રકાશ (ગુજરાતી) | ૧૦,૦૦૦ |
| ૨૧. | ,, | પુરુષાર્થસિદ્ધિ-ઉપાય (ગુજરાતી) | ૨,૧૦૦ |
| ૨૨. | ,, | ક્રમબદ્ધપર્યાય (ગુજરાતી) | ૮,૦૦૦ |
| ૨૩. | ,, | આધ્યાત્મ પરાગ (પ્રથમ આવૃત્તિ) | ૨,૦૦૦ |
| ૨૪. | ,, | અધ્યાત્મ પરાગ (બીજી આવૃત્તિ) | ૧,૦૦૦ |
| ૨૫. | ,, | ધન્ય અવતાર (હિન્દી) | ૮,૦૦૦ |
| ૨૬. | ,, | પરમાગમસાર (ગુજરાતી) | ૫,૦૦૦ |
| ૨૭. | ,, | વચનામૃત-પ્રવચન ભાગ ૧ (ગુજરાતી) | ૩,૦૦૦ |
| ૨૮. | ,, | જ્ઞાનામૃત (હિન્દી) | ૫,૦૦૦ |
| ૨૯. | ,, | વચનામૃત-પ્રવચન, ભાગ ૨ (ગુજરાતી) | ૨,૦૦૦ |
| ૩૦. | ,, | વચનામૃત-પ્રવચન, ભાગ ૩ (ગુજરાતી) | ૨,૦૦૦ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com